Responsible Jewellery Council

*Responsible Jewellery Council*

# ધોરણોના માર્ગદર્શનનું

દસ્તાવેજ સંદર્ભ: G002_2013 – આરજેસી ધોરણોના માર્ગદર્શનનું ગુજરાતી ભાષાંતર

ભાષાંતર: LanguageNoBar

પ્રુફ રીડ: LanguageNoBar

પ્રકાશન તારીખ: જુન

આરજેસી પ્રમાણીકરણ પ્રણાલીની સત્તાવાર ભાષા અંગ્રેજી છે. સંસ્કરણોની વચ્ચે અસંગતતાના કિસ્સામાં, સંદર્ભ મૂળભૂત સત્તાવાર ભાષાના સંસ્કરણ મુજબ કરવો જોઇએ. સત્તાવાર ભાષાના સંસ્કરણ માટે કૃપા કરી www.responsiblejewellery.com નો સંદર્ભ લો.

---

Document Reference: G002_2013 – RJC Standards Guidance Gujarati Translation

Translated by:LanguageNoBar

Proof Read by: LanguageNoBar

Date Released: June

The official language of the RJC Certification system is English. In the case of inconsistency between versions, reference should default to the official language version. Please refer to www.responsiblejewellery.com for the official language version.

## રીસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ

રીસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ **(આરજેસી)** બિન-નફાકારક સંસ્થા છે, જેની સ્થાપના 2005માં કરવામાં આવી હતી.

**અમારો દૃષ્ટિકોણ વૈશ્વિક સ્તરે ઉચ્ચ કક્ષાના ઝવેરાત અને ઘડિયાળ ઉદ્યોગમાં વિશ્વાસને પ્રોત્સાહિત કરે એવી એક જવાબદાર વિશ્વ-વ્યાપી પૂરવઠા શ્રૃંખલાની રચના કરવાનો છે.**

## આ માનક વિશે

વ્યવહારોની આરજેસી સંહિતા ધોરણોનું માર્ગદર્શન ("માર્ગદર્શન") આરજેસી સભ્યોને વ્યવહારોની આરજેસી સંહિતા (સીઓપી) ના અમલ માટે મદદ મળી રહે તે માટે સામાન્ય માહિતી અને સલાહ ઉપલબ્ધ કરાવે છે.

માર્ગદર્શન કાનૂની સલાહ માટેની અવેજી નથી.

આ એક "જીવંત દસ્તાવેજ" છે અને આરજેસી આ માનકોને અમલીકરણના અનુભવો અને ઉભરતી સારી પદ્ધતિઓ પર આધારિત પુનરાવર્તનના આરક્ષિત હક્ક ધરાવે છે. આરજેસીની વેબસાઇટ પર પોસ્ટ કરવામાં આવેલી આવૃત્તિ અન્ય બધી જ આવૃત્તિનું સ્થાન ધારણ કરે છે. આ દસ્તાવેજ હાલનો છે કે કેમ તે ચકાસવા માટે, કૃપા કરી મુલાકાત લો:
www.responsiblejewellery.com

## જાહેર ઇનકાર

માનક અને અન્ય દસ્તાવેજો અથવા માનકમાં ઉલ્લેખ કરાયેલી માહિતીના સ્ત્રોતોની ચોકસાઈ અથવા સંપૂર્ણતા માટેની કોઈ ગેરંટી, વોરંટી કે પ્રતિનિધિત્વ કરવામાં આવતું નથી. આ માનક સાથેના અનુપાલનનો ઇરાદો કોઈ પણ લાગુ થવા પાત્ર રાષ્ટ્રીય, રાજ્ય અથવા સ્થાનિક સરકારી નિયમો, નિયમનો, વટહુકમોની જરૂરિયાતો અથવા અહીં સામેલ કરેલી બાબતો સંબંધી જરૂરિયાતોને ન તો તેને બદલવાનો, ઉલ્લંઘન કરવાનો અથવા અન્ય રીતે તેને પરિવર્તિત કરવાનો નથી.

*કૃપા કરી નોંધ લેશો કે આ માનક માત્ર સામાન્ય માર્ગદર્શન આપે છે અને તેને અહીં સામેલ કરેલી વિષય બાબત અંગે સંપૂર્ણ અને અધિકૃત નિવેદન તરીકે માનવું જોઇએ નહીં*

*બિન-સભ્યો દ્વારા માનક સાથેના અનુપાલનો સંપૂર્ણત: સ્વૈચ્છિક છે અને તે આરજેસી અને/અથવા તેના સભ્યો કે સહી કરનારાઓ વિરૂદ્ધ કોઈ કાનૂની રીતે લાગુ કરી શકાય તેવી જવાબદારી અથવા અધિકારોની રચના, સ્થાપના, અથવા તેને સ્વીકારવાનો કોઈ ઈરાદો ધરાવતા નથી. આ માનક આરજેસી અને/અથવા તેના સભ્યો કે સહી કરનારાઓ પર કાનૂની રીતે લાગુ કરી શકાય તેવી કોઇ જવાબદારીની રચના, સ્થાપના કે સ્વીકાર બિન-સભ્યોને કરી બતાવતી નથી. બિન-સભ્યોને આરજેસી અને/અથવા તેના સભ્યો કે સહી કરનારાઓ વિરૂદ્ધ આ માનકનું અનુપાલન કરવામાં નિષ્ફળ જવા બદલ કાનૂની પગલાં લેવાનું કોઈ કારણ નથી.*

## પૂછપરછ અથવા પ્રતિક્રિયા

આરજેસી આ માર્ગદર્શન પર પ્રતિભાવોનું સ્વાગત કરે છે.

ઈમેઇલ: info@responsiblejewellery.com

અન્ય સંપર્કો: http://www.responsiblejewellery.com/contact-us/

રીસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ એ કાઉન્સિલ ફૉર રીસ્પોન્સિબલ જ્વેલરી પ્રેક્ટિસિસ લિમિટેડનું વ્યાપારિક નામ છે, જે ઈંગ્લેંડ અને વેલ્સમાં કંપની ક્રમાંક 05449042 સાથે નોંધણી ધરાવે છે.

# વિષયવસ્તુઓનું કોષ્ટક


રીસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ .... 3

(સીઓપી 1) કાનૂની અનુપાલન .... 12

(સીઓપી 2) કાર્યનીતિ અને અમલીકરણ.... 19

(સીઓપી 3) અહેવાલ-લેખન .... 23

(સીઓપી 4) નાણાકીય હિસાબો.... 28

(સીઓપી 5) કારોબારી ભાગીદારો .... 32

(સીઓપી 6) માનવ અધિકારો.... 38

(સીઓપી 6.2) સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારો .... 49

(સીઓપી 7) કુશળ કામદાર અને નાના પાયે ખનનમાંથી પ્રાપ્તી.... 57

(સીઓપી 8) સામુદાયિક વિકાસ.... 63

(સીઓપી 9) લાંચ અને ફેસિલીટેશન ચૂકવણું.... 68

(સીઓપી 10) મની લોન્ડરીંગ અને આતંકવાદને ધિરાણ .... 74

(સીઓપી 11) સલામતી .... 81

(સીઓપી 12) ઉદ્‌ભ્રમસ્થાન દાવાઓ .... 88

(સીઓપી 13) સામાન્ય રોજગારી શરતો.... 97

(સીઓપી 14) કામકાજના કલાકો .... 102

(સીઓપી 15) મહેનતાણુ .... 110

(સીઓપી 16) શિસ્ત અને ફરિયાદ કાર્યપ્રણાલીઓ.... 117

(સીઓપી 17) બાળમજૂરી.... 122

(સીઓપી 18) વેઠ.... 132

(સીઓપી 19) જોડાણ અને સંયુક્ત સોદાબાજીની સ્વતંત્રતા.... 140

(સીઓપી 20) બિન-ભેદભાવ .... 146

(સીઓપી 21) આરોગ્ય અને સલામતી .... 150

(સીઓપી 22) પર્યાવરણીય વ્યવસ્થાપન ........ 163

(સીઓપી 23) જોખમી પદાર્થો ........ 169

(સીઓપી 24) કચરો અને ઉત્સર્જન ........ 178

(સીઓપી 25) કુદરતી સ્ત્રોતોનો ઉપયોગ ........ 185

(સીઓપી 26) ઉત્પાદન સ્પષ્ટતા ........ 190

(સીઓપી 27) કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના અને વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલ સિસ્ટમ ફોર વૉરન્ટીઝ ........ 198

(સીઓપી 28) શ્રેણીકરણ અને મૂલવણી ........ 205

(સીઓપી 29) ખનનકર્તા ઉદ્યોગ પારદર્શકતા પહેલ ........ 211

(સીઓપી 30) સામુદાયિક સામેલગીરી ........ 216

(સીઓપી 31) મૂળનિવાસી લોકો અને મુક્ત પૂર્વ માહિતગાર સહમતી ........ 227

(સીઓપી 32) અસર આકારણી ........ 241

(સીઓપી 33) કુશળ કામદાર અને નાના પાયાનું ખનન ........ 248

(સીઓપી 34) પુનર્વસન ........ 257

(સીઓપી 35) સંકટ પ્રતિક્રિયા ........ 262

(સીઓપી 36) જૈવવિવિધતા ........ 265

(સીઓપી 37) છેલ્લે રહેલા અવશેષો (ટેઇલિંગ્સ) અને નકામા/ભંગાર ખડક ........ 280

(સીઓપી 38) સાઇનાઇડ ........ 290

(સીઓપી 39) પારો ........ 293

(સીઓપી 40) ખાણ પુનઃવસન અને અંત/બંધ ........ 300

# 1. પરિચય

### 1.1 *રીસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ (આરજેસી) પ્રમાણીકરણ*

આરજેસીની વ્યવહાર સંહિતા (સીઓપી) જવાબદાર કારોબાર વ્યવહારો માટેનું ધારાધોરણ છે, જેની સામે આરજેસીના તમામ વાણિજ્યિક સભ્યોએ પ્રમાણિત થવું જરૂરી છે. આરજેસી પ્રમાણીકરણ માટે આરજેસી દ્વારા અધિકૃત કરવામાં આવેલ હિસાબી તપાસકર્તા દ્વારા સભ્યોની વ્યવસ્થાપન પ્રણાલીઓ અને કાર્યદેખાવ સીઓપીને અનુકૂળ છે તેની ખરાઈ કરવા માટે સ્વતંત્ર ત્રાહિત પક્ષની  હિસાબી તપાસ જરૂરી હોય છે. પ્રમાણીકરણની પ્રક્રિયા સમાનુરૂપતા, સુધારાત્મક પગલાં અને અમલબજવણીમાં ન હોય તેવાં વ્યવહારોની વહેલી ઓળખ માટેના કાર્યતંત્રની પણ સ્થાપના કરે છે.

આરજેસી પ્રમાણીકરણ કેવી રીતે હાંસલ કરવું તે અંગેની સામાન્ય માહિતી માટે, *આરજેસી પ્રમાણીકરણની હેન્ડબુક* જુઓ. વધુ વિગતવાર માહિતી *આરજેસી આકારણી માર્ગદર્શિકા*માં આપવામાં આવી છે.

### 1.2 *આ માર્ગદર્શનનો ઉપયોગ કેવી રીતે કરવો*

આ માર્ગદર્શનનો હેતુ સભ્યોને સીઓપીના અમલની તેમણે લીધેલી જવાબદારીઓને પરિપૂર્ણ કરવામાં અને આરજેસીના પ્રમાણિત સભ્યો બનવામાં મદદ કરવાનો છે. જે સભ્યો આરજેસીમાં નવા છે અને તેમના પ્રારંભિક પ્રમાણીકરણ માટે તૈયારી કરી રહ્યાં હશે, અથવા જોગવાઈઓના ઉદ્દેશ માટે તેમના હાલના અભિગમની તુલના કરવા ઇચ્છતા હશે તેમના માટે આ ખૂબ જ ઉપયોગી થઈ પડશે. વ્યવહારોની સંહિતામાં પ્રત્યેક 40 જુદી જોગવાઈઓ માટેના માર્ગદર્શક પ્રકરણની સંરચના સ્વતંત્ર રહેવા કરી છે, જેથી તેને જો યોગ્ય હોય તો કારોબારની અંદરના અધિકૃત કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લઈ શકાય.

સભ્યો અને હિસાબ તપાસકર્તાઓને પણ આ દસ્તાવેજ સીઓપીમાં આપવામાં આવેલ દરેક જોગવાઇઓ માટેના તાર્કિક આધારને સમજવામાં અને સમાનુરૂપતાના તેના અર્થઘટનમાં સહાયરૂપ બનવામાં ઉપયોગી જણાશે. આ માર્ગદર્શન આંતરરાષ્ટ્રીય ધારાધોરણોનો સંદર્ભ આપે છે જે સીઓપીને આધાર આપે છે અને આભૂષણ પુરવઠા શ્રૃંખલા સંબંધિત કેટલાંક સામાન્ય સંદર્ભ ઉપલબ્ધ કરવામાં સહાયક નીવડવું જોઇએ.

**આરજેસીનું માર્ગદર્શન આદર્શમૂલક નથી. આ** માર્ગદર્શન સીઓપીની ફરજિયાત જરૂરિયાતોને અમલી બનાવવામાં મદદરૂપ બની શકે તેવાં માર્ગોની રૂપરેખા આપતી તકનીકી માહિતી પૂરી પાડે છે. ઉપલબ્ધ કરવામાં આવેલ માર્ગદર્શન સામાન્ય પ્રકૃત્તિ ધરાવે  છે, અને તેથી તેને માહિતી અને આધાર માટેના પ્રારંભ બિંદુ તરીકે જોવામાં આવવું જોઇએ.

સભ્યોએ સીઓપી, આરજેસીના માર્ગદર્શન વિશે વધુ જાણવા અને પ્રમાણીકરણ હિસાબી તપાસો માટે તૈયાર થવા માટે આરજેસીના વૅબ-આધારિત તાલીમી મૉડ્યુલ્સનો પણ ઉપયોગ કરી શકે.

### 1.3 *વિષયવસ્તુ*

સીઓપીમાં આરજેસી પ્રમાણીકરણ માટેના ધારાધોરણોનો સમાવેશ થાય છે અને તે 40 જોગવાઇઓનું બનેલું છે. વ્યવહારોની સંહિતા સાતત્યપૂર્ણ વિકાસ મુદ્દાઓની વિસ્તૃત શ્રેણીને આવરી લે છે અને ખાણથી લઈને છૂટક વેચાણ સુધી સમગ્ર આભુષણ પુરવઠા શ્રૃંખલામાં લાગુ થવા પાત્ર છે.

| સામાન્ય જરૂરિયાતો | જવાબદાર પુરવઠા શ્રૃંખલાઓ અને માનવ અધિકારો | મજુરોના હક્કો અને કામની પરિસ્થિતિઓ | સ્વાસ્થ્ય, સુરક્ષા અને પર્યાવરણ | હીરા, સોનું અને પ્લેટિનમ જૂથ ધાતુની પેદાશો | જવાબદાર ખનન ક્ષેત્ર |
|---|---|---|---|---|---|
| 1. કાનૂની અનુપાલન | 5.કારોબારી ભાગીદારો | 13.રોજગારીની સામાન્ય શરતો | 21.સ્વાસ્થ્ય અને સલામતી | 26.ઉત્પાદનની જાહેરાત | 29.નિષ્કર્ષણના ઉદ્યોગોમાં પારદર્શિતાની પહેલ |
| 2.કાર્યનીતિ અને અમલીકરણ | 6.માનવ અધિકારો | 14.કામના કલાકો | 22.પર્યાવરણીય વ્યવસ્થાપન | 27.કિમ્બર્લી પ્રક્રિયા | 30.સમુદાયોની સામેલગીરી અને વિકાસ |
| 3.અહેવાલ-લેખન | 7. કસબી અને લઘુ-સ્તરીય ખાણમાંથી સ્ત્રોતિકરણ | 15.વળતર | 23.જોખમી પદાર્થો | 28.સ્તરીકરણ અને મૂલ્યાંકન | 31. સ્થાનિક લોકો અને મુક્ત પૂર્વ માહિતીપૂર્ણ સંમતિ |
| 4.નાણાકીય હિસાબો | 8.સામુદાયિક વિકાસ | 16.શિસ્ત અને ફરિયાદ કાર્યવાહી | 24.કચરો અને ઉત્સર્જન | | 32.અસરોની આકારણી |
| | 9. લાંચ અને સગવડરૂપી ચુકવણીઓ | 17.બાળ મજૂરી | 25.કુદરતી સંસાધનોનો ઉપયોગ | | 33. કસબી અને લઘુ-સ્તરીય ખાણકામ |
| | 10. મની લૉંડરિંગ અને આતંકવાદ માટે નાણાં સહાય | 18.બળજબરીપૂર્વકની મજૂરી | | | 34.પુનર્વસન |
| | 11.સલામતી | 19.સંગઠનની સ્વતંત્રતા અને સામૂહિક સોદાબાજી | | | 35.આપાતકાલીન પ્રતિભાવ |
| | 12.ઉદગમસ્થાનના દાવાઓ | 20.બિન-ભેદભાવ | | | 36.જૈવ વિવિધતા |
| | | | | | 37.અશુદ્ધિઓ અને નકામો પથ્થર |
| | | | | | 38.સાઈનાઇડ |
| | | | | | 39.પારો |
| | | | | | 40. ખાણ પુનર્વસન અને |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | સમાપ્તિ |

### *1.4 માર્ગદર્શનનું બાહ્ય સ્વરૂપ*

સંહિતાની પ્રત્યેક જોગવાઇઓ માટે માર્ગદર્શન એક જુદું પ્રકરણ પુરું પાડે છે જે નીચેના વિવરણોનો સમાવેશ કરે છે:

- જોગવાઇની વ્યાખ્યાઓ અને લાગુ પડવાની ક્ષમતા
- મુદ્દાની પૂર્વભૂમિકા
- સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ
- સૂચિત કરાયેલ અમલીકરણ અભિગમ
- વધારાની માહિતી

### *1.5 સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ*

માર્ગદર્શનમાં સભ્યો કેવી રીતે સીઓપીની પ્રત્યેક જોગવાઇના અમલીકરણ પ્રત્યે અભિગમ રાખી શકે છે તેનાં પર સૂચનોનો સમાવેશ કરે છે.

આ 'સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ' ખાસ કરીને એવા સભ્યો માટે વિકસિત કરવામાં આવ્યાં છે જેમણે હજુ સુધી ઔપચારિક રીતે ધારાધોરણોને પોતાના કારોબારમાં સંબોધિત કર્યાં નથી.

સૂચનો જો કે સામાન્ય પ્રકૃતિના છે અને હમેંશા સભ્યના કારોબારમાં ઉચિત ન પણ હોય શકે. સીઓપી સાથે સમાનુરૂપતા હાંસલ કરવા માટે તેમના કારોબાર અને સંજોગોને અનુરૂપ સભ્યો કોઇપણ વ્યવસ્થાપન અભિગમ અપનાવી શકે છે. નોંધ – જો ત્યાં આરજેસી જોગવાઇઓ અને લાગુ થવા પાત્ર કાયદા વચ્ચે ઘર્ષણ થાય તો કાયદો અગ્રપદ ધરાવે છે. આવા કોઇપણ સંજોગો પ્રત્યે આરજેસીને સભાન કરવી જોઇએ જેથી સભ્યો અને હિસાબી તપાસકર્તાઓને સતત સલાહ વિકસિત કરી શકાય છે.

સામાન્ય દૃષ્ટિએ, સીઓપીના અમલીકરણને આધાર આપવામાં અસરકારક વ્યવસ્થાપન પ્રણાલીઓના નીચેના તત્વો મદદરૂપ બનશે.

- ***જોખમની આકારણી*** વાસ્તવિક અને સંભવિત જોખમો ઓળખવા અને ચિહ્નિત કરવા માટેનું એક મૂલ્યવાન વ્યવસ્થાપન સાધન છે. તેનો ઉપયોગ સીઓપીની બધી જ લાગુ થવા પાત્ર જોગવાઈઓની સામે સમાનુરૂપતાની ખાતરી માટે જે વિસ્તારોને અતિરિક્ત પ્રયાસોની જરૂર હોય તેને પ્રાથમિકતા આપવા માટે કરી શકાય છે. એવા સભ્યો કે જેઓ નિયમિતપણે જોખમની આકારણીઓ હાથ ધરતા નથી, આરજેસીએ એક્સેલ સ્પ્રેડશીટમાં જોખમની આકારણી માટેની ટૂલકિટ વિકસિત કરી છે (આરજેસીની વૅબસાઇટ પરથી એક નકલ ડાઉનલોડ કરી લેશો). પરિપક્વ વ્યવસ્થાપન પ્રણાલી ધરાવે છે તેવાં સભ્યો માટે, કોઇપણ બાકી રહેતાં મુદ્દાઓની ઓળખ અને ઉદ્દેશવા માટે તેમનાં પ્રવર્તમાન જોખમની આકારણીઓની એક સમીક્ષા કે વિસ્તરણ પૂરતાં છે.

જોખમોની આકારણી માટેનું આ પ્રથમ પગલું નીચેના પગલાઓમાંથી કોઇપણનું અમલીકરણ અથવા ફેરફાર માટે ઉચિત હોઈ શકે છે કે કેમ તે નક્કી કરવામાં મદદ કરશે.

- સીઓપી હેઠળ ઉદ્દેશવાના વિષયો માટે ***વરિષ્ઠ પ્રબંધકો અથવા અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી રહી છે.*** સીઈઓ, માલિક કે પ્રમુખ પણ સીઓપીમાં સુયોજિત કરવામાં આવેલી જરૂરિયાતોને પહોંચી વળવા માટેની તેમની સ્પષ્ટ પ્રતિબદ્ધતા દર્શાવશે અને જવાબદાર પ્રબંધકો માટે આધાર પૂરો પાડશે.

- ***લેખિત કાર્યનીતિઓ અને પ્રક્રિયાઓ*** પ્રમુખ મુદ્દાઓ પર કારોબારની સ્થિતિને સ્પષ્ટ કરી શકે છે અને તે સ્થિતિને વ્યવહારમાં કેવી રીતે મૂકવી તેના માટેના માર્ગોની ઓળખ કરે છે. કાર્યનીતિઓ અને પ્રક્રિયાઓને લખી રાખવી ઉપયોગી છે કારણ કે તેનાથી ઔપચારિક રેકોર્ડ રાખી શકાય અને કર્મચારીઓને સાતત્યપૂર્ણ માહિતી પૂરી પાડી શકાય છે. સીઓપીમાં હોય તેવી દરેકે-દરેક જોગવાઈ પર કાર્યનીતિ હોવી તે જરૂરી અથવા ઉચિત ન હોઇ શકે. સભ્યો સમગ્રતયા સીઓપીને આવરી લેતી એક સામાન્ય કાર્યનીતિ નિવેદનને ધ્યાનમાં લઈ શકે છે, અથવા સમગ્ર કારોબારના વ્યવસ્થાપનમાં અથવા અન્ય વ્યવસ્થાપન માળખામાં કેટલાંક અથવા બધાં જ પાસાઓને સંકલિત કરી શકે. જો આ સામગ્રીને પ્રથમ વખત જ તૈયાર કરી રહ્યાં હો, તો કાર્યક્ષમ બનવા માટેના માર્ગો વિશે વિચારો. ઉદાહરણ તરીકે, કાર્યનીતિઓ અને પ્રક્રિયાઓને એ રજુઆતમાં ત્યારે રેકોર્ડ કરવી જોઇએ, ત્યારબાદ તેનો તાલીમના ઉદ્દેશ્ય માટે ઉપયોગ કરી શકાય છે.

- ***રેકોર્ડની જાળવણી એ***કોઇપણ કારોબાર માટે મહત્ત્વની વિગતો અને માહિતીના સંચાલન માટે આધારભૂત છે. વિશ્વસનીય રેકોર્ડની જાળવણી ઉત્તરદાયિત્વમાં વૃદ્ધિ કરે છે અને કારોબારને સમય જતાં પ્રગતિ માપવા સહાયકારક થાય છે. તે આંતરિક સમીક્ષાઓ માટે માહિતીનો આવશ્યક સ્રોત, અને જ્યાં યોગ્ય હોય ત્યાં, બાહ્ય હિસાબી તપાસ માટે મૂલ્યવાન પુરાવા પૂરો પાડે છે. પ્રથમ પ્રમાણીકરણ પ્રક્રિયા માટે, આગાઉના 12 મહિનાના રેકોર્ડ્સ અને પુરાવાઓની જરૂર પડશે. પ્રમાણીકરણ માટે ઉપયોગમાં લેવાયેલા રેકોર્ડ્સને ત્યારબાદ ઓછામાં ઓછાં 3 વર્ષ (પ્રમાણીકરણની માન્યતા) અથવા લાગુ થવા પાત્ર કાયદા દ્વારા જરૂરી હોય તેટલાં લાંબા સમય માટે મૂકી રાખવા જોઇએ.

- ***તાલીમ*** કર્મચારીઓને પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા તેમજ કારોબારની કાર્યનીતિઓ અને પ્રક્રિયાઓને સમજવામાં મદદ કરે છે. તે નવા અને પ્રવર્તમાન કર્મચારીઓને તેમને શું કરવાની જરૂર છે અને લવચિક અને વિકસતા કારોબાર સાથે કદમ મિલાવવા વિશે શિખવા માટે એક મહત્ત્વનો રસ્તો છે. જો કારોબારનો કર્મચારીગણ શીખી શકશે, વિકસિત થઈ શકશે અને બદલાઈ શકશે, તો કારોબાર પણ તેમ કરી શકશે.

### 1.6 *ઉદ્દેશાત્મક પુરાવો*

આરજેસી પ્રમાણીકરણ હાંસલ કરવા માટે લાગુ થવા પાત્ર જોગવાઈઓ સાથેની સમાનુરૂપતાને ઉદ્દેશાત્મક પુરાવાઓના આધારે હિસાબી તપાસકર્તાઓ દ્વારા આકારણી કરવામાં આવશે. ઉદ્દેશાત્મક પુરાવાને *ચકાસણીપાત્ર માહિતી, રેકોર્ડ્સ અથવા તથ્યના નિવેદન* તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. માર્ગદર્શનમાં ઉપલબ્ધ *સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ* હિસાબી તપાસકર્તાઓને સમાનુરૂપતાનો સુસંગત ઉદ્દેશાત્મક પુરાવો પૂરો પાડવામાં મદદ કરશે, હિસાબી તપાસકર્તાઓ માત્ર દસ્તાવેજો, કાર્યનીતિઓ અને અન્ય રેકોર્ડ્સ માટે જ તપાસ નહીં કરે. તેઓ અન્ય પ્રકારના ઉદ્દેશાત્મક પુરાવાના સ્વરૂપ દ્વારા વ્યવહારોની પુષ્ટિ

પણ માંગશે, જેમ કે પ્રબંધન, કામદારો અને રસ ધરાવતાં પક્ષકારો સાથે કરવામાં આવેલ સાક્ષાત્કારો અને સામાન્ય નિરીક્ષણો. હિસાબી તપાસ વિશેની વધુ માહિતી માટે, *આરજેસી આકારણી માર્ગદર્શિકા* જુઓ.

### 1.7 *લઘુ કારોબારો*

આરજેસી લઘુ અને મોટાં એમ બન્ને કારોબારોને આરજેસી પ્રમાણીકરણ સુલભ બને તે માટેનું લક્ષ્ય સેવે છે.

લઘુ કારોબારોમાં અથવા 25 કે તેથી ઓછાં કામદારોના ઉત્પાદન એકમોમાં, વ્યવસ્થાપન પ્રણાલીઓ વધુ ઔપચારિક, પરંતુ તેમ છતાંય એટલી જ અસરકારક હોય શકે છે. ઉદાહરણ તરીકે, નાના કાર્યબળ સમક્ષ કાર્યનીતિઓ અને કાર્યક્રમોને સંચારિત કરવા વધુ સરળ છે, જે ત્યાં વ્યાપક દસ્તાવેજીકરણની જરૂરિયાતને ઘટાડે છે. ઘણીવાર રોજબરોજના કારોબારને ચલાવવામાં વરિષ્ઠ પ્રબંધનની વધુ નિકટતા જોવા મળે છે. આ જે મુદ્દાઓ અને જોખમોનું સંચાલન કરવાની જરૂર હોય છે તેના માટે સભાનતાના ઉચ્ચ પ્રમાણને વધારતું હોવું જોઇએ.

આરજેસી પ્રમાણીકરણ હાંસલ કરવું એ નાના સંગઠનો માટે ઓછી સખ્તાઈ ધરાવતું નહીં બની રહે, પરંતુ નાની એકમોમાં સમાનુરૂપતાના પુરાવાના કેટલાક ઉદાહરણો ભિન્ન હોય શકે છે. સંગઠનના કદ મુજબ સમાનુરૂપતાના પર્યાપ્ત પુરાવાને જોવા માટે હિસાબી તપાસકર્તાઓને સૂચિત કરવામાં આવ્યાં છે. બધી જ આકારણીઓમાં હોય છે તેમ જ, તેઓ વધુ પડતી જટિલ પ્રક્રિયાઓ અને રેકોર્ડ્સને બદલે, વ્યવસ્થાપન પ્રણાલીઓ અને કાર્યદેખાવ બન્નેના પુરાવા માંગશે.

જે દસ્તાવેજીકરણ ઉદ્દેશ્ય માટે બંધબેસતું અને સાતત્યપૂર્ણ હોય એ સામાન્યપણે ક્રિયાશીલ વ્યવસ્થાપન પ્રણાલી માટે આધારભૂત હોય છે. જો કે લઘુ કારોબારની સમાનુરૂપતા માટે જરૂરી દસ્તાવેજીકરણ વાજબીપણે સરળ હોય શકે છે. સાક્ષાત્કારો પણ પ્રણાલીઓ વ્યવહારમાં કેવે રીતે કાર્યદેખાવ કરે છે તેના નિર્દેશ આપે છે. લઘુ કારોબારોમાં, હિસાબી તપાસકર્તાઓ, વાસ્તવિકતામાં મોટાં કાર્યસ્થળ કરતાં એક મોટાં પ્રમાણમાં કાર્યબળ સુધી પહોંચી શકતાં હોવાથી સાક્ષાત્કારો પર વધુ આધાર રાખી શકે.

દરેક પ્રકરણમાં રજૂ થયેલ સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમનું અર્થઘટનઆમ સંગઠનના કદના સંદર્ભમાં કરવું જોઇએ. જોખમ આકારણીઓ કયા પગલાં યોગ્ય અને ઉપયોગી બનશે તે નક્કી કરવામાં મદદરૂપ બનશે. આ રીતે અભિગમ કેળવવાથી, આરજેસી પ્રણાલીનું અમલીકરણ લઘુ કારોબાર માટે અયોગ્ય રીતે પડકારજનક ન બનવી જોઇએ.

### 1.8 *વધુ માર્ગદર્શન વિકાસ*

આરજેસી આ માર્ગદર્શનને અદ્યતન બનાવી શકે છે અથવા વ્યવહારોની સંહિતામાં ચોક્ક્સ મુદ્દાઓ પર માર્ગદર્શનને અથવા ચોક્ક્સ સંદર્ભોમાં તેનાં અનુપ્રયોગને વધુ વિકસિત કરી શકે છે. અદ્યતન ફેરફારો માટે કૃપયા આરજેસીની વેંબસાઇટને તપાસી જુઓ અથવા આરજેસીનો સંપર્ક કરો.

www.responsiblejewellery.com

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 1) કાનૂની અનુપાલન

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**અનુપાલન** એ સ્થાપિત માર્ગદર્શિકાઓ, સ્પષ્ટતાઓ અથવા કાયદા મુજબ અનુકરણ કરવાની એક સ્થિતિ છે.

**કાનૂની અનુપાલન** સામન્યપણે જેમાં કારોબારનું સંચાલન કરવામાં આવતું હોય તેવી સ્થાપિત રાષ્ટ્રીય સીમાઓ અને/અથવા રાષ્ટ્રીય અને/અથવા રાજ્ય અને/અથવા દેશ અથવા દેશોના સ્થાનિક કાયદાઓ મુજબ હાથ ધરવામાં આવતી વર્તણુકો અને વ્યવહારોનો સંદર્ભ આપે છે.

**પ્રણાલીઓ** એવી વ્યવસ્થાપન પ્રક્રિયાઓ અને દસ્તાવેજીકરણ છે જે ઇચ્છિત પરિણામો હાંસલ કરવા માટે અને કાર્યદેખાવમાં સતત સુધારા લાવવા માટે નિયત કાર્યો સાચી, સાતત્યપૂર્ણ અને અસરકારક રીતે થાય છે તેની સુનિશ્ચિતતા માટે સામુહિક રીતે એક વ્યવસ્થિત રૂપરેખા પૂરી પાડે છે.

સીઓપીનો **કાનૂની અનુપાલન** વિભાગ તમામ સભ્યોને લાગુ થવા પાત્ર છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

કાનૂની અને નિયમનકારી અનુપાલન પ્રાથમિક કારોબારની બાબતછે. કાનૂની જોખમના અસરકારક સંચાલનને વિસ્તૃત રીતે કારોબારની સારી પ્રતિષ્ઠા અને સાતત્યતામાં યોગદાન તરીકે જોવામાં આવે છે. કાનૂની અનુપાલનની જવાબદારીઓમાં:

- કાયદા, નિયમનો અને કાનૂની રીતે જરૂરી સંહિતાઓ અથવા ધારાધોરણો;
- મંજૂરીઓ, લાઈસન્સ અને અધિકૃતતાના અન્ય સ્વરૂપો;
- સ્થાનિક પેટા-કાયદાઓ; અને
- સંબંધિત અદાલતો અને ટ્રિબ્યુનલ્સ દ્વારા જારી કરવામાં આવતાં નિર્ણયો, નિર્દેશો, ચુકાદાઓ અથવા અર્થઘટનોનો સમાવેશ થઈ શકે છે.

લાગુ થવાપાત્ર નિયમનોની ઓળખ કરવી, તેમનું અર્થઘટન કરવું અને તમારી કામગીરીઓ પર તેની અસરો નક્કી કરવી એ સમય માંગી લેતું કાર્ય છે. લાગુ થવાપાત્ર કાયદાઓ અથવા નિયમનો વિશે માહિતી પ્રાપ્ત કરવા સહિત કાયદામાં ફેરફાર વિશેની સલાહ માટેની પદ્ધતિઓમાં સમાવિષ્ટ છે:

- વાણિજ્યિક સેવાઓ;
- નિયમનકારી એજન્સીઓ;
- સરકારી વિભાગો;
- વેપાર જૂથો અને ઉદ્યોગ સંગઠનો;
- ઈન્ટરનેટ;

- જાહેર ગ્રંથાલયો;
- પરિસંવાદો અને અભ્યાસક્રમો;
- સમાચારપત્રો અને સામયિકોના લવાજમો;
- પરામર્શકારો અને કાનૂની વ્યાવસાયિકો; અને
- ગ્રાહકો, વિક્રેતાઓ અને અન્ય કંપનીઓ.

મોટાભાગના દેશો બિન-અનુપાલનશીલતા માટે પરિણામો આપે છે, જેમાં:

- નાણાકીય દંડ લાગુ કરવા;
- ઉદ્દેશ સાબિત કરવા કાર્યવાહીની જવાબદારીની (એટલે કે પ્રદૂષણ માટેની કડક જવાબદારી) નાબૂદી (ઘણા ગુનાઓ માટે);
- કંપનીઓ પર તેમના કર્મચારીના કાર્યો બદલ દિવાની અથવા ફોજદારી જવાબદારીઓ લાદવી;
- નિયામકો અને પ્રબંધકો પર તેમની કંપનીઓ દ્વારા આચરવામાં આવેલ ગુનાઓ બદલ દિવાની અથવા ફોજદારી જવાબદારીઓ લાદવી;
- નિયામકોની ગેરલાયકાત; અને
- અસરગ્રસ્ત પક્ષકારો દ્વારા નુકસાનીના પગલાઓનું અનુવર્તન.

આરજેસી પ્રમાણીકરણ પ્રક્રિયા એક પૂર્ણ કાનૂની અનુપાલન હિસાબી તપાસને આવરી લેવાનું લક્ષ્ય રાખતી નથી. આ જોગવાઈનું ધ્યાન પ્રણાલી ધરાવતાં સભ્યોની સભાનતા પર અને તેઓ સંલગ્ન લાગુ થવા પાત્ર કાયદાઓમાં, વિકાસથી સભાન બને તે માટેનું હોય છે. તેથી જ લાગુ થવા પાત્ર કાયદા પ્રત્યે સભ્યોએ વર્તમાન માહિતીથી સુલભ થવા સક્ષમ બને અને અનુપાલનને જાળવી રાખવા માટે પગલાં લેવા જોઇએ.

આ જોગવાઈમાં સામાન્ય જરૂરિયાતોની સાથે સીઓપીની વિવિધ જોગવાઈઓમાં કાનૂની અનુપાલન જરૂરિયાતોને પણ સ્પષ્ટ કરવામાં આવી છે, જેમાં:

- સીઓપી 9 લાંચ અને સગવડકારી ચુકવણીઓ
- સીઓપી 10 મની લૉન્ડરિંગ અને આતંકવાદને નાણાં સહાય
- સીઓપી 13 સામાન્ય રોજગારની શરતો
- સીઓપી 14 કામના કલાકો

**2009ના વ્યવહારોની સંહિતાથી ફેરફારો**

2013 વ્યવહારોની સંહિતા કાનૂની અનુપાલનની જોગવાઈના સાતત્યપૂર્ણ અમલીકરણમાં સુધારા માટે સંખ્યાબંધ ફેરફારો ધરાવે છે.

- માર્ગદર્શન એ વાત પર ભાર મૂકે છે કે આરજેસી પ્રમાણીકરણ પ્રક્રિયાની સંરચના એક પૂર્ણ કાનૂની અનુપાલન હિસાબી તપાસને આવરી લેવા માટે કરવામાં આવી નથી.
- આ જરૂરિયાતનું ધ્યાન, લાગુ થવાપાત્ર કાયદાની સભાનતા જાળવવા માટે અને તેના અનુપાલન સાથેની ઉચિત પ્રણાલી/ઓ ધરાવવા માટે કેન્દ્રીત છે.
- પ્રમુખ બિન-સમાનુરૂપતાની વ્યાખ્યાને પુન:સંસ્કરિત કરવામાં આવી છે, અને સ્વત: બધી જ કાનૂની બિન-અનુપાલનતાઓને પ્રમુખ બિન-સમાનુરૂપતા તારણો સાથે ઉન્નત બનાવતી નથી. **પ્રમુખ** બિન-સમાનુરૂપતા એવી પરિસ્થિતિઓને લાગુ પડશે જ્યાં સભ્યએ વ્યવહારોની સંહિતા સાથે સુસંગત કાનૂની અથવા નિયમનકારી જરૂરિયાતોની ઓળખ નહીં કરી હોય અથવા ત્યાં આવી કાનૂની અથવા નિયમનકારી જરૂરિયાતોની જ્ઞાત બિન-અનુપાલનશીલતા હશે **અને:**
    - ત્યાં બિન-અનુપાલન સ્થિતિને સુધારવાના *અપૂરતાં* પ્રયાસો હશે, **અને/અથવા**
    - આ પરિસ્થિતિ કામદારો, સમુદાય અથવા તો પર્યાવરણને નિકટવર્તી જોખમની *સંભાવના ધરાવતી હશે.*
- **ગૌણ** બિન-સમાનુરૂપતા એવી પરિસ્થિતિઓને લાગુ પડશે જ્યાં સભ્યો કાનૂની અથવા નિયમનકારી જરૂરિયાતોની જ્ઞાત બિન-અનુપાલનશીલતા ધરાવતાં હશે **અને:**
    - ત્યાં બિન-અનુપાલન સ્થિતિને સુધારવાના *પૂરતાં* પ્રયાસો હશે, **અને/અથવા**
    - બિન-અનુપાલનશીલતા કામદારો, સમુદાય અથવા તો પર્યાવરણને નિકટવર્તી જોખમમાં પરિણમતી *ન હોય.*
- ગૌણ બિન-સમાનુરૂપતા એવી પરિસ્થિતિઓને પણ લાગુ પડશે જ્યાં સભ્યએ વ્યવહારોની સંહિતા સાથે સુસંગત કાનૂની અથવા નિયમનકારી જરૂરિયાતોની ઓળખ નહીં કરી હોય **અને** બિન-અનુપાલનશીલતા કામદારો, સમુદાય અથવા તો પર્યાવરણને નિકટવર્તી જોખમમાં પરિણમતી ન હોય

- સીઓપી 15 વળતર
- સીઓપી 17 બાળ મજૂરી
- સીઓપી 18 બળજબરીપૂર્વકની મજૂરી
- સીઓપી 19 સંગઠનની સ્વતંત્રતા અને સામૂહિક સોદાબાજી
- સીઓપી 21 સ્વાસ્થ્ય અને સલામતી
- સીઓપી 24 કચરો અને ઉત્સર્જન
- સીઓપી 26 ઉત્પાદનની જાહેરાત
- સીઓપી 27 કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના
- સીઓપી 31 સ્થાનિક લોકો અને મુક્ત પૂર્વ માહિતીપૂર્ણ સંમતિ
- સીઓપી 39 પારો

## C. મુખ્ય નિયમનો

આ કાયદાઓ સભ્યોની સવલતોના સ્થળો અને સવલતોની પ્રકૃતિ (પ્રકારો) પર આધારિત ભિન્ન હોઈને આ માર્ગદર્શન વ્યક્તિગત સભ્યો માટે લાગુ થવાપાત્ર કાયદા પર કોઇ ચોક્કસ સલાહ પૂરી પાડતું નથી.

કાયદામાં વિશિષ્ટ પ્રકારે સરકાર દ્વારા બનાવવામાં આવેલ કાયદાઓ અને અદાલતો દ્વારા બનાવવામાં આવતાં નિયમો સમાવિષ્ટ છે. કાયદેસરની જવાબદારીઓને ઘણીવાર ચોક્કસ વૈધાનિક કાયદાઓ અને નિયમનોથી આગળ વિસ્તારવામાં આવતી હોય છે. ઘણાં સિદ્ધાંતો અને પરંપરાઓ અદાલતો દ્વારા સુનાવણી કરવામાં આવેલ પૂર્વેના કેસના ચુકાદાઓ પર આધારિત સ્થાપિત કરવામાં આવ્યાં હોય છે. આ સિદ્ધાંતોને સામાન્ય કાયદા અથવા કેસ સંબંધિત કાયદા તરીકે સંદર્ભિત કરવામાં આવે છે.

એ આવશ્યક છે કે સભ્યો કામગીરીના તમામ વિસ્તારોમાં સ્થાનિક કાયદાઓ અને નિયમનોથી પરિચિત બને તેમજ કાયદા અને સંકલિત કેસ કાયદામા કાનૂની વિકાસોને સન્મુખ રાખે. સભ્યોએ જ્યાં તેઓ તેમની કાનૂની અનુપાલન જરૂરિયાતોને ન સમજી શકતાં હોય ત્યાં તેમની જવાબદારીઓ પ્રત્યે કાનૂની સલાહ માંગવી જોઇએ.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારોની સંહિતાની ફરજીયાત જરૂરિયાતોને અમલી બનાવવા માટેનું સામાન્ય માર્ગદર્શન પુરૂં પાડે છે. આ માર્ગદર્શન સહજ નથી અને તેને માહિતી તેમજ આધારના પ્રારંભ બિંદુ તરીકે જોવું જોઇએ.*

- **સીઓપી 1.1:** ***કાનૂની અનુપાલન:*** સભ્યો એવી પ્રણાલી ધરાવતા હશે જે લાગુ થવાપાત્ર કાયદાની સભાનતાની જાળવણી કરશે અને તેનું અનુપાલન સુનિશ્ચિત કરશે.
  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - કાનૂની વિકાસોની દેખરેખ માટે અને કાનૂની જોખમના મુખ્ય વિસ્તારોની ઓળખ માટે પ્રણાલીઓ, પ્રક્રિયાઓ, કાર્યપ્રણાલીઓ અથવા પદ્ધતિઓ સ્થાનબદ્ધ હોવી જોઇએ.

- જ્યાં કાનૂની જરૂરિયાતો અંગેની અચોક્કસતા હોય ત્યાં સભ્યોએ યોગ્યતા પ્રાપ્ત વ્યાવસાયિકો દ્વારા કાનૂની સલાહ માંગવી જોઇએ.
- એક અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિ, લોકોનું જૂથ અથવા વિષય નિષ્ણાતો ઓળખ કરવા અને પત્રકમાં જાળવણી કરવા માટે જવાબદાર હોવા જોઇએ (આ પ્રકરણના અંતે ૯ કાનૂની અનુપાલન પત્રકનું ઉદાહરણ જુઓ):
  - સંલગ્ન લાગુ થવા પાત્ર કાયદાઓ અને નિયમનો, જરૂરી લાઈસન્સ અને પરવાનગી પત્રો અને અહેવાલ-લેખન અને જાહેરાતની જવાબદારીઓ;
  - આ જરૂરિયાતો સાથે સંકળાયેલા વિકાસો;
  - અનુપાલનની સ્થિતિ અને અનુપાલનને જાળવવા માટે જરૂરી ભાવિ પગલાં.
  - સંભાવિત બિન-અનુપાલન પરિસ્થિતિને અનુપાલનમાં લઈ આવવા માટેના પગલાઓ.
- કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરને કાનૂની જરૂરિયાતો વિશેની સંચાર અને તાલીમ પૂરી પાડવા માટેની પ્રક્રિયાઓ, કાર્યનીતિઓ, અભિગમો અથવા કાર્યપ્રણાલીઓ સ્થાનબદ્ધ હોવી જોઇએ અને સમજણનું એક ઉચિત સ્તર સુનિશ્ચિત થવું જોઇએ.

**પ્રશ્નોત્તરી: કાનૂની અનુપાલન**

***1. જો કાનૂની જરૂરિયાતો અને આરજેસીની વ્યવહાર સંહિતા વચ્ચે તફાવત હોય તો શું થાય?***

આરજેસીની સીઓપી જોગવાઈઓ સભ્યોના કારોબાર અને/અથવા કાર્યક્ષેત્રથી સંલગ્ન ધોરણો સુયોજિત કરવામાં લાગુ થવાપાત્ર કાયદાથી ભિન્ન હોય શકે છે. આવા કિસ્સામાં સભ્યોએ લાગુ થવાપાત્ર કાયદાને અનુસરવા જોઇએ.

કેટલાંક કાર્યક્ષેત્રોમાં લાગુ થવાપાત્ર કાયદો તે મુદ્દા પર એક આરજેસી જોગવાઈમાં હોય છે તેના કરતાં ઉચ્ચ અથવા વધુ ચોક્ક્સ ધોરણ સુયોજિત કરે છે. આવાં કિસ્સામાં સભ્યો પાસેથી તેમના પર લાગુ થતી કાયદાકીય અને નિયમનકારી જરૂરિયાતોનું પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

અન્ય પ્રશ્નો પર, આરજેસી જોગવાઈમાં લાગુ થવાપાત્ર કાયદાને સ્વીકાર્યા વિના લાગુ થવાપાત્ર કાયદા કરતાં ઉચ્ચ અથવા વધુ ચોક્ક્સ ધોરણો સુયોજિત કરી શકે છે.. આવાં કિસ્સામાં સભ્યો પાસેથી કાનૂની જરૂરિયાતોથી વધી જતી હોવા છતાં વ્યવહારોની સંહિતામાં સુયોજિત કર્યા પ્રમાણે આરજેસી જરૂરિયાતો સાથે સમાનુરૂપ થવાની અપેક્ષા રાખવામાં આવે છે.

જો સીઓપી સાથેની અનુપાલનશીલતા લાગુ થવાપાત્ર કાયદાના ઉલ્લંઘનમાં પરિણમતી હોય, તો લાગુ થવાપાત્ર કાયદો ચાલુ રાખવો જરૂરી છે.

***2. કાનૂની જરૂરિયાતો વિશે વિવાદ હોય ત્યારે શું થાય છે?***

ક્યારેક-ક્યારેક કાયદો કોઇ ચોક્ક્સ પરિસ્થિતિ વિશે સ્પષ્ટ ન હોય અથવા અદાલતમાં પડકારવામાં આવ્યો હોય શકે છે. આરજેસી પ્રમાણીકરણના હેતુઓ માટે, કે જ્યાં તે વ્યવહારોની સંહિતાની જોગવાઈથી સંબંધ ધરાવે છે જે લાગુ થવાપાત્ર કાયદાથી ભિન્ન હોય છે, ત્યાં આ સમાનુરૂપતા અને બિન-સમાનુરૂપતાના તારણો માટે અસરકારક બની શકે છે.

આવી પરિસ્થિતિઓમાં તેમનાં તારણો નક્કી કરતાં હિસાબી તપાસકર્તાઓએ સંલગ્ન સરકારી સત્તામંડળ દ્વારા પૂરું પાડવામાં આવતાં કોઇપણ માર્ગદર્શનને, તેમજ સ્વ-આકારણીની પ્રક્રિયાના ભાગરૂપે સભ્યો દ્વારા પૂરા પાડવામાં આવતાં કોઇપણ યોગ્ય કાનૂની અભિપ્રાયોને ધ્યાનમાંલેવા જોઈએ. કાનૂની વિવાદની પરિસ્થિતિઓમાં જ્યાં એક હિસાબી તપાસકર્તા તેમ છતાં ત્યાં બિનસમાનુરૂપતા હોવાનું માનતા હોય અને સભ્ય કાનૂની જરૂરિયાતની સમજદારી દર્શાવતાં હોય અને મામલો વિવાદ હેઠળ હોય તો, કોઇપણ બિન-સમાનુરૂપતા સામાન્યપણે માત્ર ગૌણ હોવાની. જો હિસાબી તપાસકર્તાને સાચાં અર્થઘટન વિશેની અચોક્ક્સતા અને નિમ્ન ધોરણોના અમલીકરણથી કામદારો, સમુદાય, અથવા પર્યાવરણ પર ભયનું સર્જન જણાય તો, હિસાબી તપાસકર્તા તેને એક મુખ્ય બિન-સમાનુરૂપતા તરીકે ગણતરીમાં લઈ શકે છે.. જો ત્યાં આવા કોઇ ભય ન હોય, તો હિસાબી તપાસકર્તાઓ ગૌણ બિન-સમાનુરૂપતા તારન, અથવા એક સમાનુરૂપતા તારણ તરીકે ગણતરી કરી શકે છે.

***3. શું થાય જ્યારે એક પરવાનગી પત્ર અથવા લાઈસન્સ માટે અરજી તો કરવામાં આવી હોય પરંતુ તે હજુપણ સંલગ્ન સરકારી સત્તામંડળ પાસે પ્રક્રિયામાં હોય?***

નિકાલ કે નિર્ણય માટે પડતર મંજૂરીઓ એક સામાન્ય બાબત છે કેમકે કારોબારો અને કાયદાઓ સતત બદલાતા રહે છે અને સંલગ્ન સત્તામંડળોને અરજીની પ્રક્રિયાઓ કરવામાં સમય લાગી શકે છે. પરવાનગી પત્રો અથવા લાઈસન્સોની સમીક્ષા સીઓપીની અન્ય જોગવાઈઓની સાથે સુસંગત હોય શકે છે, જ્યાં લાગુ થવાપાત્ર કાયદા સાથેની અનુપાલનશીલતા જરૂરિયાતનો એક ભાગ બનાવે છે. જ્યાં આ મામલો પ્રક્રિયાત્મક હોય છે અને ત્યાં એવું કોઇ કારણ જણાતું નથી કે શા માટે પરવાનગી પત્ર ઉપલબ્ધ કરવામાં નથી આવ્યો, હિસાબી તપાસકર્તઓ દ્વારા તેને સમાનુરૂપતાની પરિસ્થિતિ તરીકે સ્વીકાર કરવામાં આવે છે.

**તપાસો:**

- ✓ શું તમે કાનૂની અનુપાલન માટે જવાબદાર વ્યક્તિ અથવા જૂથનું નોમિનેશન કર્યું છે?
- ✓ શું તમે હિસાબી તપાસકર્તાને એ દર્શાવી શકો છો કે તમે કાનૂની જરૂરિયાતો અને કાયદામાં ફેરફારોની સભાનતાની જાળવણી કેવી રીતે કરો છો?
- ✓ શું તમે હિસાબી તપાસકતાઓને લાગુ થવાપાત્ર કાયદા સાથેની તમારી અનુપાલનશીલતાની દેખરેખ માટે તમે લઈ રહ્યાં હો તે પગલાં દર્શાવી શકો છો?

***કાનૂની અનુપાલન પત્રકો – ઉદાહરણ નમૂનો***

*એક કાનૂની અનુપાલન પત્રક કારોબારો માટે ઉઅયોગી સાધન બની શકે છે, અને સામાન્યપણે નીચેની બાબતોનો સમાવેશ કરે છે:*

- *અધિનિયમ, નિયમન, ધોરણ, સંહિતા, કાર્યનીતિ, પરવાનગી પત્ર વગેરેના નામ. મોટાભાગની સરકારો અને નિયમનકારી સત્તામંડળો ઇંટરનેટ દ્વારા કાયદાઓની સુલભતા પૂરી પાડે છે, તો જ્યાં શક્ય હોય ત્યાં લિંક અથવા તેનાં સ્થાન વિશેના વિવરણનો સમાવેશ કરે છે.*
- *જ્યાં કાનૂની સાધનો લાગૂ પડે છે તે અધિકારક્ષેત્ર. દાખલા તરીકે આ સ્થાનિક, ક્ષેત્રિય, રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય વ્યવહારોને આવરી લઈ શકે છે.*
- *સંચાલક મંડળ અથવા આ કાનૂની સાધનોને લાગુ કરતાં હોય અથવા સંચાલન કરતાં હોય તેવાં સત્તામંડળોનો પણ સમાવેશ થઈ શકે છે. સંલગ્ન સંપર્ક નામો અને વિગતો (જ્યાં જ્ઞાત હોય)ની યાદી બનાવવાનું ધ્યાને લો.*
- *કાનૂની સાધનમાં નિર્ધારિત હેતુ અને મુખ્ય જરૂરિયાતોનું વિવરણ. આ કાનૂની પરિભાષા કરતાં સાદી અને સરળ ભાષામાં હોય શકે છે. ફેરફારો (વાસ્તવિક અને પ્રસ્તાવિત)ને પણ પત્રકમાં દસ્તાવેજીત કરી શકાય છે.*
- *કાનૂની જરૂરિયાતો કેવી રીતે કારોબારને અસર કરે છે તેનું વિવરણ. આમાં તે અધિકારક્ષેત્રમાં સભ્ય દ્વારા નિર્ધારિત પ્રવૃત્તિઓ અથવા પ્રક્રિયાઓને કેવી રીતે હાથ ધરવામાં આવી છે તેની સાથે આ જરૂરિયાતો કેવી રીતે સંબંધ ધરાવે છે તેનો સમાવેશ થાય છે. આ માહિતીનો ઉપયોગ કર્મચારીઓ અને કોંટ્રાકટર્સને તેમની કાનૂની જવાબદારી વિષે સંચારિત કરવા અને તાલીમ આપવા માટે કરી શકાય છે. આ કોઇપણ નિર્ધારિત વ્યવસ્થાપન પ્રણાલી દસ્તાવેજીકરણ સાથે સંબંધ સ્થાપવા માટે ઉપયોગી છે જેમ કે:*
  - *તેની પ્રવૃત્તિઓને સંચાલિત કરવા માટેની પદ્ધતિઓ*
  - *બાહ્ય વૈધાનિક અહેવાલ-લેખન અપેક્ષાઓ*
  - *લાઇસન્સ અથવા પરવાનગી પત્ર શુલ્ક ચુકવવા માટેના સમય અને રૂપરેખા.*
- *કારોબારની અંદરના વ્યક્તિનું અનુપાલનની ખાતરી માટેની અને કાનૂની જરૂરિયાતો વિશેની માહિતી ભેગી કરવાની જવાબદારી સાથે નોમિનેશન કરવું.*
- *સ્પષ્ટ કરો કે કેટલીવાર અને ક્યારે અનુપાલનશીલતાના મૂલ્યાંકનો હાથ ધરવામાં આવશે. કેટલાંક કિસ્સાઓમાં અનુપાલનશીલતાના મૂલ્યાંકનનું આવર્તન કાયદા દ્વારા નક્કી કરવામાં આવે છે. જો કે, મોટાભાગે તે કારોબાર પર નિર્ભર કરે છે અને જરૂરિયાતો સાથે સંકળાયેલા જોખમ સાથે અનુરૂપ આવર્તન પર હાથ ધરાવવું જોઇએ.*
- *પત્રકનો ઉપયોગ અનુપાલનશીલતાના નિદર્શન માટે ઉપયોગમાં લેવાયેલાં પુરાવા અને રેકોર્ડ્સની યાદી બનાવવા માટે ઉપયોગ કરી શકાય છે. જ્યાં બિન-અનુપાલનશીલતાની ઓળખ કરવામાં આવી હોય ત્યાં સંદર્ભ અને સુધારાત્મક પગલાઓનું સંધાન સ્થાપવા માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે.*

*નીચેનું કોષ્ટક એક કાનૂની અનુપાલનશીલતા પત્રકનું ઉદાહરણ પુરૂં પાડે છે, જે પોતાની ખુદની પ્રણાલી વિકસિત કરવા માંગતા કારોબારો માટે ઉપયોગી થઈ શકે છે. એ નોંધ લેશો કે સભ્યો* **કાનૂની અનુપાલનશીલતા***ની જોગવાઈ સાથે સમાનુરૂપતા તરફી પોતાનો અભિગમ લઈ શકવા મુક્ત છે.*

| અધિનિયમો, નિયમનો, ધોરણો, સંહિતાઓ અને કાર્યનીતિઓ | અધિકારક્ષેત્ર | નિયમનકારી સંસ્થા | મુખ્ય નિયમનકારી અને અન્ય જરૂરિયાતોનું વિવરણ | સભ્યના કારોબારની સાથે સુસંગતતા | જવાબદાર વ્યક્તિ | અનુપાલન મૂલ્યાંકનની તારીખ/ અનુવર્તન | રેકોર્ડ્સ | સુધારાત્મક પગલાં |
|---|---|---|---|---|---|---|---|---|
| માલસામાનના આયાત અને નિકાસના વ્યવસ્થાપન પરના નિયમનો, 1996 | ચીન | વિદેશ વ્યાપાર અને આર્થિક સહયોગ મંત્રાલય, કસ્ટમ્સનો સામાન્ય વહીવટ, રાજ્ય પર્યાવરણ સંરક્ષણ વહીવટ | કચરાના પરિવહનના સંબંધમાં માટે ચીન બે મૂળભૂત કાયદાઓ ધરાવે છે:<br>• "ઘન કચરા દ્વારા પર્યાવરણીય પ્રદુષણની રોકથામ અને નિયંત્રણ પરનો પીપલ્સ રીપબ્લિક ઑફ ચાઇનાનો કાયદો" ("ઘન કચરાનો કાયદો"), અને<br>• "કચરાની સામગ્રીના આયાતીકરણમાં પર્યાવરણીય સંરક્ષણના વહીવટ પર વચગાળાની જોગવાઈ"<br>આ [illegible] લા[illegible]ને [illegible]ણની અને નિરીક્ષણ માટેની જરૂરિયાતોને પણ વર્ણવે છે. | આ એક શરત છે જ્યારે ચીન ખાતે નિકાસ કરવામાં આવતી વસ્તુઓ ચોક્કસ શ્રેણીના પ્રતિબંધિત ધાતુઓ, ખનિજો, પ્રાણી ઉત્પાદનો, પ્રયોગશાળાનો કચરો, ઔદ્યોગિક અવશેષો વગેરે ધરાવતી હોય. | આંતરરાષ્ટ્રીય રવાનગી પ્રબંધક | ત્રિમાસિક | આંકડાકીય માહિતી કચેરી | એકની પણ જરૂર પડી નથી |
| ઔદ્યોગિક કચરાના વ્યવસ્થાપનની કાર્યનીતિ (રાષ્ટ્રીય પ્રદુષકોની વિગતવાર યાદી) 1998 | વિક્ટોરિયા, ઑસ્ટ્રેલિયા | પર્યાવરણ સંરક્ષણ સત્તામંડળ<br><br>www.epa.vic.gov.au | આ કાર્યનીતિના ઉદ્દેશ્યોમાં પદાર્થોના ઉત્સર્જનની પ્રવર્તમાન અને સંભાવિત અસરોને ઘટાડવી અને ઇચ્છિત પર્યાવરણીય પરિણામોને હાંસલ કરવામાં સરકાર, ઉદ્યોગ અને સમુદાયને ને મદદરૂપ થવાનો સમાવેશ થાય છે.<br><br>આ કાર્યનીતિ હવા, જમીન અને પાણીમાં ઉત્સર્જિત કરવામાં આવતાં ચોક્કસ રસાયણોના પ્રકાર અને માત્રાઓ પરના અહેવાલની અને આ માહિતી જાહેરમાં ઉપલબ્ધ કરવાની રૂપરેખા પૂરી પાડે છે. | કંપની ઇંધણની ખપત અને વીજળીના વપરાશના આધારે કાર્બન-મોનોક્સાઇડ અને સલ્ફર ડાયોક્સાઇડના ઉત્સર્જનના અહેવાલ-લેખનની ટોચમર્યાદા નક્કી કરે છે.<br><br>કંપનીએ દર વર્ષે 30મી સપ્ટેમ્બર પહેલાં વર્ષ 1લી જુલાઈથી 30મી જુન સુધીનો વાર્ષિક ઉત્સર્જનનો અહેવાલ આપવો જરૂરી છે.<br><br>આની ગણતરી એનપીઆઇ પદ્ધતિ ક્રમાંક 123 અનુસાર કરવી જરૂરી છે.<br>. | ઑપરેશન્સ પ્રબંધક | 30મી સપ્ટેમ્બર સુધીમાં વાર્ષિક | પર્યાવરણ વિભાગમાં એનપીઆઇ અહેવાલ | એકની પણ જરૂર પડી નથી |

Example Only

## E. વધારાની માહિતી

સભ્યોએ લાગુ થવા પાત્ર કાયદા સાથે તેમના કારોબારની અનુપાલનશીલતા સંબંધી કાયદાકીય સલાહ માંગવી જોઇએ.

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 2) કાર્યનીતિ અને અમલીકરણ

## A. વ્યાખ્યા અને પ્રયોજ્યતા

**કાર્યનીતિ** એ સિદ્ધાંતો અને ઇરાદાઓનું નિવેદન છે.

*સ્રોત:*

- આઇએસઓ *14001* અને આઇએસઓ *14004* *www.iso14000-iso14001-environmental-management.com/*

સીઓપીનો **કાર્યનીતિ અને અમલીકરણ** વિભાગ તમામ સભ્યોને લાગુ થવાપાત્ર છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

કાર્યનીતિ એ કારોબારની નીચેની બાબતો માટે એક ખૂબ જ સામાન્ય માર્ગ છે:

- ટોચ પરથી પ્રતિબદ્ધતાનું નિદર્શન કરવા;
- કૉર્પોરેટ જવાબદારીનું નિદર્શન કરવા અને મુખ્ય જોખમો અને પ્રશ્નોનું સંચાલન કરવા;
- કંપનીની વધુ વિગતવાર પદ્ધતિઓ અને વ્યવહારો માટે પ્લેટફૉર્મ સુયોજિત કરવા;
- સિદ્ધાંતો અને ઇરાદાઓ પર હિસ્સેદારો સાથે જાહેરમાં વાતચીત કરવા માટે.

વ્યવહારોની સંહિતા હેઠળ જરૂરી કાર્યનીતિ આરજેસીના સભ્ય તરીકે જવાબદાર વ્યવહારોના અમલીકરણ અને સુધારાઓને સહાયભૂત બને છે. સભ્યો તેમની કાર્યનીતિને દસ્તાવેજીત કરવી જોઇએ અને કારોબાર માટે અને તેના વતી કાર્યરત તમામ વ્યક્તિઓને તેનું સંચારણ કરવું જોઇએ. આ ઔપચારિક સભાનતા સત્રો, જાહેર સમાચારપત્રો, ઇંટરનેટ દ્વારા અથવા અખબારોમાં પ્રકાશન દ્વારા હાંસલ થઈ શકે છે.

કારોબારમાં અને વિસ્તૃત સંદર્ભમાં જ્યાં તે કામગીરી કરી રહ્યાં હોય છે ત્યાં પરિવર્તનો નિરંતર થતાં રહેતાં હોય છે. તેથી ઓછામાં ઓછું વાર્ષિક ધોરણે કાર્યનીતિના અમલીકરણની સમીક્ષા કરવામાં આવે અને જ્યાં સુધારાઓ જરૂરી છે તે તફાવતોને ઓળખી કાઢવામાં આવે તે જરૂરી છે.

## C. મુખ્ય નિયમનો

***આંતરરાષ્ટ્રીય માપદંડો***

ધારાધોરણોની ઘણી પહેલો સમગ્ર કારોબારમાં અમલીકરણ અસરકારક છે તેની નિયમિતપણે સમીક્ષા કરવાની સાથે મુદા/કાર્યક્રમ પ્રત્યે કારોબારની પ્રતિબદ્ધતાના ઔપચારિક નિદર્શન તરીકે કાર્યનીતિને વિકસિત કરવાની જરૂર ધરાવે છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારોની સંહિતાની અનિવાર્ય જરૂરિયાતોના અમલીકરણ માટેનું સામાન્ય માર્ગદર્શન પુરૂં પાડે છે. માર્ગદર્શન સહજ નથી અને તેને માહિતી અને મદદના પ્રારંભ બિંદુ તરીકે જોવું જોઇએ.*

- ***સીઓપી 2.1: લેખિત કાર્યનીતિ***: સભ્યો એવી નીતિ/ઓનો સ્વીકાર કરશે જે જવાબદાર કારોબારી પદ્ધતિઓ માટેની સભ્યની કટિબદ્ધતાને દસ્તાવેજીકરણ કરે છે, જેને વરિષ્ઠ વ્યવસ્થાપકમંડળનું સમર્થન પ્રાપ્ત છે, જેને કર્મચારીઓને સંચારિત કરવામાં આવશે અને તે જાહેરમાં ઉપલબ્ધ કરવામાં આવશે.
  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - કાર્યનીતિ/ઓ નિર્દિષ્ટ રીતે વ્યવહારોની આરજેસી સંહિતાને સંદર્ભિત કરી શકે છે અથવા જવાબદાર કારોબાર વ્યવહારો પ્રત્યે વ્યવહારોની સંહિતામા આવરી લેવાઈ હોય તેનાં સહિત માટે વધુ સામાન્ય પ્રતિબદ્ધતાઓ તૈયાર કરે છે.
  - કાર્યનીતિ પ્રમાણીકરણના અવકાશ દ્વારા આવરી લેવામાં આવેલ સભ્યના કારોબારના તમામ ભાગોને લાગુ થવા પાત્ર છે અને ઔપચારિક રીતે વરિષ્ઠ વ્યવસ્થાપન દ્વારા સમર્થન પ્રાપ્ત છે તે ચકાસો.
  - જેઓ કંપની માટે અથવા તેના વતી કામ કરી રહ્યાં છે તેમને કાર્યનીતિથી સભાન બનાવવામાં આવ્યાં છે તે ચકાસો. જાગૃતિ વધારવાથી અને ક્ષમતા નિર્માણથી કર્મચારીઓને તેમના કાર્ય અને પદ્ધતિઓમાં કાર્યનીતિને સખત રીતે બેસાડી શકવામાં મદદ મળી રહેશે.
  - કાર્યનીતિ/ઓ જાહેર જનતાને ઉપલબ્ધ કરવી જરૂરી છે, જેમ કે કંપનીની વેબસાઇટ પર તેને પોસ્ટ કરીને. જો કંપની વેબસાઇટ ધરાવતી ન હોય તો વિનંતિ પર તેને કેવી રીતે ઉપલબ્ધ બનાવવી અથવા પરિસરમાં મુલાકાતીઓ માટે તેને કેવી રીતે દૃશ્યમાન કરવી તે અંગેની વિચારણા કરવી.
  - કાર્યનીતિ/ઓને કંપનીના કરારોમાં ઉમેરવાની, જ્યાં સુસંગત હોય ત્યાં, કારોબારી ભાગીદારો, સેવા પ્રદાતાઓ અને આપૂર્તિકારો સાથે કાર્યનીતિની કટિબદ્ધતા પ્રત્યે જાગૃતિ ઊભી કરવાની વિચારણા કરો.

  આરજેસી સભ્યો માટેના ઉદાહરણરૂપ કાર્યનીતિ નિવેદન કે જે વ્યવહારોની આરજેસી સંહિતાની ઉપલબ્ધિ માટેની કટિબદ્ધતાને અભિવ્યક્ત કરે છે તેનો સમાવેશ આ પ્રકરણના અંત ભાગમાં કરવામાં આવ્યો છે. સભ્યો તેમનાં કારોબારને શ્રેષ્ઠ રીતે અનુકૂળ આવે તે રીતે જવાબદાર કારોબાર વ્યવહાર પર પોતાના કાર્યનીતિ નિવેદન/નો વિકસિત કરવા માટે મુક્ત છે.

- ***સીઓપી 2.2: કાર્યનીતિ અમલીકરણ સમીક્ષા***: વરિષ્ઠ વ્યવસ્થાપકમંડળ, નીતિને હાંસલ કરવા માટે, અને કોઈ ચૂક રહી ગઈ હોય તો તેના નિવારણ માટે સુધારાઓના અમલીકરણમાં સભ્યોની કારોબારી પદ્ધતિઓની આકારણી માટે, ઓછામાં ઓછું વાર્ષિક ધોરણે, સમીક્ષા હાથ ધરશે.
  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - દેખરેખ માટે અને સંભાવિત સુસંગત કાર્યદેખાવ પ્રશ્નો જેવા ઉદભવે કે તરત જ તેની નોંધ લેવા માટે વરિષ્ઠ વ્યવસ્થાપનના એક સભ્યની નિમણુક કરો.

- કાર્યનીતિ સમગ્ર કારોબારની ઉદ્યોગ સાહસિકતામાં લાગુ કરવા માટે જરૂરી કામગીરીઓની કાર્યનીતિઓ અને પદ્ધતિઓમાં પ્રતિબિંબિત થાય છે તે ચકાસો.
- કાર્યનીતિ અને વાસ્તવિક કારોબારી વ્યવહારોની વચ્ચે સંભાવિત તફાવતોની ઓળખ માટે ઓછામાં ઓછું વાર્ષિક ધોરણે વરિષ્ઠ વ્યવસ્થાપન વચ્ચે એક ચર્ચા ગોઠવો અને આ ચર્ચાના પરિણામોને દસ્તાવેજીત કરો.
- કોઇપણ તફાવતોના સંબોધન માટે કાર્ય યોજનાઓને અમલી બનાવો અને પરિણામોને દસ્તાવેજીત કરો.
- જો લાગુ થવા પાત્ર હોય તો હાલની આરજેસી હિસાબી તપાસોના પરિણામો સાથે સંકલન સાધો.

**લઘુ કારોબાર**

જવાબદાર કારોબાર વ્યવહારો અને આરજેસી સમાનુરૂપતા માટેની તેની પ્રવર્તમાન કટિબદ્ધતાની ચર્ચાઓથી લઘુ કારોબારોને પણ ફાયદો પહોંચી શકે છે. આ સ્વ-મૂલ્યાંકન પ્રક્રિયાના ભાગરૂપે સ્થાન લઈ શકે છે જે પ્રમાણીકરણ, તેમજ પ્રમાણીકરણ પછીની હિસાબી તપાસ સુધી લઈ જાય છે. વરિષ્ઠ વ્યવસ્થાપન વચ્ચેની વાર્ષિક ચર્ચા કોઇપણ બિન-સમાનુરૂપતા પ્રશ્નોની સમીક્ષા માટેની, અને સુધારાત્મક કાર્ય યોજનાઓ સામે થયેલી પ્રગતિને ચકાસવાની તક હોય શકે છે. જ્યાં બિન-સમાનુરૂપતાઓને સંબોધવામાં આવી ચુકી છે, ત્યાં કારોબારની અંદર અથવા મુખ્ય હિસ્સેદારોની સાથે કાર્યનીતિના સંચારમાં કોઇ સુધાર તકો રહેલી છે તેની ચર્ચા કરો. આવી બેઠકોની સંક્ષેપ કાર્યનોંધ આ જોગવાઈ સાથે સમાનુરૂપતાઆ ઉદ્દેશાત્મક પુરાવા તરીકે ઉપયોગી થઈ શકે છે.

**તપાસો:**

- ✓ શું તમે એવી કોઈ લેખિત કાર્યનીતિ અથવા કાર્યનીતિઓ ધરાવો છો જે જવાબદાર કારોબાર વ્યવહારો પ્રત્યે કટિબદ્ધ હોય?
- ✓ શું તે કંપનીની વેબસાઇટ પર અથવા અન્ય કોઇ માધ્યમ દ્વારા ઉપલબ્ધ છે?
- ✓ શું તમે કાર્યનીતિની સમીક્ષા કરી છે અને તે ઓછામાં ઓછું વાર્ષિક ધોરણે, કેવી રીતે હાંસિલ થઈ શકશે? આનો સુધારાઓની ઓળખ કરવા અને તેને લાગુ કરવાની તક તરીકે ઉપયોગ કરો.

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટ વ્યવહારોની આરજેસી સંહિતા પર વધારાની માહિતી ધરાવે છે:

- જવાબદાર આભૂષણ પરિષદ (આરજેસી) - પ્રમાણીકરણ
  www.responsiblejewellery.com/certification/

## આરજેસી કાર્યનીતિ – ઉદાહરણ નમૂનો

નીચેના મુસદ્દાને સભ્યના કારોબાર/રોને અનુકૂળ બનાવવા માટે સુધારી અથવા અપનાવી શકાય છે.

---

### જવાબદાર જ્વેલરી કાઉન્સિલ કાર્યનીતિ

[*સભ્યનું નામ દાખલ કરો*] [*કંપનીનું સંક્ષેપમાં વિવરણ*] છે.

અમે [*X*] પર સાઇટ્સ ધરાવીએ છીએ [*Y*] અને [*Z*] કર્મચારીઓને રોજગાર આપીએ છીએ.

[*સભ્યનું નામ*] જવાબદાર જ્વેલરી કાઉન્સિલ (આરજેસી) ના સભ્ય છે.

આરજેસી ધારાધોરણોનું સુયોજન કરતું સંગઠન છે જેની સ્થાપના સમગ્ર હીરા, સ્વર્ણ અને પ્લેટિનમ જૂથ ધાતુઓના આભૂષણ પુરવઠાની શ્રૃંખલાના જવાબદાર નૈતિક, માનવાધિકારો, સામાજીક અને પર્યાવરણિય વ્યવહારોને આગળ ધપાવવા માટે કરવામાં આવી છે.

આરજેસીએ આભૂષણ પુરવઠા શ્રૃંખલા માટે આધારચિહ્ન ધોરણો અને ત્રાહિત પક્ષ દ્વારા હિસાબી તપાસ દ્વારા જવાબદાર કારોબારી વ્યવહારોની ખરાઈ કરવા માટે વિશ્વસનીય પદ્ધતિઓ વિકસિત કરી છે.

આરજેસી સભ્ય/પ્રમાણિત સભ્ય *[ઉચિત હોય તે રીતે ખરાનું નિશાન કરો]* તરીકે, અમે અમારા કારોબારને વ્યવહારોની આરજેસી સંહિતા અનુસાર સંચાલિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે રોજબરોજની અમારી કામગીરીઓ, કારોબાર આયોજન પ્રવૃત્તિઓ અને નિર્ણય લેવાની પ્રક્રિયાઓમાં નૈતિક, માનવાધિકારો, સામાજીક અને પર્યાવરણીય બાબતોનું સંકલન કરવા વચનબદ્ધ છીએ.

*[ઉચિત હોય એ રીતે અન્ય કોઇ વધારાના કારોબારલક્ષી પ્રતિબદ્ધતાઓ ઉમેરો]*

હસ્તાક્ષરિત/સમર્થન પ્રાપ્ત:

અમલની તારીખ:

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 3) અહેવાલ-લેખન

## A. વ્યાખ્યા અને પ્રયોજ્યતા

**અહેવાલ-લેખન** એ વ્યવહારોની આરજેસી સંહિતાને સુસંગત એવા સંગઠનના કારોબારી વ્યવહારો વિશે જાહેર સંચારણ માટેની પ્રક્રિયા છે.

*સ્રોત:*

- *વ્યવહારોની આરજેસી સંહિતા (2013)*
- *વૈશ્વિક અહેવાલ-લેખન પહેલ (જીઆરઆઇ)* https://www.globalreporting.org/information/sustainability-reporting/Pages/default.aspx

**અહેવાલ-લેખન**ની જોગવાઈ 3.1 તમામ સભ્યોને લાગુ થવા પાત્ર છે, જ્યારે 3.2 માત્ર ખાણ ક્ષેત્રમાં હોય તેવાં સભ્યોને લાગુ થવા પાત્ર છે. જોગવાઈ 3.2 સાથેની સમાનુરૂપતા આ સભ્યો માટે સ્વતઃ 3.1 સાથેની સમાનુરૂપતામાં પરિણમશે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

વધુને વધુ પ્રમાણમાં કંપનીઓ તેમના જાહેર અહેવાલ-લેખનમાં આર્થિક, પર્યાવરણીય અને સામાજિક માહિતીઓને સામેલ કરી રહી છે. આ પ્રકારનું અહેવાલ-લેખન હિસ્સેદારો સહિત નિયંત્રકો, સભ્ય સમાજ, શેરધારકો, સમુદાયો, કર્મચારીઓ અને ગ્રાહકોની સમાજ પર કંપનીઓના પ્રભાવને સમજવા માટેની અપેક્ષાઓને પ્રતિભાવ પૂરો પાડે છે.

ઘણી મોટી કંપનીઓ, ખાસ કરીને જાહેર કંપનીઓ પહેલાંથી જ તેમના સામાન્ય અહેવાલ-લેખન વ્યવહાર તરીકે બિન-નાણાકીય સાતત્યતા અહેવાલો જારી કરે છે. ઉદાહરણ તરીકે, CorporateRegister.com, એક ઑન-લાઇન ડિરેક્ટરી છે, જે અંદજે 10,000 કંપનીઓ દ્વારા જારી કરવામાં આવેલ સાતત્યતા અહેવાલોની સુલભતા પૂરી પાડે છે.

કંપનીઓએ સામાન્ય રીતે નાણાકીય અહેવાલ-લેખન માટે સ્વીકૃત અહેવાલ-લેખનની રૂપરેખાઓને અનુસરવી જરૂરી છે. આ સામાન્ય રૂપરેખાઓ વિશ્વસનીયતા, સાતત્યતા અને તુલનાત્મકતા (જુઓ નાણાકીય હિસાબો) પૂરી પાડે છે. સાતત્યતાના અહેવાલ-લેખન માટેની આવી જ સામાન્ય રૂપરેખા માટેની જરૂરિયાત 1997માં વૈશ્વિક અહેવાલ-લેખન પહેલ (જીઆરઆઇ)ના વિકાસ તરફ લઈ ગઈ હતી. અન્ય અહેવાલ-લેખન રૂપરેખાઓ પણ ચોક્કસ નિયમનકારી સંદર્ભો, ક્ષેત્રો અને મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવા ઉદભવી રહી છે.

અહેવાલ લેખન હિસ્સેદારોની સાથે અને સીધ-નિર્ધારણ અને સમુદાયની સામેલગીરીની પ્રક્રિયા સાથે સંલગ્ન મુદ્દાઓની ઓળખ માટેની વિગતોના એકત્રિકરણ અને અહેવાલ-લેખન માટે લાભાન્વિત થઈ શકે છે. કેટલાંક અહેવાલો હિસ્સેદારોની પૅનલો, સામુદાયિક જૂથો, સંઘો, બિન-સરકારી સંગઠનો અથવા વિષય-બાબતોના નિષ્ણાતો

જેવાં પાસેથી ત્રાહિત પક્ષની કૉમેન્ટરી સમાવિષ્ટ કરવાની તક લઈ લેતાં હોય છે. જો કે, સંપર્ક કરવા છતાં કંપનીની તેનાં હિસ્સેદારો સાથે અસરકારક સંચાર કરવાની ક્ષમતા તેની લાંબા ગાળાની સફળતા, અસ્તિત્વ અને વિકાસ પ્રત્યે ચિંતાકારક બની શકે છે.

## C. મુખ્ય પહેલો

*આંતરરાષ્ટ્રીય પહેલો*

જીઆરઆઇ અહેવાલ-લેખન રૂપરેખા સાતત્યતા અહેવાલ-લેખન માર્ગદર્શિકાઓ "માર્ગદર્શિકાઓ") ના હાર્દસામ પેદાશો, તેમજ સાધનો, શિષ્ટાચારો અને ક્ષેત્ર પૂરકો ધરાવે છે. માર્ગદશિકાઓ, સંગઠનો જેને સ્વૈચ્છિકપણે, લવચિક રીતે, અને વૃદ્ધિજન્ય રીતે અપનાવી શકે તેવી જાહેરાતોની રૂપરેખાઓનું રેખાચિત્ર બનાવવા માટેના સિદ્ધાંતો અને માર્ગદર્શન તેમજ પ્રમાણભૂત જાહેરાતો – નિદર્શકો સહિત – ધરાવે છે. ખાણ અને ધાતુઓના ક્ષેત્ર પૂરક, જે 2010માં પ્રસિદ્ધ થયા હતાં, માર્ગદર્શિકાઓને પરિપૂરક બને છે અને ખાણ કામ અને ધાતુઓના ક્ષેત્ર લક્ષી પૂરક અહેવાલ-લેખન સાધનોનો સમાવેશ કરે છે.

અન્ય સુસંગત અહેવાલ-લેખન પહેલોમાં સમાવિષ્ટ છે:

- યુએન ગ્લોબલ કોમ્પેક્ટમાં, કારોબારના હસ્તાક્ષરકર્તાઓએ પ્રગતિ પરના વાર્ષિક સંચાર (સીઓપી)ની રજૂઆત કરવાની જરૂર પડે છે. સીઓપી જાહેર જનતા સમક્ષ કરવામાં આવતી જાહેરાત છે જે હિસ્સેદારોને યુનાઇટેડ નેશન્સ (યુએન) ગ્લોબલ કોમ્પેક્ટના સિદ્ધાંતોના અમલ માટે તેનાં દ્વારા કરવામાં આવેલ પ્રયાસોની માહિતી આપે છે. અદ્યતન સ્તરની સીઓપીઓ વર્ષ 2014થી જરૂરી બનશે.
- ધ સસ્ટેનેબિલીટી એકાઉન્ટિંગ સ્ટાંડર્ડ્સ બૉર્ડ (એસએએસબી) એક નફો-નહિં કરનારી સંસ્થા છે જે રોકાણકારો અને લોકોના ફાયદા માટેના સામગ્રી સ્થિરતા મુદ્દાઓને જાહેર કરવામાં યુ.એસમાં જાહેર-યાદીના કૉર્પોરેશન્સ દ્વારા ઉપયોગમાં લેવાતાં ધારાધોરણોને પૂરાં પાડે છે. એસએએસબી ધારાધોરણોને સિક્યુરિટીઝ એન્ડ એક્ષચેંજ કમિશન (એસઈસી)માં ફરજિયાત ફાઇલિંગ્સમાં જાહેરાત માટે બનાવવામાં આવ્યાં છે, જેમ કે પત્રક 10-કે અને 20-એફ.
- ધ ઇન્ટરનેશનલ ઇંટિગ્રેટેડ રીપોર્ટિંગ કાઉન્સિલ (આઇઆઇઆરસી) એક સ્પષ્ટ, સંક્ષિપ્ત અને સરખામણીયુક્ત સ્વરૂપમાં તેમની વ્યૂહરચના, સંચાલન, કાર્યદેખાવ અને સંભવિતતાઓ વિશેની જરૂરી માહિતી ક્ષમતામાં વધારો કરવા સંકલિત અહેવાલ-લેખન રૂપરેખાનું નેતૃત્વ કરે છે. રૂપરેખા કૉર્પોરેટ અહેવાલ-લેખનના ઉત્પત્તિ, નાણાકીય, સંચાલન, વ્યવસ્થાપન કૉમેન્ટરી અને સ્થિરતા અહેવાલ-લેખનના વિકાસોને પ્રબિંબિત કરવા માટે આધાર અને વેગ પૂરો પાડવાનો ધ્યેય રાખે છે.
- ઓઈસીડીની *વિવાદગ્રસ્ત અને ઉચ્ચ જોખમ ધરાવતાં વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર પુરવઠા શૃંખલાઓ માટેની ડ્યુ ડિલિજન્સ માર્ગદર્શિકા* માં ડ્યુ ડિલિજન્સના 5 પગલાઓમાંથી એક તરીકે, વિવાદગ્રસ્ત અને ઉચ્ચ જોખમ ધરાવતાં વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર પુરવઠા શૃંખલાઓ માટેની ડ્યુ ડિલિજન્સની માહિતીના વાર્ષિક અહેવાલ-લેખનનો સમાવેશ થાય છે.
- આઇસીએમએમની ખાતરી પદ્ધતિ જે 10 આઇસીએમએમ સિદ્ધાંતોની સામે અમલીકરણ અને માપનની સ્વતંત્ર બાહ્ય ખાતરી માટે આઇસીએમએમના સભ્યોની કટિબદ્ધતાને અને કાર્યદેખાવના જાહેર અહેવાલ-લેખનની રૂપરેખા તૈયાર કરે છે. વધુમાં, આઇસીએમએમ ખાતરી પદ્ધતિ આઇસીએમએમ સભ્ય કંપનીઓને તેમનાં

સ્થિરતા અહેવાલનો વિકાસ કરવામાં અને ખાતરી પ્રદાતાઓની સાથે જોડાવવામાં જરૂરી માર્ગદર્શન પૂરું પાડે છે.

*રાષ્ટ્રીય કાયદો*

કેટલાંક કાર્યક્ષેત્રો ખાણ ક્ષેત્રોમાંથી નિયમિત જાહેર અહેવાલ-લેખન અથવા સર્વસામાન્યપણે નોંધપાત્ર પર્યાવરણિય અસરો માટેની જરૂરિયાત લાદી શકે છે. કામગીરીના દરેક અધિકારક્ષેત્રમાં તમામ કાયદાઓ અને નિયમનોથી સંપૂર્ણપણે માહિતગાર રહેવું જરૂરી છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારોની સંહિતાની ફરજીયાત જરૂરિયાતોના અમલીકરણ માટેનું સામાન્ય માર્ગદર્શન પુરું પાડે છે. માર્ગદર્શન સહજ નથી અને તેને માહિતી અને મદદના પ્રારંભ બિંદુ તરીકે જોવું જોઇએ.*

- ***સીઓપી 3.1: હિસ્સેદારો સાથે સંચાર:*** સભ્યો ઓછામાં ઓછું વાર્ષિક ધોરણે હિસ્સેદારો સાથે **આરજેસી** વ્યવહાર સંહિતા સાથે સુસંગત તેમની કારોબારી પદ્ધતિઓ વિશે સંચાર સ્થાપિત કરશે.
  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - અહેવાલ/સંચારની તૈયારી પર નજર રાખવા માટે એક વરિષ્ઠ પ્રબંધકની નિમણુંક કરો.
  - સુસંગત મુદ્દાઓને ઓળખો - એ મુદ્દાઓ જે સીઓપીને અનુલક્ષતા હોય અને હિસ્સેદારોના રસના હોય, અને/અથવા સભ્યોને સંબંધિત હોય. આમાં, ઉદાહરણ તરીકે, માનવાધિકાર ડ્યુ ડિલિજન્સ, ફેક્ટરીની કામ કરવાની પરિસ્થિતિઓ, કારોબારના ભાગીદારો સાથે જવાબદાર કારોબારી વ્યવહારોને પ્રોત્સાહન, કચરામાં ઘટાડો, સ્થાનિક પ્રાપ્તિઓ, અથવા કારોબારને સૌથી સુસંગત હોય તેવાં અન્ય મુદ્દાઓ, અથવા જેને અસરગ્રસ્ત હિસ્સેદારો દ્વારા ચિંતાના વિષય તરીકે ઉઠાવવામાં આવ્યાં હોય, તે બધાંનો સમાવેશ થાય છે. વર્ષ દરમિયાન અહેવાલથી સુસંગત સમીક્ષાના મુદ્દાઓને, જ્યાં નિયમિત કારોબારની સમીક્ષા પ્રક્રિયાઓ સાથે શક્ય હોય ત્યાં સંકલિત કરવાં.
  - સ્થિરતાના અહેવાલ-લેખન વિશેના સામાન્ય અભિસ્થાપન માટે જીઆરઆઇ માર્ગ્દર્શિકાઓની સમીક્ષા કરો અને એ વિચારણા કરો કે શું કંપની કેટલીક કે બધી જ અહેવાલ-લેખન રૂપરેખાઓને અપનાવી શકે છે. આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકાઓને અનુસરીને કરવામાં આવતાં અહેવાલ-લેખન જેવાં કે વૈશ્વિક અહેવાલ-લેખન પહેલ અથવા અન્ય સરખામણીયુક્ત કાર્યક્રમોને પ્રોત્સાહિત કરવામાં આવે. જો કે લઘુ કારોબારો તેમનાં પ્રથમ સંચારો માટે એક સરળ અભિગમ ધરાવવા માંગી શકે છે.
  - સુસંગત હિસ્સેદારોની ઓળખ કરો (કર્મચારીઓ, સભ્ય સમાજ, કારોબારી ભાગીદારો વગેરે)
  - સંચાર માટેનું કાર્યતંત્ર સ્થાપિત કરો, જેમ કે ઈમેઇલ, સામાજીક માધ્યમ, મેઇલ-આઉસ વગેરેના ઉપયોગ દ્વારા. ઓછામાં ઓછું, જે કંપનીઓ વેબસાઇટ ધરાવે છે તેમણે અહેવાલ/સંચારને વેબસાઇટ પર પોસ્ટ કરવાં જોઇએ.
  - કારોબારના માપ અને અસરોને ધ્યાનમાં લઈને, અહેવાલ/ સંચારના સ્વરૂપ અને વિષયવસ્તુ માટે એક લવચિક, વ્યવહારૂ અભિગમ અપનાવવો. ઉદાહરણ તરીકે લઘુ કારોબાર માટે, અહેવાલ/સંચાર

એક યાદી અથવા ઈમેઇલના સ્વરૂપમાં હોય શકે, તે મુદ્રિત પ્રકાશન હોય તે જરૂરી નથી. તે ઉપયોગી થઈ શકે છે જો અહેવાલ/સંચારને કાર્યનીતિ અને અમલીકરણ માટેની વાર્ષિક પ્રક્રિયામાં જોડી દેવા માટે તૈયાર રાખવામાં આવે.

- અહેવાલ/સંચારમાં, એ વિચારણામાં લો કે તમારાં સુસંગત હિસ્સેદારો માટે નીચેની બાબતોને એક ઉચિત સ્વરૂપમાં કેવી રીતે સંચારણ કરશો:
    - ઉપર ઓળખ કરવામાં આવ્યાં છે તે સુસંગત મુદ્દાઓના સંદર્ભમાં કંપનીની કાર્યનીતિઓ અથવા સ્થિતિઓ.
    - ઓળખી કઢાયેલાં સુસંગત મુદ્દાઓ અને/અથવા અનુ કોઇપણ બાબત જે સીઓપી સાથે સુસંગત હોય તેનાં સંદર્ભે સભ્ય દ્વારા લેવાયેલા અથવા યોજનાબદ્ધ પગલાં. નોંધ લેશો કે આ પગલા& સભ્યની પોતાની કામગીરીઓને પણ લાગુ પડી શકે છે, અથવા વધુ વિસ્તૃત રીતે લાગુ પડી શકે છે, જેમ કે સામૌદાયિક પહેલોમાં સભ્યની સામેલગીરી દ્વારા.
    - જ્યાં શક્ય હોય, સંખ્યાત્મક અથવા ગુણાત્મક પરિણામો કે જે પગલાઓ દ્વારા હાંસલ કરવાના અપેક્ષિત છે.
    - જ્યાં ચોક્કસ મુદ્દાઓ જેમ કે માનવ અથવા મજૂર અધિકારોની અસરોને અસરગ્રસ્ત હિસ્સેદારો દ્વારા સભ્ય સમક્ષ ઉઠાવવામાં આવ્યાં હોય, અહેવાલ/સંચાર સભ્યના પ્રતિભાવની સંપૂર્ણતાને સુલભ બની રહે તેટલી માહિતી પૂરી પાડવાનું ધ્યેય રાખતાં હોવાં જોઇએ.
- *નોંધ:આરજેસી સભ્યોની સાથે આરજેસી વેબસાઇટ માટે કેસ સ્ટડીઝ પર કામ કરવાની તકને પણ આવકારે છે.*

- ***સીઓપી 3.2: જીઆરઆઇ ખાણકામ અને ધાતુ ક્ષેત્રના પૂરક:*** ખનન સુવિધાઓ સાથેના સભ્યો વૈશ્વિક અહેવાલ પહેલ (જીઆરઆઇ)ની માર્ગદર્શિકાઓ અને જીઆરઆઇ ખનન અને ધાતુઓના ક્ષેત્રની ગૌણ અથવા તુલનાત્મક અહેવાલ લેખન માર્ગદર્શિકાઓનો ઉપયોગ કરીને તેમની સાતત્યતાપૂર્ણ કાર્યદક્ષતા પર વાર્ષિક ધોરણે અહેવાલ આપશે. આ અહેવાલો બાહ્ય ખાતરી ધરાવતા હશે

**વિચારણા માટેના મુદ્દાઓ**:

- જીઆરઆઇ પૂરક વિષયવસ્તુ, ગુણવત્તા, સીમા, જાહેરાત, ખાતરી વગેરે સહિત અહેવાલ તૈયાર કરવા માટેનું વિગતવાર માર્ગદર્શન પુરૂં પાડે છે
- અહેવાલની વિષયવસ્તુઓ, અહેવાલની ગુણવત્તા માટેની વ્યૂહરચનાઓ, વિગતોના એકત્રિકરણ અને બાહ્ય ખાતરી પર નજર રાખવા માટે એક જવાબદાર વરિષ્ઠ પ્રબંધકની વરણી કરવી જોઇએ.
- અહેવાલ-લેખનની એકસૂત્રતા માટેની તકોને વ્યાખ્યાયિત કરવી જોઇએ, ઉદાહરણ તરીકે:
    - વાર્ષિક નાણાકીય અહેવાલ-લેખન
    - ગ્લોબલ કોમ્પેક્ટ હેઠળ પ્રગતિનું સંચારણ
    - એક્સ્ટ્રેક્ટિવ ઇંડસ્ટ્રીઝ પારદર્શિતા પહેલ હેઠળ મહેસૂલની જાહેરાત
    - મિલેનિયમ વિકાસ લક્ષ્યો માટે કારોબારના યોગદાનો
    - હિસ્સેદાર, સમુદાય અને કર્મચારીની સામેલગીરી પ્રક્રિયાઓ
    - નિયમનકારી અહેવાલ-લેખન
    - નૈતિક રોકાણ માટેના બજારોની માહિતી

- વિગતોના એકત્રિકરણ, સંકલન અને ખરાઈ માટેની પ્રણાલીઓ સ્થાપિત કરેલી હોવી જોઇએ અને પ્રવર્તમાન વ્યવસ્થાપન પ્રણાલીઓ સાથે સંકલિત કરેલી હોવી જોઇએ.
  - નોંધ: ખાણ ક્ષેત્રના સભ્યો 3.2નું પાલન કરીને સ્વત: 3.1 સાથે પાલન કરશે.

તપાસો:

✓ તમામ સભ્યો: શું તમે ઓછામાં ઓછાં વાર્ષિક રીતે સંલગ્ન હિસ્સેદારોને તમારા કારોબાર વ્યવહારો અંગે સંચાર કરો છો?

✓ ખાણ ક્ષેત્રમાં રહેલાં સભ્યો માટે: શું તમે જીઆરઆઇ માર્ગદર્શિકાઓ અથવા તુલનાત્મક અહેવાલ-લેખન માર્ગદર્શિકાઓ મુજબ વાર્ષિક સ્થિરતા અહેવાલ તૈયાર કરો છો?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટ્સ સાતત્યતા અને જાહેર અહેવાલ-લેખન પર વધારાની માહિતી ધરાવે છે:

- CorporateRegister.com
  www.corporateregister.com/
- સાતત્યતા દર-નિર્ધારણ માટે વૈશ્વિક પહેલ
  http://ratesustainability.org/
- વૈશ્વિક અહેવાલ-લેખન પહેલ (જીઆરઆઇ)
  www.globalreporting.org/Pages/default.aspx
- આંતરરાષ્ટ્રીય સંકલિત અહેવાલ-લેખન પરિષદ (આઇઆઇઆરસી)
  http://www.theiirc.org/
- આંતરરાષ્ટ્રીય કૉર્પોરિટ સાતત્યતા અહેવાલ-લેખન સાઇટ
  www.enviroreporting.com/
- ખનન અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય પરિષદ (આઇસીએમએમ) – સાતત્યપૂર્ણ વિકાસ રૂપરેખા – જાહેર અહેવાલ-લેખન
  www.icmm.com/our-work/sustainable-development-framework/public-reporting
- ખનન અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય પરિષદ (આઇસીએમએમ) – સાતત્યપૂર્ણ વિકાસ રૂપરેખા – બાંયધરી પ્રક્રિયા (2008)
  www.icmm.com/document/439
- કેપીએમજી – કૉર્પોરેટ જવાબદારીના અહેવાલ-લેખનની કેપીએમજી આંતરરાષ્ટ્રીય મોજણી (2011)
  www.kpmg.com/NL/en/Issues-And-Insights/ArticlesPublications/Pages/KPMG-International-Survey-of-Corporate-Responsibility-Reporting-2011.aspx
- સંઘર્ષથી અસરગ્રસ્ત અને ઉચ્ચ જોખમ ધરાવતાં વિસ્તારોમાંથી ખનીજોની જવાબદાર પુરવઠા શ્રૃંખલા પર ઓઈસીડી ડ્યુ ડિલિજન્સ માર્ગદર્શન, દ્વિતિય સંસ્કરણ (2012)
  www.oecd.org/fr/daf/inv/mne/mining.htm
- સાતત્યતાપૂર્ણ હિસાબ-લેખન ધારાધોરણ બોર્ડ
  http://www.sasb.org/
- સંયુક્ત રાષ્ટ્ર વૈશ્વિક સધન-સંચાર પ્રગતિ
  www.unglobalcompact.org/COP/index.html

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 4) નાણાકીય હિસાબો

## A. વ્યાખ્યા અને પ્રયોજ્યતા

**નાણાકીય હિસાબો**માં નિવેદનોની નોંધ સાથેના વિશિષ્ટ રીતે ચાર મૂળભૂત નિવેદનો – સરવૈયું, આવકનું નિવેદન, આવકનું નિવેદન, અને રોકડ પ્રવાહ નિવેદનમાં, નાણાકીય માહિતીની માળખાગત રજુઆતનો સમાવેશ થાય છે.

**રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માપદંડો**માં લાગુ થવા પાત્ર કાર્યક્ષેત્રના સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો (જીએએપી)નો સમાવેશ થાય છે, જે વિશિષ્ટ રીતે રાષ્ટ્રીય માપદંડો સુયોજિત કરતી સંસ્થા (જેમ કે યુનાઇટેડ સ્ટેટ્સ માટેનું નાણાકીય રીપોર્ટિંગ માપદંડોનું બૉર્ડ), અથવા આંતરરાષ્ટ્રીય હિસાબી માપદંડોના બૉર્ડ દ્વારા જારી કરવામાં આવતાં આંતરરાષ્ટ્રીય નાણાકીય રીપોર્ટિંગ માપદંડો (આઇએફઆરએસ) દ્વારા જારી કરવામાં આવે છે.

**હિસાબી તપાસ કરાયેલા નાણાકીય નિવેદનો** વપરાશકર્તાને હિસાબી તપાસકર્તાના અભિપ્રાય પૂરાં પાડવામાં આવે છે કે નાણાકીય નિવેદનો, લાગુ થવા પાત્ર નાણાકીય રીપોર્ટિંગ રૂપરેખા સાથેની સમાનુરૂપતામાં, તમામ મહત્ત્વના સંદર્ભોમાં  વાજબી રીતે રજુ કરવામાં આવ્યાં છે. હિસાબી તપાસકર્તાને એકમના આંતરિક નિયંત્રણની સમજણ પ્રાપ્ત કરવાની અને છેતરપીંડીના જોખમની આકારણી કરવાની, અને હિસાબી તપાસના પુરાવા પ્રાપ્ત કરીને નાણાકીય નિવેદનોમાં રકમો અને જાહેરાતોનું સમર્થન કરવાની જરૂર છે.

**સમીક્ષાકૃત્ત નાણાકીય નિવેદનો** વપરાશકર્તાને આરામદાયક રીતે એ ઉપલબ્ધ કરે છે કે, હિશાબનીશની સમીક્ષા પર આધારિત, હિસાબનીશ એવાં કોઇ મહત્ત્વના સુધારાઓ વિશે સભાન નથી જે લાગુ થવા પાત્ર નાણાકીય રીપોર્ટિંગ રૂપરેખા સાથેની સમાનુરૂપતામાં તેમના માટેના નાણાકીય નિવેદનોમાં કરવામાં આવવા જોઇએ.

*સ્રોત:*

- સીપીએ ની અમેરિકન સંસ્થા
  http://www.aicpa.org/interestareas/privatecompaniespracticesection/resources/keepingup/downloadabledocuments/brochure%20customizable-%20difference%20between%20comp%20reviewaudit.pdf

સીઓપીના **નાણાકીય હિસાબો**નો વિભાગ તમામ સભ્યોને લાગુ થવાપાત્ર છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

માન્ય કરવામાં આવેલ હિસાબી માપદંડોની સાથે સુસંગત રીતે તૈયાર કરવામાં આવેલાં, નાણાકીય હિસાબ, બહારના પક્ષકારોને, જેવાં કે રોકાણકારો, લેણદારો, નિયંત્રકો, આપૂર્તિકારો અને અન્ય હિસ્સેદારોને એવી નાણાકીય માહિતી પૂરી પાડે છે જે તેમને નિર્ણયો લેવામાં મદદરૂપ બને છે.  નાણાકીય હિસાબો એવાં સંભવિત મુશ્કેલ સવાલોને સંબોધે છે જે કંપની વ્યવસ્થાપન જે માહિતી ધરાવે છે તે, અને પ્રોત્સાહકો જે તેનાં હિસ્સેદારો ધરાવે છે તેની સાથે જરૂરીપણે સંધાન ધરાવતાં નથી.

હિસાબી તપાસ કરાયેલા નાણાકીય નિવેદનો ઘણીવાર કંપનીઓ માટે એટલા માટે તૈયાર કરવામાં આવે છે કારણ કે બહારના પક્ષકારોને કંપનીના નાણાકીય નિવેદનો પર હિસાબી તપાસકર્તાના અભિપ્રાયની જરૂર હોય છે. નાણાકીય હિસાબોની તપાસ વ્યવસ્થાપન દ્વારા તૈયાર કરવામાં આવતાં નાણાકીય નિવેદનોની વિશ્વસનિયતાને વધારે છે.

જ્યારે કંપની, જેમ કે ખાનગી કંઅનીઓને હિસાબી તપાસ કરેલા નાણાકીય નિવેદનોની જરૂર નથી હોતી ત્યારે નાણાકીય સમીક્ષા એક વધુ સુસંગત અભિગમ હોય શકે છે.

ઉચિત નાણાકીય હિસાબો જાળવવાથી વ્યવહારોની સંહિતાની અન્ય જોગવાઈઓ સહિત ઉદાહરણ માટે, લાંચ-રૂશ્વત અને સગવડરૂપી ચુકવણીઓ, મની-લૉંડરિંગ અને આતંકવાદ માટે નાણાકીય સહાય, ખનન ઉદ્યોગોની પારદર્શિતા પહેલ અને ખાણ પુનર્વસન અને સમાપ્તિ માટે અમલીકૃત સભ્યની કારોબારી પ્રણાલીને આધાર પ્રાપ્ત થાય છે.

## C. મુખ્ય નિયમનો

નાણાકીય નિવેદનોની વિષયવસ્તુ માટેની વિશિષ્ટ જરૂરિયાતોને લાગુ થવા પાત્ર કાયદા દ્વારા નક્કી કરવામાં આવે છે. કારોબારની પ્રકૃતિ અને કદ પર આધારિત, તેનાં માલિકી માળખા (ઉદાહરણ તરીકે જો તે જાહેર રીતે સૂચિબદ્ધ હોય તો) અને જ્યાં તે સ્થિત છે તેનાં પર આધારિત, નાણાકીય નિવેદનોની સ્વતંત્ર રીતે હિસાબી તપાસ કરાવવી, કાયદેસર રીતે જરૂરી હોય શકે છે. કેટલાંક કિસ્સાઓમાં, હિસાબી તપાસ માટેની જરૂરિયાતને કંપની દ્વારા જતી કરવામાં આવે છે.

હિસાબી તપાસકર્તાઓએ સામાન્યપણે સ્વીકૃત હિસાબી માપદંડો (જીએએએસ)ને અનુસરવા જોઇએ, જે હિસાબી તપાસ હાથ ધરવા માટેની જરૂરિયાતો અને માર્ગદર્શન નક્કી કરે છે. હિસાબી તપાસના માપદંડો રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા, જેમ કે આંતરરાષ્ટ્રીય હિસાબી તપાસ અને ખાતરીના માપદંડોનું બૉર્ડ (આઇએએએસબી) દ્વારા નક્કી કરવામાં આવી શકે છે અને રાષ્ટ્રીય નિયમનકારી સંસ્થાઓ દ્વારા અપનાવવામાં આવે છે. આઇએએએસબી મુજબ, 80 કરતાં વધુ કાર્યક્ષેત્રો, આઇએએએસબી દ્વારા જારી કરવામાં આવેલાં સ્પષ્ટીકૃત હિસાબી તપાસ પરના આંતરરાષ્ટ્રીય માપદંડો (આઇએસએ)નો તેમનાં રાષ્ટ્રીય હિસાબી તપાસ માપદંડોમાં ઉપયોગ કરી રહ્યાં છે, અથવા તેને અપનાવવાની અથવા સામેલ કરવાની પ્રક્રિયામાં છે, અથવા રાષ્ટ્રીય હિસાબી તપાસ માપદંડો તૈયાર કરવાના આધાર તરીકે તેનો ઉપયોગ કરી રહ્યાં છે.

આંતરરાષ્ટ્રીય નાણાકીય રીપોર્ટિંગ માપદંડો (આઇએફઆરએસ)ના વિકાસ અને તેના પ્રકાશન માટે આંતરરાષ્ટ્રીય હિસાબી માપદંડોનું બૉર્ડ જવાબદાર છે. જી20 દેશોના એક-ચતુર્થાંશ દેશોને હવે આઇએફઆરએસનો ઉપયોગ કરવાની જરૂર પડે છે.

રાષ્ટ્રીય નિયમનો વિકસિત થવાનું ચાલુ છે. ઉદાહરણ તરીકે, યુનાઇટેડ સ્ટેટ્સમાં સાર્બાનિઝ-ઑક્સ્લે અધિનિયમે જાહેર કંપનીઓની હિસાબી તપાસ અને હિસાબ-લેખનની પદ્ધતિઓને સુધારવા માટે નોંધપાત્ર સુધારાઓની સ્થાપના કરી છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 4.1: નાણાકીય વ્યવસ્થાપન:** સભ્યો રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય હિસાબી માનકોને સુસંગત લેવડ-દેવડના તમામ કારોબારી વ્યવહારોના નાણાકીય હિસાબોની જાળવણી કરશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - કંપનીનું વ્યવસ્થાપન નાણાકીય નિવેદનો તૈયાર કરવા માટે જવાબદાર હોય છે, જે લાયકાત ધરાવતાં હિસાબનીશની દેખરેખ સાથે હાથ ધરાવવા જોઇએ.
  - જે અધિકારક્ષેત્રોમાં તેઓ કામગીરી કરે છે તેના માટે લાગુ થવા પાત્ર કાયદાથી અને સામાન્યપણે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો (જીએએપી)થી સભ્યો વાકેફ હોવાં જોઇએ.

- ***સીઓપી 4.2: સ્વતંત્ર નાણાકીય હિસાબી તપાસ અથવા સમીક્ષા:** સભ્યો લાયકાત ધરાવતા સ્વતંત્ર એકાઉન્ટન્ટ દ્વારા, વાર્ષિક ધોરણે નાણાકીય ઓડિટ કરાવશે, અથવા જ્યાં પરવાનગી હોય તેવા કાર્યક્ષેત્રોમાં નાણાકીય સમીક્ષા હાથ ધરશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - નક્કી કરો કે શું કાયદા હેઠળ હિસાબી તપાસ (વૈધાનિક હિસાબી તપાસ) ની જરૂર છે અને તેથી શું ત્યાં લાગુ પડતી વિશિષ્ટ જરૂરિયાતો છે.
  - લાગુ થવા પાત્ર નિયમનો અને વ્યાવસાયિક માપદંડો અનુસાર, હિસાબી તપાસકર્તાઓ અથવા સમીક્ષકો સ્વતંત્ર હોવાં જરૂરી છે.
  - હિસાબી તપાસ અથવા સમીક્ષા પ્રક્રિયા કંપની વ્યવસ્થાપનને એ જોખમોને ઓળખવાની અને તેને સંબોધિત કરવાની તક ઉપલબ્ધ કરાવે છે જે નાણાકીય નિવેદનોમાં છેતરપીંડી સહિત ભૌતિક ગેરનિવેદનો તરફ લઈ જઈ શકે છે.

તપાસો:

✓ શું તમે જાણો છો કે તમારા નાણાકીય હિસાબો માટે કોઇ લાગુ થવાપાત્ર વૈધાનિક જરૂરિયાતો છે?

✓ શું તમારા નાણાકીય હિસાબો રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય હિસાબી-લેખનના ધોરણો અનુસાર જાળવવામાં આવે છે?

✓ શું તમારા નાણાકીય હિસાબોની કોઇ સ્વતંત્ર અને લાયકાત ધરાવતા હિસાબનીશે હિસાબી તપાસ અથવા સમીક્ષા કરી છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટ્સ નાણાકીય હિસાબો પર વધારાની માહિતી ધરાવે છે:

- અમેરિકન ઇંસ્ટીટ્યુટ ઑફ સીપીએ
  www.aicpa.org
- આઇએફઆરએસ ફાઉન્ડેશન એન્ડ ધ ઈન્ટરનેશનલ એકાઉન્ટિંગ સ્ટાંડર્ડ્સ બૉર્ડ (આઇએએસબી)
  www.ifrs.org/Pages/default.aspx
- ઈન્ટરનેશનલ ઑડિટિંગ એન્ડ એશ્યોરેન્સ સ્ટાન્ડર્ડ્સ બૉર્ડ (આઇએએએસબી)
  www.ifac.org/auditing-assurance
- ઈન્ટરનેશનલ એકાઉન્ટિંગ સ્ટાંડર્ડ્સ બૉર્ડ – પ્રેઝંટેશન ઑફ ફાઈનેન્શલ સ્ટેટમેંટ્સ
  www.iasplus.com/en/standards/standard5
- યુ.એસ. સિક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ કમિશન (એસઈસી) – બિગિનર્સ ગાઇડ ટુ ફાઈનેન્શલ સ્ટેટમેંટ્સ (2007)
  www.sec.gov/investor/pubs/begfinstmtguide.htm
- ડેલોઇટ્ટ – ઑડિટ ઑફ સ્ટેચ્યુટરી ફાઈનેન્શલ સ્ટેટમેંટ્સ (બેલ્જિયમ)
  www.deloitte.com/view/en_BE/be/services/aers/audit/auditrequirementsinbelgium/audit-of-statutory-financial-statements/index.htm
- ડ્યુબ – ક્યુટ્ટિની - ફાઈનેન્શલ સ્ટેટમેંટ્સ
  http://dubecuttini.com/services/financial-statements/

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 5) કારોબારી ભાગીદારો

## A. વ્યાખ્યા અને પ્રયોજ્યતા

**કારોબારી ભાગીદાર** એક સંગઠન કે કારોબારી અસ્તિત્વ ધરાવનાર વસ્તુ છે જેની સાથે અસ્તિત્વ ધરાવનર એકમ પ્રત્યક્ષ કારોબારી સંબંધો ધરાવે છે અને જે હીરા, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથ ધાતુઓના આભૂષણ ઉત્પાદોના ઉત્ખનન, ઉત્પાદન અથવા વેચાણમાં પ્રત્યક્ષ રીતે યોગદાન આપતાં ઉત્પાદકો અથવા સેવાની ખરીદી અને/અથવા વેચાણ કરે છે. શંકાથી દૂર રહેવા માટે, આ કૉંટ્રાક્ટર્સ, એજન્ટો, ગ્રાહકો, આપૂર્તિકારો અને સંયુક્ત સાહસના ભાગીદારોનો સમાવેશ કરે છે. આ એવાં અસ્તિત્વ ધરાવનારનો સમાવેશ કરે છે જે વ્યવહારોની સંહિતાના વિભાગો સંબંધિત સેવાઓ પૂરી પાડે છે, જેમ કે સુરક્ષા ઉપલબ્ધકર્તા અને ભરતી એજન્સીઓ, અથવા એ જેમના મારફત જોખમની આકારણી અથવા લાગુ થવા પાત્ર કાયદા હેઠળ ડ્યુ ડિલિજન્સને અધીન હોય છે. તે છેવાડાના ગ્રાહક, અથવા અસ્તિત્વોનો સમાવેશ કરતું નથી જે સામાન્ય આધારભૂત ઉત્પાદો અને સેવાઓ પૂરી પાડે છે, ઉદાહરણ તરીકે, કચેરીના ઉપકરણો અને આપૂર્તિઓ અને ઉપયોગિતાઓ.

*સ્રોત:*

- *આરજેસીના વ્યવહારોની સંહિતા (2013)માંથી સારાંશ*

સીઓપીનો **કારોબારી ભાગીદારો** તમામ સભ્યોને લાગુ થવા પાત્ર છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

વૈશ્વિક અર્થવ્યવસ્થામાં કામગીરી કરતી કંપનીઓને તેમની પુરવઠા શૃંખલામાં કારોબારની નૈતિકતા, માનવ અધિકારો અને સામાજીક તેમજ પર્યાવરણીય કાર્યદેખાવ માટેની મોટી જવાબદારી ધારી લેવા માટે વધુને વધુ બોલાવવામાં આવે છે. ખાસ કરીને બહુરાષ્ટ્રીય નિગમોને ગ્રાહકો અને સભ્ય સમાજ દ્વારા કામદારોના અધિકારોના પ્રોત્સાહન અને સંરક્ષણ માટે વધુ ઉત્તરદાયી માનવામાં આવે છે જેઓ તેમની પેદાશોને પેટા-કરાર અને આઉટસોર્સિંગ વ્યવસ્થાઓમાં ત્યારે પણ બનાવે છે  જ્યારે તેઓ પ્રત્યક્ષ રોજગારદાતા નથી હોતાં. પરિણામ સ્વરૂપ, ઘણી મોટી કંપનીઓએ વિશ્વભરમાં તેમનાં કારોબારી ભાગીદારોની વર્તણુકને સંચાલિત કરવા માટે વિકસિત કરવામાં આવેલ કાયનીતિઓ, વ્યવહાર સંહિતાઓ, કરારગત જવાબદારી અને/અથવા દેખરેખ ધરાવે છે.

તમામ આરજેસી સભ્યો પાસેથી જવાબદાર કારોબારી વ્યવહારોના નિદર્શનની અભિલાષા રાખવામાં આવે છે અને તેમનાં કારોબારી ભાગીદારોના ઉચ્ચ માપદંડોની અપેક્ષા રાખવી જોઇએ, જેમ કે સંકળાયેલી કંપનીઓ, કૉંટ્રાક્ટર્સ, આપૂર્તિકારો અને ગ્રાહકો. વ્યવહારોની સંહિતા સભ્યોને પ્રભાવિત કરવાની તેમની ક્ષમતા સાથે અનુરૂપ, તેમનાં નોંધપાત્ર કારોબારી ભાગીદારોની વચ્ચે જવાબદાર કારોબારી વ્યવહારોને પ્રોત્સાહિત કરવા માટે, તેમનાં શ્રેષ્ઠ પ્રયાસોનો ઉપયોગ કરવાની જરૂર ધરાવે છે.

શંકાની અવગણના માટે, આરજેસીને જરૂર નથી કે સભ્યોના કારોબારી ભાગીદારો વ્યવહારોની સંહિતાનું અક્ષરશ: પાલન કરે, સિવાય કે સભ્યોના પરિસરોમાં કામ કરતાં કોંટ્રાક્ટર્સ. કારોબારી ભાગીદારોના કાર્યદેખાવ પ્રત્યેનો ચોક્કસ અભિગમ એ દરેક સભ્યએ નક્કી કરવાની બાબત છે. જેઓ આરજેસી સભ્યો નથી તેવા સભ્યોના કારોબારી ભાગીદારો દ્વારા વ્યવહારોની સંહિતાની સાથેના અનુપાલનની આરજેસીના વ્યવહારોની સંહિતાને જરૂર હોય શકે તેની હદ પર કાનૂની અવરોધો છે, સિવાય કે જ્યાં તેઓ સભ્યોના પરિસરો પર કામગીરી કરી રહ્યાં હોય.

***નોંધપાત્ર કારોબારી ભાગીદારો***

સંબંધની પ્રકૃતિ અને સભ્યના કારોબાર પર તેની અસરને ધ્યાને લઈને, શું કારોબારી ભાગીદાર નોંધપાત્ર છે તે નક્કી કરવા માટે ચુકાદાનો ઉપયોગ કરવો જરૂરી છે.

***જવાબદાર કારોબારી વ્યવહારોને પ્રોત્સાહિત કરવા***

જવાબદાર કારોબારી વ્યવહારોને પ્રોત્સાહિત કરવા માટે પ્રયાસોના સ્તરમાં કારોબારી ભાગીદારના વ્યવહારોની પ્રકૃતિને અને કામદારો, સમુદાયો અને પર્યાવરણ પર તેની અસરોની નોંધપાત્રતાને ધ્યાનમાં લેવી જોઇએ. એ પુરાવો કે કારોબારી ભાગીદાર પહેલાં જ જવાબદાર કારોબારી વ્યવહારોમાં પરોવાયેલ છે, જેમ કે માન્યતા પ્રાપ્ત આંતરરાષ્ટ્રીય માપદંડો (આરજેસી સહિત) હેઠળ પ્રમાણીકરણો ધરાવતાં હોય, અથવા પહેલાંથી જ ઓછી-જોખમકારક અને/અથવા ઉચ્ચ નિયંત્રણ પ્રાપ્ત હોય તેવી કામગીરીઓ ધરાવતાં હોય, જોગવાઇના હેતુઓ માટે પુરતો છે, અને સક્રિય પ્રોત્સાહન જરૂરી નથી. જવાબદાર કારોબારી વ્યવહારોનું પ્રોત્સાહન સકારાત્મક ફેરફારની અસર માટેની તકને અનુરૂપ હોવું જોઇએ.

***શ્રેષ્ઠ પ્રયાસો***

શ્રેષ્ઠ પ્રયાસોનો અર્થ થાય છે ઈમાનદારીપૂર્વક, વ્યાજબીપણે વર્તવું અને સંલગ્ન જવાબદારીને નિભાવવા માટે સકારાત્મક પ્રયાસો આદરવા, આ કિસ્સામાં સભ્યના કારોબારી ભાગીદારો વચ્ચે જવાબદાર કારોબારી વ્યવહારોને પ્રોત્સાહિત કરવા. તેમ છતાં, આમ કરવા માટે સમકારી વાણિજ્યિક અને અન્ય વિચારણાઓની સામે સભ્યની ક્ષમતાને સંતુલિત કરવી જરૂરી છે. આમાં સમાવિષ્ટ છે (પરંતુ સીમિત નથી):

- *વાણિજ્યિક અને નાણાકીય હિતો*
  જો કારોબારી ભાગીદારોની વચ્ચે જવાબદાર કારોબારી વ્યવહારો નાણાકીય પતન તરફ લઈ જતી હોય અથવા વાણિજ્યિક સ્થાયિત્વનું વિચ્છેદન કરતી હોય તો તેને વાજબી ગણી શકાય નહીં.
- *પ્રવર્તમાન ફરજો અથવા જવાબદારીઓ*
  ત્રાહિત પક્ષકારો પર રહેલી પૂર્વ-પ્રવર્તમાન કારોબારી ભાગીદારો વચ્ચે જવાબદાર કારોબારી વ્યવહારોને પ્રોત્સાહિત કરવાની સભ્યની ક્ષમતાનું કાયદેસર સમાધાન કરી શકે છે અને શ્રેષ્ઠ પ્રયાસોના ઉપયોગના બંધનને ઉપરવટ જાય છે.
- *સમય*
  કોઇપણ પગલાંના વાજબીપણાને સભ્યના સ્વ-મૂલ્યાંકન અથવા પ્રમાણીકરણની હિસાબી તપાસના સમય પરના સંજોગો અને તથ્યોના સંદર્ભ સાથે ધ્યાન પર લેવામાં આવશે.

***પ્રભાવક ક્ષમતા***

સંબંધોના પ્રકાર, દરેક સંગઠનના કદ અને કારોબારના આર્થિક અને સામાજીક સંદર્ભ પર આધારિત, કારોબારી ભાગીદારો પર સભ્યોનો પ્રભાવ ભિન્ન હશે. ઉદાહરણ તરીકે, લઘુ કારોબારો જે માત્ર લઘુમતિ આપૂર્તિકારના

ગ્રાહકોના આધારનું પ્રતિનિધિત્વ કરે છે તે ગ્રાહકોના મોટાં સમૂહ કરતાં એ આપૂર્તિકાર પર ઓછો પ્રભાવ ધરાવશે. હિસાબી તપાસકર્તાઓ જ્યારે શ્રેષ્ઠ પ્રયાસોની આકારણી કરી રહ્યાં ત્યારે સભ્યોની પ્રભાવક ક્ષમતાને ધ્યાનમાં લેશે.

*પરિસર પર કારોબારી ભાગીદારો*

જે કોંટ્રાક્ટર્સ સભ્યોના પરિસર પર કામ કરી રહ્યાં હોય છે તેમને સામાન્યપણે સભ્યના કારોબારની કાનૂની જવાબદારી હેઠળ ગણતરીમાં લેવામાં આવે છે. આ કારણોસર, વ્યવહારોની સંહિતામાં આ કારોબારી ભાગીદારોને આરજેસીની જવાબદારીઓને પહોંચી વળવા માટે સ્થાપિત સભ્યોના વ્યવસ્થાપન અને ઑપરેટિંગ પ્રણાલીઓ સાથે પાલન માટેની જરૂરિયાત જણાવાઈ છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

એસએ 8000 સામાજીક ઉત્તરદાયિત્વ, આઇએસઓ 14001 પર્યાવરણીય વ્યવસ્થાપન પ્રણાલીઓ અને OHSAS 18001 વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને સુરક્ષા વ્યવસ્થાપન પ્રણાલીઓ જેવાં તમામ આંતરરાષ્ટ્રીય માપદંડો એવાં તત્વોનો સમાવેશ કરે છે જે કારોબારી ભાગીદારોના વ્યવસ્થાપનમાં વ્યવસ્થિત અભિગમની જરૂર ધરાવે છે જેથી કારોબારી ભાગીદારો, કર્મચારીઓ અને અન્ય હિસ્સેદારોના જોખમો ન્યૂનતમ બની શકે. સંગઠનોએ ઑન-સાઇટ કામગીરી કરતાં કારોબારી ભાગીદારો માટે વ્યવસ્થાપનના એ સમાન સ્તરો વિસ્તારવાની જરૂર છે જે પ્રત્યક્ષ રીતે રોજગાર ધરાવતાં કર્મચારીઓને પોષાય તેવાં હોય. આ પ્રકારના માપદંડો નીચે પ્રમાણે છે:

- કર્મચારીઓની જેમ જ કારોબારી ભાગીદારો પણ સ્થાનબદ્ધ કરવામાં આવેલાં જોખમો અને નિયંત્રણો વિશે સભાન હોવાં જરૂરી છે.
- કારોબારી ભાગીદરોને તેમની પ્રકૃતિ, અવકાશ અને તેમનાં કાર્યની જટિલતાના આધાર પર નિયમિત વ્યવસ્થાપન સંચાર અને સંલગ્ન તાલીમ ઉપલબ્ધ કરાવવાની જરૂર છે.
- સંગઠનોએ મૂલ્યાંકન અને કારોબારી ભાગીદારોની તેમની કાર્ય કરવાની અને સંગઠનના નિર્ધારિત કરાયેલાં વ્યવહારો, કાર્યનીતિઓ અને પ્રક્રિયાઓ અંતર્ગત માલ-સામાનની આપૂર્તિ માટેની ક્ષમતાઓના આધારે પસંદગી માટેની માટેની પ્રક્રિયાઓની સ્થાપના કરવી જોઇએ.

કારોબાર અને માનવ અધિકારો પરના યુએન માર્ગદર્શક સિદ્ધાંતો માનવ અધિકારોની ડ્યુ ડિલિજન્સ પ્રક્રિયાને પ્રોત્સાહિત કરે છે જેમાં એવાં કારોબારી ભાગીદારોનો સમાવેશ થાય છે જે કારોબારની કામગીરીઓ, ઉત્પાદનો અને સેવાઓની સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા છે. વધુ માહિતી માટે માનવ અધિકારો જુઓ.

*રાષ્ટ્રીય કાયદો*

મોટાભાગના દેશો એવો કાયદો ધરાવે છે જે એકમો પર કાર્ય કરતાં કારોબારી ભાગીદારોની સુખાકારીને સુનિશ્ચિત કરે છે. પ્રવૃત્તિની પ્રકૃતિના કારણસર, એ આવશ્યક છે કે સભ્યો કામગીરીના કાર્યક્ષેત્રમાં ચોક્કસ કાયદાઓ અને નિયમનકારી જરૂરિયાતો પ્રત્યે સભાન હોય. જો કે, મોટાભાગના નિયમનો આવાં કારોબારી ભાગીદારી દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે નિયંત્રણો ધરાવવા અને નિરીક્ષણના વાજબી સ્તરની જરૂરિયાતને અધિકૃત માને છે.

કાયદાઓ સામાન્યપણે કારોબારી ભાગીદારોના કાર્યદેખાવ ફરજોની કાયદેસર વર્તન પર ટકેલી હોય છે જે સ્થળ પર સભ્ય સંગઠનની જવાબદારી હોય છે તે પરિસર પર આધારિત હોય છે. સભ્યોએ એ ખાતરી કરવાની જરૂર છે

કે કારોબારી સભ્યો સ્થળ પર હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓથી વાકેફ હોય અને એ ખાતરી કરે કે સ્થળ પર લાવવામાં આવતી સામગ્રી અને તેનો નિકાલ કરવામાં કારોબારના વ્યવસ્થાપન વ્યવહારો અને લાગુ થવા પાત્ર કાયદાનું પાલન કરવામાં આવતું હોય.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદું તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 5.1: જવાબદાર કારોબાર વ્યવહારોને પ્રોત્સાહન આપો:*** *સભ્યો, તેમના નોંધપાત્ર કારોબાર ભાગીદારોની વચ્ચે જવાબદાર કારોબાર પદ્ધતિઓને પ્રોત્સાહિત કરવા તેમની પ્રભાવિત કરવાની ક્ષમતાને અનુરૂપ, તેમના શ્રેષ્ઠ પ્રયત્નોનો ઉપયોગ કરશે.*

  **આ પ્રક્રિયા માટેના અભિગમમાં નીચેના પગલાઓનો સમાવેશ થાય છે:**

  - પ્રથમ, તમામ મહત્ત્વના કારોબારી સંબંધોની સમીક્ષા કરો અને જે નોંધપાત્ર હોય તેમને નક્કી કરો. નોંધપાત્ર કારોબારી ભાગીદારોમાં સમાવિષ્ટ થઈ શકે છે:
    - પ્રમુખ ગ્રાહકો અથવા આપૂર્તિકારો, ઉદાહરણ તરીકે જેઓ ભૌતિક રીતે મહત્ત્વપૂર્ણ કારોબારી સંબંધો ધરાવતા હોય;
    - કારોબારી ભાગીદારો જેમના કાર્યો તમારી પ્રતિષ્ઠા અથવા કાર્યદેખાવને અસરકર્તા હોય, ઉદાહરણ માટે ખરાબ કારોબારી વ્યવહારો દ્વારા;
    - કારોબારી ભાગીદારો જેમની પ્રવૃત્તિઓ કામદારો, સમુદાયો અને/અથવા પર્યાવરણો પર નોંધપાત્ર પ્રતિકૂળ અસરોના જોખમોની શક્યતા ધરાવતાં હોય.
  - બીજું, નોંધપાત્ર કારોબારી સંબંધો માટે કારણભૂત જોખમોના સ્તર અને પ્રકૃતિને સ્થાપિત કરવા માટે એક આકારણી હાથ ધરવી. આકારણીઓ વાણિજ્યિક વ્યવસ્થાઓ સ્થાપિત કરવામાં આવે તે પહેલાં અથવા જ્યાં જોખમોની ઓળખ કરવામાં આવી હોય તેવી પ્રવર્તમાન વ્યાણિજ્યિક વ્યવસ્થાઓ માટે હાથ ધરી શકાય.
    - સામાન્ય જોખમ આકારણી નમૂના માટે આરજેસી જોખમ આકારણી ટૂલકિટ જુઓ જેનો ઉપયોગ થઈ શકે છે, ખાસ કરીને નાનાથી મધ્યમ ઉદ્યોગ સાહસો માટે. વૈકલ્પિકપણે સભ્યો તેમની પોતાની જોખમ આકારણી પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે છે.
    - ચોક્કસ માનવ અધિકારો અને મજૂર-સંબંધિત જોખમોને જ્યાં સુસંગત હોય ત્યાં, આકારણી માટે સમાવિષ્ટ કરી શકે છે: માનવ અધિકારો, કુશળ કામદારો અને નાના પાયે ખનનમાંથી પ્રાપ્તી , સંઘર્ષગ્રસ્ત વિસ્તારો, બાળ મજૂર, બળજબરીપૂર્વક કરાવાતી મજૂરી અને સ્વાસ્થ્ય અને સલામતી. જો ઉપરોક્ત વિષયો માટે અલગ ડ્યુ ડિલિજન્સ હાથ ધરવામાં આવી હોય તો, તેને આ આકારણી માટે દોરવામાં આવી શકે છે, અથવા તો દરેક નોંધપાત્ર કારોબારી ભાગીદાર માટે એક સંકલિત અભિગમ લેવામાં આવી શકે છે.
    - એવાં કારોબારી ભાગીદારોને ઓળખી કાઢો જેમણે પહેલાં જ જવાબદાર કારોબારી વ્યવહારો માટેની પ્રતિબદ્ધતા કરી લીધી છે, ઉદાહરણ તરીકે આરજેસી સભ્યપદ દ્વારા, અથવા યુએન

ગ્લોબલ કૉમ્પેક્ટ, એસએ8000, ઓએચએસએએસ, આઇએસઓ 14001, ડી બિઅર્સ શ્રેષ્ઠ વ્યવહાર સિદ્ધાંતો અને અન્ય સુસંગત કાર્યક્રમો જેવી અન્ય પહેલો માટે કટિબદ્ધતા કરી લીધી છે.

- એવા કારોબારી ભાગીદારોને ઓળખી કાઢો જ્યાં સભ્યો, શ્રેષ્ઠ પ્રયાસોનો ઉપયોગ કરીને, પ્રભાવની વ્યાજબી ક્ષમતા ધરાવતાં હોય.

- ત્રીજું, ઓળખી કાઢવામાં આવેલાં નોંધપાત્ર કારોબારી ભાગીદારોની સાથે સંલગ્ન બનો અને જવાબદાર કારોબારી વ્યવહારો વિશે સભાનતા વધારો. જવાબદાર કારોબારી વ્યવહારોના પ્રોત્સાહનને સકારાત્મક બદલાવને અસર કરવા માટે તકોની સાથે અનુરૂપ બનાવવું જોઇએ.
  - પ્રોત્સાહનમાં જવાબદાર કારોબારી વ્યવહારો પ્રત્યે સભ્યોની કાર્યનીતિની કટિબદ્ધતાની નકલો કારોબારી ભાગીદારોને ઉપલબ્ધ કરવાનો સમાવેશ કરી શકાય. (કાર્યનીતિ અને અમલીકરણ જુઓ). જ્યાં સુસંગત હોય ત્યાં, કાર્યનીતિ/ઓને કંપનીના કોંટ્રાક્ટ સાથે ઉમેરવાનો વિચાર કરો.
  - કારોબારી ભાગીદારોની સાથે જવાબદાર કારોબારી વ્યવહારોને પ્રોત્સાહન આપતા હોય તેવાં સંચારોના રેકોર્ડ્સ રાખો.
- *નોંધ; આ જોગવાઈઓની આકારણી કરતાં, સભ્યો અને હિસાબી તપાસકર્તાઓએ જવાબદાર વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે સભ્યોના કાર્યોની સમીક્ષા કરવી જોઇએ, નહિં કે બિન-સભ્યોના વ્યવહારોની.*

- ***સીઓપી 5.2: કોન્ટ્રાક્ટર્સ:*** *સભ્યોની સુવિધાઓ પર કાર્યરત ઠેકેદારો અને આ સુવિધાઓ પર આવતા મુલાકાતીઓને સભ્યની નીતિઓ, પ્રણાલીઓ અને વ્યવહાર સંહિતાને સુસંગત હોય તેવી પ્રક્રિયાઓનું પાલન કરવાનું રહેશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - ઑન-સાઇટ કોન્ટ્રાક્ટર્સ સાથે સ્પષ્ટ રીપોર્ટિંગ સંબંધો, ઉત્તરદાયિત્વો અને સંચારરેખાઓની સ્થાપના અને તેનું દસ્તાવેજીકરણ કરો. સ્વાસ્થ્ય અને સલામતી, કામના સંમત કલાકો અને કાયદેસરના લઘુત્તમ વેતનોથી સંબંધિત જેવી કાર્યનીતિઓ અને જવાબદારીઓને, કોંટ્રાક્ટ દસ્તાવેજીકરણમાં સમાવેશ કરવાની વિચારણા કરો.
  - તમામ મુલાકાતીઓ અને કોંટ્રાક્ટર્સને સંલગ્ન કાર્યનીતિઓ, પ્રણાલીઓ અને પ્રક્રિયાઓ સમજાવતું એક અભિસંસ્કરણ ઉપલબ્ધ કરાવો. ખાતરી કરો કે આ અનુપાલનને સક્ષમ બનાવી શકે તેવી જરૂરી માહિતી અને માર્ગદર્શનનો સમાવેશ કરતું હોય,
  - નિર્ધારિત કારોબારી પ્રણાલીઓ અને જોખમ નિયંત્રણ પગલાઓનો અમલ કરવામાં આવ્યો છે તેની ખાતરી કરવા માટે કોંટ્રાક્ટર્સ પર દેખરેખ રાખો.
  - *નોંધ: આ જોગવાઇઓની આકારણી કરતાં, સભ્યો અને હિસાબી તપાસકર્તાઓએ સભ્યો જે કાર્યો હાથ ધરે છે અને અન્ય કોઇ રેકોર્ડ્સ જેને સભ્યોએ ઑન-સાઇટ કોંટ્રાક્ટર્સની અનુપાલનતાની ખાતરી માટે પહેલાં જ જાળવી રાખ્યાં હોય તેની સમીક્ષા કરવી જોઇએ.*

**લઘુ કારોબારો**

લઘુથી મધ્યમ ઉદ્યોગ સાહસો (SMEs) સામુદાયિક રીતે ઘણાં દેશોમાં પરિવારની માલિકી ધરાવતાં છુટક અને ડિઝાઇન/નિર્માણ કારોબારો એક પરંપરા સાથે, આભૂષણ પુરવઠા શ્રૃંખલામાં નોંધપાત્ર હોય છે. પુરવઠા શ્રૃંખલાના ખાણકામ છેડે, લઘુ-સ્તરીય ઉત્પાદકો પણ સામાન્ય હોય છે અને અંતે જટિલ પુરવઠા શ્રૃંખલાના નિમ્ન પ્રવાહમાં જોડાયેલા હોય છે.

ઘણાં આરજેસી સભ્યો SMEs હોય છે જેઓ તેમના જવાબદાર વ્યવહારો પ્રત્યેની પ્રતિબદ્ધતાને ગંભીરતાથી લે છે. જ્યારે લઘુ કારોબારો એવું વિચારતાં હોય છે કે તેઓ મોટાં કારોબારી ભાગીદારોને પ્રભાવિત કરવાની વધુ ક્ષમતા ધરાવતાં નથી, ત્યારે પણ તેઓ જોખમો, નોંધપાત્ર ભાગીદારોની ઓળખ, અને જવાબદાર વ્યવહારોના મહત્ત્વને સંચારિત કરવા અને તેમની પોતાની પ્રતિબદ્ધતાઓની આકારણી માટેના પગલાઓ હાથ ધરી શકે છે. તેમ છતાં, એવાં ઉદાહરણો જોવા મળે છે જ્યાં નાની કંપની એક મોટી કંપનીને સફળતાપૂર્વક એક સબળ સંદેશ આપવા સક્ષમ રહી હોય.

આરજેસીની જોખમ આકારણી ટૂલકિટ એક સામાન્ય જોખમ આકારની માટેનો નમૂનો ઉપલબ્ધ કરાવે છે જે ખાસ કરીને નાનાથી મધ્યમ ઉદ્યોગ સાહસો માટે તૈયાર કરવામાં આવ્યો છે. વૈકલ્પિક રીતે સભ્યો તેમની પોતાની જોખમ આકારણી પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે છે.

તપાસો:

- ✓ શું તમે તમારા નોંધપાત્ર કારોબારી ભાગીદારોની ઓળખ કરી?
- ✓ શું તમારે આ કારોબારી ભાગીદારો સાથે તમારા સંચારને અગ્રિમતા આપવાની જરૂર છે? એક જોખમ આકારણી પ્રક્રિયા નોંધપાત્ર કારોબારી ભાગીદારો સાથેના જોખમો અને પ્રકૃતિના સ્તરને આકારવામાં મદદરૂપ બની શકે છે.
- ✓ શું તમે હિસાબી તપાસકર્તાને એ દર્શાવી શકો છો કે કેવી રીતે તમે ઓળખી કાઢેલા/અગ્રિમતા આપવામાં આવેલ કારોબારી ભાગીદારોમાં જવાબદાર કારોબારી વ્યવહારોને પ્રોત્સાહિત કર્યા છે?
- ✓ શું તમે હિસાબી તપાસકર્તાને એ દર્શાવી શકો છો કે કેવી રીતે તમારા પરિસરમાં કામ કરી રહેલા કોઇપણ કારોબારી ભાગીદારોની તમને, વ્યવહારોની સંહિતા સાથે સુસંગત હોય તેવી, તમારી જરૂરિયાતોની સાથે પાલન કરવા માટે જરૂર પડે છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટ્સ વિભાગો સી અને ડીમાં સંદર્ભિત માપદંડો અને પહેલો પર વધારાની માહિતી ધરાવે છે:

- ડી'બિઅર્સ શ્રેષ્ઠ વ્યવહાર સિદ્ધાંતો
  www.debeersgroup.com/sustainability/ethics/best-practice-principles/
- આઇએસઓ 14000/આઇએસઓ 14001 પર્યાવરણીય વ્યવસ્થાપન પ્રણાલીઓના ધોરણ (2007)
  www.iso14000-iso14001-environmental-management.com/
- OHSAS 18001 વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને સલામતી માપદંડો (2007)
  www.ohsas-18001-occupational-health-and-safety.com
- સામાજીક ઉત્તરદાયિત્વ આંતરરાષ્ટ્રીય (એસએઆઇ) – સામાજીક ઉત્તરદાયિત્વ એસએ 8000 આંતરરાષ્ટ્રીય ધોરણ (2008)
  www.sa-intl.org/_data/n_0001/resources/live/2008StdEnglishFinal.pdf
- કારોબાર અને માનવ અધિકારો પર યુએનના માર્ગદર્શક સિદ્ધાંતો
  www.ohchr.org/Documents/Publications/GuidingPrinciplesBusinessHR_EN.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 6) માનવ અધિકારો

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**માનવ અધિકારો** વૈશ્વિક અધિકારો અને સ્વાતંત્ર્યો છે જે આંતરરાષ્ટ્રીય માન્ય માપદંડો પર આધારિત ભેદભાવ વગર તમામ લોકોની સાથે જોડાયેલા ગણવામાં આવે છે. ઓછામાં ઓછું, આરજેસી માનવ અધિકારોને એટલા તો સમજે છે કે તે એ અધિકારોનો અર્થ તારવી શકે જેને માનવ અધિકારોના આંતરરાષ્ટ્રીય બિલમાં, કાર્ય અને લાગુ થવા પાત્ર મૂળભૂત સિદ્ધાંતો અને અધિકારો પર આઇએલઓની ઘોષણામાં વ્યક્ત કરવામાં આવ્યાં છે.

*સ્ત્રોત:*

- સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકારો – માનવ અધિકારો શું છે?
  www.ohchr.org/EN/Issues/Pages/WhatareHumanRights.aspx

સીઓપીનો **માનવ અધિકારો** વિભાગ તમામ સભ્યોને લાગુ થવાપાત્ર છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

માનવ અધિકારો તેમનાં કદ, ક્ષેત્ર અથવા કામગીરીના દેશની દરકાર રાખ્યા વિના, તમામ કારોબારોથી સંબંધિત છે. માનવ અધિકારો તરીકે ગણવામાં આવતાં અધિકારોના પ્રકારોમાં સમાવેશ છે:

- સામાજીક, સાંસ્કૃતિક અને આર્થિક અધિકારો – જેમ કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સહભાગી થવાનો અધિકાર, ખોરાકનો અધિકાર, સ્વચ્છ પીવાના પાણી અને સ્વચ્છતાનો અધિકાર, અને શિક્ષણનો અધિકાર;
- મજૂર અધિકારો – જેમ કે સંગઠનની સ્વતંત્રતાનો અધિકાર અને સામૂહિક સોદાબાજીના અધિકારની અસરકારક માન્યતા, અને બળજબરીપૂર્વક મજૂરી, બાળ-મજૂરી અને ભેદભાવથી સ્વતંત્રતાનો અધિકાર;
- નાગરિક અને રાજકીય અધિકારો – જેમ કે જીવન અને સ્વાતંત્ર્યનો અધિકાર, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને કાયદા સમક્ષ સમાનતા.

જ્યારે આમાંના કેટલાંક અધિકારો કારોબારી પરિપ્રેક્ષ્યથી અમૂર્ત પ્રતિત થઈ શકે છે, તે ઘણી વખત એક કંપનીની નીતિઓ અને પ્રક્રિયાઓના મૂળભૂત તર્ક હોય છે. ઉદાહરણ તરીકે, એક કંપનીની સ્વાસ્થ્ય અને

**લઘુ કારોબાર**

લઘુ કારોબારો પણ માનવ અધિકારોનું સન્માન કરવાની જવાબદારી ધરાવે છે. જો કે જે રીતે લઘુ કારોબારો આ જવાબદારી પ્રત્યેનો અભિગમ ધરાવે છે તે તેમનાં કદ, ક્ષેત્ર, કામગીરીના સંદર્ભ અને માળખા, તેમજ પ્રતિકૂળ માનવ અધિકારોની અસરોની રચનાના જોખમો મુજબ ભિન્ન રહેશે. નાના ઉદ્યમો ઘણીવાર મોટી કંપનીઓ કરતાં વધુ અનૌપચારિક પ્રક્રિયાઓ અને વ્યવસ્થાપન માળખાઓ ધરાવે છે, એટલે માનવ અધિકારોને આદર આપવાની તેમની કાર્યનીતિઓ અને પ્રક્રિયાઓ સામાન્યપણે વધુ અનૌપચારિક રહી શકે છે. પરંતુ જ્યાં વધુ નાના ઉદ્યમો તીવ્ર માનવ અધિકારોના પ્રભાવો ધરાવે છે, ત્યાં કારોબારના કદને લક્ષમાં લીધા વિના સંબધિત પગલાની જરૂર પડશે.

*સ્ત્રોત: કારોબાર અને માનવ અધિકારો પર યુએન માર્ગદર્શક સિદ્ધાંતો – સિદ્ધાંત 14*

સુરક્ષા પ્રક્રિયાઓ 'માનવ અધિકારો'ની ભાષાનો ઉપયોગ ન કરતી હોય, પરંતુ અસરમાં કર્મચારીઓના જીવનના અધિકાર, માત્ર અને કામની સાનુકૂળ સ્થિતિઓ માટે યોગ્ય અધિકારો અને સ્વાસ્થ્યનો અધિકારને આદર આપતાં હોય છે. બાળ-મજૂરી પર કંપનીની કાર્યનીતિ અસરમાં બાળકોના સંરક્ષણના અધિકાર અને શિક્ષણના અધિકારને સન્માન આપતાં હોય છે.

2011માં, સંયુક્ત રાષ્ટ્રો (યુએન)ની માનવ અધિકારોની પરિષદ દ્વારા 2008માં અપનાવવામાં આવેલા કારોબાર અને માનવ અધિકારો માટેની યુએન રૂપરેખાને વિગતવાર દર્શાવવા માટે, કારોબાર અને માનવ અધિકારો પરના માર્ગદર્શક સિદ્ધાંતો પ્રકાશિત કર્યા. યુએનની "રક્ષણ, સન્માન અને ઉપચાર" રૂપરેખા ત્રણ સ્તંભો પર ટકેલી છે:

- ત્રાહિત પક્ષ દ્વારા માનવ અધિકારોના દુરુપયોગ સામે **રક્ષણ** માટે રાજ્યની ફરજ (જરૂરી) ઉચિત કાર્યનીતિઓ, નિયમનો અને યોગ્ય નિર્ણય દ્વારા કારોબારનો સમાવેશ થાય છે;
- માનવ અધિકારોના **સન્માન**માં કારોબારની જવાબદારી (અપેક્ષા), જેનું તાત્પર્ય અન્યોના અધિકારો પર ઉલ્લંઘનને ટાળવા માટે ડ્યુ ડિલિજન્સ સાથે કાર્ય કરવું અને તેમની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી હોય તેવી પ્રતિકૂળ અસરોને સંબોધિત કરવી; અને
- ન્યાયિક અને ગૈર-ન્યાયિક બન્ને રીતે અસરકારક **ઉપચાર** લાવવા માટે ભોગ બનેલાઓ દ્વારા પહોંચ બનાવવી.

આ રૂપરેખા એ ઓળખ કરે છે કે માનવ અધિકારોના દુરુપયોગ સામે તેનાં નાગરિકોનું રક્ષણ કરવાની રાજ્યની કાયદાકીય જવાબદારી કટોકટીભરી છે. માનવ અધિકારોના ગંભીર દુરુપયોગો કમનસીબે ઘણી વખત નબળા નિયંત્રણ, ભ્રષ્ટાચારના ઉચ્ચ સ્તરો, સંઘર્ષની પરિસ્થિતિઓ અને વિકાસના નીચાં સ્તરો સાથે સંકળાયેલ હોય છે. જ્યારે સરકારને જ્યાં આ મુદ્દાઓને જ્યાં તે હાજર હોય ત્યાં ઉકેલ માટે મથવાની જરૂર હોય છે, ત્યારે કારોબારોની તેમ છતાં પણ એ જવાબદારી રહે છે કે જ્યાં તેઓ કામગીરી કરી રહ્યાં હોય છે ત્યાં માનવ અધિકાઓને સન્માન આપે. આની શરૂઆત કાનૂની અનુપાલનની આધારરેખા સાથે થાય છે અને તેને પ્રતિકૂળ માનવ અધિકારોની અસરોમાં કારોબારની સામેલગીરીને રોકવા માટેના સક્રિય પગલાં લઈને, તેમાં ઘટાડો કરીને અને જ્યાં ઉચિત હોય ત્યાં તેનાં માટેના ઉપચારો લાગુ કરવા દ્વારા આધાર આપવામાં આવે છે.

માનવ અધિકારોનું સન્માન કરવું એવી પરિસ્થિતિઓમાં વધુ મુશ્કેલ બની જાય છે જ્યાં રાષ્ટ્રીય કાયદા અથવા નબળું અમલીકરણ અર્થાત રાષ્ટ્રીય કાયદો, આંતરરાષ્ટ્રીય માન્યતા ધરાવતાં અધિકારો જેટલાં, અથવા તેની સાથે સંઘર્ષ કરી શકતાં નથી. આ પરિસ્થિતિમાં, કંપનીઓએ જ્યારે સંઘર્ષરત જરૂરિયાતોનો સામનો કરતાં અને રાષ્ટ્રીય કાયદા સાથે અનુપાલન સાધી રહ્યાં હોય ત્યારે પણ આંતરરાષ્ટ્રીય માન્યતા ધરાવતાં અધિકારોના સિદ્ધાંતોને પહોંચી વળવા માટે પ્રયાસો કરવા જોઇએ (એટલે કે પ્રયોજન). કંપનીઓએ કામગીરીના દેશની બહારના વિસ્તૃત કાનૂની અને અન્ય જોખમો વિશે પણ સભાન હોવું જોઇએ. વાસ્તવમાં યુએનના માર્ગદર્શક સિદ્ધાંતો ભલામણ કરે છે કે કારોબારો સમગ્ર માનવ અધિકારોના દુરુપયોગના કારક અથવા તેમાં ફાળો આપતાં જોખમો પ્રત્યે કાનૂની અનુપાલનના મુદ્દા તરીકે વ્યવહાર કરે છે.

યુએન માર્ગદર્શક સિદ્ધાંતો સીધી રીતે અથવા કારોબારી સંબંધોમાંથી ઉભી થતી કારોબારની સંભવિત માનવ અધિકારોની અસરોને આવરી લેવા માગે છે. જ્યાં કારોબારી ઉદ્યમો તેમની મૂલ્ય શૃંખલાઓમાં ઉદ્યોગોની મોટી સંખ્યા ધરાવે છે, ત્યાં યુએન માર્ગદર્શક સિદ્ધાંતો એવી ઓળખ કરે છે કે તે તમામની વચ્ચે પ્રતિકૂલ માનવ અધિકારોની અસરો માટે ડ્યુ ડિલિજન્સ હાથ ધરવું એ ગેરવાજબી રીતે મુશ્કેલ થઈ શકે છે. આ પરિસ્થિતિમાં,

કારોબારી ઉદ્યમો એવાં સામાન્ય વિસ્તારોની ઓળખ કરી શકે છે જ્યાં પ્રતિકૂળ માનવ અધિકારોની અસરોનું જોખમ સૌથી વધુ નોંધપાત્ર હોય, ચાહે ચોક્કસ આપૂર્તિકારો અથવા ગ્રાહકોની કામગીરીના સંદર્ભમાં, ચોક્કસ કામગીરીઓ, પેદાશો અથવા સામેલ સેવાઓ, અથવા અન્ય સંબંધિત બાબતો હોય અને આને માનવ અધિકારોના ડ્યુ ડિલિજન્સ માટે અગ્રતા આપે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

વૈશ્વિક માનવ અધિકારોને ઘણીવાર સંધિઓ, રૂઢિગત આંતરરાષ્ટ્રીય કાયદા, સામાન્ય સિદ્ધાંતો અને આંતરરાષ્ટ્રીય કાયદાના અન્ય સ્ત્રોતોના સ્વરૂપે કાયદા દ્વારા વ્યક્ત અને ખાતરી આપવામાં આવે છે. સૌથી વધુ જાણીતું આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સાધન, 1948 માં સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભા દ્વારા અપનાવવામાં આવેલ માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા (યુડીએચઆર) છે. જો કે યુડીએચઆર એક ગેર-બંધનકર્તા ઠરાવ છે તેમ છતાં, તેને હવે નાગરીક અને રાજકીય અધિકારો પરના આંતરરાષ્ટ્રીય કરાર (સીસીપીઆર) અને આર્થિક, સામાજીક, અને સાંસ્કૃતિક અધિકારો પરના આંતરરાષ્ટ્રીય કરાર (સીઈએસસીઆર) સહિત આંતરરાષ્ટ્રીય રૂઢિગત કાયદાના મધ્યસ્થ ઘટક તરીકે ગણવામાં આવે છે. સાથે મળીને આ માનવ અધિકારોના આંતરરાષ્ટ્રીય કાયદાની રચના કરે છે. જ્યારે આ સાધનોને કંપનીઓ ખાતે નિર્દેશિત કરવામાં આવતા નથી, ત્યારે યુએનના માર્ગદર્શક સિદ્ધાંતો (નીચે જુઓ) એ માન્ય કરે છે કે કંપનીઓ તેમનામાં રૂપરેખાંકિત કરવામાં આવેલ અધિકારોનો આદર કરવાની જવાબદારી ધરાવે છે.

યુએનના આ સાધનો સાથે મળીને, આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (આઇએલઓ) એ કામ ખાતે મૂળભૂત સિદ્ધાંતો અને અધિકારો પરની તેની ઘોષણામાં મૂળભૂત મજૂર સિદ્ધાંતોની ઓળખ કરી લીધી છે. આ અધિકારોને પ્રત્યક્ષ રીતે આરજેસીની વ્યવહાર સંહિતામાં નીચેની જોગવાઈઓમાં સંબોધવામાં આવી છે: બાળ મજૂર, સંગઠન અને સામૂહિક સોદાબાજીની સ્વતંત્રતા અને બિન-ભેદભાવ. આના પરની વધુ માહિતી આરજેસીના માપદંડોના માર્ગદર્શનના પ્રકરણમાંથી મેળવી શકાય છે.

કારોબાર અને માનવ અધિકાર પરના યુએનના માર્ગદર્શક સિદ્ધાંતો (“રગી સિદ્ધાંતો” તરીકે પણ જાણીતા)ને 2011માં અપનાવવામાં આવ્યાં અને માનવ અધિકારોને આદર આપવાની ખાનગી ક્ષેત્રોની જવાબદારી માટેના પ્રાથમિક સંદર્ભ બની ગયા. માર્ગદર્શક સિદ્ધાંતો માનવ અધિકારોને આદર આપવાની વ્યાખ્યા આ રીતે આપે છે:

a) પ્રતિકૂળ માનવ અધિકારોની અસરોને તેમની પોતાની પ્રવૃત્તિઓથી ઉદભવતી અથવા યોગદાન આપતી (જેમ કે ભાગમાં ઊભી થતી) ટાળો, અને આવી અસરો જ્યાં ઊભી થાય ત્યાં જ તેને સંબોધો; અને
b) તેમની કામગીરીઓ પેદાશો અથવા તેમના કારોબારી સંબંધો દ્વારા સેવાઓ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલી હોય એવી પ્રતિકૂળ માનવ અધિકારોની અસરોને, તે આ અસરોને યોગદાન ન આપતી હોય તેમ છતાં પણ તેને અટકાવવા અથવા ઘટાડવા માટેના પ્રયત્ન કરો.

માર્ગદર્શક સિદ્ધાંતો જ્યારે કોઇ નવા આંતરરાષ્ટ્રીય કાયદાઓ અથવા જવાબદારીઓની રચના નથી કરી રહ્યાં ત્યારે, તે રાષ્ટ્રો અને કારોબારો માટેના પ્રવર્તમાન માપદંડો અને વ્યવહારોની અસરોને ખંતપૂર્વક તૈયાર કરે છે અને એક એકલ, વ્યાપક નમૂનામાં તેમને સંકલિત કરે છે. માર્ગદર્શક સિદ્ધાંતોને તમામ હિસ્સેદાર જૂથો દ્વારા આવકારવામાં આવ્યાં છે, ઉદાહરણ તરીકે, માર્ગદર્શક સિદ્ધાંતોને બહુરાષ્ટ્રીય ઉદ્યમોની પુન:સંસ્કરિત ઓઈસીડી માર્ગદશિકાઓ, આંતરરાષ્ટ્રીય નાણા સહકાર (આઇએફસી)ના આઇએસઓ 26000 માપદંડો અને કાર્યદેખાવ માપદંડોની અંદર

સામેલ કરવામાં આવ્યાં છે. યુરોપિયન સંઘે પણ માગદર્શક સિદ્ધાંતોને કૉર્પૉરેટ સામાજીક જવાબદારી માટે વિકસતા વૈશ્વિક માળખાની એક આધારશિલા તરીકે માન્ય કર્યા છે.
માનવ અધિકારોના ગંભીર દુરૂપયોગ અને સંઘર્ષ સહિત નોંધપાત્ર પ્રતિકૂળ અસરોમાં યોગદાન આપવાથી અથવા તેની સાથેના મેળાપીપણાને ટાળવા માટે સંઘર્ષ-અસરગ્રસ્ત અને ઉચ્ચ જોખમ ધરાવતાં વિસ્તારોમાંથી જવાબદાર પુરવઠા શૃંખલા માટેની ઓઈસીડી ડ્યુ ડિલિજન્સમાં સ્વર્ણ પુરવઠા શૃંખલામાં રહેલી કંપનીઓ માટેની ભલામણોનો સમાવેશ કરવામાં આવે છે. માર્ગદર્શન જવાબદાર પુરવઠા શૃંખલા માટેના ડ્યુ ડિલિજન્સ માટેની ભલામણો પૂરી પાડે છે અને કંપનીઓને તેમનાં સ્રોત્રિકરણ નિર્ણયો દ્વારા માનવ અધિકારોનું સમ્માન કરવા માટે કંપનીઓને સહાયભૂત થવાનું લક્ષ્ય રાખે છે.

*રાષ્ટ્રીય કાયદો*

માનવ અધિકારોના સિદ્ધાંતો પણ મોટા ભાગના દેશોના રાષ્ટ્રીય કાયદામાં સ્થાપિત થઈ ગયેલ છે. એ ખાતરી કરવી આવશ્યક છે કે તમામ કારોબારી કામગીરીઓ આ કાયદેસરના સિદ્ધાંતો અને જરૂરિયાતોથી પરિચિત હોય અને તેનું પાલન કરતી હોય. મોટા ભાગના રાષ્ટ્રીય અધિકારક્ષેત્રો ગુન્હાના આચરણમાં સામેલગીરીને પ્રતિબંધિત કરે છે, અને આવા કિસ્સાઓમાં કારોબારી ઉદ્યમોની ગુનાઇત જવાબદારી માટે એક સંખ્યામાં અનુમતિ આપે છે. વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને સુરક્ષા, બિન-ભેદભાવ, ગોપનીયતા અને પર્યાવરણીય જોગવાઇઓ સહિત અન્ય કાયદાઓ પણ માનવ અધિકારો માટે રક્ષણ આવશ્યક બનાવી શકે છે. કેટલીક રાષ્ટ્રીય અદાલતોએ એ આરોપ લગાવી દાવાઓનો સ્વીકાર કર્યો છે અથવા તો તેને પ્રોત્સાહન આપ્યું છે કે તેમનાં દેશમાં સ્થિત બહુરાષ્ટ્રીય કંપનીઓ જાણી જોઇને અન્ય દેશોમાં માનવ અધિકારોના ઉલ્લંઘનમાં યોગદાન આપ્યું છે. સરકારી બહાલીઓ અને પ્રતિબંધો ચોક્કસ વિસ્તારો અથવા દેશો સાથે વાણિજ્યિક લેવડ-દેવડને લાગુ થવા પાત્ર હોય શકે છે. સભ્યોએ તમામ લાગુ થવા પાત્ર કાયદાઓનું પાલન કરવા પ્રયત્નશીલ રહેવું જોઇએ અને જ્યાં તે સંચાલિત થતાં હોય ત્યાં આંતરરાષ્ટ્રીય માન્યતાપ્રાપ્ત માનવ અધિકારોનો આદર કરવો જોઇએ.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

કંપનીઓ માનવ અધિકારોનું સન્માન કરે છે તે જાણવા અને દર્શાવવા માટે કારોબાર અને માનવ અધિકારો પરના યુએનના માર્ગદર્શક સિદ્ધાંતોએ એક નવી પ્રક્રિયા આપી છે. માનવ અધિકારોની ડ્યુ ડિલિજન્સ પ્રક્રિયા જેનો માર્ગદર્શક સિદ્ધાંતોમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મોટા ભાગે કારોબારમાં પરિચિત જોખમ વ્યવસ્થાપન વ્યવહાર પર આધારિત છે. જો કે માનવ અધિકારો અને કારોબારી સંબંધો પ્રત્યે તેના અનુપ્રયોગ કંપનીઓમાં અમલીકૃત બનશે તેમાં સમય લાગશે અને આવનારા વર્ષોમાં સભ્યો અને હિસાબી તપાસકર્તાઓએ સતત સુધાર પ્રક્રિયાના ભાગ તરીકે પ્રણાલીઓને સ્થાનબદ્ધ કરવાની જરૂરિયાતને ધ્યાન પર લેવીએ જોઇએ.

કારોબાર અને માનવ અધિકારો પરના યુએન માર્ગદર્શક સિદ્ધાંતો નીચેની ઘણી ભલામણો માટેનો આધાર છે, અને નીચેના અભિગમને આધારભૂત બનવા માટે વધારાનું માર્ગદર્શન ઉપલબ્ધ કરાવી શકે છે:

- ***સીઓપી 6.1 (a): લેખિત કાર્યનીતિ:*** *સભ્યો માનવ અધિકારોનું સન્માન કરશે અને કારોબાર અને માનવ અધિકારો પરના યુએનના માર્ગદર્શક સિદ્ધાંતોનું તેમના કદ અને પરિસ્થિતિઓને અનુરૂપ ધ્યાન રાખશે, જેમાં લઘુતમ રીતે નીચેની બાબતોનો સમાવેશ થાય છે:*

  *a) માનવ અધિકારોને સન્માનવા માટેની નીતિગત પ્રતિબદ્ધતા.*

  નીતિવિષયક નિવેદન એકમાત્ર નીતિ અથવા નીતિ અને અમલીકરણ જરૂરિયાતમાં (જુઓ માર્ગદર્શન) સામેલ કરેલી હોય શકે છે. નીતિવિષયક નિવેદનમાં નીચે મુજબ હોવું જોઇએ:

  - કંપનીના વરિષ્ઠ સ્તરે માન્યતા પ્રાપ્ત;
  - આંતરિક અને/અથવા બાહ્ય નિપુણતા દ્વારા માહિતી પ્રાપ્ત, જેમ ઉચિત હોય તેમ;
  - કર્મચારીઓ, કૉંટ્રેક્ટર્સ અને કારોબારી ભાગીદારોની અપેક્ષાઓ પર સ્પષ્ટ;
  - જાહેર રીતે ઉપલબ્ધ અને બાહ્ય રીતે સંચારિત;
  - કામગીરીઓની નીતિઓ અને પ્રક્રિયાઓમાં પ્રતિબિંબિત.

- ***સીઓપી 6.1 (b): ડ્યુ ડિલિજન્સ હાથ ધરવું:*** *b) તેઓ માનવ અધિકારો પર તેમની અસરને કેવી રીતે ધ્યાનમાં લે છે તેની ઓળખ, અટકાયત, શમન અને સમીક્ષા માટે માનવ અધિકાર કર્તવ્યપરાયણ (ડ્યુ ડિલિજન્સ) પ્રક્રિયા;*

  માનવ અધિકારોનું ડ્યુ ડિલિજન્સ:

  - કારોબાર સાહસને કારણભૂત બની શકે અથવા પોતાની પ્રવૃત્તિઓ મરફતે યોગદાન આપવું પડે તેવી વિપરીત માનવ અધિકાર અસરોને આવરી લેવી જોઇએ,
  - જે વિપરીત માનવ અધિકાર અસરો તેની કામગીરી, પેદાશો અથવા તેના કારોબાર સંબંધો દ્વારા સેવા અપાતી હોય તેની સાથે સીધી રીતે સંકળાયેલા હોય તેવી વિપરીત માનવ અધિકાર અસર પર ધ્યાન કેન્દ્રિત કરવાની ઇચ્છા રાખવી જોઇએ;
  - કારોબાર સાહસના કદ, તીવ્ર માનવ અધિકાર અસરોના જોખમ અને પ્રકર અને તેની કામગીરીના સંદર્ભમાં ડટિલતા અલગ પડશે;
  - તેમાં નિયમિતપણે સુધારો કરવો જોઇએ, ઉદાહરણ તરીકે નોંધપાત્ર નવી પ્રવૃત્તિ અથવા કારોબાર સંબંધ શરૂ કરતી વખતે માનવ અધિકાર જોખમો વખત જતા બદલાતા રહે છે તે ઓળખી કાઢવું જોઇએ.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - માનવ અધિકાર ડ્યૂ ડિલિડન્સ પ્રક્રિયામાં ખરેખર અને સંભવતઃ માનવ અધિકાર અસરોની આકારણી અને તારણો પર પ્રક્રિયા કરવી, પ્રતિભાવો લેવા અને અસર પર કેવી રીતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે તેની માહિતી પૂરી પાડવી તેનો સમાવેશ કરવો જોઇએ.
  - યુએન માર્ગદર્શક સિદ્ધાંતો હેઠળ, 'માનવ અધિકાર જોખમો' *શક્યતઃ* માનવ અધિકાર અસરો ધરાવતા હોવાનું માનવામાં આવે છે. સંભવિત અસરો પર અવરોધન અથવા શમન મારફતે ધ્યાન કેન્દ્રિત કરવં જોઇએ. ખરેખર અસરો એ છે કે જે પહેલેથી જ થઇ ગઇ છે અને ભૂલ સુધારવાની શરતે હોવી જોઇએ (જુઓ સીઓપી 6.1c).
  - આકારણી સુધી કેવી રીતે પહોંચવું તે વિચારો. વિકલ્પોમાં સમાવેશ થાય છે:
    - કંપનીના પોતાના વાસ્તવિક જોખમોને ઓળખી કાઢતા અને સંચાલન કરવા ઉપરાંત જતા રહે તો માનવ અધિકાર ડ્યૂ ડિલિજન્સને બહોળા સાહસ જોખમ સંચાલન વ્યવસ્થાની મર્યાદામાં સમાવી શકાય, પરંતુ તેમાં જોખમ ધારકોને થતા જોખમનો પણ સમાવેશ કરે છે.

માનવ અધિકાર ડ્યૂ ડિલિજન્સમાં જોખમ-ધારકોને જોખમ અને અસરોની આકારણી કરવાની જરૂર રહે છે (જેમ કે ગ્રાહકો, કર્મચારીઓ, પુરવઠાકારો અને અન્ય હિસ્સેદારો), ફક્ત કંપનીને પોતાને જ જોખમ નહી.

- આરજેસીએ અલાયદી માનવ અધાર ડ્યૂ ડિલિજન્સ ટૂલકીટ વિકસાવી છે, જે ખાસ કરીને લઘુ કારોબારો અથવા આ પ્રક્રિયા સૌપ્રથમ વખત કરે છે તેમના માટે રચવામાં આવી છે. ટૂલકીટ યુરોપિયન કમિશનની ઉપયોગી 2012 માર્ગદર્શિકા *મારો કારોબાર અને માનવ અધિકારો* પર ધ્યાન ખેંચે છે. *લઘુ અને મધ્યમ કદના સાહસો* અને અન્ય સંદર્ભો માટે માનવ અધિકારોની માર્ગદર્શિકા. ઝવેરાત પુરવઠા શૃંખલામાં ઉદભવી શકે તેવી અમુક ખરેખર અને સંભવિત વિપરીત માનવ અધિકારોને ઓળખી કાઢવાનો ઉદ્દેશ ધરાવે છે, અને આરજેસી અમલીકરણ પ્રતિભાવ આધારિત આ ટૂલકીટમાં સતત સુધારો કરવાની આશા સેવે છે. જોકે સભ્યોને તેમનો પોતાના અભિગમનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા છે.
- આરજેસીએ વધુ સામાન્ય જોખમ આકારણી ટૂલકીટ વિકસાવી છે, જેની રચના આરજેસી વ્યવહાર સંહિતાની વિવિધ જરૂરિયાતોને એક સરળ માળખામાં સંકલિત કરવામાં સહાય મળે. આ માળખાનો આમ ‘માનવ અધિકાર જોખમો’ની આકારણી કરવા માટે (એટલે કે સંભવિત માનવ અધિકાર અસરો) અને અથવા ખરેખર અસરોને ઓળખી કાઢવા માટે પણ ઉપયોગ કરી શકાય છે. સભ્યો પણ જોખમ આકારણીના તેમના પોતાના અભિગમોનો ઉપયોગ કરવા માટે સ્વતંત્ર છે.
- તમારી પોતાની પદ્ધતિઓનો ઉપયોગ કરતી વખતે કારોબાર ભાગીદારો માટે આકારણીના ભાગમાં માનવ અધિકાર ડ્યૂ ડિલિજન્સ સંકલનને વિચારતા અથવા તમારા ગ્રાહકને જાણો આકારણીઓમાં અથવા અસર આકારણીઓમાં સંકલિત કરવા અંગે વિચારો. સંકલન પ્રાપ્ત કરી લેવામાં આવ્યું હોય તો પણ ડ્યૂ ડિલીજન્સ પ્રક્રિયાની અસરકારકતામાં વધારો કરે છે.

- આકારણી તરફ જ્યારે પણ અભિગમ દાખવવામાં આવે ત્યારે તેમાં બે મુખ્ય ઘટકો હોવા જોઇએ.
  - પ્રથમ, તમારા કારોબાર, જ્યાં પણ તે કામગીરી કરે છે તેની પ્રવૃત્તિઓમાંથી સંભવિત અને ખરેખર અસરોની સમીક્ષા કરો.
  - બીજું, તમે જેમા યોગદાન આપી શકો અને તમારી કામગીરી અને અસરો કે જે પેદાશો અથવા સેવાઓ સાથે સીધી રીતે સંકળાયેલી હોય તેના સહિત કારોબાર સંબંધો મારફતે ઊભા થતા જોખમોની સમીક્ષા કરો.
- પ્રમાણ, તક અને બિનઉપાયાત્મક લક્ષણને આધારે અત્યંત તીવ્ર માનવ અધિકાર જોખમ પર ધ્યાન કેન્દ્રિત કરો. તેમાં સમાવેશ થઇ શકે છે (પરંતુ મર્યાદિત નહી): સલામતી અને માનવ અધિકાર મુદ્દાઓ, બાળ મજૂ, બળજબરીપૂર્વકનો શ્રમ, આરોગ્ય અને સુરક્ષા, સંગઠનની સ્વતંત્રતા અને સામૂહિક ભાવતાલના અધિકારની અસરકારક ઓળખ, ભેદભાવ અને જાતિ સમાનતા, શિસ્તબદ્ધ વ્યવહારો, કામકાજના કલાકો, વળતર, સ્થાનિક પ્રજા અથવા કુશળ કામદાર અને નાના પાયાના ખનન અથવા સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પ્રાપ્ત કરવું.
- પ્રત્યક પુરવઠા શૃંખલા જોખમની આકારણી કરવી શક્ય ન હોય અથવા વ્યવહારુ ન હોય. જ્યાં તેને અગ્રિમતા આપવી આવશ્યક હોય, ત્યાં અત્યંત તીવ્ર જોખમોને રોકો અને તેનું શમન કરો (ફરીથી માત્રા, તક અને બિનઉપાયાત્મક લક્ષણને આધારે).

- ○ જ્યાં તીવ્ર અસર થવાની હોય કે થઇ રહી હોય ત્યાં પોઇન્ટર્સ શોધવા માટે તમારા પુરવઠાકારોને સંબંધિત મહત્ત્વના માનવ અધિકાર જોખમોનું આયોજન કરો. તેમાં પ્રદેશ તરફની દ્રષ્ટિ, ઉત્પાદનનો પ્રકાર અથવા સેવા પ્રક્રિયાઓ, કર્મચારીઓ, ભૌગોલિક રચનાઓ વગેરેનો સમાવેશ થઇ શકે છે. તમારા ખરીદ વ્યવહારો તમારા પુરવઠાકારો પર અસર કરી શકે કે કેમ તે વિચારો-ઉદાહરણ તરીકે મૌસમી ઓર્ડરો, અગ્રણી સમય, ભાવ વગેરે. નોંધી રાખો કે યુએન માર્ગદર્શન સિદ્ધાંતોમાં સાહસો દ્વારા તેઓ જેની સાથે સંબંધ ધરાવતા હોય તેવા દરેક એકમના માનવ અધિકાર રેકોર્ડની આકારણી કરવાની જરૂરિયાત હોય તેવો ઇરાદો સેવવામાં આવ્યો નથી.
- ○ યાદ રાખો કે એક વખત જોખમોની આકારણી થઇ જાય, ત્યાર બાદ ડ્યૂ ડિલિજન્સ પ્રક્રિયાઓમાં તમારા જોખમ આકારણીને કારોબાર કામગીરીઓમાં સંકલિત કરવો અને નજર રાખવી અને તમારી અસરોના સંદેશાવ્યવહારનો સમાવેશ થાય છે.

- ***સીઓપી 6.1 (c): ઉપાયાત્મક પ્રક્રિયા:*** *c) જ્યાં સભ્યોએ એ ઓળખી કાઢ્યું હોય કે તેમણે પ્રતિકૂળ માનવ અધિકારોની અસરો સર્જી છે અથવા તેમાં યોગદાન આપ્યું છે, ત્યાં તેઓ તે અસરોના નિવારણ માટે કાયદેસરની પ્રક્રિયાઓ પૂરી પાડશે અથવા તેમાં સહકાર આપશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - ○ જો તમારી કંપની વિપરીત માનવ અધિકાર અસર માટે કારણભૂત હોય અથવા યોગદાન આપ્યું હોય તો ઉપાયાત્મક જોગવાઇ લાગુ પડે છે. તમારી સામેલગીરીની ઓળખ તમારા પોતાની આકારણીમાંથી આવી હોય અથવા તો અન્યો દ્વારા તમારા ધ્યાનામાં લાવવામાં આવ્યું હોય તેવું બની શકે છે.
  - ○ ઉપાયાત્મક પ્રક્રિયાને ઓળકી કઢાયેલી વિપરીત માનવ અધિકાર અસરોના આધારે અગ્રિમતા આપવી જોઇએ.
  - ○ ઉપાયમતમક અસંખ્ય સ્વરૂપો લઇ શકે છેઃ સ્વીકારવું અને બચાવ, નુકસાન ફરી વખત ન થાય તે માટે પગલાં લેવા, નુકસાન (નાણાંકીય અથવા અન્ય)માટે વળતર, પ્રવૃત્તિ અથવા સંબંધનો અંત, અથવા પક્ષકારો દ્વારા સંમત થયેલ ઉપાયોના અન્ય સ્વરૂપ.
  - ○ કંપની સિવાય જેમ કે સરકારી એજન્સી અથવા કોર્ટ સાહસ દ્વારા પૂરા પાડવામાં આવેલ ઉપાયાત્મક માટે યોગ્ય હોઇ શકે છે.
  - ○ રીપોર્ટિંગના ભાગરૂપે પ્રગતિ અને ઉપાયાત્મક પ્રક્રિયાઓના પરિણામોનું સંદેશાવહન કેવી રીતે કરવું તે વિચારો. વહેલાસર તકરાર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે અને સીધી રીતે ઉપાય થાય તે માટે શક્ય બનાવવા, સભ્યોએ જેને વિપરીત રીતે અસર થાય તેમ હોય તેવા વ્યક્તિગતો અને સમુદાયો માટે અસરકારક તકરાર પદ્ધતિ સ્થાપિત કરવી જોઇએ અથવા ભાગ લેવો જોઇએ.
    - અધિકાર સક્ષમ પદ્ધતિ તરીકે આરજેસી ફરિયાદ પદ્ધતિની રચના કરવામાં આવી છે જેના મારફતે કોઇ પણ પક્ષકાર વિપરીત માનવ અધિકાર અસરો વિશે ચિંતા વ્યક્ત કરી શકે છે. આરજેસીની પ્રક્રિયા દરેક સભ્યોને લાગુ પડે છે, જેઓને સભ્યપદની શરત તરીકે તેની પ્રક્રિયાઓમાં ભાગ લેવાની જરૂર પડે છે.
    - તકરારોનો સીધો ઉકેલ કરવાનું શક્ય બને તે માટે કારોબારોએ તેમના પોતાની કામગીરી-સ્તરની તકરાર પદ્ધતિ/ઓ સ્થાપિત કરવાનું પસંદ કરવું જોઇએ. જ્યાં આરજેસી સમક્ષ

ફરિયાદો ઉઠાવવામાં આવે છે અને તેને સામેલગીરી અને વાટાઘાટ દ્વારા કામગીરી સ્તરે ઉકેલી શકાય છે, તેનો પ્રથમ નિર્દેશ આરજેસીના સભ્યને અપાશે.

- ખાણ એકમો ધરાવતા સભ્યો અધિકાર સક્ષમ કામગીરી સ્તર ફરિયાદો અથવા તકરાર પદ્ધતિઓ કે જે **સામુદાયિક સામેલગીરી** હેઠળ અસરગ્રસ્ત સમુદાયોમાં પ્રવેશક્ષમ હોય તેવી ધરાવવાની જરૂરિયાત હોય છે.
- અસરકારક ઉપાયાત્મક પ્રક્રિયાઓ માટેની શરતો પર વધારાની માહિતી માટે 'ઉપાયોમાં પ્રવેશ' (ખાસ કરીને સિદ્ધાંત 31) કારોબાર અને માનવ અધિકાર પર, વિભાગ III ના યુએન મર્ગદર્શક સિદ્ધાંતો જુઓ.
- કારોબારો કાયદેસરના સરકાર આધારિત ન્યાયિક અને બિન-ન્યાયિક પદ્ધતિ તેમજ અન્ય સરકાર સિવાયની પદ્ધતિઓને સહકાર આપશે.

- ***સીઓપી6.2: સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પ્રાપ્તી:*** *સભ્યો, જો હીરા, સોના અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓમાં પ્રત્યક્ષ રીતે, ઘર્ષણથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કાર્યરત હોય અથવા ત્યાંથી પ્રાપ્તિ મેળવી રહ્યા હોય તો, પ્રતિકૂળ માનવ અધિકારોની અસરોના ઉચ્ચ જોખમોની આકારણી માટે માનવ અધિકારો પ્રત્યેની કર્તવ્યપરાયણતા (ડ્યુ ડિલિજન્સ) પ્રક્રિયાનો ઉપયોગ કરશે.*

  *d) વિપરીત માનવ અશિકાર અસરોના ઊંચા જોખમોની સમીક્ષા કરો.*

  *e) જ્યાં જોખમોને ઓળકી કાઢવામાં આવ્યા હોય, ત્યાં સભ્યો સંઘર્ષના કારણભૂત અને યોગદાન આપતા અને વિપરીત માનવ અધિકાર અસરોના જોખમોનું સંચાલન અને શમન કરવા માટે પદ્ધતિઓ લાગુ પાડશે.*

ઝવેરાત પુરવઠા શૃંખલામાં સંઘર્ષ જોખમો પર ભાર મુકવાને કારણે વ્યવહાર સંહિતામાં સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પ્રાપ્તિની ચોક્કસ જોગવાઇનો સમાવેશ કરે છે. તેમાં આરજેસી સભ્યએ આ જોગવાઇ ઓડીટ પ્રક્રિયા માટે ચાહે લાગુ પડે કે નહી તે સ્પષ્ટ રીતે ઓળખી કાઢવાની આવશ્યકતા રહેશે. યુએન માર્ગદર્શક સિદ્ધાંતો કે જેની આ માર્ગદર્શન પ્રકરણમાં ચર્ચા કરવામાં આવી છે તેની સામાન્ય જરિયાતો પર જોગવાઇઓ ઊભી છે એટલં જ નહી પરંતુ સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારો અને ઊંચા જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર પુરવઠા શૃંખલા માટે ઓઇસી ડ્યૂ ડિલિજન્સ માર્ગદર્શન સહિત અન્ય માર્ગદર્શન અને કાર્યક્રમોનો પણ સંદર્ભ ટાંકે છે. **સીઓપી.6. 2 ના સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ માટે કૃપા કરીને અલગ માર્ગદર્શન પ્રકરણ** સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારો **વાંચો.**

તપાસો:

- ✓ શું તમે માનવઅધિકારો ને સન્માન આપવાની લેખિત નીતિ પ્રતિબદ્ધતા ઓડીટરને બતાવી શકો છો? આ કદાચ અન્ય નીતિ/ઓમાં અલાયદી નીતિ અથવા સંકલિત હોઇ શકે છે.
- ✓ શું તમે ઓડીટરને બતાવી શકો છો કે તમે કેવી રીતે માનવ અધિકાર ડ્યૂ ડિલિજન્સ પ્રક્રિયા હાથ ધરી છે?
- ✓ શં તમે કારોબાર કામગીરીઓમાં તમારી જોખમ આકારણીના પરિણામોનું સંકલન કરવાના પ્રયત્નો કર્યા છે?
- ✓ જો તમે વિપરિત માનવ અધિકાર અસરો માટે કારણભૂત બન્યા હોય કે યોગદાન આપ્યું હોય તો, શું તમે ઉપાયાત્ક પ્રક્રિયાઓ પૂરી પાડી છે કે સહકાર આપ્યો છે અને અસરો પર કી રીતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને સંદેશાવહન કર્યું છે તે બતાવી શકો છો?

**પ્ર અને જ: માનવ અધિકાર**

**1. *શું આપણે આપણી નીતિઓમાં "માનવ અધિકાર" શબ્દનો ઉપયોગ કરવો છે?***
આવશ્યક નથી, બાહ્ય હિસ્સેદારો મારફતે કંપની જો ભાષાનો ઉપયોગ ન કરે તો કંપની માનવ અધિકાર અધિકાર ધરાવતી નથી તેવું માની શકે છે. કેટલાક કારોબારો માટે, ખાસ કરીને નાનાથી મધ્યમ કદના સાહસો, કામદાર આરોગ્ય અને સુરક્ષા, શ્રમિક અધિકારો, જવાબદાર કારોબાર વ્યવહારો સામાન્ય રીતે અને/જવાબદાર પ્રાપ્તિ પ્રયત્નો જેવા કર્મચારીઓનો દેખાય તેવો અર્થ ધરાવતા હોય તેવા ચોક્કસ મુદ્દાઓની આસપાસ માનવ અધિકાર નિવેદનની રચના કરતા હોય તેને સંબંધિત હોઇ શકે છે. આ માર્ગદર્શનની પુરવણી 2માં કેટલાક નીતિ નિવેદન માટે કેટલીક ભાષાઓના ઉદાહરણ છે જે માનવ અધિકારની ચર્ચા કરે છે જેને યોગ્ય હોય ત્યારે અપનાવી શકાય છે.

**2. *આરજેસી વ્યવહાર સંહિતામાં કારોબાર માટે વિપરીત માનવ અધિકાર માટે 'કારણભૂત' અથવા 'યોગદાન' આપતા હોય ઉપાયાત્મકની જરૂર છે. શું કારોબાર (કરારી) સંબંધનો તમે કોઇપણ કે દરેક વિપરીત અસરો કે તેઓ કારણભૂત થઇ શકે તેમાં યોગદાન આપ્યું છે તેવો આવશ્યક રીતે અર્થ થાય છે?***
આ મહત્ત્વના મુદ્દા તેની જાતે જ ખરેખ અસર છે, કારોબાર સંબંધ નથી. જો તમારા કેટલાક વિભાગો કરારોબાર ભાગીદારને વિપરીત અસરનું કારણ બનાવવાની ફરજ પાડતા હોય તો, તમે અસરમાં 'યોગદાન' આપ્યું છે. ઉદાહરણ તરીકે ઉત્પાદનની છેલ્લા સમય અને કિંમતને સરખી કર્યા વિના અગિયારમા કલાકે પુરવઠાકારો માટેની પેદાશ જરૂરિયાતો બદલાવતા પુરવઠાકારોને ડિલીવર કરવાના હેતુથી શ્રમ કરારનો ભંગ કરવા માટે દબાણ કરી શકે છે, જેને અસરમાં 'યોગદાન' આપ્યું હોવા તરીકે ગણી શકાય છે. આમ છતાં તે વ્યક્તિ/સાહસ સાથે કારોબાર સંબંધ ધરાવવો તેનો અર્થ એ નથી તમે કારણભૂત થઇ શકે તેવી કોઇ પણ કે દરેક વિપરીત અસરોમાં "યોગદાન" આપ્યું છે.

અસર તમારી કામગીરીઓ, પેદાશો અથવા સેવાઓ સાથે કારોબારના સંબંધ દ્વારા સંકળાયેલી છે તેના કારણે જો તમને લાગે કે તમે વિપરીત અસરમાં જ ફક્ત સામેલગીરીના જોખમે છો તો અસર માટે તમાર જવાબદારી બનતી નથી:
કે કારણભૂત અથવા તેમાં યોગદાન આપ્યું હોય તે સાહસની જવાબદારી રહેલી છે. તમારો કારોબાર સંબંધ, જોકે તમે ભવિષ્યની વિપરીત અસરો "રોકવા માટે શમન કરવાની ઇચ્છા"નો ઉપયોગ કરવા માટે તમે સંભવિતઃ તેની પર લિવરેજનું સર્જન કરી શકો છો. આમાં પણ સાહસ અને/અથવા અન્યો કે જે મદદ કરી શકે છે તેનો સમાવેશ કરી શકે છે.

**3. જો મારો કારાર મારા પુરવઠાકાર સાથે લિવરેજ ન હોય શું? જો તે સપ્લાયર દ્વારા જો હું વિપરીત માનવ અધિકાર ઓળખી કાઢું તો, મારે શું કરવું?**
જ્યારે વિપકીત માનવ અધિકાર પુરવઠાકાર દ્વાર કારણભૂત બને છે, ક્ષમતા-નિર્ધારણની દરખાસ્ત કરીને અથવા અન્ય પ્રોત્સાહનો કે સાહસ સાથે સંબધિત હોય તેની પર પ્રભાવ પાડી શકે છે તેનું ઉદાહરણ આપી શકાય. વૈકલ્પિક રીતે, પુરવઠાકારના સંબંધનો અંત લાવી શકો છો, પરંતુ આ નિર્ણય કરવામાં તમારે આવું કરવાની માનવ અધિકાર પરની વિપરીત અસરોનું પણ મુલ્યાંકન કરવું જોઇએ. સંબંધનો અંત જ્યારે પુરવઠાકાર પેદાશ અથવા સેવા પૂરી પાડતો હોય કે જે આવશ્યક હોય અને જેના માટે વાજબી વિકલ્પ સ્રોત અસ્તિત્વ ધરાવતો ન હોય ત્યારે મુશ્કલ બની શકે છે. આ પરિસ્થિતિમાં તમે તમારી કંપનીને કાનૂની અને ગેરકાનૂની પરિણામોની અને માનવ અધિકારની અસરની તીવ્રતાની સંભાળપૂર્વક સમીક્ષા બાદ સંબંધને લાંબો ચલાવવાનું પણ નક્કી કરી શકો છો. જોકે અસર જેટલી વધુ તીવ્ર હોય, તો તમારે ઝડપથી તેનો વિકલ્પ શોધી કાઢવાનો પ્રયત્ન કરવો જોઇએ.

**4. *માનવ અધિકાર ડ્યૂ ડિલિજન્સમાં મારા દરેક ભાગીદારોના સંપૂર્ણ ઓડીટનો સમાવેશ થાય છે?***
યુએમ માર્ગદર્શક સિદ્ધાંતોમાં સાહસોએ માનવ અધિકાર દરેક સાહસ કે જે સંબંધ ધરાવે છે તેના રેકોર્ડનું મુલ્યાંકન કરવાનો ઇરાદો ધરાવતો નથી અને આરજેસીને તેની જરૂર નથી. જોકે કેટલીક પરિસ્થિતિઓમા માટે કારોબારો તેમની ડ્યૂ ડિલિજન્સ પ્રક્રિયાના ભાગરૂપે ઓડીટ કરવાનું કે કારોબારના ભાગીદારોની મુલાકાત લેવાનું પસંદ કરી શકે છે.
ડ્યૂ ડિલિજન્સ આગળ ધપતી પ્રક્રિયા હોવાથી અસરોને રોકવા કે તેના શમન માટે ક્ષમતા નિર્ધારણ અથવા કરારી જોગવાઇ જેવી પદ્ધતિઓ પર ધ્યાન આપવાનુ સંબધિત હોઇ શકે છે.

**5. *જો માનવ અધિકાર ડ્યૂ ડિલિજન્સ પ્રક્રિયા લઘુ કારોબારો માટેની દેખાય તો શું?***
આરજેસી માનવ અધિકાર ડ્યૂ ડિલીજન્સ ટૂલકીટ લઘુ કારોબારોના ઉપયોગ માટે રચના કરવામાં આવી છે તેવી ડ્યૂ ડિલિજન્સ પ્રક્રિયા માટે ટેમ્પ્લેટ પૂરું પાડે છે. સંકલિત અભિગમ લઘુ કારોબારો માટે શ્રેષ્ઠ રીતે કામ કરી શખે છે જેમ કે માનવ અધિકાર જોખમોની અથવા કારોબાર ભાગીદારો આકારણી સાથે અસરોની વિચારણા કરવી. તમારી પોતાનું અને સંકળાયેલી પ્રવૃત્તિઓનું ડ્યૂ ડિલિજન્સ હાથ ધરવું એ તમારા કારોબારની અને બહોળા પુરવઠા શ્રૃંખલા જોખમોની વધુ સારી સમજણ છે. આ બાબત તમને ગ્રાહક અને પુરવઠાકારના પ્રશ્નોના આત્મવિશ્વાસ સાથે જવાબ આપવામાં સહાય કરે છે.

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો આ માર્ગદર્શન અને/અથવા માનવ અધિકારો પર વધારાની માહિતી પૂરી પાડવા માટે સંદર્ભિત કરવામાં આવી છે:

- જવાબદાર ખાણકામ માટે જોડાણ (એઆરએમ) – માનવ અધિકારના લેન્સ મારફતે કુશળ કામદાર અને નાના પાયાના ખનનનો સંપર્ક કરતા, આંતરરાષ્ટ્રીય પગલા માટેની હાકલ (2013)
  www.communitymining.org/attachments/059_Human_Rights_and_ASM_full%20version.pdf
- કારોબાર અને માનવ અધિકાર – યુએન માર્ગદર્શક પોર્ટલ (6 ભાષાઓ)
  www.business-humanrights.org/UNGuidingPrinciplesPortal/Home
- કારોબાર અને માનવ અધિકાર સંશાધન કેન્દ્ર – ઝવેરાત (2013)
  www.business-humanrights.org/Categories/Sectors/Consumerproductsretail/Jewellery
- કારોબાર અને માનવ અધિકાર પહેલ /વૈશ્વિક નેટવર્ક નેધરલેન્ડ્ઝ - માનવ અધિકારોનું સન્માન કરવા માટે કેવી રીતે કારોબાર કરવો: કંપનીઓ માટે માર્ગદર્શક ટૂલ (2010)
  gcnetherlands.nl/report_business_human_rights.htm
- યુરોપિયન કમિશન – મારો કારોબાર અને માનવ અધિકાર. નાના અને મધ્યમ કદના સાહસો માટે માનવ અધિકારોની માર્ગદર્શિકા (2012)
  http://ec.europa.eu/enterprise/policies/sustainable-business/files/csr-sme/human-rights-sme-guide-final_en.pdf
- માનવ અધિકાર અસર આકારણી અને વ્યવસ્થાપન માટેની માર્ગદર્શિકા (2010)
  http://www1.ifc.org/wps/wcm/connect/Topics_Ext_Content/IFC_External_Corporate_Site/Guide+to+Human+Rights+Impact+Assessment+and+Management/
- હાર્વર્ડ કેનેડી સ્કુલ - અધિકાર-સક્ષમ તકરાર પદ્ધતિઓ: કંપનીઓ અને તેમના હિસ્સેદારો માટે માર્ગદર્શક ટૂલ (2008)
  www.hks.harvard.edu/m-rcbg/CSRI/publications/Workingpaper_41_Rights-Compatible%20Grievance%20Mechanisms_May2008FNL.pdf
- માનવ અધિકાર પર માનવ અધિકાર અને કારોબાર અને વૈશ્વિક કારોબાર પહેલ માટેની સંસ્થા-સ્ટેટ અફ પ્લે: કારોબાર સંબંધોમાં માનવ અધિકારોને સન્માન આપવાની કોર્પોરેટ જવાબદારી
  http://www.ihrb.org/pdf/state-of-play/State-of-Play-Full-Report.pdf
- ખાણ અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ) – ખાણ અ ઝવેરાત ઉદ્યોગમાં માનવ અધિકાર: કોર્પોરેટ જોશમ વ્યવસ્થાપન પ્રક્રિયામાં માનવ અધિકાર ડ્યૂ ડિલિજન્સનું સંકલન કરતા (2012)
  www.icmm.com/page/75929/human-rights-in-the-mining-and-metals-industry-integrating-human-rights-due-diligence-into-corporate-risk-management-processes
- આંતરરાષ્ટ્રીય નાણાં નિગમ (આઇએફસી), ગ્લોબલ કોમ્પેક્ટ, આંતરાષ્ટ્રીય કારોબાર અગ્રણી ફોરમ (આઇબીએલએફ) – માનવ અધિકાર અસર આકારણી અને વ્યવસ્થાપનની માર્ગદર્શિકા (2010)
  www1.ifc.org/wps/wcm/connect/Topics_Ext_Content/IFC_External_Corporate_Site/Guide+to+Human+Rights+Impact+Assessment+and+Management
- સંઘર્ષ-અસરગ્રસ્ત અને ઊચા જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર પુરવઠા શૃંખલા માટે ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સ માર્ગદર્શન – સોના પરની પુરવણી, બીજી આવૃત્તિ (2012)
  www.oecd.org/fr/daf/inv/mne/mining.htm
- રિયો ટિન્ટો – વ્હાય હ્યુમન રાઇટ્સ મેટર્સ
  http://www.riotinto.com/documents/ReportsPublications/Rio_Tinto_human_rights_guide_-_English_version.pdf

- સોશિયલ એકાઉન્ટેબિલીટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) અને ઇન્ટર ચર્ચ ઓર્ગેનાઇઝેશન ફોર ડેવલપમેન્ટ કો-ઓપરેશન(આઇસીસીઓ) – કારોબાર અને માનવ અધિકાર પરના યુનાઇટેડ નેશન્સ માર્ગદર્શક સિદ્ધાંતો: પુરવઠા શૃંખલા અમલીકરણમાં છ પગલાંનો અભિગમ (2012)
  www.sa-intl.org/index.cfm?fuseaction=Page.ViewPage&pageId=1315
- યુએન ગ્લોબલ કોમ્પેક્ટ – માનવ અધિકાર-ટૂલ્સ અને માર્ગદર્શન
  www.unglobalcompact.org/Issues/human_rights/Tools_and_Guidance_Materials.html
- યુનાઇટેડ નેશન્સ ગોલ્બોલ કોમ્પેક્ટ /પીઆરઆઇ – સંઘર્ષ-અસરગ્રસ્ત અને ઊંચા જોખમવાળા વિસ્તારોમાં જવાબદાર કારોબાર પર માર્ગદર્શન: કંપનીઓ અને રોકાણકારો માટે સંશાધન (2010)
  www.unglobalcompact.org/docs/issues_doc/Peace_and_Business/Guidance_RB.pdf
- માનવ અધિકારની હાઇ કમિશનરની યુનાઇટેડ નેશન્સની ઓફિસ-માનવ અધિકાર શું છે?
  www.ohchr.org/EN/Issues/Pages/WhatareHumanRights.aspx
- માનવ અધિકારની હાઇ કમિશનરની યુનાઇટેડ નેશન્સની ઓફિસ – કારોબાર અને માનવ અધિકાર પરના માર્ગદર્શક સિદ્ધાંતો: યુનાઇટેડ નેશન્સના "રક્ષણ, સન્માન અને ઉકેલ" માળખાનો અમલ કરતા (2011)
  www.ohchr.org/Documents/Publications/GuidingPrinciplesBusinessHR_EN.pdf
- માનવ અધિકારની હાઇ કમિશનરની યુનાઇટેડ નેશન્સની ઓફિસ – માનવ અધિકારને સન્માન આપવાની કોર્પોરેટ જવાબદારી – અર્થઘટિત માર્ગદર્શિકા (2012)
  http://www.ohchr.org/Documents/Publications/HR.PUB.12.2_En.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 6.2) સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારો

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**સંઘર્ષ**નો અર્થ થાય છે સશસ્ત્ર આક્રમણ, વ્યાપક હિંસા અને/અથવા વ્યાપક માનવ અધિકારોના દુરુપયોગો. તેમાં નીચેનાનો સમાવેશ થઇ શકે છે:

i) પજવણી, ક્રૂરતા, અમાનવીય અને હલકી સારવારનું કોઇપણ સ્વરૂપ;

ii) બળજબરીપૂર્વકના અથવા ફરજિયતા શ્રમનું કોઇપમ સ્વરૂપ, જેનો અર્થ થાય છે, કામ અથવા સેવા, જે દંડના દૂષણ હેઠળ કોઇપણ વ્યક્તિને મળતં આવતું હોય અને જેના માટે તે વ્યક્તિએ પોતાની જાતે સ્વૈચ્છિક રીતે દરખાસ્ત કરી ન હોય;

iii) બાળ મજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો;

iv) અન્ય એકંદરે માનવ અધિકાર ઉલ્લંઘનો અને દુરુપયોગો જેમ કે વ્યાપક પ્રમાણમાં સેક્સ્યુઅલ હિંસા;

v) યુદ્ધને લગતા ગુન્હાઓ અથવા અન્ય માનવીઓને લગતા કાયદાઓનું ગંભીર ઉલ્લંઘન, માનવતા વિરુદ્ધના ગુન્હાઓ અથવા નરસંહાર.

[સ્રોત: જોડાણ *II*, ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સ માર્ગદર્શન]

**સંઘર્ષ અસરગ્રસ્ત** વિસ્તારો એટલે જ્યાં સંઘર્ષ સતત થતો હોય. દેશ અથવા એવો વિસ્તાર કે એક અથવા વધુ દેશોની સરહદને ઓળંગતો હોય તે વિસ્તાર કે પ્રદેશ. કામગીરીઓ જરૂરી નથી કે જો તે સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારમાં સ્થિત હોય તો સંઘર્ષમાં ભાગીદારી ધરાવતા જ હોય.

**માનવ અધિકાર** એ સનાતન અધિકાર અને સ્વતંત્રતા દરેક વ્યક્તિને ભેદભાવ વિના આંતરરાષ્ટ્રીય માન્યતા ધરાવતા પ્રમાણોને આધારે ગણવામાં આવે છે. ઓછામાં ઓછા સ્તરે, માનવ અધિકારના ખરડા, મૂળભૂત સિદ્ધાંતો પરના આઇએલઓ જાહેરનામા અને કાર્ય અને લાગુ પડતા કાયદાના અધિકારોમાં રજૂ કરેલ અધિકારો અનુસાર માવ અધિકારમાં હેતુને સમજે છે.

*સ્રોત:*

- આંતરરાષ્ટ્રીય ચેતવણી, સંઘર્ઘ સંદેવનશીલ કારોબાર વ્યવહાર: ઉત્ખનન ઉદ્યોગો માટે માર્ગદર્શન *(2005)*
  www.international-alert.org/resources/publications/conflict-sensitive-business-practice-guidance-extractive-industries
- *સંઘર્ષ અસરગ્રસ્ત અને ઊંચા જોખમવાળા વિસ્તારોની જવાબદાર પુરવઠા શૃંખલા પર ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સ માર્ગદર્શન, બીજી આવૃત્તિ (2012)*
  www.oecd.org/fr/daf/inv/mne/mining.htm
- *કસ્ટડી પ્રમાણની આરજેસી શૃંખલા (2012)*
- *યુનાઇટેડ નેશનલ માનવ અધિકાર – માનવ અધિકારો શું છે?*
  www.ohchr.org/EN/Issues/Pages/WhatareHumanRights.aspx

સીઓપીનો **સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારો** વિભાગ તેમાં કામ કરી રહેલા સભ્યોને અથવા હીરાઓ, સોનું અથવ પ્લેટીનમ જુથ ધાતુઓને સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારમાંથી પ્રાપ્ત કરે છે તેમને લાગુ પડે છે.

સીઓપીના **સંઘર્ષ અસરગ્રસ્ત** વિસ્તારો વિભાગને સીઓપીના ટકાઉ રીપોર્ટિંગ, માનવ અધિકાર, લાંચ અને સવલતભરી ચૂકવણી, સામુદાયિક સામેલગીરી અને અસર આકારણી તરીકે તેના સંદર્ભમાં યોગ્ય લાગે તેના સંદતેમ વંચાવા જોઇએ અને અમલ કરવો જોઇએ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

માનવ અધિકાર માટેનું માર્ગદર્શન પ્રકરણને આ પ્રકરણના સંદર્ભમાં વંચાવુ જોઇએ..

સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારોને સશસ્ત્ર સંઘર્ષની હાજરી, બહોળા પ્રમાણમાં હિસા અથવા પ્રજાને નુકસાનના અન્ય જોખમો દ્વારા ઓળખી શકાય છે. સૌથી ખરાબર માનવ અધિકાર દુરુપયોગમાં જે તે પ્રાંતના અંકુશ પર સઘર્ષની વચ્ચે થતા કારોબાર, સંશાધનો અથવા સરકાર-કે જેમાં માનવ અધિકાર વ્યવસ્થાની ધાર્યા પ્રમાણેની આશા રાખી ન શકાય તેનો સમાવેશ થાય છે. જવાબદાર કારોબારો આ મુશ્કેલરૂપ સંદર્ભમાં માનવ અધિકારના યોગદાનને અવગણવા માટે માર્ગદર્શન વધુને વધુ રીતે આશા રાખે છે. આ પ્રકારના વિસ્તાકમાં કારોબારની કામગીરી માટે જવાબદાર વ્યવહાર પર તાજેતરના વર્ષોમાં માર્ગદર્શનનો વિકાસ ઓર્ગેનાઇઝેશન ફોર ઇકોનોમિક એન્ડ ડેવલપમેન્ટ (ઓઇસીડી) અને યુએન ગ્લોબલ કોમ્પેક્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

માનવ અધિકાર, સલામતી અને દેશ અથવા પ્રદેશની સામાજિક જાળ માટે સંઘર્ષ ધમકીરૂપ છે. સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારોમાં, “યજમાન” દેશ કદાચ અંસરકારક અંકુશને કારણે પૂરતી રીતે માનવ અધિકારનું રક્ષણ કરવા માટે અક્ષમ બની શકે છે. જ્યારે બહુરાષ્ટ્રીય નિગમોને સામેલ કરવામાં આવે છે ત્યારે તેમની “ઘરેલું” સરકાર તે નિગમો અને યજમાન સરકારને મદદ કરવામાં ભૂમિકા ભજવી શકે છે જેથી કારોબારો માનવ અધિકારના દુરુપયોગમાં સામેલ નથી તેની ખાતરી કરી શકાય.

હીરાઓ, સોનું અને પ્લેટીનમ જૂથના ધાતુઓ કેટલીકવાર ગેરકાયદે સશસ્ત્ર જૂથોને ધિરાણ આપવા માટેની તકો પૂરી પાડે છે, જે સંઘર્ષમાં પરિણમી શકે છે અને વેગ આપી શકે છે. જોકે ખાણ એકમો કે જે સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારોમાં આવેલા હોય તે આવશ્યક રીતે સંઘર્ષમાં ભાગીદારી સમાવતા ન હોય અને સ્થાનિક સમુદાયો અગત્યના આર્થિક અને અન્ય સામાજિક વિકાસ ફાયદાઓ કે જે સંઘર્ષ અને અસ્થિરતાની ભૂમિકા વિરુદ્ધ મહત્ત્વના હોય તેમની પર ભાર મુકવાનું અગત્યનું છે.

કંપનીઓએ એ ખાતરી રાખવી જ જોઇએ કે તેઓ સંઘર્ષમાં, પોતાની કામગીરીઓ દ્વારા કે તેમની કામગીરીઓ, પેદાશો અથવા સેવાઓ તેમના કારોબાર સંબંધો મારફતે સીધી રીતે સંકળાયેલા છે તે સંઘર્ષમાં યોગદાન ન આપે. સંઘર્ષમાં યોગદાનને ટાળવા માટેની જવાબદારી માનવ અધિકાર ડ્યૂ ડિલિજન્સનો ઘટક હોવો જોઇએ અને તેમાં ગેરકાયદે સશસ્ત્ર જૂથો, કે જે ગંભીર માનવ અધિકારના દુરુપયોગના સર્જકો છે તેને કોઇપણ સીધા કે આડકતરા ટેકાના જોખમને આવરી લેવા જોઇએ નહી.

**સંઘર્ષગ્રસ્ત ઝોનમાં ખાણકામ**

ઉત્ખનનકર્તા ઉદ્યોગો પોતાની રીતે સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારોમાં કામ કરતી વખતે સંઘર્ષની પ્રથમ રેખાની નજીક હોવાનું શોધી શકે છે. ખાણ પ્રવૃત્તિઓ અજાણે હિંસાના પરિણામ અથવા કાયમી સ્થિતિમાં અથવા અસંતોષના ભારમાં પરિણમી શકે છે. સંઘર્ષ દ્વારા અનેક ખર્ચાઓ કે જે કંપનીઓ પર લાદવામાં આવ્યા છે તે સીધા કે આડકતરા હોઇ શકે છે. સીધા ખર્ચાઓ દેખીતી રીતે જ કર્મચારીઓ અમે સંપત્તિની વધેલા ખર્ચાને સંબંધિત છે. આડકતરા ખર્ચાઓ છે કે જે કામગીરી પર્યાવરણ પર અસર કરે, તે ફક્ત કંપની પરના ખર્ચાને છતુ કરે છે. કારોબાર કરવાનો 'સઘર્ષ-સંવેદનશીલ' અભિગમ એ છે જેમાં આ ખર્ચાઓને સુમાહિતગાર સંઘર્ષ વ્યવસ્થાપન વ્યૂહરચનાઓનો વિકાસ કરીને દૂર કરવાની માગ કરવામાં આવી છે. કંપનીઓને સંઘર્ષભરી પરિસ્થિતિઓમાં કરેલા નુકસાનોમાં કોઇપણ ભાગીદારીને અવગણવાની જરૂર છે.

યજમાન સમાજોમાં રાષ્ટ્રીય કાયદાનું નિરીક્ષણ એ આરજેસી સભ્યોની પ્રાથમિક જવાબદારી છે. જોકે સંઘર્ષ ઝોનમાં સંઘર્ષ-સંવેદનશીલ કારોબાર વ્યવહારો માટે કાયદાઓને અપૂરતી લાગુ પડાયા હોય અથવા યોગ્ય પર્યાવરણનું સર્જન કરવામાં નિષ્ફળ થયા હોય તેમ બની શકે છે. કંપનીઓએ આંતરરાષ્ટ્રીય કાયદા અને સારા વ્યવહાર સાથે તેમની કામગીરીઓની ખાતરી કરતા સંબદિત આંતરરાષ્ટ્રીય સાધનોને સક્રિય રીતે ટકાવી રાખવી જોઇએ. મહત્ત્વના સાધનોમાં સલામતી અને માનવ અધિકારો પરના સ્વૈચ્છિક સાધનો અને ઉત્ખનન ઉદ્યોગ પારદર્શકતા પહેલનો સમાવેશ થાય છે. આ બન્નેની ખાણ ક્ષેત્રમાં રહેલા આરજેસી સભ્યો માટેની જરૂરિયાતો છે.

અનુપાલન ઉપરાંત, કંપનીઓએ નકારાત્મક અસરોને ધૂર કરવા કે લઘુત્તમ બનાવવા માટે સંઘર્ષનું સર્જન કરવાની કે તેને ઉત્તેજન આપવાની અને શમન પગલાંઓ વિકસાવવાની તેમની ક્ષમતાથી અવગત રહેવું જોઇએ. સુધરેલા સંઘર્ષ જોખમ અને અસર આકારણી, હિસ્સેદારની સામેલગીરી અને સંબંધ નિર્ધારણ પ્રક્રિયા, સંઘર્ષ-સંવેદનશીલ કારોબાર વ્યવહારો મારફતે કંપનીઓને સંઘર્ષમય મુદ્દાઓ પર પરિયોજનાની સીધી કે આડકતરી રીતે અસર થઇ હોય તેને ઓળખી કાઢવામાં સહાય કરે છે. આ બાબત તેમને મુખ્ય કારોબાર, સામાજિક રોકાણ અથવા નીતિ વાટાઘાટ પ્રવૃત્તિઓ મારફતે ઉન્નત કરવાની અને અન્યોની ભાગીદારી સાથે તેમાં યોગદાન આપવા શમન વ્યૂહરચનાઓની રચનાની માહિતી આપે છે.

## C. મુખ્ય પહેલો

*આંતરરાષ્ટ્રીય પહેલો*

આરજેસી ચેઇન ઓફ કસ્ટડી (સીઓસી) પ્રમાણો પૂરું પાડનારાઓ ઝવેરાત પરુવઠા શ્રૃંખલામાં સંઘર્ષ સંવેદનશીલ ડ્યૂ ડિલિજન્સ હાથ ધરવામાં વધુ માર્ગદર્શન પૂરૂં પાડે છે અને સીઓસી માર્ગદર્શનનો આ જોગવાઇ સાથે અનુરૂપતાને ટેકો પૂરો પાડવા માટે સામાન્ય સંદર્ભ તરીકે ઉપયોગ કરી શકાય છે. આરજેસી સીઓસી પ્રમાણ અથવા સમાન સંઘર્ષ સંવેદનશીલ ડ્યૂ ડિલિજન્સ પહેલ સામેનું પ્રમાણીકરણ સીઓપી 7 સાથે અનુરૂપતા માટે વૈકલ્પિક પૂરાવો પૂરો પાડશે.

સંદર્ભ અને/અથવા ખાતરી ટૂલ તરીકે અન્ય સંબંધિત માપદંડોમાં નીચેનો સમાવેશ થાય છે:

- વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ સંઘર્ષ મુક્ત માપદંડ: જે સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારોમાં સોનાની ખાણો પરનું માર્ગદર્શન પૂરૂં પાડે છે. આ પ્રમાણો વિરુદ્ધની સ્વતંત્ર ખાતરી સીઓપી 7 સાથે અનુરુપતા સાથે વૈકલ્પિક પૂરા પાડે છે.

- લંડન બુલિયન માર્કેટ એસોસિયેશન રીસ્પોન્સિબલ ગોલ્ડ ગાયડન્સ: જે જવાબદાર પરુવઠા શૃંખલા માટે ડ્યૂ ડિલિજન્સ પર સોનાના રિફાઇનરોને માર્ગદર્શન પૂરુ પાડે છે. આ પ્રમાણો વિરુદ્ધની સ્વતંત્ર ખાતરી સીઓપી 7 સાથે અનુરુપતા સાથે વૈકલ્પિક પૂરા પાડે છે.
- કંફ્લીક્ટ ફ્રી સોર્સીંગ ઇનિશિયેટીવ (સીએફએસઆઇ): ડોડ ફ્રાંક એક્ટ (યુએસએ)ની કલમ 1502ને સંબંધિત ડ્યૂ ડિલિજન્સ પર સોનાના રિફાઇનરોને માર્ગદર્શન પૂરું પાડે છે.કંફ્લીક્ટ ફ્રી સ્મેલ્ટર યાદી પરનો સમાવેશ સીઓપી 7 સાથે અનુરૂપતા માટે વૈકલ્પિક પૂરાવો પૂરો પાડે છે.
- દુબઈ મલ્ટી કોમોડિટી સેન્ટર પ્રેક્ટીકલ સોર્સીંગ ગાઇડન્સ એન્ડ રિવ્યૂ પ્રોટોકોલ્સ: જવાબદાર પુરવઠા શૃંખલા મટે ડ્યૂ ડિલિજન્સ પર સોનાના રિફાઇનરોને માર્ગદર્શન પૂરું પાડે છે. આ પ્રમાણો વિરુદ્ધની સ્વતંત્ર ખાતરી સીઓપી 7 સાથે અનુરુપતા સાથે વૈકલ્પિક પૂરા પાડે છે.
- સંઘર્ષ-અસરગ્સ્ત અને ઊંચા જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર પુરવઠા શૃંખલા માટે ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સ માર્ગદર્શન: સોના પરની પુરવણીનો સમાવેશ કરે છે જે સોના પુરવઠા શૃંખલા માટે ભલામણો પૂરી પાડે છે.
- આંતરરાષ્ટ્રીય ચેતવણી – ઉત્ખનન ઉદ્યોગો માટે સંઘર્ષ સંવેદનશીલ કારોબાર વ્યવહાર માર્ગદર્શન: જિનેરિક માર્ગદર્શન ટૂલ કારોબારની કામગીરીઓ સંઘર્ષ સંવેદનશીલ હોય તેની ખાતરી રાખવામં સહાય કરે છે.

કારોબાર અને **માનવ અધિકાર** માટે યુએન માર્ગદર્શક સિદ્ધાંતો સાથે માનવ અધિકાર માટે માર્ગદર્શન પ્રકરણ પણ સાથે જુઓ.

***રાષ્ટ્રીય કાયદો***

યુએસ ડોડ ફ્રાંક એક્ટની કલમ 1502માં ડીઆરસી અથવા નજીકના દેશમાં સ્થિત કંપની દ્વારા ઉત્પાદિત “કાર્યરતતા અથવા પેદાશના ઉત્પાદન માટે જરૂરી” કંપનીઓને વાર્ષિક ધોરણે કોઇપણ સંઘર્ષમય ખનિજો જાહેર કરવા માટે એસઇસી-અહેવાલની જરૂર હોવાનું જણાવે છે. જો તેમને એ માનવા માટે કારણ હોય કે તે જે ખનિજોનો વપરાશ કરે છે તે આ પ્રદેશના જ હોઇ શકે છે તેવી કાયદાનો અમલ કરતા અંતિમ નિયમમાં કંપનીઓને ‘સઘર્ષ ખનિજ અહેવાલ’ તેવો રજૂ કરવાની આવશ્યકતા દર્શાવે છે. અહેવાલમાં સ્રોત અને સંઘર્ષગ્રસ્ત ખનિજોની ચેઇન ઓફ કસ્ટડી નક્કી કરવા માટે લેવામાં આવેલા ડ્યૂ ડિલિજન્સના પ્રયત્નોનું વર્ણનનો સમાવેશ થઇ શકે છે અને ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સ માર્ગદર્શન જેવા માન્ય ડ્યૂ ડિલિજન્સને સમર્થન આપે છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 6.2: સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારો:*** *સભ્યો, જો હીરા, સોના અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓમાં પ્રત્યક્ષ રીતે, ઘર્ષણથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કાર્યરત હોય અથવા ત્યાંથી પ્રાપ્તિ મેળવી રહ્યા હોય તો, પ્રતિકૂળ માનવ અધિકારોની અસરોના ઉચ્ચ જોખમોની આકારણી માટે માનવ અધિકારો પ્રત્યેની કર્તવ્યપરાયણતા (ડ્યુ ડિલિજન્સ) પ્રક્રિયાનો ઉપયોગ કરશે.*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- લાગુ પડતી આ જોગવાઇઓ તમે કામગીરીઓ અથવા સીધા પુરવઠાકારો ધરાવી શકો તેવા કોઇપણ સંબંધિત સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારોને પ્રથમ ઓળખી કાઢવાનો સમાવેશ કરે છે કે નહી તેને ઓળખી કાઢે છે. જો તમે તમે ક્યાં કામગીરી કરો છો અથવા કોઇપણ સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પ્રાપ્ત કરો છો તો નીચેનાની પાસેથી માર્ગદર્શન મેળવો:
    - યુએન સિક્યુરિટી કાઉન્સિલ રિઝોલ્યૂશન્સ. નોંધી રાખો કે જો આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ લાગુ પડતો હોય તો, લાગુ પડતા કાયદાને અનુરૂપ કામગીરી કરવાનું શક્ય ન બને.
    - યુએન પીસકીપીંગ ઓપરેશન્સ.
    - યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ "કન્ફિલિક્ટ મિનરલ્સ મેપ" અને ડોડ-ફ્રાંક એક્ટ દ્વારા માગવામાં આવેલા સંલગ્ન અહેવાલો.
    - માનવ અધિકાર વ્યવહાર પરના યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ કંટ્રી રિપોર્ટસ.
    - હેયડલબર્ ઇન્સ્ટિટ્યુ કન્ફિલક્ટ  બેરોમીટર.
    - ઉપ્પસલા કંફ્લીક્ટ ડેટા પ્રોગ્રામ
    - આંતરરાષ્ટ્રીય ચેતવણી.
    - આંતરરાષ્ટ્રીય કટોકટી જૂથ.
    - દેશ જોખમ આકારણીમાં કારોબાર અને /અથવા બનાવ દેખરેખ અને અહેવાલ.

**જિનીવા એકેડમી: સંઘર્ષ અસરગ્રસ્ત અને ઊંચા જોખમવાળા વિસ્તારો માટેના નિર્દેશકો**

*રાજ્યો વચ્ચે:*

- એક કે વધુ રાજ્યો અન્ય રાજ્યના પ્રાંત અથવા સશસ્ત્ર દળો પર ભૂદળ સાથે હુમલો કરે;
- એક કે વધુ રાજ્યો અન્ય રાજ્યના પ્રાંત અથવા સશસ્ત્ર દળો પર હવાઇદળ સાથે હુમલો કરે;
- એક કે વધુ સરકારોના નેવી (નૌકાદળ) અન્ય રાજ્યના પ્રાંત અથવા સશસ્ત્ર દળો પર હુમલો કરે; અને/અથવા
- એક કે વધુ રાજ્ય અન્ય રાજ્યના પ્રાંત પર બીજી સંમતિ વિના કબજો કરી લે.

*અસ્થિરતા:*

- યુએન સિક્યુરિટી કાઉન્સિલે દર્શાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય માનવતાવાદના કાયદાઓ ખાસ સ્થિતિમાં લાગુ પડે છે;
- સંગઠિત બિન સરકારી સશસ્ત્ર જૂથ (એનએસએજી) રાજ્યના પ્રાંતને અંકુશમાં લે;
- સંગઠિત એનએસએજી નિયમિત ધોરણે રાજ્યના  સશસ્ત્ર દળો સાથે લડાઇ કરે;
- અંકુશમાં લેવાતા ઝોન્સમાં ઘણા નાગરિકો જતા રહે; અને/અથવા
- નિષ્ફળ સરકાર કે વિસ્તાર કે જેમાં કાયદો તોડી નાખવામાં આવ્યો છે, બે કે તેથી વધુ એનએસએજીના સભ્યો એકબીજાની સાથે નિયમિત ધોરણે લડાઇ કરતા હોય.

*સશસ્ત્ર સંઘર્ષ:*

- જે વિસ્તાર પ્રાંતમાં આવતો હોય જેની પર સશસ્ત્ર સંઘર્ષ ચાલતો હોય;
- વિસ્તારમાં સશસ્ત્ર સંઘર્ષમાં ધસી જતી આંતરિક રીતે વિકલાંગ વ્યક્તિઓનો સમાવેશ કરે છે, અને/અથવા
- વિસ્તારમાં આશ્રય કેમ્પ અથવા આશ્રિતો કે જેઓ જ્યાં સશત્ર સંઘર્ષ થયો હોય તેવા રાજ્યમાંથી સરહદેથી ઉડીને આવ્યા હોય તેમનો સમાવેશ થાય છે.

ઊંચ જોખમવાળા વિસ્તારો:

- સરકાર સામાન્ય ગુન્હાઓને નાથવા માટે સક્ષમ ન હોય;
- પોલીસ કે અન્ય સલામતી દળો સ્પષ્ટ સ્વતંત્રતા સાથે સામાન્ય જનતાનુ ખુન કરતા હોય કે મારતા હોય;

અથવા સામાન્ય જનતાની બહોળા પ્રમાણમાં સામાન્ય જનતાની ન્યાયિક ધરપકડ કરતા હોય;

- પોલીસ અથવા અન્ય સલામતી દળો સુરક્ષિત રીતે પ્રવેશી શકતા ન હોય કે પેટ્રોલીંગ કરી શકતા ન હોય;
- સરકાર પાયાની આરોગ્ય સેવાઓ અને/અથવા પ્રાથમિક શિક્ષણ પૂરું પાડી શકતી ન હોય;
- બાળકો જોખમી પ્રકારના શ્રમ સાથે સંકળાયેલા હોય;
- ઊંચા પ્રમાણમાં સેક્સ્યુઅલ હિંસા થતી હોય;
- લોકોને શ્રમ કરવા માટે ફરજ પાડવામાં આવે;
- બાળકોની સશત્ર દળો અથવા સશત્ર જૂથોમાં ભરતી થતી હોય;
- રાજ્યની સામાન્ય સેવાઓ માટે લાંચ માગવામાં આવતી હોય;
- ન્યાયતંત્ર દ્વારા પક્ષપાતને કારણે કાયદો લાગુ પાડવામાં આવતો ન હોય; અને /અથવા
- સંગઠિત ગુન્હા નેટવર્કસ સફળતાપૂર્વક અને સ્પષ્ટ સ્વતંત્રતા સાથે કામ કરે છે.

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- તમારી કંપનીની નીતિ/ઓમાં સંઘર્ષ-સંવેદનશીલ પ્રાપ્તિ વચનોનું સંકલન કરો. તે નીચેના દ્વારા હોઇ શકે છે:
  - સામાન્ય રીતે માનવ અધિકાર (માનવ અધિકાર) અને/અથવા જવાબદાર કારોબાર વ્યવહારો (નીતિ અને અમલીકરણ) પર સન્માન કરતા કારોબાર નીતિ અહેવાલમાં સંઘર્ષમાં યોગદાન ટાળવાના વચન સહિત; અથવા
  - સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારોમાંથી હીરા, સોનું અને/અથવા પ્લેટીનમ જૂથની ધાતુઓ માટે વધુ ચોક્કસ કંપની પુરવઠા શૃંખલા નીતિ સ્થાપિત કરતા. નમૂનારૂપ નીતિઓ અને ટેમ્પ્લેટ્સ ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સ માર્ગદર્શનમાં અને આરજેસી ચેઇન ઓફ કસ્ટડી પ્રમાણ માર્ગદર્શનમાં ઉપલબ્ધ છે.
- વિપરીત માનવ અધિકાર આકારણી અને સંઘર્ષમાં ફાળો આપવાના વધુ જોખમોનો દસતાવેજ તૈયાર કરવાની અને સમીક્ષા કરવાની જોખમ આકારણી અથવા ડ્યૂ ડિલિજન્સ પ્રક્રિયાનો ઉપયોગ કરો.
  - જો કારોબાર સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારમાં કામગીરી ધરાવતો હોય:
    - સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારોમા દરેક ગેરકાયદે સશસ્ત્ર જૂથોને ઓળખી કાઢવા માટે પદ્ધતિ અસ્તિત્વમાં હોય, અને ચૂકવણીઓ રોકવા, હેરફેરની સહાય અથવા આ પ્રકારના ગેરકાયદે સશત્ર જૂથોને અથવા તેમના સંલગ્નોને સાધનો પૂરા પાડવામાં આવી રહ્યા હોય તે રોકવા માટેની વ્યવસ્થાની સ્થાપના કરો. વધુમાં સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારોમાં કામ કરતી ખાણ કંપનીઓ માટે સંઘર્ષ મુક્ત ડ્યૂ ડિલીજન્સનું માર્ગદર્શન આરજેસી ચેઇન ઓફ કસ્ટડી માર્ગદર્શન દસ્તાવેજ, જોગવાઇ 4.2 ડ્યૂ ડિલિજન્સમાં શોધી શકાય છે. અન્ય પ્રકારના કારોબારો તેમના સંજોગોને અનુકૂળ થાય તે રીતે આ માર્ગદર્શન અપનાવી શકે છે. સંઘર્ષ જોખમોનું વ્યવસ્થાપન કરતી કંપનીઓ માટે સામાન્ય માર્ગદર્શન સંઘર્ષ અસરગ્રસ્ત અને ઊંચા જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજની જવાબદાર પુરવઠા શૃંખલા માટેના ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સમાં શોધી શકાય છે.
    - ડ્યૂ ડિલિજન્સમાં વિગતોનું સ્તર, પ્રવર્તમાન સામાજિક અથવા રાજકીય પરિસ્થિતિઓ અને/અથવા હાલની અથવા તાજેતરની સંઘર્ષની સમીપતા, અને/અથવા જટીલતા અને કંપનીના સ્થાનિક પુરવઠાકારોના પ્રકારને આધારે સંઘર્ષ થવાની શક્યતા હોય તેના જોખમના સ્તર સાથે સમપ્રમાણ હોવું જોઇએ.
  - જો કારોબાર હીરાઓ, સોનું અથવા પ્લેટીનમ જૂથની ધાતુઓ સીધા સંઘર્ષ-અસરગ્રસ્ત

વિસ્તારમાંથી પ્રાપ્તિ કરતા હોય તો:

- સીધો સ્રોત એટલે એવો પુરવઠાકાર કે જે પુરવઠાકાર સાથે સંલગ્ન હોય અથવા તેના અંકુશ હેઠળ હોય તેવા સાહસ સહિતના સભ્ય સાથે સીધી રીતે સામેલ થતો હોય.
- ખાસ કરીને ગેરકાયદે સશસ્ત્ર જૂથોને સીધી રીતે કે આડકતરી રીતે સહાયનું જોખમ હોય ત્યારે સંઘર્ષમાં યોગદાન આપતા પુરવઠાકારના જોખમની આકારણી કરો. પુરવઠાકાર સાથે સબંધને ચાલુ રાખતા, રદ કરતા અથવા અટકાવી દેતા ઓળખી કઢાયેલા જોખમનું શમન કરી શકાય કે કેમ તે નક્કી કરો. વધુમાં પુરવઠા શૃંખલા જોખમોનું વ્યવસ્થાપન કરતી કંપનીઓ માટેનું માર્ગદર્શન સંઘર્ષ અસરગ્રસ્ત અને ઊંચા જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજની જવાબદાર પુરવઠા શૃંખલા માટેના ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સમાં શોધી શકાય છે.
- ડ્યૂ ડિલિજન્સમાં વિગતોનું સ્તર, પુરવઠાકારના પાયાના પ્રકાર અને જટીલતાને સમપ્રમાણ હોવુ જોઇએ અને ચાહે પુરવઠાકાર જે વિસ્તારમાં કામગીરી કરે છે તે હાલના કે તાજેતરના સંઘર્ષની સમીપ છે કે કેમ

○ જ્યાં શક્ય હોય ત્યાં, અન્ય સીઓપી જોગવાઇઓના અમલની સાથે ઓળખી કઢાયેલા જોખમો પર ભાર મુકવા પગલાંઓનું સંકલન કરો:

- ▪ સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારોમાં લાંચ અને ભ્રષ્ટાચારના ઊંચા જોખમોની વિચારણા કરો અને લાંચ અને સવલતભરી ચૂકવણીઓ હેઠળ વિકસેલી નીતિઓ અને કાર્યપ્રણાલિઓની નિયમિત સમીક્ષા અમલીકરણનો વિચાર કરો.
- ▪ સલામતી દળોના ઉપયોગ સાથે સંકળાયેલા ઊંચા જોખમો વિચારો. ખાણ એકમ સાથેના સભ્યોએ સલામતી જોખમ આકારણીઓ હાથ ધરવાની અને સલામતી કર્મચારીઓ તાલીમ મેળવે છે અને સલામતી હેઠળ સલામતી અને માનવ અધિકાર પરના સ્વૈચ્છિક સિદ્ધાંતો અનુસાર કામગીરી કરે છે કે કેમ તેની ખાતરી કરવાની જરૂર રહે છે.
- ▪ નોંધપાત્ર કારોબાર ભાગીદારો માં જવાબદાર કારોબાર વ્યવહારોને કેવી રીતે પ્રોત્સાહન આપવું તે વિચારો.
- ▪ જે સભ્યો સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારોમાં કામગીરી કરતા હોય કે પ્રાપ્તિ કરતા હોય તેમણે તેમની પુરવઠા શૃંખલા ડ્યૂ ડિલીજન્સ નીતિઓ અને વ્યવહારો પરનો અહેવાલ જાહેર કરવો જોઇએ. તેને અહેવાલ સાથે સાંકળી લેવું જોઇએ.

તપાસો:

✓ તમે સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારોમાં કામગીરી કરો છો અથવા સીધી રીતે પ્રાપ્તિ કરો છો તે તમે જાણો છો?

✓ સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારોની કામગીરીઓ અથવા પુરવઠાકારો માટે વિપરીત માનવ અધિકાર અસરના ઊંચા જોખમની સમીક્ષા કેવી રીતે કરી છે તે ઓડીટરને બતાવી શકો છો? દસ્તાવેજી આકારણીના થોડા પ્રકારો અથવા ડ્યૂ ડિલીજન્સ પ્રક્રિયાની જરૂરિયાત રહેશે-તે અલાયદી હોઇ શકે છે અથવા અન્ય વ્યવહાર સંહિતાની આકારણીઓમાં સંકલિત હોઇ શકે છે, ઉદાહરણ તરીકે કારોબાર ભાગદારો અને/અથવા માનવ અધિકાર.

✓ શું તમે દસ્તાવેજીકરણ અને યોગ્ય હોય ત્યાં સંદેશાવહન પણ કરો છો, સંઘર્ષમાં યોગદાન ટાળવા માટે તમે ક્યાં પગલાં ભરો છો? તે અન્ય વ્યવહાર સંહિતા જેમ કે સલામતી, કારોબાર ભાગીદારો અને લાંચ અને સવલતભરી ચૂકવણીઓ અને અહેવાલને પણ સંબંધિત હોઇ શકે છે.

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટ્સ સંઘર્ષગ્રસ્ત વિસ્તારો પર વધારાની માહિતી ધરાવે છે:

- કૉંફ્લિક્ટ-ફ્રી સોર્સિંગ ઇનિશ્યેટીવ
  http://www.conflictfreesmelter.org/
- દુબઇ મલ્ટિ કોમોડિટી સેન્ટર – પ્રેક્ટિકલ ગાઇડેન્સ
  http://www.dmcc.ae/jltauthority/gold/files/2012/09/DMCC-Practical-Guidance-for-Responsible-Supply-Chain.pdf
- જીનીવા ઍકેડેમી
  www.geneva-academy.ch
- હીડલબર્ગ ઇંસ્ટિટ્યુટ ફૉર ઈન્ટરનેશનલ કૉંફ્લિક્ટ રીસર્ચ
  www.hiik.de/en/
- ઈન્ટરનેશનલ એલર્ટ
  www.international-alert.org/
- ઈન્ટરનેશનલ એલર્ટ, કૉંફ્લિક્ટ-સેંસિટીવ બિઝનેસ પ્રેક્ટિસ: ગાઇડેન્સ ફૉર એક્સ્ટ્રેક્ટિવ ઇન્ડસ્ટ્રીઝ (2005)
  www.international-alert.org/resources/publications/conflict-sensitive-business-practice-guidance-extractive-industries
- ઈન્ટરનેશનલ ક્રાઇસિસ ગ્રુપ
  www.crisisgroup.org/
- ઈન્ટરનેશનલ ક્રાઇસિસ ગ્રુપ – ક્રાઇસિસ વૉચ મંથલી બુલેટિન
  www.crisisgroup.org/en/publication-type/crisiswatch.aspx
- લંડન બુલિયન માર્કેટ એસોશિએશન – રીસ્પૉંસિબલ ગોલ્ડ ગાઇડેન્સ
  http://www.lbma.org.uk/pages/index.cfm?page_id=137
- ઓઈસીડી ડ્યુ-ડિલિજન્સ ગાઇડેન્સ ઑન ધ રીસ્પૉંસિબલ સપ્લાઈ ચેઇન્સ ઑફ મિનરલ્સ ફ્રોમ કૉંફ્લિક્ટ-અફેક્ટેડ એન્ડ હાઈ-રિસ્ક એરિયાઝ, સેકંડ એડિશન (2012)
  www.oecd.org/fr/daf/inv/mne/mining.htm
- સ્ક્યુલ્ટ રૉથ એન્ડ ઝાબેલ – કૉંફ્લિક્ટ મિનરલ્સ રીસૉર્સ સેંટર
  www.srz.com/conflict_minerals_resource_center/
- ઉપ્પસલા યુનિવર્સિટી – ઉપ્પસલા કૉંફ્લિક્ટ ડેટા પ્રોગ્રામ
  www.pcr.uu.se/research/UCDP/
- યુનાઇટેડ નેશન્સ (યુએન) ગાઇડિંગ પ્રિંસીપલ્સ ઑન બિઝનેસ એન્ડ હ્યુમન રાઇટ્સ
  www.ohchr.org/Documents/Publications/GuidingPrinciplesBusinessHR_EN.pdf
- યુનાઇટેડ નેશન્સ (યુએન) પીસકીપિંગ ઑપરેશન્સ
  www.un.org/en/peacekeeping/operations/current.shtml
- યુનાઇટેડ નેશન્સ (યુએન) સીક્યુરિટી કાઉન્સિલ રીઝોલ્યુશંસ
  www.un.org/en/sc/documents/resolutions/index.shtml
- યુ.એસ. ડિપાર્ટમેંટ ઑફ સ્ટેટ – હ્યુમન રાઇટ્સ રીપોર્ટ્સ
  www.state.gov/j/drl/rls/hrrpt/
- યુ.એસ. સીક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ કમિશન (એસઈસી) રૂલ ફૉર ડિસ્ક્લોઝિંગ યુઝ ઑફ કૉંફ્લિક્ટ મિનરલ્સ – ડૉડ-ફ્રેંક વૉલ સ્ટ્રીટ રીફોર્મ એન્ડ કન્ઝ્યુમર પ્રૉટેક્શન એક્ટ (2012)
  www.sec.gov/news/press/2012/2012-163.htm
- વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ – કૉંફ્લિક્ટ-ફ્રી ગોલ્ડ સ્ટાન્ડર્ડ
  http://www.gold.org/about_gold/sustainability/conflict_free_standard/

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 7) કુશળ કામદાર અને નાના પાયે ખનનમાંથી પ્રાપ્તી

## E. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**કુશળ કામદાર અને નાના પાયે ખનન (એએસએમ)** એ ઔપચારીક અથવા અનૌપચારીક કામગીરીઓ છે જે વધુ પ્રબળ રીતે સંશોધન, નિષ્કર્ષણ. પ્રક્રિયા અને વાહનવ્યવહારના સરળીકૃત સ્વરૂપો છે. એએસએમ સામાન્ય રીતે ઓછી મૂડીની જરૂરિયાત ધરાવે છે અને ઊંચા શ્રમની જરૂરિયાતવાળી ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. એએસએમ વ્યક્તિગત ધોરણે કામ કરતા પુરુષો અને સ્ત્રીઓનો તેમજ પરિવાર જૂથમાં કામ કરતા લોકોનો, ભાગીદારીમાં અથવા સહકારી સંસ્થાના સભ્યો અથવા કાનૂની સંગઠનોના અન્ય પ્રકાર અને સેંકડો અથવા હજ્જારો ખાણીયાઓને સમાવતા સાહસનો સમાવેશ કરી શકે છે.

*સ્ત્રોત:*

- *સંઘર્ષથી અસરગ્રસ્ત અને ઉંચુ જોખમ ધરાવતા વિસ્તારોમાંની ખનિજોની જવાબદાર પુરવઠા શ્રુંખલા માટે ઓઇસીડી ડ્યૂ ડિલીજન્સ માર્ગદર્શન-સોનુ-બીજી આવૃત્તિ (2012) પરની પુરવણી*
  www.oecd.org/fr/daf/inv/mne/mining.htm

સીઓપીનો કુશળ કારીગર અને નાના પાયાના ખનનમાંથી પ્રાપ્તિ વિભાગ એવા સભ્યોને લાગુ પડે છે જે સોનું, હીરા અથવા પ્લેટિનમ જૂથ ધાતુ સીધા એએસએમ ઉત્પાદકો પાસેથી પ્રાપ્ત કરે છે. આના માટે આરજેસી સભ્યને આ જોગવાઇ તેમને ઓડીટ પ્રક્રિયા માટે લાગુ પડે છે કે નહી તેને સ્પષ્ટ રીતે ઓળખી કાઢવાનું રહેશે. એએસએમ ઉત્પાદકો પાસેથી આડકતરી રીતે પ્રાપ્તિને, વધુ વ્યાપક રીતે કારોબાર અને માનવ અધિકારો પરના યુએન માર્ગદર્શક સિદ્ધાંતોના અમલીકરણના ભાગરૂપે માનવ અધિકાર હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

સીઓપીના કુશળ કારીગર અને નાના પાયે ખનનમાંથી પ્રાપ્તિ વિભાગને વાંચવાનો રહેશે અને કારોબાર ભાગીદારો, માનવ અધિકારો, સંઘર્ષ-અસરગ્રસ્ત વિસ્તારો, સલામતી, બાળ મજૂર, બળજબરીપૂર્વકના શ્રમ, સામુદાયિક સામેલગીરી, અસર આકારણી, કુશળ કારીગર અને નાના પાયે ખનન અને સીઓપીના મર્ક્યુરી વિભાગોને અનુરૂપ હોય તેમજ અમલી બનાવવાના રહેશે.

## F. મુદ્દાની પૂર્વભૂમિકા

કુશળ કારીગર અને નાના પાયે ખનનના માર્ગદર્શન હેઠળ એએસએમ વિશે પૂર્વભૂમિકા પૂરી પાડવામાં આવી છે.

કારોબાર ભાગીદારો માટેના માર્ગદર્શનમાં નોંધ્યું છે તેમ વૈશ્વિક અર્થતંત્રમાં કાર્યરત કંપનીઓએ તેમની પુરવઠા શ્રૃંખલામાં નૈતિક સિદ્ધાંતો, માનવ અધિકારો તેમજ સામાજિક અને પર્યાવરણીય દેખાવ માટે વધુ પડતી જવાબદારી ધારણ કરવા માટે વધુને વધુ માગ કરી રહી છે. એએસએમ ઉત્પાદકો પાસેથી સોનું, હીરા અથવા પ્લેટીનમ જૂથની ધાતુની પ્રાપ્તિ એએસએમના નુકસાનકારક આચરણોમાં યોગદાન આપવાની શક્યતામાં વધારો કરે છે, તેમાં બળજબરીપૂર્વકનાઅને બાળ શ્રમ, આરોગ્યને જોખમ અને કામદારો અને સમુદાયની સલામતીની અસરોનો

સમાવેશ થાય છે. આમ છતાં પણ એએસએમને વધુને વધુ રીતે એક ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે, જે વિશ્વભરના ગરીબ પરિવારો અને સમુદાયો માટે ખરા વિકાસની તકો રજૂ કરે છે. એએસએમ એ અસંખ્ય આંતરરાષ્ટ્રીય વિકાસ હેતુઓનું કેન્દ્ર છે અને બજાર ખેલાડીઓનું વિશાળ પરિપ્રેક્ષ્ય ક્ષેત્રના સકારાત્મક સર્વાંગી પરિવર્તનમાં ભાગ ભજવી શકે છે.

માનવ અધિકારોનું સન્માન કરવાની અને ડ્યૂ ડિલીજન્સ લાગુ પાડવાની કંપનીઓની જવાબદારી છે ત્યારે આ જોગવાઇ એએસએમ ઉત્પાદકો પાસેથી સીધી રીતે પ્રાપ્ત કરતા સભ્યો પર ભાર મુકે છે. પ્રત્યક્ષ પ્રાપ્તીના સંબંધો ધરાવતા સભ્યો જોખમોનું મૂલ્યાંકન કરવાની શ્રેષ્ઠ સ્થિતિમાં હોય છે, કેમ કે ગ્રાહકો જ્યાં પણ શક્ય હોય ત્યાં ઓળખી કઢાયેલી અસરોના ઉકેલમાં સહકાર પૂરો પાડવા કે આપવા માટે તેમના પુરવઠાકારો સાથે કામ કરે છે. જ્વેલરી પુરવઠા શ્રૃંખલામાં ખનન ક્ષેત્રમાં અગત્યના ભાગનું પ્રતિનિધિત્વ કરતા હોવાથી માનવ અધિકાર પર સીઓપી6 હેઠળ ડ્યૂ ડિલીજન્સ હાથ ધરવા માટે આ સીઓપી જોગવાઇ અને તેની સાથેના માર્ગદર્શનનો હેતુ એએસએમ ક્ષેત્ર પર વધુ માહિતી પૂરો પાડવાનો છે.

*શ્રેષ્ઠ પ્રયાસો*

શ્રેષ્ઠ પ્રયાસો એટલે પ્રમાણિક, વાજબી રીતે કામ કરવું અને સંબંધિત જવાબદારી અદા કરવા માટે સકારાત્મક પ્રયાસ કરવા તેવો થાય છે. આ કિસ્સામાં માનવ અધિકારના દુરૂપયોગ, અસલામત કાર્ય અને મોટી પર્યાવરણ અસરોનુ ઉપાર્જન કરવામાં વ્યસ્ત એએસએમ ઉત્પાદકોના જોખમમાં ઘટાડો કરવો અથવા ટાળવો છે.

*પ્રભાવક ક્ષમતા*

એએસએમ ઉત્પાદકો પર સભ્યોનો પ્રભાવ કારોબારના આર્થિક અને સામાજિક સંદર્ભ અને તેમની અને એએસએમ (જો હોય તો)ની વચ્ચે વ્યાપારી સબંધોના પ્રકારને આધારે અલગ અલગ રહેશે. શ્રેષ્ઠ પ્રયત્નોનું મૂલ્યાંકન કરતી વખતે ઓડીટરો સભ્યોના પ્રભાવક ક્ષમતાને ધ્યાનમાં લેશે.

## G. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય*

એએસએમના આચરણ દ્વારા ઊભા થયેલા જોખમોનું મૂલ્યાંકન કરવા અને તેમાં ઘટાડો કરવા કે તેને ટાળવાની જવાબદારી અસંખ્ય આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સાધનો સાથે સુસંગત છે અને તેને ટેકો પૂરો પાડે છે, જેમાં કારોબાર અને માનવ અધિકાર પરના યુએન માર્ગદર્શક સિદ્ધાંતો અને શ્રમ અધિકારો પરના આઇએલઓ સંમેલનનો સમાવેશ થાય છે. વધારાની માહિતી માટે માનવ અધિકારો પરના માર્ગદર્શન જુઓ.

સોનું અને હીરાઓમાં જવાબદાર એએસએમ આચરણો માટેના ધોરણો જે તે સંસ્થાનું કેન્દ્ર છે, જેમ એલાયન્સ એલાયન્સ ફોર રીસ્પોન્સિબલ માઇનીંગ (એઆરએમ), ડાયમંડ ડેવલપમેન્ટ ઇનિશિયેટીવ ઇન્ટરનેશનલ (ડીડીઆઇઆઇ) અને ફેરટ્રેડ ઇન્ટરનેશનલ (એફએલઓ). કુશળ કારીગર અને નાના પાયાના ખનન માટેનું માર્ગદર્શન જુઓ.

## H. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો લાગુ પાડવા માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. આ માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને ટેકા માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવું જોઇએ.*

- ***સીઓપી7: એએસએમ પાસેથી પ્રાપ્ત કરતા:*** સભ્યોના નિયંત્રણ હેઠળ ન હોય એવા એએસએમ ઉત્પાદકો પાસેથી હીરા, સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓની સીધી પ્રાપ્તિ કરતા સભ્યો:

  a. નિયમિતપણે બળપૂર્વક કરાવવામાં આવતાં શ્રમ, બાળ-મજૂરીના વરવા પ્રકારો, અસુરક્ષિત કામની પરિસ્થિતિઓ, અનિયંત્રિત પારાના ઉપયોગ અને અન્ય નોંધપાત્ર પર્યાવરણીય અસરોના જોખમોની આકારણી કરશે અને

  b. હકારાત્મક રીતે પદ્ધતિઓને પ્રભાવિત કરવા અને જોખમોને ઘટાડવા અથવા નિવારવા અને પ્રતિકૂળ માનવ અધિકારો અને પર્યાવરણીય અસરોના ઉપચાર ઉપલબ્ધ કરાવશે અથવા સહકાર આપશે.

*વિચારણા માટેના મુદ્દાઓ:*

- ખનન એકમો સાથે સભ્યની કામગીરીના વિસ્તારની મર્યાદામાં જો એએસએમ સપ્લાયરો સ્થિત હોય તો સભ્યોએ જોખમો ઓળખી કાઢવા જોઇએ અને તેના સામાજિક સામેલગીરી કાર્યક્રમ અને અસર મૂલ્યાંકન અને જોખમ શમન આયોજનના આંતરિક ભાગ તરીકે જોખમો ઘટાડવાના કે ટાળવાના પ્રયત્નો હાથ ધરવા જોઇએ (જુઓ કુશળ કારીગર અને નાના પાયાના ખનન, સામુદાયિક સામેલગીરી, સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારો, અસર મૂલ્યાંકન, મર્ક્યુરી, પર્યાવરણીય સંચાલન અને બાળ મજૂર).
- જો એએસએમ સપ્લાયરો સભ્યથી અલગ વિસ્તારમાં સ્થિત હોય તો, સભ્યએ સંભવિત જોખમોને ઓળખી કાઢવા માટે અનુકૂળ હોય તેવી ડ્યૂ ડિલીજન્સ હાથ ધરવી જોઇએ. ડ્યૂ ડિલીજન્સ પગલાંઓ ઇન-હાઉસ હાથ ધરવા જોઇએ અને/અથવા સ્થાનિક અનુભવ ધરાવતા વ્યાવસાયિકોનો ઉપયોગ કરવો જોઇએ અને સ્થળ મુલાકાતનો પણ સમાવેશ કરવો જોઇએ.
- જો સભ્ય એએસએમ ઉત્પાદકો પાસેથી સીધી રીતે જ પ્રાપ્ત કરતો હોય તો એએસએમ ઉત્પાદક કાયદેસર રીતે કામ કરે છે કે નહી અથવા એએસએમના ઉત્પાદકો કાયદાને ટેકો આપવા માટે શ્રેષ્ઠ પ્રયત્નો કરે છે કે નહી તેની સભ્યએ ખાતરી કરવી જોઇએ. કાયદાઓ અનેક રીતે બની શકે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:
  - એએસએમ ઉત્પાદકો તેમની જાતે સ્થાનિક કાયદાની જરૂરિયાતોને પહોંચી વળે છે અને જો તે કાયદો એએસએમ ક્ષેત્ર[1] માં ઉત્પાદકોને યોગ્ય હોય તો સ્વતંત્ર રીતે નોંધણી કરાવે છે.;
  - જો સ્થાનિક કાયદો સ્વીકૃત્તિ આપે તો સભ્યના સ્વીકૃત્ત વિસ્તારમાં કામ કરતા એએસએમ ઉત્પાદકો સાથે સભ્ય કરાર કરી શકે છે જે એએસએમ ઉત્પાદકોને સભ્યની જમીન પર કામ કરવાની મંજૂરી આપે છે. નીચેના બુલેટમાં સૂચવવામાં આવેલ પ્રક્રિયાનો આ પ્રકારના કરારને વિકસાવવામાં ઉપયોગમાં લઇ શકાય છે.

---

[1] કેટલાક દેશોમાં એક કાયદેસરના એકમ તરીકે નોંધણી કરાવવા અને કામગીરી કરવાની જરૂરિયાતો મોટા પાયાના ખનન ક્ષેત્ર માટે વિકસાવવામાં આવી હતી અને જે કદાચ એએસએમ ઉત્પાદકો માટે વાસ્તવિક ન હોઇ શકે.

- નીતિને વિકસાવવાની જરૂર છે, જેને એએસએમ ઉત્પાદકો સાથેના સહયોગથી કરવી જોઇએ. આ પ્રક્રિયામાં સમાવેશ થઇ શકે છે: સભ્ય નીતિનો મુસદ્દો તૈયાર કરે છે, ત્યારબાદ એએસએમ ઉત્પાદકોને વિશે ટિપ્પણીઓ/ચિંતાઓ પરત્વે પ્રતિભાવ અને વહેંચણી કરવા માટેની તક આપવામાં આવે છે અને અંતે સભ્ય એએસએમ ઉત્પાદકો પાસેથી મેળવેલા પ્રતિભાવોને આધારે નીતિ પૂર્ણ કરે છે. આ નીતિનો સભ્ય અને એએસએમ પુરવઠાકારો દ્વારા અનુસરવામાં આવનારી શરતો અને આચરણો નક્કી કરવા માટે ઉપયોગમાં લઇ શકાય છે તેની સાથે ઉપાયાત્મક પગલાંઓ માટે જે સ્વીકૃત્તિઓ આપવામાં આવી હોય, તેને સમય જતા જરૂરિયાત પૂર્ણ કરવા માટે હાથ ધરવાની જરૂર હોય છે. આ નીતિ સભ્યને સબંધમાથી નીકળી જવા માટે કારણભૂત હોય તેવી કોઇપણ શરત અથવા પ્રવૃત્તિઓની સ્પષ્ટતા કરી શકે છે.
- ઓળખી કઢાયેલા જોખમો પરની દેખરેખ અને સુધારવા માટેના અભિગમોમાં  નીચેનાનો સમાવેશ થઇ શકે છે:
  - સભ્ય અથવા તેના પ્રતિનિધિ દ્વારા સંભવતઃ સ્થળ મુલાકાત દ્વારા સ્થિતિની અને આચરણોની દેખરેખ.
  - તાલીમ અને ટેકનિકલ સહાયના અન્ય સ્વરૂપો અને કામ કરવાની સ્થિતિમાં સુધારો કરવાની સલાહ અને અસરો ઘટાડવા, ખાસ કરીને મર્ક્યુરી, પર્યાવરણ વ્યવસ્થાપન અને આરોગ્ય અને સલામતીની દ્રષ્ટિએ.
  - ક્ષમતા-નિર્ધારણ માપદંડો, જેમ કે સામુદાયિક આરોગ્ય અને શૈક્ષણિક પ્રોજેક્ટો અને બળજબરીપૂર્વકના અને બાળ મજૂર પર સામુદાયિક શિક્ષણ.
  - સ્થળની સ્થિતિ અને આચરણોને પ્રોત્સાહન મળે અને સુધારાઓ થાય તે માટે નાણાંકીય વળતરો.
- એએસએમ સોનાના ઉત્પાદનમાં મર્ક્યુરીનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર ચિંતાની બાબત છે. મિનામાતા સંમેલન અનુસાર સૌથી ખરાબ આચરણોને તબક્કાવાર દૂર કરવા માટેના સમર્થનમાં સખત પ્રયત્નો કરવા જોઇએઃ ઓરનુ સંપૂર્ણ સંયોજન, સંયોજનનું અથવા પ્રોસેસ કરેલા સંયોજનનું ખુલ્લામાં બળવું, અને નિવાસી વિસ્તારોમાં સંયોજનનું બળવું, અને તળિયાના કચરામાં સાઇનાઇડ ગાળણ, ઓર અથવા અવશેષો કે જેમાં મર્ક્યુરીને દૂર કર્યા વિના મર્ક્યુરી ઉમેરવામાં આવ્યું છે. વધારાની માહિતી મર્ક્યુરી માર્ગદર્શન જુઓ.

**તપાસો:**
- ✓ સોનું, હીરાઓ અથવા પ્લેટીનમ જૂથની ધાતુઓના સીધા એએસએમ પુરવઠાકારો સાથે સંલગ્ન જોખમોનું તમે કઇ રીતે મૂલ્યાંકન કર્યું છે તે તમે ઓડીટરને બતાવી શકો?
- ✓ શું તમે ઓડીટરને બતાવી શકો કે તમે જોખમો ઘટાડવાનું કે ટાળવા માટે કેવા અભિગમો અપનાવ્યા છે?

## F. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો કુશળ કારીગર અને નાના પાયાના ખનન પર વધારાની માહિતી ધરાવે છે:

- એલાયન્સ ફોર રિસ્પોન્સીબલ માઇનિંગ (એઆરએમ)
  www.communitymining.org

- એલાયન્સ ફોર રિસ્પોન્સીબલ માઇનીંગ (એઆરએમ) –કુશળ કારીગર અને નાના પાયાના ખનન માટે કાયદેસરતા માર્ગદર્શિકા (એએસએમ) – ચર્ચા માટેનો મુસદ્દો (2011)
  www.communitymining.org/attachments/059_ARM_Series5_Legalisation_guide_ASM.pdf
- એલાયન્સ ફોર રિસ્પોન્સીબલ માઇનીંગ (એઆરએમ) – રિસ્પોન્સીબલ માઇનીંગ માટે રોક સોલીડ ફેરફારો (2011)
  www.communitymining.org/attachments/059_RSC_FINAL_web_low.pdf
- એંગ્લોગોલ્ડ અશાંતિ – કુશળ કારીગર અને નાના પાયાના ખનનનો સંપર્ક (2006)
  www.anglogoldashanti.com/subwebs/InformationForInvestors/ReportToSociety06/artisanal-mining.htm
- રક્ષિત વિસ્તારોમાં કુશળ કારીગર અને નાના પાયાના ખનન અને મહત્ત્વપૂર્ણ ઈકોસીસ્ટમ કાર્યક્રમ (એએસએમ-પીએએસઇ)
  www.asm-pace.org
- આર્ટીસ્નલ ગોલ્ડ કાઉન્સિલ (AGC)
  www.artisanalgold.org/home
- કોમદેવ– કુશળ કારીગર અને નાના પાયાના ખનન (એએસએમ) (2012)
  commdev.org/section/topics/artisanal_mining
- CommDev/CASM/ICMM – એકી સાથે કામ કરતા: મોટા પાયાનું ખનન કુશળ કામદાર અને નાના પાયાના ખાણિયાઓ સાથે કેવી રીતે સામેલ થઇ શકે (2008)
  commdev.org/content/document/detail/2018/
- સમુદાયો અને નાના પાયાનું ખનન (સીએએસએમ) – વિશ્વ બેન્ક જૂથ દ્વારા યજમાનપદ
  www.artisanalmining.org/index.cfm
- ડાયમંડ ડેવલપમેન્ટ ઇનિશિયેટીવ (ડીડીઆઇ) – આર્ટીસ્નલ એલ્લુવિયલ ડાયમંડ માઇનીંગ (2009)
  www.ddiglobal.org/pages/ddi_artisanaldiamond.php
- ડાયમંડ ડેવલપમેન્ટ ઇનિશિયેટીવ (ડીડીઆઇ) – આર્ટીસ્નલ એલ્લુવિયલ ડાયમંડ માઇનીંગની મિકેનીનાઇઝેશન: અંતરાયો અને સફળ પરિબળો (2010)
  www.ddiglobal.org/login/Upload/Mechanisation-Alluvial-Artisanal-Diamond-Mining.pdf
- એસ્ટીલે લેવિન લિ. – પબ્લિકેશન્સ
  www.estellelevin.com/publications
- માનવ અધિકાર દેખરેખ – ઝેરી મિશ્રણ. માલીમાં બાળ મજૂર, મર્ક્યુરી અને આર્ટીસ્નલ ગોલ્ડ માઇનીંગ (2011)
  www.hrw.org/sites/default/files/reports/mali1211_forinsertWebUpload_0.pdf
- આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઇએલઓ) – નાના પાયાના ખનન પરની હકીકતો
  www.ilo.org/wcmsp5/groups/public/---dgreports/---dcomm/documents/publication/wcms_067582.pdf
- પર્યાવરણ અને વિકાસ માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થા (આઇઆઇઇડી) – કુશળ કારીગર અને નાના પાયાના ખનનના પડકારો પ્રત્યે પ્રતિભાવ આપતા: જાણકારી નેટવર્ક કેવી રીતે સહાય કરે છે? (2013)
  pubs.iied.org/16532IIED.html?c=energy/mining
- વૈશ્વિક મર્ક્યુરી પ્રોજેક્ટ –નાના પાયાના ખનનમાં મર્ક્યુરીનો પુરવઠો અને માગ (2007)
  www.globalmercuryproject.org/documents/non_country%20specific/2006%20GMP%20Report%20to%20UNEP%20GC24.pdf
- સંઘર્ષ અસરગ્રસ્ત અને ઊંચા જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર પુરવઠા શ્રૃંખલા પર ઓઇસીડી ડ્યૂ ડિલીજન્સ માર્ગદર્શન, બીજી આવૃત્તિ (2012)
  www.oecd.org/fr/daf/inv/mne/mining.htm

- યુનાઇટેડ નેશન્સ એન્વાયર્મેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) વૈશ્વિક મર્ક્યુરી ભાગીદારી–વ્યવહારુ માર્ગદર્શિકા: કુશળ કારીગર અને નાના પાયાના સોનાના ખનનમાં મર્ક્યુરીનો વપરાશ ઘટાડતા (2012) www.unep.org/hazardoussubstances/Portals/9/Mercury/Documents/ASGM/Techdoc/UNEP%20Tech%20Doc%20APRIL%202012_120608b_web.pdf
- યુનાઇટેડ નેશન્સ એન્વાયર્મેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) વૈશ્વિક મર્ક્યુરી ભાગીદારી – એક્વાડોર, મોંગોલિયા, પેરૂ, તાન્ઝાનીયા અને યુગાન્ડા (2012)માં અનુભવો પર આધારિત કુશળ કારીગર અને નાના પાયાના સોનાના ખનનમાં ઔપચારીકતા સંપર્કનું પૃથ્થકરણ www.unep.org/hazardoussubstances/Portals/9/Mercury/Documents/ASGM/Formalization_ARM/Formalization%20Document%20Final%20June%202012.pdf
- વિશ્વ બેન્ક-કુશળ કારીગર અને નાના પાયાના ખનનનું જાતિ પરિમાણ: ઝડપી આકારણી ટૂલકીટ (2012) commdev.org/userfiles/Gender_and_ASM_Toolkit.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 8) સામુદાયિક વિકાસ

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

સમુદાય શબ્દ સામાન્ય રીતે તરત અને આસપાસના વિસ્તારોની વસ્તીને લાગુ પડે છે, જેઓને કંપનીની પ્રવૃત્તિઓ દ્વારા અમુક રીતે અસર થઇ હોય છે; આ અસરો કદાચ પ્રકારની દ્રષ્ટિએ આર્થિક અને સામાજિક તેમજ પર્યાવરણીય હોઇ શકે છે.

જેમને સમુદાય તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે તેવા લોકોના જૂથની મર્યાદામાં મૂલ્યો અને હિતોની વૈવિધ્યતા હોય છે. સમુદાયો સમાન અથવા સ્થિર હોતા નથી.

સામુદાયિક વિકાસ એ એવી પ્રક્રિયા છે જેમાં લોકો તેમના સમુદાયની મજબૂતાઇ અને અસરકારકતામાં વધારો કરે છે, નિર્ણય લેવામાં તેમની ભાગીદારીમાં વધારો કરે છે અને તેમના જીવન પર વધુ લાંબા ગાળાનો અંકુશ પ્રાપ્ત કરે છે. આમ સમુદાયો માટે કરવાથી સ્થાનિક લોકોની જરૂરિયાતો અને અગ્રિમતાઓનું પ્રતિબિંબ પાડે છે.

સ્રોત:

- *ખનન ઉદ્યોગ (ઓસ્ટ્રેલીયા)માટે અગ્રણી આચરણ સાતત્યપૂર્ણતા વિકાસ કાર્યક્રમ- સામુદાયિક સામેલગીરી અને વિકાસ (2006)*
  *www.minerals.org.au/file_upload/files/resources/enduring_value/CED.pdf*
- *ખનન અને ધાતુઓ પર આંતરરાષ્ટ્રીય પરિષદ (આઇસીએમએમ) – સામુદાયિક વિકાસ ટૂલકીટ (2012)*
  *www.icmm.com/news-and-events/news/articles/icmm-presents-updated-community-development-toolkit*

સીઓપીના સામુદાયિક વિકાસ વિભાગ એવા એકમોને લાગુ પડે છે જે ઉપર દર્શાવ્યા અનુસાર સમુદાયમાં કામગીરી કરે છે.

સામુદાયિક વિકાસ જોગવાઇઓ માનવ અધિકારના સંદર્ભમાં અને ખનન ક્ષેત્રમાં સભ્યો માટે સામુદાયિક સામેલગીરી, સ્થાનિક લોકો અને મફત પૂર્વ અને સુમાહિતગાર સંમતિની જોગવાઇઓ અને કુશળ કારીગર અને નાના પાયાના કારીગરો સાથે લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

### *સામુદાયિક વિકાસ*

સામુદાયિક વિકાસમાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસનો સમાવેશ થાય છે અને તે માનવ અધિકારના સિદ્ધાંતો સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. સામુદાયિક વિકાસમાં કંપનીઓનું સ્વૈચ્છિક યોગદાન વિવિધ માળખાઓમાં સ્પષ્ટ રીતે અલગ પડી શકે છે, ઉદાહરણ તરીકે વિકસિત કે વિકસતા દેશોમાં અથવા ગ્રામિણ અથવા શહેરી

વિસ્તારોમાં. કંપનીઓનો સંપર્ક સ્થાનિક કારોબારના પ્રકાર અને માત્રા, ઉપલબ્ધ સ્રોતો અને અત્યંત અગત્યની સ્થાનિક લોકોનો જરૂરિયાતો અને અગ્રિમતાઓ સહિતની સ્થાનિક શરતો અનુસાર નક્કી કરવો જોઇએ.

સમુદાયનો સંપર્ક, પ્રાદેશિક સહકાર અને અન્ય એજન્સીઓ સાથે ભાગીદારી સાતત્યપૂર્ણ સામુદાયિક વિકાસની રચના માટેના આવશ્યક અંગો છે. કારોબારોએ સ્થાનિક સમુદાય અગ્રિમતાઓ, કુદરતી વિકાસ લક્ષ્યાંકો અને જ્યાં શક્ય હોય અને યોગ્ય હોય ત્યાં પ્રવર્તમાન કાર્યક્રમોનો ટેકો લઇને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખવી જોઇએ. ઘણી વખત કાર્યક્રમો લાંબા ગાળા પર કેન્દ્રિત હોય છે અને શિક્ષણ, આરોગ્ય, જાતિ, પર્યાવરણ, આર્થિક વિકાસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. જ્યાં વ્યવહારું હોય ત્યાં કારોબારોએ અન્યોની જવાબદારી હોય, ખાસ કરીને સરકારની, તેવી જગ્યાએ પોતાની ભૂમિકા ભજવવાથી દૂર રહેવું જોઇએ અને તેના બદલે સામુદાયિક વિકાસ ભાગીદારી અથવા સહયોગાત્મક ખ્યાલ અપનાવવા જોઇએ. કંપનીઓ ચોક્કસ પ્રકારની ભૂમિકા ભજવી શકે છે – પરંતુ ફક્તને ફક્ત સામુદાયિક વિકાસ 'કરી' શકે નહી. સામુદાયિક વિકાસમાં વ્યવહારુ દ્રષ્ટિકોણમાં નીચેનાનો સમાવેશ થઇ શકે છે:

- તાલીમ, રોજગારી આપવી અને ઓછા કામમાં લેવાતા કામદારોને જાળવી રાખવા માટેના કાર્યક્રમોની રચના કરવી;
- પુરવઠાકારને વૈવિધ્યસભર કાર્યક્રમો આપવા;
- સમુદાય આધારિત અને લઘુમતિ માલિકીના કારોબારોને ટેકો આપવો;
- સામુદાયિક વિકાસ નાણાંકીય સાધનો અને સંસ્થાઓમાં રોકાણ કરવું;
- સેવા પૂરી પડાઇ ન હોય તેવલા બજારોમાં રીટેઈલ સ્ટોર્સ, મુખ્ય કાર્યાલયો, ઉત્પાદન, વખારો અને હેરફેર એકમોની સ્થાપના કરવી;
- શૈક્ષણિક તકોમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાન આપવા માટે સ્થાનિક અને પ્રાદેશિક શૈક્ષણિક કેન્દ્રો વચ્ચે મધ્યસ્થી કરવી;
- પર્યાવરણ દેખરેખ અને કુદરતી સંશાધન વ્યવસ્થાપનમાં સ્થાનિક સમુદાયના સભ્યોને તાલીમ આપવી.

ખનનના સંદર્ભમાં ખાણ અને તેના સંલગ્ન સમુદાય વિકાસ કાર્યક્રમોનું અસ્તિત્વ સ્થાનિક, પ્રાદેશિક અને વધુ રાષ્ટ્રીય વિકાસમાં નોંધપાત્ર, કદાચ પ્રભાવશાળી ભૂમિકા ભજવી શકે છે. આ બાબત કાર્યક્રમના આયોજન અને રચનામાં ભારે સખ્તાઇ માગી લે છે. તેમાં નીચેની બાબતો પર ધ્યાન આપવાની જરૂરિયાત પડી શકે છે:

- યોગ્ય હોય તેમ વિકાસ ભાગીદારો અને સ્થાનિક સમુદાયના સભ્યો સાથે કામ કરતી વખતે સામાજિક-આર્થિક આકારણીમાં પાયાગત રેખાઓ, દેખરેખ અને નિયમિત આકારણી;
- સામુદાયિક ભાગીદારી માટે કુશળતાઓ અને ક્ષમતા નિર્ધારણ અને કામગીરીના આયુષ્ય દરમિયાન કાર્યક્રમોની તક હાથ ધરવાની ક્ષમતા;
- ખનન પછીના ગુજરાન માટે એક બહુ-હિતધારકોની યોજના અને ક્ષમતા વિકાસ.

વ્યવહારમાં લાગુ પાડવા માટે સામુદાયિક વિકાસ પડકારરૂપ ખ્યાલ હોઇ શકે છે. વિચારવાના મુદ્દાઓમાં તકોની રચનાનો સમાવેશ થાય છે જેથી મહિલાઓ નિર્ણય કરવાની પ્રક્રિયા અને વિકાસ તકોમાં વધુ અર્થપૂર્ણ રીતે ભાગીદારી કરી શકે; સમુદાયો સાથે અંકુશની વહેંચણી કરી શકે; સમુદાયોમાં સીમાંત અને નુકસાનના સંભવ હોય તેવા લોકો સુધી પહોંચવું; સમુદાયના જ્ઞાન સાથે નિષ્ણાતના જ્ઞાનનું સમતોલન સાધવું; અને લાંબા ગાળાની સ્થાનિક સાતત્યપૂર્ણ  વિકાસ વ્યૂહરચનામાં યોગદાન આપવું.  કેટલીક સંસ્કૃતિઓમાં કારોબાર સામુદાયિક વિકાસ

પ્રવૃત્તિઓમાં કદાચ સક્રિય હોઇ શકે છે પરંતુ જાહેરમાં તેમને પ્રોત્સાહન આપવામાં અનિચ્છા વ્યક્ત કરે છે, કેમ કે આ બાબતને તેમની આપવાની ભાવનાની વિરુદ્ધ હોવાનું ગણાય છે.

પડકારો હોવા છતાં સફળ વિકાસ પ્રયત્નો કાર્યદળની ભરતી અને જાળવી રાખવાના ટેકામાં મદદરૂપ નીવડી શકે છે, બ્રાન્ડની છાપમાં અને કર્મચારી નિષ્ઠામાં વધારો કરે છે અને તંદુરસ્ત સમુદાયોમાં યોગદાન આપે છે.

## C. મુખ્ય પહેલો અને માળખું

સામુદાયિક વિકાસ એ મોટા ભાગના કિસ્સાઓમાં એક સ્વૈચ્છીક વ્યવસાયિક પ્રવૃત્તિ છે જો કે તે વ્યાપકપણે નવા અથવા વિસ્તરી રહેલા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ માટે વિકાસની મંજૂરીના ભાગરૂપે ફરજિયાત જરૂરીયાતો અથવા સમુદાયો અથવા સરકારો સાથેના કરારનો એક ભાગ છે.

વિકાસ માટેનું મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય માળખું યુનાઈટેડ નેશન્શ ડેવલપમેન્ટ પ્રોગ્રામ યુએનડીપી નું મિલેનિયમ ગોલ્સ એમડીજી છે. આવા આઠ એમડીજીમાં ગરીબી અને ભૂખમરાનો અંત ,વૈશ્વિક શિક્ષણ ,જાતિય સમાનતા ,બાળ આરોગ્ય ,પ્રસુતા માતાનું આરોગ્ય ,એચઆઈવી એઈડ્સનો મુકાબલો અને પર્યાવરણીય નિભાવનો સમાવેશ થાય છે .આ એમડીજી સાથે મળીને તમામ રાષ્ટ્રો અને વિશ્વની અગ્રણી વિકાસ સંસ્થાઓની સંમતિથી2015 ની સમયમર્યાદા સાથે એક બ્લુપ્રિન્ટ તૈયાર કરી છે .એમડીજી દ્વારા સર્જવામાં આવેલ સંવેગને આગળ વધારવા માટે યુએન સરકારો ,સમાજ અને અન્ય ભાગીદારો સાથે કામ કરી રહી છે અને 2015 પછીના એજન્ડા માટે આગળ વધી રહી છે .એમડીજી સરકારો પ્રત્યે કટિબદ્ધ હોય છે અને આ સાથે તેમને ખાનગી ક્ષેત્ર અને સામાજિક સંસ્થાઓ દ્વારા સમુદાય વિકાસ આયોજન માટે મહત્ત્વપૂર્ણ માળખું પ્રદાન કરવામાં આવે છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*આ સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજીયાત જરૂરીયાતોના અમલ માટે સામાન્ય માર્ગદર્શન પૂરૂ પાડે છે .આ માર્ગદર્શન આદર્શમૂલક નથી તેમજ તેને માહિતી અને સમર્થનના પ્રારંભિક બિંદુ તરીકે જોવું જોઇએ.*

- **સીઓપી *8:* સામુદાયિક વિકાસ*:*** સભ્યો સમુદાયિક પહેલ મારફતે તેઓ જ્યાં કામ કરી રહ્યાં છે તે સમુદાયોના વિકાસ માટે સહકાર આપશે

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - અન્યો સાથે ભાગીદારીની તક તરીકે સમુદાયના વિકાસનો અભિગામ રાખવો જોઇએ. સમુદાયના વિકાસ, ભાવિ સમુદાય અને સમુદાય પ્રત્યે વ્યૂહાત્મક અભિગમ પ્રવર્તમાન અને/અથવા પ્રાદેશિક વિકાસ યોજનાઓને કંપનીના ઉદ્દેશોને જોડવા માટે કામ કરી શકે છે.
  - યોગ્ય સામુદાયિક વિકાસ કુશળતા ઘડો, જેથી સ્થાનિક, પ્રાદેશિક અને.અથવા રાષ્ટ્રીય સંદર્ભો સમજી શકાય અને તેની પર ધ્યાન આપી શકાય.
  - કંપનીની પ્રવૃતિ દ્વારા જેમને નુકસાન થઇ શકે તેમ હોય અથવા સીમાંત હોય તેમની અગ્રિમતા સાથે જે લોકો રસ ધરાવતા હોય અને અસરગ્રસ્ત હોય તેવા સમુદાયના ભાગોને ઓળખી કાઢવા માટે હિતધારકોની કાર્ય કવાયત હાથ ધરો.

- હાલના સામુદાયિક વિકાસ કાર્યક્રમોને ઓળખી અને ભાગીદારી કે સમર્થનના અન્ય પ્રકારોની વિચારણા કરવી જોઇએ.
- તમારી સામુદાયિક પહેલના લક્ષ્યો, અનુસરવાના મુખ્ય સિધ્ધાંતો, અને કર્મચારીઓ તથા અન્ય હિતધારકોની અપેક્ષાઓ નક્કી કરો.
- યોજનાના લાભોની ફાળવણી અંગેના નિર્ણયોમાં ભાગ લેવામાં સમુદાયોને સક્ષમ બનાવવાને કારણે સામુદાયિક વિકાસ કાર્યક્રમોની સાતત્યપૂર્ણતા વધે છે. મહિલાઓ અને નુકસાન થવાની સંભાવનાવાળાઅને/અથવા સીમાંત જૂથોને સમાવી શકાય તે રીતે સમુદાયના સભ્યોની વૈવિધ્યતાનો સમાવેશ કરો.
- ઔપચારિક કે અનૌપચારિક ભાગીદારીઓમાં કામ કરવાથી પુનરાવર્તન, ખર્ચા અને ખનન કામગીરીઓ પરની નિર્ભરતામાં ઘટાડો થઇ શકે છે. ખાનગી, સરકારી, એનજીઓ, અને સામાજીક સંસ્થાઓ સંયુક્ત પ્રયાસોમાં વિવિધ કૌશલ્ય અને સંસાધનો લાવી શકે છે.
- તમારી સામુદાયિક વિકાસ પહેલનું નિરીક્ષણ કરતા રહીને તેનું સમયાંતરે પસંદગીના સૂચકો સામે મૂલ્યાંકન કરો. નિયમિત દેખરેખ અને મૂલ્યાંકન સફળતામાં વધારો કરવા માટેની ગોઠવણીમાં સહાય કરે છે.
- નિરીક્ષણ પ્રક્રિયામાં ભાગ લેવામાં સમુદાયના સભ્યોને સામેલ કરવા એ પ્રતિભાવ વિસ્તારવા અને બહોળા સમુદાયને પ્રગતિનો સંદેશાવ્યવહાર પૂરો પાડવાનો એક ઉપયોગી રસ્તો છે. પરિણામોના આંતરિક અને બાહ્ય અહેવાલો મારફતે કાર્યક્રમ માટે વ્યક સમર્થન પાયાને પ્રોત્સાહન આપી શકે છે.

તપાસો:

- ✓ શું તમે અસરગ્રસ્ત સમુદાયમાં અગ્રિમ હિસ્સેદારો ઓળખી કાઢ્યા છે?
- ✓ શું સમુદાયના સભ્યો તમારી સમુદાયની પહેલની રચના અને પહોંચાડવામાં સામેલ છે?
- ✓ અસરગ્રસ્ત સમુદાયોના વિકાસના સમર્થનમાં શું તમે પહેલ હાથ ધરી છે?
- ✓ તેઓ કેટલી ફાયદાકાર અસર ધરાવશે અને તેની કેવી રીતે આકારણી કરાશે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો સામુદાયિક વિકાસ પર વધારાની માહિતી ધરાવે છે:

- સામાજિક જવાબદારી માટે કારોબાર – સામુદાયિક સામેલગીરી અને વિકાસ વિશે બીએસઆર ઇનસાઇટ આર્ટીકલ
  www.bsr.org/en/topic/channel/bsr-insight/community-engagement-development
- ખનનમાં સામાજિક જવાબદારી માટેનું કેન્દ્ર (સીએસઆરએમ) - સામાજિક સામેલગીરી અને વિકાસ
  http://www.csrm.uq.edu.au/Research/CommunityEngagementandDevelopment.aspx
- ખનન અને ધાતુઓ પર આંતરરાષ્ટ્રીય પરિષદ (આઇસીએમએમ) – સામુદાયિક વિકાસ ટૂલકીટ (2012)
  www.icmm.com/news-and-events/news/articles/icmm-presents-updated-community-development-toolkit
- ICMM સ્થિતિ નિવેદન– ખનન: વિકાસ માટે ભાગીદારીઓ (2010)
  www.icmm.com/our-work/sustainable-development-framework/position-statements
- આંતરરાષ્ટ્રીય ધિરાણ નિગમ (આઇએફસી) CommDev કાર્યક્રમ
  commdev.org/extractives/

- ખનન ઉદ્યોગ (ઓસ્ટ્રેલીયા) માટે અગ્રિમ આચરણ સાતત્યપૂર્ણતા વિકાસ કાર્યક્મ – સામુદાયિક સામેલગીરી અને વિકાસ (2006)
  www.minerals.org.au/file_upload/files/resources/enduring_value/CED.pdf
- સહસ્ત્રાબાદી વિકાસ લક્ષ્યાંકો
  www.un.org/millenniumgoals/
- વિશ્વ બેન્ક-સમુદાય આધારિત વિકાસ
  web.worldbank.org/WBSITE/EXTERNAL/TOPICS/EXTSOCIALDEVELOPMENT/EXTCDD/0,,menuPK:430167~pagePK:149018~piPK:149093~theSitePK:430161,00.html

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 9) લાંચ અને ફેસિલીટેશન ચૂકવણું

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**લાંચ**નો અર્થ છે કોઇપણ અજૂગતી તરફેણની સીધી કે આડકતરી રીતે દરખાસ્ત કરવી, કે આપવું, તેમજ તેની માંગણી કરવી કે સ્વીકાર કરવો:

- એક જાહેર કે સરકારી અધિકારી (રાજકીય રીતે પહોંચ ધરાવતી વ્યક્તિ)
- એક રાજકીય ઉમેદવાર, પક્ષ કે અધિકારી; અથવા
- કોઈપણ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ, ડાયરેક્ટરો કે અધિકારીઓ (કોઇપણ ખાનગી ક્ષેત્રના સાહસમાં કામ કરનાર અથવા સંચાલન કરનાર વ્યક્તિ સહિત) અથવા તેમના એજન્ટસ કે પ્રતિનિધિઓ.

**ફેસિલીટેશન ચૂકવણું** કોઈક વસ્તુ કે બાબત માટે અગ્રતા મેળવવા માટે ચૂકવવામાં આવે જે ચૂકવણું પ્રાપ્ત કરનારને તેમ કરી આપવું પડે છે.

*સ્ત્રોત:*

- યુનાઇટેડ કિંગ્ડમ બ્રાઈબરી એક્ટ *(2010)* *www.thebriberyact2010.co.uk/what-is-a-bribe.asp*
- આરજેસી વ્યવહારસંહિતા *(2013)*

લાંચ અને ફેસિલીટેશન ચૂકવણીઓની સીઓપીની કલમ તમામ સભ્યોને લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

કેટલાક દાયકાઓ અગાઉ લાંચ એ અનેક દેશોમાં કર કપાતને પાત્ર વ્યવસાય હતો. 1990ના દાયકાની પ્રારંભમાં બિન સરકારી સંસ્થાઓ ભ્રષ્ટાચાર સામે આંતરરાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરી હતી. એ જાણીતુ બન્યું હતું કે, ભ્રષ્ટાચાર એ વ્યક્તિગત લાભ માટે સત્તાનો દૂરૂપયોગ હતો જે આર્થિક વિકાસને અવરોધવા માટે ખાનગી લાભ માટેની સૌંપાયેલી સત્તાનો દુરુપયોગ હતો, જે સામાજને ક્ષીણ કરે છે અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વેપારને વિકૃત બનાવે છે. ભ્રષ્ટાચાર પર્યાવરણીય અને શ્રમ પ્રમાણભૂતતાઓ, માનવ અધિકારના ઉપયોગ અને કાયદાના નિયમમાં પણ અવરોધ ઊભો કરે છે.

લાંચ એ ભ્રષ્ટાચારનું સૌથ વ્યાપક તિરસ્કૃત સ્વરૂપ છે. આજે લગભગ તમામ દેશો લાંચને ગુન્હાહિત સ્વરૂપ બનાવી દીધું છે. ઘણાં દેશોમાં તો ગુન્હો વિદેશમાં બન્યો હોય તો પણ તેની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. લાંચ રોકડ, ભેટો, આતિથ્યસત્કારરૂપે, લાભ કે વચનોરૂપે હોઇ શકે છે. કેટલાક કિસ્સાઓમાં લાંચ આપનાર શક્તિશાળી ભૂમિકા ધરાવે છે અને નાણાંકીય લેવડદેવડ પર અંકુશ ધરાવે છે. અન્ય કિસ્સાઓમાં લાંચને જે તે વ્યક્તિની ચૂકવણીમાં અસરકારક રીતે કાઢી લેવામાં આવતી હોય છે.

ફેસિલીટેશન ચૂકવણાઓએ ઐતિહાસિક રીતે મિશ્ર પ્રતિસાદ પ્રાપ્ત કર્યો છે. જ્યાં વેતન ઓછું છે અથવા તો સંબંધોમાં ભેટ આપવાનું આવશ્યક હોય ત્યાં ફેસિલીટેશન ચૂકવણઈઓ કેટલીક સંસ્કૃતિઓમાં વત્તા કે ઓછા અંશે સ્વીકાર્ય બની છે. આમ છતાં, ફેસિલીટેશન ચૂકવણી અને લાંચ વચ્ચે સ્પષ્ટ તફાવત વ્યવહારમાં મુશ્કેલ હોઇ શકે છે. આ કારણ માટે, ફેસિલીટેશન ચૂકવણીઓને ઘણી વખત લાંચની સમકક્ષ ગણવામાં આવે છે અને બિન ભ્રષ્ટાચાર પહેલમાં પ્રતિબંધિત છે.

કારોબારો વધુને વધુ રીતે ભ્રષ્ટાચાર સામે મજબૂત રીતે સામનો કરી રહ્યા છે. રોકાણકાર આત્મવિશ્વાસ અને કેટલાક ક્ષેત્રોની પ્રતિષ્ઠાઓ કારોબારની નૈતિકતાઓના કૌભાંડો દ્વારા ધોવાઇ ગઇ છે. ભ્રષ્ટાચારને હવે કારોબાર પરના બોજ તરીકે સમજવામાં આવ્યો છે. યુએન ગ્લોબલ કોમ્પેક્ટ, વિશ્વના કેટલાક ભાગોમાં કારોબાર કરવાના ખર્ચમાં 100 ટકા કે તેનાથી વધુનો ઉમેરો કરી શકાય તેવો અંદાજ સેવે છે. ભ્રષ્ટાચાર અને લાંચ કંપનીની સંકલિતતાને નુકસાન પહોંચાડે છે. કારોબરના પર્યાવરણને નીચલા સ્તરે ધકેલી દે છે અને સ્પર્ધાત્મક લાભનું સર્જન કરવામાં નિષ્ફળ જાય છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

આંતરરાષ્ટ્રીય કારોબાર વ્યવહારો (1997)માં વિદેશી જાહેર અધિકારીઓમાં લાંચને નાથવા પરનો ઓઇસીડી પરિસંવાદ સરહદ પારના કારોબારના સોદાઓમાં ભ્રષ્ટાચાર સામેની લડતમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય સાધન હતું. ત્યારથી તેને દરેક 34 ઓઇસીડી દેશો અને 6 સભ્યપદ ન ધરાવતા દેશો દ્વારા બહાલી આપવામાં આવી છે. રાષ્ટ્રીય સરકારો અને કારોબારોએ કાયદાઓમાં સુધારો કરવા અને ધોરણો ઊંચા લઇ જવા માટે પરિસંવાદનો ઉપયોગ કર્યો છે. હાલમાં વિદેશી અધિકારીઓને લાંચ આપવી એ સહી કરનારા તમામ દેશોમાં ફોજદારી ગુન્હો છે.

બિન-સરકારી સંસ્થા ટ્રાન્સપેરન્સી ઇન્ટરનેશનલે 2002માં લાંચને અટકાવવા માટેના સિદ્ધાંતો અમલી બનાવ્યા હતા. આ સિદ્ધાંતનો ઉદ્દેશ વ્યાપક લાંચ વિરોધી કાર્યક્રમ અમલી બનાવવા કંપનીઓ માટે એક મોડેલ પૂરો પાડવાનો છે. અભિગમમાં આંતરિક નીતિઓ અને આચરણોથી લઇને કારોબારના ભાગીદારો અને પુરવઠા શ્રૃંખલા સાથે કેવી રીતે કામ પાર પાડવું તેનો સમાવેશ થાય છે. સિદ્ધાંતોમાં દરેક કદની કંપનીઓ દ્વારા વપરાશનો ઇરાદો સેવવામાં આવ્યો છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘે (યુએન) 2003માં મંજૂરી આપતા દેશો માટે ભ્રષ્ટાચાર વિરુદ્ધ તેનો પરિસંવાદ અપાનાવ્યો હતો. તે સૌપ્રથમ કાનૂની રીતે બંધનકર્તા આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી સાધન હતું. આમ 2004માં યુએન ગ્લોબલ કોમ્પેક્ટમાં ઉમેરવામાં આવનાર ભ્રષ્ટાચાર વિરોધી 10મા સિદ્ધાંત માટેનો માર્ગ મોકળો કરી આપ્યો હતો.

*રાષ્ટ્રીય કાયદો*

મોટા ભાગના ન્યાયક્ષેત્રોમાં કોઇપણ સ્વરૂપના લાંચ ગેરકાયદેસર છે. કેટલાક દેશોમાં જોકે ફેસિલીટેશન ચૂકવણીઓ કારોબાર હાથ ધરવા અને અંગત પ્રવૃત્તિઓ માટે પ્રચલિત છે અને કદાચ તે કાયદેસર પણ હોઇ શકે છે. કામગીરીના પ્રત્યેક ન્યાયક્ષેત્રમાં દરેક પ્રકારના સંબંધિત કાયદાઓ અને નિયમનોથી સંપૂર્ણપણે માહિતગાર રહેવાનું આવશ્યક છે.

*યુકે લાંચ કાયદો*

2010માં યુકે લાંચ કાયદાની 1997 ઓઇસીડી એન્ટી બ્રાઇબરી પરિસંવાદની જરૂરિયાતો પર વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરવાના ઉદ્દેશથી વિદેશી લાંચ સહિત યુકે કાયદામાં સુધારો કરવા અને વિસ્તરણ કરવા માટે રચના કરવામાં આવી હતી. યુકે લાંચ કાયદો (કે જે 1 જુલાઇ 2011ના રોજ અસ્તિત્વમાં આવ્યો હતો) યુકેમાં નોંધાયેલ કંપનીઓ માટે અને યુકેમાં કારોબાર કરતી વિદેશી કંપનીઓ પર અગત્યની અસરો ધરાવે છે.

લાંચ કાયદો ચાર મુખ્ય અપરાધોનું સર્જન કરે છે:

- બે સામાન્ય અપરાધોમાં પ્રસ્તાવ કરવો, વચન આપવું અથવા લાભ આપવો અને કોઇ પણ લાભ મેળવવા અથવા સ્વીકારવા માટે વિનંતી કરવી, સંમત થવું તેને આવરે છે;
- વિદેશી જાહેર અધિકારીનો સ્વતંત્ર અપરાધ; અને
- કારોબાર અથવા કારોબાર લાભ પ્રાપ્ત કરવા અથવા જાળવી રાખવા માટે ચૂકવવામાં આવતકી લાંચને રોકવા માટે વ્યાપારી સંસ્થા દ્વારા નિષ્ફળતાનો નવો અપરાધ (જો અપરાધ કરવામાં આવે તો, સંસ્થા પાસે લાંચ રોકવા માટે પૂરતી કાર્યપદ્ધતિઓ અસ્તિત્વમાં છે તેવો બચાવ ગણાશે).

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતોનો અમલ કરવા માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- **સીઓપી *9.1:* નીતિ**: સભ્યો એવી નીતિ/ઓની સ્થાપના કરશે જે: *a)* સભ્યો અને સભ્યો વતી કામ કરતાં એજન્ટો દ્વારા હાથ ધરવામાં આવતી તમામ કારોબાર પદ્ધતિઓ અને વ્યવહારોમાં લાંચ પર પ્રતિબંધ ફરમાવશે. *b)* શંકાસ્પદ લાંચ, લાંચમાં ભાગીદારીનો ઇનકાર, અથવા સુવિધાજનક ચૂકવણી પ્રતિબંધિત હોય ત્યાં સુવિધાજનક ચૂકવણીના ઇન્કારને લગતી ચિંતાઓને સારા ઇરાદા સાથે ઓળખવા બદલ કર્મચારીઓને કોઇ દંડ કે વિપરિત પરિણામો સામે રક્ષણ આપશે, ભલે તે પગલાંઓને કારણે સાહસે કારોબાર ગુમાવવો પડે. *c)* ત્રાહિત પક્ષ સાથે ભેટ-સોગાદોના પ્રસ્તાવ અને/અથવા સ્વીકારના સંબંધમાં કર્મચારીઓ દ્વારા અનુસરવામાં આવનાર માપદંડ અને મંજૂરી પ્રક્રિયાઓ સ્થાપશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - વરિષ્ઠ મેનેજરને ભ્રષ્ટાચાર વિરોધી કાર્યક્રમો માટે નિયુક્ત કામગીરીની જવાબદારી ધરાવતા હોવા જોઇએ.
  - લાંચ અને ફેસિલીટેશન ચૂકવણીઓ પરની આરજેસીની સીઓપીની આવશ્યકતાઓની સમાનુરૂપતામાં નીતિ/ઓ ઔપચારીક રીતે સ્થાપિત થયેલી હોવી જોઇએ અને કારોબારના ઉચ્ચ સ્તર દ્વારા સ્પષ્ટ રીતે સમર્થિત હોવી જોઇએ
  - નીતિ /ઓની દરેક કર્મચારીઓને અને કોઇ પણ પક્ષકાર કે જે સભ્ય વતી એજન્ટ તરીકે કામ કરી શકે તેને જાણ કરવી જોઇએ અને યોગ્ય સમજૂતિ દસ્તાવેજોમાં તેનો સંદર્ભ હોવો જોઇએ.
  - નીતિ /ઓ ભ્રષ્ટારાના મુદ્દાઓ અને જોખમોની સતર્કતા સ્થાપિત કરવાની માગ કરતી હોવી જોઇએ અને સંસ્થામાં ભ્રષ્ટાચાર વિરોધી માહોલને સાંકળવાનો પાયો પૂરો પાડતી હોવી જોઇએ

- ○ નીતિ /ઓમાં બિન-અનુસરણ માટેની મંજૂરીનો સમાવેશ થતો હોવો જોઇએ.
- ○ સભ્યની નીતિ/ઓ સાથે અનુસરણ વિશે સલાહ આપવા અને ફરિયાદો અથવા સમસ્યાઓ મેળવવા માટે જે તે વ્યક્તિ અથવા ઓફિસનો સંપર્ક સ્થાપિત કરવા માટે સભ્યએ વિચારવું જોઇએ. મોટી કંપનીઓ માટે કે જેમાં નોંધપાત્ર જોખમને ઓળખી કાઢવામાં આવ્યું હોય તેમાં કર્મચારીઓ અને એજન્ટોને વ્હીસલબ્લોઇંગ મિકેનીઝમનો ઉપયોગ કરી શકે તે માટેની નીતિ/નીતિઓ પૂરી પાડવાનું વિચારવું જોઇએ.
- ○ નીતિ/ઓએ રાજકીય દાન, સખાવતી સંસ્થાઓ (અને તેવા સમાન કે સરખા)યોગદાનો અને પ્રાયોજકતા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.
- ○ આતિથ્યસત્કાર-અતિથિસત્કાર અને મનોરંજન સહિત ત્રીજા પક્ષકારની ભેટોની દરખાસ્તો અને સ્વીકાર્યતાના રેકોર્ડીંગ અને સંમતિ માટેની શરતો અને પ્રક્રિયાઓ સ્પષ્ટ અને વ્યવહારુ હોવી જોઇએ અને કર્મચારીઓ અને સંબંધિત એજન્ટો અને કોન્ટ્રાક્ટરોને જાણ કરવી જોઇએ. સ્વીકાર્ય મર્યાદાની શરતો નિશ્ચિત કરવા માટે પ્રચલિત વિનિમયો વિરુદ્ધ ભ્રષ્ટાચારના જોખમના સંદર્ભમાં ચૂકાદાની જરૂર પડી શકે છે.
- ○ સભ્યોએ એ ખાતરી રાખવી જોઇએ કે તેઓ અન્ય દેશોના, પ્રાદેશિક સીમાની બહાર કાયદાઓ સુધી પહોંચવા સહિતના લાગુ પડતા કાયદાઓથી અવગત છે. જો અનિશ્ચિત હોય તો, લાયક કાનૂની સલાહકારો પાસેથી સલાહ માગવી જોઇએ.

- **સીઓપી *9.2:* પદ્ધતિઓ*:*** સભ્યો તેમના સંગઠનમાં લાંચના જોખમના સંચાલન માટે પ્રણાલી ગોઠવશે. આ પ્રણાલીમાં સામેલ હશે: *a)* સભ્યોના કારોબારના એ ભાગોની ઓળખ અને દેખરેખ કે જે લાંચની સહભાગિતામાં ઉચ્ચ જોખમો ધરાવતાં હોય. *b)* નીતિઓ અને કાર્યવાહીઓ અંગે સંલગ્ન વ્યવસ્થાપકો અને કર્મચારીઓને તાલીમ આપવી. સભ્યોની નીતિ મુજબ, ભેટ-સોગાદના પત્રકમાં ત્રીજા પક્ષને આપવામાં આવતી અને તેમની તરફથી આવતી સંલગ્ન ભેટ-સોગાદોની નોંધ.*c)* તેમના પોતાના સંગઠનની અંદર શંકાસ્પદ લાંચની કોઇપણ ઘટનાઓની તપાસ. *d)* લાંચ અને લાંચના પ્રયાસો માટેના પ્રતિબંધો.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - ○ જેમાં લાંચના જોખમની શક્યતા હોય તેવા ભાગોને ઓળકી કાઢવા માટે સભ્યોએ જોખમ આકારણી હાથ ધરવી જોઇએ. ખાસ કરીને એક કરતા વધુ સ્થળોએ કામ કરતા હોય તેવા જટીલ કારોબારના કિસ્સામાં સહાય માટે વ્યાવસાયિકની કુશળતા લેવાનું વિચારો. ખાસ કરીને નાનાથી મધ્યમ સાહસ માટે સામાન્ય જોખમ આકારણી ટેમ્પ્લેટ માટે આરજેસી જોખમ આકારણી ટૂલકીટ જુઓ. વૈકલ્પિક રીતે સભ્યો તેમની પોતાની જોખમ આકારણી પ્રક્રિયાનો પણ ઉપયોગ કરી શકે છે.
  - ○ કારોબારના પ્રકાર અને ભૌગોલિક સ્થળને આધારે જોખણ અલગ અલગ હોઇ શકે છે, પરંતુ સરકારી સાહસો (અને એવા સાહસો કે જેમાં સરકાર અને જાહેર અધિકારીઓ હિત ધરાવતા હોય)સહિત ત્રીજા પક્ષકારો સાથે વ્યવહારો અને કારોબારન સંબંધોના સંદર્ભમાં પ્રભાવ ધરાવતા (અથવા પ્રભાવ ધરાવી શકે તેવા) વ્યક્તિઓનો સતત સમાવેશ કરી શકે છે.
  - ○ જોખમ આકારણીએ કારોબારના પ્રકારને આધારે જોખમના સંબંધિત પ્રકારો ઓળખી કાઢવા જોઇએ અને તેમના જોખમના સ્તર અનુસાર કારોબારના વિવિધ ભાગ વચ્ચેનો ફરક અલગ પાડવો જોઇએ, એવી જ રીતે કે ભ્રષ્ટાચાર વિરોધી કાર્યક્રમો, અંકુશો, તાલીમ અને દેખરેખ વધુ પડતા જોખમ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે.

- દસ્તાવેજી ભ્રષ્ટાચાર વિરોધી કાર્યક્રમ ઓળખી કઢાયેલા જોખમો, જેમ કે જેમ કે તાલીમની જોગવાઇ, એક જ વ્યક્તિ સાથે સત્તાનું કેન્દ્રિકરણ અવગણતી ઔપચારીક મંજૂરી કાર્યપદ્ધતિઓ, ઉચ્ચ જોખમ ધરાવતા વ્યવહારો સામે વધુ પ્રમાણમાં આંખ આડા કાન કરવા, નવા એજન્ટો અને સબંધિત કોન્ટ્રાક્ટરોની પસંદગી માટે ડ્યૂ ડિલીજન્સ દ્વારા સમર્થિત દસ્તાવેજી પસંદગી શરતો, કરાર દસ્તાવેજમાં યોગ્ય ભ્રષ્ટાચાર વિરોધી અનુસરણ જોગવાઇઓનો પ્રારંભ અને લાંચની અજમાયશ અને તેમની તપાસના કોઇપણ કિસ્સાઓ રેકોર્ડીંગ મારફતે શમન કરવા માટે સ્થાપિત કરવા જોઇએ.
- નીતિ અને કાર્યપદ્ધતિની સબંધિત કર્મચારીઓ, એજન્ટો અને કોન્ટ્રાક્ટરો, ખાસ કરીને જો તેઓ નવા હોય અને જો તેમાં નોંધપાત્ર ફેરફાર થયો હોય તો તેની ખાતરી માટે તાલીમ પૂરી પાડવી જોઇએ.
- ત્રીજા પક્ષકારની ભેટ માટેનું રજિસ્ટર સ્થાપિત કરવું જોઇએ અને તેનો 9.1 જોગવાઇ હેઠળ નિશ્ચિત કરવામાં આવેલી શરતો દ્વારા ઓળખી કાઢવામાં આવી છે તેવી આપેલી ભેટો, પ્રાપ્ત કરેલી ભેટોની નોંધણી કરવા માટે ઉપયોગ થવો જોઇએ. ભેટોમાં મોટા સખાવતી યોગદાનો, સ્પોન્સરશિપ્સ અથવા સામુદાયિક ચૂકવણીઓ અને નોંધપાત્ર આતિથ્યસત્કાર ખર્ચ કે જે લાંચના જોખમની સાથે વ્યાપારી સંજોગોમાં દરખાસ્ત કરવામાં આવે છે. ભેટ રજિસ્ટર સ્વતંત્ર હોવું જરૂરી નથી, અને તેને ઉદાહરણ તરીકે સભ્યની ચૂકવણી પદ્ધતિ સાથે સંકલિત કરી શકાય.
- સક્ષમ અધિકારી કે હિત સંઘર્ષથી મુક્ત હોય તેના દ્વારા સામયિક ધોરણે ભ્રષ્ટાચાર વિરોધી કાર્યક્રમ સાથેના અનુસરણની સમીક્ષા કરવી જોઇએ.
- દેખરેખની વ્યવસ્થાઓ કારોબારના સંજોગોને યોગ્ય હોવી જોઇએ અને તેમાં નણાંતીય પૃથ્થકરણ, મૂલાકાતો, સંમતિઓનું પરીક્ષણ અને તાલી કે જે 'રેડ ફ્લેગ્સ'ની સતર્કતામાં વધારો કરે છે તેનો સમાવેશ કરી શકે છે.

- **સીઓપી *9.3*: ફેસિલીટેશન ચૂકવણીઓ**: જ્યાં લાગુ પડતા કાયદા દ્વારા સુલભતા માટેની ચુકવણીઓને મંજૂરી આપવામાં આવી હોય ત્યાં સભ્યો: *a)* બધી જ સુવિધાજનક ચુકવણીઓને નાબૂદ કરવાના અથવા સમય રહેતાં સુવિધાજનક ચુકવણીઓના કદ અને આવર્તનને ઘટાડવાના પગલાં ભરશે.*b)* ખાતરી કરશે કે સુવિધાજનક ચુકવણીઓ મર્યાદિત પ્રકાર અને અવકાશની હોય. *c)* સભ્ય દ્વારા કે તેમના પક્ષે કરવામાં આવેલ સુવિધાજનક ચુકવણી માટે નિયંત્રણોનો અમલ કરશે, તેના પર દેખરેખ રાખશે અને તેનો સંપૂર્ણ હિસાબ રાખશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - સભ્યો ફેસિલીટેશન ચૂકવણીઓ વિશેના લાગુ પડતા કાયદાઓથી અવગત હોવા જોઇએ. જ્યાં લાગુ પડતા કાયદા દ્વારા ફેસિલીટેશન ચૂકવણીઓ કરવાનું મંજૂર ન હોય ત્યાં તેની પર ઉપરોક્ત લાંચ સંબંધિત જોગવાઇઓ હેઠળ ધ્યાન કેન્દ્રિત કરવું આવશ્યક છે.
  - પોલિસી/ઓમાં સ્વીકાર્ય અથવા અસ્વીકાર્ય ચૂકવણીઓ, સ્પષ્ટ અને વ્યવહારુ માર્ગદર્શનનો સમાવેશ થવો જોઇએ, સ્થળમાં યોગ્ય હોય ત્યાં માર્ગદર્શનની રચના કરવી જોઇએ. જ્યાં ફેસિલીટેશન ચૂકવણીઓને કાયદા દ્વારા અથવા સભ્યના પોતાના ભ્રષ્ટાચાર વિરોધી કાર્યક્રમ દ્વારા મંજૂરી આપવામાં આવી હોય ત્યારે તેને સભ્યની નીતિ/ઓમાં અલગ રીતે દર્શાવવાની જરૂરિયાત નથી.
  - જવાબદાર મેનેજરની સત્તા હેઠળ મંજૂરીની જરૂરિયાતો માટે નીતિ /ઓ પૂરી પાડવી જોઇએ.
  - દરેક પ્રકારની ફેસિલીટેશન ચૂકવણીઓ સંપૂર્ણ રીતે હિસાબી અને રેકોર્ડેડ, જેમ કે રજિસ્ટર પર હોવી જોઇએ.

- સભ્યની નીતિ/ઓ કે જે તેમના પ્રકાર અને તકને મર્યાદિત કરે છે તેના વિશે જે ફેસિલીટેશન ચૂકવણીઓ પ્રાપ્ત કરે છે તેવા બહારના પક્ષકારોને જાણ કરીને રકમ આપવી જોઇએ.
- ઓછી કે સદંતર બંધ કરી શકાય તેવી ચૂકણીઓને ઓળખી કાઢવાના ઉદ્દેશથી ઓછી ફેસિલીટેશન ચૂકવણીઓની અસરો પર દેખરેખ રાખવી જોઇએ.

તપાસો:

✓ શું તમે લાંચ અને ફેસિલીટેશન ચૂકવણીઓ વિશે લાગુ પડતા કાયદાઓ જાણો છો?

✓ શું તમે લાંચ વિરોધી નીતિની સ્થાપના કરી છે અને તેની કર્મચારીઓ અને એજન્ટોને જાણ કરી છે?

✓ શું તમે ઓડીટરને જેમ કે જોખમ આકારણી, તાલીમ, ભેટ રજિસ્ટર અને તપાસ અને મંજૂરીઓ માટેની પ્રક્રિયાઓ જેવી તમારી સમર્થિત વ્યવસ્થા બતાવી શકો છો?

✓ શું તમે જ્યાં સ્વીકૃત્ત હોય અને જો તમે તે કરી હોય તેવી ફેસિલીટેશન ચૂકવણીઓ પર સમય જતા તેમાં ઘટાડો કરવા કે સદંતર બંધ કરી દેવાના આશયથી યોગ્ય અંકુશ ધરાવો છો?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો લાંચ અને ભ્રષ્ટાચારના મુદ્દાઓ પર વધારાની માહિતી ધરાવે છે:

- બિઝનેસ એથિક્સ ઇન્સ્ટિટ્યુટ – ઉત્ખનન ક્ષેત્ર માટેના સિદ્ધાંતો
  www.ibe.org.uk/userfiles/exten_anti-corruptionprinciples_2011.pdf
- ઇન્ટરનેશન બિઝનેસ ટ્રાન્ઝેક્શનમાં વિદેશી જાહેર અધિકારીઓની લાંચ પરનું ઓઇસીડી કોન્વેન્શન (1997)
  www.oecd.org/document/21/0,3343,en_2649_34859_2017813_1_1_1_1,00.html
- તમે જે ચૂકવો છે તેનું પ્રકાશન કરો
  www.publishwhatyoupay.org
- PwC – યુકે લાંચ કાયદો: ભ્રષ્ટાચાર કાયદો એ નથી કે જેને બેલ્જિયમ કારોબાર અવગણી શકે છે (2011)
  www.pwc.be/en/press/2011-08-30-british-act-against-corruption.jhtml
- ટ્રાન્સપેરન્સી ઇન્ટરનેશનલ
  www.transparency.org.uk/our-work/bribery-act
- ટ્રાન્સપેરન્સી ઇન્ટરનેશનલ- પૂરતી પ્રક્રિયાઓ-યુકે લાંચ કાયદો 2010માં માર્ગદર્શન
  www.transparency.org.uk/our-work/publications/10-publications/95-adequate-procedures-guidance-to-the-uk-bribery-act-2010
- યુનાઇટેડ કિંગડમ લાંચ કાયદો (2010)
  www.thebriberyact2010.co.uk/default.asp
- યુનાઇટેડ નેશનસ (એન) ગ્લોબલ કોમ્પેક્ટ-બ્રષ્ટાચાર વિરોધી પરનો 10મો સિદ્ધાંત (2004)
  www.unglobalcompact.org/AboutTheGC/TheTenPrinciples/anti-corruption.html
- ડ્રગ્સ અને ક્રાઇમ પરની યુનાઇટેડ નેશન્સ ઓફિસ (UNODC) - ભ્રષ્ટાચાર અને આર્થિક ગુન્હા વિરુદ્ધ પગલાંઓ
  www.unodc.org/unodc/en/corruption/index.html
- વિશ્વ આર્થિક ફોરમ – ભ્રષ્ટાચારના પ્રયત્ન વિરુદ્ધ ભાગીદાર કરતા
  www.weforum.org/en/initiatives/paci/index.htm

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 10) મની લોન્ડરીંગ અને આતંકવાદને ધિરાણ

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**લાભકારક માલિક** કુદરતી વ્યક્તિ(ઓ) છે, જે અંતે ગ્રાહક પર માલિકી કે અંકુશ ધરાવે છે અને/અથવા એવી વ્યક્તિ કે જેના વતી વ્યવહાર કરવામાં આવી રહ્યો હોય. તેમજ કાયદેસરની વ્યક્તિ અથવા વ્યવસ્થા પર અંતિમ અસરકારક અંકુશનો ઉપયોગ કરતા હોય તેવી વ્યક્તિઓનો પણ તેમાં સમાવેશ કરે છે.

**મની લોન્ડરીંગ** એ એવી પ્રક્રિયા છે જે તેમના ગેરકાનૂની અસ્તિત્વને છૂપાવવા માટે ગુન્હાની નાણાંકીય પ્રક્રિયા છૂપી રીતે કરવામાં આવે છે.

**આતંકવાદને ધિરાણ** એ નાણાંકીય ટેકાનું કોઇપણ સ્વરૂપ છે જે આતંકવાદને પ્રોત્સાહન આપતા, યોજના કરતા અથવા સંકળાયેલા હોય છે. નોંધપાત્ર રાજકીય, ધાર્મિક અને રાષ્ટ્રીય સંડોવણી કે જે વિવિધ દેશોમાં અલગ પડતી હોય તેના કારણે આતંકવાદનો અર્થ સર્વસામાન્ય રીતે સ્વીકાર્ય નથી.

**તમારા ગ્રાહકને જાણો (કેવાયસી) સિદ્ધાંતો** એવા સિદ્ધાંતો છે જેને મની લોંડરીંગ અને આતંકવાદને કરવામાં આવતા ધિરાણને નાથવા માટે સ્થાપિત કરવામાં આવે છે. કેવાયસી સિદ્ધાંતોમાં કારોબારોએ પોતે જેમાં કામગીરી કરતા હોય તેવા દરેક સંગઠનોની ઓળખ સ્થાપિત કરવાની આવશ્યકતા રહે છે, તેને કારોબારીક સંબંધોની સ્પષ્ટ સમજણ હોવી જોઇએ અને સામાન્ય અથવા શંકાની બહાર દેખાતી પદ્ધતિઓ દ્વારા થતા વ્યવહારોને ઓળખી કાઢવાની અને તેનો પ્રતિભાવ આપવાની વાજબી ક્ષમતા હોવી જોઇએ.

*સ્રોત:*

- વિશ્વ બેન્ક – એન્ટી મની લોન્ડરીંગ અને આતંકવાદના ધિરાણને નાથતી સંદર્ભ માર્ગદર્શિકા
  http://siteresources.worldbank.org/EXTAML/Resources/396511-1146581427871/Reference_Guide_AMLCFT_2ndSupplement.pdf
- નાણાંકીય પગલાં કાર્ય દળ – કિંમતી ધાતુઓ અને સ્ટોન્સ (પત્થરો)ના ડીલરો માટે *RBA* માર્ગદર્શન
  www.fatf-gafi.org/documents/riskbasedapproach/fatfguidanceontherisk-basedapproachfordealersinpreciousmetalsandstones.html

સીઓપીનો મની લોન્ડરીંગ અને આતંકવાદને ધિરાણ વિભાગ દરેક પ્રકારના એકમોને લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

મની લોન્ડરીંગ એ ગેરકાનૂની અથવા 'ખરાબ' નાણાં છૂપાવવા માટે ઘડવામાં આવેલા અનેક પ્રકારના આચરણો માટેનો શબ્દ છે. ગુન્હાખોરીવાળી પ્રવૃત્તિઓ જેમ કે ગેરકાયદે શસ્ત્રો, ડ્રગની હેરાફેરી, વેશ્યાગીરી, કૌભાંડ, ઇનસાઇડર ટ્રેડીંગનું વેચાણ ચોરી અથવા કર ચોરીમાથી થયેલો નફો- તેમજ જ્યાં સુધી ગેરકાયદે સ્રોત ગુપ્ત ન રહે ત્યાં સુધી

વારંવારની તબદિલીઓ અને સોદાઓ કરવા. ત્યાર બાદ નાણાં કાયદેસરના અથવા 'ચોખ્ખા' ભંડોળ અથવા મિલકતનો દેખાવ ધારણ કરે છે.

મની લોન્ડરીંગની પ્રક્રિયા સામાન્ય રીતે ત્રણ તબક્કાઓને અનુસરે છે. મની લોન્ડરીંગના પ્રારંભિક-અથવા નિયુક્તી-ના તબક્કામાં, લોન્ડરીંગ કરનાર નાણાંકીય વ્યવસ્થામાં ગેરકાયદે નફાને નાખે છે. આવું ઘણી વખત મોટી રોકડના કકડા કરીને નાની રકમ કરવામાં આવે છે. ત્યાર બાદ તેને રોકડ, ચેક્સ થવા મની ઓર્ડર દ્વારા સીધા જ વિવિધ સ્થળોમાં રહેલા બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે.

ભંડોળ નાણાં વ્યવસ્થામાં પ્રવેશે તે પછી, બીજો-અથવા સ્તરીકરણ-તબક્કો સ્થાન લે છે. આ તબક્કામાં ભંડોળનું રૂપાંતરણ અથવા હેરફેરને તેમના ગેરકાયદે સ્ત્રોતમાંથી દૂર કરવા માટે હાથ ધરવામાં આવે છે. આ ભંડોળનું માધ્યમ રોકાણોની ખરીદી અથવા વેચાણ અથવા અસંક્ય નાણાંકીય બેન્ક ખાતાઓ હોઇ શકે છે. અત્યંત છૂટાછવાયા ખાતાઓનો ઉપયોગ એવા ન્યાયક્ષેત્રમાં કરવામાં આવે છે જ્યાં મની લોન્ડરીંગ વિરોધી તપાસ કરવામાં આવતી ન હોય.

ત્રીજો તબક્કો છે- સંકલન- ભંડોળ કાયદેસરના અર્થતંત્રમાં પુનઃપ્રવેશે છે. કાયદેસરની અને ગેરકાયદેસરની કાર્યવાહીઓને ટ્રેડીંગ કંપનીઓના ખાતાઓમાં શક્યતઃ ભેળવી દેવામાં આવે છે. લોન્ડરીંગ કરનાર કદાચ ખરીદી અને કદાચ વેચાણ માટે ઊંચા મૂલ્ય વાળી અસ્કયામતો અથવા માલની પસંદગી કરી શકે છે. આ ચીજોમાં રિયલ એસ્ટેટ, કારોબાર સાહસો, અથવા પેદાશો જેમ કે કિંમતી ધાતુઓ, હીરાઓ, ઝવેરાત, કાર અથવા પ્રાચીન ચીજોનો સમાવેશ થઇ શકે છે.

આતંકવાદ માટેનું ધિરાણ છૂપાવવા અને ખોટી રીતેના સમાન પ્રકારના વ્યવહારોનો ઉપયોગ કરે છે, પરંતુ એક અને ત્રીજા તબક્કામાં તફાવત હોય છે. પ્રથમ તબક્કામાં, આતંકવાદ માટેના ધિરાણના ભંડોળના મૂળમાં કાયદેસરના સ્ત્રોત તેમજ ગુન્હાયુક્ત પ્રવૃત્તિઓ હોઇ શકે છે. કાયદેસરના સ્ત્રોતમાં ફાઉન્ડેશન અથવા સખાવતી સંસ્થાઓને દાનનો સમાવેશ કરી શકે છે, જેને સામે આતંકવાદી પ્રવૃત્તિઓ અથવા સંસ્થાઓના ટેકા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ત્રીજા તબક્કામાં, આ ભંડોળનું વિતરણ ગેરકાયદે સંગઠનો અથવા તેમની પ્રવૃત્તિઓ તરફ કરવામાં આવે છે, જ્યારે મની લોન્ડરીંગ તેનાથી વિરુદ્ધના માર્ગે જાય છે-ગુન્હાકીય ભંડોળ કાયદેસરના અર્થતંત્રમા જાય છે.

મની લોન્ડરીંગ અને આતંકવાદને ધિરાણ, વિશ્વમાં કોઇ પણ દેશમાં બની શકે છે અને થાય છે. જેમ કે ઊંચા મૂલ્યવાળા માલ-સામાન, ઝવેરાતની પુરવઠા શ્રૃંખલાના વિવિધ ભાગોના ડીલરોને મની લોન્ડરીંગની પ્રક્રિયા માટે લક્ષ્યાંક બનાવવામાં આવે છે. તેથી મની લોન્ડરીંગ અને આતંકવાદને ધિરાણમાં સામેલ થવાના જોખમને લઘુત્તમ બનાવવા માટે ક્ષેત્ર અત્યંત સખત વ્યવસ્થા અપનાવે તે આવશ્યક છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

મની લોન્ડરીંગ પરત્વે આંતરરાષ્ટ્રીય પ્રતિભાવને બરોબર બનાવવા માટે મની લોન્ડરીંગ પરની ફાઇનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સ (એફએટીએફ) ની સ્થાપના 1989માં પેરિસમાં જી-7 દ્વારા કરવામાં આવી હતી. 2001માં

એફએટીએફનો ઉદ્દેશ આતંકવાદના ધિરાણને ઘટાડવાનો અથવા તેમાંથી મુક્તિ મેળવવાનો સમાવેશ કરવા સુધી વિસ્તરિત કરવામાં આવ્યો હતો.

2012માં એફએટીએફની ભલામણોએ, મની લોડરીંગ અને આતંકવાદના ધિરાણ એમ બન્નેને તેમજ અન્ય પ્રકારના નાણાંકીય ગુન્હાઓને રોકવા માટે, શોધી કાઢવા માટે અને દબાવી દેવા માટે અપનાવવા જોઇએ તેવા માપદંડો નિશ્ચિત કર્યા હતા. એફએટીએફએ ખાસ કરીને કિંમતી ધાતુઓ અને પત્થરોના ડીલરો માટે રચાયેલ મની લોન્ડરીંગ અને આતંકવાદને ધિરાણને નાથવાના જોખમ આધારિત અભિગમ માટે માર્ગદર્શન અહેવાલ પણ જારી કર્યો હતો.

*રાષ્ટ્રીય કાયદો*

મોટા ભાગના દેશોએ મની લોન્ડરીંગ વિરુદ્ધના કડક કાયદાઓ અને નિયમનો બનાવ્યા છે. આ પ્રવૃત્તિનો પ્રકાર ગુન્હાખોરીનો હોવાથી દરેક કાર્યરત ન્યાયક્ષેત્રમાં સંબંધિત કાયદાઓથી અવગત રહેવું આવશ્યક છે. કિંમતી ધાતુઓ, પત્થરો અને ઝવેરાત જેવા મૂલ્યવાન માલમાં કામ કરતા આંતરિક વ્યવહાર દેખરેખ અને અંકુશોનો અમલ કરવા માટે ઘણી વખત નિયમનકારી જરૂરિયાતોને આકર્ષે છે.

રાષ્ટ્રીય કાયદાના કિસ્સામાં, આરજેસીના સભ્યોએ 15,000 યૂરો/અમેરિકન ડોલર્સની સમકક્ષ કે તેનાથી ઉપરના દરેક રોકડ વ્યવહારો પર દેખરેખ રાખવાની અને રેકોર્ડ જાળવવાની જરૂર રહે છે, જેમાં વ્યવહાર એક જ કામગીરીમાં અથવા વિવિધ કામગીરી મારફતે કે જે લિંક હોય તેમ દેખાય છે તેના દ્વારા હાથ ધરવામાં આવે છે. સભ્યો જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યવહારો કે જે એક કરતા વધુ નિયમકારી ન્યાયક્ષેત્રોની શરતે હોય તેમાં સંકળાયેલા હોય ત્યારે તેમણે દરેક સબંધિત ન્યાયક્ષેત્ર માટે લાગુ પડતા કાયદા સાથે અનુકરણ કરવાની અવગત રહેવાની જરૂર હોય છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને ટેકા માટેના પ્રારંભિક બિંદું તરીકે જોવાવું જોઇએ.*

- **સીઓપી *10.1:* તમારા ગ્રાહકને જાણો સિદ્ધાંતો**: સભ્યો કારોબાર ભાગીદારો કે જેઓ આપૂર્તિકારો અથવા હીરા, સોના અને પ્લેટિનમ જૂથની ધાતુઓ અથવા આ ધાતુઓના ઝવેરાતના ઉત્પાદનોના ગ્રાહકો માટે તમારા ગ્રાહકને જાણો સિદ્ધાંતને લાગુ કરશે, જેમાં નીચેનો પણ સમાવેશ થાય છે:
  *a)* ઓળખ સ્થાપિત કરવી, અને જ્યાં જોખમની આકારણી અથવા લાગુ પડતા કાયદા દ્વારા કારણભૂત હોય ત્યાં લાભકારક માલિકી અને આપૂર્તિકાર અથવા ગ્રાહક માટેના સિદ્ધાંતો સ્થાપિત કરવા
  *b)* તેમના કારોબારના પ્રકાર વિશેની સમજણ જાળવી રાખવી;
  *c)* અસામાન્ય અથવા શંકાસ્પદ પ્રવૃત્તિ માટે વ્યવહારો પર દેખરેખ રાખવી અને નાણાંની હેરફેર કરવી અથવાઆતંકવાદને નાણાં પૂરા પાડવાની વ્યવસ્થાની શંકાનો સંલગ્ન નિયુક્ત સત્તામંડળને અહેવાલ આપવો .
  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - કારોબારના ભાગીદારોમાં અંતિમ વપરાશકારોનો સમાવેશ થતો નથી.
  - સભ્યોએ એ બાબતની ખાતરી રાખવી જોઇએ કે તેઓ દરેક સબંધિત ન્યાયક્ષેત્રો માટે લાગુ પડતા કાયદાથી અવગત હોય.

- મની લોન્ડરીંગ અથવા આતંકવાદના ધિરાણમાં સામેલગીરી માટે જોખમ થવાની શક્યતાને ઓળખી કાઢવા જોખમ આકારણી હાથ ધરવી જોઇએ. પહેલા વ્યવહાર પૂર્વે અને વ્યવહારોની આગળ ધપી રહેલી દેખરેખ માટે નવા ગ્રાહકો અને પુરવઠાકારોના સ્ક્રીનીંગ માટે ઊંચા જોખમવાળા નિર્દેશકો અથવા ‘રેડ ફ્લેગ્સ’ સ્થાપિત કરવા જોઇએ.
  - ઊંચા જોખમવાળા પુરવઠાકારો અથવા ગ્રાહકોમાં એવા લોકોનો સમાવેશ થશે જે લોકો નીચેના લક્ષણો ધરાવતા હોય (વધુ માહિતી માટે જોખમ આધારિત અભિગમ પરનું એફએટીએફ માર્ગદર્શન જુઓ):
    - ઉદ્યોગની જાણકારીનો અભાવ
    - અસાધારણ નાણાંકીય શબ્દો અને શરતો માટે વિનંતીઓ
    - કારોબારના સ્થાપિત સ્થળનો અભાવ અથવા અસાધારણ સ્થળ
    - જેનો કોઇપણ અર્થ ન હોય તેવા વ્યવહારની દરખાસ્ત કરવી
    - અસાધારણ કે અંતરે હોય તેવી બેન્કોનો ઉપયોગ
    - કોઇ દેખીતી કાયદેસરના કારોબાર હેતુ માટે બેન્ક સિવાયની નાણાંકીય સંસ્થાઓનો ઉપયોગ
    - બેન્ક ખાતાઓમાં વારંવાર અને સમજણ વિનાના ફેરફારો
    - અંગત એકાઉન્ટીંગમાં વારંવાર અને સમજણ વિનાના ફેરફારો
    - કંપનીઓનો ઉપયોગ કે જે કોઇ પણ કાયદેસરના નાણાંકીય, કાનૂની અથવા ઉપયોગમાં લેવનાર વ્યાપારી કારણ કરતી હોવાની સંભાવના હોય
    - અસાધારણ જટીલ સંસ્થાકિય માળખું
    - ઊંચા જોખમવાળા ન્યાયક્ષેત્રમાં સ્થિત કચેરીઓ
    - વ્યવહારમાં ત્રીજા પક્ષકારની સામેલગીરી
    - લાભકારક માલિકો અથવા અંકુશાત્મક હિતોને ઓળકી કાઢવાનો ઇનકાર, જ્યાં આની વ્યાપારીધોરણે આશા રાખવામાં આવે છે.
    - હિસાબનીશો, વકીલો અથવા અન્ય મધ્યસ્થીઓ મારફતે સામાન્ય કારોબાર હાથ ધરતા ગોપનીયતાની અપેક્ષા રાખવી
    - પ્રમાણભૂત રીતે રોકડનો ઉપયોગ
    - રાજકીય વગદાર વ્યક્તિઓને સામેલ કરવા.
- ઓળખ સ્થાપિત કરવા માટે અને લાભકારક માલિકો તેમજ ગ્રાહકોના સિદ્ધાંતો અને/અથવા પુરવઠાકારો માટે કેવાયસી કાર્યપ્રણાલિ અસ્તિત્વમાં હોવી જોઇએ (જેને મુક સમયે પ્રતિસ્પર્ધી પક્ષકારો પણ કહેવામાં આવે છે) જેમાં લાગુ પડતા કાયદા દ્વારા આવશ્યકતા હોય અને/અથવા જોખમ આકારણી પર આધારિત હોય.
  - સબંધિત જોખમ નિર્દેશકો સહિત તમારા ગ્રાહકને જાણો અને સબંધિત અનુપાલન કાર્યપ્રણાલિ માટે તાલીમ પૂરી પાડો.
  - દરેક સબંધિત ગ્રાહકો અને પુરવઠાકારો માટે કારોબારની ઓળખ અને સતર્કતા ધરાવતા હોય તેવા રેકોર્ડ રાખવા અને સુંદર રીતે જાળવી રાખવા.

- દેખરેખનું સ્તર અને જોખમના સ્તરની સાથે સમપ્રમાણ હોવું જોઇએ. વિસ્તરિત દેખરેખ અને સખત અંકુશો અને મંજૂરી આપનાર સત્તાએ ઊચું જોખમ ધરાવવાની શક્યતા હોય તેવા કોઇ પણ ગ્રાહકો અથવા પુરવઠાકારો પર જોખમ આકારણીના આધારે લાગુ પાડવા જોઇએ.
- શંકાસ્પદ પ્રવૃત્તિને ઓળખી કાઢવા અને યોગ્ય સત્તાવાળાઓને જાણ કરવા માટે કાર્યપ્રણાલિ સ્થાપિત કરો. જો મની લોન્ડરીંગ અથવા આતંકવાદના ધિરાણનું જોખમ ઓળખી કાઢવામાં આવે તો, પ્રસ્તુત ગન્હાકીય પ્રવૃત્તિના પ્રકાર અથવા ઇદાપૂર્વકના આતંકવાદી હેતુ નિર્ધારિત કરવા માટેની જવાબદારી સભ્યોની નથી. શંકાસ્પદ પ્રવૃત્તિને ઓળકી કાઢવી અને તેની યોગ્ય સત્તાવાળાઓને જાણ કરવી તે ફરજ છે. જોખમ આકારણી અથવા કાયદામાં સ્થાપિત કરાયેલા જાણ કરવાના નિયમો મારફતેના પરિણામે અહેવાલ સ્થાન લઇ શકે છે.

○ મહાકાય કારોબારો અથવા જેને ઊંચુ જોખમ થવાની સંભાવના હોય તેના માટે માન્ય મેનેજરની સત્તા હેઠળ ઔપચારીક મની લોન્ડરીંગ વિરોધી/પ્રતિસ્પર્ધી આતંકવાદ ધિરાણ (એએમએલ/સીએફટી) કાર્યક્રમની સ્થાપના કરવી જોઇએ. અન્ય કારોબાર અનુપાલન અને સલામતી કાર્યક્રમોને અનુરૂપ કાર્યક્રમનો અમલ યોગ્ય હોઇ શકે છે. નિયમિત સમીક્ષા અને એએમસી/સીએફટી કાર્યક્રમના પરીક્ષણ અને કાર્યપ્રણાલિ માટે સ્વતંત્ર લાયક ઓડીટરને સામેલ કરવાનું વિચારો.

- ***સીઓપી 10.2: રોકડ વ્યવહારો:*** સભ્યો એવા તમામ રોકડ અથવા રોકડ જેવા લેવડ-દેવડના વ્યવહારોની નોંધોની જાળવણી કરશે જે લાગુ પડતા કાયદા હેઠળ સુસંગત વ્યાખ્યાયિત શરૂઆત ઉપરાંત ઉદભવ્યા હોય અને, જ્યાં જરૂર જણાય ત્યાં નિયુક્ત કરવામાં આવેલ અધિકૃત સત્તામંડળ સમક્ષ આનો અહેવાલ આપશે. જ્યાં કોઈ લાગુ પડતા કાયદો અસ્તિત્વ ન ધરાવતો હોય ત્યાં, સભ્ય *15000* યુરો/ડોલર્સની સમકક્ષ અથવા તેથી ઉપરના બધા જ રોકડ વ્યવહારોની દેખરેખ રાખશે અને તેની નોંધ જાળવશે, જ્યાં વ્યવહારો એક જ સંચાલનમાં હાથ ધરવામાં આવ્યાં હોય અથવા ઘણાં બધા સંચાલનમાં દેખાય તેને જોડવાના રહેશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  ○ ડીલરની સક્ષમ સત્તાને શંકાસ્પદ વ્યવહાર કે પ્રવૃત્તિની જાણ કરવાની જરૂરિયાતમાં પરિણમતા હોય તેવા સંજોગો સામાન્ય રીતે નિયમ આધારિત અને રાષ્ટ્રીય કાયદામાં દર્શાવવામાં રઆવેલા હોય છે. તેમાં કારોબારના ભાગીદારો (બી2બી) અને અંતિમ વપરાશકારો (બી2સી)નો સમાવેશ કરી શકે છે.

  ○ સભ્યો જ્યાં કામગીરી કરતા હોય તેવા દરેક ન્યાયક્ષેત્રમાં રહેલી મર્યાદાથી અવગત હોવા જોઇએ. જ્યાં 15000 યૂરો/ યુએસ ડોલર્સના કે તેનાથી ઉપરના વ્યવહારોના રેકોર્ડીંગ માટે રોકડની મર્યાદાના લાગુ પડતા કાયદાઓ અસ્તિત્વમાં હોતા નથી.

  ○ જ્યારે પણ મર્યાદા ઓળંગવામાં આવે ત્યારે જાણ કરવાની જરૂરિયાત પરિણમતી હોય તેવા કાર્યપ્રણાલિ અસ્તિત્વમાં હોવી જોઇએ.

  ○ એવા વ્યવહારો કે જે લિંક થઇ શકે તેવા દેખાતા હોય તેને એકમાત્ર વ્યવહાર તરીકે ગણવા જોઇએ.

**પ્રશ્ન અને જવાબ: મની લોન્ડરીંગ અને આતંકવાદને ધિરાણ**

*1. ગ્રાહકો અથવા પુરવઠાકારો પાસેથી આપણે ઓળખ માહિતી મેળવવા ઇચ્છીએ છીએ પરંતુપીછો કરવા છતાં પણ આપણે ન મેળવી શકીએ તો શું થાય? શું આપણુ સમાનુરૂપતા રેટિંગ આપણી વ્યવસ્થા અને કાર્યપ્રણાલિ કેવી રીતે કામ કરે છે અથવા 100% ડેટાની સિદ્ધિ પર આધારિત છે?*

સભ્યો દરેક ગ્રાહકો અને પુરવઠાકારોની ઓળખ સ્થાપિત કરે અને જ્યારે લાભાર્થી માલિકીપણું અને પુરવઠાકાર કે ગ્રાહકના સિદ્ધાંતો જોખમ આકારણી અથવા લાગુ પડતા કાયદા દ્વારા સક્રિય થતું હોય ત્યારે આવશ્યકતા સીઓપીમાં સેવવામાં આવી છે. જરૂરી નથી કે તેનો અર્થ દરેક સમયે '100% ડેટા' હોય, કેમ કે સંબંધિત માહિતીનું એકત્રીકરણ અને જાળવણી આગળ ધપતી પ્રક્રિયા છે. ઓડીટરોએ, કોઇ પણ ખૂટતી માહિતીની માત્રા અને પ્રકાર, માહિતી શા માટે ખૂટે છે તેના કારણો અને ઈચ્છે તે સભ્યના વ્યવસ્થાપન પદ્ધતિઓમાં નબળાઇ દર્શાવે છે કે કેમ તેને ધ્યાનમાં લેવા જોઇએ.

ઉદાહરણ તરીકે, કોઇ કંપની વિશેની ખૂટતી માહિતી કે જૂની હોય કેમ કે કારોબાર સંબંધ નિષ્ક્રીય અથવા અન્ય સ્થળે જતી રહી હોવાના કારણે અથવા ફોન નંબરમાં ફેરફાર થયો હોય, અથવા નજીવી કારકુની ભૂલ જેવી ચોક્કસ ઓળખ માહિતી ઘણી વખત ગુમ થવા માટેના માટેના કારણો વાજબી, વ્યવહારુ કારણો હોઇ શકે છે. આમ છતાં, જો મૂળભૂત ઓળખ માહિતી સક્રિય પ્રતિસ્પર્ધી પાર્ટીનો સંપર્ક નહી થઈ શકવાને કારણે અથવા સ્થળને કારણે માહિતી ખૂટતી હોય, અથવા માહિતીમાં અસંખ્ય વિસંવાદિતા હોય કે જે વ્યવસ્થા યોગ્ય રીતે કામ કરતી નથી તેવો નિર્દેશ કરતી હો.ય તો, સભ્ય બિન-સમાનુરૂપતાની સ્થિતિમાં આવે તેવી શક્યતા રહેલી છે.

લાભકારક માલિકો વિશેની માહિતી એકત્ર કરવી એ કદાચ મૂળભૂત ઓળખ માહિતી જેવી સીધી ન પણ હોય તેવું બની શકે છે. ઉદાહરણ તરીકે, જોખમ આકારણીના પરિણામો સભ્ય માટે લાભકારક માલિકીપણા વિશેની માહિતીની વિનંતી માટે કારણભૂત બની શકે છે, પરંતુ તે કદાચ કાનૂની રીતે જરૂર ન પણ હોઇ શકે અને પ્રતિસ્પર્ધી પાર્ટી કદાચ સહકારાત્મક ન પણ હોય, અથવા માહિતીનો નવા ગ્રાહક માટે 'પીછો' કરવાનું જરૂરી પણ હોય, અથવા એકાદ એવા માટે કે જેણે તાજેતરમાં માલિકીપણામાં ફેરફાર કર્યો હોય. જોકે આ માહિતી કાયદેસર રીતે જરૂરી હોય અને ખાસ કરીને અમુક મહિનાઓ માટે ખૂટતી હોય, ખાસ કરીને વિવિધ ખાતાઓ માટે અથવા સભ્ય જરૂરી માહિતી મેળવવા માટે પગલાં લઇ રહ્યો છે તે દર્શાવવા સક્ષમ ન હોય, તો સભ્ય બિન-સમાનુરૂપતાની સ્થિતિમાં આવી જાય તેવી શક્યતા રહેલી છે.

***2. લઘુ કારોબારો અત્યંત મહાકાય કંપીનીઓ પાસેથી માહિતી કેવી રીતે મેળવી શકે?***

જાહેર રીતે ઉપલબ્ધ સ્રોતો કેટલીકવાર સંબંધિત માહિતીમાં સુધી પહોંચ પુરી પાડી શકે છે. ઉદાહરણ તરીકે, પ્રતિસ્પર્ધી પાર્ટી પહેલેથી જ નિયમનકારી કાર્યક્રમ અને/અથવા ઉદ્યોગ સંગઠન કે જેમાં સમાન પ્રકારની માહિતી જરૂર હોય તો તેમાં પહેલેથી જ નોંધાયેલ હોય તો સભ્યને પુનઃસર્જન કરવાની કે પ્રતિસ્પર્ધી પાર્ટીની માહિતી ચકાસવાની જરૂરિયાત રહેશે નહી. તેમાં, ઉદાહરણ તરીકે, જે બજાર કે જે વર્લ્ડ ફેડરેશન ઓફ ડાયમંડ બોર્સીસનું સભ્ય હોય તેનો, ઓફિશિયલી રજિસ્ટર્ડ બેલ્જીયમ ડાયમંડ કંપનીઓની વેબસાઇટ પર નોંધાયેલી કંપનીઓ અથવા એલબીએમએની સભ્ય કંપનીઓનો સભ્ય *[સ્રોતઃ કિંમતી ધાતુઓ અને પત્થરોના ડીલરો માટે એફએટીએફ-આરબીએ માર્ગદર્શન.]* નોંધાયેલી કંપનીઓ અને નાણાં સંસ્થાઓના લાભકારક માલિકોની ઓળખ માટે કેટલાક રાષ્ટ્રીય કાયદા હેઠળ રાહતો પણ હોઇ શકે છે.

તમારા ગ્રાહકને જાણો અભિગમને સમર્થન આપવા માટે કેટલીક ક્ષેત્રીય પહેલો પણ છે. ઉદાહરણ તરીકે બેલ્જીયમ હીરા ક્ષેત્ર, એડબ્લ્યુડીસી અને ફેડરલ પબ્લિક સર્વિસ ઇકોનોમિએ કેવાયસી માટે વેબસાઇટ ટૂલ http://www.registereddiamondcompanies.be/નું સર્જન કરવા માટે સહયોગ સાધ્યો છે.

***3. દેશ દ્વારા નાણાકીય અહેવાલની મર્યાદાની યાદી છે?***

અલગ અલગ દેશોમાં નાણાંકીય અહેવાલ કાયદા માટે એફએટીએફ ભલામણો મુખ્ય ચાલક છે. એફએટીએફ અથવા એફેટીએફ શૈલીની પ્રાદેશિક સંસ્થાઓના સભ્યપદ દ્વારા એફએટીએફ ભલામણોને હાલમાં 180 જેટલા ન્યાયક્ષેત્રો પ્રતિબદ્ધ છે. પ્રસંગોપાતના વ્યવહારો માટે ભલામણ 10 હેઠળ માન્ય મર્યાદા USD/EUR15,000 છે. કેટલાક દેશો સમાન મર્યાદાનો ઉપયોગ કરશે, જ્યારે અન્ય દેશો તે મર્યાદાને ઘટાડીને નીચી રકમની કરી હશે.

એફએટીએફએ દેશો દ્વારાની અહેવાલ મર્યાદાની યાદી જાળવી રાખી નથી. જોકે, અહેવાલ મર્યાદા વિશેની માહિતી એફએટીએફ મ્યુચ્યુઅલ ઇવેલ્યુએશન અહેવાલોમાં ઉપલબ્ધ છે, જેમા એફએટીએફની વેબસાઇટ http://www.fatf-gafi.org/topics/mutualevaluations/ પરથી પ્રવેશી શકાય છે.

તપાસો:

- ✓ જે લોકો હીરાઓ, સોનું અને પ્લેટીનમ જૂથના ધાતુઓ અથવા આ તમામને સમાવતી ઝવેરાત પેદાશોના પુરવઠાકારો અથવા ગ્રાહકો છે તેવા દરેક કારોબાર ભાગીદારોની ઓળખનો દસ્તાવેજ તૈયાર કર્યો છે?
- ✓ મની લોન્ડરીંગ અથવા આતંકવાદને ધિરાણમાં સામેલગીરીના જોખમને ઓળખી કાઢવા માટે આ કારોબાર ભાગીદારોની જોખમ આકારણી તમે હાથ ધરી છે?
- ✓ ઊંચા જોખમવાળા પુરવઠાકારો અથવા જ્યાં નિયમન દ્વારા જરૂર હોય તેના માટે તમે લાભકારક માલિકીપણું અને આ કારોબારોના સિદ્ધાંતો સ્થાપિત કર્યા છે?
- ✓ તેમના કારોબારના પ્રકારની સામાન્ય જાણકારી વિરુદ્ધ અસાધારણ અથવા શંકાસ્પદ પ્રવૃત્તિ માટે તમે વ્યવહારો પર કેવી રીતે દેખરેખ રાખો છો તે તમે ઓડીટરને બતાવી શકો છો?
- ✓ શું તમે સબંધિત માન્ય સત્તાવાળાને શંકાસ્પદ વ્યવહારોના અહેવાલ માટે કાર્યપ્રણાલિ ધરાવો છો?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો મની લોન્ડરીંગ વિરુદ્ધની અને આતંકવાદને ધિરાણને નાથવા પરની વધારાની માહિતી ધરાવે છે:

- બેન્કિંગ નિરીક્ષણ પરની બેઝલ સમિતિ
  www.bis.org/bcbs/index.htm
- ડેલોઇટ-કાની નાણાંકીય નિવેદનોનું ઓડીટ (બેલ્જીયમ)
  www.deloitte.com/view/en_BE/be/services/aers/audit/auditrequirementsinbelgium/audit-of-statutory-financial-statements/index.htm
- દુબે-કુટ્ટીની-નાણાંકીય નિવેદનો
  http://dubecuttini.com/services/financial-statements/
- ફાઇનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સ (એફટીએફ)
  www.fatf-gafi.org
- એફટીએફ ભલામણો – 2012
  www.fatf-gafi.org/media/fatf/documents/recommendations/pdfs/FATF_Recommendations.pdf
- એફટીએફ - કિંમતી ધાતુઓ અને પથ્થરોમાં ડીલરો માટે આરબીએ માર્ગદર્શન
  www.fatf-gafi.org/media/fatf/documents/reports/RBA%20for%20Dealers%20in%20Precious%20Metal%20and%20Stones.pdf
- દેશ દ્વારા, એફએટીએફ મ્યુચ્યુઅલ મૂલ્યાંકનો
  http://www.fatf-gafi.org/topics/mutualevaluations/
- ઈન્ટરનેશનલ મની લોન્ડરીંગ ઈન્ફર્મેશન નેટવર્ક (IMoLIN)
  www.imolin.org/imolin/index.html
- જ્વેલર્સ વિજીલન્સ કમિટી (યુએસ)
  www.jvclegal.org/
- સત્તાવાર રીતે નોંધાયેલ બેલ્જીયન ડાયમંડ કંપનીઓ – તમારા ગ્રાહકને જાણવા માટેનું સાધન
  http://www.registereddiamondcompanies.be/
- ડ્રગ્સ અને ગુન્હા પરની સંયુક્ત રાષ્ટ્રની ઓફિસ (યુએનઓડીસી)-ધી લો એન્ફોર્સમેન્ટ, ઓર્ગેનાઇઝડ ક્રાઇમ એન્ડ મની લોન્ડરીંગ યુનિટ
  www.unodc.org/unodc/en/money-laundering/index.html
- વિશ્વ બેન્ક જૂથ – એન્ટી મની લોન્ડરીંગ અને આતંકવાદને ધિરાણને નાથવાની સંદર્ભ માર્ગદર્શિકા (2006)
  http://siteresources.worldbank.org/EXTAML/Resources/396511-1146581427871/Reference_Guide_AMLCFT_2ndSupplement.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 11) સલામતી

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

સંપત્તિ, મિલકતો અને/અથવા માણસોની સલામતી માટે **સલામતી કર્મચારી**ઓને ઔપચારી રીતે નોકરીએ રાખવામાં આવે છે અથવા તો કરાર કરવામાં આવે છે.

**સીઓપીનો સલામતી કર્મચારીઓનો ઉપયોગ** વિભાગ એવા એકમોને લાગુ પડે છે જે ઝવેરાત પેદાશોમાં કામકાજ કરે છે અને/અથવા સિક્યોરિટી ગાર્ડઝનો ઉપયોગ કરે છે અથવા સલામતી સેવાઓ અથવા ટેકા માટે જાહેર કે ખાનગી સલામતી પૂરી પાડનારાઓને કામે રાખે છે.

સલામતી અને માનવ અધિકારો પરના સ્વૈચ્છિક સિદ્ધાંતો અંગે જોગવાઇ 11.3નું અમલીકરણ ખનન સવલતો સાથેના સભ્યોને લાગુ પડે છે અને તેને સીઓપીની માનવ અધિકારની જોગવાઇના અનુસંધાનમાં લાગુ પાડવામાં આવે છે. 11.4નું અમલીકરણ જે ઝવેરાત પુરવઠા શ્રૃંખલાને ખાનગી સલામતી સેવા પૂરી પાડતા સભ્યોને લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

સલામતી અને માનવ અધિકાર પરના સ્વૈચ્છિક સિદ્ધાંતો દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે તેમજ સલામતી એ મૂળભૂત જરૂરિયાત છે, જેને વ્યક્તિઓ, કારોબારો અને સરકાર દ્વારા વહેંચણી કરવામાં આવે છે.

સલામતી એ ઝવેરાત પુરવઠા શ્રૃંખલાના દરેક ભાગોને સંબંધિત છે. હીરાઓ, સોનું અને પ્લેટીનમ જૂથ ધાતુઓ ઊંચા મૂલ્ય ધરાવતી સામગ્રીઓ છે, જેને ગુન્હાકીય તત્વો દ્વારા નાણાંકીય લાભ દ્વારા લક્ષ્યાંક બનાવવામાં આવી શકે છે. અંગત સલામતી અને સંપત્તિ માટે પરિમમતા જોખમો માટે સલામતીની ધમકીઓને લઘુત્તમ બનાવવા માટે જવાબદાર માપદંડોને અસ્તિત્વમાં લાવવા આવશ્યક છે. કમનસીબે, સલામતી કર્મચારીઓ સહિતના સલામતી માપદંડો કેટલાક સંજોગોમાં જોખમના પ્રકારમાં વધારો કરી શકે છે, જેથી તેનું સામે સંચાલન કરવાનું રહે છે.

સલામતી કર્મચારીઓની મુખ્ય ભૂમિકા કંપનીના માણસો, સંપત્તિ, પેદાશ અને પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાની છે. આ ભૂમિકા ભજવવાની સાથે, સલામતી કર્મચારીઓએ વ્યાપક સંખ્યામાં કાર્યપ્રણાલિ અને અસરકારક તેમજ જવાબદારૂપૂર્ણ રીતે સલામતી પૂરી પાડવામાં આવે તેની ખાતરીરૂપે સંલગ્ન તાલીમની આવશ્યકતા રહે છે. કેટલાક કિસ્સાઓમાં સલામતી કર્મચારીઓ કંપનીના નિયમો, જો કે તે પણ વ્યવહાર સંહિતાની હેઠળ બળજબરી પૂર્વક લાગુ પાડવા માટે તાલીમ પામેલા હોય છે, આમાં કર્મચારીઓને શિસ્તબદ્ધ કરવાનો પણ સમાવેશ થવો જોઇએ. દરેક સમયે અને ખાસ કરીને જ્યારે સશસ્ત્ર હોય ત્યારે, સલામતી કર્મચારીઓએ ધમકી સામે લઘુત્તમ દળ પ્રમાણનો ઉપયોગ કરવો જોઇએ.

આગળ ધપી રહેલી અશાંતિ અને સંઘર્ષ કારોબાર માટે અત્યંત સમસ્યારૂપ પર્યાવરણનું સર્જન કરે છે. કંપની કર્મચારીઓ, મિલકતો, એકમોને હિંસક ક્રિયા માટે લક્ષ્યાંક બનાવવામાં આવી શકે છે. આવી પરિસ્થિતિઓમાં માણસોને સંપત્તિનું રક્ષણ કરવા માટે ખાનગી સલામતી દળોનો ઘણી વખત ઉપયોગ કરવામાં આવશે. જ્યારે ધમકી અથવા જોખમ આકારણીઓ દ્વારા ઉચિત ઠરાવવામાં આવે ત્યારે જાહેર સલામતીને સલામતી ટેકો પૂરો પાડવા માટે રોકી શકાય છે.

ખાસ કરીને દમનકારી સમુદાયોમાં કેટલીક જાહેર સલામતી સંસ્થાઓ કષ્ટદાયક ઇતિહાસ ધરાવે છે. જાહેર સલામતી દળો માનવ અધિકારોની ગંભીર નિંદામા ફસાઇ ગયા હોય અથવા ભ્રષ્ટ નીતિઓ અથવા આચરણો તેમને લાગુ પાડવામાં આવ્યા હોય તેવા અસંખ્ય દસ્તાવેજી કેસો છે. કર્મચારીઓ અને મિલકતોની રક્ષા કરવામાં વ્યસ્ત જાહેર સલામતી જૂથો ભ્રષ્ટ પ્રવૃત્તિ, ગુન્હાકીય પ્રવૃત્તિમાંથી નફો, બળ અથવા બંદૂકોના અયોગ્ય ઉપયોગ અથવા સંઘર્ષનું સર્જન કરવામાં સંકળાયેલા હોય તેવા પણ ઉદાહરણો છે.

હિંસા અથવા ગેરકાયદે કૃત્યોથી પોતાના કર્મચારીઓ અને સંપત્તિનું રક્ષણ થાય તે માટે કર્મચારીઓ અને શેરધારકો પરત્વે કંપનીઓ કાયદેસરની જવાબદારી ધરાવે છે. ગુન્હાકીય જૂથો, સ્થાનિક સમુદાય, કંપનીના કર્મચારીઓ, ગેરકાયદે આર્ટીસ્નલ ખનનકર્તાઓ અને સ્થળાંતરીત કામદારોમાંથી સલામતીની ધમકીઓ ઉત્પન્ન થઇ શકે છે. સંભવિત સલામતી ધમકીઓમાં નીચેનાનો સમાવેશ થઇ શકે છે:

- સામાન્ય ચોરી
- છેતરપિંડી
- હિંસક અંતરાયો
- આંતરમાળખાની ભાંગફોડ
- ગેરકાયદે ખનન (ઓર (લોખંડ)ની ચોરી કરવા માટે ખાણમાં સશસ્ત્ર પ્રવેશ)
- ઓરની અથવા કંપની પેદાશની સંગઠિત ચોરી (સોનું/પ્લેટીનમ/હીરાઓ)
- ઇંધણ અને અન્ય ચીજવસ્તુઓની સંગઠિત ચોરી
- કર્મચારીનું અપહરણ, ધાકધમકી અથવા હત્યા.

કંપની દ્વારા લાગુ પાડવામાં આવેલી વ્યૂહરચનાની આંતરિક અને બાહ્ય એમ બન્ને હિસ્સેદારો પર અસર પડશે. સંઘર્ષની શક્યતામાં થતો વધારો રોકવા માટે સલામતી વ્યૂહરચના જોખમ આધારિત હોવી જોઇએ અને ખનન એકમો ધરાવતા સભ્યો કે જેમાં સલામતી અને માનવ અધિકાર પરના સ્વૈચ્છિક સિદ્ધાંતો સાથે અનુપાલનનો સમાવેશ થાય છે.

*જાહેર સલામતી*

કાયદો અને વ્યવસ્થા જાળવવાની, સલામતી અને માનવ અધિકારોનું સન્માન કરવાની સરકારની મુખ્ય ભૂમિકા હોવા છતાં જાહેર સલામતી જેમ કે પોલીસ અને લશ્કર દ્વારા લેવામાં આવેલા પગલાંઓ માનવ અધિકારના રક્ષણ અને પ્રોત્સાહન સાથે સુસંગત હોય તેની ખાતરી કરવામાં કંપનીનું હિત રહેલું છે. કેટલાક કિસ્સાઓમા ખાનગી સલામતીમાં વધારો કરવાની જ્યાં જરૂર હોય ત્યાં કંપનીઓએ, કંપનીના એકમો અને કર્મચારીઓના રક્ષણ ખર્ચ કે જાહેર સલામતી ઉઠાવવામાં આવે છે તેમાં યોગદાન આપવાની કે આવશ્યકતા રહે છે અથવા આશા રાખવામાં આવે છે. જ્યારે જાહેર સલામતી સ્થાનિક અને રાષ્ટ્રીય કાયદાઓ તેમજ માનવ અધિકારના પ્રમાણો અને આંતરરાષ્ટ્રીય માનવકેન્દ્રિત કાયદો સાથે સુસંગત રીતે કાર્ય કરવામાં આવે છતાં પણ નિંદા થઇ શકે છે.

ખાસ કરીને જોઇએ તો, કેટલાક સ્થળોએ ખનન કામગીરી,ખાણ સંપત્તિ થવા પેટા સંપત્તિ કે જે સ્થળ પર આવેલી હોય છે ત્યાં ખનન એકમો અથવા તેના બદલે ખાણ દ્વાર સમર્થિત પોલીસ અને/અથવા લશ્કરી કર્મચારીઓ તેનું રક્ષણ કરે છે. આ પરિસ્થિતિઓમાં, ભ્રષ્ટાચાર, સંઘર્ષ અને રાજકીય હિંસા વધે ચે અને કંપનીઓએ માનવ અધિકારોની નિંદાના જોખમ સામે કંપનીઓએ સતર્ક રહેવું આવશ્યક છે. આ મુદ્દાઓ જટીલ હોઇ શકે છે ત્યારે કંપનીઓએ સલામતી અને માનવ અધિકારો પર સરકારો સાથે, જ્યાં શક્ય હોય ત્યાં ઔપચારીક કરારોમાં સ્વૈચ્છિક સિદ્ધાંતો પરત્વે પ્રતિબદ્ધતા કેળવવી જોઇએ.

## C. મુખ્ય પહેલો

*આંતરરાષ્ટ્રીય માપદંડો અને પહેલો*

સલામતી અને માનવ અધિકારો પર સ્વૈચ્છિક સિદ્ધાંતો ચાર રાષ્ટ્રીય સરકારો, બિન સરકારી સંગઠનો અને ઉર્જા અને ઉત્ખનન ક્ષેત્રોમાં રહેલી કંપનીઓ મારફતે વિકસાવવામાં આવ્યા હતા. સિદ્ધાંતોમાં કંપનીઓ માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતા માટે સન્માનના માળખાની મર્યાદામાં તેમની કામગીરીઓ માટે સલામતી અને સલામતી જાળવી રાખવામાં માર્ગદર્શનની ઇચ્છા રાખે છે. સિદ્ધાંતો ત્રણ કક્ષામાં આવે છેઃ જોખમ આકારણી; જાહેર સલામતી સાથે સંબંધો; અને ખાનગી સલામતી સાથેના સંબંધો. તેઓ નિયમિતધોરણે સુધારેલી સલામતી જોખમ આકારણી અને સલામતી મુદ્દાઓમાં સ્થાનિક સમુદાયોની સામેલગીરીની માગ કરે છે. ખાનગી સલામતીએ અવરોધાત્મક અને સંરક્ષણાત્મક સેવાઓ પૂરી પાડવી જોઇએ રાજ્યના લશ્કર અથવા કાયદો લાગુ પાડતી સત્તાની જ જવાબદારીઓની પ્રવૃત્તિમાં સામેલ થવું જોઇએ નહી તેમ સિદ્ધાંતો નિર્દિષ્ટ કરે છે.

કંપનીઓ, સરકારો, આંતર સરકાર એજન્સીઓ અન્ય એનજીઓ સાથે મળીને ઇન્ટરનેશનલ એલર્ટે બંધ થવાની પૂર્વ શક્યતાઓમાંના ઉત્ખનન ઉદ્યોગો માટે સંઘર્ષ સંવેદનશીલ કારોબાર આચરણો માટે માર્ગદર્શિકા વિકસાવી છે. તે અસંખ્ય પ્રકારની કારોબારને લગતી પ્રવૃત્તિઓમાં કામ કરતા મેનેજરો તેમજ રાજકીય જોખમ, સલામતી, બાહ્ય સંબંધો અને સામાજિક કામગીરી વિભાગોમાં રહેલા વડામથકના કર્મચારીઓ માટે સમુદાયોમાં કારોબાર કરવા માટે માર્ગદર્શન અને ટૂલકીટ પૂરી પાડે છે.

ખાનગી સલામતી સેવા પ્રદાતાઓ માટે આંતરરાષ્ટ્રીય વ્યવહાર સંહિતા (આઇસીઓસી) આંતરરાષ્ટ્રીય માનવકેન્દ્રિત કાયદો અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણો અનુસાર આવા પ્રદાતાઓ માટેના સિદ્ધાંતોની સ્પષ્ટતા કરે છે. તેમાં બળના ઉપયોગ માટેના નિયમો, ત્રાસ પર પ્રતિબંધ, માનવીય ગેરકાયદે હેરફેર અને અન્ય માનવ અધિકાર દુરુપયોગ અને કંપનીઓના વ્યવસ્થાપન અને સંભાળ અંગેના ખાસ પ્રકારના વચનો કે જેમાં તેઓ કર્મચારી અને પેટા-કોન્ટ્રાક્ટરોની કેવી રીતે સંભાળ રાખે, શસ્ત્રોનું વ્યવસ્થા કેવી રીતે કરે છે અને આંતરિક રીતે ફરિયાદોનું કેવી રીતે વ્યવસ્થાપન કરે છે તેનો સમાવેશ થાય છે. આઇસીઓસી “તાર્કિક સુસંગત કાનૂની જવાબદારીઓ અને સશસ્ત્ર સંઘર્ષ દરમિયાન  ખાનગી લશ્કર અને સલામતી કંપનીઓની કામગીરી સંબંધિત રાજ્યો માટેના સારા આચરણો પરનો મોનટ્રેયુક્સ દસ્તાવેજ” પરથી ઉતરી આવી છે.

*રાષ્ટ્રીય કાયદો*

મોટા ભાગના દેશો સમાજમાં સલામતી અને લશ્કરી દળોની યોગ્ય ભૂમિકા વિશે કાયદાઓ અને નિયમનો ધરાવે છે. ઘણા રાષ્ટ્રીય અને રાજ્ય ન્યાયક્ષેત્રોને બંદૂક, લાકડીઓ અથવા મરીના ભૂકા જેવા શસ્ત્રો લઇ જવા માટે તાલીમ અને પરવાનાઓની જરૂર પડે છે. ચોક્કસ પ્રકારની સલામતી ફરજો માટે પોલીસ અથવા લશ્કરના પ્રમાણપત્રની પણ આવશ્યકતા પડી શકે છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને ટેકા માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 11.1: સલામતી પગલાંઓ:*** સભ્યો સલામતીના જોખમોની આકારણી કરશે અને એવા પગલાં સ્થાપશે જે ઉત્પાદનોની ચોરી, નુકસાન અથવા સ્થળની અંદર અને નિકાસ દરમિયાન ઉત્પાદનોની અદલા-બદલીની સામે સલામતી પૂરી પાડે. ઉત્પાદનોની સલામતીના પગલાં કર્મચારીઓ, ઠેકેદારો, મુલાકાતીઓ, સંલગ્ન કારોબાર ભાગીદારો દ્વારા કાર્યરત કરવામાં આવેલ વ્યક્તિઓની સલામતીને અગ્રિમતા આપશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - સલામતી સંચાલન માટેની જવાબદારી વરિષ્ઠ વ્યવસ્થાપન કાર્ય હેઠળ આવવી જોઇએ.
  - સલામતી જોખમ આકારણી એવી રીતે હાથ ધરવી જોઇએ કે જેથી એકંદર સલામતી જોખમ પર્યાવરણને સમજી શકાય. આકારણીએ નીચેની બાબતો ઓળખી કાઢવી જોઇએ.:
    - ધમકીઓનના પ્રકાર, આ ધમકીઓની અસર થવાની માત્રા અને નબળાઇઓ અને નુકસાન થવાની સંભાવના.
    - જ્યાં લાગુ પડતા હોય ત્યાં રાજકીય, આર્થિક, દિવાની અથવા પર્યાવરણીય પરિબળો સહિત સંભવ્યતાની વ્યાપક શ્રેણીમાંથી સલામતી જોખમો.
    - સલામતી માપદંડોને લાગુ પાડીને માનવ અધિકાર દુરુપયોગ માટેની સંભાવના.
  - માળખાકીય અને સલામતી ધમકીઓને ઓળખી શકે તેવી પ્રક્રિયાઓ સ્થાપિત કરો અને તેની પર અસરકારક સલામતી વ્યવસ્થાપન વ્યૂહરચનાઓ સહિત સંબંધિત હોય ત્યાં સમુદાયની સામેલગીરીવાળી પ્રવૃત્તિઓ મારફતે વિવિધ સ્તરોએ ધ્યાન આપો. તેમાં યોગ્ય હોય તેમ સમાવેશ થઇ શકે છે:
    - સલામતી નીતિઓ અને કાર્યપ્રણાલિઓ કે જે પેદાશના રક્ષણ બાબતે લોકોના રક્ષણ પર સ્પષ્ટ રીતે અગ્રિમતા મુકતી હોય.
    - સબંધિત સલામતી નીતિઓ અને કાર્યપ્રણાલિઓ પર સભ્યના એકમો ખાતે કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરો માટેની તાલીમ.
    - ચોરી, કે જે થવાની શક્યતા હોય તેને ઝડપી શોધી કાઢવામાં સહાય થાય તે માટે આંતરિક અંકુશ કાર્યપ્રણાલિ.
    - શિપમેન્ટસ અને વાહનવ્યવહારમાં સંકળાયેલા સલામતી કર્મચારીઓના રક્ષણ માટે સલામતીની યોગ્ય ગોઠવણીઓ.
    - યોગ્ય લાગે ત્યાં સ્થાનિક કાયદો લાગુ પાડતી એજન્સીઓ સાથે સબંધ.
    - યજમાન સરકાર અને સ્થાનિક સમુદાયો સાથે યોગ્ય હોય ત્યાં સમુદાયોની સલામતી ગોઠવણીની અસર વિશે નિયમિત પરામર્શ.
  - સંવેદનશીલ સલામતી સંબંધિત દસ્તાવેજીકરણ પર સખત નિયંત્રણ અને રક્ષિત હોવા જોઇએ. કારોબાર જોખમ અંકુશના ભાગરૂપે ઓડીટરો કાયમ માટે તેની વિશિષ્ટતાઓમાં જોવા માટે સક્ષમ બનશે નહી, પરંતુ મુલાકાતો અને નિરીક્ષણનો સલામતી માપદંડો યોગ્ય છે કે કેમ તે નક્કી કરવા માટે ઉપયોગ કરી શકાય છે.

- ***સીઓપી 11.2: સલામતી કર્મચારીઓ:*** સભ્યો એ સુનિશ્ચિત કરશે કે બધા જ સલામતી રક્ષકો માનવ અધિકારો અને તમામ લોકોની ગરિમાનું સન્માન કરે અને જ્યારે ખૂબ જ જરૂરી હોય માત્ર ત્યારે જ બળનો પ્રયોગ કરે અને ધમકી માટે ન્યુનતમ પ્રમાણ જાળવે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - માનવ અધિકારો, સલામતી પ્રવૃત્તિઓની સીમાઓ, સલામતીના મુદ્દા અને સંઘર્ષોનું વ્યવસ્થાપન કરવા માટે યોગ્ય કાર્યપ્રણાલિ અને કોઇપણ માનવ અધિકારોના દુરુપયોગના પરિણામોના સંદર્ભમાં સલામતી કર્મચારીઓની વર્તણૂંક સ્થાપિત કરતી હોય તેવી લેખિત નીતિ અથવા કરાર.
  - નીતિ અને તપાસ તેમજ શિસ્તબદ્ધ પગલાંઓ વિરુદ્ધ કામગીરીની દેખરેખ માટે ગોઠવણી અસ્તિત્વમાં હોવી જોઇએ.
  - સલામતી કર્મચારી સશસ્ત્ર હોય તે માટે ચોક્કસ સ્થિતિઓ અને પ્રવૃત્તિઓની આવશ્યકતા રહેશે અને તે સલામતી પ્રદાતાના તેમની પોતાની જોખમ આકારણીને અનુરૂપ નક્કી કરી શકાશે. કોઇપણ સશસ્ત્ર કર્મચારી લાગુ પડતા કાયદા અનુસાર યોગ્ય રીતે તાલીમ પામેલો અને પરવાનેદાર હોવો જોઇએ.

- ***સીઓપી 11.3: સલામતી અને માનવ અધિકારો પર સ્વૈચ્છિક સિદ્ધાંતો***: *ખનન સુવિધાઓ સાથેના સભ્યો એ સુનિશ્ચિત કરશે કે સુરક્ષા કર્મીઓ સલામતી અને માનવ અધિકારો(2000) પરના સ્વૈચ્છિક સિદ્ધાંતો પર અને તે અંતર્ગત કામગીરી કરવાની તાલીમ પ્રાપ્ત કરે. કોઇ પણ કસબ અને લઘુ-સ્તરીય ખનન (એએસએમ)ના માનવ અધિકારોને ખાનગી સુરક્ષા કર્મીઓની તાલીમમાં નિશ્ચિતપણે સંબોધવામાં આવવા જોઇએ.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - સ્વૈચ્છિક સિદ્ધાંતોની વેબસાઇટમાંથી ઉપલબ્ધ અમલીકરણ માર્ગદર્શન ટૂલ્સ.
    - નોંધી રાખો કે સલામતી જોખમ આકારણીઓમાં ખનન એકમો અને સ્થાનિક કુશળ કારીગર અને નાના પાયાના ખાણીયા (એએસએમ) વચ્ચેની ક્રિયા પ્રતિક્રિયાને સબંધિત જોખમનો સમાવેશ કરતા હોવા જોઇએ. સલામતી કર્મચારીઓની તાલીમમાં સામાન્ય રીતે ખાસ કરીને એએસએમ અને સ્થાનિક સમુદાયો સાથે ક્રિયાપ્રતિક્રિયા કરતી વખતે વર્તણૂંક માટેની નીતિઓનો સમાવેશ કરતી હોવી જોઇએ.
  - જાહેર સલામતી પ્રદાતાઓ:
    - જાહેર સલામતી પ્રદાતાઓ સાથે સામેલગીરી માટેની ગોઠવણીઓ 'કંપનીઓ અને જાહેર સલામતી વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાઓ' પરના સ્વૈચ્છિક સિદ્ધાંતોને અનુરૂપ હોવી જોઇએ.
    - તેમાં નૈતિક વર્તણૂંક અને માનવ અધિકારો અંગેના સંદેશાવ્યવહારોનો સમાવેશ થવો જોઇએ અને પૂરતી અને અસરકારક તાલીમ સાથે સલામતી કર્મચારીઓ દ્વારાની નીતિઓ સાથે સુસંગત હોય તે રીતે પૂરી પાડવી જોઇએ તેવી સભ્યોની આશાના ભાવનો સમાવેશ થવો જોઇએ.
  - ખાનગી સલામતી પ્રદાતાઓ:
    - ખાનગી સલામતી પ્રદાતાઓ સાથેના કરારોમાં સિદ્ધાંતો કે જે સ્વૈચ્છિક સિદ્ધાંતોના 'કંપનીઓ અને જાહેર સલામતી વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાઓ' પરના વિભાગમાં દર્શાવેલ સંદર્ભનો સમાવેશ કરતા હોવા જોઇએ.

- કરારમાં સંબંધિત સિદ્ધાંતો પર કર્મચારીઓની પૂરતી અને અસરકારક તાલીમ માટેની જરૂરિયાતોનો અને યોગ્ય વર્તણૂંક અને 'સામેલગીરીના નિયમો' જેવા દળહા સ્થાનિક વપરાશ અંગે સભ્યોની નીતિઓ પરનો સમાવેશ થતો હોવો જોઇએ.
  - ઇન હાઉસ સલામતી કર્મચારી:
    - કોઇ પણ સલામતી કર્મચારીમાં સમકક્ષ જરૂરિયાતો લાગુ પાડવી જોઇએ.
  - દરેક સલામતી કર્મચારીઓને આપેલી તાલીમ પરના રેકોર્ડઝ રાખવા જોઇએ.
  - નીતિઓ અને જરૂરિયાતોને વળગી રહેવામાં આવે તેની ખાતરી રૂપે દેખરેખની ગોઠવણીઓ સ્થાપિત કરવી જોઇએ અને બિન-અનુપાલનના આરોપોની તપાસ કરવામાં આવે અને યોગ્ય હોય ત્યારે તેની જાણ કરવામાં આવે.

- **સીઓપી *11.4:* ખાનગી સલામતી સેવા પ્રદાતાઓ માટેની આંતરરાષ્ટ્રીય વ્યવહાર સંહિતા (આઇસીઓસી):** *સભ્યો કે જેમનો કારોબાર ઝવેરાતની પુરવઠા શૃંખલાને સુરક્ષા પૂરી પાડવાનો છે તેઓ ખાનગી સુરક્ષા સેવા ઉપલબ્ધકર્તા (આઇસીઓસી) માટેની આંતરરાષ્ટ્રીય વ્યવહાર સંહિતાના હસ્તાક્ષરકર્તા રહેશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - આઇસીઓસી હેઠળ સહી કરવાની ક્ષમતા ધરાવતી કંપનીઓ સંહિતા અનુરૂપ અને માનવ અધિકારોના સંદર્ભમાં કામગીરી હાથ ધરવાનું વચન આપે છે અને તેમના કારોબારની પ્રવૃત્તિઓ દ્વારા અસરગ્રસ્ત તરફની માનવકેન્દ્રિત જવાબદારીઓ પરિપૂર્ણ કરે છે
  - આઇસીઓસી પોતાની જાતે કોઇ કાનૂની ફરજનું અને જે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ પહેલેથી જ અસ્તિત્વ ધરાવતી તેના સિવાય કોઇ પણ સહી કરવાની ક્ષમતા ધરાવતી કંપનીઓ માટે કોઇ કાનૂની જવાબદારીઓ પેદા કરતા નથી.

તપાસો:

✓ શું તમે સુરક્ષા જોખમોનું મૂલ્યાંકન કર્યું છે અને તે જોખમો આધારિત તમારી પાસે સુરક્ષાના માપદંડો અસ્તિત્વમાં છે?
✓ શું સુરક્ષા માપદંડો લોકોના રક્ષણને અગ્રિમતા આપે છે?
✓ શું સુરક્ષા કર્મચારીઓ તેમની વર્તણૂંકની આશાઓ જાણે છે?
✓ ખનન ક્ષેત્રમાં સભ્યો: શું સુરક્ષા કર્મચારીઓ તાલીમ પામેલા છે અને સુરક્ષા અને માનવ અધિકારો પરના સ્વૈચ્છિક સિદ્ધાંતોને અનુરૂપ કામગીરી કરે છે?
✓ સભ્યો કે જે ખાનગી સુરક્ષા સેવાઓ પૂરી પાડે છે: શું તમે ખાનગી સુરક્ષા સેવા પ્રોવાઇરો માટેની આંતરરાષ્ટ્રીય વ્યવહાર સંહિતામાં સહી કરવા માટે સક્ષમ છો?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો સલામતી કર્મચારીઓ અને સંઘર્ષની પરિસ્થિતિઓમાં વધારાની માહિતી ધરાવે છે:

- કારોબાર અને માનવ અધિકાર સ્રોત કેન્દ્ર
  www.business-humanrights.org/
- આંતરરાષ્ટ્રીય ચેતવણી – સંઘર્ષ સંવેદનશીલ કારોબાર આચરણનું અમલીકરણ
  www.international-alert.org/our-work/implementation-conflict-sensitive-business-practice-csbp
- આંતરરાષ્ટ્રીય કારોબાર અગ્રણી મંચ
  www.iblf.org/

- ખાનગી સલામતી સેવા પ્રદાતાઓની આંતરરાષ્ટ્રીય વ્યવહાર સંહિતા (આઇસીઓસી)
  www.icoc-psp.org/
- રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીઆરસી) – રિસોર્સ સેન્ટર
  www.icrc.org/eng/resources/index.jsp
- Montreaux Document on private military and security companies
  www.eda.admin.ch/psc
- ઓઇસીડી –નબળા વ્યવસ્થાપન વિસ્તારોમાં બહુરાષ્ટ્રીય સાહસો માટે જોખમ સતર્કતા સાધન (2006)
- www.oecd.org/daf/inv/mne/weakgovernancezones-riskawarenesstoolformultinationalenterprises-oecd.htm
- ઓઇસીડી ફેક્ટ શીટ 3 જુઓ- ઓઇસીડી માર્ગદર્શિકાના માનવ અધિકાર જોગવાઇના પાલનનું મૂલ્યાંકન કરતા
  http://oecdwatch.org/publications-en/Publication_2402
- સલામતી અને માનવ અધિકારો પરના સ્વૈચ્છિક સિદ્ધાંતો
  www.voluntaryprinciples.org/
- સલામતી અને માનવ અધિકાર અમલીકરણ માર્ગદર્શન ટૂલ પરના સ્વૈચ્છિક સિદ્ધાંતો
  www.voluntaryprinciples.org/files/VPs_IGT_Final_13-09-11.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન
# (સીઓપી 12) ઉદ્ગમસ્થાન દાવાઓ

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**ઉદ્ગમસ્થાન દાવો** એ સ્વતંત્ર કે દાગીનામાં જડેલા દ્રવ્ય તરીકે વેચાણમાં મૂકાયેલા હીરા, સિન્થેટિક્સ (સંશ્લેષિત પદાર્થો), સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓને લગતો, વર્ણનો અથવા પ્રતીકોના ઉપયોગ દ્વારા કરાયેલો દસ્તાવેજી દાવો છે, જે તેની નીચેની બાબતોનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે:

- ઉદ્ગમસ્થાન – દ્રવ્યનું ભૌગોલિક ઉદ્ગમસ્થાન, ઉદાહરણ તરીકે, દેશ, ક્ષેત્ર, ખાણ અથવા ખાણ એકમ/ઓની કોર્પોરેટ માલિકી; અને/અથવા
- સ્રોત – સ્રોતનો પ્રકાર, ઉદાહરણ તરીકે રિસાયકલ કરેલો, ખાણમાંથી મેળવેલો, કારીગરી કરીને ખાણમાંથી મેળવેલો, અથવા ઉત્પાદનની તારીખ; અને અથવા
- વ્યવહાર – પુરવઠા શૃંખલામાં વ્યવહારસંહિતાને સુસંગત લાગુ પડતા ચોક્કસ વ્યવહારો, જેમાં નિષ્કર્ષણ, પ્રક્રિયા અથવા ઉત્પાદન, સંઘર્ષ-મુક્ત દરજ્જો, અથવા સ્રોતના ડ્યુ ડિલિજેન્સ પર લાગુ પડતા ધોરણોનો સમાવેશ થાય છે, પરંતુ તે માત્ર આ પુરતા મર્યાદિત નથી.

ઉદ્ગમસ્થાન દાવા મૂળસ્થાન, સ્રોત અથવા પુરવઠા શૃંખલામાંથી ચોક્કસ રીતે બાકાત કરાયેલા 'નકારાત્મક વોરન્ટી' જેવા વ્યવહારોને લગતા પણ હોય છે.

સીઓપી હેઠળ કરાતા ઉદ્ગમસ્થાન દાવામાં માત્ર પ્રોડક્ટની ગુણવત્તાને લગતા દાવા અથવા માત્ર ઉત્પાદનના સ્થળને લગતા દાવાઓ, જેમકે, '(દેશ)માં નિર્મિત'નો સમાવેશ થતો નથી કારણકે તે ઘટક દ્રવ્ય પર લાગુ પડતા નથી. કિમ્બર્લી પ્રોસેસ સર્ટિફિકેશન સ્કીમ અને વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલ સિસ્ટમ ઓફ વોરન્ટીઝને વ્યવહારસંહિતાની અલગ જોગવાઈ હેઠળ આવરવામાં આવેલા છે અને ઉદ્ગમસ્થાન દાવાની જોગવાઈના કાર્યક્ષેત્રમાં આવતા નથી.

વ્યવહારસંહિતાની **ઉદ્ગમસ્થાન દાવા** કલમ એવા સભ્યોને લાગુ પડે છે જેઓ જ્વેલરી પ્રોડક્ટમાં વપરાયેલા હીરા અને/અથવા સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુના ઉદ્ગમસ્થાન અંગે અન્ય કારોબારો અથવા ગ્રાહકો સમક્ષ ઉપરોક્ત વ્યાખ્યા મુજબ દાવા કરે છે. સભ્યોએ ઉદ્ગમસ્થાન દાવા કરવાની જરૂર નથી અને જે સભ્યો ઉદ્ગમસ્થાન દાવા કરતા નથી તેમને જોગવાઇ લાગુ પડતી નથી.

યાદ રાખો કે તમામ દાવાઓ પ્રોડક્ટ ડિસક્લોઝર માટે વ્યવહારસંહિતાની જોગવાઈનું પાલન કરતા હોવા જોઇએ, પછી ભલે તેઓ ઉદ્ગમસ્થાન દાવાની વ્યાખ્યામાં આવતા હોય કે ના હોય, આ જોગવાઇ નીચે મુજબ છે:

- સભ્યો કોઇ પણ હીરા, સંશ્લેષિત અથવા કૃત્રિમ પદાર્થ અને/અથવા કોઇ પણ સોનું, અને/અથવા કોઇ પણ પ્લેટિનમ જૂથની ધાતુની જ્વેલરી પ્રોડક્ટના વેચાણ, જાહેરાત અથવા માર્કેટિંગમાં જૂઠી, ગેરમાર્ગે દોરનારી અથવા ભ્રામક રજૂઆત નહીં કરે અથવા કોઇ પણ દ્રવ્યની ચૂક નહીં કરે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

જ્વેલરી પુરવઠા શૃંખલાના કોરાબારોને તેઓ જે પ્રોડક્ટ્સ વેચે છે તેમાં વપરાયેલા હીરા, સોનું અને પ્લેટિનમ જૂથની ધાતુઓના સ્રોત અંગે વધુને વધુ સવાલો પૂછાઈ રહ્યાં છે. ધારાસભ્યો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓ સહિતના અનેક હિતધારકો જ્વેલરી પુરવઠા શૃંખલાના 'અપસ્ટ્રીમ' ભાગમાં સંઘર્ષ, બાળમજૂરી, માનવ અધિકારનું હનન, નબળી ખનન રીતભાતો અને અન્ય જોખમો જેવા મુદ્દાઓ પર ભાર મૂકી રહ્યાં છે. કંપનીઓ દ્વારા ઉદ્ગમસ્થાન દાવાનો તે ખાતરી આપવા માટે વધુને વધુ ઉપયોગ કરાઈ રહ્યો છે કે તેમની પ્રોડક્ટ્સની દ્રવ્યની પુરવઠા શૃંખલામાં આ પ્રકારની સ્થિતિઓ જોવા મળતી નથી.

*ઓઇસીડી ડ્યૂ ડિલિજેન્સ ગાઇડન્સ ફોર ધ રીસ્પોન્સિબલ સપ્લાય ચેઇન્સ ઓધ મિનરલ્સ ફ્રોમ કન્ફ્લિક્ટ એન્ડ હાઇ-રિસ્ક એરિયા* અને યુએસ *ડોડ ફ્રેન્ક એક્ટ*ની સંઘર્ષ ખનીજો પર કલમ 1502 જેવી પહેલે આ સમસ્યાઓ માટે પુરવઠા શૃંખલા ડ્યૂ ડિલિજેન્સ માટે ચોક્કસ કારોબાર ચાલકો સર્જ્યા છે. તેણે ઉદ્ગમસ્થાન દાવા માટે અનુપાલન-આધારીત વધુ સારી સંસ્કૃતિ રચી છે, જ્યાં પુરવઠા શૃંખલામાં અનુગામી કારોબારો તેમના પુરવઠાકારોની રજૂઆત પર આધાર રાખે છે. માટે, આ સંદર્ભમાં પુરવઠા શૃંખલા ડ્યૂ ડિલિજેન્સને પ્રોત્સાહન આપવા માટે અનેક ઉદ્યોગ કાર્યક્રમો સ્થાપવામાં આવ્યા છે. એવી ઘણી ઊભરતી જવાબદાર સોર્સિંગ પહેલ પણ છે જે સામાન્ય રીતે મજૂર માપદંડો, પર્યાવરણ વ્યવસ્થાપન, ખનન રીતભાતો અને પુરવઠા શૃંખલાની અન્ય સમસ્યાઓને ઉકેલે છે.

આ અને અન્ય કારણોસર સભ્યો મૂળસ્થાન, ઇતિહાસ, સોનું, પ્લેટિનમ જૂથની ધાતુઓ અને હીરાની જ્વેલરી પ્રોડક્ટની પુરવઠા શૃંખલાના ઉદ્ગમસ્થાન અથવા અન્ય લાક્ષણિકતાઓ માટે કારોબાર ગ્રાહકો અને/અથવા અંતિમ ગ્રાહકોને દાવાઓ કરવા કે નિવેદન આપવાનું કદાચ પસંદ કરે અથવા તેમ કરવાની જરૂરિયાત રહે. જો આવા દાવા કે નિવેદન કરવામાં આવે તો તે સાચા હોવા જોઇએ અને દાવાઓને સમર્થન આપતા ખરાઈ કરી શકાય તેવા પુરાવા હોવા જોઇએ. ઉદ્ગમસ્થાન અને અન્ય પ્રોડક્ટ લાક્ષણિકતાઓ અંગે ગેરમાર્ગે દોરનારા અથવા ભ્રામક દાવાઓ કે નિવેદન વ્યક્તિગત રીતે કંપનીઓ અને એકંદરે સમગ્ર ઉદ્યોગની પ્રતિષ્ઠા પર નોંધપાત્ર જોખમ ઊભું કરે છે તેમજ ખોટી અને ભ્રામક જાહેરાત અથવા રિપોર્ટિંગ પર પ્રતિબંધ મુકતા કાયદાઓ હેઠળ કાનૂની અનુપાલન સમસ્યાઓ પેદા કરી શકે છે.

આ માટે આરજેસી સભ્યોનું તેમની પુરવઠા શૃંખલાને લગતા જોખમો ઘટાડવા માટે, ખાસ કરીને ડોડ ફ્રેન્ક એક્ટ, અને જ્વેલરી પુરવઠા સાંકળોની કદાચ ભાગ હોય તેવી ચોક્કસ સંસ્થાઓ પર US/EU પ્રતિબંધો જેવી નિયમનકારી જરૂરિયાતોના સંદર્ભમાં, ઉદ્ગમસ્થાન દાવા જોગવાઈ તૈયાર કરવામાં આવી છે. આ જોગવાઈ મુજબ પોતાની પુરવઠા શૃંખલા અંગે ઉદ્ગમસ્થાન દાવા કરતા સભ્યો પાસે સપોર્ટિંગ સિસ્ટમ વ્યવહારસંહિતા અંતર્ગત ઓડિટ થયેલી હોવી જોઇએ. આરજેસીની વેબસાઇટ પર સભ્યની પ્રમાણીકરણ માહિતી પરથી ખબર પડશે કે ઉદ્ગમસ્થાન દાવા જોગવાઈ સભ્ય પર લાગુ પડે છે કે કેમ, અને જો લાગુ પડતી હોય તો પ્રમાણીકરણ ઓડિટ વખતે કેવા પ્રકારના દાવા/ઓ ઓડિટ કરવામાં આવ્યા હતા. નીચેનું ટેબલ સમજના ઉદ્દેશ માટે ત્રણ ઉદાહરણ પૂરા પાડે છેઃ

| ઉદ્ભમસ્થાન દાવા પ્રમાણીકરણ – (સભ્યનું નામ) | | | |
|---|---|---|---|
| | હીરા | સોનું | પીજીએમ |
| ઉદ્ભમસ્થાન | કેનેડાની ખાણ | | |
| સ્રોત | | રિસાયકલ કરેલું સોનું | |
| વ્યવહારો | | | એસએ *8000* પ્રમાણીકરણ |

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

ધ વર્લ્ડ જ્વેલરી કન્ફેડરેશન, સીઆઇબીજેઓ બ્લ્યૂ બુક ધરાવે છેઃ જે પ્રોડક્ટ ડિસક્લોઝર માર્ગદર્શિકામાં ઉલ્લેખ કર્યા મુજબ હીરા માટે પરિભાષા, વર્ગીકરણ અને નૈતિક માર્ગદર્શિકા અંગે માહિતી આપતું એક પ્રકાશન છે. બ્લ્યૂ બુક અન્ય બાબતોની સાથે ઉદ્ભમસ્થાન, રચના, અથવા ઉત્પાદન અંગે ગેરમાર્ગે દોરનારી અને ભ્રામક નિવેદનને લગતા માપદંડોનો સમાવેશ કરે છે. બ્લ્યૂ બુક તે પણ નિયત કરે છે કે, ભૌગોલિક વિસ્તારોના નામનો માત્ર ત્યારે જ ઉપયોગ થશે જ્યારે તેઓ ભૌગોલિક રીતે ખનન કરાયેલા અથવા પકવેલા વિસ્તારોનો (મૂળસ્થાન) ઉલ્લેખ કરે અને કટિંગ, પ્રક્રિયા અથવા નિકાસ કેન્દ્રોના નામનો ભૌગોલિક ઉદ્ભમસ્થાન દર્શાવવા માટે ઉપયોગ થશે નહીં.

આરજેસી એ 2012માં કિંમતી ધાતુઓ માટે ચેઇન-ઓફ-કસ્ટડી (સીઓસી) સ્ટાન્ડર્ડ શરૂ કર્યા હતા જે આરજેસીના સભ્યો માટે સ્વૈચ્છિક છે. વ્યવહારસંહિતાની ઉદ્ભમસ્થાન દાવા જોગવાઈની સમાનુરૂપતા સીઓસી સ્ટાન્ડર્ડની સમાનુરૂપતાને સમકક્ષ નથી, કારણકે વ્યવહારસંહિતા માત્ર આરજેસીના સભ્યના કારોબાર વ્યવહારો પર લાગુ પડે છે જ્યારે સીઓસી સ્ટાન્ડર્ડ સીઓસી દ્રવ્યની સમગ્ર પુરવઠા શૃંખલામાં સંકળાયેલા પ્રત્યેક અનુગામી કારોબાર પર લાગુ પડે છે. આરજેસીના ચેઇન-ઓફ-કસ્ટડી સ્ટાન્ડર્ડનો અમલ કરતા અને તેના અંતર્ગત પ્રમાણિત થતા આરજેસીના સભ્યો જોકે, સંબંધિત દાવાઓની  ઉદ્ભમસ્થાન દાવા જોગવાઈ સાથે સમાનુરૂપતા માટે તેનો હેતુલક્ષી પુરાવા તરીકે ઉપયોગ કરી શકે છે. સભ્યોને આંતરિક કાર્યવાહીઓ સ્થાપવા અને ડ્યૂ ડિલિજેન્સ હાથ ધરવા માટે સામાન્ય માર્ગદર્શિકા તરીકે ઉપયોગ કરવા માટે સીઓસી માપદંડ ઉપલબ્ધ છે.

નીચે દર્શાવેલા માપદંડો સહિતના (પરંતુ મર્યાદિત નથી) અન્ય અનેક સુસંગત ઉદ્યોગ માપદંડો પણ ઘડવામાં આવ્યા છે. આવા માપદંડોને સમાનુરૂપ પ્રાણીલીઓ અને કાર્યવાહીઓનો ઉદ્ભમસ્થાન દાવા જોગવાઈની સમાનુરૂપતાના પુરાવાર માટે ઉપયોગ કરી શકાયઃ

- લંડન બુલિયન માર્કેટ એસોસિયેશન (એલબીએમએ), *રીસ્પોન્સિબલ* ગોલ્ડ પ્રોગ્રામ
- ઇઆઇસીસી – જીઇએસઆઇ કન્ફ્લિક્ટ-ફ્રી સ્મેલ્ટર એસેસમેન્ટ પ્રોગ્રામ
- વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ, કન્ફ્લિક્ટ-ફ્રી ગોલ્ડ સ્ટાન્ડર્ડ
- ફેરટ્રેડ એન્ડ ફેરમાઈન સ્ટાન્ડર્ડ્સ
- વોલ્યુન્ટરી કોડ ઓફ કન્ડક્ટ ફોર કેનેડિયન ડાયમન્ડ ક્લેમ્સ
- US ડાયમન્ડ સોર્સ વોરન્ટી પ્રોટોકોલ

નોંધો કે સભ્યોએ આમાંથી એક પણ ઉદ્યોગ માપદંડ અપનાવવાની જરૂર નથી અને જો લાગુ પડતુ હોય તો, ઉદ્ગમસ્થાન દાવા જોગવાઇની જરૂરિયાતો સંતોષવા માટે તેમની પોતાની આંતરિક પ્રણાલી અને કાર્યવાહીઓ વિકસાવી શકે છે.

***રાષ્ટ્રીય કાયદો***

ઉદ્ગમસ્થાન દાવા એ રજૂઆતનું સ્વરૂપ છે અને તેનું ખોટી અને ગેરમાર્ગે દોરતી જાહેરાતો પર પ્રતિબંધ મુકતા ગ્રાહક સુરક્ષા કાયદાઓ દ્વારા કદાચ નિયમન થઇ શકે છે. (જૂઓ પ્રોડક્ટ ડિસ્ક્લોઝર અને સ્તરીકરણ અને મુલવણી). સભ્યો તેઓ જે ક્ષેત્રમાં કામ કરે છે ત્યાં લાગુ પડતા કાયદાઓથી વાકેફ હોય અને તેનું પાલન કરે તે આવશ્યક છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારસંહિતાની ફરજિયાત જરૂરિયાતોના અમલ માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શ નથી અને તેને માહિતી અને સહાયના પ્રારંભ બિંદુ તરીકે જોવું જોઇએ.*

***પ્રયોજ્યતા નક્કી કરવી:*** સભ્યોએ પ્રથમ પુષ્ટિ કરવી જોઇએ કે તેમના કારોબાર પર ઉદ્ગમસ્થાન દાવા જોગવાઈ લાગુ પડે છે કે કેમ. કારોબારની જટીલતા અને તેની વેચાણ ચેનલોને કારણે જો શંકા હોય તો સભ્યોએ તમામ જાહેરાતો, માર્કેટિંગ અને અન્ય વેચાણ-સંબંધિત દસ્તાવેજોની સમીક્ષા કરવી જોઇએ અને નક્કી કરવું જોઇએ કે કોઇ ઉદ્ગમસ્થાન દાવા કરાયા છે કે કેમ. જો સમીક્ષા પરથી નક્કી થાય કે જોગવાઇ લાગુ પડતી નથી તો પરિણામોનું દસ્તાવેજીકરણ કરવુ જોઇએ અને તેને યોગ્ય સિનિયર મેનેજર દ્વારા મંજૂર કરાવવું જોઇએ. આ પ્રકરણના અંતે પાના નંબર 71 પર આપેલો ફ્લોચાર્ટ સભ્યો કોઇ ઉદ્ગમસ્થાન દાવો કરી રહ્યા છે કે કેમ તે નક્કી કરવા માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે.

આરજેસી વ્યવહારસંહિતાની ઉદ્ગમસ્થાન દાવા જોગવાઈનો ઇરાદો ગ્રાહક માર્કેટિંગ સામગ્રી અથવા જાહેરાતો કે જેમાં સર્જનાત્મક અભિવ્યક્તિ હોઇ શકે છે અને તેનું શબ્દશઃ અર્થઘટન અપેક્ષિત નથી તેમાં પરિભાષા અને વર્ણનોના કાયદેસર ઉપયોગને મર્યાદિત કરવાનો નથી. તેના કરતા ઉદ્ગમસ્થાન દાવો હેતુલક્ષી અથવા હકીકત પ્રકારની માહિતીને લગતો હોવો જોઇએ. દાયરા હેઠળ આવતા ઉદ્ગમસ્થાન દાવા તેવા દાવા છે જે ઉદ્ગમસ્થાન, સ્ત્રોત અથવા વેચાણ માટે મુકાયેલા દ્રવ્યની પુરવઠા શૃંખલામાં લાગુ પડતા  વ્યવહારોને લગતા છે.
જનરલ કોર્પોરેટ કમ્યુનિકેશન, માર્કેટિંગ થીમ અને કલ્પનાઓ કે જે કંપની અથવા એકમ સ્તરે લાગુ પડે છે, અને વેચાણ માટે મુકાયેલી જ્વેલરી પ્રોડક્ટને લગતી નથી, તેને સામાન્ય રીતે ઉદ્ગમસ્થાન દાવા તરીકે ગણાશે નહીં માટે તે પ્રમાણીકરણ દાયરામાં આવશે નહીં. માટે ઉદ્ગમસ્થાન દાવા કારોબારથી કારોબારની લેવડ-દેવડમાં સૌથી સામાન્ય રીતે લાગુ પડે છે અને આમ પુરવઠા શૃંખલા મારફતે માહિતીનું વહન થાય છે, જોકે, તે ગ્રાહક સ્તરે પણ કદાચ કરી શકાય છે.

કેટલાક કિસ્સાઓમાં, ઉદ્ગમસ્થાન દાવો કરાઇ રહ્યો છે કે તે નક્કી કરવા માટે કદાચ નિર્ણયશક્તિનો ઉપયોગ કરવાની જરૂર પડે, જેમકે સૂચક કલ્પના અથવા લેખિત વર્ણનોના ઉપયોગ મારફતે કે જે ગર્ભિત છે પરંતુ સ્પષ્ટ નથી. આ તે આધારે નક્કી થવું જોઇએ કે દાવાનું ગ્રાહક દ્વારા ખરીદાઈ રહેલી ભૌતિક પ્રોડક્ટની પુરવઠા શૃંખલામાં ઉદ્ગમસ્થાન, સ્ત્રોત અથવા વ્યવહારો પર લાગુ પડતા લાગુ દાવા તરીકે અર્થઘટન કરવામાં આવશે કે કેમ. આ કિસ્સામાં, સીઓપી ઉદ્ગમસ્થાન દાવા જોગવાઈ લાગુ પડશે.

**પ્રમાણીકરણ કાર્યક્ષેત્રની અંદર:** સમજ માટે ઉદ્ગમસ્થાન દાવાના કેટલાક ઉદાહરણો નીચે આપેલા છે:

- "મૂળસ્થાનનો દેશ"
- "ચોક્કસ દેશ કે ક્ષેત્રમાંથી નથી"
- "માત્ર ચોક્કસ કેટલીક ખાણમાં ઉદ્ગમસ્થાન"
- "*રિસાયકલ કરેલું સોનું*"
- "જાન્યુઆરી 2012 પહેલા રિફાઇન કરેલું"
- "સાયનાઇડ-મુક્ત ખનન"
- "સંઘર્ષ-મુક્ત સોનું"
- "સંશ્લેષણ-મુક્ત"
- "જવાબદાર રીતે સોર્સ કરેલું"
- "સ્થાનિક લાભકારી અથવા સામુદાયિક વિકાસ કાર્યક્રમોને સમર્થન આપે છે"

નોંધ: ઉદ્ગમસ્થાન દાવા માત્ર જ્વેલરી પ્રોડક્ટમાં રહેલા હીરા, સોનું અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓના ઘટકની ટકાવારી પર લાગુ પડી શકે છે. આ કિસ્સામાં, દાવો માત્ર દ્રવ્યની ટકાવારી પર લાગુ પડે છે તેવો સ્પષ્ટપણે ઉલ્લેખ કરેલો હોવો જોઇએ જેથી ગુંચવણ ઊભી ના થાય.

**પ્રમાણીકરણ દાયરાની અંદર નહીં:** વ્યવહારસંહિતા હેઠળ ઉદ્ગમસ્થાન દાવા તરીકે નહીં ગણાતી રજૂઆતોના કેટલાક ઉદાહરણો નીચે છે:

- *કુદરતી (એટલે કે, ખનન કરેલા) હીરા, સ્પષ્ટ કે ગર્ભિત.*
- વોરંટી અને દાવાઓ જે કિમ્બર્લી પ્રોસેસ સર્ટિફિકેશન સ્કીમ અને/અથવા વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલની સિસ્ટમ ઓફ વોરન્ટીઝના અનુપાલનને લગતા છે જે વ્યવહારસંહિતાની કિમ્બર્લી પ્રોસેસ એન્ડ સિસ્ટમ ઓફ વોરન્ટીઝ જોગવાઈ દ્વારા સંબોધવામાં આવે છે.
- માત્ર જ્વેલરી પ્રોડક્ટની એસેમ્બલી અથવા ઉત્પાદનના સ્થળ અંગે રજૂઆત, ઉદાહરણ તરીકે, સ્વીસ-નિર્મિત" ઘડિયાળ દાવો, કારણકે આ પ્રકારના દાવા ઘટક દ્રવ્યને લગતા નથી હોતા.
- કંપની અથવા એકમ સ્તરે લાગુ પડતા જનરલ કોર્પોરેટ કમ્યુનિકેશન, માર્કેટિંગ થીમ અને કલ્પનાઓ જેનો વેચાણમાં મુકાયેલી વાસ્તવિક જ્વેલરી પ્રોડક્ટ અથવા ઘટક સામગ્રી (હીરા, સંશ્લેષિત પદાર્થો, સોનું, પ્લેટિનમ જૂથની ધાતુઓ)સાથે સંબંધ નથી અથવા દસ્તાવેજીકરણ કરાયું નથી.

***જોગવાઈ અમલીકરણ:***

- **સીઓપી *12.1: પ્રણાલીઓ:*** *ઉદભવિત દાવા(ઓ) કરતી હોય એવી વ્યક્તિઓ એવી વ્યવસ્થાઓ અમલી કરતી હોવી જોઇએ જે સુનિશ્ચિત કરે કે આ ઉદભવિત દાવા(ઓ) માન્ય છે અને પુરાવા દ્વારા આધારભૂત છે.*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- સભ્યની પ્રણાલીઓના કેટલાક ઘટકોનું બાહ્ય પક્ષો દ્વારા અમલ કરી શકાય છે દા.ત. પુરવઠાકાર, બાહ્ય હિસાબી તપાસકર્તા, અથવા ત્રાહિત-પક્ષ માપદંડ પ્રણાલીઓ;
- દાવાનું સ્વરૂપઅને પ્રણાલીની રચનાનું વ્યવહારસંહિતા દ્વારા વર્ણન કરાયેલું નથી;

- દાવાએ એવા ઉદ્ગમસ્થાનનો ઉલ્લેખ કે ગર્ભિત માહિતી ના આપવી જોઇએ જે પ્રણાલીઓના અમલ દ્વારા સમર્થિત ના હોય.

- **સીઓપી *12.1.a: દસ્તાવેજી માપદંડ*:** *પુરાવાયુક્ત માપદંડ અથવા જરૂરિયાતો કે જે ઉદભવિત દાવા(ઓ) સાથે સુસંગત હોય;*

**માપદંડ નીચે મુજબ હોવા જોઇએ:**

- ઉદ્ગમસ્થાન દાવા સાથે સ્પષ્ટપણે સુસંગત;
- દસ્તાવેજી હોવા જોઇએ અને આરજેસી હિસાબી તપાસકર્તાને ઉપલબ્ધ કરાવવા જોઇએ, અન્યથા ગુપ્ત રાખવા જોઇએ;
- ખરાઈ કરી શકાય અને ઓડિટ કરી શકાય તેવા હોવા જોઇએ જેથી માપદંડની સિદ્ધિ હેતુલક્ષી પુરાવા દ્વારા પ્રદર્શિત કરી શકાય.

- ***સીઓપી 12.1.b: કાર્યવાહીઓ***: *નોંધ જાળવવા માટે અને માપદંડ અથવા જરૂરિયાતો પૂરી થાય છે એ અંગે ખરાઇ કરવા માટેની પ્રક્રિયાઓ;.*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- ખરાઇ થયેલી છે અને કોઇ પણ બિનસમાનુરૂપતા જોગવાઇ 12.1aમાં નિર્ધારિત કરવામાં આવેલા માપદંડોને અનુરૂપ સંતોષવામાં આવી છે તે પુરાવા આપતા રેકોર્ડ્સ ઉપલબ્ધ હોવા જોઇએ;
- સભ્ય દ્વારા, પુરવઠાકાર દ્વારા અથવા સ્વતંત્ર ત્રાહિતપક્ષ દ્વારા ઇન-હાઉસ ખરાઈ કરી શકાય છે.
  - જો ખરાઈ પુરવઠાકાર અથવા અન્ય ત્રાહિતપક્ષ દ્વારા કરાઈ હોય તો, સભ્ય તેમના તે નિશ્ચયના પુરાવા આપવા સક્ષમ હોવો જોઇએ કે ખરાઈ આ જોગવાઇની જરૂરિયાતોને અનુરૂપ હાથ ધરાઈ હતી;
  - જો ત્રાહિતપક્ષ સંબંધિત ઉદ્યોગ માપદંડોનો ઉપયોગ સામેલ કરે તો જરૂરી પુરાવા માપદંડના અનુપાલન માટે જાહેરમાં ઉપલબ્ધ રેકોર્ડ્સ દ્વારા પ્રદર્શિત કરી શકાય છે. દાખલા તરીકે, એલબીએમએ રીસ્પોન્સિબલ ગોલ્ડ પ્રોગ્રામને સુસંગત એલબીએમએ ગૂડ ડિલીવરીનો પુરાવો, હાથ ધરાઈ રહેલી ખરાઇનો પુરતો પુરાવો હોવો જોઇએ.
  - તેવી જ રીતે, સુસંગત કાનૂની જરૂરિયાતોનું પાલન કરાર પગલા, જેમકે યુએસ ડાયમન્ડ વોરન્ટી પ્રોટોકોલનું પાલન કરતા કરારો અને ઓડિટ અથવા ‘ફ્લો-ડાઉન’ કરાર જોગવાઈઓ કે જે ડોડ ફ્રેન્ક એક્ટની સંઘર્ષ ખનીજ જોગવાઇના અમલમાં મદદ કરે છે, પણ સુસંગત કાર્યવાહીઓના અમલનો પુરાવો આપતા હોવા જોઇએ.

- ખરાઈ એવી વ્યક્તિ દ્વારા થવી જોઇએ જે સક્ષમ હોય અને આકરણીને સંભવિત રીતે પ્રતિકૂળ અસર કરે તેવા કોઇ પણ હિતોના ઘર્ષણથી મુક્ત હોય;
- ખરાઈની આવૃત્તિ અને ખરાઈનું સ્વરૂપ નક્કી કરતી વખતે માપદંડની જટીલતા અને બિન-સમાનુરૂપતાના જોખમને ધ્યાનમાં લેવા જોઇએ.

- ***સીઓપી 12.1.c: આંતરિક દ્રવ્ય નિયંત્રણો:*** ઉદભવિત દાવા(ઓ) દ્વારા નિયંત્રિત સામગ્રીઓની અખંડિતતાને જાળવી રાખવા માટેના નિયંત્રણો;

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- ઉદ્ગમસ્થાન દાવા(ઓ) દ્વારા આવરવામાં આવેલું દ્રવ્ય ઇન્વેન્ટરીમાં કેવી રીતે સ્વીકારાય છે અને ટ્રેક કરાય છે તેમજ ઉદ્ગમસ્થાન દાવા(ઓ) લાગુ પડતા નથી તેવા અન્ય દ્રવ્યથી કેવી રીતે અલગ પડાય છે તેનું, જ્યાં સુસંગત હોય ત્યાં, દસ્તાવેજીકરણ કરો.
- એવા તમામ પોઇન્ટ શોધો જ્યાં ઉદ્ગમસ્થાના દાવા(ઓ) હેઠળ આવતા દ્રવ્યો દાવાઓ હેઠળ ના આવતા હોય તેવા દ્રવ્યો સાથે અજાણતા મિશ્ર થઇ ગયા છે, અને આવું કોઇ પણ મિશ્રણ અટકાવવા માટે વ્યવસ્થા સ્થાપો.
- જો બાહ્ય કોન્ટ્રાક્ટરો ઉદ્ગમસ્થાન દાવા(ઓ) હેઠળ આવતા દ્રવ્યોનું વ્યવસ્થાપન કે પ્રક્રિયા કરતા હોય તો તેઓ દ્રવ્યોનું અલગીકરણ કેવી રીતે કરે છે તેના માટે એક ઔપચારિક કાર્યવાહી ઊભી કરો અને દેખાવને આ કાર્યવાહીઓ સામે ચકાસો.

- ***સીઓપી 12.1.d: તાલીમ:*** જે કર્મચારીઓ ઉત્પાદન પૂછપરછને પ્રતિભાવ આપવા માટે જવાબદાર હોય તેઓ ઉદભવિત દાવા(ઓ)ને સમજી શકે અને તેનું સચોટ વર્ણન કરી શકે તેની સુનિશ્ચિતતા માટેની તાલીમ;

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - પ્રોડક્ટ અંગેની પૃચ્છાઓનો જવાબ આપવાની જવાબદારી ધરાવતા કર્મચારીઓની તાલીમ પર નજર રાખવા માટે જવાબદાર મેનજર/રોની નિમણૂક કરો
  - સુનિશ્ચિત કરો કે આ કર્મચારીઓ ઉદ્ગમસ્થાન દાવા(ઓ) અંગેના તમામ સુસંગત દસ્તાવેજો સુધીની પહોંચ  ધરાવે છે.
  - તાલીમ સામગ્રી અને કાર્યવાહીઓ સ્થાપો અને જવાબદાર કર્મચારીઓનું રજિસ્ટર અને તાલીમ ક્યારે હાથ ધરવામાં આવી હતી તે અંગેના રેકોર્ડ્સ જાળવો.

- ***સીઓપી 12.1e: ફરિયાદ વ્યવસ્થા:*** રસ ધરાવતા પક્ષકારોને ઉદભવિત દાવા(ઓ)ની સચ્ચાઈ વિશે પોતાની ચિંતા વ્યક્ત કરવાની મંજૂરી માટે, કારોબારના પ્રકાર, કદ અને અસરને અનુરૂપ એક ફરિયાદો અને ફરિયાદ વ્યવસ્થા.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - વ્યવસ્થાનું દસ્તાવેજીકરણ થયેલું હોવું જોઇએ અને તેની માહિતી ગ્રાહક સહિતના રસધરાવતા પક્ષોને ઉપલબ્ધ હોવું જોઇએ;
  - દસ્તાવેજમાં સ્વીકાર્ય હોય તેવી અને અસ્વીકાર્ય હોય તેવી ફરિયાદોના પ્રકાર અને ફરિયાદોની તપાસ અને ઉકેલ માટે હાથ ધરવામાં આવેલી કાર્યવાહીઓનું વર્ણન હોવું જોઇએ;
  - સભ્યો, ખાસ કરીને નાના કારોબારો, આરજેસી ચેઇન-ઓફ-કસ્ટડી માપદંડ માર્ગદર્શનના પરિશિષ્ટ 2માં આપવામાં આવેલી ઉદાહરણ ફરિયાદ વ્યવસ્થાનો ઉપયોગ કરી શકે છે.
  - પુરવઠા શૃંખલા નીતિઓ અને ફરિયાદ વ્યવસ્થાઓ અંગેનું વધુ માર્ગદર્શન ઓઇસીડીની *ડ્યૂ ડિલિજન્સ ગાઇડન્સ ફોર રીસ્પોન્સિબલ સપ્લાય ચેઇન્સ ઓફ મિનરલ્સ ફ્રોમ કન્ફ્લિક્ટ-અફેક્ટેડ એન્ડ હાઇ-રિસ્ક એરીયા અને સપ્લિમેન્ટ ઓન ગોલ્ડ*માંથી મેળવી શકાય છે

**તપાસો:**

- ✓ શું તમે પુષ્ટી કરી છે કે તેમ ઉદ્ગમસ્થાન દાવા કરી રહ્યાં છો કે કેમ? શંકા હોય તેવા કિસ્સામાં તમામ જાહેરાત, માર્કેટિંગ અને વેચાણ લગતા દસ્તાવેજોની સમીક્ષા કરો.
- ✓ જો તમે કોઇ પણ ઉદ્ગમસ્થાન દાવા નથી કરતા તો તમે તમારી સમીક્ષાના પરિણામોના દસ્તાવેજો પૂરા પાડી શકો છો?
- ✓ જો તમે ઉદ્ગમસ્થાન દાવા કરો છો તો તે માન્ય છે અને પુરાવાઓ દ્વારા સમર્થિત છે તે સુનિશ્ચિત કરવા માટે પ્રણાલી ધરાવો છો?
- ✓ તમે દસ્તાવેજી માપદંડ અથવા જરૂરિયાતો સ્થાપી છે જે દાવાઓ સાથે સાતત્યપૂર્ણ છે અને તેને હેતુલક્ષી પુરાવાઓ દ્વારા સંતોષી શકાય છે?
- ✓ માપદંડ સંતોષાય છે તેની ખરાઈ હાથ ધરવા માટે તમે કાર્યવાહી ધરાવો છો?
- ✓ તમે કોઇ પણ ઉદ્ગમસ્થાન દાવા હેઠળ આવતા દ્રવ્યોની પ્રમાણિકતાનું રક્ષણ કરવા માટે આંતરિક નિયંત્રણો ધરાવો છો?
- ✓ તમે સંબંધિત કર્મચારીઓ માટે તાલીમ કાર્યવાહી સ્થાપેલી છે?
- ✓ તમારે ત્યાં ફરિયાદ વ્યવસ્થા છે?

## E. વધારાની માહિતી

નીચેની માહિતી વધારાની માહિતી આપે છે:

- કેનેડિયન હીરા વ્યવહારસંહિતા
  www.canadiandiamondcodeofconduct.ca/index.html
- ઇલેક્ટ્રોનિક ઇન્ડસ્ટ્રી સિટિઝનશિપ કોએલિશન (ઇઆઇસીસી)/ ગ્લોબલ ઇ-સસ્ટેનેબિલિટી ઇનિશિયેટિવ (જીઇએસઆઇ) - કન્ફ્લિક્ટ-ફ્રી સ્મેલ્ટર પ્રોગ્રામ (2011)
  www.conflictfreesmelter.org/
- ફેરમાઈન સ્ટાન્ડર્ડ
  www.communitymining.org/index.php/en/fairtrade-and-fairmined-standard
- ફેરટ્રેડ સ્ટાન્ડર્ડ
  www.fairgold.org/
- લંડન બુલિયન માર્કેટ એસોસિયેશન (એલબીએમએ) – રીસ્પોન્સિબલ ગોલ્ડ પ્રોગ્રામ (2012)
  www.lbma.org.uk/pages/index.cfm?page_id=137
- OECD ડ્યૂ ડિલિજન્સ ગાઇડન્સ ઓન રીસ્પોન્સિબલ સપ્લાય ચેઇન્સ ઓફ મિનરલ્સ ફ્રોમ કન્ફ્લિક્ટ-અફેક્ટેડ એન્ડ હાઇ-રિસ્ક એરિયાઝ- સપ્લિમેન્ટ ઓન ગોલ્ડ (2012)
  www.oecd.org/corporate/guidelinesformultinationalenterprises/goldsupplementtotheduediligenceguidance.htm
- રીસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ (આરજેસી) – ચેઇન ઓફ કસ્ટડી સર્ટિફિકેશન (2012)
  www.responsiblejewellery.com/chain-of-custody-certification/#RJCChain-of-CustodyCertification
- ધ વર્લ્ડ જ્વેલરી કન્ફેડરેશન (સીઆઇબીજેઓ) – ધ બ્લ્યૂ બૂક્સ
  www.cibjo.org/index.php?option=com_content&view=article&id=270&Itemid=261
- U.S. ડાયમન્ડ સોર્સ વોરન્ટી પ્રોટોકોલ (2012)
  http://www.jewelers.org/files/diamond-source-warranty-protocol.pdf
- U.S. સિક્યુરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ કમિશન (એસઇસી) રુલ ફોર ડિસક્લોઝિંગ યુઝ ઓફ કન્ફ્લિક્ટ મિનરલ્સ- ડોડ ફ્રેન્ક વોલ સ્ટ્રીટ રિફોર્મ એન્ડ કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ (2012)
  www.sec.gov/news/press/2012/2012-163.htm
- વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબલ્યુજીસી) – કન્ફ્લિક્ટ – ફ્રી ગોલ્ડ સ્ટાન્ડર્ડ (2012)
  www.gold.org/about_gold/sustainability/conflict_free_standard/

## ઉદ્ગમસ્થાન દાવા પ્રયોજ્યતા ફ્લોચાર્ટ



# પ્રમાણભૂત માર્ગદર્શન
# (સીઓપી 13) સામાન્ય રોજગારી શરતો

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**રોજગારી સંબંધો** એ રોજગારદાતાઓ અને કર્મચારીઓ વચ્ચેની કાનૂની કડી છે, જ્યારે એક વ્યક્તિ વળતરના બદલામાં ચોક્કસ શરતો હેઠળ કામ કરે છે અથવા સેવા આપે છે ત્યારે અસ્તિત્વમાં આવે છે.

**કર્મચારી** એવી વ્યક્તિ છે જેણે સભ્ય સાથે રોજગારી કરાર અથવા સેવા કરાર કર્યો છે અથવા એપ્રેન્ટિસશિપ કરે છે અથવા તે અંતર્ગત કામ કરે છે, આ જોડાણ અભિવ્યક્ત કે ગર્ભિત હોય હોઇ શકે છે અને (જો તે અભિવ્યક્ત હોય તો) મૌખિક અથવા લેખિતમાં અથવા લાગુ પડતા કાયદાની વ્યાખ્યા મુજબ હોઇ શકે છે. તેમાં કોઇ પણ સ્તરે કાયમી, હંગામી, પૂર્ણ-સમયની, ખંડ-સમયની, ઔપચારિક, ગૃહ-કાર્ય અને/અથવા મોસમી રોજગારીનો સમાવેશ થાય છે.

**ગૃહ-કાર્ય**માં વ્યક્તિ સાથે કંપની અથવા પુરવઠાકાર, પેટાપુરવઠાકાર અથવા પેટાકોન્ટ્રાક્ટર દ્વારા કરાર કરવામાં આવે પરંતુ તે વ્યક્તિ તેમના પરિસરમાં કામ કરતી નથી.

સ્રોત*:*

- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન *(*આઇએલઓ*)* –ઇન્ડસ્ટ્રીયલ એન્ડ એમ્પ્લોયમેન્ટ રિલેશન્સ ડિપાર્ટમેન્ટ
  www.ilo.org/public/english/dialogue/ifpdial/areas/legislation/employ.htm
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન *(*આઇએલઓ*)*- ડિસન્ટ વર્ક ઇન્ડિકેટર્સ- કન્સેપ્ટ્સ એન્ડ ડેફિનેશન્સ
  www.ilo.org/stat/Publications/WCMS_183859/lang--en/index.htm
- સોસિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ *(*એસએઆઇ*) - SA® 8000* એબ્રિજ્ડ ગાઇડન્સ*: 2008* સ્ટાન્ડર્ડ
  *www.sa-intl.org/_data/n_0001/ resources /live/SAI_AbridgedGuidance_SA8000_2008.pdf*

સીઓપીની **સામાન્ય રોજગાર શરતો અને વ્યવહારો** કલમ કર્મચારીઓ ધરાવતા તમામ સભ્યોને લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

**રોજગારી સંબંધો** એ રોજગારદાતાઓ અને કર્મચારીઓ વચ્ચેની કાનૂની કડી છે. જ્યારે એક વ્યક્તિ વળતરના બદલામાં ચોક્કસ શરતો હેઠળ કામ અથવા સેવા કરે છે ત્યારે તે અસ્તિત્વમાં આવે છે. તે માટેનુ કાનૂની સાધન રોજગાર કરાર છે, તે અભિવ્યક્ત અથવા ગર્ભિત, લેખિત કે મૌખિક હોઇ શકે છે.

જોકે કરાર અંતર્ગત વ્યાખ્યાયિત કરાય છે કે રોજગાર સંબંધ મારફતે કર્મચારી અને રોજગારદાતા વચ્ચે પારસ્પરિક અધિકારો અને જવાબદારીઓ રચાય છે. કામદારો જેના દ્વારા શ્રમ કાયદા અને સામાજિક સુરક્ષાના ક્ષેત્રમાં રોજગાર સાથે સંકળાયેલા અધિકારો અને લાભોની સુલભતા હાંસલ કરે તેવું એક મુખ્ય સાધન પણ છે. કામદારના અધિકારો અને લાભોનુ પાલન થાય છે તે સુનિશ્ચિત કરવા માટે કર્મચારીઓના લાભો અને અધિકારોનો રેકોર્ડ રાખવો રોજગારદાતાની ભૂમિકાનો આવશ્યક ભાગ છે.

પરંપરાગત રોજગાર સંબંધ સામાન્ય રીતે, એક જ રોજગારદાતા સાથે અમર્યાદિત સમયગાળા માટે પૂર્ણ સમયના કામને આધારિત હોય છે, તે અન્યાયી બરતરફી સામે રક્ષણ સાથે અમર્યાદિત સમયગાળાના રોજગાર કરાર અંતર્ગત હોય છે. છેલ્લા ત્રીસ વર્ષથી વૈશ્વિક અર્થતંત્રમાં રોજગારીની નવી રીતો ઊભરી છે. જેમાં નિર્ધારિત મુદતના કરારો અને કરારબદ્ધ વ્યવસ્થાના વધી રહેલા ઉપયોગ સમાવેશ થાય છે જેમાં કામદારો ચુસ્તપણે કાર્મચારીઓ નથી. આ વ્યવસ્થા હેઠળ કેટલાક કામદારોને, તેમાં પણ ખાસ કરીને પરપ્રાંતીય કામદાર અને ગૃહ-કામદારોને શ્રમ અથવા સામાજિક સુરક્ષા કાયદા હેઠળ કદાચ નબળું રક્ષણ મળે છે. શોષણકારી કામદાર વ્યવસ્થાઓ પણ ઊભરી છે, જેમ કે, ખોટી એપ્રેન્ટિસશિપ યોજનાઓ, તેમાં કામદારો 'તાલીમ સમયગાળા' દરમિયાન ઓછા પગારે કામ કરે છે પરંતુ તેનો વાસ્તવિક ઇરાદો કામદારને કુશળતા શીખવાડવાનો કે તાલીમ સમયગાળો પૂર્ણ થયા બાદ તેને નિયમિત કે વર્તમાન રોજગારી પૂરી પાડવાનો હોતો નથી.

ગૃહ-કાર્ય, ટૂંકા-ગાળાના ક્રમિક કરારો, એપ્રેન્ટિસશિપ, પેટા-કોન્ટ્રાક્ટ અને લેબર-ઓન્લી કોન્ટ્રાક્ટિંગનો રોજગારી સંબંધોના દાયરામાં રહીને કાનૂની રીતે ઉપયોગ કરી શકાય છે. જોકે, આ પ્રકારની વ્યવસ્થાઓ કામદારો પ્રત્યેની કાનૂની જવાબદારીઓનું પાલન ન થવાનું જોખમ પણ ઊભું કરે છે. માટે આરજેસી વ્યવહારસંહિતા આ કાર્ય વ્યવસ્થાઓના સામાન્ય ઉપયોગ પર બિનજરૂરી પ્રતિબંધ મૂકતી નથી પરંતુ તે સુનિશ્ચિત કરે છે કે તે વ્યવસ્થાઓનો શ્રમ અને સામાજિક સુરક્ષા જવાબદારીઓ ટાળવાના સાધન તરીકે ઉપયોગ ના થાય.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

રોજગારી સંબંધોમાં રક્ષણનો અભાવ ધરાવતા કામદારોની વધી રહેલી સંખ્યાને ધ્યાનમાં રાખીને ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ)એ 2006માં રોજગાર સંબંધ પર ભલામણ 198 અપનાવી છે. તે કરાર અને/અથવા અન્ય કાનૂની વ્યવસ્થાઓ મારફતે જવાબદારીમાં છેતરપીંડી સામે કામદારોને રક્ષણ આપવા રાષ્ટ્રીય કાયદો અને રીતભાતમાં સુધારા લાવવા અંગે સભ્ય રાજ્યોને માર્ગદર્શન પૂરું પાડે છે.

**રાષ્ટ્રીય કાયદો**

રાષ્ટ્રીય કાયદા અને નિયમનો તેમજ સામુહિક વ્યવસ્થાઓ કામદારોને રક્ષણ પૂરું પાડે છે જે રોજગારદાતા અને કર્મચારી વચ્ચે અસ્તિત્વમાં રહેલા રોજગારી સંબંધ સાથે જોડાયેલા છે. કામગીરીના તમામ ન્યાયક્ષેત્રમાં રોજગાર કરારોની તમામ કાનૂની જરૂરિયાતો અંગે છેલ્લામાં છેલ્લી માહિતી મેળવવી આવશ્યક છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારસંહિતાની ફરજિયાત જરૂરિયાતોના અમલ માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. આ માર્ગદર્શન આદર્શ નથી અને તેને માહિતી અને સહાય માટે પ્રારંભ બિંદુ તરીકે જોવું જોઇએ.*

- ***સીઓપી 13.1: રોજગારી શરતો:*** સભ્યોએ એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે કર્મચારીઓ વેતન, કામના કલાકો અને રોજગારની અન્ય પરિસ્થિતિઓના સંબંધમાં તેમના વર્તમાન રોજગારની શરતોને સમજે છે..
  **વિચારણા માટેના મુદ્દાઓ**:

- ○ લેખિત રોજગાર કરારો રોજગારી શરતો જણાવવાના સીધા રસ્તા છે. સભ્યોએ કામદારો જે ભાષા સમજી શકે તે ભાષામાં લેખિત રોજગારી કરારો પૂરા પાડવા જોઇએ અને તેમાં પગાર, કામકાજના કલાકો અને અન્ય શરતો બાબતે તેમના અધિકારો અને જવાબદારીઓનો ઉલ્લેખ થયેલો હોવો જોઇએ.
- ○ રોજગાર કરારો હંમેશા લેખિત હોતા નથી, દાખલા તરીકે કેટલાક લઘુ કારોબારમાં અથવા કેટલાક લાંબો સમયથી કામ કરી રહેલા વરિષ્ઠ સ્ટાફ માટે. આ કિસ્સાઓમાં સભ્યોએ સુનિશ્ચિત કરવું જોઇએ કે આવા કર્મચારીઓ રોજગારી શરતો અને નિયમોથી વાકેફ હોય. જેમાં કર્મચારીને ઉપલબ્ધ કરાવવાની થતી કાનૂની માહિતીનો પણ સમાવેશ થઇ શકે છે.
- ○ નીચેના વ્યવહારો 13.1ની જરૂરિયાતો સંતોષતા નથી:
  - ભરતી સમયે નક્કી થયેલી રોજગારીની શરતો અને નિયમો રોજગાર કરારમાં દર્શાવેલા શરતો અને નિયમો અલગ હોય, કારણકે કામદારની જાણકારી અથવા મંજૂરી વગર ફેરફારો કરવામાં આવ્યા છે;
  - ભરતી અને નિમણૂક પ્રક્રિયા (કરાર બદલી) દરમિયાન અથવા કામદારો કામ કરવાના સ્થળ પર પહોંચે ત્યાર બાદ (કથિત "પૂરક કરારો") ભરતી સમયે સંમત થયેલી ઉદ્ગમસ્થાનીય કરાર જોગવાઈઓના સ્થાને કામદારોની ઓછી તરફેણ કરતી જોગવાઈઓ એક કે વધુ વખત દાખલ કરવામાં આવે છે.
- ○ ઉત્પાદન, નિર્માણ અથવા ઓછી કુશળતાવાળા વ્યવસાયમાં પરપ્રાંતીય કામદારો ભાષાના અવરોધ, સાંસ્કૃતિક અનેસામાજિક તફાવતને કારણે રોજગારીની શરતોની વાટાઘાટમાં વધુ અસલામત હોય છે.
- ○ તપાસો કે વરિષ્ઠ મેનેજરો રોજગારી સંબંધોની તમામ કાનૂની જરૂરિયાતો તેમજ તમને અનુપાલનની ફરજ છે તેવા કારોબારના તમામ ક્ષેત્રના મુખ્ય જોખમ અંગે વાકેફ હોય.

- ***સીઓપી13.2: શ્રમ અને સામાજિક જવાબદારીઓ ટાળવી:*** સભ્યો માત્ર મજૂર-કરાર વ્યવસ્થાઓ, ખોટી એપ્રેંટિસશિપ યોજનાઓ, વધુ પડતાં સળંગ ટુંકા-ગાળાના રોજગાર કરારો, અને/અથવા પેટા-કરારો અથવા ઘરેથી કામ કરવાની વ્યવસ્થાઓ મારફત લાગુ પડતા કાયદા હેઠળ શ્રમ અને સામાજિક સુરક્ષા સંબંધિત જવાબદારીઓ કર્મચારીને પરિપૂર્ણ કરવાનું ટાળશે નહીં.

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - ○ લાગુ પડતા કાયદા અંતર્ગત લેબર-ઓન્લી કોન્ટ્રાક્ટિંગના કેટલાક સ્વરૂપ પ્રતિબંધિત છે. કેટલાક ન્યાયક્ષેત્રો આ પ્રકારની માન્ય કરાર વ્યવસ્થા નિર્ધારિત કરવા માટે માર્ગદર્શિકા અથવા માપદંડો સ્થાપશે. જેમાં સમાવેશ થઇ શકે છે, દાખલા તરીકે,

    કામદાર કામ કરવા માટે સામગ્રી અને/અથવા સાધનો આપે છે કે કેમ, તેમને તેમનું કામ સોંપવાનો અધિકાર છે કે કેમ, તેઓ તેમની સેવાઓ સ્વતંત્ર કારોબાર મારફતે આપી રહ્યાં છે કે કેમ અને તેઓ અન્ય લોકોને પણ આ સેવાઓ પૂરી પાડી રહ્યાં છે કે કેમ. લેબર-ઓન્લી કોન્ટ્રાક્ટિંગનો ઉપયોગ કરતા સભ્યોએ સુનિશ્ચિત કરવું જોઇએ કે, કરારો કાયદેસર હોય અને કર્મચારીઓ પ્રત્યેની કાનૂની જવાબદારીની અદાયગી ટાળવાના સાધન તરીકે ઉપયોગ ના થાય.
  - ○ એપ્રેન્ટિસશિપ યોજનાઓ તાલીમમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને તે વ્યવહારસંહિતા અંતર્ગત માન્ય છે. ઘણા ન્યાયક્ષેત્રો વિવિધ ક્ષેત્રોમાં તાલીમનો સમયગાળો અને એપ્રેન્ટિસને ચૂકવાતા વળતરનું નિયમન કરે છે. જો 'ટ્રેઇનીશિપ્સ' અથવા 'એપ્રેન્ટિસશિપ્સ'નો ઉપયોગ કુશળતા ન

શીખવવાના કે નિયમિત રોજગારી ન આપવાના વાસ્તવિક ઉદ્દેશ સાથે, કામદારોને ઓછો પગાર આપવાના ઉદ્દેશ સાથે અથવા કાનૂની જવાબદારી ટાળવા માટે કરાયો હોય તો તે ખોટી છે. ખાસ કરીને બાળ મજૂર અને યુવાન વ્યક્તિઓનું આવી ખોટી યોજનાઓ મારફતે શોષણ થવાનું જોખમ હોય છે. સભ્યોએ સુનિશ્ચિત કરવું જ જોઇએ કે એપ્રેન્ટિસશિપ્સ અને તાલીમ હોદ્દાઓ કાનૂની છે અને લાગુ પડતા કાયદાને અનુરૂપ છે.

- ટૂંકા ગાળાના રોજગાર કરારોનો ઉપયોગ (દા.ત. હંગામી કર્મચારીઓ), પેટાકરાર અને ગૃહકાર્યનો ઉપયોગ વ્યહારસંહિતા અંતર્ગત માન્ય છે. હંગામી અથવા આઉટસોર્સ કરાયેલા મજૂરોને ઘણી વખત વિવિધ કારોબાર માંગ સંતોષવી પડે છે. જોકે, આ રોજગાર વ્યવસ્થાઓનો કર્મચારીઓ પ્રત્યે કાનૂની જવાબદારીઓ ટાળવા માટે ઉપયોગ કરી શકાય નહીં. ઉદાહરણ તરીકે, ટૂંગા-ગાળાના કરારો (જેવા કે, છ મહિનાથી ઓછા)ના ઉપયોગને વધુ પડતો ગણી શકાય જો તેના અંતર્ગત મોટી સંખ્યામાં કામદારોને કામે લગાડાય અને કામદારોને નવા ટૂંકા-ગાળાના કરારો માટે ફરીથી અરજી કરવાની રહેતી હોય, ઘણી વખત વર્ષો સુધી આવી અરજીઓ કરવી પડતી હોય છે. જ્યાં આવા વ્યવહારો અસ્તિત્વમાં હોય  ત્યાં કામદારોની નોકરી સલામતી વધારવા માટે કારોબાર આયોજન કેવી રીતે કરી શકાય તે અંગે નીતિઓ અને કાર્યક્રમો ઘડો.
- મજૂર દલાલોનો ઉપયોગ જોખમ પેદા કરી શકે છ જ્યાં ભરતી અને રોજગારીની શરતો રોજગારદાતાના નિયંત્રણ હેઠળ હોતી નથી. માનવ તસ્કરીના જોખમ પર દેખરેખ માટે માર્ગદર્શન માટે વેઠ જૂઓ.

- ***સીઓપી 13.3: રેકોર્ડ કીપિંગ:*** સભ્યો, ફૂલ ટાઇમ, પાર્ટટાઇમ અથવા મૌસમી આધાર પર હોય તે સહિતના બધા જ કર્મચારીઓ માટે છૂટક કામના વળતર અને વેતન ચુકવણીઓ તેમજ કામના કલાકો સહિત ઉચિત કર્મચારી રેકોર્ડ્સ જાળવશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - જ્યાં કામના કલાકોને આધારે વેતન ચુકવણી બદલાતી હોય ત્યાં વ્યક્તિગત કર્મચારીના કલાકો દૈનિક, સાપ્તાહિક કે માસિક જે યોગ્ય હોય તે ધોરણે નોંધાવા જોઇએ.
  - નંગ દીઠ વેતન પદ્ધતિમાં કર્મચારીને તેણે કેટલા કલાક કામ કર્યું છે તેના આધારે નહીં પરંતુ તેણે કેટલા નંગ ઉત્પાદન કર્યું છે તેના આધારે ચૂકવણી કરવામાં આવે છે. નંગ દીઠ વેતન પદ્ધતિ જટીલ હોઇ શકે છે માટે ઉત્પાદનના ચોક્કસ રેકોર્ડ અને વેતનની ગણતરી માટેના સંબંધિત આધારોની નોંધણી રાખવી આવશ્યક છે. કામ કરેલા કલાકો અને કુલ વેતન ચૂકવણીની નોંધણી આરજેસીના કામના કલાકો અને વળતર જરૂરિયાત સાથે સમાનુરૂપતા તપાસવા માટે સુસંગત પણ છે.
  - કર્મચારીના રેકોર્ડ એવી રીતે જાળવવા જોઇએ કે જેથી તેઓ રોજગારી  કરારની શરતો અને નિયમો સાથે સુસંગત હોય. જ્યાં કામકાજના કલાકો બદલાતા નથી અથવા નક્કી છે, જેમકે જનરલ ઓફિસમાં કે રિટેલ પર્યાવરણમાં, અથવા કર્મચારીની મનસુફી મુજબ હોય છે (દાખલા તરીકે, મેનેજમેન્ટની ભૂમિકામાં રહેલા લોકોના કામકાજના કલાકો) ત્યાં પરિસરના સ્તરે અથવા રોજગાર કરારમાં વર્ણન કર્યા મુજબ કામકાજના કલાકોની નોંધણી પુરતું છે.

**તપાસો:**

- ✓ શું તમે ઓડિટરને બતાવી શકો છો કે કર્મચારીઓ તેમની રોજગારીની શરતો સમજે છે, લેખિત કરાર અથવા અન્ય સાધન મારફતે?
- ✓ જો તમે લેબર-ઓન્લી કોન્ટ્રાક્ટિંગ, એપ્રેન્ટિસશિપ્સ, ટૂંકા ગાળાની રોજગારીના ક્રમિક કરારો, પેટાકરાર અથવા ગૃહ-કાર્ય વ્યવસ્થાનો ઉપયોગ કરો છો તો કર્મચારીઓ શ્રમ અને સામાજિક સુરક્ષા લાભો મેળવે છે તે સુનિશ્ચિત કરવા માટે આ વ્યવસ્થાઓ સુનિયોજિત છે?
- ✓ શું તમારી પાસે તમમ કર્માચારીના નંગ દીઠ વેતન અને વેતન ચૂકવણી અને કામકાજના કલાકોના યોગ્ય રેકોર્ડ્સ છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટ સામાન્ય રોજગાર શરતો અને વ્યવહારો અંગે વધારાની માહિતી આપે છે:

- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – રોજગાર સંબંધ
  www.ilo.org/public/english/dialogue/ifpdial/areas/legislation/employ.htm
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) –ધ એમ્પ્લોયમેન્ટ રિલેશનશિપઃ એન એનોટેટેડ ગાઇડ ટુ રેકમન્ડેશન 198 (2007)
  www.ilo.org/ifpdial/areas-of-work/labour-law/WCMS_172417/lang--en/index.htm
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – ઇન્ડસ્ટ્રીયલ એન્ડ એમ્પ્લોયમેન્ટ રિલેશન્સ ડિપાર્ટમેન્ટ
  www.ilo.org/public/english/dialogue/ifpdial/areas/legislation/employ.htm
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ)- ડિસન્ટ વર્ક ઇન્ડિકેટર્સ- કન્સેપ્ટ્સ એન્ડ ડેફિનેશન્સ
  www.ilo.org/stat/Publications/WCMS_183859/lang--en/index.htm
- સોસિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ *(એસએઆઇ) - SA® 8000* એબ્રિજ્ડ ગાઇડન્સ*: 2008* સ્ટાન્ડર્ડ
  www.sa-intl.org/_data/n_0001/ resources /live/SAI_AbridgedGuidance_SA8000_2008.pdf
- વેરાઇટી – એ ફેર હાયરિંગ ફ્રેમવર્ક ફોર રીસ્પોન્સિબલ બિઝનેસ (2011)
  www.verite.org/sites/default/files/images/Verite-Help-Wanted-A_Fair_Hiring_Framework_for_Responsible_Business.pdf
- વેરાઇટી – ફેર હાયરિંગ ટૂલકિટ
  www.verite.org/helpwanted/toolkit.
- વેરાઇટી – વોટ શુડ યુ લૂક ફોર? આઇડેન્ટિફાય કંપની રિસ્ક એન્ડ વલનરેબિલિટી ટૂ ધ હ્યુમન ટ્રાફિકિંગ એન્ડ ફોર્સ્ડ લેબર ઓફ માઇગ્રન્ટ વર્કર્સ
  www.verite.org/node/719/

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 14) કામકાજના કલાકો

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**કામકાજના કલાકો** તે સમય છે જે દરમિયાન કામ માટે નિયુક્ત કરવામાં આવેલી વ્યક્તિઓ રોજગારદાતાની મરજી મુજબ કામ કરે છે.

**વિરામનો સમયગાળો** તે સમય છે જે દરમિયાન કામ માટે નિયુક્ત કરવામાં આવેલી વ્યક્તિઓ રોજગારદાતાની મરજીને આધિન હોતા નથી.

**કામકાજનું સામાન્ય સપ્તાહ** મહત્તમ 48 કલાકનું હોય છે, અથવા રાષ્ટ્રીય કે સ્થાનિક કાયદો અથવા સંયુક્ત સોદાબાજી સમજૂતી અંતર્ગત નિર્ધારિત કરાયેલા થોડા ઓછા મહત્તમ કલાકનું હોય છે.

**ઓવરટાઇમ** એ કામકાજના સામાન્ય સપ્તાહના કલાકો ઉપરાંત કામ કરેલા કલાકો છે.

**સંયુક્ત સોદાબાજી સમજૂતી** એ કંપનીના મેનેજમેન્ટ અને તેના કર્મચારીઓ વચ્ચે થયેલો કાયદેસર રીતે અમલ થઇ શકે તેવો લેખિત કરાર છે, જેનું પ્રતિનિધિત્વ મજૂરસંઘ અથવા તેને સમકક્ષ સંસ્થા કરે છે અને તે કામની શરતો અને નિયમો નક્કી કરે છે. સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ લાગુ પડતા કાયદાનું પાલન કરતી હોવી જ જોઇએ.

સ્રોત:

- *આઇએલઓ સંમેલન* 30 – *કામના કલાકો*
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?C030
- *સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ)* - SA ® 8000 *એબ્રિજ્ડ ગાઇડન્સ*: 2008 *સ્ટાન્ડર્ડ*
  www.sa-intl.org/_data/n_0001/resources/live/SAI_AbridgedGuidance_SA8000_2008.pdf

સીઓપીની **કામકાજના કલાકો**ની કલમ કર્મચારીઓની સુવિધાઓ પર લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

કામકાજના કલાકો એ કામકાજની સલામત અને માનવીય શરતોનો એક મૂળભૂત ઘટક છે. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ)નું 1919માં યોજાયેલું સૌપ્રથમ સંમેલન કામકાજના કલાકો અંગેનું હતું– જેમાં કામકાજનું સપ્તાહ મહત્તમ 48 કલાકનું નિર્ધારિત કરવામાં આવ્યું હતું. ઉત્પાદન અને નિષ્કર્ષણ ઉદ્યોગોમાં કામકાજના વધુ પડતા કલાકો, સામાજિક સંસ્થાઓ અને મજૂરસંઘો દ્વારા સૌથી નિયમિત રીતે ઉઠાવવામાં આવતો મુદ્દો રહ્યો છે. કામકાજના વધુ પડતા કલાકો સાથે શોષણ અને પારિવારિક જીવન પર અસર અંગે ચિંતા ઉપરાંત કાર્યસ્થળ આરોગ્ય અને સલામતીનું જોખમ પણ સંકળાયેલું છે.

આંતરિયાળ વિસ્તારોમાં સાઇટ્સ, પરપ્રાંતીય કામદારો અને લાંબી શિફ્ટ માટે અપાતા ઉચ્ચ વળતરની ચુકવણી જેવી બાબતો એકસાથી જોવા મળે છે તેમ છતાં ખાણ ઉદ્યોગમાં કામકાજના લાંબા કલાકો સામાન્ય છે. ડાયમન્ડ

કટિંગ જેવા ઉત્પાદન ઉદ્યોગોમાં પણ કામકાજના લાંબા કલાકો અને અપુરતા વિરામ કે રજાઓના કિસ્સા નોંધાયા છે. ગ્રાહકની માંગ, આ માંગ સાથે કામ કરવાની કારોબારની ક્ષમતા અને કામદારોની ઓવરટાઇમ કામ કરવાની ઇચ્છા યોગદાન આપી શકે છે. કામકાજના કલાકો વેતન સાથે સીધા સંકળાયેલા છે, જેમકે કર્મચારીઓ તેમની આવક વધારવા માટે વધુ કલાકો માંગી શકે છે. ઉદાહરણ તરીકે, જ્યાં કામદારોને કલાક મુજબ નહીં પરંતુ નંગ દીઠ વેતન અપાય છે ત્યાં કામકાજના કલાકો વધુ હોઇ શકે છે.

કાયદા દ્વારા નિયુક્ત કરાયેલા અથવા સંમત થયેલા કામકાજના સપ્તાહના કલાકો ઉપરાંત કામ કરેલા તમામ કલાકોને ઓવરટાઇમ ગણવામાં આવે છે. ઓવરટાઇમ બળજબરીપૂર્વકનો નહીં પરંતુ સ્વૈચ્છિક હોવો જોઇએ. જો કામદારોને લઘુતમ વેતન કમાવવા માટે ઓવરટાઇમ કામ કરવા ફરજ પાડવામાં આવે, અથવા તેમને કાનૂની મર્યાદા કરતા વધુ સમય માટે ઓવરટાઇમ કામ કરવા માટે દબાણ કરવામાં આવે તો તેને વેઠ કહેવાય છે. રોજગારદાતાઓ અને કામદારો વચ્ચે થયેલી ઘણી સમજૂતી મુજબ કામદાર ‘વાજબી’ ઓવરટાઇમ કરવા અથવા ચોક્કસ નિર્ધારિત થયેલા કલાકો માટે કામ કરવા માટે ઉપલબ્ધ હોવો જોઇએ. કામદારને ઓવરટાઇમ કરવાની વિનંતી કરતી વખતે તેના આરોગ્ય અને સલામતીને તેમજ પારિવારિક જવાબદારીઓ સહિતની તેની અંગત પરિસ્થિતિઓને ધ્યાનમાં લેવી જોઇએ.

કામકાજના કલાકો મર્યાદિત કરવા માટેનો ઉદ્દેશ વધુ સારા કાર્ય-જીવન સંતુલનને પ્રોત્સાહિત કરવાનો અને કામદારની તણાવને લગતી વ્યવસાયિક સ્થિતિઓ અને અકસ્માત દર ઘટાડવાનો છે. સાપ્તાહિક વિરામ અને પગાર સાથેની વાર્ષિક રજાઓ મોટા ભાગની કામદાર સમજૂતીઓનો સામાન્ય ભાગ છે અને તે પૂરી પાડવી જ જોઇએ. જ્યાં શિફ્ટ બદલાતી હોય છે, જેમકે ઘણી ખાણની સાઇટ્સ પર જોવા મળે છે, કે જ્યાં કામકાજના સળંગ સાત દિવસમાં એક દિવસના વિરામની શરત સંતોષાતી નથી ત્યાં બદલામાં વૈકલ્પિક વ્યવસ્થા પર સંમતિ થવી જોઇએ. મેટરનિટી લીવ અને પેટરનિટી લીવ તેમજ વળતર રજા જેવી વિશેષ રજાઓ લાગુ પડતા રાષ્ટ્રીય કાયદાને અનુરૂપ આપવી જોઇએ.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશને કામકાજના કલાકો, સાપ્તાહિક વિરામ અને વાર્ષિક રજાઓ અંગે અનેક સંમેલનો યોજ્યા છે. કામકાજના કલાકો (ઉદ્યોગ) અંગે આઇએલઓનું પ્રથમ સંમેલન 1919 દિવસના 8 કલાક અથવા સપ્તાહના 48 કલાકના કામનો મૂભળૂત સિદ્ધાંત સ્થાપિત કરે છ. કામકાજના કલાકો (વાણિજ્ય અને કચેરીઓ) અંગે ત્યાર બાદનું આઇએલઓ સંમેલન 30, 1930 આ સિદ્ધાંતને વધુ મજબૂત બનાવે છે. તે 48 કલાક કે તેથી ઓછા સાપ્તાહિક કામકાજના કલાકો માટે ઘણા દેશોના કાયદાનો આધાર બન્યો છે.

બંને સંમેલનો 1 અને 30 ચોક્કસ પરિસ્થિતિઓમાં કામકાજના કલાકોની મર્યાદામાં છૂટછાટ આપે છે. દાખલા તરીકે, એવા કર્મચારીઓના વર્ગ માટે અપવાદો છે જેમનું કામ તૂટક તૂટક પ્રકારનું છે અથવા જેમનું કામ અન્ય કર્મચારીઓ માટે નક્કી કરવામાં આવેલી મર્યાદાની બહાર થાય છે. હંગામી અપવાદોની જરૂરિયાતને માન્યતા અપાઈ છે, આવા અપવાદો રાષ્ટ્રીય નિયમનકારોની માર્ગદર્શિકા હેઠળ થવા જોઇએ. જેમાં, દાખલા તરીકે, કામ કે સમારકામ માટે અપવાદરૂપ અથવા તાત્કાલિક દબાણ અને કામકાજના વૈકલ્પિક કલાકો માટે કામદારો અને રોજગારદાતાઓની સંસ્થાઓ વચ્ચે અને સરકાર દ્વારા સંમત થયેલી વ્યવસ્થાનો સમાવેશ થાય છે. સળંગ શિફ્ટમાં

થતા કામ માટે પણ અપવાદો છે. આ કિસ્સાઓમાં નિર્ધારિત મહત્તમ સાપ્તાહિક કલાકો રાષ્ટ્રીય કાયદા હેઠળ સલામત કરાયેલી પ્રક્રિયા મારફતે વળતર આપાયેલા સાપ્તાહિક વિરામ દિવસો સાથે 56 કલાક થાય છે.

કામના કલાકો ઘટાડવા અંગે ભલામણ 116, 1962એ બાદમાં સપ્તાહના 40 કલાક કામનો સિદ્ધાંત સ્થાપિત કર્યો હતો જેને ઔદ્યોગિકીકૃત રાષ્ટ્રોમાં સતત દાખલ કરાયો હતો.

સાપ્તાહિક વિરામ (ઉદ્યોગ) અંગે આઇએલઓ સંમેલન 14 (ઉદ્યોગ) 1921 અને સાપ્તાહિક વિરામ (વાણિજ્ય અને કચેરીઓ) અંગે સંમેલન 106, 1957 કહે છે કે તમામ કામદારો દરેક સપ્તાહમાં સળંગ 24 કલાકના વિરામના હકદાર હોવા જોઇએ. રોજગારદાતાઓ મજૂરસંઘો અને અન્ય કામદારા પ્રતિનિધિઓ સાથે પરામર્શ કર્યા બાદ અપવાદો અથવા વૈકલ્પિક વ્યવસ્થાઓ સાથે સંમત થઇ શકે છે.

પગાર સાથેની રજાઓ (સુધારેલી) અંગે આઇએલઓ સંમેલન 132, 1970 કહે છે કે કામદારોને દર વર્ષે ખાતરીબદ્ધ લઘુતમ રજાનો સમયગાળો મળવો જોઇએ. આ વાર્ષિક રજાઓ એક વર્ષની સેવા માટે ત્રણ સપ્તાહથી ઓછી ના હોવી જોઇએ.

મેટરનિટી પ્રોટેક્શન અંગે આઇએલઓ સંમેલન 183, 2000 કહે છે કે મહિલાઓને બાળકના જન્મ બાદ મેટરિનિટી લીવ મળવી જોઇએ. સંમેલન 183, મહિલા જ્યારે કામ પર પાછી ફરે છે ત્યારે તેને બાળકને સ્તનપાન કરાવવા માટેના સમયની પણ જોગવાઈ કરે છે.

*રાષ્ટ્રીય કાયદો*

લગભગ તમામ દેશો રાષ્ટ્રીય સ્તરે અને/અથવા ચોક્કસ ક્ષેત્ર કે નોકરીને ધ્યાનમાં રાખીને કામકાજના દૈનિક કે સાપ્તાહિક કલાકો નિર્ધારિત કરતા કાયદા ધરાવે છે. કેટલાક દેશોમાં સપ્તાહ દીઠ મહત્તમ નિર્ધારિત કલાકો હશે, જે સપ્તાહ દીઠ 35થી 48 કલાક સુધી બદલાઈ શકે છે. તે સમયના મહત્તમ નિર્ધારિત અથવા સરેરાશ હોઇ શકે છે. કાયદો સામાન્ય રીતે સાપ્તાહિક વિરામ દિવસની જરૂરિયાતો અને વાર્ષિક હક રજાઓની સાથે કામ કરી શકાય તેવા ઓવરટાઇમના મહત્તમ કલાકો પણ નિર્ધારિત કરશે. ઘણા દેશોએ બાળકના જન્મ માટે કામદારોને રોજગારદાતા દ્વારા મેટરનિટી અને/અથવા પેટરનિટી રજા પૂરી પાડવામાં આવે તેવી જોગવાઈ કરેલી છે.

કારોબારની પરિસ્થિતિઓ પર લાગુ પડતો રાષ્ટ્રીય કાયદો ઉપરના આઇએલઓ સંમેલનોથી કદાચ અલગ હોઇ શકે છે અને આરજેસી પ્રણાલી હેઠળ અગ્રતા લે છે. તમામ કામગીરીઓના હકૂમતક્ષેત્રોના સંબંધિત કાયદા અને નિયમનોથી વાકેફ હોવું આવશ્યક છે. કામકાજના કલાકો, વિરામ અને રજા અંગેના કાયદાનું પાલન કરવામાં કસુર થાય તો દંડથી લઇને વ્યક્તિને જેલની સજા સુધી સજા થઇ શકે છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારસંહિતાની ફરજિયાત જરૂરિયાતોનું પાલન કરવા માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. આ માર્ગદર્શન આદર્શમુલક નથી પરંતુ તેને માહિતી અને સહાય માટે પ્રારંભ બિંદું તરીકે જોઇ શકાય.*

આ જોગવાઈના અમલનું વ્યવસ્થાપન કરવા માટેની પ્રણાલીઓ માટે સામાન્ય સૂચનોઃ

- કામકાજના કલાકો અને અન્ય વિરામ અને રજાના હકો પર નજર રાખવા અને તે માટે વ્યવસ્થા ઊભી કરવાની જવાબદારી માનવ સંસાધન વિભાગ જેવા વરિષ્ઠ વહિવટી વિભાગને જવાબદારી સોંપો.
- જ્યાં કામગીરી કરો છો તે તમામ દેશોના કામકાજના કલાકો અને રજાને લગતા કાયદાઓને સમજો. મજૂરસંઘો અથવા અન્ય કામદાર સંસ્થાઓ સાથેની કોઇ પણ સંયુક્ત સોદાબાજી સમજૂતીમાં કામકાજના કલાકો, ઓવરટાઇમ, વિરામ અને રજાનો સમાવેશ થવો જોઇએ.
- દરેક કામદાર દ્વારા કરાયેલા કામના કલાકો નોંધવા, અને ઓવરટાઇમ અને હક રજાઓની નોંધ કરવા અસરકારક પ્રણાલી વિકસાવો. મેનેજરો અને કામદારો પ્રણાલી સમજે તે સુનિશ્ચિત કરો જેથી તેઓ કલાકો અને નિયમિત કામકાજના કલાકોમાં કોઇ પણ ફેરફાર સરળતાથી નોંધી શકે.
- કામકાજના કલાકોના રોજબરોજના વ્યવસ્થાપન માટે જવાબદાર વ્યક્તિઓને કારોબારના કામકાજના કલાકોની વ્યવસ્થા અને નોંધણી પ્રણાલીની તાલીમ આપો.
- જ્યા સુસંગત હોય ત્યાં, મહત્તમ કામકાજના કલાકોનું જોખમ ક્યાં વધી જાય છે અને ક્યાં હક રજાઓનો ભંગ થાય છે તેની મૂલવણી કરવા માટે કારોબારની પરિસ્થિતિઓને અનુરૂપ જોખમ મૂલવણી હાથ ધરો.

- **સીઓપી *14.1:* કામકાજનું સામાન્ય સપ્તાહ**: *સભ્યો કામના કલાકો માટે લાગુ પડતા કાયદાનું પાલન કરશે. સભ્ય સંચાલન કરતા હોય એવા ક્ષેત્રમાં લાગુ કાયદા દ્વારા ઉચ્ચ મર્યાદા નક્કી કરવામાં ન આવી હોય ત્યાં સુધી ઓવરટાઇમ સિવાય સામાન્ય કામનું અઠવાડિયું 48 કલાક કરતા વધવું ન જોઇએ.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - દિવસના કામકાજના કલાકો અંગે સીઓપીમાં કોઇ સ્પષ્ટ મર્યાદા નથી પરંતુ નોંધો કે તે ઘણી વખત રાષ્ટ્રીય કાયદા દ્વારા નક્કી કરવામાં આવે છે.
  - સપ્તાહના કામકાજની સામાન્ય મર્યાદા અને ઓવરટાઇમ મર્યાદા (14.2) એવા મેનેજરોને લાગુ પડે છે જેમણે નિર્ધારિત કામકાજના કલાકો સાથે કરાર કરેલો છે પરંતુ એવા મેનેજરોને લાગુ પડતી નથી જેઓ તેમના પોતાની કાર્ય  સમયસૂચિ અને કામકાજના કલાકો નિર્ધારિત કરે છે.
  - શિફ્ટના પ્રમાણે કામ કરતા ખાણ એકમો અને સમાન પ્રકારના ઔદ્યોગિક પર્યાવરણમાં અથવા ઇમરજન્સી/કુદરતી આપત્તીની પરિસ્થિતિઓમાં કામકાજના લાંબા કલાકો લાગુ પડી શકે છે, જોકે તે લાગુ પડતા કાયદાનું પાલન કરતા હોવા જોઇએ.
  - નંગ દીઠ વેતન પદ્ધતિ હેઠળ ઉત્પાદન ક્વોટા અથવા અન્ય પ્રોત્સાહન પ્રણાલીઓ એવી રીતે સ્થાપવી જોઇએ કે દૈનિક ક્વોટા મોટા ભાગના કામદારો દ્વારા 8 કલાકની શિફ્ટની અંદર હાંસલ કરી શકાય અને કામદારોએ લઘુતમ વેતન અથવા પ્રવર્તમાન ઉદ્યોગ વેતન કમાવવા માટે 8 કલાકની શિફ્ટથી વધુ

**કામકાજના મહત્તમ કલાકો**

અગાઉ આરજેસી સીઓપીએ સપ્તાહ દીઠ ઓવરટાઇમના કલાકો તરીકે 12 કલાક નિર્ધારિત કર્યા હતા. સુધારેલ સીઓપી મુજબ કામકાજના મહત્તમ કલાકો સામાન્ય કામકાજ સપ્તાહ અને ઓવરટાઇમના કલાકોનો સરવાળો સપ્તાહ દીઠ 60 કલાકથી વધવો ના જોઇએ.

જ્વેલરી પુરવઠા શૃંખલાના મોસમી સ્વભાવને ધ્યાનમાં રાખીને આ સુધારો કરવામાં આવ્યો છે. કેટલીક કંપનીઓ સામાન્ય કામકાજના સપ્તાહ ટૂંકા રાખે છે જેથી સર્વોચ્ચ માંગના સમયગાળા દરમિયાન વિસ્તૃત કલાકોની ફ્લેક્સિબિલિટી મળી શકે.
તમામ કિસ્સાઓમાં સામાન્ય કામકાજ સપ્તાહો લઘુતમ વેતનના દરે અથવા તેથી વધુ હોવાથી તેમજ ઓવરટાઇમ કલાકો માટે પ્રિમિયમ દરે ચૂકવણી થતી હોવાથી કામદારોને આ પ્રકારની વ્યવસ્થામાંથી લાભ થઇ શકે છે. કામકાજના વધુ કલાકોથી ઉત્પાદન આયોજનમાં પણ મોટી મદદ મળી શકે છે.

સમય કામ ના કરવું પડે. ક્વોટા અને નંગ દીઠ પ્રોત્સાહનનું એવી રીતે માળખું ગોઠવવાવુ જોએ કે મોટા ભાગના કામદાર વધારાનો પગાર મેળવા માટે દૈનિક ક્વોટા કરતા વધુ કામ કરી શકે છે.

- ખંડ-સમયના કામદારો માટે કામકાજના સમાન્ય સપ્તાહની ગણતરી સામાન્ય પૂર્ણ સમયના સપ્તાહ સામે સમપ્રમાણમાં હોવી જોઇએ.
- લાગુ પડતા કાયદા હેઠળ જ્યાં છૂટ છે ત્યાં, કામના કલાકોની ગણતરી એક સપ્તાહથી વધુના સમયગાળાની સરેરાશ તરીકે કરી શકાય છે. ઔપચારિક અને પ્રક્રિયાગત જરૂરિયાતો આવી ગણતરી સાથે જોડાયેલી હોઇ શકે છે, જેમકે સંબંધિત સત્તામંડળો પાસેથી પરવાનગીઓ મેળવવી અને આ ગણતરીઓ કરી શકાય તેવા સમયગાળાની મર્યાદા હોઇ શકે છે.

- ***સીઓપી 14.2: ઓવરટાઇમ**: જો કારોબારની જરૂરિયાત માટે ઓવર-ટાઇમ જરૂરી હોય તો, સભ્યએ ખાતરી આપવી જોઇશે કે:*

  *a). સભ્ય દ્વારા ઓવર-ટાઇમ કાર્ય અંગે સ્વૈચ્છિક ઓવર-ટાઇમ વ્યવસ્થા હેઠળ વિનંતી કરવામાં આવી હોય. જરૂરી ઓવર-ટાઇમને માત્ર ત્યારે જ મંજૂરી આપવામાં આવી હોય કે જ્યાં તે લાગુ પડતા કાયદા હેઠળ મર્યાદા અથવા સામુહિક સોદાબાજી કરારો હેઠળ મંજૂર કરવામાં આવ્યા હોય*

  *b). લાગુ કાયદા દ્વારા વ્યાખ્યાયિત અથવા સામૂહિક સોદાબાજી કરાર હેઠળ મંજૂર કરવામાં આવ્યું ન હોય ત્યાં સુધી સામાન્ય અઠવાડિયાનાં કાર્ય અને ઓવર-ટાઇમ કલાકોનો સરવાળો એક અઠવાડિયામાં 60 કલાકથી વધવો ન જોઇએ*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- કામકાજના કલાકો મર્યાદિત કરવા માટેનો ઉદ્દેશ વધુ સારા કાર્ય-જીવન સંતુલનને પ્રોત્સાહિત કરવાનો અને કામદારની તણાવને લગતી વ્યવસાયિક સ્થિતિઓ અને અકસ્માત દર ઘટાડવાનો છે.
- વ્યક્તિગત કામદાર જ્યારે ઓવરટાઇમની વિનંતી કરે ત્યારે સભ્યોએ તેમને અંગત અને ઘરેલુ પરિસ્થિતિઓ માટે ભથ્થુ આપવાનો હંમેશા પ્રયાસ કરવો જોઇએ. સભ્યોએ ગર્ભવતિ અથવા સ્તનપાન કરાવતી માતા અથવા અપંગ લોકો માટે જોગવાઇઓ કરવી જોઇએ. બાળકોને ઓવરટાઇમ કામ ન કરવું જોઇએ (જૂઓ બાળ મજૂરી).
- મજૂરસંઘોની ગેરહાજરીમાં, જેમકે ભારત જેવા દેશોમાં અવારનવાર જોવા મળે છે, જરૂરી ઓવરટાઇમ નક્કી કરવાની વ્યવસ્થા રોજગારદાતા અને રોજગારદાતાના અવરોધ કે હસ્તક્ષેપ વગર કામદારો દ્વારા મુક્તપણે અધિકૃત કરેલા પ્રતિનિધિઓ વચ્ચે થયેલી બેઠકોના લેખિત રેકોર્ડ્સ મારફતે સ્થાપી શકાય છે. આવી પરિસ્થિતિઓમાં સમાનુરૂપતા નક્કી કરવા અંગે વધુ માહિતી મેળવવા માટે જોડાણ અને સંયુક્ત સોદાબાજીની સ્વતંત્રતા માટે માર્ગદર્શન પ્રકરણમાં બોક્સમાં આપવામાં આવેલું લખાણ - *સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ અને કામકાજના કલાકો અને વળતર* જૂઓ.
- સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ લાગુ પડતા કાયદાની ઉપરવટ જઇ શકતી નથી. જો લાગુ પડતો કાયદો કામકાજનું સામાન્ય સપ્તાહ અને ઓવરટાઇમના કુલ કલાકો સંયુક્ત સોદાબાજી સમજૂતી મારફતે 60 કલાકથી વધુ રાખવાની પરવાનગી આપતો નથી તો આ કલાકો બિનસમાનુરૂપ હશે.

- ○ લાગુ પડતા કાયદા હેઠળ જ્યાં છૂટ છે ત્યાં, કામના કલાકોની ગણતરી એક સપ્તાહથી વધુના સમયગાળાની સરેરાશ તરીકે કરી શકાય છે.

**ભારત- ડાયમન્ડ કટિંગ અને પોલિશિંગ ક્ષેત્ર- ઓવરટાઇમ ભિન્નતાઓ**

જ્વેલરી પુરવઠા શૃંખલા ઇન્વેન્ટરીના ઊંચા મૂલ્યને કારણે યુરોપ અને અમેરિકામાં ક્રિસમસ અને વેલેન્ટાઈન ડેની આસપાસના દિવસો દરમિયાન ગ્રાહકની માગમાં મોસમી વધારા પ્રમાણે કાર્ય કરે છે. ડાયમન્ડ કટિંગ અને પોલિશિંગના મુખ્ય ક્ષેત્ર ભારતમાં સામાન્ય રીતે ઓક્ટોબર મધ્ય અને નવેમ્બર મધ્યના સમયગાળામાં આવતા હિન્દુ વાર્ષિક દિવાળી રજાઓ અગાઉ ઊંચું મોસમી ઉત્પાદન કરે છે.

ડી બીયર્સ બેસ્ટ પ્રેક્ટિસિસ પ્રિન્સિપલ્સ (બીપીપી) જેવા કાર્યક્રમોએ ભારતમાં ડાયમન્ડ કટિંગ અને પોલિશિંગ ક્ષેત્રમાં કામકાજના કલાકની સમસ્યા ઉકેલવા માટે સક્રિય રીતે કામ કર્યું છે. કામકાજના કલાકોની શૈલી અને ઓવરટાઇમ કલાકો બાબતે કામદોરાના કરારોના સંશોધન બાદ બીપીપી આ સમયગાળાને સમાવવા માટે એક વર્ષના કુલ કામકાજના કલાકોના સરેરાશની છૂટ આપી છે.

ઓવરટાઇમ સ્વૈચ્છિક હોવો જોઇએ અને તેનું યોગ્ય વળતર મળવું જ જોઇએ અને કામદારો તેમની સમસ્યાઓની સીધી રજૂઆત કરી શકે તે માટે બીપીપીએ એક વ્હિસલબ્લોઇંગ હોટલાઇન શરૂ કરેલી છે.

આરજેસી સ્વીકારે છે કે સભ્યો તેમના વ્યવહારોને આરજેસી વ્યવહારસંહિતાને સમાનુરૂપ કરવાનો ઇરાદો ધરાવે છે અને પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતા તેમાં સમય લાગી શકે છે. નીચેના માર્ગદર્શનનો 14.2b અંતર્ગત ઓવરટાઇમ સહિત કામકાજના કલાકોની સરેરાશને લગતી **કામકાજના કલાકો**ની જોગવાઈની સમાનુરૂપતાની મૂલવણી માટે સભ્યો અને ઓડિટરો દ્વારા ઉપયોગ કરી શકાય છે (નોંધો કે 14 અને 15ની અન્ય તમામ જરૂરિયાતો હજુ પણ લાગુ પડે છે):

**સમાનુરૂપતા:**

- ઓવરટાઇમ લાગુ પડતી મર્યાદાની અંદર અને પુરાવા સાથે છે કે કામદારોને ઓવરટાઇમનો ઇનકાર કરવાનો અધિકાર છે.

**ગૌણ બિન-સમાનુરૂપતા:**

- ઓવરટાઇમ સહિત વર્ષના સરેરાશ કામકાજના કલાકો મર્યાદાની અંદર છે અને તે પુરાવા સાથે છે કે તે સ્વૈચ્છિક છે.

**મુખ્ય બિન-સમાનુરૂપતા:**

- ઓવરટાઇમ સહિત વર્ષના સરેરાશ કામકાજના કલાકો મર્યાદાથી વધુ છે અને/અથવા તે પુરાવા સાથે છે કે તે સ્વૈચ્છિક નથી.

અન્ય દેશોમાં સમાન પરિસ્થિતિઓ પેદા થાય ત્યાં આ માર્ગદર્શન લાગુ પડી શકે છે. અન્ય દેશોમાં સમાન મુદ્દાઓ પર સવાલો અથવા ખુલાસા માટે આરજેસીનો સંપર્ક કરો.

- ***સીઓપી 14.3: વિરામના દિવસો:*** *સભ્યો બધા જ કર્મચારીઓને આઇએલઓ કન્વેંશન 14 અનુસાર કામના સળંગ સાત દિવસમાં ઓછામાં ઓછાં એક વિરામ દિવસ ઉપલબ્ધ થવો જોઇએ. આ મર્યાદાથી વધુનો કામનો સમય માત્ર સામૂહિક સોદાબાજી કરાર અથવા લાગુ પડતા કાયદા હેઠળ મંજૂર કરવામાં આવશે જે પર્યાપ્ત વિરામના સમયગાળા સહિત સરેરાશ કામના સમયને મંજૂરી આપે છે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - ○ જ્યારે કામકાજના સરેરાશ કલાકો સંયુક્ત સોદાબાજી સમજૂતી મારફતે નક્કી કરવામાં આવ્યા હોય ત્યારે કામદારોની વ્યવસાયિક સલામતી અને આરોગ્યની મૂલવણી થાય અને તેની સાથે બાંધછોડ ના થાય તે સુનિશ્ચિત કરો.
  - ○ એક દિવસની રજા સળંગ ઓછામાં ઓછા 24 કલાકની હોવી જોઇએ.
  - ○ જો કામદારો વિરામના દિવસે કામ કરવું પડતું હોય તો તે જ સાત દિવસના સમયગાળાની અંદર અથવા ત્યાર પછી આવતા તુરંતના સાત દિવસમાં વૈકલ્પિક સળંગ 24 કલાકનો સમયગાળો આપવો જોઇએ.
  - ○ ખાણ એકમોમાં રોસ્ટર સાયકલ પર કામ કરતા કર્મચારીઓને દર સાત દિવસના સમયગાળા માટે ઓછામાં ઓછા એક દિવસને સમકક્ષ રજા આપવામાં આવશે.

- **સીઓપી 14.4: રજા:** *સભ્યો કર્મચારીઓને પ્રસૂતિ અને પિતૃત્વ, વળતર અને સવેતન વાર્ષિક રજા સહિત ફરજિયાત તમામ જાહેર રજાઓ અને રજા ઉપલબ્ધ કરાવશે. જ્યાં લાગુ થવા પાત્ર કાયદા પ્રવર્તતા ન હોય ત્યાં, સવેતન વાર્ષિક રજા આઇએલઓ કન્વેંશન 132 અનુસાર ઉપલબ્ધ કરાવશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - વર્ષના ચોક્કસ સમયગાળા દરમિયાન સામાન્ય રીતે રજાઓ પળાતી હોય અને કામ હંગામી ધોરણે બંધ રાખવામાં આવતું હોય ત્યાં વેકેશનના સમયગાળાને વાર્ષિક રજાની સામે સરભર કરી શકાય છે.
  - લાગુ પડતા કાયદા હેઠળ જ્યાં માન્ય હોય ત્યાં સંયુક્ત સોદાબાજી સમજૂતી જાહેર રજાઓના બદલામાં રજાનો વૈકલ્પિક સમયગાળાની બદલી પૂરી પાડી શકે છે.

તપાસો:

✓ તમારે ત્યાં દરેક કામદાર દ્વારા કરાયેલા કામના કલાકો નોંધવા, અને ઓવરટાઇમ અને હક રજાઓની નોંધ કરવા અસરકારક પ્રણાલી અમલી છે?

✓ જ્યાં કામગીરી કરો છો તે તમામ દેશોના કામકાજના કલાકો અને રજાને લગતા કાયદાઓથી તમે વાકેફ છો?

✓ જો તમે નંગ દીઠ વેતન પદ્ધતિ અથવા ઉત્પાદન ક્વોટા પદ્ધતિ અપનાવતા હો તો લઘુતમ દૈનિક ક્વોટા મોટા ભાગના કામદારો દ્વારા 8 કલાકની શિફ્ટની અંદર હાંસલ કરી શકાય તેવો છે?

✓ શું કોઇ પણ ઓવરટાઇમ લાગુ પડતા કાયદા કે સંયુક્ત સોદાબાજી સમજૂતીની મર્યાદા મુજબ છે? અન્યથા, તમામ ઓવરટાઇમ સ્વૈચ્છિક છે?

✓ કામકાજનું સામાન્ય સપ્તાહ અને ઓવરટાઇમના કુલ કલાકો સપ્તાહના 60 કલાકથી મર્યાદાની અંદર છે?જો ના તો તે લાગુ પડતા કાયદા કે સંયુક્ત સોદાબાજી સમજૂતીને સમાનુરૂપતામાં છે?

✓ કામકાજના સળંગ સાત દિવસમાં એક દિવસનો વિરામ આપવામાં આવે છે? જો ના તો તે લાગુ પડતા કાયદા કે સંયુક્ત સોદાબાજી સમજૂતીને સમાનુરૂપતામાં છે જે યોગ્ય વિરામ સમયગાળા સહિત કામકાજના સરેરાશ કલાકોની છૂટ આપે છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો કામકાજના કલાકો, વિરામ અને રજાઓ અંગે વધારાની માહિતી ધરાવે છે:

- એમ્પ્લોયર્સ એન્ડ વર્ક-લાઇફ બેલેન્સ (UK)

  www. employersforwork -forwork-lifebalance.org.uk/
- *ફેર લેબર એસોસિયેશન (એફએલએ) – એફએલએ વર્કપ્લેસ કોડ ઓફ કન્ડક્ટ એન્ડ કમ્પ્લાયન્સ બેન્ચમાર્ક્સ* (2011)

  www.fairlabor.org/sites/default/files/fla_complete_code_and_benchmarks.pdf
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) *સંમેલન* 30 – *અવર્સ ઓફ વર્ક*

  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?C030
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) સંમેલનો 1, 14, 132 અને 183: (લિન્ક્સ ટુ ટેક્સ્ટ)

  www.ilo.org/dyn/normlex/en/f?p=1000:12000:0::NO:::
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) બેટર વર્ક – ગાઇડન્સ શીટ 8: વર્કિંગ ટાઇમ

  betterwork.com/global/wp-content/uploads/8-Working-Time.pdf
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – કન્ડિશન્સ ઓફ વર્ક એન્ડ એમ્પ્લોયમેન્ટ બ્રાન્ચ (ટ્રાવેઇલ)

  www.ilo.org/public/english/protection/condtrav/database/
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – Working Time around the World (2007)

www.ilo.org/global/publications/ilo-bookstore/order-online/books/WCMS_104895/lang--es/index.htm

- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – ક્યુ એન્ડ એ ઓન બિઝનેસ એન્ડ વર્કિંગ ટાઇમ (2012)
  www.ilo.org/empent/areas/business-helpdesk/faqs/WCMS_DOC_ENT_HLP_TIM_FAQ_EN/lang--en/index.htm
- સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) - SA® 8000 એબ્રીજ્ડ ગાઇડન્સઃ: 2008 સ્ટાન્ડર્ડ
  www.sa-intl.org/_data/n_0001/resources/live/SAI_AbridgedGuidance_SA8000_2008.pdf
- ફેક્ટરીઝ એક્ટ, 1948 ફેક્ટરીઝ (એમેન્ડમેન્ટ) એક્ટ, 1987 (ભારત) દ્વારા સુધારો કર્યા મુજબ
  www.ilo.org/dyn/natlex/docs/WEBTEXT/32063/64873/E87IND01.htm

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 15) મહેનતાણુ

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**મહેનતાણુ** રોજગારદાતાઓ દ્વારા કામદારોને ચૂકવાય છે. તેમાં વેતન અથવા પગારો અને અન્ય કોઇ પણ પ્રકારના રોકડ કે અન્ય લાભોનો સમાવેશ થાય છે.

કાનૂની રીતે જરૂરી **લઘુતમ વેતન** સરકાર દ્વારા અથવા સંયુક્ત સોદાબાજી સમજૂતી દ્વારા નક્કી કરવામાં આવેલા વેતનનું ઊંચું સ્તર છે.

**સંયુક્ત સોદાબાજી સમજૂતી** એ કંપનીના મેનેજમેન્ટ અને તેના કર્મચારીઓ વચ્ચે થયેલો કાયદેસર રીતે અમલ થઇ શકે તેવો લેખિત કરાર છે, જેનું પ્રતિનિધિત્વ મજૂરસંઘ અથવા તેને સમકક્ષ સંસ્થા કરે છે અને તે કામની શરતો અને નિયમો નક્કી કરે છે. સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ લાગુ પડતા કાયદાનું પાલન કરતી હોવી જ જોઇએ.

*સ્ત્રોતઃ*

- *આઇએલઓ સંમેલન 100 – સમાન મહેનતાણુ*
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?C100
- *સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ)– સોશિયલ એકાઉન્ટેબિલિટી એસએ SA 8000 ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ (2008)*
  *www.sa-intl.org/_data/n_0001/resources/live/2008StdEnglishFinal.pdf*
- *આરજેસી વ્યવહારસંહિતા (2013)*

સીઓપીની **મહેનતાણા**ની કલમ કર્મચારીઓ ધરાવતા તમામ સભ્યોને લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

વેતનને લગતા લાભો દેશ મુજબ બદલાતા રહે છે પરંતુ ઘણી વખત તેમાં રજાઓ, ઓવરટાઇમ વેતન, નાદુરસ્તી વેતન, આરોગ્ય લાભો, પ્રોત્સાહક અને બોનસ, પગાર સાથેની મર્યાદિત રજાના લાભો અને બચત યોજનાઓનો સમાવેશ થાય છે. કેટલાક કિસ્સાઓમાં બિન-વેતન લાભો પણ કામદારોને આપવામાં આવે છે જેમકે, આરોગ્ય સંભાળ, રહેવાસ, કર્મચારી શિક્ષણ અને પાણી અને વીજળી જેવી મૂળભૂત સેવાઓ.

લઘુતમ વેતન એ મહેનતાણા તરીકે દેશના કામદારોને ચૂકવવાની થતી લઘુતમ રકમ છે. તે સામાન્ય રીતે કલાક, દૈનિક કે માસિક ધોરણે નિર્ધારિત કરવામાં આવે છે. 90 ટકાથી વધુ દેશો લઘુતમ વેતન અંગે કાયદા ધરાવે છે. દેશની પ્રવર્તમાન આર્થિક અને સામાજિક સ્થિતિઓ (જીવન વેતન)ને ધ્યાનમાં રાખીને કામદાર અને તેના/તેણીના પરિવારની લઘુતમ જરૂરિયાતો સંતોષવા માટે આ વેતન નક્કી કરવામાં આવે છે. જોકે, શ્રમપ્રધાન ઉદ્યોગોમાં હંમેશા આવું હોતું નથી, જેને પગલે કર્મચારીએ તેના ખર્ચાને પહોંચી વળવા માટે કામકાજના વધુ કલાકો અને/અથવા ઓવરટાઇમના ચક્કરમાં ફસાવું પડે છે. કામકાજના કલાકો અને મહેનતાણુ વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે.

વેતન સ્તર ઉપરાંત, કર્મચારીઓ તેમની ઘરેલુ જરૂરિયાત સંતોષવા માટે નિયમિત રીતે પગાર મેળવે તે જરૂરી છે. પગારની આવૃત્તિ- ઉદાહરણ તરીકે- સાપ્તાહિક, પખવાડિક અથવા માસિક અને પૂર્વ નિર્ધારિત હોવી જોઇએ અને તેનું પાલન થવું જોઇએ. વેતનની ચુકવણી કામદારો સાથે નક્કી થયા મુજબ બેન્ક ટ્રાન્સફર, રોકડ કે ચેકમાં થવી જોઇએ. વેતનની ગણતરી કેવી રીતે કરવામાં આવશે, ચોક્કસ સમય, વેતન અને રજાઓનો રેકોર્ડ કેવી રીતે રાખવામાં આવશે તે અંગે કામદારોને સ્પષ્ટ માહિતી પૂરી પાડવી સામાન્ય રીતે રોજગારદાતાઓની કાનૂની જરૂરિયાત છે (જૂઓ સામાન્ય રોજગાર શરતો). કામદારોને વેતનની પહોંચ નિયમિત આપવી જોઇએ જેમાં પગારનો દર, અન્ય લાભો અને લાગુ પડતી કોઇ પણ કપાતનો સ્પષ્ટ ઉલ્લેખ થતો હોવો જોઇએ.

વેતનમાંથી કપાયેલી કોઇ પણ રકમ ઉચિત પ્રક્રિયા દ્વારા નિર્ધારિત થયેલી હોવી જોઇએ. કાયદેસર કપાતમાં ઉદાહરણ તરીકે, આવક વેરો, પેન્શન યોગદાન અને કેન્દ્રીય સદસ્યતાનો સમાવેશ થાય છે. આરજેસી વ્યવહારસંહિતા હેઠળ અસ્વીકાર્ય કપાતના ઉદાહરણોમાં રોજગારદાતા અથવા એજન્સીઓને અપાતી ભરતી ફી, વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો માટે ચાર્જ અને ઉપકરણો પર કોઇ પણ પ્રકારની ડિપોઝિટ અથવા એડવાન્સનો સમાવેશ થાય છે. કર્મચારીની વર્તણૂક માટે શિક્ષાત્મક પગલાના ભાગ રૂપે કપાત ના થવી જોઇએ સિવાય કે કરારો અથવા સંયુક્ત સોદાબાજી સમજૂતીઓમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો હોય. કામદારો પર તેમના રોજગારદાતાઓ અથવા કાર્યસ્થળ પાસેથી ખાદ્યસામગ્રીઓ કે સેવાઓ ખરીદવા દબાણ ના થવું જોઇએ. એકંદરે તે ધ્યાન રાખવું મહત્ત્વનું છે કે કપાત બાદ કામદારનું વેતન લઘુતમ વેતન કરતા ઘટી ના જાય.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

1928માં ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ)એ સંમેલન 28 અપનાવ્યું હતું જે અંતર્ગત હસ્તાક્ષર કરનાર દેશોએ લઘુતમ વેતન નક્કી કરતી સંસ્થા સ્થાપવી જરૂરી હતી. આ સંસ્થા “કામદારોને યોગ્ય જીવન ધોરણ જાળવવા માટેની જરૂરિયાતોનું આકલન કરશે”. 1970માં આઇએલઓએ સંમેલન 131 અપનાવ્યું હતું, જે લઘુતમ વેતનની ગણતરીમાં ધ્યાનમાં લેવાના પરિબળોનું નિરૂપણ કરતું હતું: “કામદારો અને તેમના પરિવારોની જરૂરિયાત, દેશમાં તેમનું સામાન્ય વેતન સ્તર, નિર્વાહખર્ચ, સામાજિક સુરક્ષા લાભો, અન્ય સામાજિક જૂથોના સાપેક્ષ જીવન ધોરણો, આર્થિક વિકાસની જરૂરિયાતો, દેશનું ઉત્પાદકતા સ્તર અને રોજગારીના ઊચા સ્તરની જાળવણી” આઇએલઓ સંમેલન 30, કામકાજના કલાકો (વાણિજ્ય અને કચેરીઓ) સંમેલન, કલમ 7.4, ભલામણ કરે છે કે, સહી કરનાર દેશો ઓવરટાઇમનો દર નિયમિત દરના સવા ગણાથી ઓછા ના રાખે.

યુનિવર્સલ ડેક્લેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ (1948)ની કલમ 23.3માં ન્યાયી અને સાનુકૂળ મહેનતાણુ પણ સ્થાપિત કરાયું છે. તે કહે છે કે, મહેનતાણુ કામદાર અને તેના/તેણીના પરિવારનું અસ્તિત્વ ટકી શકે તેટલું માનવ ગરિમા સાથેનું હોવું જોઇએ.

*રાષ્ટ્રીય કાયદો*

લગભગ તમામ દેશો રાષ્ટ્રીય સંસ્થા ધરાવે છે જે રાષ્ટ્રીય સ્તરે અથવા ક્ષેત્ર માટે અને/અથવા વ્યવસાય માટે લઘુતમ વેતન નક્કી કરે છે. રોજગારદાતાઓ અને કામદારોનું પ્રતિનિધિત્વ કરતા સ્વતંત્ર મજૂરસંઘો વચ્ચે થયેલી સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ મારફતે પણ વેતન અને અન્ય લાભોની વાટાઘાટ થઇ શકે છે. મોટા ભાગના

હકૂમતક્ષેત્રોમાં ઓવરટાઇમ માટે પગારના સામાન્ય દર કરતા ઊંચા પ્રિમીયમ દર આપવામાં આવે છે. તે ક્ષેત્ર અને દેશ મુજબ ભિન્ન હોઇ શકે છે પરંતુ ઓવરટાઇમની ગણતરી રાષ્ટ્રીય કાયદો અથવા કોઇ પણ લાગુ પડતી સંયુક્ત સોદાબાજી સમજૂતીઓને અનુરૂપ થવી જોઇએ. તમે જ્યાં કામ કરો છો તે તમામ હકૂમતક્ષેત્રોની તમામ સુસંગત વેતન શરતોથી વાકેફ હોવું જરૂરી છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારસંહિતાની ફરજિયાત જરૂરિયાતોનું પાલન કરવા માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. આ માર્ગદર્શન આદર્શમુલક નથી પરંતુ તેને માહિતી અને સહાય માટે પ્રારંભ બિંદુ તરીકે જોઇ શકાય.*

- ***સીઓપી 15.1: કામકાજના સામાન્ય સપ્તાહ માટે વેતન:*** સભ્યો કર્મચારીઓને લાગુ પડતા કાયદેસર લઘુતમ વેતન વત્તા સંકળાયેલ વૈધાનિક લાભ, અથવા પ્રવર્તમાન ઉદ્યોગ માનકો પર આધારિત સામાન્ય અઠવાડિક કાર્ય માટે, ઓવરટાઇમને સામેલ કર્યા વિના, વેતન ચુકવશે. કાર્યદેખાવ-સંબંધિત આધારો પર ચુકવવામાં આવતાં વેતનો સામાન્ય કામના અઠવાડિયા માટેના કાયદેસરના લઘુતમ વેતન કરતાં ઓછાં હોવા જોઇએ નહીં..

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
    - મહેનતાણા પર નજર રાખવા અને તે માટે વ્યવસ્થા ઊભી કરવાની જવાબદારી માનવ સંસાધન વિભાગ જેવા વરિષ્ઠ વહિવટી વિભાગને સોંપો.
    - જ્યાં કામગીરી કરો છો તે તમામ દેશોના મહેનતાણાં અને ફરજિયાત લાભોને લગતા કાયદાઓને સમજો. સાચા લઘુતમ વેતન દર ક્ષેત્ર, ફેક્ટરી અને કામદારના કુશળતા સ્તરના પ્રકાર મુજબ બદલાશે. કોઇ પણ સંયુક્ત સોદાબાજી સમજૂતીમાં વેતન, ઓવરટાઇમ દર, ચુકવણીની પદ્ધતિ અને કપાત (જો લાગુ પડતી હોય તો)નો સમાવેશ થવો જોઇએ.
    - ખંડ-સમયના કામદારો માટે લાગુ પડતા વેતન સ્તર યોગ્ય લાગે તેમ સમપ્રમાણમાં હોય છે.
    - જ્યાં અજમાયીશ અથવા તાલીમ રોજગારીની કાનૂની રીતે છૂટ છે ત્યાં વેતન જે તે કામની શ્રેણી પર લાગુ પડતા કાનૂની લઘુતમ વેતન કરતા ઓછું નહીં હોય.
    - ડાયમન્ડ કટિંગ/પોલિશિંગ ક્ષેત્રમાં અને કઇંક અંશે જ્વેલરી ઉત્પાદન ક્ષેત્રમાં નંગ દીઠ ચુકવણી સામાન્ય છે. સભ્યો ઉત્પાદન લક્ષ્યાંકો, નંગ દીઠ દર અથવા અન્ય કોઇ પણ ઇન્સેન્ટિવ અથવા ઉત્પાદન પ્રણાલી એવા સ્તરે નિર્ધારિત નહીં કરે કે કામદારે લઘુતમ વેતન કે ઉદ્યોગમાં પ્રવર્તમાન વેતન, બંનેમાંથી જે વધુ હોય તે હાંસલ કરવા માટે ઓવરટાઇમને બાદ કરતા, લાગુ પડતા કામકાજના સામાન્ય સપ્તાહ કરતા વધુ કામ કરવું પડે. ભારતમાં ડાયમન્ડ ક્ષેત્રમાં નંગ દીઠ કામ માટે 'માસિક નિશ્ચિત દર' જેવા મોડલનો ઉપયોગ થાય છે. તે કંપનીના નંગ દીઠ દરે કામ કરતા કામદારોના સામાન્ય કામકાજના કલાકોમાં સરેરાશ ઉત્પાદન પર કાનૂની લઘુતમ વેતન નક્કી કરે છે, જે માલના કદ પ્રમાણે બદલાશે.
    - જ્યાં ફરજિયાત લાભોની ચુકવણી સામાજિક વીમા યોજના કે તેના જેવી યોજનાઓમાં કર્મચારીઓની નોંધણી પર આધાર રાખે છે ત્યાં કર્મચારીઓને લાગુ પડતા કાયદા મુજબ તેમના લાભો મળે તે સુનિશ્ચિત કરવા માટે જરૂરી વહીવટ કરવાની જવાબદારી સભ્યોને માથે છે.

- ○ મહેનતાણાની ગણતરી કામના કલાકો પર આધાર રાખતી હોઇ શકે છે, માટે કામકાજના કલાકો માર્ગદર્શન પણ જૂઓ.

**ભારત- કર્મચારી પ્રોવિડન્ટ ફંડ**

2011માં મદ્રાસ હાઇ કોર્ટ અને મધ્યપ્રદેશ હાઇકોર્ટે બે અલગ કેસોમાં ઠેરવ્યું હતું કે, રોજગારદાતા દ્વારા તેમના કર્મચારીઓને વિવિધ મથાળા હેઠળ અપાતા વિવિધ ભથ્થાઓ જેમકે, પરિવહન, શિક્ષણ, ફૂડ કન્સેશન, મેડિકલ, સ્પેશિયલ હોલીડેઝ, નાઇટ શિફ્ટ ઇન્સેન્ટિવ, સિટી કમ્પેનસેટરી એલાઉન્સ વગેરે, પીએફ એક્ટની કલમ 2(બી) હેઠળ મૂળભૂત વેતન તરીકે લાયક ઠરે છે અને પીએફની ગણતરી કરતી વખતે તેનો સમાવેશ થવો જોઇએ.

પ્રોવિડન્ટ ફંડ (પીએફ) યોગદાન માટે ગણતરી આધારો સ્પષ્ટ કરવા માટે એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન (ઇપીએફઓ)એ 30 નવેમ્બર 2012ના રોજ એક પરિપત્ર જારી કર્યો હતો. પરિપત્ર જણાવે છે કે, મૂળભૂત વેતનમાં કર્મચારીને "સામાન્ય રીતે, આવશ્યક રીતે અને સમાન રીતે"ચૂકવાતા તમામ ભથ્થાઓનો સમાવેશ થશે. આમ પરિવહન, શિક્ષણ ભથ્થા, મેડિકલ ભથ્થા વગેરે જેવા વિવિધ ભથ્થાઓને પીએફ યોગદાનની ગણતરી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવશે.

ડિસેમ્બર 2012માં પરિપત્ર હંગામી ધોરણે સ્થગિત કરાયો હતો અને ઇપીએફઓ દ્વારા વધુ તપાસ માટે પડતર છે. ઇપીએફઓ દ્વારા હાથ ધરવામાં આવેલી સ્પષ્ટતા પ્રક્રિયાને પગલે, કર્મચારીઓના પીએફ યોગદાનની ગણતરી માટે આરજેસીનું વલણ તે છે કે સભ્યો તેમની ગણતરીના આધાર પીએફ એક્ટની કમલ 2(બી)ને આધારે ઓડિટરને સમજાવવા સક્ષમ હોવા જોઇએ. લાગુ પડતો કાયદો જે લાગુ પડતા હાઇ કોર્ટના નિર્ણયોનો સમાવેશ કરે છે તેમને આ નિર્ણય કરતી વખતે ધ્યાનમાં લઇ શકાય છે.

- ***સીઓપી 15.2: ઓવરટાઇમ વેતન:*** સભ્યો ઓવરટાઇમ કામની ભરપાઈ ઓછામાં ઓછા લાગુ પડતા કાયદા દ્વારા નક્કી કરવામાં આવેલ સમાન દરો પર અથવા સામૂહિક સોદાબાજી વ્યવસ્થા મુજબ, અથવા ઓછામાં ઓછા પ્રવર્તમાન ઉદ્યોગ માનકો સમાન જ્યાં પ્રિમિયમ દર અનિયંત્રિત હોય તે મુજબ રહેશે..

  **વિચારણા માટેના મુદ્દાઓ**:

  - ○ પ્રિમીયમ દરનો અર્થ છે નિયમિત કાર્યસપ્તાહ દર કરતા ઊંચો પગારદર. ઓવરટાઇમ માટે કોઇ સર્વસામાન્ય આંતરરાષ્ટ્રીય દર નથી માટે લાગુ પડતા કાયદા, સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ અને/અથવા તુલનાયોગ્ય ઉદ્યોગ માપદંડોથી વાકેફ હોવું મહત્ત્વનું છે. કાનૂની અનુપાલન અંગે માર્ગદર્શન પણ જૂઓ. નોંધો કે આઇએલઓ સંમેલનો 1 અને 30 ઓવરટાઇમ માટે પગારનો દર નિયમિત દરના સવા ગણાથી ઓછો ના હોવો જોઇએ તેમ નિર્ધારિત કરે છે માટે જ્યાં અન્ય નિયમનોની ગેરહાજરી હોય ત્યાં આનો બેન્ચમાર્ક તરીકે ઉપયોગ કરવો જોઇએ.
  - ○ ઓવરટાઇમ પગાર લાભો તેવા કામદારો અને મેનેજરોને લાગુ પડે છે જેઓ નિર્ધારિત કલાકો સાથેનો કરાર ધરાવે છે. પોતાનો કાર્ય કાર્યક્રમ અને કલાકો નક્કી કરતા હોય તેવા મેનેજરો માટે તે જરૂરી નથી.
  - ○ ઓવરટાઇમ પગાર લાભો લાગુ પડતા કાયદા અને કોઇ પણ સંયુક્ત સમજૂતીઓને અનુરૂપ હોવો જોઇએ. જ્યાં ઓવરટાઇમની ગણતરીની પદ્ધતિ માટે ચોક્કસ નિર્દેશનો હાજર ના હોય ત્યાં ઓવરટાઇમ લાભોની ગણતરી કર્મચારીને કામકાજના સામાન્ય સપ્તાહ માટે ચૂકવવામાં આવતા દરને આધારે કરવી જોઇએ. દર પ્રવર્તમાન ઉદ્યોગ માપદંડોને સમાન કે તેથી વધુ હોવા જોઇએ. ભારતમાં ઓવરટાઇમ લાભોની ગણતરી કાનૂની પ્રિમીયમ દરે (બમણું) હોવા જોઇએ અને પ્રવર્તમાન લઘુતમ વેતન પર ગણાવા જોઇએ (મૂળભૂત વેતન વત્તા જીવન ભથ્થાઓનો ખર્ચ).
  - ○ નંગ દીઠ ઉત્પાદનમાં કામકાજના સામાન્ય સપ્તાહના કલાકો કરતા વધુ કલાકો માટે ચુકવણી ઓવરટાઇમ તરીકે ઊંચા દરે થવી જોઇએ. વેરિયેબલ નંગ દર વળતર માળખા હેઠળ ઓવરટાઇમ ઇન્સેન્ટિવ ગણતરી ઘણી જટીલ હોઇ શકે છે. સરળ ઇન્સેન્ટિવ પ્રણાલી જેમકે, ક્વોટાથી વધુ નંગનું

ઉત્પાદન અને/અથવા કામકાજના સામાન્ય સપ્તાહથી વધુ કલાકો માટે ઊંચા પગાર દર સરળતાથી સમજી શકાય છે અને માટે કામદારો અને મેનેજરો બંનેને લાગુ પડી શકે છે.15.1 અંતર્ગત ચર્ચવામાં આવેલા 'માસિક ફિક્સ્ડ દર' જેવા મોડલો કંપની માટે નંગદીઠ ઉત્પાદનના કામદારના સામાન્ય કામકાજના કલાકમાં સરેરાશ ઉત્પાદન પર કાનૂની લઘુતમ વેતન નિર્ધારિત કરે છે. આ ઉત્પાદનથી વધારાના કોઇ પણ ઉત્પાદન માટે 'ઇન્ટેન્ટિવ પેમેન્ટ' તીરકે ઊંચો દર ચૂકવવામાં આવે છે.

- ઓવરટાઇમની ગણતરી કામકાજના કલાકો પર આધારિત હોવીથી કામકાજના કલાકો માર્ગદર્શન પણ જૂઓ

- ***સીઓપી 15.3: ચુકવણીની પદ્ધતિ:*** સભ્યો એવા કર્મચારીઓને વેતનની ચૂકવણીઓ કરશે જે: *a)* નિયમિત અને પૂર્વ-નિર્ધારિત આધાર પર હશે, અને વિલંબિત કે સ્થગિત નહીં હોય;*b)* બેંક તબદીલી દ્વારા અથવા રોકડમાં અથવા ચેકના સ્વરૂપે, કર્મચારીને સુલભ હોય તેવા સ્થળે અને તે રીતે, અને વાઉચર્સ, કુપનો કે પ્રોમિસરી નોટ્સના સ્વરૂપે નહીં ચુકવે. *c)* વેતન ચિઠ્ઠી સાથે કે જે સ્પષ્ટપણે વેતન દરો, લાભો અને જ્યાં લાગુ પડતા હોય ત્યાં પાતોની વિગતો દર્શાવતી હોય..

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - મહેનતાણાની આવૃત્તિ જ્યાં પણ લાગુ પડતી હોય ત્યાં રાષ્ટ્રીય કાયદા અને નિયમનોને અનુરૂપ હોવી જોઇએ.
  - કામદારોને તેમના નાણા મેળવવા માટે નોંધપાત્ર અંતરનો પ્રવાસ કરવાની કે ખર્ચ કરવાની ફરજ ના પાડવી જોઇએ. રોજગારદાતાઓ વેતનના બદલામાં પ્રોમીસરી નોટ, કૂપન કે મર્ચેન્ડાઇઝનો ઉપયોગ કરી શકે નહીં.
  - વેતનની પહોંચ નંગ દીઠ પદ્ધતિ પર કામ કરતા કામદારો સહિતના કર્મચારીને, દરેક ચુકવણી વખતે આપવી જોઇએ. વેતન પહોંચમાં વેતનની ગણતરી કેવી રીતે કરવામાં આવી છે તેની પૂરતી માહિતી હોવી જોઇએ અને કર્મચારીના પગારમાંથી કોઇ પણ કપાત કરી હોય તો તેના માટે યોગ્ય કારણ દર્શાવવું જોઇએ.

- ***સીઓપી 15.4: કપાત:*** સભ્યો વેતનમાંથી માત્ર ત્યારે જ કપાતો કરશે જ્યાં: *a)* કપાતો નિર્ણિત હોય અને પૂર્ણ દસ્તાવેજ સાથે ગણતરીબદ્ધ રીતે કર્મચારીઓને સ્પષ્ટપણે સંચારિત કરવામાં આવી હોય;*b)* રોજગારદાતા દ્વારા નક્કી કરવામાં આવેલ કપાતો કર્મચારી દ્વારા મેળવવામાં આવતા લઘુતમ વેતનો કરતા ઓછા વેતનમાં ન પરિણમવા જોઇએ; *c)* શિસ્તના હેતુઓ માટે કોઇ પણ કપાતો સામૂહિક સોદાબાજી કરાર અથવા લાગુ પડતા કાયદાઓ હેઠળ અન્યથા મંજૂર કરવામાં આવેલ દ્વારા સંચાલિત કરવામાં આવશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - સામાન્ય કાનૂની રીતે જરૂરી કપાતોમાં કર, આરોગ્ય સંભાળ અને સામાજિક વીમાનો સમાવેશ થાય છે. તેમાં કાયદેસર ઋણાનુંબંધનો પણ સમાવેશ થઇ શકે છે જે રોજગારદાતાઓએ કર્મચારીઓને પગાર/વેતનની ચુકવણી કરતા પહેલા કર્મચારીના ભંડોળમાંથી કાપવું પડે છે, ઉદાહરણ તરીકે કર અથવા કર્મચારી લોન અથવા ખરીદીની પુનઃચુકવણી પર રોજગારદાતાનું નિયંત્રણ નથી. આ પ્રકારની કપાતો લાગુ પડતા કાયદાને આધિન છે અને જોગવાઇ 15.4b ના કાર્યક્ષેત્રની બહાર છે.
  - સામાન્ય કાનૂની રીતે માન્ય કપાતોમાં પરિવહન, ભોજન, તબીબી સહાય, બાળ સંભાળ, યુનિયન ફી, લોન પુનઃચુકવણી અને લોજીંગનો સમાવેશ થાય છે અને આ કપાતો લાગુ પડતા કાયદાને અનુરૂપ હોવી જોઇએ. જો રોજગારદાતાને આ કપાતો કરવાની હોય તો આ કપાત બાદ કર્મચારીનો પગાર

લઘુતમ વેતન કરતા ઓછો ના હોવો જોઇએ. જો કપાત કર્મચારીની મનસૂફી પર હોય, કર્મચારીએ રોજગારદાતા પાસેથી સ્વૈચ્છિક રીતે લીધેલી લોન સહિત, તો તેઓ જોગવાઇના કાર્યક્ષેત્રની બહાર છે. કર્મચારી રેકોર્ડમાં સ્વૈચ્છિક વેતન કપાત માટે લેખિત મંજૂરી હોવી જરૂરી છે.

- પીપીઇ માન્ય કપાત નથી કારણકે તે કર્મચારીને મફતમાં આપવાની રહે છે (જૂઓ આરોગ્ય અને સલામતી).
- કર્મચારીઓ પાસે કોઇ પણ શિસ્તભંગ કપાત માટે શરતો અને પ્રક્રિયાઓ અંગે સ્પષ્ટ માહિતી હોવી જોઇએ, ખાસ કરીને નંગ દીઠ પ્રણાલી હેઠળ.

- ***સીઓપી* 15.5: *ખાદ્યસામગ્રીઓ:*** સભ્યો કર્મચારીઓને સભ્યોના પોતાના કારોબાર અથવા સુવિધાઓમાંથી જોગવાઈઓની ખરીદી માટે ફરજ નહીં પાડે.

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - તમારા રોજગારદાતા પાસેથી ખાદ્યસામગ્રીઓ ખરીદવા ફરજ પાડવી વેઠનું એક સ્વરૂપ બની શકે છે તે યોગ્ય મહેનતાણા વ્યવહારોના ઇરાદાને ઠેસ પહોંચાડે છે.
  - જો કર્મચારીઓ સભ્ય પાસેથી ખાદ્યસામગ્રીઓ ખરીદતા હોય તો ચકાસો કે કપાત પર 15.4 પણ લાગુ પડી શકે છે કે કેમ.

- ***સીઓપી* 15.6: *લોન:*** જે સભ્યો વેતન એડવાન્સિસ અથવા ધિરાણોઉપલબ્ધ કરાવશે તેમણે વ્યાજ અને પુનર્ચુકવણીની શરતો પારદર્શી અને વાજબી હોય, અને કર્મચારીઓ માટે ભ્રામક ન હોય તેની ખાતરી કરવી પડશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - સુનિશ્ચિત કરો કે કોઇ પણ વેતન એડવાન્સ કે લોન કાયદાને અનુરૂપ હોય.
  - વ્યાજદર અને પુનઃચુકવણીની મુદતો ન્યાયી હોવી જોઇએ અને દમનકારી ના હોવી જોઇએ- તુલના માટે માટે ધિરાણના ઉપલબ્ધ અન્ય સ્રોત ધ્યાનમાં લો.
  - લોનની પુનઃચુકવણીનો સમયગાળો કર્મચારીના રોજગાર કરારની મુદતથી વધુ ના હોવો જોઇએ, કારણકે તે વેઠનું સ્વરૂપ રચી શકે છે.
  - લોન અને તેની પુનઃચુકવણીની શરતો અને નિયમો પર આગોતરી લેખિત સમજૂતી પર બંને પક્ષોના હસ્તાક્ષર હોવા જોઇએ.

**તપાસો:**

- ✓ તમામ કર્મચારીઓના વેતનો લઘુતમ વેતન અથવા ઉદ્યોગના પ્રવર્તમાન માપદંડો કરતા વધુ છે તે તમે ઓડિટરને બતાવી શકો છો?
- ✓ શું ઓવરટાઇમની ચૂકવણી લાગુ પડતા કાયદા અને/અથવા સંયુક્ત સોદાબાજી સમજૂતીને અનુરૂપ કરાય છે?
- ✓ શું કર્મચારીને વેતનની ચૂકવણી નિયમિત, બેન્ક ટ્રાન્સફર/રોકડ/ચેક દ્વારા થાય છે અને સાથે વેતન પહોંચ આપવામાં આવે છે?
- ✓ શું રોજગારદાતા-નિર્ધારિત કપાતો યોગ્ય દસ્તાવેજી પ્રક્રિયા સાથે કરવામાં આવે છે અને તેને કારણે વેતન લઘુતમ વેતન કરતા ઘટતું નથી?
- ✓ શું કર્મચારીઓને તમારી પાસેથી ખાદ્યસામગ્રીઓ ખરીદવા ફરજ પડાય છે?
- ✓ જો તમે વેતન એડવાન્સ કે લોન આપો છો તો તમે ઓડિટરને બતાવી શકો છો કે પુનઃચૂકવણીની શરતો પારદર્શી અને ન્યાયી છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો મહેનતાણાં અંગે વધારાની માહિતી ધરાવે છે:

- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) સંમેલન 100 – સમાન મહેનતાણુ
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?C100
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – ડેટાબેઝ ઓફ કન્ડિશન્સ ઓફ વર્ક એન્ડ એમ્પ્લોયમેન્ટ લોઝ
  www.ilo.org/dyn/travail/travmain.home
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – રિસોર્સિસ ગાઇડ ઓન મિનિમમ વેજ
- www.ilo.org/public/english/support/lib/resource/subject/salary.htm
- સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) – સોશિયલ એકાઉન્ટિબિલિટી SA 8000 ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ (2008)
  www.sa-intl.org/_data/n_0001/resources/live/2008StdEnglishFinal.pdf
- સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) - એસએ® 8000 એબ્રીજ્ડ ગાઇડન્સ: 2008 સ્ટાન્ડર્ડ
  www.sa-intl.org/_data/n_0001/resources/live/SAI_AbridgedGuidance_SA8000_2008.pdf
- વેરાઇટ – કન્ડક્ટિંગ અ રીવ્યૂ ઓફ ડોક્યુમેન્ટેશન
  www.verite.org/zh-hans/node/705

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 16) શિસ્ત અને ફરિયાદ કાર્યપ્રણાલીઓ

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

કાર્યસ્થળ **શિસ્ત** એ નોકરીને લગતી વર્તણૂક અથવા દેખાવ સુધારવા માટેનું સાધન છે.

**શિસ્તભંગ કાર્યપ્રણાલીઓ** તે સુનિશ્ચિત કરે છે કે કામ પર કંપનીના આચરણ અને દેખાવ અંગેના માપદંડોનું પાલન થાય છે. આ માપદંડો સંતોષવામાં નિષ્ફળ રહેનાર કામદારો સાથે કામ કરવા માટે તેઉચિત અને માનવીય પદ્ધતિઓ પણ પૂરી પાડે છે.

**ફરિયાદ કાર્યપ્રણાલીઓ** એ કર્મચારીઓ માટે વ્યવસ્થાપન વ્યવહાર અથવા નિર્ણયો અંગે ચિંતા વ્યક્ત કરવા માટેનું અને તેની તપાસ અને ઉકેલ લાવવા માટેનું સાધન છે. તમામ કામદારો અને ખાસ કરીને પરપ્રાંતીય કામદારોને ફરિયાદ કાર્યપ્રણાલીઓની સુલભતા હોવી જોઇએ.

*સ્રોતઃ*

- *સેડેક્સ સપ્લાયર વર્કબૂક ચેપ્ટર* 1.10 : *શિસ્ત અને ફરિયાદ* (2013)
  www.sedexglobal.com/wp-content/uploads/2013/03/1.10-શિસ્ત-ફરિયાદ_Sedex-Supplier-Workbook.pdf

નિરીક્ષણ હેઠળ કમર્ચારીઓ ધરાવતા તમામ એકમો પર સીઓપીની **શિસ્ત અને ફરિયાદ કાર્યપ્રણાલી**ઓ કલમ લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

કાર્યસ્થળમાં શિસ્તને સમસ્યાજનક વર્તણૂક અથવા દેખાવ સમસ્યા સુધારવા માટેની રીતતરીકે જોઇ શકાય. તેને માત્ર કર્મચારીઓને શિક્ષા કરવાની રીત તરીકે ના જોવું જોઇએ. નિરીક્ષકો અને સત્તામાં રહેલા અન્ય વ્યક્તિઓ વાકેફ હોવા જોઇએ કે શિસ્તભંગના પગલાનો ઉદ્દેશ વ્યક્તિને સુધારવાનો નહીં પરંતુ સમસ્યા, કૃત્ય અથવા વર્તણૂકને સુધારવાનો છે.

દુર્ભાગ્યવશ કેટલાક કાર્યસ્થળોમાં શિસ્ત એક ગંભીર સ્વરૂપ લઇ શકે છે. તેમાં શારીરિક (દૈહિક) શિક્ષા અને માનસિક અથવા જાતિય શોષણનો સમાવેશ થાય છે. કાર્યસ્થળો પર જોવા મળેલા અનુચિત વ્યવહારોના ઉદાહરણોમાં સમાવિષ્ટ છેઃ પુશ-અપ્સ કરાવવા અથવા દોડતા ચક્કર કાપવા ફરજ પાડવી, લાંબો સમય સુધી તકડામાં ઊભા રાખવા, માથામાં મારવું અથવા ફટકારવું, હિંસાની ધમકી, જાતિય અથવા વંશીય સતામણી અથવા વેતન, ખોરાક અથવા સેવાઓ અટકાવી દેવા. આ અને આ પ્રકારના પગલાને મૂળભૂત માનવ ગરિમા અને માનવ અધિકારોનો ભંગ ગણવામાં આવે છે.

શિસ્તભંગના પગલા, જો લેવાની જરૂર પડે તો, તમામ કર્મચારીઓ પર સમાન અને ન્યાયી રીતે લાગુ પડવા જોઇએ. નિરીક્ષકો અને સલામતી દળો જેવા કોન્ટ્રાક્ટરોને શિસ્તભંગના મુદ્દાનું યોગ્ય રીતે વ્યવસ્થાપન કેવી રીતે કરવું તેની તાલીમ આપવી જોઇએ.

શિસ્તભંગના પગલામાં, હડતાળમાં ભાગ લેવાની સજા તરીકે ફરજિયાત મજૂરીનો સમાવેશ ના કરવો જોઇએ. હડતાળ બાદ તમામ કામદારોને રાબેતા મુજબ કરવા જોઇએ (જેમાં ગંભીર ગેરવર્તણૂક અથવા ગુનાઇત કૃત્યોને અપવાદ છે). હડતાળ જેટલા દિવસ ચાલી હોય તેટલા દિવસના વેતન કરતા વધુ વેતન કાપવું, કામદારોને છૂટા કરવા, કામદારોના કરારો રિન્યૂ ના કરવા, લાભો અથવા વરિષ્ઠતા ઘટાડવી અને કામનો ભારે બોજ નાખવા જેવા કૃત્યોને શિક્ષા તરીકે ગણવામાં આવશે. જ્યારે શિસ્તભંગના પગલા લેવામાં આવે છે ત્યારે કામદારને આક્ષેપની તમામ વિગતો આપવી જોઇએ અને કામદાર પાસે કોઇ પણ પ્રકારના શિસ્તભંગના નિર્ણયો પર પ્રતિભાવ આપવાનો અને/અથવા અપીલ કરવાનો અધિકાર હોવો જોઇએ. આમ કરવા બદલ તેને નકારાત્મક પરિણામો ના ભોગવવા પડે તે સુનિશ્ચિત કરવું જોઇએ. શ્રમબળને શિસ્તમાં લાવવા માટે સિક્યુરિટી ગાર્ડ અને લશ્કરનો ઉપયોગ ના કરવો જોઇએ. તેમની ભૂમિકા પરિસર અને તેમાં રહેલા લોકો અને વસ્તુઓની સલામતી સુધી જ મર્યાદિત હોવી જોઇએ.

જ્યાં કાર્યસ્થળ પર શિસ્તભંગ કાર્યપ્રણાલીઓ ઊભી થાય છે ત્યાં, ફરિયાદ કાર્યપ્રણાલીઓ અમલમાં મૂકવી આવશ્યક છે. તે પ્રણાલી અંતર્ગત કામદારોને અન્યાયી વર્તન અંગે તેમના નિરીક્ષક સિવાય અન્ય કોઇ વ્યક્તિને ફરિયાદ કરવાની છૂટ હોવી જોઇએ. રોજગારદાતાઓએ સુનિશ્ચિત કરવું જોઇએ કે કોઇ પણ કામદાર ફરિયાદ કાર્યપ્રણાલીમાં સહભાગિતામાંથી બાકાત ન રહે માટે ફરિયાદ વ્યવસ્થાનું તમામ કમ્યુનિકેશન કામદારો સમજે તે ભાષામાં ઉપલબ્ધ હોવું જોઇએ. જ્યાં જરૂર હોય ત્યાં અનુવાદકોને કામે લગાડવા જોઇએ.
કાર્યપ્રણાલીઓ ગુપ્તતા અને અનામિત્વ સ્થાપિત કરે તેવી હોવી જોઇએ જેથી કર્મચારીની ગુપ્તતા જળવાય અને સંભવિત પ્રત્યાઘાત સામે રક્ષણ મળે. કામદારો ઔપચારિક પ્રક્રિયાઓ દરમિયાન સાથી કામદાર અથવા સંગઠનના કર્મચારીને સાથે રાખવા સક્ષમ હોવા જોઇએ.

તે સ્થાપિત કરવું મહત્ત્વનું છે કે જે કામદારો સમસ્યાઓ કે શોષણ અંગે ફરિયાદ કરતા નથી તેમને નકારાત્મક પરિણામો ભોગવવા ના પડે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

યુનિવર્સલ ડેક્લેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ (1948) અને ઇન્ટરનેશનલ કન્વેનન્ટ ઓન સિવિલ એન્ડ પોલિટિકલ રાઇટ્સ (1966) બંને ત્રાસ અથવા "ક્રૂર, અમાનવીય અથવા નામોશીભર્યું વર્તન અથવા શિક્ષા" પર પ્રતિબંધ મૂકે છે.યુડીએચઆરની કલમ 23 વધુમાં જણાવે છે કે દરેકને "કામ કરવા માટે ન્યાયી અને સાનુકૂળ સ્થિતિઓનો" અધિકાર છે

દરેક વ્યક્તિને ત્રાસ અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા નામોશીભર્યું વર્તન અથવા શિક્ષા (1975) સામે રક્ષણ આપતી ઘોષણા જણાવે છે કે, ત્રાસ અથવા અન્ય ક્રૂર, અમાનવીય અથવા નામોશીભર્યું વર્તન અથવા શિક્ષાનું કોઇ પણ કૃત્ય માનવ ગરિમાનો ગુનો છે અને તેને યુનાઇટેડ નેશન્સના ચાર્ટરના ઉદ્દેશના ઇનકાર તરીકે અને યુનિવર્સલ

ડેક્લેરેશન ઓફ હ્યુમન રાઇટ્સમાં નિર્ધારિત કરવામાં આવેલા અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાના ભંગ તરીકે વખોડવામાં આવશે.”

આ સંધિઓ અને ઘોષણાઓને યુનાઇટેડ નેશન્સના મોટા ભાગના સભ્ય રાષ્ટ્રોએ માન્યતા આપી છે.

***રાષ્ટ્રીય કાયદો***

ઘણા દેશો શારીરિક શિક્ષા પર, સામાન્ય રીતે તેમના બંધારણીય માળખામાં રહીને પ્રતિબંધ મૂકે છે. વધુમાં કેટલાક દેશોએ શિસ્તભંગ વ્યવહારો, શોષણ, સતામણી અને ફરિયાદ કાર્યપ્રણાલીઓના સંદર્ભમાં રોજગારદાતાઓ માટે ચોક્કસ કાયદાઓ ઘડ્યા છે. સભ્યો તેઓ જે દેશોમાં કામ કરે છે ત્યાંની સ્થાનિક જરૂરિયાતોથી વાકેફ હોવા જોઇએ.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારસંહિતાની ફરજિયાત જરૂરિયાતોનું પાલન કરવા માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. આ માર્ગદર્શન આદર્શમુલક નથી પરંતુ તેને માહિતી અને સહાય માટે પ્રારંભ બિંદુ તરીકે જોઇ શકાય.*

- ***સીઓપી 16.1: અપમાનજક શિક્ષા કે વર્તન નહીં:*** *સભ્યોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે કર્મચારીઓ શારીરિક દંડ, નિષ્ઠુર અથવા નાલેશીભરી વ્યવહાર, જાતીય અથવા શારીરિક સતામણી, માનસિક, શારીરિક અથવા શાબ્દિક ગાળાગાળી, સખ્તાઈ અથવા ધાકધમકી અથવા પોતાની, પરિવારની અને સહકર્મી પ્રત્યે આની માટેની ધમકીને આધીન નહીં હોય..*

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - શિસ્ત અને ફરિયાદ કાર્યપ્રણાલીઓ માનવ સંસાધન વિભાગ જેવા સિનીયર મેનેજમેન્ટની જવાબદારીનો ભાગ હોવા જોઇએ.
  - ચોક્કસ દેશો, ઉદ્યોગ ક્ષેત્રો અથવા ચોક્કસ વ્યવસાયમાં આયોગ્ય શિસ્તભંગના પગલાનું જોખમ વધુ હોઇ શકે છે. કારોબારના સંજોગોને યોગ્ય હોય જોખમ મૂલવણી એ અયોગ્ય અથવા અસ્વીકાર્ય શિસ્ત અથવા ફરિયાદ કાર્યપ્રણાલીઓના જોખમને નિયંત્રણમાં રાખવાનો એક માર્ગ છે. સુરક્ષા દળો ચોક્કસ જોખમ પેદા કરી શકે છે અને જ્યાં હાજર હોય ત્યાં પણ મૂલવણી થવી જોઇએ. ઉપયોગ કરી શકાય તેવા, ખાસ કરીને નાનાથી મધ્યમ કદના એકમોમાં ઉપયોગ કરી શકાય તેવા સામાન્ય જોખમ મૂલવણી ટેમ્પલેટ માટે આરજેસી જોખમ મૂલવણી જૂઓ. વૈકલ્પિક રીતે સભ્યો તેમની પોતાની જોખમ મૂલવણી પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે છે.

- ***સીઓપી 16.2: શિસ્તભંગ પ્રક્રિયા:*** *સભ્યોએ કારોબારની શિસ્ત સંબંધી પ્રક્રિયા, અને શિસ્તતાની ઉચિત પ્રક્રિયાઓ સંબંધિત માનકો અને કર્મચારી સાથેના વ્યવહારને સ્પષ્ટપણે સંચારિત કરવાની રહેશે, અને વ્યવસ્થાપન અને કર્મચારીગણ સાથે સમાન રૂપે લાગુ કરવાના રહેશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - શિસ્ત અને ફરિયાદ કાર્યપ્રણાલીઓ માટે લેખિત નીતિ અને કાર્યપ્રણાલીઓ ઘડો, જે વિવિધ પ્રકારના અયોગ્ય કૃત્યો- કામદાર અને નિરીક્ષણની વર્તણૂક બંનેની દૃષ્ટિએ અયોગ્ય કૃત્યો માટે કાનૂની અને કંપની આધારિત દંડો નિર્ધારિત કરે છે

- વર્તણૂકની ગંભીરતા મુજબ શિસ્તભંગ કાર્યપ્રણાલીઓ માટે ક્રમશઃ પગલા સ્થાપિત કરવાનું વિચારો.
- કર્મચારીને શિસ્તમાં લાવવા માટે સુરક્ષા દળોનો ઉપયોગ પ્રતિબંધિત કરવો જોઇએ.
- યોગ્ય શિસ્તભંગ કાર્યપ્રણાલીઓ પર તાલીમ આપવી જોઇએ, ખાસ કરીને કામદારો પર નજર રાખતા નિરીક્ષકોને અથવા સુરક્ષા જાળવણી જેવા સત્તાના અન્ય સ્વરૂપો હોવા જોઇએ. નીતિ વાંચો અને કામદારોને શિસ્તમાં રાખવા માટે યોગ્ય કાર્યપ્રણાલીઓ પર ભાર મૂકો.
- સુનિશ્ચિત કરો કે કામદારો બિઝનેસ દ્વારા છૂટ અપાતી શિસ્તભંગ કાર્યપ્રણાલીઓથી વાકેફ છે.
- ન્યાયી અને સાતત્યપૂર્ણ શિસ્તભંગ કાર્યપ્રણાલીઓ પ્રદર્શિત કરવા માટે નોંધોની જાળવણી ચાવીરૂપ ઘટક છે. મૌખિક અને લેખિત ચેતવણીઓ, બરખાસ્તગી અને બરતરફીનો રેકોર્ડ રાખો.
- શિસ્તભંગના પગલાને આધિન હોય ત્યારે, કામદારોને આક્ષેપોની વિગતોની સુલભતા હોવી જોઇએ અને શિસ્તભંગના નિર્ણય પર પ્રતિભાવ આપવાનો અને/અથવા અપીલ કરવાનો અને આમ કરવા બદલ નકારાત્મક પરિણામોનો ભોગ ના બને તેનો અધિકાર હોવો જોઇએ. જ્યારે ગેરવર્તણૂકનો આક્ષેપ કરવામાં આવે છે ત્યારે કામદારોને બચાવપક્ષ તૈયાર કરવા માટે સમય આપવો જોઇએ.

- ***સીઓપી 16.3: ફરિયાદ કાર્યપ્રણાલીઓ:*** *સભ્યો ફરિયાદ વ્યવસ્થા અને તપાસની પ્રક્રિયાઓને સ્પષ્ટ રીતે ઉપલબ્ધ કરાવશે અને આને સ્પષ્ટપણે બધા જ કર્મચારીઓને વર્ણવશે. a) વ્યક્તિગત રીતે કાર્યરત કર્મચારીઓ અથવા અન્ય કામદારો સાથે કાર્યરત હોય તો તે કોઈપણ દંડ અથવા પ્રતિકાર વિના ફરિયાદ દાખલ કરવા માટે મુક્ત હશે. b) ફરિયાદ પ્રક્રિયાઓને એવી રીતે સંરચિત કરવામાં આવશે કે તે અસરકારક રીતે કાર્ય કરે અને સમયસર પરિણામો મેળવી આપે. c) કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી ફરિયાદો, તપાસ પ્રક્રિયાઓ અને પરિણામોની નોંધને જાળવવાની રહેશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - ફરિયાદો કરવા માટે કામદારો માટે એવી કાર્યપ્રણાલીઓ સ્થાપો જે તેમને પ્રત્યાઘાતના જોખમમાં ના મૂકે. કાર્યપ્રણાલીઓ એવી રીતે તૈયાર કરો કે જેથી તેઓ ફરિયાદોની અસરકારક તપાસ કરી શકે છે અને સમયસર પરિણામ પર પહોંચી શકે.
  - ફરિયાદ કાર્યપ્રણાલીઓ પર તાલીમ આપો, ખાસ કરીને કામદારો પર નજર રાખતા કર્મચારીઓને.
  - ફરિયાદોના વહીવટ માટે જવાબદાર વ્યક્તિ તરીકે એક વિશ્વાસુ વ્યક્તિને નામાંકિત કરો જે કેટલાક સંજોગોમાં કારોબારની બહારનો હોઇ શકે છે.
  - કોઇ પણ કામદાર ફરિયાદ કાર્યપ્રણાલીઓમાં સહભાગિતાથી બાકાત ન હોવો જોઇએ જેથી ફરિયાદ વ્યવસ્થાને લગતા સંવાદ કામદારો સમજે તે ભાષામાં ઉપલબ્ધ હોવા જોઇએ.
  - ફરિયાદો કેવી રીતે કરવી તેની કામદારોને ખબર હોય તે સુનિશ્ચિત કરો અને તેઓ નકારાત્મક પરિણામો વગર આમ કરી શકે છે.
  - ઔપચારિક પ્રક્રિયા દરમિયાન કામદારો સાથી કામદાર અથવા સંગઠનના અધિકારીને સાથે રાખવા માટે સક્ષમ હોવો જોઇએ.
  - કર્મચારીની ગોપનિયતાનું સન્માન કરવા અને સંભવિત પ્રત્યાઘાતથી રક્ષણ આપવા માટે ફરિયાદ કાર્યપ્રણાલીઓ દરમિયાન ગુપ્તતા જાળવવી જોઇએ.

- સ્પષ્ટ અને અસરકારક ફરિયાદ કાર્યપ્રણાલીઓ માટે રેકોર્ડની જાળવણી ચાવીરૂપ ઘટક છે. કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી ફરિયાદો, કરવામાં આવેલી તપાસો અને તેમના પરિણામોનો રેકોર્ડ રાખો.

તપાસો:

- ✓ શું તમે કાર્યસ્થળમાં શોષણ કરનારા વર્તન અથવા શિક્ષાના જોખમ અંગે મૂલ્યાંકન કરેલું છે? વિવિધ પ્રકારના કારોબારોમાં આ જોખમ વિભિન્ન હશે.
- ✓ તમે કારોબારની શિસ્ત પ્રક્રિયા અંગેની નીતિઓ અને કાર્યવાહીઓ ઘડેલી છે અને તેને તમામ કામદારોને જણાવી છે?
- ✓ શું તમે કર્મચારીઓ માટે સ્પષ્ટ અને અસરકારક ફરિયાદ પ્રક્રિયા ધરાવો છો જે ફરિયાદ કરવા બદલ દંડ કે પ્રત્યાઘાતમાં પરિણમતી નથી?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો શિસ્ત અને ફરિયાદ કાર્યપ્રણાલીઓ અંગે વધારાની માહિતી ધરાવે છે:

- એડવાઇઝરી, કન્સાઇલિયેશન એન્ડ આર્બિટ્રેશન સર્વિસ (એસીએએશ) – એડવાઇઝરી હેન્ડબુક ઓન ડિસિપ્લિન એન્ડ ગ્રિવન્સિસ એટ વર્ક (યુકે) (2011)
  www.acas.org.uk/index.aspx?articleid=890
- ચાર્ટર્ડ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પર્સોનલ એન્ડ ડેવલપમેન્ટ (સીઆઇપીડી) – ડિસિપ્લિન એન્ડ ગ્રિવન્સિસ એટ વર્ક (યુકે) (2012)
  www.cipd.co.uk/subjects/emplaw/discipline/disciplingrievprocs.htm
- એથિકલ ટ્રેડ ઇનિશિયેટિવ (ઇટીઆઇ) – પ્રમોટિંગ ઇક્વિલ ટ્રીટમેન્ટ ઓફ વર્કર્સ
  www.ethicaltrade.org/in-action/projects/eti-supervisor-training-project
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) બેટર વર્ક – ગાઇડન્સ શીટ 6: કોન્ટ્રાક્ટ્સ એન્ડ હ્યુમન રિસોર્સિસ (2009)
  www.betterwork.com/global/wp-content/uploads/6-કરારs-and-Human-Resources.pdf
- સેડેક્સ સપ્લાયર વર્કબૂક ચેપ્ટર 1.10 : શિસ્ત અને ફરિયાદ
  www.sedexglobal.com/wp-content/uploads/2013/03/1.10-Discipline-Grievance_Sedex-Supplier-Workbook.pdf
- સ્માર્ટ મેનેજર– એડ્રેસિંગ વર્કપ્લેસ ડિસિપ્લિન
  www.smartmanager.com.au/eprise/main/cms/content/au/smartmanager/en/pages/115_work.html
- યુનાઇટેડ નેશન્સ (યુએન) કન્વેન્શન અગેઇન્સ્ટ ટોર્ચર એન્ડ અધ ક્રૂઅલ, ઇનહ્યુમન ઓર ડિગ્રેડિંગ ટ્રીટમેન્ટ ઓર પનિશમેન્ટ
  untreaty.un.org/cod/avl/ha/catcidtp/catcidtp.html
- વેરાઇટી – એન ઇન્ટ્રોડક્શન ટુ ગ્રિવન્સ મિકેનિઝમ્સ
  www.verite.org/helpwanted/toolkit/suppliers/establishing-effective-grievance-mechanisms/tool-1

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 17) બાળમજૂરી

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

જે કામ **બાળકનું બાળપણ**, તેની ક્ષમતા અને સન્માન છીનવે છે તેને બાળમજૂરી કહેવાય છે અને તે બાળકોના સામાજિક, શારીરિક અને માનસિક વિકાસ માટે હાનિકારક છે. બાળમજૂરી એટલે બાળક માટે માનસિક, શારીરિક, સામાજિક અથવા નૈતિક રીતે ખતરનાક હોય અને હાનિકારક હોય તેવું કામ અને બાળકને નીચેની રીતે શાળામાં ભણતા અટકાવે છેઃ

- તેમની શાળામાં હાજરી આપવાની તક છીનવી લેવી;
- તેમને અધવચ્ચેથી શાળા છોડવા માટે ફરજ પાડવી;
- શાળામાં હાજરી આપવાની સાથેસાથે વધુ પડતા લાંબા કલાકો અને ભારે કામ કરાવવું.

18 વર્ષથી નીચેની કોઇપણ વ્યક્તિને **બાળક** કહેવાય છે. બાળક દ્વારા કરાતા તમામ કામને બાળમજૂરી ના ગણવી જોઇએ. બાળકો અથવા તરુણો દ્વારા થતું કામ કે જે તેમના આરોગ્ય અને વ્યક્તિગત વિકાસને અસર કરતું નથી, અથવા તેમના શિક્ષણમાં દખલગીરી કરતું નથી તેને હકારાત્મક કામ ગણવામાં આવે છે. તેમાં ઘરમાં માતાપિતાને મદદ કરવી, પારિવારિક કારોબારમાં મદદ કરવી શાળાના કલાકો બાદ અને શાળાની રજાઓ દરમિયાન ખિસ્સા ખર્ચી કમાવવી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ બાળકના વિકાસ અને તેના પરિવારના કલ્યાણમાં મદદ કરે છે અને તે બાળકને કુશળતા અને અનુભવ પૂરો પાડે છે અને તેમને પુખ્ત જીવન દરમિયાન સમાજના સર્જનાત્મક સભ્ય તરીકે સજ્જ થવામાં મદદ કરે છે.

બાળમજૂરીમાં કામના ઘણા સ્વરૂપોનો સમાવેશ થાય છે ત્યારે આઇએલઓ નિયમ ક્રમાંક 182ની કલમ 3 દ્વારા નીચે મુજબ નિર્ધારિત કરવામાં આવેલા **બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો** (ડબલ્યુએફસીએલ)ને વિના વિલંબે નાબૂદ કરવાની બાબતને અગ્રતા આપવી જરૂરી છેઃ

a)તમામ પ્રકારની ગુલામી અથવા ગુલામીને સમાન વ્યવહાર, જેમ કે બાળકોનું વેચાણ અને તસ્કરી, દેવાના બદલામાં ગુલામી અથવા ખેતગુલામી અને વેઠ તેમજ લશ્કરી અથડામણોમાં બાળકોની બળપૂર્વકની અથવા ફરજિયાત ભરતી અને ઉપયોગ;

b)વેશ્યાગીરી માટે, પોર્નોગ્રાફીના પ્રોડક્શન માટે અથવા પોર્નોગ્રાફિક કાર્યક્રમો માટે બાળકનો ઉપયોગ, ખરીદી અથવા વેચાણ

c)સંબંધિત આંતરરાષ્ટ્રીય સંધિઓમાં નિર્ધારિત કર્યા મુજબ ડ્રગ્સના ઉત્પાદન અને તસ્કરીમાં બાળકનો ઉપયોગ, ખરીદી અથવા વેચાણ;

d)**જોખમી બાળમજૂરી** કે જેમાં બાળકના આરોગ્ય, સલામતી અથવા નૈતિકતાને હાનિ કરે તેવા વાતાવરણમાં કામ થતું હોય છે.

18 વર્ષથી નીચેના વયના કોઇ પણ બાળકને જોખમી બાળમજૂરી અથવા બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપોમાં સામેલ ના કરવું જોઇએ.

*સ્રોત:*

- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) –બાળમજૂરી શું છે?
  www.ilo.org/ipec/facts/lang--en/index.htm
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) નિયમ *138* - લઘુતમ વય *(1976)*
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?C138
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) ભલામણ *146* - લઘુતમ વય *(1976)*
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?R146
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) નિયમ *182* – બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો *(1999)*
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?C182
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) ભલામણ *190* – બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો *(1999)*
  www.ilo.org/dyn/normlex/en/f?p=NORMLEXPUB:12100:0::NO:12100:P12100_INSTRUMENT_ID:312528:NO

સીઓપીની **બાળમજૂરી** કલમ તમામ સભ્યોને લાગુ પડે છે. **માનવ અધિકાર** અને **કુશળ કામદાર અને નાના પાયે ખનનમાંથી પ્રાપ્તી** અંગે માર્ગદર્શન પણ જૂઓ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

બાળમજૂરી એ સૌથી વધુ ધ્યાન ખેંચાયેલી અને વ્યાપક રીતે વખોડાયેલી સામાજિક સમસ્યા છે. હજુ પણ દુનિયાના ઘણા ભાગોમાં વ્યાપક રીતે બાળમજૂરોનો ઉપયોગ થાય છે. આઇએલઓનો બાળમજૂરી અંગેનો છેલ્લો વૈશ્વિક અહેવાલ સૂચવે છે કે સમગ્ર દુનિયામાં 215 કરોડથી પણ વધુ બાળકો (5-17 વર્ષ) બાળમજૂરીમાં ફસાયેલા છે અને 115 કરોડ બાળકો તેના સૌથી ખરાબ સ્વરૂપમાં કામ કરી રહ્યાં છે.[2]

બાળમજૂરી એટલે બાળકના શિક્ષણમાં હસ્તક્ષેપ કરતું કામ. તે બાળકની શાળામાં જવાની તક આંચકી શકે છે, તેમને શાળામાંથી વહેલા ઉઠી જવા માટે ફરજ પાડે છે અથવા તેમને શાળામાં હાજરીની સાથેસાથે ભારે કામ કરવું પડે છે. ચોક્કસ 'કામ'નો પ્રકાર બાળમજૂરી તરીકે પ્રતિબંધિત છે કે નહીં તેનો આધાર અનેક પરિબળો પર છે, જેમાં બાળકની વય, કરેલા કામના પ્રકાર અને કલાકો, તે કેવી પરિસ્થિતિઓ હેઠળ કામ કરે છે તે અને વ્યક્તિગત દેશ અને ક્ષેત્રના કાનૂની માળખાનો સમાવેશ થાય છે.

ક્યા સંદર્ભમાં બાળમજૂરી થાય છે અને તેની શું અસર થઇ શકે છે તે સમજવું જરૂરી છે. બાળકને વિવિધ કારણોસર કામે લાગવું પડે છે પરંતુ મુખ્ય કારણ આર્થિક જરૂરિયાત છે. સિમાંત આર્થિક સ્થિતિમાં જીવતા પરિવારો બાળકની આવક પર નિર્ભર હોઇ શકે છે. જોકે, બાળમજૂરી અંતે આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં અવરોધ પેદા કરે છે. તે બાળકની સર્જનાત્મક અને શિષ્ટ કામ માટે શિક્ષણ મેળવવાની તક આંચકે છે, અને ઘણી વખત તેમને પુખ્તાવસ્થામાં ઓછા પગારવાળું કે બિનકુશળતાવાળું કામ કરવા સુધી સીમિત રાખે છે. બાળમજૂરીની પુખ્ત કાર્ય

---

[2] આઇએલઓ: એક્સિલરેટિંગ એક્શન અગેઇન્સ્ટ ચાઇલ્ડ લેબર. *આઇએલઓ ગ્લોબલ રિપોર્ટ ઓન ચાઇલ્ડ લેબર* 2010. જીનિવા, 2010. ઉપલબ્ધ છે:
www.ilo.org/wcmsp5/groups/public/---dgreports/---dcomm/documents/publication/wcms_126752.pdf.

સ્થિતિઓ પર પણ નકારાત્મક અસર પડી શકે છે, તે પગાર ધોરણ પર ઘટાડા તરફી દબાણ સર્જે છે અને પુખ્ત વયે બેરોજગારી દર વધારે છે. બાળમજૂરીને કારણે ગરીબી અને વિકાસના અભાવની સમસ્યા વધુ ગાઢ બને છે. પરિણામે, બાળમજૂરીની સમસ્યા ઉકેલવી એક જટીલ પડકાર છે અને તે માત્ર શ્રમબળમાંથી બાળકોને દૂર કરીને ઉકેલી શકાતી નથી. તેના આર્થિક ચાલકો અને વિકલ્પોની સંવેદનશીલતાની સમજ સાથે આ સમસ્યા ઉકેલવી જોઇએ.

કારોબાર અને માનવ અધિકાર અંગે યુએનના માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ, માનવ અધિકારોનું સન્માન કરવું કારોબાર એકમોની જવાબદારી છે જેમાં બાળમજૂરીમાંથી મુક્તિના અધિકારનો સમાવેશ થાય છે. કંપનીઓએ જ્યાં માનવ અધિકારોનો ભંગ થાય છે તેવી તેમની પોતાની પ્રવૃત્તિઓ મારફતે બાળમજૂરીના સર્જન અથવા તેમાં યોગદાનથી દૂર રહેવું જોઇએ, અને કંપનીઓએ તે સમસ્યાના ઉકેલ માટે સહકાર આપવો જોઇએ. વધુમાં, તેમણે તેમની કામગીરી, પ્રોડક્ટ અથવા સપ્લાયર જેવા કારોબાર સંબંધો દ્વારા પૂરી પડાતી સેવાઓ સાથે સીધી સંકળાયેલી બાળમજૂરીને અટકાવવા પ્રયાસ કરવો જોઇએ.

## C. મુખ્ય નિયમનો

20 નવેમ્બર 1989ના રોજ યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ બાળ અધિકાર (સીઆરસી) પર એક નિયમ સર્વસંમતિથી સ્વીકાર્યો હતો. નિયમ કહે છે કે, બાળકો મૂળભૂત માનવ અધિકારોના હકદાર છે જેમકે, અસ્તિત્વનો અધિકાર અને તેમના શારીરિક અને માનસિક ક્ષમતાઓના વિકાસનો અધિકાર. સીઆરસીની વ્યાખ્યા મુજબ 18 વર્ષ સુધીની તમામ વ્યક્તિ બાળક છે.

***આંતરરાષ્ટ્રીય નિયમો***

ત્રીપક્ષીય યુનાઇટેડ નેશન્સ એજન્સી ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ)એ બાળમજૂરી પર બે મુખ્ય નિયમો ઘડ્યા હતા. જેમાં લઘુતમ વય નિયમ 138 (1973) અને બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો નિયમ 182 (1999)નો સમાવેશ થાય છે.

આઇએલઓ નિયમ 138 મુજબ કામ કરાવની લઘુતમ ઉંમર 15 અથવા શાળા-છોડવાની કાનૂની વય, બંનેમાંથી જે વધુ હોય તે નિર્ધારિત કરે છે. ચોક્કસ પરિસ્થિતિઓમાં જે સભ્ય રાષ્ટ્રોની આર્થિક અને શૈક્ષણિક સુવિધાઓ પુરતી વિકસિત નથી તેઓ શરૂઆતમાં લઘુતમ વય 14 વર્ષ રાખી શકે છે. જોકે, આરજેસીની વ્યવહારસંહિતા મુજબ સભ્યના પ્રથમ પ્રમાણીકરણ સમયગાળાના અંત સુધીમાં કામ કરવાની લઘુતમ વય 15 વર્ષ હાંસલ થઇ જવી જોઇએ.

આઇએલઓ નિયમ 138માં નિર્ધારિત કરવામાં આવેલી 15 વર્ષની લઘુતમ વય માટે બે મુખ્ય અપવાદો છેઃ

- જોખમી કામો માટે 18 વર્ષની ઊંચી લઘુતમ વય.
- હળવા કામ માટે 13 વર્ષની નીચી લઘુતમ વય. ચોક્કસ કામ યુવા વ્યક્તિ માટે હળવું કામ છે કે નહીં તે નક્કી કરવા માટેના પરિબળોમાં કામના કલાકો, શાળાની હાજરી અને દેખાવ અને કાર્ય પર્યાવરણનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય કાયદા અથવા નિયમનો જે પરિસ્થિતિ હેઠળ હળવા કામ માટે 13થી 15 વર્ષના વ્યક્તિઓને રોજગાર આપવાની છૂટ આપે છે તે નીચે મુજબ છે-

(a) કામ કરવાની પરિસ્થિતિ બાળકના આરોગ્ય અથવા વિકાસ માટે હાનિકારક ના હોવું જોઇએ, અને
(b) પરિસ્થિતિ બાળકની શાળામાં હાજરી, સક્ષમ સત્તાવાળા દ્વારા મંજૂર થયેલી વ્યવસાયિક તાલીમ કાર્યક્રમોમાં તેમની સહભાગિતા અને મેળવેલી સૂચનાઓમાંથી લાભો મેળવવાની ક્ષમતાને જોખમમાં મૂકે તેવી ના હોવી જોઇએ.

બાળકો અને યુવા વ્યક્તિઓ દ્વારા શાળામાં સામાન્ય કે અન્ય તાલીમ સંસ્થાઓમાં વ્યવસાયિક કે તકનીકી શિક્ષણના ઉદ્દેશ માટે કરવામાં આવેલા કામ અથવા એવી સંસ્થાઓમાં ઓછામાં ઓછી 14 વર્ષની વ્યક્તિ દ્વારા કરાયેલા કામ કે જ્યાં રોજગારદાતાઓ અને સંબંધિત કામદારોના સંગઠન સાથે પરામર્શ બાદ સક્ષમ સત્તા દ્વારા નિર્ધારિત કરાયેલી શરતોને અનુરૂપ કામ થાય છે, જ્યાં આવું કામ થાય છે અને તે નીચેનાનો અભિન્ન અંગે છે તેના પર આઇએલઓ નિયમ 138 લાગુ પડતો નથી-

a) શિક્ષણ અથવા તાલીમનો કોર્સ જેના માટે શાળા અથવા તાલીમ સંસ્થા પ્રાથમિક રીતે જવાબદાર છે;
b) મુખ્ય અથવા સમગ્ર રીતે બાંયધરીમાં હાથ ધરવામાં આવેલો તાલીમ કાર્યક્રમ, જેને સક્ષમ સત્તા દ્વારા મંજૂરી આપવામાં આવેલી છે;
c) અથવા વ્યવસાય અથવા તાલીમની પસંદગીમાં મદદ કરવા માટે તૈયાર કરવામાં આવેલો માર્ગદર્શન અથવા અભિગમનો કાર્યક્રમ.

આઇએલઓ નિયમ 182 બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો પર પ્રતિબંધ મૂકવાની અને નાબૂદ કરવાની હાકલ કરે છે અને 18 વર્ષથી નીચેના તમામ બાળકો પર લાગુ પડે છે.
આઇએલઓ નિયમ 182ની સાથે ભલામણ 190 પણ છે જે કામને 'જોખમી' ગણવું કે નહીં તેના પર માર્ગદર્શન આપે છે.

- ***જોખમી કામ***: બાળકના શારીરિક અથવા માનસિક સુખાકારી પર જોખમ ઊભું કરે તેવા પ્રકારનું અથવા તેવી પરિસ્થિતિઓમાં થતું કામ. માટે આઇએલઓ ભલામણ 190 નોંધે છે કે, કામ **જોખમી કામ** છે કે નહીં તે નક્કી કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં લેવી જોઇએ
  - બાળક પર શારીરિક, માનસિક અથવા જાતિય શોષણનું જોખમ ઊભું કરે તેવું કામ;
  - ભૂગર્ભમાં, પાણીની નીચે, ભયાનક ઊંચાઇએ અથવા બંધિયાર જગ્યામાં કામ;
  - ખતરનાક યંત્રો, ઉપકરણો અને સાધનો સાથે કરવું પડતું કામ અથવા જેમાં હાથથી કામ કરવું પડતું હોય અથવા ભારે વજનનું પરિવહન કરવું પડતું હોય તેવું કામ;
  - બિનતંદુરસ્ત પર્યાવરણમાં કામ જે બાળકને જોખમી પદાર્થો, એજન્ટો કે પ્રક્રિયાઓ અથવા તાપમાન, ઘોંઘાટ સ્તર અથવા તેમના આરોગ્યને હાનિકારક કંપનોના સંપર્કમાં લાવે;

**ક્યા ક્ષેત્રો અને/અથવા પ્રવૃત્તિઓને 'જોખમી' ગણવામાં આવે છે?**

*જોખમી કામની વ્યાખ્યા એક દેશથી બીજા દેશે બદલાય છે. ઘણા દેશોએ હવે બાળકો માટે જોખમી કામોની યાદી તૈયાર કરી છે પરંતુ ઘણા દેશોએ તેમની યાદી સુધારવાની બાકી છે અને અન્ય કેટલાક દેશોએ હજું યાદી જ તૈયાર નથી કરી.*

આઇએલઓ ભલામણ 190 નોંધે છે કે રાષ્ટ્રીય કાયદાઓ અથવા નિયમનો અથવા સક્ષમ સત્તાવાળા કામદારો અને રોજગારદાતાઓના સંગઠન સાથે પરામર્શ બાદ તેવી શરત સાથે 16 વર્ષની વ્યક્તિને કામે રાખવાની સત્તા આપી શકે છે કે બાળકના આરોગ્ય, સલામતી અને નૈતિકતાનું સંપૂર્ણ રક્ષણ થાય છે અને બાળકે પ્રવૃત્તિની સંબંધિત શાખામાં કામ કરવા માટે ચોક્કસ સૂચના અથવા વ્યવસાયિક તાલીમ મેળવેલી છે.

- ○ લાંબા કલાકો સુધી કામ અથવા રાત્રે કામ જેવી ચોક્કસ મુશ્કેલ પરિસ્થિતિઓમાં કામ અથવા બાળકને રોજગારદાતાના પરિસરમાં બંધિયાર જગ્યામાં અનુચિત રીતે કરવું પડતું કામ.

- ***બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો:*** આઇએલઓ નિયમ 182 'બાળમજૂરીના બિનશરતી સૌથી ખરાબ સ્વરૂપો' તાત્કાલિક દૂર કરવાની હાકલ કરે છે અને 18 વર્ષથી નીચેની કોઇ પણ વ્યક્તિને બાળક તરીકે વ્યાખ્યાયિત કરે છે. ગુલામી, તસ્કરી અને વેઠના અન્ય સ્વરૂપો, લશ્કરી અથડામણોમાં ફરજિયાત ભરતી, વેશ્યાવૃત્તિ, પોર્નોગ્રાફી અને અન્ય ગેરકાનૂની પ્રવૃત્તિઓને 'બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.

નિયમો 138 અને 182ને આઇએલઓ દ્વારા 'મુખ્ય નિયમો' તરીકે વ્યાખ્યાયિત કર્યા છે. વધુમાં બાળમજૂરીની અસરકારક નાબૂદીને પણ આઇએલઓ 1998 ડેક્લેરેશન ઓફ ફન્ડામેન્ટલ પ્રિન્સિપલ્સ એન્ડ રાઇટ્સ એટ વર્કમાં સમાવવામાં આવી છે. આઇએલઓના તમામ સભ્ય રાષ્ટ્રો જાહેરનામાના સિદ્ધાંતના પ્રચાર-પ્રસાર અને આદર માટે બંધાયેલા છે, ભલે તેમણે મુખ્ય નિયમો ઘડ્યા હોય કે પછી ના ઘડ્યા હોય.

**રાષ્ટ્રીય કાયદો**

મોટા ભાગના દેશો કામ માટે લઘુતમ વય અંગે રાષ્ટ્રીય કાયદા ધરાવે છે, કેટલીક વખત અલગ ક્ષેત્રો માટે ચોક્કસ જોગવાઈ પણ કરવામાં આવે છે. આરજેસીના સભ્યોએ રાષ્ટ્રીય કાયદાની જરૂરિયાત અનુસરવી જોઇએ જ્યાં તે આઇએલઓ કરતા વધુ આકરા માપદંડ નિર્ધારિત કરે છે.

**બાળ અને તરૂણ મજૂરી (નિવારણ અને નિમયન ધારો) ભારત**

28 ઓગસ્ટ 2012ના રોજ ભારતના કેન્દ્રીય કેબિનેટે બાળ અને તરૂણ મજૂરી (નિવારણ અને નિયમન) ધારો 1986માં સુધારા કરવાની મંજૂરી આપી હતી. જો આ કાયદાનો અમલ થાય તો, સુનિશ્ચિત કરશે કે 14 વર્ષથી નીચેના તમામ પ્રકારની બાળમજૂરી પર પ્રતિબંધ મૂકવામાં આવે, 14 વર્ષથી નીચેના બાળકને નોકરીએ રાખવા ફોજદારી ગૂનો બનાવવામાં આવે અને જોખમી કામમાં 14-18 વર્ષના બાળકો (કાયદામાં તેનો તરૂણ તરીકે ઉલ્લેખ થયેલો છે)ને રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

2012 સુધારા ખરડા હેઠળ જેને 'જોખમી કામ' ગણવામાં આવ્યું છ તેમાં નીચેના 'વ્યવસાયો' જેઓ આરજેસી સભ્યોને સુસંગત હોઇ શકે છે. ખાણ (ભૂગર્ભ અને પાણી નીચે) અને કોલોરીઝ સાથે સંકળાયેલો કોઇ પણ વ્યવસાય; રત્ન કટિંગ અને પોલિશિંગ, અને નીચેની પ્રક્રિયાઓ: સીસુ, પારો, મેંગેનીઝ, ક્રોમિયમ, કેડમિયમ, બેન્ઝિન, જંતુનાશક દવાઓ અને એસ્બેસ્ટોઝ જેવી ઝેરી ધાતુઓ અને પદાર્થોનો ઉપયોગનો સમાવેશ થાય છે. 18 વર્ષથી નીચેના કોઇ પણ વ્યક્તિને આ ક્ષેત્રોમાં કામ કરવાની પરવાનગી નથી.

બાળ અને તરૂણ મજૂરી (નિવારણ અને નિયમન) સુધારા ખરડો (2012) વાંચવા માટે મુલાકાત લો:
www.prsindia.org/uploads/media/Child%20Labour/Child%20Labour%20%28Prohibition%20and%20Regulation%29%20%28A%29%20Bill,%202012.pdf

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારસંહિતાની ફરજિયાત જરૂરિયાતોનું પાલન કરવા માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. આ માર્ગદર્શન આદર્શમુલક નથી પરંતુ તેને માહિતી અને સહાય માટે પ્રારંભ બિંદુ તરીકે જોઇ શકાય.*

- ***સીઓપી 17.1: કામ કરવાની લઘુતમ મૂળભૂત વય 15 વર્ષ:*** *આઇએલઓ કન્વેંશન 138માં અને ભલામણ 146માં વ્યાખ્યા કર્યા મુજબ, સભ્યો બાળ મજૂરોને રાખશે નહીં અથવા તેને ટેકો આપશે નહીં, જે કામ માટે નીચેની લઘુતમ ઉંમરો સુયોજિત કરે છે:*
  *a) મૂળભૂત ન્યૂનતમ કામ માટેની વય 15 વર્ષની છે, જેથી બાળકને ફરજિયાત શિક્ષણ પુરૂં કરાવી શકાય..*
  *b) જે સભ્યો વિકસિત દેશોમાં કામગીરી ચલાવી રહ્યાં છે કે જ્યાં ફરજિયાત શિક્ષણ 15 વર્ષ કરતાં પહેલાં પૂર્ણ થઈ જાય છે, લાગુ પડતા કાયદાને આધીન ન્યુનતમ કામની વય 14 વર્ષને પરવાનગી આપી શકે છે, પરંતુ સભ્યના પ્રથમ પ્રમાણીકરણ સમયગાળાની પૂર્ણતા સુધીમાં સુવિધાઓમાં ન્યૂનતમ કામની વય 15 વર્ષની હાંસલ કરી લેવી જોઇએ.*

- ***સીઓપી 17.2: બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો:*** *આઇએલઓ કન્વેંશન 182 અને ભલામણ 190માં વ્યાખ્યાયિત કર્યા મુજબ, સભ્યો બાળ મજૂરોના ખરાબમાં ખરાબ સ્વરૂપોમાં જોડાશે નહીં અથવા તેને ટેકો નહીં આપે, જેમાં સમાવેશ થાય છે:*
  *a) જોખમી બાળ મજૂરી, જે સ્વભાવગત અથવા સંજોગોથી 18 વર્ષથી નાના વ્યક્તિઓના આરોગ્ય, સલામતી અથવા નૈતિકતાને સંકટમાં મૂકવાની શક્યતા ધરાવે છે. જ્યાં લાગુ પડતા કાયદા દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને જોખમોની આકારણી અને આરોગ્ય અને સલામતી હેઠળ નિયંત્રણોના અમલીકરણ દ્વારા ટેકો આપવામાં આવ્યો છે, ત્યાં કામની ન્યૂનતમ વય 16 ને એ શરતે પરવાનગી આપવામાં આવી છે કે સંબંધિત બાળકોના આરોગ્ય, સલામતી અને નૈતિકતાને સંપૂર્ણપણે સુરક્ષિત કરવામાં આવશે, અને એ કે બાળકોને પ્રવૃત્તિની સંલગ્ન શાખામાં પૂરતી નિર્દિષ્ટ સૂચના અથવા વ્યાવસાયિક તાલીમ પ્રાપ્ત કરાવવામાં આવી છે.*
  *b) ઋણ બંધન, બાળ તસ્કરી, ફરજિયાત બાળ મજૂરી અને સશસ્ત્ર ઘર્ષણમાં બાળકોના ઉપયોગ સહિત બધા જ પ્રકારની બાળ ગુલામી અને ગુલામીને સમાન પદ્ધતિઓ.*

***17.1 અને 17.2 માટે વિચારણા માટેના મુદ્દાઓ:***

- બાળમજૂરીનું જોખમ ક્યાં છે તેની મૂલવણી કરવા માટે કારોબારના સંજોગોને અનુરૂપ જોખમ મૂલવણીનો ઉપયોગ કરી શકાય છે. ખાસ કરીને નાના અને મધ્યમ એકમો માટે ઉપયોગ કરી શકાય તેવા સામાન્ય જોખમ મૂલવણી ટેમ્પલેટ માટે આરજેસી જોખમ મૂલવણી ટૂલકિટ જૂઓ. બાળમજૂરીના પ્રત્યક્ષ અને પરોક્ષ જોખમનું મૂલ્યાંકન કરવા માટે માનવ અધિકાર ડ્યૂ ડિલિજેન્સ ટૂલકીટનો પણ ઉપયોગ કરી શકાય છે. મૂલવણીમાં સામેલ મુદ્દાઓ નીચે મુજબ છે:
  - જોખમી મજૂરીના વિસ્તારો, કામની સામે વર્તમાન કામદારોની વયનું મેપિંગ કરવું. પુષ્ટિ કરો કે 18 વર્ષથી નીચેની વયની કોઇ પણ વ્યક્તિ જોખમી કામમાં સામેલ નથી.
  - સભ્યના એકમોમાં કામ કરતા કોન્ટ્રાક્ટરો.
  - પરપ્રાંતીય કામદારો અને વ્યક્તિગત ઓળખ માહિતીની પ્રાપ્યતા.
  - સંભવિત આપૂર્તિકાર સાંકળ જોખમ તરીકે આપૂર્તિકાર/પેટા-કોન્ટ્રાક્ટરો સાથે સંબંધો (**માનવ અધિકારો** પર માર્ગદર્શન પણ જૂઓ)
  - કુશળ કામદાર ખનન પ્રાપ્તીના સૂત્રો (**કુશળ કામદાર અને નાના પાયે ખનનમાંથી પ્રાપ્તી** પર માર્ગદર્શન પણ જૂઓ)

- પુષ્ટિ કરો કે બાળમજૂરીની સમસ્યા અંગે જાગૃતિ અને જવાબદારી માનવ સંસાધન વિભાગ જેવા વરિષ્ઠ વ્યવસ્થાપન કાર્યનો ભાગ છે.
- બાળમજૂરી સામે નીતિઓ અને કાર્યવાહીઓ ઘડો. તેમાં ભરતી પહેલા વયની ખરાઈ કરવા માટેની અસરકારક કાર્યવાહી અને વયના પુરાવા સાથે યોગ્ય ઓળખ ના ધરાવતો હોય અને 18 વર્ષથી નીચેની વયનો દેખાતો હોય તેવા કોઇ પણ વ્યક્તિની રોજગારીમાં નહીં સ્વીકારવા અંગેની અસરકારક કાર્યવાહીનો સમાવેશ થવો જોઇએ. જ્યાં ઓન-સાઇટ કોન્ટ્રાક્ટરો છે ત્યાં સુનિશ્ચિત કરો કે તેઓ તમારી બાળમજૂરી નીતિનું પાલન કરે છે.
- સભ્યોએ આરજેસીના ઓડિટ પૂર્વે ઓછી વયના કામદારોને બરતરફ કરવાના કૃત્યમાં ના પડવું જોઇએ.
- નોંધોની જાળવણી*:* કામદારની વય અંગેના દસ્તાવેજી પુરાવા (અથવા તેને સમકક્ષ, ઉદાહરણ તરીકે લાંબા ગાળાના કર્મચારીઓની પ્રારંભ તારીખો)ની નકલો ફાઇલ પર જાળવો. કોઇ પણ સંભવિત અસમાનતા તપાસો. 18 વર્ષથી ઓછી વયના કોઇ પણ કામદારની નોંધોમાં તેની ભૂમિકા કે ફરજનું વર્ણન થયેલું હોવું જોઇએ જેથી પુષ્ટી કરી શકાય કે તે જોખમી કામ અથવા બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપોમાં કામ નથી કરતો.
- નોંધઃ આઇએલઓ નિયમ *182* અને ભલામણ *190* અંતર્ગત બાળકના આરોગ્ય અને સલામતીને કોઇ જોખમ ના હોય, અથવા તેના શિક્ષણ અથવા વ્યવસાયિક અભિગમ અને તાલીમમાં કોઇ અવરોધ ઊભો ના થતો હોય તો 13થી 15 વર્ષના બાળકોને હળવા કામની છૂટ છે.

- ***સીઓપી* 17.3: *એકમમાં બાળમજૂરી ક્યાં જોવા*** મળે છે *17.1*માં આપ્યું હોવા છતાં પણ, જ્યાં સુવિધાઓમાં બાળ મજૂરી મળી આવશે ત્યાં, સભ્યોએ દસ્તાવેજીત બાળ મજૂરી ઉપાય પ્રક્રિયાઓ વિકસિત કરવાની રહેશે જેમાં બાળકના સતત કલ્યાણ માટેનાં પગલાઓનો અને બાળકના પરિવારની નાણાકીય સ્થિતિને ધ્યાન પર લેવાનો સમાવેશ થાય છે. ઉપાયોમાં સમાવેશ થાય છે:
  - *a)* બાળ મજૂરીમાં રોકવામાં આવેલ કોઇપણ બાળકને તાત્કાલિક પાછો ખેંચી લેવું.
  - b) હજુ પણ ફરજિયાત શિક્ષણ કાયદાઓને અથવા શાળામાં હાજરી આપવાને આધીન ન હોય તેવા બાળક માટે, વૈકલ્પિક આવકના સાધન અને/અથવા વ્યાવસાયિક તાલીમ તકો શોધવી,

**આફ્રિકાના એચઆઇવી/એઇડ્ઝ અનાથ બાળકો**

આફ્રિકામાં કેટલાક બાળકોએ કામ માંગવું જ પડે છે કારણકે તેઓ એચઆઇવી/એઇડ્ઝ ધરાવતા અનાથ બાળકો છે. કેટલાક દેશોમાં આ બાળકો એએસએમ કામગીરીઓમાં કામ કરે છે. નિર્વાહ તકનો ઇનકાર કરવો અથવા સભાનપણે બાળ મજૂરીનો સ્વીકાર કરવાનો નિર્ણય એએસએમ સમુદાયો માટે ગંભીર દ્વિધા પેદા કરી શકે છે. એલાયન્સ ફોર રીસ્પોન્સિબલ માઇનિંગે ફેરમાઇન્ડ સ્ટાન્ડર્ડ ઘડતરમાં આ મુદ્દાઓને ધ્યાનમાં લીધા છે, જે આરજેસી વ્યવહારસંહિતાના અભિગમને સમાન છે.

જો એએસએમ માઇનિંગ વિસ્તારમાં બાળક મોભી હોય તેવા પરિવારમાં રહેતા બાળકો અને/અથવા પરિવાર અથવા વાલી સંભાળની બહાર રહેતા બાળકો બાળમજૂરીમાં જોવા મળે તો અસરગ્રસ્ત બાળકોનું કલ્યાણ અને સલામતી સુનિશ્ચિત કરવા માટે યુએનસીઆરસીના માર્ગદર્શક સિદ્ધાંતોનો ઉપયોગ કરવો જ જોઇએ.

જો બાળ મજૂરીના સૌથી ખરાબ સ્વરૂપોમાં મોટી ઉંમરના (15-18 વર્ષના) બાળકો જોવા મળે તો તેમને તાત્કાલિક પાછા ખેંચી લેવા જોઇએ અને સલામત વૈકલ્પિક આવક સર્જન તકો પેદા કરવી જોઇએ જેમાં જો તેઓ 15 વર્ષથી નીચેની વયના (અથવા રાષ્ટ્રીય કાયદા દ્વારા નિર્ધારિત કર્યા મુજબ વધુ ઉંમરના) હોય તો ફ્લેક્સિબલ સ્કૂલિંગનો પણ સમાવેશ થાય છે.

જ્યાં સભ્યો એએસએમમાં અથવા તેમના એકમોમાં બાળમજૂરીની હાજરી ઓળખે છે પરંતુ તે તેમના નિયંત્રણ હેઠળ નથી ત્યાં સભ્યોએ, સીઓપી 33ના ભાગ રૂપે, અને જ્યાં સીઓપી *7* હેઠળ સોર્સિંગ સંબોધમાં છે, ઉપાય પ્રક્રિયાના ભાગ તરીકે માઇનિંગમાંથી બાળમજૂરો પાછા ખેંચવાના ઇરાદાવાળા કાર્યક્રમોને સહાય પૂરી પાડવી જોઇએ.

જેમાં માફકસર અને સ્વીકાર્ય રોજગારનો સમાવેશ કરી શકાય..

*c)* હજુ પણ ફરજિયાત શિક્ષણ કાયદાઓને અથવા શાળામાં હાજરી આપવાને આધીન હોય તેવા બાળક માટે, બાળક શાળાએ જતું થાય અને ફરજિયાત શિક્ષણની પૂર્ણતા સુધી શાળામાં જ રહે તેના માટે પુરતો ટેકો આપવો.

*d)* બિન-અનુકૂલનના મૂળભૂત કારણોને ઓળખવા અને કોઇ પણ પુન:આવર્તનને ટાળવા માટે નિયંત્રણોના અમલ માટે બાળ મજૂરીને ટાળવાના સભ્યના અભિગમની પદ્ધતિસરની સમીક્ષા

***વિચારણા માટેના મુદ્દાઓ:***

- યાદ રાખો કે બાળમજૂરીના બનાવો પર નોંધપાત્ર પ્રતિભાવ જરૂરી છે જે સ્થાનિક સંજોગો અને લાગુ પડતા કાયદાઓને ધ્યાનમાં લે છે.
- આઇએલઓ નિયમો અને/અથવા લાગુ પડતા રાષ્ટ્રીય કાયદા સાથે બિન-સમાનુરૂપતાના બનાવો સામે કામ કરવા માટે યોગ્ય ઉપાય વ્યૂહરચના વિકસાવો.
  - જો બાળકો જોખમી કામ કરતા જણાય તો તેમને તે કાર્યોમાંથી તાત્કાલિક દૂર કરવા જોઇએ. બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપોની સ્થિતિઓ ગુનો હોઇ શકે છે માટે તેની સંબંધિત સત્તાવાળાઓને જાણ કરવું જરૂરી છે.
  - જો જોખમી કામમાં સામેલ ના હોય તો બાળકોને તેમના પરિવારોને સહાય માટે યોગ્ય વૈકલ્પિક સ્રોત ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવું જોઇએ. બાળકોને સારું શિક્ષણ મળવું જોઇએ અને તેઓ જ્યારે શાળા છોડે ત્યારે તેમને અર્થપૂર્ણ રોજગારી મળવી જોઇએ. આ તેવા સંજોગામાં ખાસ કરીને મહત્ત્વનું છે જ્યાં રોજગારીમાંથી પાછા ખેંચી લીધા બાદ બાળકો બિનનિયંત્રિત કાર્ય સ્થિતિઓ ધરાવતી અન્ય સંસ્થાઓમાં કામ કરવાનું જોખમ હોય.
  - બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપોમાં કામ ન કરતો બાળક ઉપાય પ્રક્રિયા દરમિયાન આંશિક રોજગારી પર હોય ત્યારે તે સુનિશ્ચિત કરવું મહત્ત્વનું છે કે તેમની પાસે શાળાના કલાકો દરમિયાન કામ ન કરાવાય, શાળાએ અને કામે આવવા અને જવાનો કુલ સમય દિવસના 10 કલાકથી વધુ ના હોય, રાત્રે વિરામનો ઓછામાં ઓછો 12 કલાકનો સમય હોય અને સાપ્તાહિક વિરામ દિવસો હોય; બાળકના કામની ઉચિત ચુકવણી થાય અને ઓવરટાઇમ પર પ્રતિબંધ હોય. વ્યહારમાં આ પરિણામો હાંસલ કરવાની શક્યતાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું જોઇએ.
  - આરજેસી સિસ્ટમ હેઠળ, ઉપરોક્ત બાબતો મારફતે બાળમજૂરીના ઉપાયને ગંભીર ભંગની સ્થિતિ નહીં ગણવામાં આવે. જોકે, કારોબારે વધુ બાળકો કામે ન લગાડવા પડે તે માટેની કાર્યવાહી તાત્કાલિક વિકસાવવી જ જોઇએ.
- સુનિશ્ચિત કરો કે બાળક દ્વારા કરવામાં આવતું કોઇ પણ કામ તેના શિક્ષણને હસ્તક્ષેપ ના કરે. રોજગારીમાં જોવા મળતા યુવા વ્યક્તિઓ માટે સુનિયોજિત ઔપચારિક શિક્ષણ કાર્યક્રમ હોવો જોઇએ.
- બાળમજૂરીના મૂળ નાબુદ કરવાના ઇરાદા સાથે સહાયક સામુદાયિક વિકાસ કાર્યક્રમો અંગે વિચારો. રાષ્ટ્રીય અથવા સ્થાનિક સરકાર જેવી અન્ય એજન્સીઓ, ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, મજૂરસંઘો, સ્વૈચ્છિક સંગઠનો અને સામુદાયિક જૂથોના સહકાર દ્વારા જ સામાન્ય રીતે તેનો અમલ થઇ શકે છે.કંપની નીચેનો ઇરાદો ધરાવતા કાર્યક્રમો અને પ્રોજેક્ટ વિચારી શકે છે 1) શિક્ષણની સુલભતા વધારવી અને 2) બાળકોના મોટા જૂથોને બાળમજૂરીમાંથી પાછા ખેંચવા અને તેમને શાળા અથવા વ્યવસાયિક તાલીમમાં દાખલ કરવા.

**તપાસો:**

- ✓ બાળમજૂરીની સમસ્યા અંગે જાગૃતિ અને જવાબદારી માનવ સંસાધન વિભાગ જેવા વરિષ્ઠ વ્યવસ્થાપન કાર્યનો ભાગ છે?
- ✓ શું તમે ઓડિટરને બાળમજૂર વિરોધી લેખિત નીતિ કટિબદ્ધતા બતાવી શકો છો?
- ✓ તમે જોખમી મજૂરીના વિસ્તારો ઓળખ્યા છે અને કોઇ પણ કામદાર 18 વર્ષથી નીચેનો નથી તે સુનિશ્ચિત કરવા તપાસ કરી છે?
- ✓ ઉંમરની ખરાઈ કરવા અને રેકોર્ડ્સ જાળવવા તમે યોગ્ય કાર્યવાહી ધરાવો છો?
- ✓ જો રોજગારીમાં કોઇ પણ બાળક જણાય તો જોગવાઈ 17.3ને અનુરૂપ યોગ્ય ઉપાય કાર્યક્રમ અમલમાં છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઈટો બાળમજૂરી મુદ્દે વધારાની માહિતી ધરાવે છે:

- ચાઇલ્ડ લેબર પ્લેટફોર્મ – રિપોર્ટ 2010-2011. બિઝનેસ પ્રેક્ટિસિસ એન્ડ લેસન્સ ઓન એડ્રેસિંગ ચાઇલ્ડ લેબર (2011)
  www.gcnetherlands.nl/docs/child_labour_platform_report_2010-2011.pdf
- હ્યુમન રાઇટ્સ વોચ – એ પોઇઝનસ મિક્સ. ચાઇલ્ડ લેબર, મર્ક્યુરી એન્ડ આર્ટિઝનલ ગોલ્ડ માઇનિંગ ઇન માલી (2011)
  www.hrw.org/sites/default/files/reports/mali1211_forinsertWebUpload_0.pdf
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – વોટ ઇસ ચાઇલ્ડ લેબર?
  www.ilo.org/ipec/facts/lang--en/index.htm
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) નિયમ 138 - લઘુતમ વય (1976)
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?C138
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) ભલામણ 146 - લઘુતમ વય (1976)
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?R146
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) નિયમ 182 - બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો (1999)
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?C182
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) ભલામણ 190 – બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપો (1999)
  www.ilo.org/dyn/normlex/en/f?p=NORMLEXPUB:12100:0::NO:12100:P12100_INSTRUMENT_ID:312528:NO
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – એમ્પ્લોયર્સ એન્ડ વર્કર્સ હેન્ડબુક ઓન હેઝાર્ડસ ચાઇલ્ડ લેબર (2011)
  www.ilo.org/public/english/dialogue/actemp/downloads/projects/cl_handbook.pdf
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – એક્સિલરેટિંગ એક્શન અગેઇન્સ્ટ ચાઇલ્ડ લેબર. આઇએલઓ ગ્લોબલ રિપોર્ટ ઓન ચાઇલ્ડ લેબર (2010)
  www.ilo.org/wcmsp5/groups/public/---dgreports/---dcomm/documents/publication/wcms_126752.pdf
- ઇન્ટરનેશનલ પ્રોગ્રામ ઓન ધ એલિમિનેશન ઓફ ચાઇલ્ડ લેબર (આઇપીઇસી)
  www.ilo.org/ipec/index.htm

- ઇન્ટરનેશનલ પ્રોગ્રામ ઓન ધ એલિમિનેશન ઓફ ચાઇલ્ડ લેબર (આઇપીઇસી) – ચિલ્ડ્રન ઇન હેઝાર્ડસ વર્ક (2011)
  www.ilo.org/public/english/dialogue/actemp/downloads/projects/cl_handbook.pdf
- આઇએલઓ/આઇપીઇસી- ટ્રેકિંગ ચાઇલ્ડ લેબર: ફ્રોમ કમિટમેન્ટ ટુ એક્શન (2012)
  www.ilo.org/ipec/Informationresources/WCMS_181875/lang--en/index.htm
- સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) – સોશિયલ એકાઉન્ટેબિલિટી એસએ 8000 ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ (2008)
  www.sa-intl.org/_data/n_0001/resources/live/2008StdEnglishFinal.pdf
- સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) - એસએ® 8000 એબ્રિજ્ડ ગાઇડન્સ: 2008 સ્ટાન્ડર્ડ
  www.sa-intl.org/_data/n_0001/resources/live/SAI_AbridgedGuidance_SA8000_2008.pdf
- યુનિસેફ – ચાઇલ્ડ લેબર રિસોર્સ ગાઇડ
  www.unicef.org.uk/campaigns/publications/clrg/index.asp
- યુનિસેફ/યુએલ ગ્લોબલ કોમ્પેક્ટ /સેવ ધ ચિલ્ડ્રન- ચિલ્ડ્રન્સ રાઇટ્સ એન્ડ બિઝનેસ પ્રિન્સિપલ્સ (2012)
  www.unglobalcompact.org/docs/issues_doc/human_rights/CRBP/Childrens_Rights_and_Business_Principles.pdf
- યુનાઇટેડ નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ- પ્રિન્સિપલ 5 ઓન ચાઇલ્ડ લેબર
  www.unglobalcompact.org/AboutTheGC/TheTenPrinciples/principle5.html
- યુનાઇટેડ નેશન્સ ગાઇડિંગ પ્રિન્સિપલ્સ ઓન બિઝનેસ એન્ડ હ્યુમન રાઇટ્સ
  http://www.ohchr.org/Documents/Publications/GuidingPrinciplesBusinessHR_EN.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 18) વેઠ

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

વેઠ એ એવું કાર્ય અથવા સેવા છે જે કોઇ વ્યક્તિ પાસેથી દંડની ધમકી હેઠળ કરાવવામાં આવે અને જે કામ કરવા માટે કથિત વ્યક્તિ સ્વૈચ્છિક રીતે તૈયાર ન હોય. તેમાં એવા કામ અથવા સેવાનો સમાવેશ થાય છે જે ઋણની વસુલી કરવા માટે કરાવવામાં આવે છે.

વેઠના પ્રકારમાં સામેલ છેઃ

**વેઠિયો**, જે 'બંધુઆ મજૂર' પણ કહેવાય છે જેમાં કોઇ રોજગારદાતા અથવા મજૂરની ભરતી કરનાર પાસેથી કોઇ કામદાર લોન અથવા એડવાન્સમાં નાણાં મેળવે છે, જેના બદલામાં તે લોનની પુનઃચૂકવણી માટે પોતાની મજૂરીની અથવા ઘણી વખત પોતાના પરિવારજનોનો દ્વારા મજૂરી કરવાની ખાતરી આપે છે. લોન અથવા કામની શરતો એવી હોય છે જેમાં કામદાર રોજગારદાતા પાસે વર્ષો સુધી ફસાયેલ રહે છે અને લોનની પુનઃચૂકવણી કરી શરતો નથી.

**ગિરમીટિયો** ત્યારે કહેવાય જ્યારે ત્રીજો પક્ષ, ઘણી વખત માતા-પિતા અથવા વાલી, નાણાંના બદલામાં કામદાર આપવાની દરખાસ્ત કરે. આવી સ્થિતિમાં કામદારે ચોક્કસ સમયગાળા સુધી કામ કરવું પડે છે અથવા માલિક નક્કી કરે કે તેને પૂરતું મૂલ્ય મળી ગયું છે ત્યાં સુધી કામ કરાવવામાં આવે છે.

**જેલ મજૂરીઃ** જે કેદીને કોર્ટ દ્વારા દોષિત જાહેર કરવામાં આવ્યો ન હોય અને જેનું કામ જાહેર સત્તાવાળા દ્વારા દેખરેખ હેઠળ ન હોય તેના દ્વારા અનૈચ્છિક રીતે કરવામાં આવેલું કામ વેઠ ગણાય. તેવી જ રીતે કોઇ કેદી દ્વારા કોઈ ખાનગી સાહસ માટે કરવામાં આવતું અનૈચ્છિક કામ પણ વેઠ ગણાય.

**માનવ તસ્કરી**: ધમકી, બળપ્રયોગ અથવા દબાણ, અપહરણ, છેતરપિંડી, બનાવટ, સત્તાના દુરુપયોગ અથવા નબળી પરિસ્થિતનો ઉપયોગ અથવા ચૂકવણી કરીને કે સ્વીકારીને અથવા શોષણના હેતુથી અન્ય વ્યક્તિ પર નિયંત્રણ ધરાવતી વ્યક્તિની સહમતી મેળવવા માટે માણસોની ભરતી, પરિવહન, તબદિલી, રક્ષણ અથવા સ્વીકારવાનો માનવ તસ્કરી કહેવામાં આવે છે. માનવ તસ્કરીથી વેઠ સર્જાઇ શકે છે.

*સ્રોતઃ*

- *ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) નિયમ 29 – ફોર્સ્ડ ઓર કમ્પલસરી લેબર (1930)* www.ilo.org/dyn/normlex/en/f?p=NORMLEXPUB:12100:0::NO:12100:P12100_ILO_CODE:C029
- *ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – કોમ્બેટિંગ ફોર્સ્ડ લેબરઃ એ હેન્ડબુક ફોર એમ્પ્લોયર એન્ડ બિઝનેસ (2008)* www.ilo.org/sapfl/Informationresources/ILOPublications/WCMS_101171/lang--en/index.htm
- *સોશિયલ એકાઉન્ટિબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) – સોશિયલ એકાઉન્ટેબિલિટી એસએ 8000 ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ (2008)*

www.sa-intl.org/_data/n_0001/resources/live/2008StdEnglishFinal.pdf

- યુએન પ્રોટોકોલ પ્રિવેન્ટ, સપ્રેસ એન્ડ પનિશ ધ ટ્રાફિકિંગ ઇન પર્સન્સ, ઇસ્પેશિયલી વિમેન એન્ડ ચિલ્ડ્રન *(2000)*
  www.uncjin.org/Documents/નિયમો/dcatoc/final_documents_2/નિયમ_%20traff_eng.pdf

સીઓપીનો **વેઠ** કલમ કર્મચારીઓ ધરાવતા તમામ એકમો પર લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

વેઠ એ વૈશ્વિક સમસ્યા છે જે ઔદ્યોગિક તેમજ વિકાસશીલ દેશોમાં, ઔપચારિક અને અનૌપચારિક અર્થતંત્રોમાં, બહુરાષ્ટ્રીય કંપનીઓ તથા નાના અને મધ્યમ સાહસોની વૈશ્વિક પુરવઠા શૃંખલામાં પ્રવર્તમાન છે. વૈશ્વિક સ્તરે લગભગ 20.9 કરોડ લોકો વેઠનો ભોગ બન્યા છે જેમાં મહિલાઓ અને પુરુષો, પુખ્તવયના અને બાળકો સામેલ છે. આઇએલઓના અંદાજ પ્રમાણે વેઠનો ભોગ બનેલા મોટા ભાગના લોકોનું ખાનગી એજન્ટો દ્વારા શોષણ કરવામાં આવે છે.

વેઠ અનેક સ્વરૂપમાં હોઈ શકે છે. જોકે કેટલાક સરકાર દ્વારા થાય છે, પરંતુ મોટા ભાગે તે ખાનગી અર્થતંત્રમાં થાય છે.વેઠ સાથે ઘણી વખત શારીરિક હિંસા અથવા જાતિય દુર્વ્યવહાર સંકળાયેલ હોય છે. કામદારને વેતન અથવા અન્ય વળતર આપવામાં આવે તેનો અર્થ એ નથી કે દબાણપૂર્વક અથવા ફરજિયાત મજૂરી નથી કરાવવામાં આવી. વેઠમાં એવી સ્થિતિનો પણ સમાવેશ થાય છે જેમાં કામદારો દંડ અથવા દંડની ધમકીનો સામનો કર્યા વગર પોતાનું કામ છોડી શકતા નથી. આ દંડમાં શારીરિક બંધન અથવા સજાનો સમાવેશ હોઇ શકે છે, પરંતુ તેમાં દુર્વ્યવહારના અન્ય સ્વરૂપનો પણ સમાવેશ થાય છે જેમ કે દેશ છોડાવવાની ધમકી, કામદારની હિલચાલ પર નિયંત્રણ, પાસપોર્ટ જપ્ત કરવું, અથવા વેતનની ચૂકવણી ન કરવી જેના કારણે કામદાર રોજગાર અથવા રોજગારદાતા સાથે બંધાઇ જાય છે.

વેઠ માટે નીચે આપેલા ઉદાહરણો હીરા, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુ જ્વેલરીની પુરવઠા શૃંખલા માટે લાગુ પડે છે:

- **દસ્તાવેજો જપ્ત કરી રાખવા અને કબ્જામાં રાખવા:** જેમાં રોજગારદાતા કર્મચારીના ઓળખના દસ્તાવેજો અને / અથવા પાસપોર્ટ કબજે કરે છે જેથી કર્મચારી માટે નોકરી છોડવી મુશ્કેલ બની જાય છે. જ્યારે આવા દસ્તાવેજો સુરક્ષા કારણોથી સોંપવામાં આવે છે ત્યારે તે માત્ર કામચલાઉ વ્યવસ્થા હોવી જોઈએ.
- **બંધુઆ મજુર:** જ્યારે દેવાગ્રસ્ત વ્યક્તિ દેવું ચુકતે કરવા માટે ચોક્કસ સમય સુધી પોતાની અંગત સેવા (અથવા પોતાના નિયંત્રણમાં હોય તેવી વ્યક્તિ, જેમ કે બાળક)ને જામીન તરીકે આપવાનું વચન આપે છે ત્યારે બંધુઆ મજૂરી કહેવાય છે. કેટલીક વખત કામદારોને તેના વેતનની સામે ધીમે ધીમે ઋણ વધારવા દેવાય છે, જેમ કે એડવાન્સમાં પગાર, દુકાન પર ઉછીનો માલ અથવા લોન વગેરે. આમ કરવાથી ઘણા વર્ષો સુધી સતત બંધાયેલા રહેવું પડે છે જેમાં કામદાર પોતાના વેતનનો ઉપયોગ માત્ર પોતાના ઋણની ચુકવણી અથવા તેના પરના વ્યાજની ચુકવણી માટે કરે છે. ઘણા કિસ્સામાં સેવાનું મૂલ્ય યોગ્ય રીતે આકારણી કરવામાં આવતું નથી અને/અથવા ઋણને ચુકવવા માટે તેને યોગ્ય રીતે લાગુ કરવામાં આવતું નથી.
- ***ફરજિયાત કાર્ય:*** ફરજિયાત કાર્ય કરાવવાના સ્વરૂપમાં દબાણપૂર્વકના ઓવરટાઇમનો સમાવેશ થઇ શકે છે જેમાં કામદારો ઓવરટાઇમ કરવાનો ઇનકાર કરતા ગભરાય છે કારણ કે તેમને કાઢી મૂકવાની ધમકી

મળવાનું જોખમ રહે છે તથા હડતાળમાં ભાગ લેવા બદલ વધારાની મજૂરી કરવાની સજા ફરમાવવામાં આવી શકે છે.

- ***શારીરિક બંધનઃ*** કામદારને કામના સ્થળે શારીરિક રીતે ગોંધી રાખવામાં આવે અથવા તે ફેક્ટરીનું સ્થળ અથવા રોકાણની જગ્યા છોડીને ન જઇ શકે તેવી રીતે તેની હલનચલન પર પ્રતિબંધ મૂકવામાં આવે તે કર્મચારીની સ્વતંત્રતાનો ભંગ છે. જોકે, એ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે કામના સ્થળે યોગ્ય હોય તે પ્રકારના અને ગેરવાજબી ન હોય તેવા નિયંત્રણોને વેઠ કહી શકાય નહીં. ઉપરાંત, કામના કલાકો પછી સુરક્ષાના કારણોથી કેટલાક નિયંત્રણો અસ્તિત્વમાં આવી શકે છે તેથી નિયંત્રણોના વાજબીપણાનું મૂલ્યાંકન પણ એટલું જ જરૂરી છે.
- ***મૌખિક અથવા શારીરિક ધમકીઃ*** ધમકીના પ્રકારમાં શારીરિક સજા અથવા કામદાર રોજગાર છોડે તો તેનો પગાર નહીં આપવાનો સમાવેશ થાય છે.

પરપ્રાંતીય કામદારો **વેઠ**નો ભોગ બનવાનું વધારે જોખમ ધરાવે છે. તેઓ ગેરકાયદે અથવા નિયંત્રિત રોજગારનો દરજ્જો ધરાવતા હોઈ શકે છે, તેઓ આર્થિક રીતે નબળા હોય છે અને/અથવા ભેદભાવનો ભોગ બનેલી જાતિના સભ્ય હોઈ શકે છે. ધમકાવટથી ભરતી કરનારાઓ અથવા મજુરોના વચેટિયાઓ આ પરિબળોનો ઉપયોગ કરી શકે છે જેઓ તેમની ઓળખના પ્રમાણપત્રો લઈ લે છે અને કામદારોને જાહેરમાં ખુલ્લા પાડવાની (ઉદાહરણ તરીકે બહારથી સ્થળાંતર કરીને આવેલા કામદારોના કારણે અસામાન્ય સ્થિતિમાં ટીકાનો સામનો કરતા સત્તાવાળાઓને ફરિયાદ કરવી) અથવા દેશનિકાલ કરાવવાની ધમકી આપે છે. આવી ધમકીના કારણે સ્થળાંતર કરીને આવેલા કામદારો હલકી કક્ષાની કામની સ્થિતિમાં બંધુઆ મજૂર અથવા ગિરમીટિયો તરીકે કામ કરે છે.

જો કોઈ કંપનીમાં પરપ્રાંતીયો શ્રમબળમાં હોય અને તેમની ભરતીમાં ખાસ કરીને ત્રાહિત પક્ષ સંકળાયેલ હોય તો તેવી કંપનીઓએ જાણવું જોઈએ કે આ કામદારો કોણ છે અને ક્યાંથી આવેલા છે, અને એ બાબતની ખાતરી કરવી જોઈએ કે તેમની ભરતી નિયમ પ્રમાણે જ થઇ છે અને તેમાં કોઈ છેતરપિંડી કે દબાણનો ઉપયોગ નથી થયો. સ્થળાંતર કરીને આવેલા કામદારોની ભરતી માટે માર્ગદર્શિકા તરીકે કંપનીની એક નીતિ વિકસાવવી અને માત્ર પ્રતિષ્ઠિત ભરતી અને રોજગાર એજન્સીઓની સેવા લેવી એ પણ મહત્ત્વપૂર્ણ છે. આઇએલઓના અંદાજ પ્રમાણે જોખમમાં રહેલા કામદારોના અન્ય વર્ગોમાં મહિલા કામદારો, મૂળ વસાહતીઓ તથા ગરીબ કે નિરક્ષર કામદારો તથા ભૌગોલિક રીતે દૂરના વિસ્તારોમાંથી આવેલા કામદારોનો સમાવેશ થાય છે.

***માનવ તસ્કરી***

લોકોની હેરાફેરી અથવા માનવ તસ્કરીથી વેઠ પેદા થઇ શકે છે. તસ્કરીમાં વ્યક્તિની હેરાફેરી કરવામાં આવે છે જેમાં ઘણી વાર આંતરરાષ્ટ્રીય સરહદો પાર હેરાફેરી થાય છે, પરંતુ સામાન્ય રીતે શોષણના હેતુથી દેશની અંદર જ તસ્કરી થાય છે. તાજેતરના વર્ષોમાં માનવ તસ્કરીએ નવું સ્વરૂપ અને પરિમાણ હાંસલ કર્યા છે, ઘણી વાર તે ઇન્ફોર્મેશન ટેકનોલોજીના વિકાસ, પરિવહનની સુવિધા અને સંગઠીત ગુનાખોરી સાથે સંકળાયેલ છે. તે વિકાસશીલ દેશોમાં, પરિવર્તનમાંથી પસાર થઇ રહેલા દેશોમાં અને ઔદ્યોગિક બજાર આધારિત અર્થતંત્રના દેશોમાં પણ થઇ શકે છે.

કંપનીઓને માનવ તસ્કરીથી અનેક રીતે અસર થઈ શકે છે. તેઓ ભરતી, પરિવહન, આશ્રય અથવા શોષણના હેતુથી વ્યક્તિને સ્વીકારવા (બીજા શબ્દોમાં પીડીતની તસ્કરી) સાથે સીધી રીતે સંકળાય છે. જોકે, ઉદ્યોગો તેમના પુરવઠાકારો અથવા વ્યાપારમાં હિસ્સેદારો જેમ કે પેટા-કોન્ટ્રાક્ટર્સ, મજૂરના દલાલો અથવા ખાનગી રોજગાર એજન્સીઓ મારફત તસ્કરી સાથે પરોક્ષ રીતે પણ સંકળાયેલા હોઈ શકે છે. આ રીતે કંપનીઓ માનવ તસ્કરીનો

ભોગ બનેલાઓ દ્વારા ઉત્પાદિત માલ કે સેવાઓનો ઉપયોગ કરે તો તેમની સામે આરોપ મૂકી શકાય છે. ભરતી એજન્સીઓ વૈશ્વિક પુરવઠાની શ્રૃંખલામાં તસ્કરીનો વધતો ખતરો ઓછો કરવામાં ભૂમિકા ભજવી શકે છે અને આવી એજન્સીઓ સાથેના સંબંધો પર દેખરેખ રાખવી જોઈએ.

## C. મુખ્ય નિયમનો

**આંતરરાષ્ટ્રીય નિયમો**

યુનિવર્સલ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ (1948)ની કલમ 4માં મુક્તપણે કામ આપવાનો અધિકાર પ્રસ્થાપિત છે, જે જણાવે છે કે કોઈને ગુલામીમાં કે બંધક તરીકે રાખી ન શકાય.

સંયુક્ત રાષ્ટ્રોની ત્રિપક્ષીય એજન્સી ધ ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ)એ વેઠ અંગે બે મોટા નિયમો સ્વીકાર્યા છે. આ છે વેઠ (1930) અંગેનો નિયમ નંબર 29 અને વેઠની નાબુદી (1957) અંગેનો નિયમ નંબર 105. નિયમ 29ની વ્યાખ્યાના મુખ્ય મુદ્દા એ છે કે તેમાં અમુક પ્રમાણમાં દબાણ કે દંડ સંકળાયેલ હોય છે અને કામદાર સ્વૈચ્છિક રીતે કામ કરવા સહમત હોતો નથી.

આઇએલઓ દ્વારા નિયમો 29 અને 105ને 'મુખ્ય નિયમો' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત 1998ના ડેકલેરેશન ઓફ ફન્ડામેન્ટલ પ્રિન્સિપલ્સ એન્ડ રાઇટ્સ એટ વર્કમાં તમામ પ્રકારની દબાણપૂર્વકની અથવા ફરજિયાત મજૂરી નાબુદ કરવાનો સમાવેશ કરાયો છે. આઇએલઓના તમામ સભ્ય દેશોએ મુખ્ય નિયમો લાગુ કર્યા હોય કે ન કર્યા હોય, પરંતુ તેઓ ઘોષણાપત્રના સિદ્ધાંતોને પ્રોત્સાહન આપવા અને સન્માન આપવા બંધાયેલા છે.

માનવ તસ્કરી અંગે વધી રહેલી જાગૃત્તિના કારણે નવા આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક માનવ તસ્કરી વિરોધી સાધનો આકાર લઇ રહ્યા છે, જેમ કે વ્યક્તિઓની માનવ તસ્કરી અટકાવવા, દબાવવા અને સજા કરવા માટે યુએનનો પ્રોટોકોલ (2000), અથવા "પાલેર્મો પ્રોટોકોલ" અને માનવ તસ્કરી સામે પગલા લેવા કાઉન્સિલ ઓફ યુરોપનો નિયમ (2005). આ નવા સાધનો સર્વસંમતી સ્થાપે છે કે માનવની તસ્કરી વેઠ, ગુલામી અથવા બંધક કાર્ય કરાવવા માટે હોઈ શકે છે. આ સાધનો લાગુ કરવાના કારણે ઘણા દેશોમાં કાયદા અને પાલનમાં મહત્ત્વના ફેરફારો આવ્યા છે અને આ ક્ષેત્રે નવી નીતિઓ અમલમાં મૂકવામાં આવી છે.

***રાષ્ટ્રીય કાયદો***

માનવ તસ્કરી, અનૈચ્છિક બંધનમાં મજૂરી, જેલ મજૂરી અથવા વેઠિયોની સમસ્યાના હલ માટે રાષ્ટ્રીય અને સ્થાનિક કાયદા અને નિયમનો અસ્તિત્વમાં હોઈ શકે છે. કામગીરીના દરેક ક્ષેત્રમાં ન્યાયક્ષેત્રના તમામ કાયદા અને નિયમનો વિશે જાગૃત રહેવું આવશ્યક છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારસંહિતાની ફરજિયાત જરૂરિયાતોનું પાલન કરવા માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. આ માર્ગદર્શન આદર્શમુલક નથી પરંતુ તેને માહિતી અને સહાય માટે પ્રારંભ બિંદુ તરીકે જોઇ શકાય.*

- **સીઓપી *18.1:* વેઠ નહીં***:* આઇએલઓ કન્વેંશન *29*માં વ્યાખ્યાયિત મુજબ, સભ્યો બંધિત, કરારબદ્ધ અથવા અનૈચ્છિક પૂરી રાખવામાં આવેલ મજૂર સહિત વેઠનો ઉપયોગ કરશે નહીં.

  **વિચારણા માટેના મુદ્દાઓ***:*
  - વેઠ અથવા માનવ તસ્કરીનું જોખમ છે કે નહીં તેની આકારણી કરવા માટે ધંધાના સંજોગોને ધ્યાનમાં રાખીને જોખમની આકારણી કરવી જોઈએ. ખાસ કરીને નાના અને મધ્યમ સાહસોમાં સામાન્ય જોખમની મુલવણી કરવા માટે ઉપયોગમાં લઇ શકાય તે માટે આરજેસી જોખમ મૂલવણી ટૂલકિટ જુઓ. વૈકલ્પિક રીતે સભ્યો પોતાની જોખમ મુલવણીની પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે છે. વિચારણા માટેના મુદ્દામાં સામેલ છે:
    - કોન્ટ્રાક્ટર્સ, પુરવઠાકારો, એજન્સીઓ અને મજૂર પૂરા પાડનારાઓના ઉપયોગને કાળજીપૂર્વક રીતે નિયંત્રિત કરો. જોખમના સૂચકોમાં કામદારો પાસેથી વસુલાતી ભરતી ફી, પાસપોર્ટ જપ્ત કરી લેવો, વેતન ચૂકવણીમાં છેતરપીંડી, કામદારોને ઓફર કરાતી લોન કે અન્ય વ્યવહારો જેમાં કામદાર એજન્સી સાથે બંધાયેલો રહે તેવી સંભાવના રહે તેનો સમાવેશ થાય છે.
    - જ્યારે પરપ્રાંતીય કામદારોને રોજગાર પર રાખવાના હોય ત્યારે તેમાં કોઈ ધમકીનો ઉપયોગ થયો નથી તેની ખાતરી કરવા ભરતી પ્રક્રિયા તપાસો.
    - હડતાળની સજા આપવા માટે ફરજિયાત મજૂરી કરાવવામાં આવતી નથી એ બાબતની ચકાસણી કરો.
  - એ બાબતની પુષ્ટિ કરો કે વેઠના મુદ્દે જાગૃત્તિ અને જવાબદારી એ વરિષ્ઠ વ્યવસ્થાપન, જેમ કે માનવ સંસાધનની કામગીરી છે.
  - કાનૂની અને સંયુક્ત સહમતીની શરતો, કામના કલાકો અને વેતન માટે ધોરણસરના રોજગાર કરારોનો ઉપયોગ કરો. ઉચ્ચક અપાતું વળતર એ કામદારને સીધે સીધા ચુકવવામાં આવતા ધોરણસરના નિયમિત વેતનનું સ્થાન ન લઇ શકે. રોજગારની સામાન્ય શરતો પણ જુઓ.
  - હિંસા (અથવા ધમકી)નો ઉપયોગ, દંડનો ઉપયોગ (અથવા ધમકી) અથવા અન્ય કામદાર કે કોન્ટ્રાક્ટર દ્વારા દબાણનો ઉપયોગ વગેરેને વિધિવત રીતે પ્રતિબંધિત કરો. એવી વ્યવસ્થા સ્થાપો જેમાં કામદારો ઓળખ છતી થયા વગર ધમકી, હિંસા અથવા નીતિના અન્ય ભંગ વિશે ફરિયાદ કરી શકે. શિસ્ત અને ફરિયાદની કાર્યવાહીઓ પણ જુઓ.

- **સીઓપી *18.2:* *હિલચાલની સ્વતંત્રતા:*** સભ્ય નહીં કરે*: a)* ન તો કાર્યસ્થળ પર અને ન તો સ્થળ પરના રહેઠાણ વિસ્તારમાં કર્મચારીઓની હરવા-ફરવાની સ્વતંત્રતાને ગેરવ્યાજબી રીતે પ્રતિબંધિત કરશે. *b)* કર્મચારીના વ્યક્તિગત દસ્તાવેજો, જેમ કે ઓળખ પત્રોની મૂળ નકલો પોતાની પાસે નહીં રાખે.*c)* કોઇ પણ પ્રકારની થાપણો, ભરતી શૂલ્ક, અથવા ઉપકરણ પેશગીની કર્મચારીઓ પાસેથી પ્રત્યક્ષ અથવા ભરતી એજન્સી મારફત જરૂરિયાત ઊભી નહીં કરે. *d)* વાજબી સૂચના આપ્યા બાદ અથવા જે રીતે લાગુ પડતા કાયદા દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યું હોય તે મુજબ કર્મચારીઓને તેમના રોજગારને છોડી દેવાથી અટકાવશે નહીં

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - જ્વેલરી પુરવઠાની શૃંખલામાં લોકો અને મિલકતના રક્ષણ માટે તાળા મારેલા દરવાજા અને બહાર નીકળવાના માર્ગ પર સુરક્ષા કર્મચારી જેવા સુરક્ષાના પગલાં લેવા આવશ્યક હોઈ શકે છે. (સુરક્ષા અંગે માર્ગદર્શન જુઓ). જો દંડ થવાની કોઇ ધમકી ન હોય અને સ્વૈચ્છિક રીતે કામ

કરવામાં આવતું હોય અને કામના સ્થળની અંદર કે બહાર કામદારની હિલચાલને ગેરવાજબી રીતે નિયંત્રિત કરવામાં આવતી ન હોય તો તેને વેઠ ગણી શકાય નહીં.

- કામના સ્થળે ખોરાક, પાણી, શૌચાલય અથવા તબીબી સારવારની સુવિધાનો ઉપયોગ કામદારોમાં શિસ્ત જાળવવાના ઉપાય તરીકે કરી શકાય નહીં.
- રોજગારદાતા દ્વારા આપવામાં આવતા રહેઠાણમાં હરવાફરવાની સ્વતંત્રતા પર ગેરવાજબી નિયંત્રણોની છુટ અપાતી નથી, જેમાં રોજગારદાતા દ્વારા સંચાલિત અને ત્રીજા પક્ષ દ્વારા કોન્ટ્રાક્ટ પર અપાયેલા આવાસનો સમાવેશ થાય છે.
- ઓળખના દસ્તાવેજો અને પાસપોર્ટની માત્ર નકલ રાખો. અસલ દસ્તાવેજો જ્યારે સુરક્ષા કે કાનૂની હેતુથી રાખવામાં આવ્યા હોય ત્યારે તે માત્ર કામચલાઉ જોગવાઇ હોવી જોઈએ અને તે કામદાર સાથે કરાર તથા સમજણપૂર્વક હોવા જોઈએ. કામદારને તેના દસ્તાવેજો ગમે ત્યારે ઉપલબ્ધ થવા જોઈએ અને કોઈ પણ સમયે નિયંત્રણ વગર દસ્તાવેજો પોતાના કબજામાં લેવાનો અધિકાર હોવો જોઈએ. (દાખલા તરીકે કામનું સ્થળ છોડતી વખતે).
- કામદારો પાસેથી તેમની ભરતી વખતે ફી અથવા ડિપોઝિટ ઉઘરાવવાની મંજૂરી નથી.
- જો કામદાર તેની લોનની પુનઃચુકવણી કરવાની સ્થિતિમાં ન હોય તો તેના કારણે વેઠની સ્થિતિ પેદા થાય છે કે નહીં તેની કાળજીપૂર્વક ચકાસણી કરો. (મહેનતાણુ અંગેની માર્ગદર્શિકા જુઓ.) સામાન્ય જોખમોમાં વ્યાજના ઊંચા દર, લોન પુનઃચુકવણીનો ઘણો લાંબો ગાળો અથવા રોજગારદાતા કે એજન્સી દ્વારા કામદારોની સાથે બનાવટ કરવા માટે છેતરપિંડી અથવા કૃત્રિમ રીતે ઋણને વધારી દેવાનો સમાવેશ થાય છે.

- **સીઓપી *18.3:* માનવ તસ્કરી:** સભ્યો, અને સભ્યોને મજૂરો પૂરા પાડતું કોઇ પણ એકમ, માનવ તસ્કરીમાં જોડાશે નહીં અથવા તેને ટેકો નહીં આપે. માનવ તસ્કરીના જોખમો માટે સભ્યો ભરતી એજન્સીઝની સાથેના સંબંધોની દેખરેખ રાખશે..

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - ભરતી એજન્સીઓ સાથે કામ પાર પાડતી વખતે સભ્યોએ નીચેની બાબતોને ધ્યાનમાં લેવીઃ
    - આવી એજન્સીઓ કામદારો માટે વેઠ અને મજુરોના શોષણ માટે તસ્કરીનું જોખમ વધી જાય તેવી બનાવટી પદ્ધતિઓ અપનાવતી નથી એ બાબતની ખાતરી કરો.
    - આવી એજન્સીઓ દ્વારા કરારબદ્ધ કરાયેલા કામદારો સાથે દુર્વ્યવહાર અટકાવો, ઉદાહરણ તરીકે વેતન સંબંધિત બાબતો, કામના કલાકો, ઓવરટાઇમ અને કામની અન્ય પરિસ્થિતિમાં આવા કામદારો યોગ્ય રક્ષણ મેળવે તેની ખાતરી કરો.
    - ભરતીને લગતી ફી કે ખર્ચ કામદાર દ્વારા નહીં, પરંતુ કરાર કરતી કંપની દ્વારા ઉઠાવવામાં આવે છે તે બાબતની ખાતરી કરો.
    - સક્ષમ સત્તાવાળાઓ દ્વારા પરવાનો ધરાવતી કે પ્રમાણિત કરાયેલી ભરતી એજન્સીઓનો જ ઉપયોગ કરો.

તપાસોઃ

- ✓ તમે તમારી કંપની, પ્રત્યક્ષ પુરવઠાકારો અથવા કોઈ ભરતી એજન્સીમાં દબાણપૂર્વકની મજૂરી અને માનવ તસ્કરીના જોખમની આકારણી કરી છે?
- ✓ શું તમારી સુરક્ષા વ્યવસ્થામાં કામદારને દંડ કરવાની ધમકી દ્વારા તેની હિલચાલને ગેરવાજબી રીતે નિયંત્રિત કરવામાં આવે છે?
- ✓ શું કામદારોને જ્યારે જોઈએ ત્યારે તેમના ઓળખના પૂરાવા અને પાસપોર્ટ મળી જાય છે?

**પ્રશ્ન અને જવાબઃ વેઠ**

***1. કોઇ કામદારે મૌખિક કે લેખિત રીતે કામ કરવા માટે પોતાની સહમતી આપી દીધી હોય તો પછી વેઠનો પ્રશ્ન ક્યાં પેદા થાય છે?***
કામદારે કામ કરવાની ઔપચારિક મંજૂરી આપી હોય તેનો અર્થ હંમેશા એવો નથી કે કામદાર તેની સ્વેચ્છાએ કામ કરે છે. ઉદાહરણ તરીકે જ્યારે દંડની ધમકી હેઠળ કામ કરવાની સંમતિ આપી હોય (ઉદાહરણ તરીકે હિંસાની ધમકી) ત્યારે કામદારે સ્વૈચ્છિક સંમતિ આપી હોવાનું કહી ન શકાય. આવા કિસ્સામાં બાહ્ય મર્યાદા અથવા પરોક્ષ ધમકીના કારણે કામદારની સ્વૈચ્છિક રીતે કામ કરવાની સ્વતંત્રતા પર અસર પડે છે. આવું બંધન સત્તાના કૃત્ય, જેમ કે કાનૂની સાધન દ્વારા પેદા થાય છે અથવા કામદારની કામગીરીમાં પરિણમે છે જેમાં સ્થળાંતર કરીને આવનારા કામદારોને લલચાવીને છેતરપિંડી, ખોટા વચનોથી ઓળખના દસ્તાવેજો જપ્ત કરી લેવા અથવા રોજગારદાતા પાસે જમા કરાવવાનું દબાણ કરવું વગેરેનો સમાવેશ થાય છે. આઇએલઓ નિયમ પ્રમાણે આવી પ્રક્રિયાને વેઠ કહેવાય છે.

***2. રોજગારના કાર્યકાળ દરમિયાન અંગત દસ્તાવેજો જપ્ત કરી રાખવામાં આવે તેને વેઠ કહેવાય?***
એવું જરૂરી નથી. જોકે, કામદાર પોતાના દસ્તાવેજો ઇચ્છા થાય ત્યારે મેળવી ન શકે અથવા તેને લાગે કે દસ્તાવેજો ગુમાવ્યા વગર તે રોજગાર છોડી શકશે નહીં તો આવી સ્થિતિમાં ઓળખના દસ્તાવેજો કે અન્ય મૂલ્યવાન અંગત ચીજો જપ્ત કરી રાખવી તેને વેઠ ગણવામાં આવશે. ઘણા કિસ્સામાં આવા દસ્તાવેજો વગર કામદારને બીજી જગ્યાએ કામ મળી શકતું નથી અથવા નાગરિક તરીકે કેટલીક સુવિધાઓ પણ મળતી નથી.

***3. ઉત્પાદનની સમયમર્યાદાને પહોંચી વળવા માટે ફરજિયાત ઓવરટાઇમ કરવું પડે તો તેને વેઠ કહી શકાય?***
રાષ્ટ્રીય કાયદાની મર્યાદામાં રહીને અથવા સામૂહિક કરારમાં સહમતી સધાઇ હોય તેવી રીતે મર્યાદામાં રહીને ફરજિયાત ઓવરટાઇમ કામ કરાવવામાં આવે તો તેને વેઠ ગણી શકાય નહીં. એટલે કે આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણે વેઠ ત્યારે જ કહેવાય જ્યારે કાયદા હેઠળ અપાયેલી સાપ્તાહિક કે માસિક મર્યાદા કરતા વધુ ફરજિયાત કામ કરાવાય, ભલે પછી આવા ઓવરટાઇમ માટે ગમે તે કારણ આપવામાં આવ્યા હોય. જો કોઈ રોજગારદાતા કામદાર પાસે આવી સ્થિતિમાં કામ કરાવે જે કાયદાનો સ્પષ્ટ ભંગ હોય અને જેમાં દંડની ધમકી હોય ત્યારે વેઠ થઈ શકે છે.

***4. જો હું પૂરો પગાર અને લાભો આપું તો વેઠની સમસ્યા કદી પેદા થઈ શકે?***
જો કોઈ વ્યક્તિ દંડ થવાની ધમકીના કારણે પોતાનું રોજગાર છોડી શકતી ન હોય તો તેને દબાણપૂર્વકનું રોજગાર કહેવાય, ભલે પછી તમે તેને વેતન અથવા અન્ય પ્રકારનું વળતર આપતા હોવ.

***5. ચોરી રોકવા અને મારા કામદારો તથા મિલકતની સુરક્ષા માટે હું સુરક્ષા કર્મચારીઓ રાખું છું અને મારા કામના સ્થળના દરવાજા બંધ રાખું છું. શું તેને વેઠ કહેવાય?***
અંગત દસ્તાવેજો કબજામાં રાખવાની જેમ દરવાજા બંધ રાખવાને પણ દબાણપૂર્વકના અથવા ફરજિયાત મજૂરીના સૂચક તરીકે જોઈ શકાય છે. તેમાં કામદારની હલનચલનની સ્વતંત્રતા મર્યાદિત થઇ જાય છે અને રોજગારની સ્વૈચ્છિક પ્રકૃતિ અંગે સવાલ પેદા થાય છે. જોકે, યાદ રાખવાનો મહત્ત્વનો મુદ્દો એ છે કે વેઠ એ દંડની ધમકી અને અનૈચ્છિક રીતે કરવામાં આવતા કામ અથવા સેવા સાથે સંકળાયેલ છે. જો દંડ થવાની કોઈ ધમકી ન હોય અને કામ સ્વૈચ્છિક રીતે કરવામાં આવતું હોય તો તેને દબાણપૂર્વકનું ગણી ન શકાય. તેવી જ રીતે સુરક્ષાના કારણોથી કારખાનાના બહાર નીકળવાના માર્ગે સુરક્ષા કર્મચારીઓ ગોઠવવામાં આવે તેને વેઠ કહી ન શકાય. જોકે, સુરક્ષા કર્મચારીઓનો અપ્રમાણસર ઉપયોગ વેઠનું સૂચક હોઈ શકે છે જેથી તેને ટાળવું જોઇએ અને તે અંગે સાવચેતી રાખવી જોઈએ.

સ્રોતઃ આઇએલઓ કોમ્બેટિંગ ફોર્સ્ડ લેબરઃ એ હેન્ડબૂક ફોર એમ્પ્લોયર્સ એન્ડ બિઝનેસ (2008)

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો વેઠ અને માનવ તસ્કરી અંગે વધારાની માહિતી ધરાવે છેઃ

- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) નિયમ 29 – ફોર્સ્ડ ઓર કમ્પલસરી લેબર (1930)
  www.ilo.org/dyn/normlex/en/f?p=NORMLEXPUB:12100:0::NO:12100:P12100_ILO_CODE:C029
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) કન્વેન્શન 105 – એબોલિશન ઓફ ફોર્સ્ડ લેબર (1957)
  www.ilo.org/dyn/normlex/en/f?p=NORMLEXPUB:12100:0::NO:12100:P12100_INSTRUMENT_ID:312250:NO
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – કોમ્બેટિંગ ફોર્સ્ડ લેબરઃ એ હેન્ડબુક ફોર એમ્પ્લોયર એન્ડ બિઝનેસ (2008)
  www.ilo.org/sapfl/Informationresources/ILOPublications/WCMS_101171/lang--en/index.htm
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) - સ્પેશિયલ એક્શન પ્રોગ્રામ ટુ કોમ્બેટ ફોર્સ્ડ લેબર

www.ilo.org/sapfl/lang--en/index.htm

- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – ફોર્સ્ડ લેબર એન્ડ હ્યુમન ટ્રાફિકિંગઃ એ હેન્ડબુક ફોર લેબર ઇન્સ્પેક્ટર્સ (2008)
  http://www.ilo.org/wcmsp5/groups/public/---ed_norm/---declaration/documents/publication/wcms_097835.pdf
- સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) – સોશિયલ એકાઉન્ટેબિલિટી એસએ 8000 ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ (2008)
  www.sa-intl.org/_data/n_0001/resources/live/2008StdEnglishFinal.pdf
- સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) - એસએ® 8000 એબ્રિજ્ડ ગાઇડન્સ: 2008 સ્ટાન્ડર્ડ
  www.sa-intl.org/_data/n_0001/resources/live/SAI_AbridgedGuidance_SA8000_2008.pdf
- યુનાઇટેડ નેશન્સ ગ્લોબલ ઇનિશિયેટિવ ટુ ફાઇટ હ્યુમન ટ્રાફિકિંગ (યુએનજીઆઇએફટી) – હ્યુમન ટ્રાફિકિંગ એન્ડ બિઝનેસઃ ગૂડ પ્રેક્ટિસ ટુ પ્રિવેન્ટ એન્ડ કોમ્બેટ હ્યુમન ટ્રાફિકિંગ (2012)
  www.ilo.org/wcmsp5/groups/public/---ed_norm/---declaration/documents/publication/wcms_142722.pdf
- યુનાઇટેડ નેશન્સ ગ્લોબલ ઇનિશિયેટિવ ટુ ફાઇટ હ્યુમન ટ્રાફિકિંગ (યુએનજીઆઇએફટી) – હ્યુમન ટ્રાફિકિંગ એન્ડ બિઝનેસઃ એન ઇલર્નિંગ કોર્સ ઓન હાઉ ટુ પ્રિવેન્ટ એન્ડ કોમ્બેટ હ્યુમન ટ્રાફિકિંગઃ

www.ungift.org/knowledgehub/en/tools/elearning-tool-for-the-private-sector.html

- યુનાઇટેડ નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ– પ્રિન્સિપલ 4 ઓન ફોર્સ્ડ એન્ડ કમ્પલસરી લેબર
  www.unglobalcompact.org/AboutTheGC/TheTenPrinciples/Principle4.html
- *યુનાઇટેડનેશન્સ પ્રોટોકોલ ટુ પ્રિવેન્ટ, સપ્રેસ એન્ડ પનિશ ધ ટ્રાફિકિંગ ઇન પરસન્સ, ઇસ્પેશિયલી વિમેન એન્ડ ચિલ્ડ્રન* (2000)
  www.uncjin.org/Documents/Conventions/dcatoc/final_documents_2/convention_%20traff_eng.pdf
- વેરાઇટ – એ ફેર હાયરિંગ ફ્રેમવર્ક ફોર રીસ્પોન્સિબલ બિઝનેસ (2011)
  www.verite.org/sites/default/files/images/Verite-Help-Wanted-A_Fair_Hiring_Framework_for_Responsible_Business.pdf
- વેરાઇટ – ફેર હાયરિંગ ટૂલકિટ
  http://www.verite.org/helpwanted/toolkit.

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 19) જોડાણ અને સંયુક્ત સોદાબાજીની સ્વતંત્રતા

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**જોડાણની સ્વતંત્રતા** એ તમામ કામદારોનો કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર સંસ્થા સ્થાપવાનો અને માત્ર સંબંધિત સંસ્થાના નિયમોને આધિન અગાઉની અધિકૃતિ વગર પસંદ કરીને પોતાની જાતે સંસ્થાઓમાં જોડાવાનો તમામ કામદારોનો અધિકાર છે.

**સંયુક્ત સોદાબાજી** એ એક પ્રક્રિયા છે જેના મારફતે રોજગારદાતાઓ અથવા તેમની સંસ્થાઓ અને કામદારોના સંગઠનો અથવા તેમની ગેરહાજરીમાં ન્યાયી રીતે નિયુક્ત થયેલા કામદારોના પ્રતિનિધિઓ કામની શરતો અને નિયમો અંગે વાટાઘાટ કરે છે. બંને મૂળભૂત અધિકારો છે અને તેઓ એકબીજા સાથે જોડાયેલા છે. જોડાણની સ્વતંત્રતા વગર સંયુક્ત સોદાબાજી સફળ થઇ શકતી નથી કારણકે કામદારોના મંતવ્યોને યોગ્ય રીતે રજૂ કરી શકાતા નથી. કામદારો તેમનું પ્રતિનિધિત્વ થવું જોઇએ કે કેમ અને તેમનું પ્રતિનિધિત્વ કેવી રીતે થવું જોઇએ તે પસંદ કરવા મુક્ત હોવા જ જોઇએ અને રોજગારદાતાઓ આ પ્રક્રિયામાં દખલગીરી ના કરવી જોઇએ.

**સંયુક્ત સોદાબાજી સમજૂતી** એ કાનૂની રીતે અમલ કરી શકાય તેવો કંપનીના મેનેજમેન્ટ અને તેના કર્મચારીઓ જેમનું પ્રતિનિધિત્વ કામદાર સંગઠનો દ્વારા થાય છે તેમની વચ્ચેનો લેખિત કરાર છે અને તે કામની શરતો અને નિયમો નિર્ધારિત કરે છે. સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ લાગુ પડતા કાયદાનું પાલન કરનારી હોવી જ જોઇએ.

**કામદારોનું સંગઠન** એ કામદારોના હિતોના પ્રોત્સાહન અને બચાવના ઇરાદા સાથે વ્યવસાયિક ઉદ્દેશો માટે રચાયેલો કામદારોનો સ્વૈચ્છિક સંગઠન છે.

*સ્રોત:*

- આઇએલઓ ડેક્લેરેશન ઓન ફન્ડામેન્ટલ પ્રિન્સિપલ એન્ડ રાઇટ્સ એટ વર્ક
  http://www.ilo.org/declaration/principles/freedomofassociation/lang--en/index.htm
- આઇએલઓ બેટર વર્ક, ગાઇડન્સ શીટ: જોડાણ અને સંયુક્ત સોદાબાજીની સ્વતંત્રતા
  http://betterwork.com/global/wp-content/uploads/4-Freedom-of-Association.pdf
- આરજેસી કોડ ઓફ પ્રેક્ટિસ *(2013)*

સીઓપીની જોડાણ અને સંયુક્ત સોદાબાજીની સ્વતંત્રતા કલમ કર્મચારીઓ ધરાવતા તમામ સભ્યો પર લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

જોડાણની સ્વતંત્રતાના અધિકારની યુનિવર્સલ ડેક્લેરેશન ઓફ હ્યુમન રાઇટ્સમાં જાહેરાત થયેલી છે. કામના સંદર્ભમાં તેનો અર્થ છે મુક્ત રીતે કામદારોના સંગઠનો રચવાનો અધિકાર. જે કામદારો આવા સંગઠનોમાં જોડાવા ઇચ્છતા નથી

તેમના અધિકારો પણ સલામત છે અને તેમના પર તેમની ઇચ્છા વિરુદ્ધ સંગઠનમાં જોડાવા માટે દબાણ કરી શકાય નહીં. જોડાણની સ્વતંત્રતાનો અર્થ તે નથી થતો કે કંપનીઓએ શ્રમબળનું આયોજન કરવું જોઇએ અથવા સંગઠનોને કામ કરવાના સ્થળે આમંત્રિત કરવા જોઇએ. તેનો અર્થ છે સંગઠનમાં જોડાવું કે નહીં તે અંગે કર્મચારીના નિર્ણયમાં રોજગારદાતાઓએ હસ્તક્ષેપ કરવો નહીં અને કર્મચારી સાથે તેણે કરેલી પસંદગી બદલ પક્ષપાતભર્યું વલણ અપનાવવું નહીં.

**જોડાણની સ્વતંત્રતા કાયદા દ્વારા પ્રતિબંધિત છે તેવા દેશો**

- મોટા ભાગના ખાડી દેશો (બેહરિન, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા, યુનાઇટેડ આરબ એમિરેટ્સઃ મજૂરસંઘો પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે
- ચીન અને વિએટનામઃ સંઘ પર સરકારનું નિયંત્રણ છે અને સ્વતંત્ર નથી.

*સ્રોતઃ* સેડેક્સ સપ્લાયર વર્કબુક- ચેપ્ટર 1.3 - ફ્રીડમ ઓફ એસોસિયેશન એન્ડ કલેક્ટિવ બાર્ગેઇનિંગ (2013)

સંયુક્ત સોદાબાજીએ કામદારોના પ્રતિનિધિઓ અને રોજગારદાતાઓના પ્રતિનિધિઓ વચ્ચે થતી સ્વૈચ્છિક પ્રક્રિયા છે. તે સામાન્ય રીતે રોજગારીની શરતો અને નિયમોની વાટાઘાટો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેમાં વેતન. કામકાજના કલાકો, પરિસ્થિતિઓ, ફરિયાદ કાર્યવાહીઓ અને પ્રત્યેક પક્ષના અધિકારો અને જવાબાદારીઓનો સમાવેશ થાય છે. વાટાઘાટ શુભ આશય સાથે થવી જોઇએ જ્યાં ઉચિત સમયમાં સહમતી ઊભી કરવા માટે વાસ્તવિક પ્રયાસ કરવામાં આવે છે. પક્ષો વાટાઘાટના બંને પક્ષોને સ્વીકાર્ય પરિણામોનો ઘણી વખત 'સંયુક્ત સોદાબાજી સમજૂતી' તરીકે ઉલ્લેખ કરે છે. જ્યાં સહમતી સાંધી શકાઇ નથી ત્યાં તકરાર પતાવટ કાર્યવાહીઓમાં મધ્યસ્થી મારફતે સુલેહથી લઇને લવાદનો સમાવેશ થાય છે.

વ્યવહારમાં જોડાણ અને સંયુક્ત સોદાબાજી સ્વતંત્રતાનો અમલ કેવી રીતે થાય છે તે લાગુ પડતા કાયદા દ્વારા નક્કી થાય છે અને તે ભિન્ન અધિકાર ક્ષેત્રમાં ભિન્ન હોઇ શકે છે. બીજી બાજુ, જોડાણની સ્વતંત્રતા પર કેટલીક વખત રાજકીય અને/અથવા આર્થિક કારણોસર પ્રતિબંધ મુકવામાં આવે છે. કેટલાક દેશોમાં અથવા તેમના સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં અથવા પરપ્રાંતીય જેવા કામદારોના વર્ગ માટે સ્વતંત્ર મજૂરસંઘો પર સંપૂર્ણ પ્રતિબંધ છે. રોજગારદાતાઓએ કેટલીક વાર કામદારોની વાટાઘાટ સત્તા ટાળવા માટે જોડાણની સ્વતંત્રતાની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અવગણના કરી છે.

એકંદરે, કંપનીઓએ આરોગ્ય અને સલામતી અથવા બાળમજૂરી નાબુદીને જેટલું લક્ષ આપ્યું છે તેટલું લક્ષ જોડાણની સ્વતંત્રતાને હજુ આપ્યું નથી. જોકે, વૈશ્વિકિકરણ, ખાનગીકરણ અને કંપનીઓ સામે કાનૂની કાર્યવાહીઓ જેવા વલણને કારણે તાજેતરમાં જોડાણની સ્વતંત્રતા પર આંતરરાષ્ટ્રીય લક્ષ વધ્યું છે. તે કંપનીઓ માટે મહત્ત્વનો મુદ્દો રહ્યો છે કારણકે તે મૂળભૂત માનવ અધિકારોના માળખાનો ભાગ રચે છે. કામદાર પ્રસ્તુતિ વૈશ્વિક અર્થતંત્ર પર સ્થાનિક પ્રતિભાવને મદદ કરે છે અને તે સાતત્યપૂર્ણ વૃદ્ધિ અને રોકાણ માટે આધાર તરીકે કામ કરી શકે છે.

## C. મુખ્ય નિયમનો

### આંતરરાષ્ટ્રીય માપદંડો

યુનિવર્સલ ડેક્લેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ (1948)ની કલમ 20માં જોડાણની સ્વતંત્રતા સ્થાપિત કરવામાં આવી છે. જે કહે છે કે, દરેકને શાંતિપૂર્ણ રીતે ભેગા થવાનો અને વાટાઘાટ કરવાનો અધિકાર છે અને કોઇના પણ ઉપર ચોક્કસ સંગઠનમાં જોડાવા માટે ફરજ પાડી શકાય નહીં. કલમ 23.4 મજૂર સંગઠનમાં જોડાવાના અધિકારનો વિશેષ ઉલ્લેખ કરે છે.

આ અધિકારોની આંતરરાષ્ટ્રીય શ્રમ કાયદામાં સૌથી સારી રીતે વ્યાખ્યા આપવામાં આવી છે અને છણાવટ કરાઈ છે. યુનાઇટેડ નેશન્સની ત્રિપક્ષીય સંસ્થા ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ)એ જોડાણ અને સંયુક્ત સોદાબાજીની સ્વતંત્રતા પર બે મુખ્ય નિયમો અપનાવ્યા છેઃ

- જોડાણની સ્વતંત્રતા અને સંગઠિત થવાના અધિકારના રક્ષણ પર નિયમ 87 (1948)
- સંગઠિત થવાના અને સંયુક્ત સોદાબાજીના અધિકાર પર નિયમ 98 (1949)

આઇએલઓએ નિયમ 87 અને 98નું 'મુખ્ય નિયમો' તરીકે વર્ગીકરણ કર્યું છે. વધુમાં, જોડાણની સ્વતંત્રતા અને સંયુક્ત સોદાબાજીના અધિકારને અસરકારક માન્યતાનો આઇએલઓ 1998 ડેક્લેરેશન ઓફ ફન્ડામેન્ટલ પ્રિન્સિપલ્સ એન્ડ રાઇટ્સ એટ વર્કમાં સમાવવામાં આવ્યા છે. આઇએલઓના તમામ સભ્ય રાષ્ટ્રો ડેક્લેરેશનના સિદ્ધાંતોને પ્રોત્સાહન અપવા અને તેનું સન્માન કરવા બંધાયેલા છે, ભલે તેમણે મુખ્ય નિયમો ઘડ્યા હોય કે પછી ના ઘડ્યા હોય.

*રાષ્ટ્રીય કાયદો*

મોટા ભાગના રાષ્ટ્રીય શ્રમ અને રોજગાર કાયદાઓ જોડાણની સ્વતંત્રતા, સંયુક્ત સોદાબાજી અને આને સમર્થન આપતા માળખા અંગે ખુબ જ ચોક્કસ જોગવાઈઓ ધરાવે છે. કામકાજના અધિકારક્ષેત્રના તમામ સુસંગત કાયદાઓથી વાકેફ હોવું આવશ્યક છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારસંહિતાની ફરજિયાત જરૂરિયાતોનું પાલન કરવા માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. આ માર્ગદર્શન આદર્શમુલક નથી પરંતુ તેને માહિતી અને સહાય માટે પ્રારંભ બિંદુ તરીકે જોઇ શકાય.*

- **સીઓપી *19.1* કર્મચારીઓના મુક્ત રીતે જોડાવાના અધિકારનું સન્માન કરે છે*:*** સભ્યો દ્વારા કોઇ પણ પ્રકારની અડચણ અથવા નકારાત્મક પરિણામો વિના, પોતાની પસંદગીના શ્રમિક સંગઠનમાં મુક્તપણે જોડાવાના કર્મચારીઓના અધિકારનું સભ્યો સન્માન કરશે.
  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - પુષ્ટિ કરો કે જોડાણની સ્વતંત્રતાના પાલન અંગે જાગૃતિ અને જવાબદારી તેમજ સંયુક્ત સોદાબાજી જરૂરિયાતોની સુલભતા માનવ સંસાધન વિભાગ જેવા વરિષ્ઠ મેનેજમેન્ટ કાર્યનો ભાગ છે.
  - ભરતી, બરતરફી અને દેખાવ સમીક્ષા માટેની કાર્યવાહીઓમાં સંગઠનના સભ્યો સામે અથવા લાગુ પડતા કાયદાને અનુરૂપ સંગઠન રચવા માંગતા લોકો સામે પક્ષપાત રાખવો જોઇએ નહીં (નિષ્પક્ષતા પર માર્ગદર્શન પણ જૂઓ). ફરિયાદ વ્યવસ્થા ઊભી કરવી જોઇએ જે કામદારોને કોઇ પણ ચિંતા વ્યક્ત કરવાની છૂટ આપે છે.
  - કર્મચારીઓને રોજગારદાતાઓના હસ્તક્ષેપ વગર તેમની પોતાની પસંદગીના સંગઠન અથવા કામદાર સંગઠન રચવાની અથવા તેમાં જોડાવાની સ્વતંત્રતા છે.
  - કારોબારે કોઇ ચોક્કસ સંગઠન અથવા કામદાર સંગઠનને પ્રોત્સાહન ના આપવું જોઇએ તેમજ કામદારો પર ચોક્કસ સંગઠનમાં જોડાવા કે સંગઠન છોડવા માટે દબાણ ના કરવું જોઇએ. સંગઠનના પ્રતિનિધિઓની ચૂંટણી રોજગારદાતાના અવરોધ અથવા દરમિયાનગીરી વગર થવી જોઇએ.
  - મજૂરસંઘોને લાગુ પડતા કાયદા મુજબ તેમની પ્રવૃત્તિઓ હાથ ધરવાનો અધિકાર છે.

- **સીઓપી *19.2* કર્મચારીઓના સંયુક્ત સોદાબાજી અધિકારનું સન્માન કરે છે:** સભ્યો કર્મચારીના સામૂહિક સોદાબાજીના અધિકારનું સન્માન કરશે, અને સામૂહિક સોદાબાજીના કરારોનું અક્ષરશ: પાલન કરશે, જ્યાં આવા કરારો પ્રવર્તતા હોય. સભ્યો, લાગુ પડતા કાયદાને આધીન, વિશ્વાસપૂર્વક કોઇ પણ પ્રકારની સામૂહિક સોદાબાજીમા સહભાગી બનશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - જ્યાં કામદાર સંગઠન અસ્તિત્વમાં છે ત્યાં સંયુક્ત સોદાબાજી સમજૂતી સાધવા માટે કારોબાર અથવા તેના પ્રતિનિધિએ વાટાઘાટ ના કરવી જોઇએ.
  - કારોબાર શુભ આશય સાથે વાટાઘાટ કે સોદાબાજી કેવી રીતે કરી શકે છે તે અંગે વિચારો જેમાં ચર્ચા, બાંધછોડ અને બંને પક્ષને સંમત હોય તેવા ઉકેલ પર પહોંચવાની તૈયારી સામેલ છે.
  - કંપની, ક્ષેત્ર અથવા રાષ્ટ્રીય સ્તરે સંયુક્ત સોદાબાજી સમજૂતી સધાયા બાદ તેનો કારોબારની અંદર અમલ થવો જોઇએ.
  - લાગુ પડતો કાયદો અલગ અધિકાર ક્ષેત્રોમાં અલગ હોય છે. કારોબાર તેની કાનૂની ફરજ સમજે છે તે સુનિશ્ચિત કરો.

**સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ અને કામકાજના કલાકો અને મહેનતાણું**

સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ કાનૂની રીતે અમલ કરી શકાય તેવા કરારો છે જે રોજગારદાતા અને કામદાર સંગઠન વચ્ચે થયેલી વાટાઘાટના આધારે શરતો અને નિયમો નિર્ધારિત કરે છે. માટે તેઓ નીચેની બાબતો માટે પણ વ્યવહારસંહિતાની જોગવાઇ માટે સુસંગત છે:

- કામકાજના કલાકો, કામદારો કેટલાક સંજોગોમાં જરૂરી ઓવરટાઇમ, કામકાજના લાંબા કલાકો અથવા વિરામ દિવસોને સમકક્ષ સમય માટે કામ કરવા માટે સંમત થઇ શકે છે, અને
- મહેનતાણુ, જ્યાં તેઓ ઓવરટાઇમ માટે સંમત વેતન દર નિર્ધારિત કરી શકે છે અથવા શિસ્તના ઉદ્દેશ માટે કપાતનું નિયમન કરી શકે છે.

કેટલાક કારોબારો અને અધિકારક્ષેત્રોમાં કામદારોની સામેલગીરી અથવા કરારોના સ્વરૂપો જોડાણ અને સંયુક્ત સોદાબાજીની સ્વતંત્રતાની જોગવાઇઓની જરૂરિયાતો કદાચ સંતોષતા નથી.

ઉદાહરણ તરીકે, ભારતમાં ઘણી કંપનીઓ મજૂરસંઘો ધરાવતી નથી માટે સંયુક્ત સોદાબાજી થઇ શકતી નથી. જોકે, સમિતિ અને મેનેજમેન્ટ વચ્ચે મુદ્દાઓ રજૂ કરવા અને તેના પર ચર્ચા કરવા માટે મંચ પૂરો પાડવા માટે કામદાર પ્રતિનિધિ સમિતિઓ રચી શકાય છે. ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એક્ટ હેઠળ આ સમિતિઓનું કાર્ય રોજગારદાતા અને કામદારો વચ્ચે મિત્રતા અને સારા સંબંધો સુનિશ્ચિત કરવા અને તેને જાળવવા, તેમના સમાન હિત અથવા ચિંતાની બાબતો પર ટિપ્પણી કરવી અને આવી બાબતોમાં કોઇ પણ મતભેદ દૂર કરવા માટે પ્રયાસ કરવો. આરજેસી વ્યવહારસંહિતા અંગે જાગૃતિ ફેલાવવાના સંભવિત મંચ તરીકે આરજેસી આવી સમિતિઓને પ્રોત્સાહન આપે છે.

આવી સમિતિના સભ્યો સામાન્ય રીતે ચૂંટવામાં આવતા નથી અને કામદારોની સામાન્ય સહમતીથી સામાન્ય રીતે નામાંકિત કરવામાં આવતા હોય છે. સમિતિ અને મેનેજમેન્ટ વચ્ચેની ચર્ચાઓ, તેના પરિણામો અને કરારોનું દસ્તાવેજીકરણ કરવા માટે મિટીંગ મિનટ્સ અને કેટલીક વખત સમજૂતીપત્રોનો (એમઓયુ) ઉપયોગ કરવામાં આવે છે. જોકે, ભારતીય કાયદા હેઠળ વ્યાખ્યાયિત કર્યા મુજબ તેમને 'સંયુક્ત સોદાબાજી કરારો'ને સમકક્ષ ગણવામાં આવતા નથી કારણકે સમિતિ કામદારોનું મુક્ત સંગઠન અથવા મજૂરસંગઠન નથી.

આરજેસી સ્વીકારે છે કે સભ્યો તેમના વ્યવહારોને આરજેસી વ્યવહારસંહિતાને સમાનુરૂપ કરવાનો ઇરાદો ધરાવે છે અને પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતા તેમાં સમય લાગી શકે છે. નીચેના માર્ગદર્શનનો 14.2b અંતર્ગત ઓવરટાઇમ સહિત કામકાજના કલાકોની સરેરાશને લગતી કામકાજના કલાકો અને મહેનતાણાની જોગવાઈની સમાનુરૂપતાની મૂલવણી માટે સભ્યો અને ઓડિટરો દ્વારા ઉપયોગ કરી શકાય છે

- સમાનુરૂપતા: સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ લાગુ પડતા કાયદા હેઠળ વ્યાખ્યાયિત કર્યા મુજબ અસ્તિત્વ ધરાવે છે અને સુસંગત શરતો/નિયમનોનું નિયમન કરે છે.
- ગૌણ બિન-સમાનુરૂપતા: કાનૂની રીતે રચાયેલું કામદાર જોડાણનું કોઇ સ્વરૂપ અસ્તિત્વમાં હોય અને સંમત દસ્તાવેજીકરણ હોય કે જે સુસંગત કામની શરતો/નિયમોનું નિયમન કરતું હોય, અને શરતો/નિયમોમાં તફાવત જો તે સંયુક્ત સોદાબાજી સમજૂતીનો ભાગ હોય તો તેમને પરવાનગી આપવામાં આવે, પરંતુ લાગુ પડતા કાયદા હેઠળ સંમત દસ્તાવેજીકરણ સંયુક્ત સોદાબાજી સમજૂતી રચતી નથી. આ બાબતને સમાનુરૂપતામાં લાવવા માટે સભ્યની પ્રમાણીકરણ મુદત પર્યંત સુધારાત્મક પગલાની જરૂર પડશે. યોગ્ય સંયુક્ત સોદાબાજી સમજૂતીઓ શક્ય બનાવવા પ્રક્રિયાઓ સ્થાપીને અથવા વૈકલ્પિક રીતે, રોજગારની શરતો અને નિયમો માટે લાગુ પડતા કાયદાનું અનુપાલન સુનિશ્ચિત કરીને આમ કરી શકાય છે.
- મુખ્ય બિન-સમાનુરૂપતા: કાનૂની રીતે રચાયેલું કોઇ પણ કામદાર જોડાણ સુસંગત શરતો/નિયમોનું નિયમન કરતું નથી.

- ***સીઓપી 19.3 અધિકારો પ્રતિબંધિત છે તેવા દેશો:*** *જ્યાં લાગુ પડતા કાયદાઓ સંગઠનના સ્વાતંત્ર્ય અને સામૂહિક સોદાબાજીને પ્રતિબંધિત કરતાં હોય ત્યાં, સભ્યો લાગુ પડતા કાયદા હેઠળ કર્મચારીઓ માટેના સંગઠનના વૈકલ્પિક માધ્યમોને અવરોધશે નહીં.*

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - રોજગારદાતાઓ કામદારોના જોડાણના કાનૂની વૈકલ્પિક સાધનોનો આદર કરશે.
  - કંપનીઓએ કામદારો દ્વારા રચાયેલા અને કામદારોના નિયંત્રણવાળા સંગઠનના સ્થાને કંપનીના નિયંત્રણવાળા સંગઠનમાં જોડાવા માટે કામદાર પર દબાણ ના જ કરવું જોઇએ.

તપાસો:
- ✓ શું તમે કામદારોને તેમની પસંદગીના સંગઠનો કે સંઘોમાં મુક્ત રીતે જોડાવાની છૂટ આપો છો?
- ✓ શું તમે સંયુક્ત સોદાબાજી સમજૂતીમાં શુભ આશય સાથે સહભાગિતા કરો છો અને સંમત થયેલા પરિણામોનું પાલન કરો છો?
- ✓ જ્યાં કામદારોના જોડાણ અધિકાર પર પ્રતિબંધ છે ત્યાં તમે કામદારોને સરકારના નિયંત્રણવાળા મજૂરસંઘો અને/અથવા જોડાણના વૈકલ્પિક કાનૂની સાધનો સાથે જોડાવાની છૂટ આપો છો?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો જોડાણ અને સંયુક્ત સોદાબાજીની સ્વતંત્રતા બાબતે વધારાની માહિતી ધરાવે છે:

- એથિકલ ટ્રેડિંગ ઇનિશિયેટિવ (ETI) – બેઝ કોડ (2012)
  www.ethicaltrade.org/resources/key-eti-resources/eti-base-code
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) નિયમ 87 – ફ્રીડમ ઓફ એસોસિયેશન એન્ડ રાઇટ ટુ ઓર્ગેનાઇઝ (1948)
  www.ilo.org/dyn/normlex/en/f?p=1000:12100:0::NO::P12100_ILO_CODE:C087
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) નિયમ 98 – રાઇટ ટુ ઓર્ગેનાઇઝ એન્ડ કલેક્ટિવ બાર્ગેઇનિંગ (1949)
  www.ilo.org/dyn/normlex/en/f?p=1000:12100:0::NO::P12100_ILO_CODE:C098
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – ડેક્લેરેશન ઓન ફન્ડામેન્ટલ પ્રિન્સિપલ એન્ડ રાઇટ્સ એટ વર્ક
  www.ilo.org/declaration/thedeclaration/textdeclaration/lang--en/index.htm
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) *બેટર વર્ક- ગાઇડન્સ શીટ 4: ફ્રીડમ ઓફ એસોસિયેશન એન્ડ કલેક્ટિવ બાર્ગેઇનિંગ* (2009)
  http://betterwork.com/global/wp-content/uploads/4-Freedom-of-Association.pdf

- સેડેક્સ સપ્લાયર વર્કબુક – ચેપ્ટર 1.3 – ફ્રીડમ ઓફ એસોસિયેશન એન્ડ કલેક્ટિવ બાર્ગેઇનિંગ
  www.sedexglobal.com/wp-content/uploads/2013/03/1.3-Freedom-of-Association-Collective-Bargaining_Sedex-Supplier-Workbook.pdf
- યુનિવર્સલ ડેક્લેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ – આર્ટિકલ- 20
  www.un.org/Overview/rights.html
- યુનાઇટેડ નેશન્સ (યુએન) ગ્લોબલ કોમ્પેક્ટ પ્રિન્સિપલ 3 – ફ્રીડમન ઓફ એસોસિયેશન એન્ડ કલેક્ટિવ બાર્ગેઇનિંગ
  www.unglobalcompact.org/AboutTheGC/TheTenPrinciples/principle3.html

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી20 ) બિનભેદભાવ-

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**ભેદભાવ** એ છે કે જ્યાં લોકોને તેમની ચોક્કસ લાક્ષણિકતાઓ - જેવી કે જાત, વંશિયતા, વર્ણ, રાષ્ટ્રીય મૂળ, ધર્મ, અશક્તતા, લીંગ, જાતિય અભિમુખતા, કર્મચારી મંડળનું સભ્યપદ, રાજકીય જોડાણ, વૈવાહિક દરજ્જો, ગર્ભાવસ્થા સ્થિતિ, શારીરિક દેખાવ, એચઆઇવીની સ્થિતિ, કે ઉમર કે અન્ય કોઇ પ્રતિબંધિત આધારને કારણે તેમની સાથે અલગ રીતે વ્યવહાર કરવામાં આવે - જે તક અને વર્તણૂકની સમાનતાના અભાવમાં પરિણમે છે.

ભેદભાવ પરોક્ષ કે અપરોક્ષ હોઇ શકે છે, અને તે ઇરાદાપૂર્વકનો હોવો જરૂરી નથી. એવો વ્યવહાર કે જે તટસ્થ લાગે પણ ચોક્કસ લાક્ષણિકતાવાળા લોકો સાથે અસમાન વર્તણૂંકમાં પરિણમે તેને અપરોક્ષ ભેદભાવ તરીકે ગણવામાં આવે છે. સતામણી (એવું વર્તન કે જે કામકાજમાં હેરાનગતિ, દુશ્મનાવટ કે માનહાનીનું વાતાવરણ સર્જે) તેને પણ ભેદભાવના આધારે થતું હોય ત્યારે તેને ભેદભાવ ગણવામાં આવે છે. નાગરિકો, બિન-નાગરિકો, સ્થળાંતરિત, સ્થાનિક કર્મચારીઓ અને નોકરીના અરજદારો સહિતના તમામ કર્મચારીઓ ભેદભાવથી મુક્ત હોવા જોઇએ.

*સ્રોતઃ*

- *ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઇએલઓ) - વર્કપ્લેસ ડીસ્કીમીનેશન*

  *www.ilo.org/global/Themes/Equality_and_Discrimination/WorkplaceDiscrimination/lang--en/index.htm*
- *ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઇએલઓ) બેટર વર્ક - ગાઇડન્સ શીટ 2: ડીસ્કીમીનેશન (2009)*

  *http://betterwork.com/global/wp-content/uploads/2-Discrimination.pdf*

સીઓપીનો **ભેદભાવ** વિભાગ કર્મચારીઓ સાથેના તમામ એકમોને લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

વ્યવસાય અને રોજગારીમાં ભેદભાવ ઘણા સ્વરૂપમાં હોઇ શકે છે અને તમામ પ્રકારના કાર્ય માળખામાં ઉદ્ભવે છે. તે વિકસીત કે વિકાસશીલ દેશો, ગ્રામ કે શહેરી માળખામાં, અને નીચી કે ઉંચી ટેકનોલોજીના કાર્યસ્થળોએ ઉદ્ભવી શકે છે. તે રોજગારી કે ચોક્કસ વ્યવસાયની પહોંચ પ્રાપ્ત કરતા લોકોને અસર કરી શકે છે, અથવા એક વખત તેની ઉપર તે કામદારોને તેમની જવાબદારીઓ, શરતો, તાલીમતાલીમ, બઢતી કે રોજગાર સલામતી અલગ અલગ વર્તણૂંકમાં પરીણમી શકે છે. અંતે ભેદભાવ અસમાનતા સર્જે છે અને તેને બળવત્તર બનાવે છે અને તે માનવ અધિકારનો ભંગ છે.

બિન-ભેદભાવ એટલે કર્મચારીની પસંદગી કામ કરવાની તેની સમર્થતાના ધોરણે કરવામાં આવે, અન્ય કોઇ આધાર ઉપર બાકાત કે પસંદગી વિના. ચોક્કસ કામ માટેની પૂર્ણપણે અંતર્ગત જરૂરિયાતોના આધારે અલગતા એ ભેદભાવ નથી.

ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઇએલઓ) ના અહેવાલ મુજબ સામાન્યતઃ મહિલાઓ ભેદભાવનો સૌથી વધુ શિકાર બનતું સમુદાય છે. કામદાર જૂથોના સહભાગી થવાના દર, બેકારીના દર, વેતન અને કરવામાં આવતા કામોમાં લૈંગિક અસમાનતા જોવા મળે છે.

ભેદભાવના અન્ય સ્વરૂપો પણ ઓળખી કાઢવામાં આવ્યા છે જેવા કે નાની અને મોટી ઉમરની બન્ને પ્રકારની વ્યક્તિઓ, અપંગતા સાથેના લોકો અને એચઆઇવી/એઇડ્ઝ સાથેના લોકો તરફ અન્યાયી વર્તણૂક. જો કે ઉપલબ્ધ માહિતીના અભાવે ભેદભાવના સ્તરનું નીરિક્ષણ અવરોધાય છે. ઘણી વખત ગુપ્તતાની સુરક્ષા અને સૈધ્ધાંતિક અથવા રાજકીય પ્રતિબંધો ચોક્કસ જુથો ઉપરના ડેટાના સંગ્રહને અટકાવે છે.

રોજગારદાતાઓ માટે વ્યવહારમાં થતા ભેદભાવને ઓળખી કાઢવા મુશ્કેલ હોઇ શકે છે. ભેદભાવયુક્ત વ્યવહાર પ્રત્યક્ષ હોઇ શકે છે, જેમ કે જ્યારે સમાન તકનો ઇનકાર, કોઇ જાત કે જાતિનું કારણ, અભિવ્યક્ત રીતે દર્શાવતા કાનૂન, નિયમનો કે પ્રણાલિ. જો કે પરોક્ષ ભેદભાવ ખૂબ જ સામાન્ય છે અને તેથી તેને દર્શાવવો વધુ મુશ્કેલ છે. તે ત્યાં ઉદ્ભવે છે કે જ્યાં નિયમનો, વ્યવહાર કે વલણો તટસ્થ હોય તેમ દેખાય છે પણ હકીકતમાં બાકાતી કે પસંદગીયુક્ત વર્તણુંક ભણી દોરી જાય છે. હેરાનગતિને પણ ભેદભાવ ગણવામાં આવે છે કે જ્યારે તે ભેદભાવની ભૂમિકા ઉપર હોય. જ્યાં ભેદભાવ ઔપચારિક રીતે અસ્તિત્વમાં હોય કે સાંસ્કૃતિક રીતે ઉદ્ભવેલો હોય તો રોજગારદાતા તેને ઓળખી કાઢવાના અને હેતુપૂર્ણ માર્ગે તેને દૂર કરવાના સભાન પ્રયાસો કરવાની જરૂરત છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો:*
યુનીવર્સલ ડીકલેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ (1948) માં બિન-ભેદભાવના સિધ્ધાંતોને પ્રતિષ્ઠાપિત કરવામાં આવ્યા છે. કલમકલમ 2 દર્શાવે છે કે કોઇપણ વ્યક્તિને કોઇ જાતના ભેદભાવ વિના ડેકલેરેશનના અધિકારો અને સ્વતંત્રતાનો હક છે. કલમ 7 દર્શાવે છે કે કાયદા સમક્ષ તમામ સમાન છે અને ડેકલેરેશનના ઉલ્લંઘનમાં કોઇપણ ભેદભાવ સામે સમાન રક્ષણ મેળવવા હકદાર છે. કલમ 23 દર્શાવે છે તમામને સમાન કામ માટે સમાન વેતનનો અધિકાર છે.

આ અધિકારોની આંતરરાષ્ટ્રીય શ્રમ કાનૂનમાં વ્યાખ્યા કરવામાં આવી છે. ત્રિપક્ષી યુનાઇટેડ નેશન્સ એજન્સી, ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઇએલઓ) એ ભેદભાવ સામે બે મુખ્ય ઠરાવો સ્વીકાર્યા છે.

- સમાન વેતન ઉપર સંમતિ 100 (1951)
- ભેદભાવ (રોજગારી અને વ્યવસાય) ઉપર સંમતિ 111 (1958)

કન્વેન્શન 100 અને 111 ને આઇએલઓ દ્વારા "કોર કન્વેન્શન્સ" તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. વધારામાં રોજગારી અને વ્યવસાયના સંદર્ભમાં ભેદભાવની નાબુદીને 1998 ના ડીકલેરેશન ઓફ ફન્ડામેન્ટલ પ્રિન્સીપલ્સ

એન્ડ રાઇટ્સ એટ વર્કસમાં સમાવી લેવાયા છે. આઇએલઓના તમામ સભ્ય દેશો ડેકલેરેશનના સિધ્ધાંતોને આગળ વધારવા અને માન આપવા બંધાયેલા છે, તેમણે કોર કન્વેન્શન્સને માન્ય કર્યા હોય કે નહીં તો પણ.

***રાષ્ટ્રીય કાયદો***

મોટાભાગના રાષ્ટ્રીય શ્રમ અને રોજગાર કાનૂનોમાં બિન-ભેદભાવની જોગવાઇ છે. જો કે એવા કાર્યક્ષેત્રો છે કે જેમાં ભેદભાવની કાનુની રીતે છૂટ છે. કેટલાક દેશોમાં "હકારાત્મક" ભેદભાવની જોગવાઇ છે કે જેમાં લીંગ કે જાતિ જેવી ઐતિહાસિક અસમાનતાઓના ઉપાય કરવાનો હેતુ છે. કામગિરીના કાર્યક્ષેત્રોમાં તમામ સંબંધિત કાનૂનો અંગે સજાગ રહેવું જરૂરી છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજીયાત જરૂરિયાતોના અમલ માટેની સામાન્ય માર્ગદર્શિકા પુરી પાડે છે. આ માર્ગદર્શિકા સહજ નથી અને તેને માહિતી અને આધાર માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવી જોઇએ.*

- ***સીઓપી 20.1: કોઇ જાતના ભેદભાવનો અમલ ન કરવો કે તેને ચલાવી ન લેવો:*** *કાર્યસ્થળ પર સભ્યો મહેનતાણા, ઓવરટાઇમ, તાલીમની પહોંચ, બઢતી, જાતિ પર આધારિત સમાપ્તિ અથવા નિવૃત્તિ, વંશીયતા, જાતિ, રાષ્ટ્રીય મૂળ, ધર્મ, વિકલાંગતા, લૈંગિકતા, જાતિય અભિમુખતા, યુનિયનનું સભ્યપદ, રાજકીય જોડાણ, વૈવાહિક દરજ્જો, ગર્ભવસ્થા સ્થિતિ, શારીરિક દેખાવ, એચઆઇવી સ્થિતિ, અથવા વય, અથવા અન્ય કોઇ લાગુ પડતા પ્રતિબંધિત આધારના સંદર્ભમાં કોઇ પણ સ્વરૂપમાં એ રીતે ભેદભાવ નહીં ધરાવે અથવા જતું નહીં કરે કે "કાર્ય માટે સક્ષમ છે" એવી તમામ વ્યક્તિઓને સમાન તકો પ્રદાન કરવામાં આવે અને તેમના કામને નિભાવવા માટે તેમની ક્ષમતાથી સંબંધિત ન હોય તેવા પરિબળોના આધારે તેમની સામે ભેદભાવ રાખવામાં ન આવે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - ભેદભાવના મુદ્દાઓ અંગે જાગૃતિ અને જવાબદારી માનવ સંશાધન જેવી સિનિયર મેનેજમેન્ટ કામગીરીનો ભાગ હોવો જોઇએ.
  - કેટલાક દેશોમાં, ઔદ્યોગિક ક્ષેત્રોમાં કે ચોક્કસ વ્યવસાયોમાં કે યુનિયનના સભ્યપદ, ગર્ભાવસ્થા/પ્રસુતિ જેવા ચોક્કસ મુદ્દાઓમાં ભેદભાવનું જોખમ વધારે અથવા વધુ દેખિતુ હોઇ શકે. ભેદભાવની સંભવિત ઘટનાઓને સંભાળપૂર્વકના પ્રતિભાવની જરૂરત છે કે જે સ્થાનિક સંજોગોની ગણતરી કરે. ખાસ કરીને નાનાથી મધ્યમ કક્ષાના સાહસો માટે ઉપયોગમાં લઇ શકાય તેવા એકંદર જોખમ આકારણી ટેમ્પલેટ માટે આરજેસી રીસ્ક એસેસમેન્ટ ટૂલકીટ જુઓ. તેના વિકલ્પે સભ્યો તેમની પોતાની જોખમ આકારણી પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે.
  - જ્યાં સંસ્થાના કદ અને પ્રકાર માટે યોગ્ય હોય ત્યાં કોઇપણ સંભવિત કે ખરેખરા ભેદભાવના ઉકેલ માટે નીતિઓ અને કાર્યપ્રણાલિઓ વિકસાવો. સ્ટાફની ભરતી, નીમણૂંક, તાલીમ અને બઢતી માટે તમામ સ્તરે લાયકાત, કૌશલ્ય અને અનુભવને આધાર બનાવો.

- ◦ મોટી સંસ્થાઓમાં, સમસ્યા પ્રક્રિયાથી કામદારો તેમની ફરીયાદો ઉભી કરી શકે છે, અને તે વિવાદો અને અપીલોને સાંસ્કૃતિક રીતે યોગ્ય અને સંવેદનશીલ પ્રક્રિયામાં હલ કરે છે.
- ◦ વૈવિધ્ય અને ભેદભાવ વિરોધી તાલીમ પુરી પાડો, ખાસ કરીને એવા ક્ષેત્રમાં કે જ્યાં ભેદભાવ થવાની વધુ સંભાવના છે જેવા કે ભાડે રાખવાના અને પ્રમોશનના વ્યવહારો. ભેદભાવના ઔપચારિક અને બિન-ઔપચારિક વ્યવહારો અંગે જાગૃતિ લાવવા તાલીમનો ઉપયોગ કરો.

તપાસો:

- ✓ તમારી કંપનીમાં ભેદભાવના જોખમો છે અને સીનીયર મેનેજમેન્ટ તે જાણે છે?
- ✓ જ્યાં જોખમો ઓળખી કઢાય, તો તમારી પાસે એવી નીતિઓ અને કાર્યપ્રણાલિ છે કે જે આ ભેદભાવના જોખમોને હલ કરે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો ભેદભાવના અંગે વધારાની માહિતી ધરાવે છે:

- ઇન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન (આઈએફસી) - ગુડ પ્રેક્ટીશ નોટ: નોન-ડીસ્ક્રીમીનેશન એન્ડ ઇક્વલ ઓપોર્ચ્યુનીટી (2006)
  www1.ifc.org/wps/wcm/connect/topics_ext_content/ifc_external_corporate_site/ifc+sustainability/publications/publications_gpn_nondiscrimination
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) - ઇક્વાલીટી એન્ડ ડીસ્ક્રીમીનેશન
  www.ilo.org/global/Themes/Equality_and_Discrimination/lang--en/index.htm
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઇએલઓ) - ડેટાબેઇઝ ઓન કન્ડીશન્સ ઓફ વર્ક એન્ડ એમ્પ્લોયમેન્ટ લોઝ
  www.ilo.org/dyn/travail/travmain.home
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઇએલઓ) બેટર વર્ક - ગાઇડન્સ શીટ 2: ડીસ્ક્રીમીનેશન (2009)
  http://betterwork.com/global/wp-content/uploads/2-Discrimination.pdf
- યુનીવર્સલ ડીકલેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ - આર્ટીકલ્સ 2, 7 અને 23
  www.un.org/Overview/rights.html
- યુનાઇટેડ નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ - પ્રિન્સીપલ 6 - ડીસ્ક્રીમીનેશન
  www.unglobalcompact.org/AboutTheGC/TheTenPrinciples/principle6.html

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 21) આરોગ્ય અને સલામતી

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**આરોગ્ય અને સલામતી** પહેલનો ઉદ્દેશ કામ સાથે જોડાયેલા અથવા કામ કરતા થતા અકસ્માતો અને વ્યક્તિગત સુખાકારીને થતી ઇજા અટકાવવાનો છે. કામના વાતાવરણમાં સહજ રીતે રહેલા ખતરાને, શક્ય હોય ત્યાં સુધી લઘુતમ કરીને તેમ કરી શકાય છે.

**જોખમ** એ સંભવિત હાનિ, ઇજા અથવા નુકસાનનો સ્રોત છે.

**વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો (પીપીઈ)** એટલે રક્ષણાત્મક કપડા અને અન્ય વસ્ત્રો જેમકે, હાથમોજા, રક્ષણાત્મક પગરખા, હેલ્મેટ, ગોગલ્સ અને ઇયર પ્લગ્સ. આ સૌ સાધનો તેને ધારણ કરનાર વ્યક્તિને કામને લગતા વ્યવસાયિક ખતરા સામે રક્ષણ આપવા માટે ડિઝાઇન કરાયેલા છે.

*સ્રોત:*

- *ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) નિયમ* 155 - *ઓક્યુપેશનલ સેફ્ટી એન્ડ હેલ્થ* (1981)
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?C155
- *સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) - એસએ*® 8000 *એબ્રીજ્ડ ગાઇડન્સ*: 2008 *સ્ટાન્ડર્ડ*
  www.sa-intl.org/_data/n_0001/resources/live/SAI_AbridgedGuidance_SA8000_2008.pdf

સીઓપીની **આરોગ્ય અને સલામતી** કલમ તમામ સભ્યોને લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

કામની સલામતી મુદ્દે વિવિધ દેશો, આર્થિક ક્ષેત્રો અને સામાજિક જૂથો વચ્ચે અપાર વિવિધતા જોવા મળે છે. દુનિયામાં દર વર્ષે 20 લાખ લોકો વ્યવસાયિક ઇજાઓ અથવા રોગોને કારણે મૃત્યુ પામે છે. મહિલાઓ, બાળકો અને પરપ્રાંતીયો ઘણી વખત સૌથી નબળું અને સૌથી ઓછું રક્ષણ ધરાવે છે, તેઓ અસલામત અને બિનતંદુરસ્ત કાર્યસ્થળના સૌથી વધુ અસરગ્રસ્ત લોકો છે.

મોટા ભાગના દેશો કર્મચારીઓના આરોગ્ય અને સલામતી અંગે કાયદા ધરાવે છે. કામદારોને તેમના કામના કારણે હાનિ ના થાય તે સુનિશ્ચિત કરવાની મૂળભૂત જવાબદારી કારોબારની છે. કંપનીની કામગીરીથી અસરગ્રસ્ત થઇ શકે તેવા પ્રત્યક્ષ કર્મચારીઓ, કોન્ટ્રાક્ટર અથવા એજન્સી કામદારો અને (મુલાકાતીઓ અને સ્થાનિક સમુદાયો જેવા) પ્રજાના સભ્યોની સલામતી માટે સામાન્ય રીતે આરોગ્ય અને સલામતી વ્યવસ્થાપન પ્રણાલીઓ અને કાર્યક્રમો ઘડવામાં આવે છે.

બચાવકારી આરોગ્ય અને સલામતી સંસ્કૃતિ નોંધપાત્ર ઉત્પાદકતા લાભો આપી શકે છે. તેમાં ઇજાઓ, માંદગી અને તેને પગલે માંદગીના દિવસો, વીમાના દાવાઓ, પ્રિમીયમ અને નિયમનકારી દંડ અને સ્ટાફની પ્રેરણા તથા

દેખાવમાં સુધારાનો સમાવેશ થાય છે. તેનાથી વિપરીત, આરોગ્ય અને સલામતીના નબળા વ્યવસ્થાપનથી પ્રતિષ્ઠા અને વાણિજ્યિક દેખાવને હાનિ થવાની શક્યતા રહે છે. સૌથી મહત્ત્વની વાત, તે કાર્યસ્થળ ઇજાઓ, માંદગી અને જાનહાનિના જોખમમાં વધારો કરે છે.

કંપનીના આરોગ્ય અને સલામતી કાર્યક્રમો મુખ્યત્વે કાર્યસ્થળ પર થતી ઇજાઓ અને રોગો અટકે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જોકે, કેટલાક કારોબારોને કામદારોના સામાન્ય આરોગ્ય અને સુખાકારી માટે કાર્યક્રમો ઘડવા વ્યૂહાત્મક જણાઇ રહ્યું છે. આ કારોબારો આરોગ્યના વ્યાપક પાસાઓ પર ધ્યાન આપે છે જેમકે, તણાવ, મેદસ્વીતા, થાક, કામ કરવા માટેની સ્વસ્થતા, પદાર્થનું વ્યસન અને દૂરૂપયોગ, પ્રજનન આરોગ્ય અને કાર્ય-જીવન સંતુલન.

હીરા અને સોનાની જ્વેલરી પુરવઠા શૃંખલામાં હાજર હોઇ શકે તેવા વ્યવસાયિક આરોગ્ય અને સલામતી જોખમોના ચોક્કસ પ્રકારો નીચે આપેલા છે.

*ખનન*

ખાણો ખતરનાક કાર્યસ્થળ હોઇ શકે છે. તેના સૌથી સામાન્ય વ્યવસાયિક આરોગ્ય અને સલામતી જોખમો નીચે મુજબ છેઃ

- રજકણ જેવા પદાર્થો સાથે સંપર્કથી સિલિકોસિસ પેદા થઇ શકે છે અથવા સાઇનાઇડ અને પારા જેવા ખતરનાક રસાયણો સાથે સંપર્ક;
- ઘોંઘાટ, કંપન, ગરમી, નબળી હવાઉજાસ, વધુ પડતો શ્રમ અને અયોગ્ય કાર્યસ્થળ, ખાસ કરીને ભૂગર્ભ કામગીરીઓમાં;
- અત્યંત ઊંચી ગરમ અને ઠંડી આબોહવા સહિતના પ્રાકૃતિક પરિબળોમાં કામ કરવું;
- ખનનમાં અસ્થિરતા અથવા વિસ્ફોટકોના દુરુપયોગને કારણે ખાણમાં ભંગાણ, ખડકો ધસી પડવી અથવા જમીન બેસી જવી જેવી હોનારતના કારણે ઇજાઓ અથવા મૃત્યુઓ;
- ઊંચાઈ પર કામ કરવું અને ઊંચાઈ પરથી વસ્તુઓ પડવાનું જોખમ;
- નબળી જાળવણીવાળા, જૂના અથવા અયોગ્ય સાધનોનો ઉપયોગ;
- પ્રવાસી વાહનો અને ખાસ કરીને ખનન વાહનો સહિતના ચલિત સાધનો સંબંધિત અકસ્માતો;
- ખાસ કરીને ઓછું સામાન્ય શિક્ષણ ધરાવતા શ્રમબળમાં જ્ઞાન અને તાલીમનો અભાવ;
- રોગવાહકો દ્વારા પેદા થતા રોગો જેમકે, મેલેરિયા, યલો ફીવર, ડેન્ગુ અને અન્ય.

*સોનું પ્રસંસ્કરણ અને શુદ્ધિકરણ*

સુવર્ણ ધાતુનું પ્રસંસ્કરણ અને શુદ્ધિકરણ કામદારો પર નીચે દર્શાવેલા જોખમો પેદા કરી શકે છેઃ

- પીગળેલી ધાતુ, વિદ્યુત-ચુંબકીય વિકિરણ અને ઊંચા તાપમાનના અન્ય સ્રોતો;
- હાઇડ્રોક્લોરિક એસિડ અને ક્લોરિનના ધુમાડા સહિતના ઝેરી રસાયણો સાથે સંપર્ક;
- રોટેટિંગ પ્લાન્ટ અને પમ્પ, ક્રશર અને ડ્રાયર જેવા સાધનો અને ચલિત સાધનો સાથે સંપર્ક.

*કટિંગ અને પોલિશિંગ*

કટિંગ અને પોલિશિંગના જોખમોમાં શ્વાસમાં રજકણો જવી, આંખો પણ તણાવ આવવું, નબળી અંગ સ્થિતિને કારણે પીઠ અને ખભાની સમસ્યાઓ, કામકાજના લાંબા કલાકો અને યંત્રો સાથે અકસ્માતોનો સમાવેશ થાય છે. ચોક્કસ ઉદાહરણોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ

- વ્યક્તિગત રક્ષણાત્મક સાધન (પીપીઈ)નો અભાવ અથવા દુરુપયોગ: ગોગલ્સ, રબરના હાથમોજા, બૂટ, રેસ્પિરેટર્સ અને રજકણ સામે રક્ષણ આપતા માસ્કની ઉત્પાદનના વિવિધ તબક્કે જરૂર પડી શકે છે;
- સંકટ બારીને તાળા: કેટલીક ફેક્ટરીઓ સંકટ બારી સહિતના તમામ બારી-બારણાઓને તાળા મારેલા રાખે છે. તેની પાછળનું મુખ્ય કારણ ચોરી અને/અથવા ઊંચું વીમા પ્રિમીયમ ટાળવાનું છે. મોટા ભાગના અધિકાર ક્ષેત્રોમાં આ વ્યવહાર ગેરકાનૂની છે;
- કામ કરવાની બિન આરોગ્યપ્રદ સ્થિતિઓ: પોલિશિંગ ફેક્ટરીઓમાં મોટા પ્રમાણમાં રજકણ પેદા થઇ શકે છે. યોગ્ય વેન્ટિલેશન સિસ્ટમ નહીં ધરાવતી ફેક્ટરીઓ શ્વસનની ગંભીર અથવા ઘાતક સમસ્યાઓમાં યોગદાન આપી શકે છે;
- રસાયણો સાથે સંપર્ક: ઘણી વખત રાસાયણિક પદાર્થો અને કામદારો માટે રક્ષણાત્મક પગલાનો અભાવ હોય છે.

*જ્વેલરી ઉત્પાદન*

જ્વેલરી ઉત્પાદન સાથે પણ પીપીઈ અને સંકટ બારીઓ, ઝેરી ધૂમાડા અને રસાયણો (દાખલા તરીકે, સોનાના ઉત્પાદનમાં સોલ્ડર માટે વપરાતું કેડમિયમ અથવા કાસ્ટિંગ પ્રક્રિયા દરમિયાન પેદા થતી સિલિકા ડસ્ટ), આંખો પર તણાવ, યંત્રોની સલામતીનો અભાવ અને કામ કરવાની બિનતંદુરસ્ત સ્થિતિઓ સહિતની સમાન પ્રકારની સમસ્યાઓ જોડાયેલી છે.

*ટ્રેડિંગ, સેવા ઉદ્યોગ અને રિટેલ*

પુરવઠા શૃંખલાના આ ભાગ પર કાર્યસ્થળના સામાન્ય જોખમો લાગુ પડે છે. દાખલા તરીકે, તેમાં સ્લિપ્સ અને ટ્રિપ્સ, હાથથી કામગીરી, વર્કસ્ટેશન અર્ગોનોમિક્સ (કાર્યક્ષમતાશાસ્ત્ર), મૂળભૂત સ્વચ્છતા અથવા પરિવહનનો સમાવેશ થાય છે. વધુ ચોક્કસ રીતે વાત કરીએ તો, પુનરાવર્તિત તણાવ જેવી વધુ પડતા ઉપયોગની વ્યવસાયિક સમસ્યાઓ અથવા પ્રોડક્ટના હેન્ડલિંગ દરમિયાન આંખો પર તણાવ વધવા જેવા જોખમોનો સમાવેશ થાય છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) આરોગ્ય અને સલામતી મુદ્દે 70થી વધુ નિયમો અને ભલામણો ધરાવે છે. તેમાં ચોક્કસ ઉદ્યોગો, વિવિધ પ્રકારના ક્ષેત્રોને અસર કરતા જોખમો અને બચાવકારી અથવા રક્ષણાત્મક પગલાનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, આઇએલઓ નિયમ 176 (1995), ખાણમાં આરોગ્ય અને સલામતીની વાત કરે છે. ભાગ 3 રસાયણો સાથે કામ કરવું, સંકટ સમયની સજ્જતા અને અકસ્માતની સ્થાનિક સત્તાવાળાઓને જાણ કરવાના કર્મચારીઓના અધિકાર જેવા મુદ્દાઓ પર સામાન્ય ભલામણો પૂરી પાડે છે. કલમ 8 અંતર્ગત દરેક ખાણ માટે ચોક્કસ સંકટ પ્રતિભાવ યોજના તૈયાર હોવી જરૂરી છે જ્યારે આઇએલઓ ભલામણ 183 આ યોજનાઓમાં શું હોવું જોઇએ તે અંગે વધુ વિગતો આપે છે. અન્ય સામાન્ય આઇએલઓ આરોગ્ય અને સલામતી નિયમો, જેમકે નિયમો 155 (1981) અને 187 (2006), ખતરાની ઓળખ, શિક્ષણ અને તાલીમ અને વસ્ત્રો અને વ્યક્તિગત રક્ષણાત્મક સાધનોની જોગવાઈ અંગે માપદંડો અને ભલામણો નિર્ધારિત કરે છે. આ ભલામણોનો સામાન્ય રીતે સરકારી નિયમનો દ્વારા અમલ થાય છે, ત્યારે કંપનીઓ દ્વારા તેનો વધારાના માર્ગદર્શન માટે ઉપયોગ થઇ શકે છે.

ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) સસ્ટેનેબિલિટી ફ્રેમવર્ક, જે આરોગ્ય અને સલામતી ઘટક ધરાવે છે અને ઇન્ટરનેશનલ સાઇનાઇડ મેનેજમેન્ટ કોડ (સીઓપી 3.2 ખતરનાક પદાર્થોમાં સમાવિષ્ટ) જેવી અનેક સ્વૈચ્છિક પહેલ પણ છે. આંતરરાષ્ટ્રીય ફાઇનાન્સ કંપનીઓ અને મોટી બેન્કોએ પણ માપદંડો ઘડ્યા છે જેનો આરોગ્ય અને સલામતી કાર્યક્રમો ઘડવામાં ઉપયોગ કરી શકાય છે. વર્લ્ડ બેન્ક/ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશનની પર્યાવરણ, આરોગ્ય અને સલામતી માર્ગદર્શિકા અને પ્રોજેક્ટ ફાઇનાન્સિંગ માટે સમાન સિદ્ધાંતો આવા માપદંડોના ઉદાહરણો છે.

ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ ઓએચએસએએસ 18001 વ્યવસાયિક આરોગ્ય અને સલામતી વ્યવસ્થાપન પ્રણાલીઓ (ઓએચએસએમએસ)નો ઉદભવ કામના વાતાવરણમાં સલામતીના વ્યવસ્થાપનની જરૂરિયાતમાંથીથયો હતો. આ માપદંડનું વ્યવસાયિક આરોગ્ય અને સલામતી વ્યવસ્થાપન પ્રણાલીઓ માટે બ્રિટીશ સ્ટાન્ડર્ડ બીએસ 880માંથી નિર્માણ થયું હતું, અને તે માળખામાં આઇએસઓ 9000 (ગુણવત્તા માટે ) અને આઇએસઓ 14000 (પર્યાવરણ માટે) માપદંડોને સમાન છે.

વધુ સામાન્ય રીતે, કામ વખતે આરોગ્ય અને સલામતી બૃહદ માનવ અધિકારોના માળખાનો ભાગ છે અને તેને યુએનના કારોબાર અને માનવ અધિકારો પર માર્ગદર્શક સિદ્ધાંતો હેઠળ સંબોધવામાં આવ્યા છે- જૂઓ માનવ અધિકારો.

**રાષ્ટ્રીય કાયદો**

આરોગ્ય અને સલામતીના મુદ્દાનું નિયમન મોટે ભાગે રાષ્ટ્રીય અથવા સ્થાનિક સ્તરે થાય છે. આથી સ્થાનિક માપદંડો, રિપોર્ટિંગ જરૂરિયાતો, અમલ પ્રક્રિયા અને બિન-અનુપાલન માટે સંભવિત દંડ અંગે વાકેફ હોવું અત્યંત જરૂરી છે. કાનૂની માળખું સામાન્ય રીતે સત્તાવાળા, રોજગારદાતાઓ અને કામદારોની ભૂમિકા, જવાબદારી અને અધિકારો વ્યાખ્યાયિત કરે છે. ઘણા દેશો માત્ર વ્યવસાયિક આરોગ્ય અને સલામતી પર નજર રાખવા માટે સરકારી વિભાગ ધરાવે છે. આ માપદંડો અને માર્ગદર્શિકાઓ ઇન-હાઉસ કાર્યક્રમો ઘડવામાં મદદ કરી શકે છે. ગ્રાહક આરોગ્ય અને સલામતી માટે લાગુ પડતો કાયદો કદાચ ગ્રાહક સુરક્ષા, ન્યાયી વેપાર અથવા ન્યુક્લિયર નિયમન એજન્સીઓ હેઠળ આવી શકે છે.

અમલની પદ્ધતિ એક દેશથી બીજા દેશે ભિન્ન હોય છે અને તેવી જ રીતે નિયમનો પાલન ન કરનારા રોજગારદાતાઓ માટે કલમો પણ ભિન્ન હોય છે. કેટલાક દેશોમાં સ્થાનિક કાયદા મુજબ ઇજાગ્રસ્ત કામદારોનું પુનઃવસન અને/અથવા વળતર ફરજિયાત છે. કામના સ્થળે ગંભીર અકસ્માતોને કારણે કંપનીને મોટો દંડ ભરવો પડે છે અથવા વળતર ચુકવવું પડે છે અને સંચાલન પરવાના અને અન્ય પરવાના જોખમમાં મુકાઈ શકે છે. સામાન્ય રીતે કોઇ પણ ફોજદારી ગુના સાબિતી સાથે મોટો દંડ જોડાયેલો હોય છે. કેટલાક અધિકાર ક્ષેત્રોમાં આમાં સંબંધિત વરિષ્ઠ વ્યવસ્થાપકો અથવા કારોબારના ડિરેક્ટરો માટે વ્યક્તિગત ફોજદારી જવાબદારીનો સમાવેશ થાય છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 21.1: કામ કરવાની સ્થિતિઓ:*** સભ્યો એ બાબતને સુનિશ્ચિત કરશે કે બધા કર્મચારીઓ અને સાઇટ પરના ઠેકેદારોને લાગુ પડતા કાયદા અને અન્ય સંલગ્ન ઉદ્યોગ માનકોથી સુસંગત કામ કરવા માટેની સલામત અને આરોગ્યપ્રદ પરિસ્થિતિઓ ઉપલબ્ધ કરવામાં આવે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - આરોગ્ય અને સલામતી ઓફિસ વાતાવરણ સહિત કામ કરવાના તમામ સ્થળ માટે મહત્ત્વનું છે. સભ્યોએ નીચેની બાબતો પૂરી પાડવી જરૂરી છેઃ
    - કામ કરવાનું સલામત સ્થળ અને કામ કરવાની સલામત રીત
    - સલામત સ્થિતિમાં સાધન, ઓજારો અને મશીનો
    - શૌચાલય, જમવા માટેનો વિસ્તાર અને પ્રાથમિક સારવાર સહિતની સલામત અને સ્વચ્છ સુવિધાઓ
    - તમામ કામદારોને માહિતી, તાલીમ અને નિરીક્ષણ
    - કામદારો સાથે પરામર્શની પ્રક્રિયા અને તેમના આરોગ્ય અને સલામતીને અસર કરી શકે તેવા નિર્ણયો અંગે કામદારોને જાણ કરવી અને નિર્ણય પ્રક્રિયામાં તેમને સામેલ કરવા
    - ખતરા ઓળખવા, જોખમોની મૂલવણી કરવી અને જોખમો નિયંત્રિત કરવાની પ્રક્રિયાઓ.
  - સભ્યોએ કામ કરવાના તમામ સ્થળોએ સલામતી સંસ્કૃતિ સ્થાપવી જોઇએ.
  - સભ્યોએ આરોગ્ય અને સલામતી પર લેખિત નીતિ સ્થાપિત કરવી જોઇએ અને તેને કામ કરવાના સ્થળના સામાન્ય વિસ્તારોમાં પ્રદર્શિત કરવી જોઇએ.
  - કામ કરવાના દરેક સ્થળ પર આરોગ્ય અને સલામતીની જવાબદારી એક વરિષ્ઠ વ્યવસ્થાપકને માથે હોવી જોઇએ.
  - કંપની કામ કરે છે તે તમામ અધિકાર ક્ષેત્રોમાં કામ કરવાના સ્થળ પર આરોગ્ય અને સલામતીને લગતા મુખ્ય કાયદા, નિયમનકારી માર્ગદર્શન, અનુપાલન મુદ્દાઓ અને કાર્યવાહીઓ અને રિપોર્ટિંગ/નોંધ જાળવણીની જરૂરિયાતો અંગે છેલ્લી માહિતી મેળવવા માટે યોગ્ય વ્યવસ્થા અમલી હોવી જોઇએ. જૂઓ કાનૂની અનુપાલન પર માર્ગદર્શન

- ***સીઓપી 21.2: કામ કરવાના સ્થળો:*** સભ્યો કાર્યસ્થળ ઉપલબ્ધ કરાવશે અને તેની જાળવણી રાખશે, અને જ્યાં સ્થળ પરના રહેઠાણો ઉપલબ્ધ કરવામાં આવ્યાં હોય, તે:

  a. સલામત અને સુલભ પીવાના પાણી;
  b. ખોરાકના વપરાશ અને સંગ્રહ માટે આરોગ્ય વિષયક સુવિધાઓ;
  c. કાર્યરત કર્મચારીઓની સંખ્યા અને લિંગ સાથે અનુરૂપ સ્વચ્છ અને આરોગ્યપ્રદ ન્હાવા-ધોવા અને શૌચાલયની સુવિધા;
  d. અગ્નિ-સુરક્ષા ઉપકરણ અને એલાર્મ્સ ;
  e. સ્પષ્ટ નિશાન કરેલ, તાળા વગરના અને બિન-અવરોધક આપાતકાલીન નિકાસી અને સંકટ સમયે બહાર નીકળવાના માર્ગ;
  f. પર્યાપ્ત વીજ પુરવઠો અને આપાતકાલીન લાઇટિંગની સુલભતા ધરાવતાં હોવા જોઇએ.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - એકમો સ્થાનિક નિયમનો અને ઇમારતના નિયમોનું પાલન કરતા હોવા જોઇએ.

- ○ સંકટ બારીઓ પર તાળા ના જ મારવા જોઇએ અથવા તેમાં અવરોધ ના થવો જોઇએ (પરંતુ ચેતવણી આપી શકાય છે)
- ○ સુનિશ્ચિત કરો કે સંકટ બારીઓ સ્પષ્ટ ઓળખી શકાય તેવી હોય અને મુખ્ય વીજપુરવઠો ખોરવાય ત્યારે સંકટ સમયે પ્રકાશ માટે વૈકલ્પિક વીજવ્યવસ્થા ઉપલબ્ધ હોય.
- ○ સારું હાઉસકીપિંગ મહત્વનું છે- એક્ઝિટ અને વોકવે સાફ હોય તે સુનિશ્ચિત કરો.
- ○ પરિસ્થિતિઓ પર નજર રાખવા માટે મેનેજમેન્ટે કામ કરવાના સ્થળની નિયમિત મુલાકાત લેવી જોઇએ અને આ જરૂરિયાતોનું પાલન થઇ રહ્યું છે તેની પુષ્ટિ કરવી જોઇએ.

- ***સીઓપી 21.3: કામ કરવાના સ્થળના ખતરાના જોખમો:*** સભ્યો કાર્યસ્થળનાં જોખમોની આકારણી કરશે અને અકસ્માતનાં જોખમોને અને કર્મચારીઓ અને સ્થળ પરના ઠેકેદારોને ઈજાના ન્યૂનતમ બનાવવા માટે નિયંત્રણોનો અમલ કરશે. જોખમની આકારણીમાં સભ્યની પ્રવૃત્તિઓ અને ઉત્પાદો સાથે જોડાયેલા જોખમોને ધ્યાનમાં લેવાની રહેશે, જેમાં જ્યાં સુસંગત હશે ત્યાં સમાવેશ થશે: યંત્રો અને મોબાઇલ ઉપકરણોનો ઉપયોગ; સંગ્રહ અને સફાઈની સામગ્રીઓ સહિત રસાયણોની સંભાળ; અતિશય ગંદા ધૂમાડા, હવામાં રહેલી કણો, અવાજ અને તાપમાનનાં સ્તરનો સંસર્ગ અને/અથવા અપર્યાપ્ત પ્રકાશ અને હવા-ઉજાસ; પુનરાવર્તિત તાણ પ્રવૃત્તિઓ; 18 વર્ષથી નીચેની વય અને સગર્ભા માતાઓ; અને સામાન્ય આરોગ્યરક્ષા અને હાઉસકિપીંગ પ્રશ્નો.
  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - ○ જોખમ મૂલવણી કારોબારના સંજોગોને અનુરૂપ હોવી જોઇએ અને જોખમ ક્યાં પેદા થઇ શકે છે, જોખમ થવાની શક્યતા અને સંભવિત ખામીયુક્ત કાર્યવાહીઓ ઓળખી શકે તેવી હોવી જોઇએ. ખાસ કરીને નાના અને મધ્યમ એકમો દ્વારા ઉપયોગ કરી શકાય તેવા સામાન્ય જોખમ મૂલવણી ટેમ્પ્લેટ માટે આરજેસી જોખમ મૂલવણી ટૂલકિટ જૂઓ. વૈકલ્પિક રીતે સભ્યો તેમની પોતાની જોખમ મૂલવણી પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે છે.
  - ○ સર્વસામાન્ય અભિગમ જોખમો ટાળવા માટે સુધારાની તક નીચે દર્શાવેલા અગ્રતાક્રમમાં ઓળખવાનો છે:
    - કાર્ય પ્રક્રિયામાંથી જોખમી પ્રવૃત્તિ દૂર કરીને અથવા સુધારીને ખતરા દૂર કરો. ઉદાહરણોમાં અવેજીમાં ઓછા ખતરનાક રસાયણો વાપરવા અથવા અલગ ઉત્પાદન પ્રક્રિયાઓનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે;
    - ખતરો જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ તેને નિયંત્રિત કરો. ઉદાહરણોમાં સ્થાનિક એક્ઝોસ્ટ વેન્ટિલેશન, આઇસોલેશન રૂમ, મશીન ગાર્ડિંગ અથવા એકોસ્ટિક ઇન્સ્યુલેટિંગ અને ઘોંઘાટ નિયંત્રણનો સમાવેશ થાય છે;
    - સલામત કાર્ય પ્રણાલીની ડિઝાઈન અને વહીવટી અથવા સંસ્થાયકીય પગલાઓ મારફતે ખતરો લઘુતમ કરો. ઉદાહરણોમાં સલામતી ડેટા શીટ જેવી માહિતીની જોગવાઈ, જોબ રોટેશન, સલામત કાર્ય કાર્યવાહીઓ પર તાલીમ, કાર્યસ્થળ પર દેખરેખ, જોખમી વસ્તુઓ સાથેનો સંપર્ક કાર્ય સમયગાળો ઘટાડવો અને પીપીઈના ઉપયોગનો સમાવેશ થાય છે.
  - ○ જોખમ મૂલવણી દ્વારા ઓળખવામાં આવેલા પગલાઓનો સમયસર અમલ થાય તેવી પ્રણાલી અમલમાં હોવી જોઇએ.

- ***સીઓપી 21.4: આરોગ્ય અને સલામતી સમિતિઓ:*** સભ્યો કર્મચારીઓ અને સ્થળ પરના ઠેકેદારોને સંયુક્ત આરોગ્ય અને સુરક્ષા સમિતિ જેવી રચના ઉપલબ્ધ કરાવશે, જેના દ્વારા તેઓ વ્યવસ્થાપક મંડળ સાથે આરોગ્ય અને સુરક્ષા અંગેના પ્રશ્નો ઉઠાવશે અને તેની રચના કરશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ**:

  - કામદારો આ સમિતિમાં પોતાની પસંદગીના પ્રતિનિધિ પસંદ કરી શકે તેવી કાર્યવાહી સ્થાપો, ઉદાહરણ તરીકે, મજૂરસંઘ અથવા શ્રમબળ નામાંકનો/ચૂંટણીઓ મારફતે.
  - નિયમિત ધોરણે તેમજ બનાવોના પ્રતિભાવમાં ચર્ચાઓ થઇ શકે તેવી વ્યવસ્થા હોવી જોઇએ. આ વ્યવસ્થા કર્મચારીઓ, કોન્ટ્રાક્ટરો અને મેનેજમેન્ટ દ્વારા ઓળખેલા ટૂંકાગાળાના અને લાંબાગાળાના બંને પ્રકારના આરોગ્ય વલણો સંબોધી શકે છે.
  - મીટિંગમાં ચર્ચાયેલી બાબતો અને લેવાયેલા પગલા સહિત મીટિંગના રેકોર્ડ્સ જાળવવા જોઇએ.
  - કામદારો ટીકા અથવા વેરના ભય વગર આરોગ્ય અને સલામતી મુદ્દા ઉઠાવવા સક્ષમ હોવા જોઇએ.
  - ઓન-સાઇટ કોન્ટ્રાક્ટરો કેટલીક પરિસ્થિતિઓમાં સમિતિમાં ભાગ લેવા કદાચ લાયક ના હોય તેમ છતાં સમિતિએ એવી વ્યવસ્થા તરીકે કામ કરવું જોઇએ જેના દ્વારા તેઓ આરોગ્ય અને સલામતીના મુદ્દા ઉઠાવી શકે.
  - આરોગ્ય અને સલામતીના મુદ્દાઓ પર અથવા સુધારાઓ મુદ્દે કામદારો સાથે પરામર્શ કરવા માટે સૂચન પેટીઓ અથવા ટીમ મીટિંગો જેવી વધારાની અનૌપચારિક પ્રક્રિયાઓને ધ્યાનમાં લો.

- ***સીઓપી 21.5: તાલીમ:*** સભ્યો કર્મચારીઓ અને સ્થળ પરના ઠેકેદારોને સમજાય તેવા સ્વરૂપમાં અને ઉચિત ભાષામાં આરોગ્ય અને સુરક્ષા વિશેની તાલીમ અને માહિતી આપશે. આમાં સમાવેશ થાય છે:

  *a.* નિર્દિષ્ટ ભૂમિકા-સંબંધિત આરોગ્ય અને સુરક્ષા જોખમો અને નિયંત્રણો;
  *b.* અકસ્માત અથવા આપાતકાલીન ઘટનામાં ઉચિત પગલાં ભરશે;
  *c.* અગ્નિ સુરક્ષા અને આપાતકાલીન પ્રક્રિયાઓમાં યોગ્ય તાલીમ;
  *d.* નિયુક્ત કર્મચારી પ્રતિનિધિઓને પ્રાથમિક ઉપચાર તાલીમ;
  *e.* કર્મચારી અને ઠેકેદાર સભાનતા કે તેઓ અનિયંત્રિત જોખમો ધરાવતી પરિસ્થિતિઓમાં કામ બંધ કરવાની અથવા કામ કરવાની ના પાડવાના અધિકાર અને જવાબદારી ધરાવે છે, અને તાત્કાલિક આ પરિસ્થિતિ અંગે નિકટવર્તી જોખમ અને સંચાલકમંડળના ધ્યાન પર લાવશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ**:

  - સલામતી તાલીમ કાર્યસ્થળ પર કર્મચારી પરિચયનો ભાગ હોવો જોઇએ અથવા જ્યારે નવા પ્રકારના કામ અથવા સાધનના ઉપયોગ માટે તાલીમ અપાય ત્યારે સલામતી તાલીમ આપવી જોઇએ.
  - ચોક્કસ જવાબદારીઓને આધારે સંબંધિત કર્મચારીઓને સુનિયોજિત તાલીમ આપી શકાય દા.ત. નિયુક્ત ફાયર વોર્ડન અને વિશેષ ફાયર ફાઇટિંગ સાધનોનો ઉપયોગ.
  - તાલીમમાં લિંગ, ભાષા અને શિક્ષણના સ્તરને ધ્યાનમાં લેવા જોઇએ.
  - કર્મચારીઓ કાર્યવાહીઓનું સાચી રીતે પાલન કરી રહ્યાં છે તેની પુષ્ટિ કરવા માટે મોનિટરિંગ અને ટેસ્ટિંગ થવું જોઇએ. મુખ્ય કાર્યવાહીઓનું પાલન કરવા કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે લક્ષ્યાંકો નિર્ધારિત કરવાનું વિચારો.
  - જ્યાં જોખમી પ્રવૃત્તિઓ થતી હોય તે વિસ્તારમાં સંદર્ભ માટે સાદા સંકેતો અને પ્રતીકોનો ઉપયોગ કરીને કાર્યવાહીઓ અને માહિતી પ્રદર્શિત કરવાનું વિચારો.

- સહભાગીઓ સહિત લેવામાં આવેલી તાલીમના રેકોર્ડ્સ રાખો અને જરૂર મુજબ તેને નિયમિત અપડેટ કરો.

- ***સીઓપી 21.6: વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો:*** સભ્યો એ સુનિશ્ચિત કરશે કે અંગત રક્ષણાત્મક ઉપકરણ (પીપીઈ) વિનામૂલ્યે ઉપલબ્ધ કરવામાં આવ્યાં હોય અને ખરાઈ કરશે કે તે વર્તમાન હોય, યોગ્ય રીતે પહેરવામાં આવ્યાં હોય અને સાચી રીતે ઉપયોગમાં લેવામાં આવે.
  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો (પીપીઈ) એટલે રક્ષણાત્મક કપડા અને અન્ય વસ્ત્રો જેમકે, હાથમોજા, રક્ષણાત્મક પગરખા, હેલ્મેટ, ગોગલ્સ અને ઇયર પ્લગ્સ. આ સૌ સાધનો તેને ધારણ કરનાર વ્યક્તિને કામને લગતા વ્યવસાયિક ખતરા સામે રક્ષણ આપવા માટે ડિઝાઇન કરાયેલા છે.
  - કેટલાક કારોબારો કાર્યસ્થળમાં સલામત વસ્ત્રોની વિશેષ જરૂરિયાત પણ નિર્ધારિત કરી શકે છે, ઉદાહરણ તરીકે લાંબી બાંયો, બંધ પગરખા અથવા રેસ્પીરેટર્સ
  - સભ્યોએ પીપીઇનો ક્યાં અને કેવી રીતે ઉપયોગ કરવો તે અંગે અને તેના વપરાશનું નિયમન કરતા માપદંડો અંગે માહિતી પૂરી પાડવી જોઇએ.
  - પીપીઈ દરેક વ્યક્તિને અનુકૂળ તેવા, સારી રીતે જાળવણી કરેલા, સાફ અને સ્વચ્છ, કોઇ પણ નુકસાની ટાળવા માટે યોગ્ય રીતે સંગ્રહ થયેલા હોવા જોઇએ અને જ્યારે તેની સમયમર્યાદા સમાપ્ત થાય અથવા નુકસાનગ્રસ્ત થાય ત્યારે તે બદલવા જોઇએ.
  - પીપીઈનો ઉપયોગ કરતી કોઇ પણ વ્યક્તિને તેના ઉપયોગની તાલીમ આપવી જોઇએ અને પીપીઈની કોઇ પણ મર્યાદા હોય તો તે તેમને સમજાવવી જોઇએ.
  - પીપીઈનો ઉપયોગ કરવો આવશ્યક હોય ત્યાં કાર્યસ્થળમાં ચિહ્નો મૂકવા જોઇએ. આ ચિહ્નો કામદારોને તેમણે કેવા પ્રકારના પીપીઈનો ઉપયોગ કરવો જોઇએ તે યાદ અપાવે છે.
  - પીપીઈ પસંદગી પ્રક્રિયામાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:
    - જોખમનું વિગતવાર મૂલ્યાંકન અને પીપીઈની દેખાવ જરૂરિયાતો;
    - વપરાશકારો સાથે પરામર્શ;
    - જ્યાં એક કરતા વધુ પ્રકારના પીપીઈની જરૂર હોય ત્યાં પીપીઇ વસ્તુની સુસંગતતા સુનિશ્ચિત કરવી (દાત. હાર્ડ હેટ સાથે ઇયર મફ);
    - કામદારોની તબીબી પરિસ્થિતિઓ અને ફિટિંગ જરૂરિયાતોને ધ્યાનમાં લેવી;
    - માન્ય માપદંડોનું પાલન કરતા પીપીઈને પ્રથમ પસંદગી.

- ***સીઓપી 21.7: તબીબી સુવિધાઓ:*** સભ્યો સ્થળ પર પૂરતી આરોગ્ય અને તબીબી સુવિધાઓની સુલભતા ઉપલબ્ધ કરાવશે, જેમાં સ્પષ્ટ રીતે અંકિત કરવામાં આવેલ પ્રાથમિક ઉપચાર જોગવાઈઓ અને પ્રશિક્ષિત પ્રાથમિક સારવાર વ્યક્તિ સામેલ હશે, અને ત્યાં તબીબી આપાતકાલીન પરિસ્થિતિના કિસ્સામાં સ્થાનિક તબીબી સુવિધા સુધીના પરિવહનની યોગ્ય પ્રક્રિયા સ્થાનબદ્ધ કરાશે.
  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - તમામ કાર્યસ્થળો પર લઘુતમ પ્રાથમિક સારવાર જોગવાઈઓ અને ઓછામાં ઓછો એક તાલીમબદ્ધ પ્રાથમિક સારવારકર્તા હોવો, આરોગ્ય ક્લિનિક કે હોસ્પિટલની નજીકમાં હોય તેવા ઓછા જોખમવાળા પર્યાવરણમાં પણ આ સુવિધા હોવી જોઇએ.

- આરોગ્ય અને તબીબી સુવિધા કાર્યસ્થળને યોગ્ય હોવી જોઇએ અને કામદારોની સંખ્યા, કાર્યસ્થળના ખતરાના જોખમો, નિકટતા અને ક્લિનિક અથવા હોસ્પિટલ સુધી પરિવહનના સાધનો અને કામકાજના કલાકો બાદ સેવાઓની સુલભતાને ધ્યાનમાં લેવા જોઇએ,
- વ્યક્તિગત આરોગ્ય અને સુખાકારી અંગેની શૈક્ષણિક સામગ્રી કર્મચારીઓને ઉપલબ્ધ કરાવવાનું વિચારો.

- ***સીઓપી 21.8: સંકટ કાર્યવાહીઓ:*** સભ્યો બધી જ સંભવિત આપાતકાલીન સ્થિતિઓ માટે આપાતકાલીન પ્રક્રિયાઓ અને તે જગ્યા ખાલી કરવાની યોજનાઓ સ્થાપિત કરશે, જે સુલભ અને સ્પષ્ટ રીતે નિર્દેશિત, નિયમિત તપાસ કરવામાં આવેલી (ખાલી કરવાની કવાયત અભ્યાસ સહિત), અને સમયાંતરે અદ્યતન બનાવવામાં આવશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - સંકટ આયોજનના અંતે લેખિત સૂચનાઓ તૈયાર થવી જોઇએ જે સંકટ સમયે કાર્યસ્થળ પર કામદારો અને અન્ય લોકોએ શું કરવું તેની માહિતી આપે છે. તે કામદારોને સુલભ હોવી જોઇએ અને/અથવા સ્પષ્ટપણે પ્રદર્શિત થયેલી હોવી જોઇએ.
  - જોખમ મૂલવણીએ ઊચિત રીતે અંદાજ લગાવી શકાય તેવા સંકટો ઓળખવા જોઇએ, જેમાં આગ, વિસ્ફોટ, તબીબી સંકટ, ખતરનાક રસાયણો સાથેના બનાવો, બોમ્બનો ખતરો, સશસ્ત્ર અથડામણ અને કુદરતી આફતોનો સમાવેશ થઇ શકે છે.
  - સંકટ કાર્યવાહીઓ અને સ્થળ ખાલી કરાવવાની યોજનાઓના ઘડતર, અમલ અને ચકાસણી વખતે ફાયર વિભાગ, તબીબી સેવાદાતા અને જ્યાં ઉપલબ્ધ હોય ત્યાં પોલીસ જેવી સ્થાનિક સંકટ પ્રતિભાવ સેવાઓને સામેલ કરો અને તેમની સાથે પરામર્શ કરો.
  - સ્થળ ખાલી કરવાની કવાયત સહિત યોજનાઓની નિયમિત ચકાસણી કરો. તપાસો કે દરેક વ્યક્તિ સલામત રીતે અને સમયસર સ્થળ ખાલી કરી શકે છે.
  - ચકાસણી અથવા વાસ્તવિક ઘટનામાંથી શીખેલા બોધપાઠનો સંકટ કાર્યવાહીઓની સમીક્ષા અને સુધારો કરવા માટે ઉપયોગ કરવો જોઇએ.
  - કવાયતનું અગાઉથી આયોજન કરીને અને તમામ વસ્તુઓ સલામત કર્યા બાદ કવાયત હાથ ધરીને સંકટ કવાયત દરમિયાન વસ્તુઓની ચોરી થવાની ચિંતાને નિવારી શકાય છે.
  - સ્થળ ખાલી કરવાના માર્ગો અને બારીઓ સ્પષ્ટપણે પ્રદર્શિત થવા જોઇએ.
  - ખનન ક્ષેત્રના સભ્યોએ સંકટ પ્રતિભાવની પણ સમીક્ષા કરવી જોઇએ.

- ***સીઓપી 21.9: ઘટના તપાસ:*** સભ્ય આરોગ્ય અને સુરક્ષા ઘટનાઓની તપાસ કરશે અને સુધારા માટેની તકોને ઓળખવા માટે સંબંધિત જોખમોનાં નિયંત્રણોની સમીક્ષાઓમાં પરિણામોને દર્શાવશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - તપાસમાં ઘટનાનું મૂળ શોધવાનો પ્રયાસ થવો જોઇએ નહીં કે માત્ર છેલ્લી ઘટના કે જેને કારણે ઘટના બની છે.
  - ઘટનાઓમાં નુકસાનથી લગભગ બચી ગયા હોય તેવી પરિસ્થિતિઓનો સમાવેશ થવો જોઇએ જ્યાં સીધા પરિણામો કદાચ મામૂલી જણાતા હોય પરંતુ સંભવિત પરિણામો ગંભીર હોઇ શકે છે.
  - ઘટનાઓ અને ભયજનક બનાવોના કામદાર આરોગ્ય અને સલામતી પ્રતિનિધિઓને જાણ કરો અને કામદારો અને/અથવા તેમના પ્રતિનિધિઓને તપાસ પ્રક્રિયામાં સામેલ કરો.

- ખાસ કરીને મોટી ઘટનામાં જ્યાં ઉપલબ્ધ હોય અને શક્ય હોય ત્યાં તપાસ ટીમના ભાગ તરીકે સ્વતંત્ર કર્મચારી અને/અથવા બાહ્ય નિપૂણતાનો ઉપયોગ કરો.
- ઘટનાને ફરીથી બનતા અટકાવવા માટે સુધારાત્મક પગલાઓનો અમલ સુનિશ્ચિત કરો અને અમલમાં આવ્યા બાદ આ પગલાઓની અસરકારકતા નક્કી કરો.
- મોટા કાર્યસ્થળોએ વલણો નક્કી કરવા માટે ઘટનાઓનું વિશ્લેષણ કરવું જોઇએ.
- સ્થાનક નિયમન હેઠળ અથવા જ્યાં નિયમનો અસ્તિત્વમાં નથી ત્યાં કાર્યસ્થળ ઘટનાઓના રેકોર્ડ ઓછામાં ઓછા 3 વર્ષ માટે રાખવા જરૂરી છે. જ્યાં ઘોંઘાટને કારણે બહેરાશ આવવી અથવા વ્યવસાયિક કેન્સર જેવા લાંબા સુષુપ્ત રોગોની શક્યતા છે ત્યાં વ્યવસાયિક આરોગ્ય ટેડા 30 વર્ષ માટે રાખવો પડી શકે છે.

• ***સીઓપી 21.10: કોબાલ્ટ-મુક્ત સ્કેઈફ:*** જે સભ્યો હીરાના કટિંગ અને પોલિશિંગમાં જોડાયેલા છે તેઓ કોબાલ્ટ-મુક્ત હીરા-ફળદ્રુપ સ્કાઇફ્સનો ઉપયોગ  કરશે

**વિચારણા માટેના મુદ્દાઓ**:
- કોબાલ્ટ-ધરાવતી રજકણ શ્વાસમાં જવાથી ગંભીર આરોગ્ય અસરો પેદા કરી શકે છે.
- પુષ્ટિ કરો કે કટિંગ અને પોલીશિંગ એકમોમાં વપરાતા તમામ ડાયમન્ડ-ઇમ્પ્રિગ્નેટેડ સ્કેઈફ માટે સપ્લાયર ગેરન્ટી આપે કે તે કોબાલ્ટ-મુક્ત છે.

**તપાસો:**
- ✓ તમે દરેક કાર્યસ્થળ પર આરોગ્ય અને સલામતીની જવાબદારી માટે કોઇ વ્યક્તિની નિમણૂક કરી છે?
- ✓ તમે આરોગ્ય અને સલામતી અંગેના સ્થાનિક કાયદા અને નિયમનોથી વાકેફ છો?
- ✓ સીઓપી 21.2માં નિર્ધારિત કરવામાં આવેલી જરૂરિયાતોની સમાનુરૂપતા સુનિશ્ચિત કરવા માટે કાર્યસ્થળનું ઇન્સ્પેક્શન કરેલું છે?
- ✓ તમે કાર્યસ્થળ ખતરાના જોખમની મૂલવણી અને જોખમો ઘટાડવા માટે નિયંત્રણોનો અમલ કરેલો છે?
- ✓ આરોગ્ય અને સલામતી અંગેની તકલીફો મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરવા માટે કોઇ વ્યવસ્થા અમલી છે?
- ✓ શું કર્મચારીઓ જાણે છે કે અકસ્માત અથવા સંકટના સમયે શું કરવું?
- ✓ શું કામ સંબંધિત ખતરા અને નિયંત્રણો અંગે તાલીમ આપેલી છે?
- ✓ શું યોગ્ય પીપીઈ નિશુલ્ક પૂરા પાડવામાં આવેલા છે અને કંપનીની નીતિ અને નિયમનકારી જરૂરિયાતોને અનુરૂપ તેનો ઉપયોગ થાય છે?
- ✓ શું યોગ્ય ઓન-સાઇટ આરોગ્ય અને તબીબી સુવિધાઓ ઉપલબ્ધ છે?
- ✓ શું સંભવિત સંકટો માટે સ્થળ ખાલી કરવા માટેની યોજનાઓ અમલી છે અને યોજનાઓ પ્રદર્શિત કરેલી અને ચકાસેલી છે?
- ✓ ઘટનાઓની તપાસ હાથ ધરવા માટે કાર્યવાહીઓ અમલી છે?

**લઘુ કારોબારો માટે આરોગ્ય અને સલામતી વ્યવસ્થાપન**

લઘુ કારોબાર માટેના લાક્ષણિક ખતરાના ક્ષેત્રો અને તેના ઉપાયના રસ્તાઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

1. **આગ** સુનિશ્ચિત કરો કે એક્સ્ટિન્ગ્યુશર્સ (અગ્નિશામકો) ઉપલબ્ધ હોય, તે યોગ્ય જાળવણીવાળા અને ક્યા પ્રકારની આગમાં તેનો ઉપયોગ કરવો તેની સ્પષ્ટ સૂચના સાથેના હોય. તમામ ફાયર એક્ઝિટ્સ અવરોધહિન સરળ હોય અને એક્ઝિટ માટેના સંકેતો યોગ્ય રીતે પ્રકાશિત હોય.
2. **વીજળી** પ્લગ્સ, સોકેટ્સ, સ્વીચ સારી સ્થિતિમાં હોય. ફરસ પર એક્સ્ટેન્શન કોર્ડ્સ પડેલા ના હોય, જે લાગુ પડતા કાયદા મુજબ ચકાસેલા અને નામકરણ કરેલા હોવા જોઇએ. સેફ્ટી સ્વીચો ઇલેક્ટ્રિકલ સ્વીચબોર્ડસની અંદર વાયરો સજ્જડ રીતે ફિટ કરેલી હોય.
3. **રસાયણો** કાર્યસ્થળ રસાયણો અને સેફ્ટી ડેટા શીટ (એસટીએસ) વર્તમાન સમયની હોય. રસાયણો સાથેની કામગીરી અને સંગ્રહ એસડીએસ માર્ગદર્શિકા મુજબ હોય અને રસાયણોનો ઉપયોગ કરતા કર્મચારીઓને તેના સલામત ઉપયોગની તાલીમ આપેલી હોય.
4. **સ્લિપ્સ, ટ્રિપ્સ અને ફોલ્સ** કાર્ય વિસ્તારો સાફ, વ્યવસ્થિત અને સુપ્રકાશિત હોય. કર્મચારીઓ સાનુકૂળ પગરખા પહેરે.
5. **સ્ટોરેજ અને રેકિંગ** રેકિંગ સિસ્ટમ સ્થિર અને સારી સ્થિતિમાં હોય અને તે નિર્ધારિત સેફ વર્કિંગ લોડનું પાલન કરે અને તેને અનુરૂપ પ્રદર્શન કરે.
6. **ઘોંઘાટ** ઘોંઘાટ પેદા કરતી હોય તેવી પ્રક્રિયાઓ અથવા સાધનો દૂર કરો અથવા ઘટાડો. જ્યાં લાગુ પડતું હોય ત્યાં, શ્રવણ રક્ષણ ઉપલબ્ધ હોય અને રક્ષણાત્મક સાધનો પહેરવા ફરજિયાત છે તેવું સૂચન પ્રદર્શિત કરતા ચિહ્નો હોય.
7. **ઊંચાઈ** મેઝાનિન ફ્લોર્સ સલામત સુલભતા અને પતન રક્ષણ ધરાવે, હેન્ડરેઇલ્સ સુરક્ષિત હોય અને પગથિયા સારી જાળવણીવાળા હોય અને પ્લેટફોર્મ નિસરણીઓ ઔદ્યોગિક શ્રેણીની અને માપદંડને સુસંગત હોય.
8. **માનવીય કામગીરી** ખતરનાક માનવીય કામગીરી દૂર કરવામાં આવે. કામ અથવા સ્ટોરેજ માટે પુરતી જગ્યા પૂરી પાડવામાં આવે અને વસ્તુઓની હેરફેર માટે ટ્રોલીઓનો ઉપયોગ કરવામાં આવે. કાર્ય વિસ્તારની ઊંચાઈ ઘૂંટણની ઊંચાઈથી નીચી અને ખભાની ઊંચાઈથી વધુ ના હોય અને કામદારના શરીરની નજીક હોય.
9. **પ્રાથમિક સારવાર** પ્રાથમિક સારવાર બોક્સ સરળતાથી ઉપલબ્ધ અને યોગ્ય પુરવઠા સાથેનું હોય. લાયકાતપૂર્ણ પ્રાથમિક સારવાર સ્ટાફ ઉપલબ્ધ હોય અને સ્ટાફ તેના અંગે જાણતો હોય. તમામ સ્ટાફને આપી શકાય તેટલી પુરતી સુવિધાઓ હાજર હોય.
10. **મશીનરી** મશીનરી અને સાધનોની સરળ સુલભતા પૂરી પાડવામાં આવે. તેના ચલિત ભાગો લોકોને અથડાય નહીં કે લોકો સુધી પહોંચે નહીં અને મશીનરી સાથે જોડાયેલા અન્ય ખતરાઓ જેમકે, ધૂમાડા, રસાયણો અને ઘોંઘાટની મૂલવણી થાય.

કાર્યસ્થળ સલામતી મુશ્કેલ ના હોવી જોઇએ. તમે નીચેના દર્શાવેલા પગલા અનુસરીને કાર્યસ્થળ પર આરોગ્ય અને સલામતી સુધારી શકો છો અને તેનું વ્યવસ્થાપન કરી શકો છોઃ

**પગલું 1 – લાગુ પડતા કાયદા અને જવાબદારીઓ**

સૌ પ્રથમ તો તમારા કારોબાર પર લાગુ પડતા વ્યવસાયિક આરોગ્ય અને સલામતી કાયદા અને નિયમનો શોધો, કોની પાસે ચોક્કસ જવાબદારી છે તેની જાણકારી મેળવો. તે વ્યવસાયિક આરોગ્ય અને સલામતી પ્રત્યે તમારો અભિગમ રચી શકે છે.

**પગલું 2 – સલામત રીતે કામ કરવાનું આયોજન કરો**

કામના સ્થળે સલામતીમાં તમારા એકમોમાં કઇ પ્રવૃત્તિઓ થાય છે તેના આયોજન અને વિચારનો સમાવેશ થાય છે. આમ કરવાથી તમને આવી પ્રવૃત્તિઓમાંથી જોખમ પેદા કરી શકે તેવા કામ અને કાર્યવાહીઓ અલગ તારવવામાં મદદ કરી શકે છે.

**પગલું 3 – તમારા કર્મચારીઓને સામેલ કરો**

કાર્યસ્થળ પર કર્મચારીઓના આરોગ્ય અને સલામતીને અસર કરી શકે તેવા નિર્ણયો લેતા પહેલા કર્મચારીઓ અને જ્યાં સુસંગત હોય ત્યાં ઓન-સાઇટ કોન્ટ્રાક્ટરો સાથે પરામર્શ કરવો અને વાર્તાલાપ કરવો અને તેમને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરવા અને યોગદાન આપવાના રસ્તાઓ સ્થાપિત કરવા જરૂરી છે.

**પગલું 4 – કાર્યવાહીઓ વિકસાવો**

ખતરાઓના વ્યવસ્થાપન માટે કાર્યવાહીઓ અને પ્રક્રિયાઓ વિકસાવો અને તેનો અમલ કરો, નિયંત્રણો અમલી બનાવો અને તેમના ઉપયોગથી આરોગ્ય અને સલામતી પર પેદા થતા કોઇ પણ જોખમની મૂલવણી કરો.

**પગલું 5 – તમારા કર્મચારીઓને જાણ કરો અને તાલીમ આપો**

કામ અને કાર્યસ્થળમાં જોખમ અંગે કર્મચારીઓ અને જ્યાં સુસંગત હોય ત્યાં ઓન-સાઇટ કોન્ટ્રાક્ટરોને જાણ કરો અને તાલીમ આપો. કર્મચારીઓ, ખાસ કરીને જેઓ કાર્યસ્થળ અને કામ માટે નવા છે તેમને માહિતી, તાલીમ અને નિરીક્ષણ પૂરું પાડો. તાલીમ સાદી તાલીમ તપાસ સૂચીથી લઇને કામ પર તાલીમ અથવા વધુ સુનિયોજિત તાલીમ સુધીની હોઇ શકે છે. પ્રવૃત્તિઓના સ્વભાવ, ખતરા અને નિયંત્રણોને આધારે સૌથી યોગ્ય અથવા સંયોજનનો ઉપયોગ કરો.

**પગલું 6 – દેખરેખ અને સમીક્ષા**

આરોગ્ય અને સલામતી માટે તમે લીધેલા તમામ પગલાઓ પર નિયમિત રીતે દેખરેખ રાખો અને તેની સમીક્ષા કરો. કાયદામાં અથવા તમારા પરિસરમાં થતી પ્રવૃત્તિઓ અથવા ઉપયોગમાં લેવાતી સામગ્રીમાં કોઇ પણ ફેરફાર થાય તો નિયંત્રણો, કાર્યવાહીઓ અને માહિતીમાં તેને અનુરૂપ ફેરફાર કરો. આરોગ્ય અને સલામતી વ્યવસ્થાપન એક નિરંતર પ્રક્રિયા છે અને તે તમારા કારોબારનો એક હિસ્સો હોવો જોઇએ. તમારી પ્રક્રિયાઓ, કામગીરી અને સ્ટાફ સમય જતા બદલાઈ શકે છે અને તેની સાથે જોખમ પણ બદલાઈ શકે છે. તમારી પ્રણાલીઓ કર્મચારીઓ અને ઓન-સાઇટ કોન્ટ્રાકટરોની સુખાકારી અને સલામત કાર્યસ્થળ વાતાવરણ પૂરું પાડે છે તે સુનિશ્ચિત કરવા માટે તમારી પ્રણાલીઓની સતત સમીક્ષા કરો.

**ભારતમાં આરોગ્ય અને સલામતી માટેના નિયમનો**

ઇન્ડીયન ફેક્ટરીઝ એક્ટ 1948 આરોગ્ય અને સલામતી જોગવાઇને સંભવિત સુસંગત હોય તેવી ચોક્કસ પ્રકાર અને કદની ફેક્ટરીઓ માટે અનેક જરૂરિયાતો નિર્ધારિત કરે છે. તે નીચે મુજબ છે અને સભ્યો અને ઓડિટરોએ સમાનુરૂપતા રેટિંગ નક્કી કરતી વખતે નીચેના પરિબળોને ધ્યાનમાં લેવા જોઇએ.

a) સલામતી અધિકારીની નિમણૂક: આ ભૂમિકાઓ માટે લાયકાતપૂર્ણ વ્યવસાયિકોની ભરતી કરવી ભારતના કેટલાક ભાગોમાં પડકારજક છે. આરજેસી પ્રમાણીકરણ (સીઓપી 21.1) માટે ફેક્ટરી એક્ટની જરૂરીયાતોના અમલને ટેકો આપવા માટે બાહ્ય આરોગ્ય અને સલામતી તાલીમના અન્ય સુસંગત સ્વરૂપોનો સમાંતર સાધન તરીકે ઉપયોગ કરી શકાય છે.

b) કલ્યાણ અધિકારીની નિમણૂક: આ ભૂમિકાઓ માટે લાયકાતપૂર્ણ વ્યવસાયિકોની ભરતી કરવી પણ અન્યની જેમ પડકારજક છે. આરજેસી પ્રમાણીકરણ (સીઓપી 21.1) માટે ફેક્ટરી એક્ટની જરૂરીયાતોના અમલને ટેકો આપવા માટે બાહ્ય કર્મચારી વ્યવસ્થાપન અથવા ઔદ્યોગિક સંબંધ તાલીમના અન્ય સુસંગત સ્વરૂપોનો સમાંતર સાધન તરીકે ઉપયોગ કરી શકાય છે.

c) પરિસર પર એમ્બ્યુલન્સ રૂમ/ તાલીમબદ્ધ પરિચારિક/ડોક્ટરની જોગવાઈ:સીઓપીની જરૂરિયાત મુજબ કાર્યસ્થળ પર પ્રાથમિક સારવારની જોગવાઈ અને ઓછામાં ઓછો એક તાલીમબદ્ધ પ્રાથમિક સારવારકર્તા હાજર હોવો જોઇએ- આની ગેરહાજરી મોટી બિન-સમાનુરૂપતા ગણાશે. આરજેસી પ્રમાણીકરણ (સીઓપી 21.1) માટે ફેક્ટરી એક્ટની જરૂરીયાતોના અમલને ટેકો આપવા માટે પ્રાથમિક સારવાર અથવા પરિચારિકા રૂમ જેવી ઓન-સાઇટ સુવિધા અને જ્યાં જરૂરિયાત હોય ત્યાં સ્થાનિક હોસ્પિટલ સુધીની યોગ્ય પરિવહન સુવિધાનો સમાંતર સાધન તરીકે ઉપયોગ કરી શકાય છે. એવા પણ દાખલા છે જેમાં કેટલીક ફેક્ટરીઓએ એમ્બ્યુલન્સ રૂમ પૂરો પાડવાનો ખર્ચ ભાગમાં વહેંચવાની ગોઠવણ કરી છે, જે આરજેસી પ્રમાણીકરણ (સીઓપી 21.1, 21.7) માટે સ્વીકાર્ય હશે.

d) કેન્ટીનની જોગવાઈ: જ્યાં કેન્ટીનની સુવિધા પૂરી પાડવામાં આવે છે ત્યાં સીઓપી મુજબ સ્વચ્છતા અને સલામત અને સુલભ પીવાનું પાણી ઉપલબ્ધ હોવું જરૂરી છે (21.2એ અને બી). ભોજન માટેનું ભથ્થુ, યોગ્ય સમય અને ફેક્ટરીની બહાર બનેલા ખોરાકની ભૌતિક સુલભતાનો આરજેસી પ્રમાણીકરણ (સીઓપી 21.1) માટે ફેક્ટરી એક્ટની જરૂરિયાતોના અમલને ટેકો આપવાના સમાંતર સાધન તરીકે ઉપયોગ કરી શકાય છે.

e) ઘોડિયાઘરની જોગવાઈ: જ્યાં ઘોડિયાઘર પૂરા પાડવામાં આવે છે ત્યાં સીઓપીની જરૂરિયાત મુજબ તે સ્વચ્છ હોય અને ત્યાં સલામત અને સુલભ પીવાનું પાણી ઉપલબ્ધ હોય અને સાફ અને સ્વચ્છ ધોલાઈ અને શૌચાલય સુવિધાઓ ઉપલબ્ધ હોય તે જરૂરી છે (21.2એ, બી અને સી). ફેક્ટરીઝ એક્ટ મુજબ જ્યાં ઓન-સાઇટ ઘોડિયાઘરની જોગવાઇ જરૂરી છે પરંતુ કામદારો ઓન-સાઇટ સુવિધાનો ઉપયોગ કરવા ઇચ્છતા નથી ત્યાં કામદારો પાસેથી તેમને ઓફસાઇટ બાળસંભાળની પુરતી સુલભતા છે તેવું દર્શાવતો તેમના હસ્તાક્ષરવાળો પત્ર જરૂરી છે. આ નિવેદનો લેવા માટે

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટ પર આરોગ્ય અને સલામતીના મુદ્દા પર વધારાની માહિતી ઉપલબ્ધ છે:

- અવેરનેસ એન્ડ પ્રિપેર્ડનેસ એટ ધ લોકલ લેવલ (એપીઇએલએલ) ફોર માઇનિંગ (2001)
  www.unep.fr/scp/publications/details.asp?id=WEB/0055/PA
- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – ગૂડ પ્રેક્ટિસ ઇન ઇમરજન્સી પ્રિપેર્ડનેસ એન્ડ રિસ્પોન્સ
  www.icmm.com/page/1169/library/documents/good-practice-in-emergency-preparedness-and-response

- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ફ્રેમવર્ક – પ્રિન્સિપલ 5 – સીક કન્ટિન્યૂઅસ ઇમ્પ્રૂવમેન્ટ ફોર અવર હેલ્થ એન્ડ સેફ્ટ પર્ફોર્મન્સ
  www.icmm.com/our-work/sustainable-development-framework/10-principles#05
- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – ગાઇડન્સ ઓન હેલ્થ રિસ્ક એસેસમેન્ટ (2009)
  http://www.icmm.com/page/14733/new-guidance-on-health-risk-assessment
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) – એનવાયર્નમેનટ, હેલ્થ એન્ડ સેફ્ટી ગાઇડલાઇન્સ
  http://www1.ifc.org/wps/wcm/connect/topics_ext_content/ifc_external_corporate_site/ifc+sustainability/sustainability+framework/environmental%2C+health%2C+and+safety+guidelines/ehsguidelines
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન(આઇએલઓ) કન્વેન્શન 176 સેફ્ટી એન્ડ હેલ્થ ઇન માઇન્સ (1995)
  www.ilo.org/dyn/normlex/en/f?p=1000:12100:0::NO::P12100_ILO_CODE:C176
- *ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) કન્વેન્શન* 155 - *ઓક્યુપેશનલ સેફ્ટી એન્ડ હેલ્થ* (1981)
  www.ilo.org/ilolex/cgi-lex/convde.pl?C155
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન(આઇએલઓ)ભલામણ 183 – સેફ્ટી એન્ડ હેલ્થ ઇન માઇન્સ (1995)
  www.ilo.org/dyn/normlex/en/f?p=1000:12100:0::NO::P12100_ILO_CODE:R183
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન(આઇએલઓ) કોડ ઓફ પ્રેક્ટિસ ઓન સેફ્ટી એન્ડ હેલ્થ ઇન ઓપનકાસ્ટ માઇન્સ
  www.ilo.org/wcmsp5/groups/public/@ed_protect/@protrav/@safework/documents/normativeinstrument/wcms_107828.pdf
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – વ્યવસાયિક આરોગ્ય અને સલામતી
- www.ilo.org/global/standards/subjects-covered-by-international-labour-standards/occupational-safety-and-health/lang--en/index.htm
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – પ્રોગ્રામ ઓન સેફ્ટી એન્ડ હેલ્થ એટ વર્ક એન્ડ એનવાયર્નમેન્ટ (સેફવર્ક)
  www.ilo.org/public/english/protection/safework/
- માઇનિંગ એસોસિયેશન ઓફ કેનેડા (એમએસી) – ક્રાઇસિસ મેનેજમેન્ટ પ્લાનિંગ ગાઇડ (2007)
  www.ખનન.ca/www/media_lib/TSM_Documents/TSM_Publications/2007/Crisis_Man_03_2007.pdf
- નેશનલ સ્કિન સેન્ટર – નિકલ એલર્જી
  www.nsc.gov.sg/showpage.asp?id=137
- સેડેક્સ એન્ડ વેરાઇટ– ફાયર સેફ્ટી બ્રીફિંગ (2013)
  http://www.sedexglobal.com/wp-content/uploads/2013/09/Sedex-Briefing-Fire-safety-August-2013.pdf
- સોશિયલ એકાઉન્ટેબિલિટી ઇન્ટરનેશનલ (એસએઆઇ) - SA® 8000 એબ્રીજ્ડ ગાઇડન્સ: 2008 સ્ટાન્ડર્ડ
  www.sa-intl.org/_data/n_0001/resources/live/SAI_AbridgedGuidance_SA8000_2008.pdf
- યુ. એસ. ન્યુક્લિયર રેગ્યુલેટરી કમિશન – ફેક્ટ શીટ ઓન ઇરેડિયેટેડ જેમસ્ટોન્સ
  www.nrc.gov/reading-rm/doc-collections/fact-sheets/irradiated-gemstones.html

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 22) પર્યાવરણીય વ્યવસ્થાપન

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**પર્યાવરણ** એ આસપાસનું વાતાવરણ છે જેમાં એકમ કામ કરે છે, જેમાં હવા, પાણી, જમીન, કુદરતી સ્ત્રોતો, વનસ્પતિ, આવાસ, નિવસનતંત્ર, જૈવવિવિધતા, માનવી (માનવ કલાકૃતિઓ, સાંસ્કૃતિક રીતે મહત્ત્વના સ્થળો અને સામાજિક પાસા) તથા તેના સમન્વયનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં પર્યાવરણ એક કામગીરીથી લઇને વૈશ્વિક વ્યવસ્થા સુધી વિસ્તરે છે.

**પર્યાવરણીય વ્યવસ્થાપન** એ પર્યાવરણને લગતા જોખમો અને પાસાના નિયમન અને સંચાલનની પ્રક્રિયા છે. તેમાં પર્યાવરણનું સીધું વ્યવસ્થાપન હોઈ શકે છે, પરંતુ મોટા ભાગે તે સંગઠનની પ્રવૃત્તિ, ઉત્પાદનો કુદરતી વાતાવરણ સાથે સમન્વય ધરાવતી સેવાઓના નિયંત્રણની વાત હોય છે. તેને નિયંત્રિત કરીને અસર લઘુતમ કરવામાં આવે છે અને શક્ય હોય ત્યાં પર્યાવરણ પર હકારાત્મક અસર પાડવામાં આવે છે.

*સ્ત્રોત:*

- આરજેસી વ્યવહારસંહિતા (2013)માંથી સારાંશ
- *ISO14000* શરતો અને વ્યાખ્યા

સીઓપીની **પર્યાવરણીય વ્યવસ્થાપન** કલમ તમામ સભ્યોને લાગુ પડે છે.

સીઓપીની **પર્યાવરણીય વ્યવસ્થાપન** જોગવાઇને **જોખમી પદાર્થો, કચરો અને ઉત્સર્ગ, કુદરતી સ્ત્રોતના ઉપયોગ** સાથે વાંચીને અમલમાં મૂકવી જોઈએ તથા ખાણ ઉદ્યોગના સભ્યો માટે **અસરની મૂલવણી**ની જોગવાઇઓ પણ જૂઓ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

તમામ કદ અને વિભાગની કંપનીઓ પર્યાવરણ રક્ષણને ગંભીરતાથી લઈને કારોબારના લાભ મેળવવા માટે વધુને વધુ સક્ષમ બની રહી છે. પર્યાવરણના રક્ષણથી નફામાં મળતા કારોબારના લાભોમાં સંચાલકીય ખર્ચમાં ઘટાડો, સામગ્રીના ઉપયોગમાં ઘટાડો, કામદારોની પ્રતિબદ્ધતામાં વધારો અને બ્રાન્ડના મૂલ્યમાં વધારાનો સમાવેશ થાય છે. અગ્રણી કંપનીઓ હવે તમામ ઉદ્યોગ પ્રવૃત્તિના આયોજન, સંચાલન અને તેને બંધ કરવામાં પર્યાવરણને લગતા પાસાઓનું અસરકારક સંકલન કરવાનો ધ્યેય ધરાવે છે. પર્યાવરણને લગતા દેખાવની પ્રતિબદ્ધતાને વ્યાખ્યાયિત કરતી કંપનીઓએ તેમના સાહસને સફળ બનાવે તેવી કારોબાર વ્યવસ્થાતંત્ર અને વ્યવસ્થાપનનું વલણ અપનાવ્યું છે.

પર્યાવરણીય રક્ષણનું વલણ વિકસાવવાનો આધાર લાગુ થતા કાયદા અને નિયમનો, ઉદ્યોગના પાસા અને અસરો અને રોકાણકારો, ગ્રાહકો, સમુદાયો અને પર્યાવરણીય સંગઠનો જેવા હિસ્સેદારોના રસ પર રહેલો છે. કારોબારની

પ્રવૃત્તિ તથા પ્રક્રિયાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન હંમેશા કરવું જોઈએ જેથી પર્યાવરણને ગંભીર અને ક્ષતિપૂર્ણ ન કરી શકાય તેવું નુકસાન થતું અટકાવી શકાય. કેટલાક વિકલ્પો વિચારણા હેઠળ છે ત્યારે એવા વિકલ્પો અંગે વિચારવું જોઈએ જેમાં પર્યાવરણને ગંભીર નુકસાન થતું રોકી શકાય અને જે ખર્ચની બાબતમાં કાર્યક્ષમ હોય. તેમાં 'કંઇ ન કરવું' વિકલ્પની અસર અંગે વિચારણાનો સમાવેશ થાય છે.

પાયાના સ્તરે નિવસનતંત્રના રક્ષણ મારફત પર્યાવરણ પર વિપરીત અસરનો ઘટાડો માપી શકાય છે જે તમામ આવશ્યક પર્યાવરણીય પ્રક્રિયા કરવા અને લાંબા ગાળે ઉત્ક્રાંતિની ક્ષમતા ટકાવવા સક્ષમ હોય. જ્યારે કોઇ નિવસનતંત્રની પર્યાવરણીય સંકલિતતા ઘટે ત્યારે સિસ્ટમની ક્ષમતા અને વિકાસ સાથે સંકળાયેલ પરિવર્તન સહન કરવાની તેમની જનીની ક્ષમતા પણ ઘટી જાય છે. લોકો નિવસનતંત્રની સંકલિતતા અને તેના દ્વારા મળતી સેવા પર નિર્ભર હોય છે. ખાસ કરીને ગરીબ અને નબળા લોકો તેના પર અવલંબિત હોય છે. પર્યાવરણની અસરના ટકાઉ વ્યવસ્થાપનમાં યોગદાન આપવામાં મોટા અને નાના કારોબાર ભૂમિકા ભજવી શકે છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

પર્યાવરણીય વ્યવસ્થાપન માટે ઘણા ધોરણો વિકસાવવામાં આવ્યા છે. ઉદ્યોગજગત માટેની સ્વૈચ્છિક પહેલમાં યુનાઇટેડ નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ અને ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ્સ નો સમાવેશ થાય છે. ગ્લોબલ કોમ્પેક્ટમાં જણાવાયું છે કે બિઝનેસે 1) પર્યાવરણના પડકારો પ્રત્યે પૂર્વસાવધાની વલણને ટેકો આપવો જોઈએ 2) વધારે પર્યાવરણીય જવાબદારીને ઉત્તેજન આપવા પહેલ કરવી જોઈએ અને 3) પર્યાવરણલક્ષી ટેકનોલોજીના વિકાસ અને પ્રસારને પ્રોત્સાહન અને વિકાસ પૂરું પાડવું જોઈએ. આઇએફસી પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ્સ એ આઇએફસીના ગ્રાહકોની જરૂરિયાત છે, પરંતુ ઇક્વેટર પ્રિન્સિપલ્સ જેવા અન્ય પહેલના ધોરણોમાં પણ તેનો સંદર્ભ આપવામાં આવે છે.

સૌથી વધુ પ્રચલિત વ્યવસ્થાપનના ધોરણો આંતરરાષ્ટ્રીય માપદંડ સંગઠન દ્વારા વિકસાવવામાં આવેલા છે જે તમામ પ્રકારના સંગઠનોને લાગુ કરવા તૈયાર કરવામાં આવ્યા છે. આઇએસઓ 14000 શ્રેણી સંગઠનોને પર્યાવરણીય મુદ્દાના વ્યવસ્થાપન માટે સિસ્ટમના અમલીકરણ માટે જોખમ આધારિત વ્યવસ્થાપન માળખું પૂરું પાડે છે. ખાસ કરીને તે અસરકારક પર્યાવરણીય વ્યવસ્થાપન પ્રણાલીના ચાવીરૂપ તત્વો માટે વિશેષતાઓ અને માર્ગદર્શન પૂરું પાડે છે.

*રાષ્ટ્રીય કાયદો*

કાયદાના સંદર્ભમાં પર્યાવરણનો સિદ્ધાંત પરંપરાગત રીતે માનવ નિર્મિત અને કુદરતી પર્યાવરણ પર આધારિત છે. મોટા ભાગના દેશો પર્યાવરણના રક્ષણ, પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણીય વ્યવસ્થાપનના સંબંધમાં કાયદા અને નિયમનો ધરાવે છે. ઘણા રાષ્ટ્રો અને રાજ્યના ન્યાયક્ષેત્રમાં વધારાની ચોક્કસ શરતો રાખવામાં આવે છે જેનું વાયુ અને પાણીની ગુણવત્તા, જૈવવિવિધતા અને જમીન વ્યવસ્થાપન, ઘોંઘાટ અને કચરાના નિકાલના સંદર્ભમાં પાલન કરવાનું હોય છે. કેટલાક પ્રકારની ઔદ્યોગિક કામગીરીને પર્યાવરણીય રક્ષણ કાયદા હેઠળ જ પરવાના આપવામાં આવે છે અને આવા પરવાના માન્યતાપ્રાપ્ત હોવા જોઈએ તથા હંમેશા તેનું પાલન થવું જોઈએ.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદું તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 22.1: જોખમો, અસર અને કામગીરી:***: સભ્યો પર્યાવરણીય જોખમો, પર્યાવરણીય અસરો અને પર્યાવરણીય કાર્યદેખાવના સુધારા માટેની તકોને ઓળખશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - તમામ કારોબાર પ્રક્રિયા અને પ્રવૃત્તિઓની સમીક્ષા કરવી જોઈએ અને પર્યાવરણ પર નોંધપાત્ર વિપરિત અસર કરવાની ક્ષમતા ધરાવતા હોય, જેમ કે મોટા પ્રમાણમાં કચરો બહાર પાડે અથવા જોખમી સામગ્રી અને પ્રક્રિયા ધરાવતા હોય, તેને ઓળખવા જોઈએ. જોખમો અને અસરમાં વાયુ અને પાણીના પ્રદૂષણ, સામગ્રી અને ઉર્જાના ઉપયોગ, ઘોંઘાટ અને દૃશ્યમાન અસરનો સમાવેશ થઈ શકે છે.
  - સંવેદનશીલ અને આસપાસના પર્યાવરણીય ગ્રહણકર્તાઓને ઓળખવા જોઈએ જેમ કે કુદરતી જળમાર્ગ, વનસ્પતિ, સજીવસૃષ્ટિ અને વસવાટ તથા અસરગ્રસ્ત થઇ શકે તેવા નજીકના સમુદાયો.
  - પર્યાવરણની કામગીરી સુધારવા માટેની તકમાં ઓછી જોખમી સામગ્રી અને પ્રક્રિયાનો ઉપયોગ કરીને સ્ત્રોતને જોખમ તથા અસર ઘટાડવા પર ધ્યાન આપવું જોઈએ તથા ત્યાર બાદ જોખમો અને અસર લઘુતમ કરવા માટે અસરકારક નિયંત્રણોના ઉપયોગને ધ્યાનમાં લેવા જોઈએ.
  - જોખમોનું અસરકારક રીતે વ્યવસ્થાપન ન થાય અથવા સ્વીકાર્ય મર્યાદા કરતા નિકાલ વધી જાય તે અંગેના જોખમોનો વિચાર કરો.
  - જોખમની મૂલવણી કારોબારના સંજોગોને અનુરૂપ હોવી જોઈએ અને સંભવિત રીતે ખામીયુક્ત પ્રક્રિયા પેદા થવાને લગતા મુદ્દા ઓળખવા જોઈએ. નાના અને મધ્યમ સાહસો દ્વારા ઉપયોગમાં લઇ શકાય તેવા જોખમ નિવારણના મુખ્ય મુદ્દા માટે આરજેસી જોખમ મૂલવણી ટૂલકિટ જૂઓ. વૈકલ્પિક રીતે સભ્યો જોખમો અને અન્ય મહત્ત્વની અસરોના દસ્તાવેજીકરણ માટે પોતાની જોખમ મૂલવણી પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે છે.

- **સીઓપી *22.2:* નિયંત્રણો**:સભ્યો ઓળખી કાઢવામાં આવેલ પર્યાવરણીય જોખમો અને નોંધપાત્ર પર્યાવરણીય અસરોને ન્યૂનતમ કરવા અને શમન માટે, અને પર્યાવરણીય કાર્યદેખાવને સુધારવા માટે નિયંત્રણોનો અમલ અને સમીક્ષા કરશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - જોખમના સંચાલન અને પર્યાવરણીય અસર લઘુતમ કરવા માટે નિયંત્રણો વિકસાવતી વખતે નિયંત્રણોના ક્રમને વિચારણા હેઠળ લેવો જોઈએ. સૌથી વધુ યોગ્યથી લઇને સૌથી ઓછા યોગ્ય વિકલ્પ સુધીના ક્રમમાં નાબૂદી, અવેજી, શમન, માવજત અને નિકાલનો સમાવેશ થાય છે. કામગીરીની પ્રક્રિયા, ઉત્પાદન, કામની પદ્ધતિ અથવા કાચી સામગ્રીમાં ફેરફાર કરીને આ વિકલ્પો સિદ્ધ કરી શકાય છે.
    - **નાબૂદી** એટલે જેમાં જોખમ દૂર કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે પ્રદૂષક પેદા થતો નથી કે ઉત્પાદન થતું નથી.
    - **અવેજી**માં જોખમી કે અસર પેદા કરતી હોય તેવી કાચી સામગ્રી અથવા પ્રક્રિયાની જગ્યાએ ઓછી નુકસાનકારક વસ્તુ લાવવામાં આવે છે.

- **શમન**ની પ્રક્રિયામાં જોખમ કે અસરની તીવ્રતા ઓછી કરવામાં આવે છે અને તેમાં પુનઃઉપયોગ અથવા રિસાઇક્લિંગનો સમાવેશ થઈ શકે છે.
- જોખમની **માવજત** એ નિયંત્રણ અને ઘટાડાના ક્રમમાં નીચલી પાયરીએ છે. પર્યાવરણ પર ઝેરી અથવા જોખમી અસરમાં ઘટાડો કરવા જોખમની માવજત કરવામાં આવે છે.
- **નિકાલ** એ પર્યાવરણીય વ્યવસ્થાપનનો સૌથી ઓછો પસંદ કરવામાં આવતો વિકલ્પ છે અને તે મુખ્યત્વે કચરાના ઉત્પાદન સાથે લાગુ થાય છે.

○ નિયંત્રણના પગલાંના સંદર્ભમાં લેખિત નીતિઓ અને પ્રક્રિયાઓ વિકસાવવી જોઈએ, ખાસ કરીને જ્યારે કારોબાર કામગીરી અને પ્રક્રિયામાં નોંધપાત્ર અસર પડવાની અથવા પર્યાવરણીય નિયમનોનો ભંગ થવાની શક્યતા હોય. પ્રક્રિયામાં દેખરેખ, માપણી અને નોંધણી, નિકાલ અને ઉત્સર્જન વગેરેનો સમાવેશ થઇ શકે છે. અસરમાં કેટલો ફેરફાર થયો છે જેનો જથ્થો નક્કી કરીને સુધારા તથા નિયંત્રણના પગલાંમાં ફાયદા મેળવી શકાય છે. જોકે નાના કારોબાર માટે અથવા કેટલાક પ્રકારના જોખમો માટે તે હંમેશા શક્ય બનતું નથી.

○ સભ્યોની કામગીરીથી પર્યાવરણ પર નોંધપાત્ર વિપરીત અસર થવાની શક્યતા છે કે નહીં તે ધ્યાનમાં લીધા વગર તમામ સભ્યોએ સામગ્રીનો ઉપયોગ ઘટાડીને, રિસાઇક્લિંગ, અવેજી અથવા ઓછા જોખમી પદાર્થના ઉપયોગ દ્વારા કામગીરી સુધારવા માટેની તકો ઓળખીને તેનો અમલ કરવો જોઈએ.

○ સતત સુધારાનું વલણ એ પર્યાવરણીય વ્યવસ્થાપનનો અભિન્ન હિસ્સો છે તથા નિયંત્રણોની નિયમિત સમીક્ષા થવી જોઈએ.

- **સીઓપી *22.3:* તાલીમ*::*** સભ્યો સંલગ્ન કર્મચારીઓ અને સ્થળ પરના ઠેકેદારોને સમજી શકાય તેવાં સ્વરૂપમાં અને યોગ્ય ભાષામાં પર્યાવરણીય જોખમો અને નિયંત્રણો વિશે તાલીમ અને માહિતી પૂરી પાડશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  ○ કર્મચારીઓ, ઓન-સાઇટ કોન્ટ્રાક્ટર્સ અને મુલાકાતીઓ માટે પરિચય તાલીમ તૈયાર કરીને લાગુ કરો.

  ○ તમામ સંબંધિત લોકો સંભવિત જોખમો અને વ્યવસ્થાપન નિયંત્રણ સમજે છે તથા ખાસ કરીને જ્યાં તેઓ એવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે જેને પર્યાવરણ પર સંભવિત રીતે ભારે વિપરીત અસર થાય છે ત્યાં તેમની ભૂમિકા અને જવાબદારીઓ જાણે છે તે બાબતની ખાતરી કરો.

  ○ તાલીમનો રેકોર્ડ રાખો અને રિફ્રેશર તાલીમ સત્રો માટે તેનો ઉપયોગ કરો.

**તપાસો:**

✓ તમે તમારી તમામ કારોબાર પ્રવૃત્તિની સમીક્ષા કરીને પર્યાવરણને સંભવિત રીતે પ્રતિકૂળ અસર કરી શકે તેવા કારણોને ઓળખ્યા છે?

✓ નોંધપાત્ર પ્રતિકૂળ અસરોને નાબૂદ કરવા અથવા તેને ઓછામાં ઓછી અસરકારક કરવા માટેના નિયંત્રણોને ઓળખીને અમલમાં મૂક્યા છે?

✓ તમે તમારા પર્યાવરણીય દેખાવમાં સુધારા માટેની તકો ઓળખી છે અને તેનો અમલ કરી રહ્યા છો?

✓ શું તમે એક સર્વાંગી પર્યાવરણીય વ્યવસ્થાપન પ્રણાલિ ધરાવો છો જે જોખમો અને અસરના સ્તરને અનુરૂપ હોય?

**લઘુ ઉદ્યોગો માટે સૂચનો**

સ્ત્રોતના (પાણી, ગેસ અને વીજળી) વધુ સારા ઉપયોગ તથા લાગુ પડતા કાયદાની જોગવાઇઓ વિશે માહિતગાર રહીને લઘુ ઉદ્યોગો યોગ્ય પર્યાવરણીય વ્યવસ્થાપનમાંથી લાભ મેળવી શકે છે. લઘુ ઉદ્યોગ માટેના પર્યાવરણીય મુદ્દામાં સામેલ છેઃ

- ✓ ઉર્જાનો વપરાશ, સામાન્ય રીતે લાઇટિંગ અને પાવર માટે વીજળી તથા ગરમી માટે ગેસ
- ✓ પાણી
- ✓ પાણી અને ગંદા પાણીનો નિકાલ
- ✓ જોખમી રસાયણો અને જોખમી કચરાનો નિકાલ

આ પૈકીના કેટલાક પર્યાવરણ પર ઓછી અસર ધરાવે છે અથવા જટિલ વ્યવસ્થાપન પ્રણાલિ કે નિયંત્રણોની જરૂર પડતી નથી. જોકે, ઓછા જોખમ કે નીચી પર્યાવરણીય અસરનો અર્થ એવો નથી કે તેની ઉપેક્ષા કરવામાં આવે. ઉદાહરણ તરીકે, મોટા ભાગના ન્યાયક્ષેત્રોમાં જ્યાં સભ્યો કામ કરે છે (નાના અને મોટા) ત્યાં જોખમી પદાર્થોના સંચાલન માટે તથા જોખમી કચરાના નિકાલ માટે ચુસ્ત નિયંત્રણો છે. જોખમી કચરાના નાના હિસ્સાનો પણ સામાન્ય કચરાની જેમ અયોગ્ય નિકાલ કરવામાં આવે તો ભારે દંડ થઇ શકે છે. તેથી પર્યાવરણના જોખમોને સમજીને ઓળખીને યોગ્ય રીતે સંચાલન કરવામાં આવે તે મહત્વનું છે. લઘુ કારોબાર માટે કેટલીક સુધારાની તકો આ પ્રમાણે છેઃ

- ✓ કચેરીના સામાન્ય કચરાનો યોગ્ય નિકાલ કરવા અંગે કર્મચારીઓને જાણ કરવી.
- ✓ જોખમી કચરાનું લેબલ ધરાવતી વિશેષ કચરાપેટીઓ રાખવી-ઘણી વખત જોખમી કચરો એકઠો કરનારાઓ તમને જોખમી સામગ્રી સામગ્રી માટેની વિશેષ કચરાપેટીઓ પૂરી પાડી શકે છે.
- ✓ તમને વીજળી અથવા ઉર્જા પૂરી પાડનાર સાથે ઓડિટ કરો જે તમને બચત કરવામાં મદદરૂપ બનશે.
- ✓ કારોબારને ઓછામાં ઓછો ખર્ચ આવે તેવી રીતે પર્યાવરણીય દેખાવ કેમ સુધારવો તેના અંગે વિચારો મેળવવા તમારા સમકક્ષ તથા તમારા ઉદ્યોગ સંગઠનોમાં અન્ય ઉદ્યોગો સાથે વાત કરો. શક્ય છે કે બીજા કોઇને પણ આવી જ સમસ્યા હોય અને તેણે તેનો ઉકેલ લાવવા માટે કંઇક કર્યું હોય.

જોખમી પદાર્થો, કચરો અને ઉત્સર્ગ અને કુદરતી સ્ત્રોતના ઉપયોગ માટેની માર્ગદર્શિકા પણ જૂઓ

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટ પર પર્યાવરણીય વ્યવસ્થાપન અંગે વધારાની માહિતી ઉપલબ્ધ છે:

- બિઝનેસ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (બીએસઆર) – એનવાયર્નમેન્ટલ સ્ટ્રેટેજી
  www.bsr.org/en/our-work/consulting-services/environmental-assessment-strategy
- એનવાયર્નમેન્ટ એજન્સી (યુકે)
  www.environment-agency.gov.uk
- એનવાયર્નમેન્ટ કેનેડા
  www.ec.gc.ca
- ગ્લોબલ રિપોર્ટિંગ ઇનિશિયેટિવ (જીઆરઆઇ)
  https://www.globalreporting.org/Pages/default.aspx
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 3 – રિસોર્સ ઇફિસિયન્સી એન્ડ પોલ્યુશન પ્રિવેન્શન (2012)

www1.ifc.org/wps/wcm/connect/25356f8049a78eeeb804faa8c6a8312a/PS3_English_2012.pdf?MOD=AJPERES

- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) ગાઇડન્સ નોટ 3 – રિસોર્સ એફિસિયન્સી એન્ડ પોલ્યુશન પ્રિવેન્શન (2012)
  www1.ifc.org/wps/wcm/connect/9187330049800a6baa9cfa336b93d75f/Updated_GN3-2012.pdf?MOD=AJPERES
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) – એનવાયર્નમેન્ટ, હેલ્થ એન્ડ સેફ્ટી ગાઇડલાઇન્સ
  www1.ifc.org/wps/wcm/connect/Topics_Ext_Content/IFC_External_Corporate_Site/IFC+Sustainability/Sustainability+Framework/Environmental,+Health,+and+સલામતી+Guidelines/
- ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર સ્ટાન્ડર્ડાઇઝેશન (આઇએસઓ) – આઇએસઓ 14000 એનવાયર્નમેન્ટલ મેનેજમેન્ટ સિસ્ટમ્સ
  www.iso.org/iso/iso_catalogue/management_માપદંડો/iso_9000_iso_14000/iso_14000_essentials.htm
- યુનાઇટેડ નેશન્સ (યુએન) ગ્લોબલ સ્ટેટ ઓફ ધ એનવાયર્નમેન્ટ રિપોર્ટ
  www.unep.org
- યુનાઇટેડ નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ
  www.unglobalcompact.org
- યુનાઇટેડ નેશન્સ (યુએન) સસ્ટેનેબલ ડેવલપમેન્ટ નોલેજ પ્લેટફોર્મ
  www.un.org/esa/sustdev/
- યુ.એસ. એનવાયર્નમેન્ટ પ્રોટેક્શન એજન્સી (ઇપીએ)
  www.epa.gov
- યુ.એસ. એનવાયર્નમેન્ટ પ્રોટેક્શન એજન્સી (ઇપીએ) – લઘુ કારોબારો ગેટવે
  www.epa.gov/smallbusiness/

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 23) જોખમી પદાર્થો

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**જોખમી પદાર્થ** એ એવી કોઇપણ સામગ્રી છે કે જે માનવ આરોગ્ય અને/અથવા પર્યાવરણ માટે એક ભય ઉત્પન્ન કરે છે.

આભુષણોની પુરવઠા શૃંખલામાં જોખમી પદાર્થોમાં  કાચા માલનો સમાવેશ થાય છે. (દા.ત. સેન્દ્રિય દ્રાવકો, એસિડો અથવા વેલ્ડિંગ પ્રદ્રાવકો) અથવા નકામા પ્રવાહો અને આડ પેદાશો (હવા, પાણી કે જમીનમાં થતી નિકાસી, પેકેઝીંગના ખાલી જોખમી પદાર્થો, બાકી બચેલા અવશેષો, એસિડ, સલ્ફેટ, માટી વગેરે)

સીઓપીનો જોખમી પદાર્થોનો વિભાગ એ એવા બધા જ સભ્યોને લાગુ પડી શકે છે કે જેઓ જોખમી પદાર્થોનો ઉપયોગ કરે છે. એ વાતની નોંધ લો કે ખનન વિભાગમાં પારાની કે સાયનાઇડના ઉપયોગ કે હાજરીને અલગ પારા અને સાયનાઇડની જોગવાઇઓ હેઠળ સંબોધીને લખવામાં આવેલ છે.

સીઓપીના જોખમી પદાર્થોના વિભાગને સીઓપીના આરોગ્ય અને સલામતી, પર્યાવરણ જાળવણી, નકામા પદાર્થો અને ઉત્સર્જન સાથેના સંયોજનમાં વાંચવો જોઇએ અને તેનો અમલ કરવો જોઇએ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

વીસમી સદી દરમ્યાન ઔદ્યોગિક પ્રક્રિયાનો વિકાસ અને વિસ્તાર થયો હોવાથી લોકોનું અને પર્યાવરણનું રક્ષણ કરવાના હેતુથી સરકારોએ રસાયણોના ઉપયોગ અને જાળવણીનું નિયમન કરવા માટે જુદા જુદા પગલાઓ લેવાનું શરૂ કર્યું હતું. આજે જોખમી પદાર્થોના સંબંધમાં કાર્યસ્થળનું આરોગ્ય અને પર્યાવરણ સંબંધિત જોખમોનું મુલ્યાંકન અને વ્યવસ્થાપન કરવા માટે ઘણા ઔદ્યોગિક દેશોમાં અસંખ્ય નિયમો અને કાયદાનો દાખલ કરવામાં આવ્યા છે.

મોટા ભાગના કાર્યસ્થળો ઉપર જોખમી પદાર્થો અને જોખમી માલસામાનનો ઉપયોગ વ્યાપક છે. મોટે ભાગે તેમાં નિંયત્રિત વાતાવરણ જેમ કે પ્રયોગશાળામાં ઉપયોગમાં લેવાતી ક્લિનીંગ પ્રોડક્ટ્સ અને પદાર્થોનો સમાવેશ થતો હોય છે પરંતુ તેમ છતાં તેમાં જટીલ અને તીવ્ર જોખમી પદાર્થોનો સમાવેશ થાય છે. વિશિષ્ટ જોખમી પદાર્થોમાં નીચેના પુરતા સીમિત નહી તે રીતે તેમાં નીચેના પદાર્થોનો સમાવેશ થઇ શકે છે.

- એસ્બેસ્ટોસ
- કાર્બન મોનોક્સાઇડ
- સાયનાઇડ
- રજકણો અને ધૂમાડાઓ

- ફાયબરગ્લાસ
- જ્વલનશીલ પ્રવાહીઓ
- અસેન્દ્રિય સીસુ
- રંગોમાં રહેલ આઇસોસાયનેટ
- પારો
- ઓઝોન ડિપ્લીટિંગ સબસ્ટેન્સિસ (ઓડીએસ)
- પોલી ક્લોરિનેટેડ બાઇફીનાઇલ્સ (પીસીબી)
- સોલ્ડરીંગ પ્રવાહો
- સિન્થેટીક ખનિજ ફાઇબરો

આભુષણો પુરા પાડવાની શૃંખલા દરમિયાન ઘણા સ્થાનો ઉપર જોખમી પદાર્થો નકામા પદાર્થો તરીકે પણ ઉત્પન્ન થઇ શકે છે. જો કે જુદા જુદા અધિકારક્ષેત્રોમાં વ્યાખ્યાઓ બદલતી હોય છે તો પણ એવી સામગ્રીને મોટે ભાગે જોખમી તરીકે દર્શાવવામાં આવે છે જો તે જ્વલનશીલ, ઓક્ષિડાઇઝિંગ, દાહક, વિષયુક્ત, રેડીયોએક્ટીવ કે વિસ્ફોટક હોય અને તે જાહેર આરોગ્ય કે પર્યાવરણ માટે ભય સુચવતી હોય. ઉદાહરણોમાં ખનનનો વધારે બોજો, સોનાનું બેનિફીશિએશન અને શુધ્ધિકરણનો કચરો, ઇલેક્ટ્રોપ્લેટીંગના અવશેષ, ડીગ્રીસિંગના કચરાઓ, પારો, વપરાયેલ ઓઇલ, બેટરીઓ, રેફ્રીજરન્ટ્સ અને ઘણા ઔદ્યોગિક રસાયણો અને કિલનીંગ એજન્ટોનો સમાવેશ થઇ શકે છે. આ બધી જ સામગ્રીઓ અને અન્ય બાબતો અધિકાર ક્ષેત્રના આધારે જુદી જુદી નિયમનકારી શરતોને પાત્ર ઠરે છે.

નકામા કચરાઓના વ્યવસ્થાપન ઉપર વધારાની માહિતી **નકામાં પદાર્થો અને ઉત્સર્જન** માટેના માર્ગદર્શનમાં પુરી પાડવામાં આવેલ છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

સોના અને હીરાના આભૂષણોની પુરવઠા શૃંખલામાં ઉપયોગમાં લેવાતા જોખમી પદાર્થો પૈકીના ઘણા પદાર્થો માટેના ધોરણો અને કાયદાઓ છે. જોખમી પદાર્થો સંબંધિત મહત્ત્વના આંતરરાષ્ટ્રીય કાયદાઓ પૈકીના કેટલાકમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- રોટરડામ કન્વેન્શન (1998) નો હેતુ જોખમી પદાર્થોની હેરફેર અને વેપારમાંથી સર્જાતા સંભવિત નુકશાનમાંથી માનવ આરોગ્ય અને પર્યાવરણનું રક્ષણ કરવાનો અને આવા પદાર્થોનાં પર્યાવરણીય રીતે તંદુરસ્ત ઉપયોગ કરવા માટે યોગદાન આપવાનો છે. આ સંમેલન તેમાં સહી કરનારા દેશો માટે કાનૂની રીતે બંધનકારી જવાબદારીઓનું સર્જન  કરે છે કે જેમાં જોખમી પદાર્થોની ગતિવિધિ અને અસરો અંગે આગોતરી જાણ કરાયેલી સંમતિ માટેની જરૂરીયાતનો સમાવેશ થાય છે. તેમાં આરોગ્ય કે પર્યાવરણીય કારણો માટે જેને મનાઇ ફરમાવવામાં આવેલ છે કે કડકપણે પ્રતિબંધિત છે તેવી જંતુનાશક દવાઓ અને ઔદ્યોગિક રસાયણોનો સમાવેશ થાય છે. તેમના અધિકારક્ષેત્રમાં જોખમી પદાર્થોનું વ્યવસ્થાપન કરવા માટે સરકારી સંસ્થાઓ સ્થાપીને દેશો સંમેલનમાં જવાબદારીઓને માન્યતા આપે છે. તેથી સ્થાનિક લાગુ

પડતા કાયદાનું પાલનનો સામાન્ય રીતે અર્થ એવો થાય છે કે આ સંમેલનનું પાલન કરવામાં આવે છે.

- સ્ટોકહોમ કન્વેન્શન (2004) એ એક આંતરરાષ્ટ્રીય કાનૂની રીતે બંધનકારી સંમેલન છે કે જેનો હેતુ સતત સેન્દ્રિય પ્રદુષકો (પીઓપી) ની નિકાસી અને ઉપયોગનો અંત લાવવાનો છે. પીઓપીને એવા રાસાયિણક પદાર્થો તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે કે જે પર્યાવરણમાં અસ્તિત્વ ટકાવી રાખે છે, આહાર જાળ મારફતના જૈવ-સંચય પદાર્થો છે અને પર્યાવરણ તેમજ માનવ આરોગ્ય ઉપર વિપરીત અસરો સર્જવાનું જોખમ ઉત્પન્ન કરે છે. ઘટાડા અને અંતિમ નાબુદી માટે આ સંમેલન હેઠળ જેને લક્ષ્ય બનાવવાયેલ છે તેવા પદાર્થો છે નવ પ્રકારના જંતુનાશકો, બે ઔદ્યોગિક રસાયણો (હેક્ષાક્લોરોબેન્ઝિન અને પોલીક્લોરીનેટેડ બાઇફીનાઇલ્સ) અને રાસાયણિય આડ પેદાશોના બે જૂથો કે જે (ડાયોક્ષિન્સ અને ફ્યુરાન્સ) દહન પ્રક્રિયાઓ અને ક્લોરીનયુક્ત પદાર્થોના ઉત્પાદનમાંથી ઉત્પન્ન થાય છે.

- જે પદાર્થો ઓઝોનના સ્તરને ખાલી કરે છે તેના ઉપરનો મોન્ટ્રીલ પ્રોટોકોલ (1989) ઘણા બધા ઓઝોન ખાલી કરતાં પદાર્થોના ઉત્પાદનને રજુ કરે છે. આજદિન સુધી અન્ય પદાર્થો ઉપર ઓછા ધ્યાન સાથે મુખ્ય મહત્ત્વ ક્લોરોફલોરોકાર્બન્સ (સીએફસી) ઉપર મુકવામાં આવેલ છે.

- 2002 માં યુરોપ માટેના સંયુક્ત રાષ્ટ્રોના આર્થિક બાબતોના કમિશને રાસાયણિક અને જોખમી પદાર્થોના સલામત ઉપયોગ, પરીવહન અને નિકાલ માટે એક આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પ્રસ્તુત કરી હતી. નવી વ્યવસ્થા કે જેને રસાયણોના વર્ગીકરણ અને લેબલિંગની વૈશ્વિક રીતની વ્યવસ્થા તરીકે ઓળખવામાં આવી કે જેને જોખમોના પ્રકારો વડે અને લેબલો અને સુરક્ષાની માહિતી પ્રતો સહિત રસાયણો અંગેની માહિતી આપવા માટે એક સર્વસામાન્ય ભાષા વડે રસાયણોના વર્ગીકરણ વડે સંબોધવામાં આવી હતી. જીએચએસ મુખ્યત્વે સરકારો, પ્રાદેશિક સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ માટે લખવામાં આવે છે તેમાં ઉદ્યોગમાં રહેલા એવા લોકો માટેના પુરતા સંદર્ભ અને માર્ગદર્શનનો પણ સમાવેશ થાય છે કે જે લોકો છેલ્લે આ જરૂરીયાતોનો અમલ કરતા હશે કે જે સ્વીકારવામાં આવેલ છે. 2015 સુધીમાં વૈશ્વિક અમલવારીના હેતુ સાથે આ બાબતની અમલવારી 67 દેશોમાં પહેલાથી જ થયેલ છે. જીએચએસમાં નીચેનાના વર્ગીકરણ માટેના સંકલિત માપદંડોનો સમાવેશ કરે છે.
    - શારીરિક જોખમો
    - આરોગ્ય સંબંધિત જોખમો અને
    - પર્યાવરણ સંબંધિત જોખમો

- પારા ઉપરનું મીનેમાટા કન્વેન્શન ઓક્ટોબર 2013 થી માન્યતા માટેના દ્વાર ખોલે છે અને પર્યાવરણમાં પ્રસરણના  ઘટાડવાના માર્ગ તરીકે પારાને માન્યતા આપી શકાય તેવા ઉપયોગને સંબોધીત કરે છે. તેને અમલમાં લાવવા માટે 50 દેશો દ્વારા માન્યતા આપવાની જરૂર છે. સંમેલનના લખાણની ચર્ચા દરમ્યાન સરકાર પારો ધરાવતી એવી પ્રોડક્ટરોની શ્રેણી ઉપર સહમત થઇ હતી કે જેના ઉત્પાદન નિકાસ અને આયાતને 2020 સુધીમાં મનાઇ ફરમાવવામાં આવશે. આ સંમેલન પક્ષકાર દેશોને કાર્યકુશળ અને નાના પાયાના ખનનકાર્યોમાં પારા સુધીની પહોંચ તેમજ તેનું પ્રસરણ અને ઉત્સર્જન ઘટાડવાના પ્રોત્સાહન માટે ઘટાડા લક્ષ્યાંકો અને વ્યુહરચનાઓ સાથેનું રાષ્ટ્રીય કાર્ય આયોજન અને વ્યૂહરચના તૈયાર કરવા માટે

દેશોને ફરજ પાડશે. ખનન સુવિધાઓ સાથેના સભ્યો માટે પારાના નિયંત્રણને પારા માટેની અલગ સીઓપી જોગવાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

*રાષ્ટ્રીય કાયદો*

મોટા ભાગના દેશો જોખમી પદાર્થોના ઉચિત સંચાલન, વ્યવસ્થાપન, ઉપયોગ અને નાશ અંગેના કાયદા અને નિયમન ધરાવે છે. ઘણા રાષ્ટ્રીય અને રાજયના અધિકાર ક્ષેત્રો ધંધા માટે વધારાની ખાસ સ્થિતિઓની ફરજ પાડે છે કે જેની ખાસ કરીને જોખમી પદાર્થોના સંગ્રહ અને સંચાલનમાં પાલન કરવાની જરૂર પડે છે.

સુરક્ષા માટેની માહિતી પ્રતો (એસડીએસ) કે તેના સમકક્ષ દસ્તાવેજ સાથે રાખવાના બધા જ જોખમી પદાર્થો માટેની જરૂરીયાત અંગેના યુએન જીએચએસ કાર્યક્રમની અમલવારી અંગેના કાયદાઓ મોટાભાગના દેશો અગાઉથી જ ધરાવે છે. એસડીએસ એ જોખમી પદાર્થો અંગેની અને તેમને સલામત રીતે કેવી રીતે વાપરવા તેના ઉપરની મહત્ત્વની માહિતી ધરાવતો એક દસ્તાવેજ છે અને સામાન્ય રીતે તે નીચેની બાબતો દર્શાવતા હોવો જોઇએ:

- જોખમી પદાર્થોની પ્રોડક્ટનું નામ
- ચોક્કસ અંગભૂત સામગ્રીઓના રાસાયણિક અને લાક્ષણિક નામ
- જોખમી પદાર્થના રાસાયણિક અને ભૌતિક ગુણધર્મો
- આરોગ્ય સંબંધિત જોખમની માહિતી
- સલામત ઉપયોગ અને સંચાલન માટેની પૂર્વ સાવધાનીઓ
- પ્રાથમિક સારવારની પ્રક્રિયાઓ
- ઉત્પાદક કે આયાતકારનું નામ, સરનામુ અને ટેલિફોન નંબર

એસડીએસ દસ્તાવેજ જોખમી પદાર્થના સામનાથી થતા જોખમનું સલામત વ્યવસ્થાપન કરવા માટે રોજગારદાતાઓ, સ્વનિર્ભર વ્યક્તિઓ, કામદારો અને અન્ય આરોગ્ય અને સલામતીના પ્રતિનિધિઓને જરૂરી એવી માહિતી પુરી પાડે છે. એ બાબત મહત્ત્વની છે કે કાર્યસ્થળ ઉપરની દરેક વ્યક્તિ માટે એસડીએસ પ્રાપ્ય હોય અને તે તેને વાંચી શકે અને તેનું અર્થઘટન કરી શકે. ઘણા અધિકાર ક્ષેત્રો એ બાબતની ફરજ પાડે છે કે એસડીએસ અગાઉના ૩ વર્ષોની અંદર અપાયેલ હોવું જરૂરી છે. આ રીતે સભ્યોએ એ બાબતની ખાતરી કરવાની જરૂર પડે છે કે તેઓનો એસડીએસ પ્રવર્તમાન છે.

લાગુ પડતા કાયદાઓ અને નિયમનોથી માહિતગાર રહેવું અને તેનું પાલન કરવું તે સભ્યો માટે અગત્યનું છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારસંહિતાની ફરજિયાત જરૂરિયાતોનું પાલન કરવા માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. આ માર્ગદર્શન આદર્શમુલક નથી પરંતુ તેને માહિતી અને સહાય માટે પ્રારંભ બિંદુ તરીકે જોઇ શકાય.*

- **સીઓપી *23.1: વિગતવાર યાદી અને દસ્તાવેજીકરણ:*** સભ્યો સુવિધાઓ પરનાં જોખમી પદાર્થોની એક સૂચિની જાળવણી કરશે. સુરક્ષા વિગતોના પત્રકો (અથવા તેની સમકક્ષ) જ્યાં આ બધા જોખમી પદાર્થોનો ઉપયોગ થઈ રહ્યો હોય ત્યાં સુલભ હશે અને તેની સાથે જોડાયેલા જોખમો વિશે તેની સાથે કાર્ય કરી રહેલાં કર્મચારીઓ અને સ્થળ પરના ઠેકેદારોને સ્પષ્ટ રીતે સંચારિત કરવામાં આવશે..

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - તમારા કાર્યસ્થળ ઉપર હાજર જોખમી પદાર્થોના જથ્થા અને વૈવિધ્ય બાબતે તમે આશ્ચર્યચકિત બની શકો છો, કે જે પદાર્થો પૈકીના ઘણા પદાર્થો નાના જથ્થામાં હોઇ શકે અને અન્ય પદાર્થોનો લાંબા સમય સુધી ઉપયોગ થયો ન હોય તેવું બની શકે. ઘણા જોખમી પદાર્થો આ રીતે ઓળખી ન શકાયા હોય તેવું બની શકે અને તેમના સંચાલન, લેબલિંગ, સંગ્રહ અને નિકાલ પ્રત્યે પુરતું ધ્યાન અપાયા વિના જ સ્વીકારી લેવામાં આવ્યા હોય તેવું પણ બની શકે છે.
  - કામદારોના આરોગ્યને અથવા પર્યાવરણને જોખમો છે કે નહી તે નક્કી કરવા માટે સભ્યોએ કાર્યસ્થળમાં ઉપયોગમાં લેવાતા બધા જ જોખમી પદાર્થોના વપરાશ અને સંચાલનની સમીક્ષા કરવી જોઇએ અને જોખમો ઘટાડવા માટે નિયંત્રણો અમલમાં મુકવા જોઇએ, દા.ત. સુધારેલી ગુણવત્તાયુક્ત તાલીમ અને પ્રક્રિયાઓ થકી તેમજ વધુ સલામત વિકલ્પોના ઉપયોગ દ્વારા. સર્વ સામાન્ય જોખમ મૂલવણી માટેનું ટેમ્પ્લેટ માટે આરજેસી જોખમ મૂલવણી ટુલ કીટ જુઓ કે જેમાં આપેલ આ ટેમ્પ્લેટનો ઉપયોગ થઇ શકે, ખાસ કરીને નાના અને મધ્યમ ઉપક્રમો માટે. વૈકલ્પિક રીતે સભ્યો તેમની પોતાની જોખમ મૂલવણીની પ્રકિયાનો ઉપયોગ કરી શકે.
  - દરેક કાર્યસ્થળ ઉપર જોખમી પદાર્થોની સવિસ્તાર યાદી જાળવવા માટેની ખાસ જવાબદારી સાથેના એક વ્યક્તિની નિમણુંક થયેલી હોવી જોઇએ કે જેમાં એકમ કે કારખાનામાં નવા રસાયણોના પ્રવેશને માન્યતા આપવા માટેની સત્તા અને સામગ્રીના પ્રકાર બાબતે વિશિષ્ટ ઘટનાઓમાં પ્રતિક્રિયા આપવા અને આવી સામગ્રીનો સંગ્રહ કરવા માટેના પુરતા સ્ત્રોતોની જોગવાઇનો સમાવેશ થાય છે.
  - તમારા કાર્યસ્થળમાં હાજર જોખમી પદાર્થોના જથ્થાઓ અને વૈવિધ્ય મુજબ સામાનની વિગતવાર યાદીના રેકોર્ડસ જાળવવા માટેની વ્યવસ્થા ઉચિત હોવી જોઇએ.
    - કાર્યાલય પ્રકારના પર્યાવરણો કે કાર્યસ્થળો માટે કે જે જોખમી પદાર્થોના મર્યાદિત જથ્થાનો ઉપયોગ કરે છે, તે માટે કાર્યસ્થળ ઉપરના જથ્થાઓની નોંધ સતત રીતે અપડેટ કરવાને બદલે એક શ્રેણીમાં કે નોંધી શકાય છે. ઉદાહરણ તરીકે: "આઇસોપ્રોપિલ આલ્કોહોલની 3 થી 5 150 મીલીની શીશીઓ".
    - વિશુધ્ધિ કરનાર કે ઉત્પાદક જેવી પ્રક્રિયાના ભાગરૂપે વધુ વિશાળ માત્રમાં જોખમી પદાર્થોનો ઉપયોગ કરતા પ્રક્રિયા સંબંધિત કાર્યસ્થળો માટે વધારે વ્યવહાર કુશળ વ્યવસ્થાઓની જરૂર પડશે કે જે વ્યવસ્થા નિયમિત રીતે જથ્થાઓ નિશ્ચિત સ્થાનો અને ઉપયોગમાં લેવાયેલ જોખમી પદાર્થોની સ્થિતિને નિયમિત રીતે સુવ્યવસ્થિત એટલે કે અપડેટ કરે છે. આ પ્રકારના વાતાવરણમાં, ઇલેકટ્રોનિક ડેટાબેઝમાં પદાર્થોની સવિસ્તાર યાદી રાખવી ઉચિત બની શકે છે. આ હેતુ માટે વિવિધ ત્રીજા પક્ષકારના ડેટાબેઝની વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે.
    - નાની માત્રાઓમાં ખરીદાતા અમુક સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા જોખમી પદાર્થો માટે કન્ટેઇનર ઉપર છાપવામાં આવેલ લેબલ ઉપર સેફ્ટી ડેટા શીટની સમકક્ષ બાબત જોવા મળશે.

- પદાર્થોની વિગતવાર યાદીઓ સતત ફેરફારને આધિન છે કારણ કે પદાર્થો ઉપયોગમાં લેવામાં આવે છે, હેરફેર કરવામાં આવે છે, બદલાવવામાં આવે છે અને તેનો નિકાલ કે નાશ કરવામાં આવે છે. કાર્યસ્થળ ઉપરના જોખમી પદાર્થોનું જ્યારે વ્યવસ્થાપન કરો ત્યારે નીચેની બાબતો ધ્યાનમાં લો.
  - એવા જોખમી પદાર્થો કે જે લાંબા સમયથી સંગ્રહમાં છે અને સક્રિય વપરાશમાં નથી તેમની બાબતમાં તેઓ ખોટા સ્થાને મુકાઇ જવાની, ખોટા લેબલ લાગી જવાની અને તેમનું ખોટું સંચાલન થવાની શક્યતાઓ રહેલી છે.
  - યોગ્ય રીતે સાફ કર્યા વિના અને ફરીથી લેબલ લગાડયા વિના જોખમી પદાર્થો માટેના ઓરીજીનલ કન્ટેઇનરોના જુદા જુદા હેતુઓ માટે ફરીથી ઉપયોગ ન થવો જોઇએ.
  - બધા જ લેબલો યોગ્ય રીતે ચોંટાડેલા અને નુકશાનથી રક્ષિત થયેલા હોવા જોઇએ.
  - વાસણો અને કન્ટેઇનરો એવી રીતે સંગ્રહ કરવા જોઇએ કે જેથી લેબલ દ્રશ્યમાન રહી શકે.
  - જોખમી પદાર્થો યોગ્ય ભૌતિક ગુણધર્મો ધરાવે છે અને યોગ્ય રીતે લેબલ કરાયેલા છે તેની ખાતરી કરવા માટે જ્યારે જોખમી પદાર્થોને નવા કન્ટેઇનરોમાં સ્થળાંતર કરવામાં આવે ત્યારે ચેતવણીનો ઉપયોગ કરવો જોઇએ.
  - ખાલી જોખમી પદાર્થોના કન્ટેઇનરો અને પેકેજીંગને જોખમી કચરા તરીકે ગણવા જોઇએ કારણ કે આ કચરો શેષ બચેલી સામગ્રી સાથે અશુધ્ધ બની શકે છે. મોટાભાગના દેશો આ કન્ટેઇનરોના નાશ અંગે કાયદાઓ ધરાવે છે અને તેનો સામાન્ય કચરા સાથે નાશ કરવા અંગે મનાઇ ફરમાવે છે.
- એસડીએસની સાથે રાખવાના બધા જ જોખમી પદાર્થો માટેની જરૂરિયાત સહિત રસાયણોની સમિક્ષા અને ઉપયોગ અંગેની લેખિત નીતિઓ અને પ્રક્રિયાઓ જળવાવી જોઇએ.
  - બે નિયત સ્થાનોમાં પ્રક્રિયાની માહિતી રાખવાનું ઉપયોગી બની શકે છે; પ્રથમ, તો બધા જ જોખમી પદાર્થોના એકત્રિત રજીસ્ટરમાં; અને બીજું, જયાં જોખમી પદાર્થનો ઉપયોગ કે સંગ્રહ.
  - જોખમી પદાર્થના સંચાલન અને વપરાશ કે ઉપયોગમાં સંકળાયેલ કોઇપણ કામદાર પદાર્થના ઉપયોગ માટેના સંબંધિત જોખમો અને પ્રક્રિયાઓથી માહિતગાર હોવો જરૂરી છે અને યોગ્ય સંચાલન કરવાની તાલીમ પામેલો હોવો જરૂરી છે.

**આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને આધિન જોખમી પદાર્થો**

આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને આધિન જોખમી પદાર્થોની યાદી સતત રીતે વધી રહી છે. આંતરરાષ્ટ્રીય રીતે પ્રતિબંધિત જોખમી પદાર્થોમાં નીચેના પુરતા સીમિત નહી તે રીતે નીચેના પદાર્થોનો સમાવે થાય છે:

- ઓઝોન ખાલી કરતા પદાર્થો જેવા કે
  - ક્લોરોફ્લોરોકાર્બન્સ (સીએફસીએસ), હાઇડ્રોબ્રોમોફ્લોરકાર્બન્સ (એચબીએફસી) કે હાઇડ્રોક્લોરોફ્લોરોકાર્બન્સ (એચસીએફસી)
  - હેલન્સ
  - કાર્બન ટેટ્રાક્લોરાઇડ (સીસીઆઇ$_4$) અને મિથાઇલ ક્લોરોફોર્મ (સીએચ$_3$સીસીઆઇ$_3$)
  - મિથાઇલ બ્રોમાઇડ (સીએચ$_3$બીઆર)
- સતત કે એકધારા રહેલા સેન્દ્રિય પ્રદુષકો જેવા કે:
  - આલ્ડ્રીન, ક્લોરડેન, ડાઇલ્ડ્રીન, એન્ડ્રીન હેક્ષાક્લોરોબિન્ઝન, મિરેક્ષ કે ટોક્ષાફેન
  - ડાયોક્ષિન્સ અને ફ્યુરાન્સ.
  - ડાયક્લોરોડાઇફિનાઇલટ્રાઇક્લોરોઇથેન (ડીડીટી)
  - પોલીક્લોરીનેટેડ બાઇફિનાઇલ્સ (પીસીબી) અને પોલીક્લોરીનેટેડ ટરફિનાઇલ્સ (પીસીટી)
- અથવા અન્ય પદાર્થો જેવા કે ટ્રીબ્યુટાઇલ ટીન (ટીબીટી), હેક્ષાવેલન્ટ ક્રોમિયમ, બ્રોમિનેટેડ ફ્લેમ રિટાર્ડન્ટ્સ (બીએફઆર), પોલીબ્રોમિનેટેડ બાઇફિનાઇલ્સ અથવા પોલીબ્રોમિનેટેડડાઇફિનાઇલ ઇથર.

- ***સીઓપી 23.2: આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો:*** સભ્યો આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને આધીન રસાયણો અને જોખમી પદાર્થોના તેમની સજીવો પ્રત્યેના ઉચ્ચ વિષક્ષમતા, પર્યાવરણીય દૃઢતા, અથવા જૈવ સંચય માટેની સંભાવના, અપરિવર્તનીય પારિસ્થિતિક અસરો, અથવા ઓઝોન સ્તરના અવક્ષયના કારણે ઉત્પાદન, વેપાર અને/અથવા ઉપયોગ નહીં કરી શકે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - એ બાબતની તપાસ કરો કે તમે જે જોખમી પદાર્થો નો ઉપયોગ કરો છો તે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને આધિન છે કે કેમ. આવા પદાર્થો પૈકીના અમુક પદાર્થો માટે બાજુનું ટેબલ જુઓ:
  - જોખમી પદાર્થો કાયદેસરના વેપારી સપ્લાયરો પાસેથી જ પ્રાપ્ત કરાયેલા હોવા જોઇએ.
  - જોખમી પદાર્થોનો બિનવિનાશક ઉપયોગ, દા.ત. ક્લોરો-ફ્લોરોકાર્બન કે જે પ્રતિબંધો દાખલ કરાયા હતા તે પહેલા ઉપકરણમાં જોડાયેલ હતા તેમને જો તે લાગુ પડતા કાયદા સાથે સુસંગત બને તે રીતે ઉપયોગમાં લેવાયેલ હોય તો આ જોગવાઇ હેઠળ તેની છુટ આપવામાં આવે છે.
  - લાગુ પડતા કાયદાનું પાલન મોટા ભાગના કિસ્સામાં થવું જોઇએ કે જેના કારણે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને આધિન  જોખમી પદાર્થોની સ્થિતિ અંગે કોઇપણ અચોક્કસતાઓ હોય તો ચકાસવા પગલાઓ લેવા જોઇએ.
  - જો ચોક્કસ પદાર્થોની સ્થિતિ અંગે અચોક્કસતા હોય તો, સભ્યોએ પૂર્તતા ચકાસવા પગલા લેવા જોઇએ.

- ***સીઓપી 23.3: વિકલ્પો:*** સભ્યો જ્યાં તકનીકી અને આર્થિક રીતે પોષાય ત્યાં કારોબારી પ્રક્રિયાઓમાં ઉપયોગમાં લેવાતાં અન્ય જોખમી પદાર્થોના વિકલ્પો લાગુ કરશે.

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - કામદારોના આરોગ્ય કે પર્યાવરણ સામે સૌથી વધુ જોખમ ઉભુ કરે તેવા કાર્યસ્થળમાં ઉપયોગમાં લેવાતા જોખમી પદાર્થોના અગ્રતાક્રમ નક્કી કરો.
  - વિકલ્પોની અસરકારકતાનું મૂલ્યાંકન કરો અને ધંધાના પરીણામો સાથે બાંધછોડ કર્યા વિના વિકલ્પોનો ઉપયોગ થઇ શકે કે કેમ તે નક્કી કરો.
  - બિનજોખમી વિકલ્પના વપરાશના રસ્તામાં નજીવી અગવડતાઓ આવવી જોઇએ નહીં.

**તપાસો**

- ✓ શું તમારી પાસે જોખમી પદાર્થોની એક વિગતવાર યાદી છે?
- ✓ જોખમી પદાર્થોનો ઉપયોગ કરનાર બધા જ કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરો માટે શું બધી જ સુરક્ષા માહિતી પ્રતો ઉપલબ્ધ છે?
- ✓ શું તમે એ બાબત ચકાસી છે કે તમારો ધંધો આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને આધિન કોઇપણ પદાર્થોનું ઉત્પાદન, વેપાર કે

**લઘુ કારોબારો માટેના સુચનો**

લઘુ કારોબારોમાં મોટેભાગે તેમના વ્યવસાયમાં જોખમી પદાર્થોની એક શ્રેણી ધરાવે છે જે પૈકીના મોટાભાગના નાની માત્રાઓમાં હોય છે. ધંધાના સંગ્રહ થાય છે અને નકામા પદાર્થોનો કેવી સારી રીતે નિકાલ કરવો તે નક્કી કરવા માટે સ્ટોક ઉપાડનો અમલ કરવો ઉપયોગી છે.

એક વિશિષ્ટ યાદી નીચે મુજબ જોવા મળી શકે છે.

| **ફેસિલિટીનું નામ / ચોક્કસ સ્થાન** | | | | | **સમીક્ષા કરાયેલ તારીખ** | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **પ્રોડકટનું નામ** | **રસાયણ ઓળખ નં. (દા.ત. યુએન નં.)** | **સપ્લાય** | **સંગ્રહનું સ્થાન** | **મહત્તમ સંગ્રહ માત્રા** | **એસડીએસનું સ્થાન અને તારીખ** | **નકામા પદાર્થના નિકાલ માટેની કંપની** | **પીપીઈ / જરૂરી ઉપકરણ** | **ટીપ્પણો** |
| રસાયણોના નામો અને વૈકલ્પિક નામોની યાદી બનાવો | મોટાભાગના જોખમી પદાર્થો એક અનોખો આઈએસ કે યુએન નં. ધરાવે છે | સપ્લાયરના નામો પુરા પાડો | જયાં પદાર્થનો સંગ્રહ કરવામાં આવે છે તે સ્થાન, ઓરડો,, સંગ્રહ કરવાના ખાનાની ઓળખ આપો. તેનો જ્યાં ઉપયોગ થાય છે તેની નોંધ કરવા ઉપર પણ ધ્યાન આપો. | કાર્યસ્થળ ઉપર કદી પણ સંગ્રહ કરાયેલ મહત્તમ માત્રા સુચવો. | બધા જ એસડીએસના સ્થાન અને તારીખની ઓળખ આપો | નકામા પદાર્થના નિકાલ માટેની કંપનીનું નામ પુરૂ પાડો. એ બાબતની નોંધ લો કે તે સપ્લાયર પણ હોઇ શકે છે | પદાર્થના સલામત ઉપયોગ માટેના ખાસ પીપીઈ અને ઉપકરણની યાદી બનાવો | |
| | | | | | | | | |
| | | | | | | | | |

આ વિગતવાર યાદીની નિયમિત રીતે સમિક્ષા થવી જોઇએ અને તે નિયમિત રીતે અપડેટ થવી જોઇએ, ખાસ કરીને જ્યારે જ્યારે કોઇ મોટા ફેરફાર થાય. તેનો ઉપયોગ પદાર્થોના સંચાલન, ઉપયોગ, સંગ્રહ અને નિકાલ સાથે સંકળાયેલ જોખમના મૂલ્યાંકન માટેના આધાર તરીકે પણ થઇ શકે છે .આ બાબતની નોંધ લો કે આરજેસી જોખમ મુલ્યાંકનની ટુલકીટ એક સર્વસામાન્ય જોખમ માપનની ટેમ્પ્લેટ પુરી પાડે છે, ખાસ કરીને નાનાથી મધ્યમ કક્ષાના ઉપક્રમો માટે.

જમીન, પાણી અને હવાની અશુધ્ધિમાં જે પરીણમી શકે તેમ છે તેવી આકસ્મિક રીતે ઢોળાઇ જવાની ઘટનાની સંભાવનાને ઓળખી કાઢવા માટે જોખમી પદાર્થોના રજીસ્ટરનો ઉપયોગ થઇ શકે છે .નિયંત્રણોની ક્રમિક વ્યવસ્થાનો ઉપયોગ કરીને અગ્રતા ક્રમવાળા કાર્યોને ઓળખી શકાય છે .ઉદાહરણ તરીકે;

- **દૂર કરવું:** એક લાઇસન્સ ધરાવનાર વેસ્ટ કોન્ટ્રાક્ટર દ્વારા બધા જ બિનવપરાશી અને બિનજરૂરી જોખમી પદાર્થોમાંથી છુટકારો મેળવો .
- **અવેજી:** તમારા સપ્લાયરને એ બાબત પૂછો કે કયા વિષયુક્ત કે ઝેરી પદાર્થની અવેજીમાં બીજા ઓછા ઝેરી પદાર્થનો ઉપયોગ થઇ શકે છે .
- **શમન કરવું:** બંધ કરાયેલ સંગ્રહ વિસ્તારની આકસ્મિક ઢોળાઇ જવાની ઘટનાથી થતા પ્રદુષણને અટકાવવા માટે વ્યવસ્થા કરો અથવા ઇમરજન્સી રીસ્પોન્સ પ્લાનની સમીક્ષા કરો .
- **દેખરેખ રાખવી:** રસાયણના સંચાલનની પ્રક્રિયા અને કર્મચારીઓ માટેની તાલીમ વિકસાવો.
- **વ્યક્તિગત રક્ષાત્મક ઉપકરણ:** સ્ટાફ માટે યોગ્ય રક્ષાત્મક ઉપકરણ ઉપલબધ છે તેની ખાતરી કરો

આરોગ્ય અને સલામતી, પર્યાવરણીય વ્યવસ્થાપન અને નકામા પદાર્થો અને નિકાસીઓ માટેના માર્ગદર્શન પણ જુઓ .

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટ જોખમી પદાર્થો ઉપરની વધારાની માહિતી ધરાવે છે:

- મટીરીયલ સેફ્ટી ડેટા શીટસ (એમએસડીએસ) સોલ્યુશન્સ સેન્ટર
  www.msds.com/
- આંતરરાષ્ટ્રીય વેપારમાં અમુક જોખમી રસાયણો અને જંતુનાશકો માટે પૂર્વ જણાવેલ સંમતિ ઉપરનું રોટરડામ સંમેલન
  www.pic.int
- હેરફેર અને કુદરતી સંશાધનો -હવાની નિકાસી - ખનિજ કામ અંગેનું નેવાડા રાજયનું ખાતું
  http://ndep.nv.gov/mercury/mercury_air.htm
- સતત સેન્દ્રીય પ્રદુષકો ઉપરનું સ્ટોકહોમ સંમેલન
  www.pops.int/
- ઓઝોન સ્તર ખાલી કરતા પદાર્થો ઉપરના મોન્ટ્રીલ પ્રોટોકોલ
  www.theozonehole.com/montreal.htm
- યુરોપ માટેના સંયુક્ત રાષ્ટ્રોની આર્થિક કમિશનો (યુએનઈસીઈ) - રસાયણોના વર્ગીકરણ અને લેબલિંગની વૈશ્વિક રીતની સંવાદિતાવાળી વ્યવસથા (જીએચએસ)
  www.unece.org/trans/danger/publi/ghs/ghs_welcome_e.html
  www.unece.org/trans/danger/publi/ghs/implementation_e.html
- સંયુક્ત રાષ્ટ્રોનો પર્યાવરણ કાર્યક્રમ (યુએનઈપી) વૈશ્વિક પારાની ભાગીદારી
  www.chem.unep.ch/mercury/partnerships/new_partnership.htm
- સંયુક્ત રાષ્ટ્રોનો પર્યાવરણ કાર્યક્રમ - સતત સેન્દ્રિય પ્રદુષકો
  http://www.chem.unep.ch/pops/

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 24) કચરો અને ઉત્સર્જન

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**કચરો અને ઉત્સર્જન** એ ઘન, પ્રવાહી અને વાયુ પદાર્થો છે જે મુક્ત કરવામાં આવે છે, નિકાલ કરાય છે અથવા જરૂરી હોતા નથી. કચરા અને ઉત્સર્જનનું યોગ્ય રીતે સંચાલન કરવામાં ન આવે તો પ્રદૂષણ પેદા થાય છે અને પર્યાવરણ પર અસર કરે છે. જ્વેલરી પૂરવઠા શૃંખલામાં કચરાના મુખ્ય સ્વરૂપમાં ખતરનાક પદાર્થો, હવા અને પાણીનું ઉત્સર્જન અને સામાન્ય સંચાલકીય કચરાનો સમાવેશ થાય છે.

*સ્રોત:*

- *આરજેસી વ્યવહારસંહિતાનો સારાંશ (2013)*

સીઓપીની કચરો અને ઉત્સર્જન કલમ કચરો પેદા કરતા તમામ એકમોને લાગુ પડે છે.

સીઓપીની કચરો અને ઉત્સર્જન કલમને ખતરનાક પદાર્થો, પર્યાવરણીય વ્યવસ્થાપન, ઉર્જા અને પાણીના ઉપયોગ અને અસરની મૂલવણી કલમ સાથે વાંચવી અને અમલમાં મૂકવી જોઈએ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

કારોબારમાં કચરો પેદા થવાનો સીધો સંબંધ કાચા માલસામાનના વ્યવસ્થાપન, પ્રક્રિયા અને ઉત્પાદનની ગુણવત્તા સહિતની સંચાલકીય પ્રક્રિયા સાથે હોઈ શકે છે. કચરો પરોક્ષ સ્રોતમાંથી પણ પેદા થઇ શકે છે જેમ કે માળખાકીય વિકાસ, વહીવટ અને પરિવહન વગેરે. અસરકારક કચરાના વ્યવસ્થાપનમાં ઓછામાં ઓછો કચરો પેદા કરવાની પ્રતિબદ્ધતા ઉપરાંત કચરાના સંચાલન, સંગ્રહ, પરિવહન અને નિકાલમાં યોગ્ય પગલાં લેવાનો સમાવેશ થાય છે.

કચરાના નિકાલમાં વધારે ઊંચો ખર્ચ આવી રહ્યો હોવાથી કચરાનું પ્રમાણ ઘટાડવામાં આવે તો નાણાકીય લાભ થવા ઉપરાંત પર્યાવરણીય ફાયદા પણ થશે. વધુ સ્વચ્છ ઉત્પાદનો, પર્યાવરણીય-કાર્યક્ષમતા અને જીવનચક્ર માટે ઔદ્યોગિક પ્રક્રિયા અને ઉત્પાદનોનું પુન:મૂલ્યાંકન કરવું પડે છે અને પર્યાવરણીય અસર ઘટાડવા તેને ફરીથી ડિઝાઇન કરવાની જરૂર પડે છે. આ વલણને લઇને કંપનીઓ સૌ પ્રથમ કચરાનું ઉત્પાદન થતું જ ઘટાડી શકે છે અથવા અન્ય પ્રક્રિયામાં કચરાના ઉત્પાદનોનો ઉપયોગ શોધી શકે છે.

કચરાના ગુણધર્મો, કામગીરીના પ્રકાર અને ઉપલબ્ધ સ્થાનિક અને રાષ્ટ્રીય કચરાના એકમોના આધારે કચરાના સંચાલન માટેના વલણમાં ફેરફાર હોઈ શકે છે. જોકે કચરામાં ઘટાડો કરવાના પાયાના સિદ્ધાંતો દરેક જગ્યાએ લાગુ પડે છે. તેમાં ઉત્પાદિત કચરામાં *ઘટાડો કરવો*, કચરાની સામગ્રીનો *પુન:ઉપયોગ કરવો*, વર્તમાન સ્વરૂપમાં તેનો ઉપયોગ ન કરી શકાય તો તેનું *રિસાઇક્લિંગ કરવું* અને કચરામાંથી સ્રોત *પરત મેળવવા* (જેમ કે ઉર્જા)નો સમાવેશ થાય છે. ત્યાર બાદ અંતિમ પગલું બાકીના કચરાના સુરક્ષિત નિકાલનું હોય છે.

વૈશ્વિક હવામાનમાં ફેરફારમાં સંભવિત યોગદાનના કારણે વાયુના ઉત્સર્જનને લગતી આંતરરાષ્ટ્રીય ચિંતામાં વધારો થઈ રહ્યો છે. સામાન્ય ઉત્સર્જનમાં કાર્બન ડાયોક્સાઇડ અને મોનોક્સાઇડ, સલ્ફર ઓક્સાઇડ્સ, નાઇટ્રસ ઓક્સાઇડ્સ, ફ્લોરાઇડ્સ અને ઓઝોન ઘટાડતા પદાર્થોનો સમાવેશ થાય છે. પાણીનું ઉત્સર્જન સપાટી પરથી બાષ્પીભવન, ભૂગર્ભજળમાં ઉતરવું, પ્રવાહી ઢોળાવું અને ગંદા પાણીના નિકાલ દ્વારા થઇ શકે છે. ઉદાહરણ તરીકે ખનન ક્ષેત્રમાં એસિડયુક્ત ગંદુ પ્રવાહી નીકળે છે અને ઢગલામાંથી પાણીનો રિસાવ થાય છે. ઘણા દેશોમાં વાયુ તથા જળ ઉત્સર્જન માટે વધુને વધુ ચુસ્ત નિયમનકારી મર્યાદાઓ અને અહેવાલ લેખનની જરૂરિયાતો લાગુ થઇ રહી છે. કેટલાક દેશોએ ઉત્સર્જનના વ્યાપારની યોજનાઓ લાગુ કરી છે જેનાથી ચોક્કસ માપ અને ઘટાડામાં વૃદ્ધિને પ્રોત્સાહન મળે છે.

જ્વેલરી પૂરવઠા શૃંખલામાં દરેક સ્તરે સામાન્ય કચરો પેદા થતો હોય છે. કારોબારના આધારે સામાન્ય કચરામાં લાકડું અને કાગળના ઉત્પાદનો, પ્લાસ્ટિક, ખોરાક અને છોડની ચીજો, ધાતુની ચીજો, ઓફિસમાં વપરાતી ચીજો, જૂનવાણી સ્થળ અથવા ઓફિસના સાધનો, વાણિજ્યિક અને દુકાનનો નકામો માલ વગેરેનો સમાવેશ થઇ શકે છે. કચરાના વિશ્વાસપાત્ર વ્યવસ્થાપન માટે કારોબારમાંથી કચરાના પ્રવાહને અલગ કરવો એ પ્રથમ આવશ્યક પગલું છે. ઘટાડો કરવો, પુનઃઉપયોગ, રિસાઇક્લિંગ અને સ્રોતની પુનઃપ્રાપ્તિની તક શોધવી જોઈએ. જોકે, તે અલગ અલગ દેશોમાં વિવિધ કારોબાર માટે અલગ અલગ હશે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

કંપનીઓ માટે સૌથી વધુ માન્યતાપ્રાપ્ત પર્યાવરણીય વ્યવસ્થાપન પ્રણાલીપ્રણાલીના ધોરણો ISO14000 પરિવારના ધોરણો છે જે ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર સ્ટાન્ડર્ડાઈઝેશન (આઇએસઓ) દ્વારા વિકસાવાયા છે. કંપનીઓ પોતાની પ્રણાલી વિકસાવવા માટે તેનો ઉપયોગ માળખા તરીકે કરી શકે છે અને તેમનું વલણ ધોરણોને અનુરૂપ હોય તો પ્રમાણીકરણની માંગણી કરી શકે છે. આઇએસઓ ધોરણો કામગીરીનો મુદ્દો હાથ ધરતા નથી.

વૈશ્વિક રીપોર્ટિંગ પહેલ એ ટકાઉપણાના રીપોર્ટિંગ માટે બહોળા પ્રમાણમાં સ્વીકૃત આંતરરાષ્ટ્રીય ધોરણો છે. કંપનીના કચરા અને ઉત્સર્જનની જાહેર સ્પષ્ટતા એ આ ધોરણોનો આવશ્યક હિસ્સો છે. એક મુખ્ય માળખું છે જે તમામ સંગઠનોને લાગુ થાય છે અને ખનન જેવા ચોક્કસ ક્ષેત્રો માટે પૂરક રચવામાં આવ્યા છે.

ધ બેઝલ કન્વેન્શન ઓન ધી કન્ટ્રોલ ઓફ ટ્રાન્સબાઉન્ડ્રી મૂવમેન્ટ્સ ઓફ હઝાર્ડસ વેસ્ટ્સ એન્ડ ધેર ડિસ્પોઝલ (1989) એ ખતરનાક અને અન્ય કચરા અંગે સૌથી વધુ વ્યાપક વૈશ્વિક પર્યાવરણીય નિયમ છે. આ નિયમ ખતરનાક અને અન્ય કચરાના પેદા થવાથી, વ્યવસ્થાપન, સરહદપારની હિલચાલ અને નિકાલના કારણે પેદા થનારી વિપરીત અસર સામે માનવ આરોગ્ય અને પર્યાવરણને રક્ષણ આપવા માટે છે.

બામાકો નિયમ આફ્રિકામાં ખતરનાક કચરાની આયાતને પ્રતિબંધિત કરે છે તથા આફ્રિકાની અંદર સરહદપારની હિલચાલ (1991) પર નિયંત્રણ રાખે છે. બામાકો કરારમાં બેઝલ નિયમ જેવા જ સ્વરૂપ અને ભાષાનો ઉપયોગ થયો છે, પરંતુ તમામ ખતરનાક કચરાની આયાતને પ્રતિબંધિત કરવામાં તે વધારે મજબૂત છે. આ ઉપરાંત, તે

કેટલાક ખતરનાક કચરા (જેમ કે રેડિયોએક્ટિવ સામગ્રી) અંગે કોઈ અપવાદ રાખતું નથી જે અપવાદ બેઝલ નિયમમાં રાખવામાં આવ્યા છે.

કચરાથી જમીન પૂરવા અને કચરો સળગાવી દેવા તથા કચરાને એક સ્રોત ગણીને તેના સામાજિક અને આર્થિક લાભ મેળવવા અંગે સમુદાયમાં જાગૃતિ ફેલાવવા હકારાત્મક વિકલ્પોને પ્રોત્સાહિત કરવા ઝીરો વેસ્ટ ઇન્ટરનેશનલ એલાયન્સની સ્થાપના કરવામાં આવી હતી.

ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 3- રિસોર્સ એફિસિયન્સી એન્ડ પોલ્યુશન પ્રિવેન્શન (2012) કચરા અને ખતરનાક સામગ્રીના વ્યવસ્થાપન માટેની વિગતવાર જરૂરિયાતો અને સંલગ્ન માર્ગદર્શન પૂરું પાડે છે. આ ધોરણોમાં નીચેની જરૂરિયાતો આવરી લેવાય છેઃ

- ખતરનાક કચરો પેદા થતો ટાળવો
- જ્યારે કચરો પેદા થવાનું ટાળી શકાય નહીં ત્યારે તેનો જથ્થો ઘટાડવાના પગલાં લેવા અને શક્ય હોય ત્યાં સામગ્રી પુનઃપ્રાપ્તિ, પુનઃઉપયોગ અને રિસાઇકલનો વિચાર કરવો,
- સ્થાનિક કાયદા પ્રમાણે પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે કચરાનો નિકાલ કરવો. તેમાં કચરાની સરહદ પાર હેરાફેરી પર નિયંત્રણો અને તેને લગતી મંજૂરીઓ સામેલ છે.

***રાષ્ટ્રીય કાયદો***

પર્યાવરણીય કચરાને લગતા નિયમનો ઘણી વખત જટીલ હોય છે જેમાં રાષ્ટ્રીય, રાજ્ય અને/અથવા સ્થાનિક સ્તરે વિવિધ જવાબદારી હોય છે. મોટા ભાગના દેશોમાં વિસ્તૃત પર્યાવરણીય કાયદો અને નિયમનકારી પ્રક્રિયા હોય છે જેના પર ચોક્કસ સરકારી વિભાગો અથવા કાનૂની સત્તાવાળાઓ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે. કચરાના વ્યવસ્થાપનનો મુદ્દો અગત્યનો છે અને કોઇ પણ સામગ્રીના નિકાલના સંદર્ભમાં તેની અસર, સામગ્રીના પ્રકાર અને જથ્થા પ્રમાણે કેટલીક મર્યાદાઓ હોય છે. કેટલાક અધિકાર ક્ષેત્રોમાં સ્વૈચ્છિક કચરાના ઘટાડા માટે પ્રોત્સાહન હોય છે. કામગીરીના દરેક અધિકાર ક્ષેત્રમાં તમામ સંબંધિત કાયદા, સંલગ્ન નિયમનો અને મહત્ત્વની સંસ્થાઓ વિશે જાણકારી હોવી આવશ્યક છે.

બિનઅનુપાલન માટે દરેક દેશમાં અલગ અલગ દંડ હોય છે, પરંતુ તેમાં નોંધપાત્ર દંડ થઇ શકે છે અને ગુનાહિત જવાબદારી લાગુ કરી શકાય છે. કચરાના નિકાલ કે ઉત્સર્જનના નિયમોનો ભંગ કરવાથી સંચાલનનું લાઇસન્સ કે અન્ય મંજૂરી ગુમાવી શકાય છે. નોંધપાત્ર અસર પડી હોય તો કંપનીના ખર્ચે તેનો ઉપાય કરવો પડી શકે છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 24.1: કચરા અને ઉત્સર્જનને ઓળખો:*** સભ્યો તેમના કારોબારની પ્રક્રિયાઓમાં હવા, પાણી અને જમીનને અસરકર્તા નોંધપાત્ર કચરાઓ અને ઉત્સર્જનોને ઓળખી કાઢશે.

**કચરા અંગેની સમજ**

કચરાના ઉત્પાદનોમાં પ્રવાહી, ઘન અથવા વાયુનો સમાવેશ થઇ શકે છે. કચરાના પ્રવાહ અંગે નીચેની માહિતી વિગતવાર મૂલવણી કરવામાં મદદરૂપ બનશેઃ

- સ્રોત;
- બંધારણ;
- અલગ કરવું;
- જથ્થો;
- પ્રવાહ/ઉત્પાદન દર;
- કચરાની તબદીલી;
- સંગ્રહ;
- માવજત; અને
- ગંતવ્યસ્થાન/માર્ગ અને નિકાલ.

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- ○ નોંધપાત્ર કચરો અને ઉત્સર્જન ઓળખવા માટે તમામ કારોબાર પ્રક્રિયા અને પ્રવૃત્તિઓની સમીક્ષા કરવી જોઇએ. કચરાના નિકાલની ચાવીરૂપ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ઇનપુટ અને આઉટપુટ ઓળખો અને વાયુ, જળમાર્ગ, ગટરો, જમીન અને નિકાલના અન્ય માર્ગો ઓળખો.
- ○ કચરો અને ઉત્સર્જન જ્યારે નોંધપાત્ર પ્રમાણમાં હોય ત્યારે તેને નક્કી કરવા માટે જોખમની મૂલવણી કરો. કચરો અને ઉત્સર્જન નોંધપાત્ર પ્રમાણમાં છે કે નહીં તેનો આધાર જથ્થો, બંધારણ અને ઝેર, તે જે પર્યાવરણમાં જાય છે તેની સંવેદનશીલતા, ડિસ્ચાર્જની તીવ્રતા, અને નિયમનકારી જરૂરિયાત સહિત અનેક પરિબળો પર હોઈ શકે છે. પર્યાવરણને નુકસાન પહોંચાડવાની ક્ષમતા ધરાવતો અને/અથવા ખતરનાક કચરો અને ઉત્સર્જનના નિકાલ માટે વિશેષ કાળજીની જરૂર પડે છે અને/અથવા તેના માટે પરવાના અથવા મંજૂરી લાગુ કરવા જોઈએ.
- ○ એ બાબતની નોંધ કરો કે જોખમની મૂલવણી કારોબારના સંજોગો મુજબ હોવી જોઇએ અને મુદ્દા ક્યાં ઉભા થઈ શકે છે તથા તે પેદા થવાની શક્યતા અને પ્રક્રિયામાં સંભવિત ખામીનો વિચાર કરો. ઉપયોગમાં લઇ શકાય તેવા, ખાસ કરીને નાના અને મધ્યમ સાહસો માટે ઉપયોગમાં લેવાય તેવા સામાન્ય જોખમ મૂલ્યાંકનના ટેમ્પલેટ માટે આરજેસી જોખમ મૂલવણી ટૂલકિટ જુઓ. વૈકલ્પિક રીતે સભ્યો પોતાની જોખમ મૂલવણીની પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે છે.
- ○ કચરાના જવાબદારીભર્યા વ્યવસ્થાપન માટે જાગૃતિ પેદા કરવાની તકનો વિચાર કરો તથા કચરાના વ્યવસ્થાપનની ચિંતાઓ ઉઠાવવા કર્મચારીઓને પ્રેરિત કરો.

- ***સીઓપી 24.2 – ઓળખવામાં આવેલા કચરા અને ઉત્સર્જનનું વ્યવસ્થાપનઃ*** સભ્યો ઓળખી કાઢવામાં આવેલ કચરાઓ અને ઉત્સર્જનોનું નીચેના પગલાઓ દ્વારા જવાબદારીપૂર્વક સંચાલન કરશે:
  - *a.* ખર્ચની બાબતોની સાથે-સાથે પર્યાવરણીય અસરોની બાબતોને ધ્યાનમાં લઈને;
  - *b.* જ્યાં લાગુ પડતા હોય ત્યાં પર્યાવરનીય અસરને ઘટાડવા માટે ઘટાડા, પુનર્પ્રાપ્તિ, પુનર્વપરાશ અને પુન: ઉપયોગમાં લઈ શકાય તેવું બનાવવના સિદ્ધાંતોને લાગુ કરીને ;
  - *c.* લાગુ પડતા કાયદાના અનુપાલનમાં કચરાઓ અને ઉત્સર્જનોના વિસર્જન અને નિકાલ કરીને, અથવા જ્યાં લાગુ પડતા કાયદો ન પ્રવર્તતો હોય ત્યાં, પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય માનકોનો સ્વીકાર કરીને;
  - *d.* પર્યાવરણીય કાર્યદેખાવમાં સુધારાઓ લાવવા માટે કચરાઓ અને ઉત્સર્જનોના વલણનું સંચાલન કરીને

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- ○ સભ્યોએ એ બાબતની ખાતરી કરવી જોઈએ કે તેઓ તમામ કામગીરી માટે કચરા અને ઉત્સર્જનને લગતા કાયદા અંગે માહિતગાર છે.

- નબળી નિયમનકારી વ્યવસ્થા ધરાવતા અધિકારક્ષેત્રમાં કામગીરી આવેલી હોય તો સભ્યના કચરા અથવા ઉત્સર્જને સંબંધિત આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરવાનું રહેશે. પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય ધોરણોમાં આ માર્ગદર્શિકા પ્રકરણના કલમ 'સી' માં ચર્ચાયેલા મુદ્દાનો સમાવેશ થાય છે.
- તમામ ઓળખવામાં આવેલા નોંધપાત્ર કચરા અને ઉત્સર્જન પર દેખરેખ રાખવા અને નિયંત્રણ માટે લેખિત નીતિઓ અને પ્રક્રિયાઓ પ્રસ્થાપિત કરવી જોઈએ જેમાં ભૂમિકાઓ અને જવાબદારીઓ નિર્ધારિત હોય.
- કચરાના નિયંત્રણ અને ઘટાડા માટે સૌથી વધુ યોગ્યથી લઇને સૌથી ઓછા યોગ્ય વિકલ્પના અનુક્રમમાં નાબૂદી, અવેજીકરણ, ઘટાડો, શુદ્ધિકરણ અને નિકાલનો સમાવેશ થાય છે.
- **નાબૂદી** એટલે જ્યાં ઉત્સર્જન અથવા કચરો અસ્તિત્વ ધરાવતો નથી. ઉદાહરણ તરીકે કચરાનો પ્રવાહ ઉત્પાદિત કે પેદા જ થતો નથી.
- **અવેજીકરણ**માં એક કાચી સામગ્રી અથવા પ્રક્રિયાના સ્થાને બીજી આવી જાય છે જેમાં ઓછા પ્રમાણમાં ખતરનાક ઉત્સર્જન અથવા કચરો પેદા થાય છે.
- **શમન** પ્રક્રિયામાં ઉત્સર્જન કે કચરા સાથે સંકળાયેલ અસર ઓછી કરવાની પદ્ધતિનો સમાવેશ થાય છે અને તેમાં આર્થિક અને તકનીકી રીતે સંભવ હોય ત્યાં પુનઃઉપયોગ અને રિસાઇક્લિંગ પ્રક્રિયાનો સમાવેશ થાય છે.
- ઉત્સર્જન અથવા કચરાની **માવજત** એ નિયંત્રણ અને ઘટાડાના અનુક્રમમાં નીચલા સ્તરે હોય છે. પર્યાવરણ પર પડતી અસર ઘટાડવા માટે ઉત્સર્જન અથવા કચરાનું શુદ્ધિકરણ કરવામાં આવે છે.
- **નિકાલ** એ પર્યાવરણીય વ્યવસ્થાપનનો સૌથી ઓછો પસંદ કરવામાં આવતો વિકલ્પ છે અને તે મુખ્યત્વે કચરો પેદા થવા સાથે સંબંધિત છે.

- લાયકાત ધરાવતા નિષ્ણાતોની મદદથી કચરા અને ઉત્સર્જનને ઓળખવા અને લક્ષણો જાણવા, ખર્ચ અને જવાબદારીની ગણતરી કરવા, કામગીરીના ધોરણો અને લક્ષ્યાંકો નક્કી કરવા તથા સુધારેલ કચરાના વ્યવસ્થાપનના વિકલ્પો ઓળખવા મૂલવણીનો વિચાર કરો. તેના વિકલ્પોમાં સામેલ હોઈ શકે છેઃ
  - તકનીકી પગલા (જેમ કે પ્રદૂષણ નિયંત્રણ ઉપકરણો);
  - સંચાલકીય નિયંત્રણો (જેમ કે વધુ સારી રીતે વ્યાખ્યાયિત પ્રક્રિયા સંચાલનના કલાકો પર નિયંત્રણ);
  - ઉત્પાદન નિયંત્રણો (જેમ કે ઉત્પાદનની પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાયેલ સામગ્રીનું નિયંત્રણ અને નિયમન);
  - સંચાલકીય નિયંત્રણો (જેમ કે વધુ સારી દેખરેખ, સ્પષ્ટ રીતે નિર્ધારિત જવાબદારીઓ અને સત્તાઓ); અને
  - તાલીમ.
- કચરાના કોન્ટ્રાક્ટરોની પસંદગી અને વ્યવસ્થાપન અંગે ડ્યુ ડેલિજન્સ કરો. તેમાં કચરાના પરિવહનકર્તાના પરવાનાની સમીક્ષા તથા કચરાની સામગ્રી માટે યોગ્ય હોય તેવા નિકાલના સ્થળની સમીક્ષા અને કચરાના કોન્ટ્રાક્ટર્સના સમયાંતરે ઓડિટનો સમાવેશ થાય છે. કચરાના જવાબદાર વ્યવસ્થાપનને કોન્ટ્રાક્ટરની પસંદગીના ધોરણો અને કોન્ટ્રાક્ટના દસ્તાવેજમાં સમાવવા જોઈએ.
- કચરા અને ઉત્સર્જનની લાક્ષણિક કામગીરીને નિયમિત ધોરણે માપવા, દેખરેખ રાખવા અને વિશ્લેષણ કરવા માટે એક પદ્ધતિસરની પ્રક્રિયા નિશ્ચિત કરો. દેખરેખ રાખવામાં માપણી અથવા નિરિક્ષણ જેવી માહિતી એકત્ર કરવી સામેલ છે. માપણીની પ્રક્રિયા ગુણાત્મક અથવા જથ્થાત્મક હોવી જોઈએ જેમાં કેલિબ્રેટેડ ઉપકરણો

અને/અથવા પ્રસ્થાપિત કાર્યપ્રણાલીનો ઉપયોગ કરવામાં આવતો હોય. કચરા અને ઉત્સર્જનની અસરકારક દેખરેખ, માપણી, વિશ્લેષણ અને ટ્રેન્ડિંગની પદ્ધતિમાં આ મુજબના કાર્યક્રમો સામેલ હોઈ શકે છે જે:

- કચરા અને ઉત્સર્જન સંબંધિત નિયમનકારી જરૂરિયાતોના અનુપાલનનું મૂલ્યાંકન કરે
- કચરા અને ઉત્સર્જનની અસરને લઘુત્તમ કરવા માટે લાગુ થયેલા જોખમના નિયંત્રણોની અસરકારકતાનું સંચાલન કરે
- કચરા અને ઉત્સર્જન સંબંધિત વલણો અને પેદા થયેલા મુદ્દા ઓળખે.
- પર્યાવરણીય વ્યવસ્થાપન સંબંધિત નિર્ણયોના સમર્થનમાં માહિતી આપે, અને
- પર્યાવરણની કામગીરીમાં સતત સુધારાને પ્રેરિત કરતી પહેલને ઓળખે.

**તપાસો:**

- ✓ તમે કંપનીની તમામ કામગીરીમાંથી નોંધપાત્ર કચરા અને ઉત્સર્જનના પ્રવાહને ઓળખ્યો છે? તમે જણાવી શકો કે તે કઈ રીતે કરવામાં આવ્યું છે? દસ્તાવેજીકરણ થયું છે?
- ✓ તમે લાગુ થતા કાયદાથી વાકેફ છો અને તમામ નિયમનકારી મર્યાદાઓનું પાલન કરો છો?
- ✓ તમે કચરા અને ઉત્સર્જન ઘટાડવા માટેની તકો ઓળખી છે?
- ✓ તમે કચરા અથવા ઉત્સર્જનને ઘટાડવા, પુનઃપ્રાપ્ત, પુનઃઉપયોગ અથવા રિસાઇકલ કરવા માટે લેવાયેલા પગલાં દર્શાવી શકો છો?
- ✓ શું નોંધપાત્ર કચરા અને ઉત્સર્જન પર નિયમિત દેખરેખ રાખવામાં આવે છે અને જવાબદાર વ્યવસ્થાપન માટે તે નીતિ અને પ્રક્રિયાને આધિન છે?
- ✓ શું કચરાનું જવાબદાર વ્યવસ્થાપન એ તમારા એકંદર પર્યાવરણીય વ્યવસ્થાપન પ્રણાલિનો હિસ્સો છે?
- ✓ શું તમે તમારા કચરા અને ઉત્સર્જન સાથે સંલગ્ન ચાવીરૂપ લાક્ષણિકતાઓ પર દેખરેખ રાખીને વલણ ઓળખો છો? તમે સુધારા કરવા માટે આ માહિતીનો ઉપયોગ કરી રહ્યા છો?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો કચરાના વ્યવસ્થાપન અંગે વધારાની માહિતી ધરાવે છે:

- બામાકો નિયમ આફ્રિકામાં ખતરનાક કચરાની આયાતને પ્રતિબંધિત કરે છે તથા આફ્રિકાની અંદર સરહદપારની હિલચાલ પર નિયંત્રણ રાખે છે
  www.ban.org/Library/bamako_treaty.html
- ધ બેઝલ કન્વેન્શન ઓન ધી કન્ટ્રોલ ઓફ ટ્રાન્સબાઉન્ડ્રી મૂવમેન્ટ્સ ઓફ હઝાર્ડસ વેસ્ટ્સ એન્ડ ધેર ડિસ્પોઝલ
  www.basel.int/
- એનવાયર્નમેન્ટ પ્રોટેક્શન ઓથોરિટી – વેસ્ટ એસેસમેન્ટ (વિક્ટોરિયા (ઓસ્ટ્રોલિયા)
  www.epa.vic.gov.au/bus/resource_efficiency/waste_assessment.asp
- વૈશ્વિક અહેવાલ લેખન પહેલ (જીઆરઆઇ)
  www.globalreporting.org/Pages/default.aspx
- ઇન્ટરનેશનલ સાઇનાઇડ મેનેજમેન્ટ કોડ – સુવર્ણ ખનન ઉદ્યોગ માટે
  www.cyanidecode.org/
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 3- રિસોર્સ એફિસિયન્સી એન્ડ પોલ્યુશન પ્રિવેન્શન (2012)

http://www1.ifc.org/wps/wcm/connect/25356f8049a78eeeb804faa8c6a8312a/PS3_English_2012.pdf?MOD=AJPERES

- ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર સ્ટાન્ડર્ડાઇઝેશન (આઇએસઓ) 14000 – પર્યાવરણીય વ્યવસ્થાપન
  www.iso.org/iso/iso_catalogue/management_standards/iso_9000_iso_14000/iso_14000_essentials.htm
- સસ્ટેનેબલ બિઝનેસ એસોસિયેટ્સ – ડાઉનલોડ ટૂલ્સ
  www.sba-int.ch/1083-Download_Tools
- ઝીરો વેસ્ટ ઇન્ટરનેશનલ એલાયન્સ
  www.zwia.org

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 25) કુદરતી સ્ત્રોતોનો ઉપયોગ

## A. વ્યાખ્યા અને પ્રયોજ્યતા

**કુદરતી સ્ત્રોતો** એ એવી સામગ્રી અથવા પદાર્થો છે જે કુદરતમાં મળી આવે છે, જેમ કે કોલસો, ખનીજ તેલ, કુદરતી ગેસ, પાણી અને વન્ય ઉત્પાદનો જે માનવ પ્રવૃત્તિ માટે વપરાય છે.

*સ્ત્રોત:*

- આરજેસી વ્યવહારસંહિતાનો સારાંશ (2013)

સીઓપીની **કુદરતી સ્ત્રોતોના ઉપયોગ**ની કલમ તમામ એકમો પર લાગુ પડે છે.

સીઓપીના **કુદરતી સ્ત્રોતોના ઉપયોગ**ની કલમને સીઓપીના **પર્યાવરણીય વ્યવસ્થાપન** અને **કચરો અને ઉત્સર્જન**ની કલમ સાથે વાંચવી અને લાગુ કરવી જોઈએ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

ઉર્જા અને પાણી જેવા કુદરતી સ્ત્રોતો એ કારોબારમાં કાર્યક્ષમતાના માપદંડ તરીકે વધુને વધુ કેન્દ્રમાં આવી રહ્યા છે. કારોબાર ખર્ચ બચાવવા માટે કાર્યક્ષમતામાં સુધારો એ સૌથી અસરકારક પગલાં પૈકી એક છે. તે ઇમારતો અને એકમો, ઉત્પાદન પ્રક્રિયાઓ અને અંતિમ-વપરાશના ઉત્પાદનોમાં લાગુ કરી શકાય છે.

ઉર્જાની કાર્યક્ષમતા માટે સૌથી મજબૂત દલીલો પૈકી એક એવી છે કે તેના લાભોની સરળતાથી આગાહી કરી શકાય છે, માપી શકાય છે અને ગણતરી કરી શકાય છે. કારોબાર અનેક રીતે ઉર્જા બચાવે છે, જેમ કે:

- કાર્યક્ષમ લાઇટિંગ ગોઠવીને;
- કચરાની ઉષ્મા એકત્ર કરીને તેનો પુનઃઉપયોગ કરીને;
- ઉપકરણોની નિયમિત જાળવણી કરીને;
- ઇમારતોને આવરણ ચઢાવીને;
- ગરમ અને ઠંડા કરવાની પ્રણાલીમાં ટાઇમર ગોઠવીને;
- ઉર્જા કાર્યક્ષમ ઓફિસના સાધનો દ્વારા;
- ગરમ પાણીનો ઉપયોગ લઘુત્તમ કરીને;
- ઉપકરણો અને પ્રક્રિયાનો મહત્તમ ઉપયોગ કરીને;
- જરૂરી ન હોય ત્યારે તમામ લાઇટ અને ઉપકરણો બંધ કરીને.

બિઝનેસે તેમની કામગીરી અને એકમોમાં પાણીના વધુ કાર્યક્ષમ ઉપયોગ અને બચત દ્વારા નોંધપાત્ર પ્રમાણમાં ખર્ચની બચત કરી છે. તકોમાં સામેલ છે:

- ટપકતા નળ અને લીક થતા પાઇપ રિપેર કરવા;

- કારોબારમાં પાણીનો બચાવ કરતા સાધનોનો ઉપયોગ (સ્થાનિક જળ સત્તાવાળાઓ સલાહ આપી શકે);
- પાણીનો નિકાલ કરવાના બદલે તેનો પુનઃઉપયોગ કરવા માટે શુદ્ધિકરણ;
- સામગ્રી સ્વચ્છ કરવા માટે સૂકી તકનિક ઉપલબ્ધ હોય ત્યારે પાણીનો ઉપયોગ ટાળવો;
- પીવાના પાણીની જગ્યાએ નબળી ગુણવત્તાના પાણીનો ઉપયોગ (પર્યાવરણીય અને સામાજિક મૂલ્ય);
- પ્રક્રિયા માટે જરૂરી પાણીના લઘુત્તમ કદને નક્કી કરો અને જરૂરી હોય ત્યાં સુધારા કરો.

પાણી અને ઉર્જાની ખપત માટે મીટર લગાવીને કારોબારમાં કેટલી તકો છે તે જાણી શકાય.

અશ્મિજન્ય ઇંધણના બિનકાર્યક્ષમ ઉપયોગથી પર્યાવરણમાં ગ્રીનહાઉસ વાયુના પ્રમાણમાં વધારો થઇ શકે છે જેનાથી હવામાનમાં ફેરફાર થાય છે. ગ્રીનહાઉસ વાયુથી પેદા થતા હવામાનના ફેરફાર વિશ્વભરમાં સમુદાયો દ્વારા સામનો કરવામાં આવતા સૌથી ગંભીર પડકારો પૈકી એક છે. ગ્રીનહાઉસ ગેસમાં ઘટાડો માત્ર મોટા ઉદ્યોગો માટે નથી. ઉર્જાનો વપરાશ અને ગ્રીનહાઉસ વાયુનું ઉત્સર્જન ઘટાડવાના મોટા ભાગના પગલાં લાંબા ગાળે નાણાંની બચત કરાવશે અને નફો વધશે. ઉર્જાનો વપરાશ અને ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ઘટાડાને કારોબારના મજબૂત ફાયદા સાથેની તક તરીકે જોવો જોઈએ.

કેટલાક બજારોમાં કાર્બન અથવા ઉત્સર્જનનો વ્યાપાર ઉપલબ્ધ છે. તે સામાન્ય રીતે સરકાર અથવા કેન્દ્રિય સત્તામંડળ દ્વારા ચલાવાય છે અને ઉત્સર્જન ઘટાડવા માટે કારોબારને આર્થિક પ્રોત્સાહન પૂરું પાડવાનો હેતુ ધરાવે છે. કાર્બનનો સંતુલનીકરણ સામાન્ય રીતે વાણિજ્યિક અથવા બિનનફાકીય સેવા આપનાર સાથે ગોઠવણથી ઉત્સર્જનમાં ઘટાડાને લગતો હોય છે. સંતુલનીકરણ પદ્ધતિમાં વૃક્ષો વાવવા, પુનઃપ્રાપ્ય ઉર્જામાં રોકાણ, ઉર્જાની બચત અને મિથેન નિયંત્રણનો સમાવેશ થાય છે. આ વલણની અંતિમ અસરકારકતા અંગે ચર્ચા ચાલે છે. તેને સુવિધા અને પરિવહન સહિતની કામગીરી દ્વારા ઉર્જાની ખપત અને ઉત્સર્જન ઘટાડવાના વધારે પ્રત્યક્ષ પ્રયાસોના પૂરક તરીકે જોવા જોઈએ.

કાર્યક્ષમતાના પગલાં માટે કારોબાર જેને લક્ષ્ય બનાવી શકે તેવા અન્ય સ્રોતોમાં વન્ય ઉત્પાદનો (કાગળ, કાર્ડબોર્ડ અને લાકડું) અને પ્લાસ્ટિક (ઉદાહરણ તરીકે પેકેજિંગ)નો સમાવેશ થાય છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

ઉર્જા અને જળ કાર્યક્ષમતા જાગૃતિમાં ભારે પ્રગતિ થવા છતાં પ્રમાણમાં ઓછા ધોરણો અસ્તિત્વમાં છે. મોટા ભાગના ઉર્જા અને જળ લેબલિંગ કાર્યક્રમો, લઘુત્તમ કાર્યક્ષમતાના ધોરણો અને બિલ્ડિંગ કોડ સ્વૈચ્છિક છે અને ઉદ્યોગના ક્ષેત્ર અને સ્થળ પર આધારિત છે. જોકે, તે જ્યારે ઉપલબ્ધ હોય ત્યારે વિવિધ ઉત્પાદનો અને પ્રક્રિયાની પસંદગીમાં સરખામણી કરવાનું સાધન પૂરું પાડી શકે છે.

યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઇમેટ ચેન્જ (1994) 192 દેશો દ્વારા લાગુ કરવામાં આવ્યો છે, તેથી લગભગ સંપૂર્ણ સભ્યપદ ધરાવે છે. ક્લાઇમેટ ચેન્જ કન્વેન્શનની રચના ગ્લોબલ વોર્મિંગમાં ઘટાડો કરવા અને કોઈ પણ ફેરફારનો સામનો કઈ રીતે કરવો તે વિચારવા કરવામાં આવી હતી. ક્યોટો પ્રોટોકોલ એ આ નિયમમાં ઉમેરો છે. તે વિશ્વભરમાં ગ્રીનહાઉસ વાયુમાં ઘટાડો કરવા માટે સહીકર્તાઓ માટે કાનૂની બંધનકર્તા નિયમ છે.

ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 3 - રિસોર્સ એફિસિયન્સી એન્ડ પોલ્યુશન પ્રિવેન્શન (2012) મહત્ત્વના વિકાસ પ્રોજેક્ટ માટે વિગતવાર જરૂરિયાતો અને સંલગ્ન માર્ગદર્શન પૂરું પાડે છે:

- ઉર્જા અને પાણી સહિત સ્રોતોના ટકાઉ ઉપયોગને પ્રોત્સાહન આપવું
- પ્રોજેક્ટ સંબંધિત ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ઘટાડો કરવો.

આ ધોરણો હેઠળ સુવિધાએ ઉર્જા, પાણી અને અન્ય સામગ્રીના વપરાશના સંદર્ભમાં સમગ્ર જીવનચક્ર દરમિયાન તકનીકી અને નાણાકીય રીતે ટકી શકે તેવા ખર્ચ કાર્યક્ષમ પગલાંનો વિચાર કરવાનો હોય છે. મૂડી અને સંચાલકીય ખર્ચ તથા પગલાંના જીવનકાળ દરમિયાન નાણાકીય લાભના સંદર્ભમાં ખર્ચ કાર્યક્ષમતા નક્કી કરવામાં આવે છે. આઇએફસી પરફોર્મન્સ ધોરણો માટે જો તે રોકાણ સામે જોખમ આધારિત વળતરની અપેક્ષા રાખે તો એક સ્રોત કાર્યક્ષમતા અથવા ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવાના પગલાં ખર્ચ કાર્યક્ષમ ગણવામાં આવે છે.

***રાષ્ટ્રીય કાયદો***

રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે સરકારો ઘણી વખત પાણી અને ઉર્જા કાર્યક્ષમતા માટે નિયમનો, માર્ગદર્શિકાઓ અને ઉદ્યોગના લક્ષ્યાંકો નક્કી કરે છે. નિયમ હેઠળ સરકારોએ ગ્રીનહાઉસ વાયુના ઉત્સર્જન અંગે રાષ્ટ્રીય વ્યૂહરચના જાહેર કરવાની હોય છે. તેમાં ઉત્સર્જનમાં ઘટાડા માટે રાષ્ટ્રીય લક્ષ્યાંકો સંકળાયેલા હોઈ શકે છે અને તેમાં ઉર્જા અને સ્રોતોના ઉપયોગ માટે ચોક્કસ કાયદા અને નિયમન સામેલ હોઈ શકે છે.

આ ઝડપથી બદલાતું ક્ષેત્ર હોવાથી ઉર્જા અને સ્રોતના ઉપયોગ અંગે કાનૂની જરૂરિયાતો અને કારોબારના પ્રોત્સાહનોથી માહિતગાર રહેવું જરૂરી છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 25.1: ઉર્જા અને પાણી:*** સભ્યો તેમના કારોબારની કામગીરીઓમાં ઊર્જા અને પાણીના વપરાશ પર દેખરેખ રાખશે અને ઊર્જા અને પાણીની કાર્યક્ષમતાની પહેલોને સ્થાનબદ્ધ કરશે.

- ***સીઓપી 25.2: અન્ય સ્રોતો:*** સભ્યો તેમના કારોબારની પ્રક્રિયાઓમાં ઉપયોગમાં લેવાતાં અન્ય નોંધપાત્ર પ્રાકૃતિક સંસાધનોને ઓળખી કાઢશે અને તેના કાર્યક્ષમ ઉપયોગને સુનિશ્ચિત બનાવશે.
  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - લગભગ તમામ કામના સ્થળે ઉર્જા, પાણી અને અન્ય કુદરતી સ્રોતો, જેમ કે ખનીજ અને વન્ય ઉત્પાદનોના ઉપયોગની જરૂર પડે છે.
  - સભ્યોએ ખેંચવામાં આવેલા અને વપરાયેલા પાણીના સ્રોત (ઉદાહરણ તરીકે સ્રોત, ગુણવત્તા અને/અથવા જથ્થો), વપરાયેલી ઉર્જા (ઉદાહરણ તરીકે ઇંધણનો પ્રકાર અને/અથવા જથ્થો) અને અન્ય નોંધપાત્ર સ્રોતો ઓળખવા જોઈએ.
    - શક્ય હોય ત્યાં સુધી ઉર્જાનો ઉપયોગ ચાવીરૂપ ઉત્પાદન પ્રવૃત્તિમાંથી ગ્રીનહાઉસ વાયુના ઉત્સર્જનના બેલેન્સને ટેકો આપતા હોવા જોઈએ.

        - સ્ત્રોતના પ્રકાર અને/અથવા કારોબાર દ્વારા ઉપયોગમાં લેવાતા જથ્થા પરથી અન્ય સ્ત્રોતના ઉપયોગનું મહત્ત્વ.
    - મોટા ભાગના કિસ્સામાં વપરાશ પર દેખરેખ સીધેસીધી હોવી જોઈએ કારણ કે ઇનપુટની સામાન્ય રીતે ખરીદી જ થઇ હશે.
        - નાના કામના સ્થળ માટે પાણી અને ઉર્જા પર દેખરેખ રાખવી કદાચ વ્યવહારુ ન હોય જ્યાં ઓફિસ અને ઓફિસની ઇમારત વચ્ચે અલગથી મીટર ન હોય. આવા કિસ્સામાં સભ્યો શક્ય હોય ત્યાં ઉર્જા કાર્યક્ષમતા વધારવાની પહેલ કરી શકે છે. (ઉપરના કલમ બી માં ઉદાહરણો જુઓ.)
        - મોટા કામના સ્થળો અને જેમાં પાણી, ઉર્જા અને અન્ય સ્ત્રોતોના વપરાશની પ્રક્રિયાની જરૂર પડે છે ત્યાં સભ્યોએ,
            - વપરાશ પર નજર રાખવા માટે પ્રક્રિયા પ્રસ્થાપિત કરવી
            - કાર્યક્ષમ સુધારા માટે લક્ષ્યાંક નક્કી કરવા વિચારવું
            - ખર્ચ-કાર્યક્ષમ કાર્યક્ષમતામાં સુધારા માટે કારોબાર પ્રક્રિયાની પ્રકૃતિને અનુરૂપ તકનીકી વિશ્લેષણ કરવું
            - વપરાશ ઘટાડવા અને/અથવા કાર્યક્ષમતા વધારવા માટે તકનીકી અને નાણાકીય રીતે ટકાઉ અને ખર્ચ-કાર્યક્ષમ ઉપાયો અપનાવવા.
        - સ્થાનિક સેવા પૂરી પાડનારાઓ અને જાહેર એજન્સીઓ તરફથી જ્યાં માહિતી અને સલાહકારી સેવા ઉપલબ્ધ અને યોગ્ય હોય ત્યાં તેનો ઉપયોગ કરો.
        - વપરાશના વિગતવાર, લેખિત મૂલ્યાંકન માટે અને કાર્યક્ષમતામાં સુધારાની તક માટે લાયકાત ધરાવતા નિષ્ણાતો દ્વારા ઉર્જા ઓડિટ સેવાના ઉપયોગનો વિચાર કરો.
    - ખર્ચ, બચત અને નિશ્ચિતતા અંગે પહેલને પ્રાથમિકતા આપો.
        - નવા રોકાણ વગર અર્થપૂર્ણ કાર્યક્ષમતા સુધારાને વારંવાર શક્ય બનાવી શકાય છે અને તેને પ્રાથમિકતા આપવી જોઈએ. ઉદાહરણ તરીકે, ઉપકરણો કે લાઇટનો ઉપયોગ ન હોય ત્યારે તેને બંધ કરી દેવાનું કામદારોને યાદ અપાવવાનું પગલું બહુ ઓછા ખર્ચે લાગુ કરી શકાય છે.
        - કાર્યક્ષમતામાં સુધારાના ફાયદા દર્શાવવા માટે સરળ ચુકવણી ગણતરી વિચારો (ઘટાડેલા વપરાશ ખર્ચથી ખર્ચને પુનઃમેળવવામાં કેટલો સમય લાગશે) અને પ્રોત્સાહનોને પ્રાથમિકતા આપો.
        - એક સામાન્ય નિયમ તરીકે હકારાત્મક નાણાકીય વળતર પેદા કરતી પહેલ લાગુ કરવી જોઈએ, સિવાય કે અન્ય જોખમો ઓળખવામાં આવ્યા હોય.
        - ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન અને દરેક ઉત્પાદન, પ્રોજેક્ટ અથવા પ્રક્રિયાના જીવનકાળ દરમિયાન કાર્યક્ષમ ઉર્જા વપરાશને ઉર્જા કાર્યક્ષમ પગલાં લાગુ કરતી વખતે ગણતરીમાં લેવા જોઈએ.

**તપાસો:**

✓ તમે ઉર્જા અને પાણીના ઉપયોગ પર દેખરેખ રાખો છો?
✓ તમે ઉર્જા અને પાણીની કાર્યક્ષમતાની પહેલ અમલમાં મૂકી છે?
✓ તમે કાગળના ઉત્પાદન જેવા બિઝનેસમાં વપરાતા અન્ય મહત્ત્વના કુદરતી સ્ત્રોતોને ઓળખ્યા છે?
✓ તમે તેનો કઇ રીતે કાર્યક્ષમ ઉપયોગ કરવા પ્રયાસ કરો છો તે તમે ઓડિટરને દર્શાવી શકો છો?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો પર પાણી, ઊર્જા અને અન્ય કુદરતી સ્ત્રોતો અંગે વધારાની માહિતી ઉપલબ્ધ છે:

- બિઝનેસ ફોર સોસિયલ રિસ્પોન્સિબિલિટી – એનર્જી
  www.bsr.org/en/our-work/industry-focus/energy
- કાર્બન કેટલોગ – કાર્બન ઓફસેટ ડિરેક્ટરી
  http://forestcarbonportal.org/
- કાર્બન ફૂટપ્રિન્ટ – રિડ્યુસિંગ યોર ઇમ્પેક્ટ
  www.carbonfootprint.com/
- એનવાયર્નમેન્ટલ પ્રોટેક્શન એનર્જી– કન્ઝર્વિંગ એનર્જી (ઓસ્ટ્રેલિયા)
  www.epa.vic.gov.au/bus/resource_efficiency/conserve_energy.asp
- એનવાયર્નમેન્ટલ પ્રોટેક્શન એજન્સી– કન્ઝર્વિંગ વોટર (ઓસ્ટ્રેલિયા)
  www.epa.vic.gov.au/bus/resource_efficiency/conserve_water.asp
- ફ્રેન્ડ્સ ઓફ ધ અર્થ સ્કોટલેન્ડ- ગ્રીન ટ્રાવેલ પ્લાન
  www.green-office.org.uk/audit.php?goingto=factsheet7
- ગ્રીનહાઉસ ગેસ પ્રોટોકોલ– કોર્પોરેટ સ્ટાન્ડર્ડ
  www.ghgprotocol.org/standards/corporate-standard
- ઇન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓપ ક્લાઇમેટ ચેન્જ (આઇપીસીસી)
  www.ipcc.ch/publications_and_data/ar4/syr/en/mains1.html
- ઇન્ટરનેશનલ એમિશન્સ ટ્રેડિંગ એસોસિયેશન (આઇઇટીએ)
  www.ieta.org/
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 3 - રિસોર્સ એફિસિયન્સી એન્ડ પોલ્યુશન પ્રિવેન્શન (2012)
  http://www1.ifc.org/wps/wcm/connect/25356f8049a78eeeb804faa8c6a8312a/PS3_English_2012.pdf?MOD=AJPERES
- યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઇમેટ ચેન્જ (યુએનએફસીસીસી) – ધ ઇન્ટરનેશનલ રિસ્પોન્સ ટુ ક્લાઇમેટ ચેન્જ
  unfccc.int/essential_background/items/2877.php
- યુનાઇટેડ સ્ટેટ્સ એનવાયર્નમેન્ટલ પ્રોટેક્શન એજન્સી – વોટરસેન્સ
  www.epa.gov/watersense/

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 26) ઉત્પાદન સ્પષ્ટતા

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

જ્વેલરી ઉદ્યોગમાં **ઉત્પાદન સ્પષ્ટતા** જ્વેલરી ઉત્પાદનો અંગે તમામ આવશ્યક માહિતીની સચોટ સ્પષ્ટતાને સંબંધિત છે જેમાં હીરા, ઘસાયેલા હીરા, કૃત્રિમ, સિમ્યુલન્ટ, સોના અને પ્લેટિનમ જૂથની ધાતુઓના ઉત્પાદનનો સમાવેશ થાય છે.

**પ્રસ્તુતિ**માં વર્ણન, અભિવ્યક્તિ, શબ્દો, આકૃતિ, રજુઆત અથવા સંકેતોનો સમાવેશ થાય છે જે એવી રીતે રજૂ કરાયેલા જણાય છે જે જ્વેલરી ઉત્પાદનને લગતા હોય તેવું લાગે. અંતિમ ગ્રાહકને કરવામાં આવેલી રજુઆત સત્ય આધારિત અને સચોટ હોવી જોઈએ.

**વેચાણ**માં વેચાણ માટે મૂકવું, વેચાણ માટે રજૂ કરવું, વસ્તુને વેચાણના ઇરાદાથી દર્શાવવામાં આવી છે તેવું માની શકાય તે રીતે પ્રદર્શનમાં મૂકવી તેનો સમાવેશ થાય છે. શંકા ટાળવા માટે તેમાં ઉદ્યોગમાં સ્વીકાર્ય શબ્દ 'મેમો' વપરાય છે જે સંભવિત વેચાણ માટે ગ્રાહકને પૂર્વનિર્ધારિત સમયગાળા માટે માલ આપવાની પ્રક્રિયા છે.

**જાહેરખબર**માં ઉત્પાદનના વેચાણ અથવા ઉપયોગ માટે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે તેને પ્રાયોજિત કરવાનો સમાવેશ થાય છે.

**ટ્રીટેડ ડાયમંડ** એટલે જેની ગુણવત્તા સુધારવાની પ્રક્રિયા થઇ હોય તેવું.

**કૃત્રિમ હીરા** એટલે એવા હીરા જે ખાણમાંથી કાઢવામાં આવ્યા ન હોય, પરંતુ માનવ નિર્મિત હોય અને સમાન ભૌતિક ગુણધર્મો ધરાવતા હોય.

**સિમ્યુલન્ટ** એ નોન-ડાયમંડ સામગ્રી છે જે હીરાના દેખાવની નકલ કરવા માટે ઉપયોગમાં લેવાય છે.

*સ્રોતઃ*

- આરજેસી વ્યવહારસંહિતા (2013)નો સારાંશ
- વર્લ્ડ જ્વેલરી કન્ફેડરેશન (સીઆઇબીજેઓ) – ધ બ્લૂ બુક્સ
  www.cibjo.org/index.php?option=com_content&view=article&id=270&Itemid=261

સીઓપીનો **ઉત્પાદન સ્પષ્ટતા** વિભાગ એવી સુવિધાઓને લાગુ થાય છે જે હીરા અને/અથવા સોનું અને/અથવા પ્લેટિનમ જૂથના ધાતુ ઉત્પાદનોનું કામ કરે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

જ્વેલરી ઉદ્યોગમાં ઉત્પાદનની સ્પષ્ટતા ખરીદવામાં આવતા અને વેચાતા ઉત્પાદનોની પ્રકૃતિ અને ગુણવત્તાની પ્રામાણિકતા અને પારદર્શિતા પર આધારિત છે. જ્વેલરી એ ઘણી વખત મુનસુફી આધારિત ઉચ્ચ મૂલ્ય ધરાવતી ખરીદી હોવાથી સોનું, પ્લેટિનમ જૂથની ધાતુ અને હીરાની પૂરવઠા શૃંખલામાં તે ખાસ મહત્ત્વ ધરાવે છે. અંતિમ વપરાશકારો ઘણી વખત જે ચીજ ખરીદતા હોય તેના વિશે મર્યાદિત તકનીકી જ્ઞાન ધરાવતા હોય છે અને તેઓ વેચાણકારની સલાહ પર આધાર રાખે છે. હવે પથ્થરોની ટ્રીટમેન્ટ, કૃત્રિમ અને સિમ્યુલન્ટ પથ્થરોની રચના અને નવા એલોયના વિકાસની નવી ટેકનોલોજી ઉપલબ્ધ હોવાથી પૂરવઠા શૃંખલા અને ગ્રાહક બજાર વધારે જટિલ બની ગયું છે.

ગ્રાહકોના રક્ષણ માટે અને કિંમતી ધાતુ અને હીરા ઉદ્યોગને સહાય કરવા માટે નીચેના ક્ષેત્રોમાં અલગ અલગ દેશોમાં ઉદ્યોગ માર્ગદર્શિકા અને કાનૂની જરૂરિયાતો પ્રસ્થાપિત કરવામાં આવી છે.

- સોનું અને પ્લેટિનમનું મૂલ્યાંકન, ગુણવત્તાની ઓળખ અથવા શુદ્ધતા દર્શાવવા માટે હોલમાર્કિંગ;
- સ્વતંત્ર જેમોલોજિકલ લેબોરેટરી મારફત મોટા પથ્થરો માટે હીરાનું ગ્રેડિંગ; અને
- ઉત્પાદનોના પ્રત્યાયન અંગે પારિભાષિક શબ્દોના ધોરણો અને વર્ગીકરણ.

વેચવામાં આવતા કોઇ પણ ઉત્પાદન અંગે પૂરવઠા શૃંખલાના કોઈ પણ સ્તરે અંતિમ વપરાશકાર સુધી ખોટી માહિતી વ્યક્તિગત કંપનીઓ અને સમગ્ર ઉદ્યોગની પ્રતિષ્ઠા માટે નોંધપાત્ર જોખમ પેદા કરે છે. કંપનીના સ્તરે તમામ સંબંધિત માહિતીની સ્પષ્ટતા  કરવામાં નિષ્ફળતા અથવા વેચાયેલી ચીજો માટે ખોટી માહિતીના કારણે સભ્યએ ઉદ્યોગ સંગઠનમાંથી હકાલપટ્ટીનો અને વેપાર ગુમાવવાનો જોખમ ઉઠાવવો પડી શકે છે.

નોંધપાત્ર પ્રમાણમાં કાનૂની જોખમ રહેલું છે. ઉત્પાદન અંગે પૂરતી ચોક્કસ માહિતી આપ્યા વગર હીરા અને/અથવા સોનું અને/અથવા પ્લેટિનમ જૂથ ધાતુની જ્વેલરીની ચીજો વેચવી કે અજાણતા પણ ખોટી માહિતી આપવી એ મોટા ભાગના અધિકારક્ષેત્રો હેઠળ ગેરકાયદે છે. ગુનો કરનારે દંડ અથવા કેદ ભોગવવી પડી શકે છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

ઉદ્યોગના સંગઠનો દ્વારા સ્વ-નિયમનકારી વલણના ભાગરૂપે ઉત્પાદનની સ્પષ્ટતા અને રજુઆત માટે મુખ્ય આંતરરાષ્ટ્રીય ધોરણો નક્કી કરવામાં આવ્યા છે.  વર્લ્ડ જ્વેલરી કન્ફેડરેશન, સીઆઈબીજેઓ, બ્લુ બુક બહાર પાડે છે જે હીરા અને કિંમતી પથ્થરો માટે પારિભાષિક શબ્દો, વર્ગીકરણ અને નીતિમત્તાની માર્ગદર્શિકા ધરાવે છે. (અનુક્રમે ડાયમંડ બુક અને પ્રિસિયસ મેટલ્સ બુક જુઓ). સીઆઇબીજેઓ બ્લુ બુકને ઉત્પાદનના સ્પષ્ટતા માટે મહત્ત્વના ધોરણો ગણવામાં આવે છે અને તે સ્વૈચ્છિક હોવા છતાં આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં તમામ સ્તરે જથ્થાબંધ વેચાણકર્તાઓ, પૂરવઠાકારો, ઉત્પાદકો અને રિટેલર્સને લાગુ થાય છે. આ ધોરણો માર્કેટિંગ અને વેચાણની તમામ પદ્ધતિઓ અને ઉત્પાદન અંગે કરવામાં આવતા પરોક્ષ અને પ્રત્યક્ષ દાવાને લાગુ થાય તે રીતે ઘડવામાં આવ્યા છે.

2008માં ઇન્ટરનેશનલ ડાયમંડ કાઉન્સિલ (આઇડીસી)એ પોલિશ્ડ હીરાના ગ્રેડિંગ માટે આંતરરાષ્ટ્રીય નિયમો પ્રકાશિત કર્યા હતા. 1978માં તેનું પ્રારંભિક પ્રકાશન થયું ત્યારથી આઇડીસીના નિયમોને સીઆઇબીજેઓ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે અને હીરાના સ્પષ્ટ પારિભાષિક શબ્દો માટે સંદર્ભ બન્યા છે. સુધારેલા આઇડીસી નિયમોમાં એવા પારિભાષિક શબ્દો સામેલ છે જે વર્ણનની હદ વધારે છે અને તે કારખાના અથવા પ્રયોગશાળામાં વિકસાવાયેલા હીરા માટે લાગુ થાય છે અને હવે જેનો ઉલ્લેખ કૃત્રિમ તરીકે કરવામાં આવે છે. આ સુધારો આરજેસી વ્યવહારસંહિતામાં પ્રતિબિંબિત થાય છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબલ્યુજીસી) સોનાની શુદ્ધતા અંગે આંતરરાષ્ટ્રીય ધોરણો અંગે માહિતી ધરાવે છે. આ ઉપરાંત સોનાની જ્વેલરીની શુદ્ધતા અને માર્કિંગ અંગે રાષ્ટ્રીય જરૂરિયાતો વિશે ઓનલાઇન વિગતવાર માહિતી ઉપલબ્ધ છે. ડબલ્યુજીસી સોનાની જ્વેલરીના ઉત્પાદન અંગે કેટલીક પુસ્તિકાઓ અને મેન્યુઅલનું પ્રકાશન કરે છે જેમાં સોનાના મૂલ્યાંકન અને શુદ્ધિકરણ અંગે તકનીકી માર્ગદર્શન હોય છે.

*રાષ્ટ્રીય કાયદો*

સંબંધિત રાષ્ટ્રીય કાયદો અને નિયમનો દરેક દેશમાં અલગ અલગ હશે, પરંતુ ગ્રાહક રક્ષણ, વ્યાપારના ધોરણો અથવા છેતરપિંડીના ક્ષેત્રને લગતા હશે. મોટા ભાગના દેશોમાં વ્યાપાર અને માર્કેટિંગને લગતા કાયદા છે જે મુજબ કોઇ પણ સામાનની રચના, ભૌતિક લાક્ષણિકતા અથવા ઇતિહાસ અંગે ખોટી માહિતી આપવી એ ગેરકાયદે છે. આ ઉપરાંત કેટલાક દેશોમાં જેમસ્ટોન અને કિંમતી ધાતુઓ અંગે ચોક્કસ કાયદા અથવા નિયમનો છે. ઉદાહરણ તરીકે યુનાઇટેડ સ્ટેટ્સ ફેડરલ ટ્રેડ કમિશન (એફટીસી)માં જ્વેલરી, કિંમતી ધાતુઓ અને ઉદ્યોગ માટે માર્ગદર્શિકા છે. સભ્યોએ રાષ્ટ્રીય કાયદામાં નિર્ધારિત શબ્દો વાપરવા જોઈએ અને લાગુ થતો કોઇ કાયદો ન હોય ત્યારે વ્યવહારસંહિતાનું પાલન કરે.

કાનૂની ફરજોમાં માલસામાનના વેચાણ અંગે જાણતા કે અજાણતા ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતીનો સમાવેશ થઇ શકે છે. સભ્યોએ એ બાબતની ખાતરી કરવી કે તેમણે પોતાની કામગીરીના દરેક ક્ષેત્રમાં આવશ્યક કાયદાની જાણકારી રાખવી.

**"બ્લેક ડાયમંડ"**

કુદરતમાં કાળા હીરા ઉપલબ્ધ હોઈ શકે છે, પરંતુ કાળા રંગના પોલિશ્ડ હીરા પર પ્રક્રિયા કરવામાં આવી હોય તેવી શક્યતા રહે છે. કેટલાક વેચાણ કરનારાઓ એવું માની શકે છે કે આ સામાન્ય જાણકારીની બાબત છે અને તેઓ ટ્રીટમેન્ટ અંગે પૂરતી જાણકારી આપ્યા વગર તેને 'બ્લેક ડાયમંડ' તરીકે ઓળખાવી શકે છે. તે અયોગ્ય છે.

જ્યારે પણ કોઇ હીરા પર પ્રક્રિયા કરવામાં આવે ત્યારે તેની સ્પષ્ટતા થવી જોઈએ. સીઆઇબીજેઓ બ્લૂ બુકમાં જણાવ્યા પ્રમાણે ચોક્કસ પ્રક્રિયાનો ઉલ્લેખ કરવો જરૂરી છે અને જે કિસ્સો હોય તે પ્રમાણે હીરા અથવા કૃત્રિમ હીરા શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો આવશ્યક છે.

નોંધ- આરજેસી જોગવાઇઓ અને લાગુ થતા કાયદા વચ્ચે કોઇ સંઘર્ષયુક્ત હોય તો કાયદા પ્રમાણે કરવામાં આવશે.આવી કોઇ સ્થિતિ હોય તો તે મુજબ આરજેસીમાં ફેરફાર કરવા જેથી સભ્યો અને ઓડિટર્સ માટે સાતત્યપૂર્ણ સલાહ આપી શકાય.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 26.1: પ્રસ્તુતિઓ:*** સભ્યો કોઇ પણ અસત્યપૂર્ણ, ગેરમાર્ગે દોરનારું અથવા ભ્રામક પ્રતિનિધિત્વ નહીં કરે, અથવા હીરા, કૃત્રિમ અથવા દંભી, અને/અથવા કોઇ પણ સોના અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓના ઝવેરાત ઉત્પાદનોનાં વેચાણ, જાહેરાત કે માર્કેટિંગમાં કોઈ સામગ્રીનો લોપ નહીં કરે.
  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - ખોટી રજુઆત અથવા સામગ્રી ચૂકી જવામાં એવી માહિતીને ટાળવાનો અથવા ખોટું નિવેદન આપવાનો સમાવેશ થાય છે જે માહિતીથી ખરીદીના નિર્ણયને અસર થઇ શકે અથવા જે ગેરકાયદે હોઇ શકે છે.
  - સભ્યોએ એ વાતની ખાતરી કરવી જોઈએ કે તેઓ ખોટી અને ગેરમાર્ગે દોરતી રજુઆતોના સંબંધમાં, ખાસ કરીને ગ્રાહકોના સંબંધમાં લાગુ પડતા કાયદાથી વાકેફ છે.
  - રજુઆત અનેક વિવિધ સ્વરૂપ લઇ શકે છે, જેમ કે શબ્દો ઉપરાંત સંકેતો અને વર્ણનો, અને તે ઝડપી હોઈ શકે છે.
  - રજુઆત ઇન્ટરનેટ સહિત અનેક પ્રકારના વિવિધ માધ્યમમાં હોઈ શકે છે.
  - વેચાણના સ્ટાફને એ બાબતની ખાતરી આપવા તાલીમ આપવી જોઈએ કે તેઓ કાનૂની જવાબદારીઓ અંગે માહિતગાર રહે અને વેચાણ માટેના ઉત્પાદનો અંગે ગેરમાર્ગે દોરતી અથવા છેતરામણી મૌખિક રજુઆતોમાં સામેલ થાય નહીં.
  - માહિતી અર્થસભર છે કે નહીં તેનો આધાર બિઝનેસના સંદર્ભમાં રહે છે. ઉદાહરણ તરીકે નાના ગ્રાહક માટેની માહિતી બિઝનેસથી બિઝનેસ વ્યવહારમાં સંકળાયેલા વ્યાવસાયિકો માટેની માહિતી કરતા અલગ હોય છે. જો બિઝનેસથી બિઝનેસના સંદર્ભમાં માહિતી અર્થસભર છે કે નહીં તે નક્કી કરવાનું હોય તો એ બાબત પર ધ્યાન આપવું જરૂરી છે કે માહિતી ટાળવાથી ક્ષેત્ર અથવા અધિકારક્ષેત્રમાં સ્વીકૃત બિઝનેસ પ્રક્રિયાના સાતત્યનો ભંગ ગણાશે કે નહીં.

- ***સીઓપી 26.2: સ્પષ્ટતા:*** *લાગુ પડતા કાયદાની સુસંગતતામાં હીરાઓ, કૃત્રિમ અથવા દંભી, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓની ભૌતિક લાક્ષણિકતાઓ પરની માહિતી જાહેર કરવાની રહેશે. લાગુ પડતા કાયદા સાથે પ્રવર્તતા ઘર્ષણ સિવાય, ભૌતિક લાક્ષણિકતાઓ વિશેની સંલગ્ન જાહેરાતને ટેકો આપવા માટે સભ્યો નીચેની જરૂરિયાતોને લાગુ કરશે.*
  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - કાનૂની અનુપાલન જોગવાઇ લાગુ કરવામાં સંબંધિત ઉત્પાદન સ્પષ્ટતાના ધોરણો અને નિયમનકારી જરૂરિયાતની સમીક્ષાનો સમાવેશ થવો જોઈએ. ઉત્પાદનના સ્પષ્ટતામાં નીતિ અથવા નોંધણી પ્રસ્થાપિત હોવી જોઈએ જે બિન-અનુપાલન માટેના દંડ સહિત સંબંધિત કાયદા, નિયમનો અને ઉદ્યોગના ધોરણોની સ્પષ્ટતા કરે.

- જવાબદાર વરિષ્ઠ મેનેજરને લાગુ પડતા કાયદાની જાણકારી નથી તેવા પૂરાવા મળે, ખાસ કરીને બિઝનેસ રિટેલ વેચાણમાં સક્રિય હોય ત્યારે તે બિન-અનુપાલનનું વધારે ઊંચું જોખમ દર્શાવશે અને ઓડિટર્સ માટે તે ચિંતાની બાબત હોવી જોઈએ.
- ખરીદદારે માંગણી કરી ન હોય તો પણ વેચાણકાર માટે લાગુ પડતા કાયદા અને સીઓપીના અનુસંધાનમાં સ્પષ્ટતા જરૂરી છે.
- ઉત્પાદનની ખરીદી સહિતના તમામ ઉત્પાદનના વ્યવહારમાં યોગ્ય માહિતીના સ્પષ્ટતા માટે પ્રક્રિયા અમલમાં હોવી જોઇએ. પૂરવઠાકાર ઉત્પાદનની યોગ્ય માહિતી આપવામાં નિષ્ફળ જાય તો કેવી પ્રક્રિયા કરવી તે અંગે એક સ્પષ્ટ નિવેદનનો સમાવેશ થવો જોઈએ.
- સભ્યોએ જ્યાં લાગુ થતું હોય ત્યાં વેચાણ અને માર્કેટિંગની સામગ્રીની સમીક્ષાની પ્રક્રિયા લાગુ કરવી જોઈએ જેથી એ બાબતની ખાતરી થાય કે તે કાયદાનું પાલન કરે અને વ્યવહારસંહિતાની જોગવાઇઓનું પાલન થાય તથા તે ગેરમાર્ગે દોરતી કે છેતરામણી માહિતી ધરાવતી ન હોય.
- સંબંધિત કર્મચારીઓએ તાલીમ મેળવવી જોઇએ જે એ બાબત સુનિશ્ચિત કરે કે તેમને આટલું જ્ઞાન હોયઃ
  - ‘4 સી’ મારફત હીરાની ઓળખ
  - લાગુ પડતા ગોલ્ડ ક્વૉલિટી માર્ક અને હોલમાર્કની ઓળખ,
  - સ્પષ્ટતા અને પ્રત્યાયન માટે સીઆઇબીજેઓ બ્લુ બૂક (અથવા સમકક્ષ ધોરણો)
- રેકોર્ડ રાખવું એ ઉત્પાદનની સ્પષ્ટતા અને સંકલન માટે આવશ્યક તત્વ છે, ખાસ કરીને એવા તબક્કે જ્યારે સ્રોતોની પ્રક્રિયા કરવામાં આવતી હોય (ઉદાહરણ તરીકે ગોલ્ડ રિફાઇન્ડ અથવા ડાયમંડ કટ). સભ્યોએ સ્પષ્ટ રીતે ઓળખવું જોઈએ કે અમલીકરણ માટે અને રેકોર્ડ રાખવાની પ્રક્રિયા ચકાસવા માટે કોણ જવાબદાર છે.

***a.* પ્લેટિનમ જૂથની ધાતુઓ**: સોનું અથવા પ્લેટિનમ જૂથની ધાતુની શુદ્ધતાને સચોટતાથી જાહેર કરવાની રહેશે. વિષયવસ્તુ અથવા શુદ્ધતાનું વિવરણ “સોનું” શબ્દ જેટલું જ, અથવા પ્લેટિનમ જૂથની ધાતુ, અથવા ટૂંકાક્ષર જેટલું જ સુસ્પષ્ટ રહેશે, અને ઉપયોગમાં લેવાયેલ કોઇ પણ ગુણવત્તા નિશાનીઓનો ઉપયોગ લાગુ પડતા કાયદા અથવા ઉદ્યોગના માનકોને સુસંગત હોય તે રીતે લાગુ કરવાની રહેશે.

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- ગુણવત્તાના નિશાન લાગુ કરવામાં આવે તો તેમાં સોના અથવા પ્લેટનિમ જૂથની ધાતુની ગુણવત્તા જણાવવી જોઈએ અને તે લાગુ પડતા કાયદા અથવા સંબંધિત આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરુપ હોવું જોઈએ.
- લાગુ પડતા કાયદા પ્રમાણે આવશ્યક હોય તો શુદ્ધતાની માહિતી આપવી જરૂરી હશે. ઉદાહરણ તરીકે કેટલાક અધિકારક્ષેત્રોમાં 24 કેરેટના સોના માટે અને 950 પ્રતિ એક હજાર કરતા વધુ શુદ્ધતા ધરાવતા પ્લેટિનમ માટે શુદ્ધતા વર્ણવવાની જરૂર હોતી નથી.

***b.* સંશોધિત હીરા:** સંશોધિત હીરાઓને “સંશોધિત” તરીકે અથવા ચોક્કસ સંશોધનના નિર્દિષ્ટ સંદર્ભ સાથે જાહેર કરવાના રહેશે. તેનું વિવરણ “હીરા” શબ્દ(દો) જેટલું સુસ્પષ્ટ રહેશે. કોઇ પણ વિશિષ્ટ સંભાળ જરૂરિયાત જે સંશોધન દ્વારા રચવામાં આવી હોય તે જાહેર કરવાની રહેશે.

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- કોઇ પણ એવા શબ્દનો ઉપયોગ થવો ન જોઈએ જે એવું છુપાવવા માટે વપરાય કે ટ્રીટમેન્ટ પ્રક્રિયા કરવામાં આવી છે, અથવા એવું દર્શાવે કે ટ્રીટમેન્ટ એ સામાન્ય પોલિશિંગ પ્રક્રિયાનો હિસ્સો છે. ઉદાહરણ તરીકે ટ્રીટમેન્ટ કરાયેલા હીરા માટે "સુધારેલ" શબ્દ વાપરવો ન જોઈએ.
- વ્યવહાર સંહિતામાં આવશ્યક શબ્દો સંલગ્ન રીતે ઉપલબ્ધ હોય અને "ડાયમંડ" અથવા "સિન્થેટિક" શબ્દો દ્રશ્યમાન હોય તો ટ્રીટમેન્ટનું વર્ણન ક્યાં મૂકવું તેનો ઉલ્લેખ નથી. જોકે, કોઇ પણ વધારાની માહિતી માટે લાગુ પડતા કાયદાની ચકાસણી કરો.
- ટ્રીટમેન્ટ કરાયેલા હીરા માટે પેઢીઓ, ઉત્પાદકોના નામ અથવા ટ્રેડમાર્કનો ઉપયોગ કરવાનો નથી, સિવાય કે આ શબ્દો પછી તરત "ટ્રીટેડ" શબ્દ આવતો હોય જે આ વિભાગમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ હોય અથવા અન્યત્ર દ્રશ્યમાન અને ભારપૂર્વક ટ્રીટેડ તરીકે વર્ણવવામાં આવ્યું હોય.

***c.* કૃત્રિમ હીરાઓ:** સંપૂર્ણ અથવા આંશિક કૃત્રિમ હીરાઓને "પ્રયોગશાળામાં રચિત", "પ્રયોગશાળામાં વિકસાવવામાં આવેલ", અને/અથવા "કૃત્રિમ" તરીકે જાહેર કરવાના રહેશે અને તેનું વિવરણ "હીરા" શબ્દ જેટલું જ સુસ્પષ્ટ રહેશે.

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- હીરો કૃત્રિમ છે તે હકીકત છુપાવે તેવા કોઈ પણ શબ્દનો અથવા ગ્રાહકને ગેરમાર્ગે દોરે તેવા કોઇ શબ્દનો ઉપયોગ કરવો નહીં.
- "કલ્ચર્ડ" શબ્દ એ સિન્થેટિક હીરાને વર્ણવવા માટે સ્વીકૃત વર્ણન નથી.
- કોઇ પણ સ્પષ્ટતા વગર "ડાયમંડ" શબ્દનો અર્થ કુદરતી હીરા થાય છે.

***d.* આભાસી:** આભાસી કે જે હીરાનો દેખાવ ઊભો કરે છે તેને તે જે ખનીજ અથવા સંયુક્ત પદાર્થનું બનેલું છે તે મુજબ જાહેર કરવાનું રહેશે..

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- પથ્થર એ સ્ટીમ્યુલન્ટ છે તે હકીકત છુપાવતા અથવા ગ્રાહકને કોઈપણ રીતે ગેરમાર્ગે દોરે તેવા શબ્દનો ઉપયોગ કરવો નહીં.
- કોઇ પણ સ્ટીમ્યુલન્ટને વર્ણવવા માટે 'વાસ્તવિક', 'અસલ' અથવા સમાન શબ્દોનો ઉપયોગ ગેરમાર્ગે દોરનારો હશે અને તેનો ઉપયોગ કરવો જોઇએ નહીં. કોઇ પણ સ્ટીમ્યુલન્ટને વર્ણવવા માટે 'કુદરતી' શબ્દનો ઉપયોગ કરવો જોઈએ નહીં, સિવાય કે સ્ટીમ્યુલન્ટ એ કુદરતી રીતે મળી આવેલ ખનીજ અથવા સંયોજન હોય.
- એ બાબતની નોંધ કરો કે આ જોગવાઇ વેચાણ માટેના સ્ટીમ્યુલન્ટને લાગુ થાય છે. રિટેલ પરિસ્થિતિમાં પ્રચારના હેતુથી /રજુઆત માટે ઉપયોગમાં લેવાયેલ સ્ટીમ્યુલન્ટ માટે સંલગ્ન સ્પષ્ટતાની જરૂર નથી, સિવાય કે તે વેચાણ માટે મૂકવામાં આવેલ હોય.

***e.* હીરાની ગુણવત્તા – પૉલિશ્ડ હીરા:** જ્યારે હીરા અને કૃત્રિમના વજન, રંગ, શુદ્ધતા અથવા કાપનું વર્ણન કરવામાં આવી રહ્યું હોય, ત્યારે તે ચોક્કસ કાર્યક્ષેત્રને યોગ્ય હોય તેવી માન્ય માર્ગદર્શિકાને સુસંગત રહેશે.

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- જ્વેલરીમાં હીરાના નાના જથ્થા માટે જો વર્ણનમાં વજન, રંગ, શુદ્ધતા અથવા કટનો સમાવેશ થયો ન હોય તો આ નિયમો પ્રમાણે તમામ હીરાને વ્યક્તિગત રીતે વર્ણન કરવા આવશ્યક નથી. જોકે જ્યારે વજન, રંગ, શુદ્ધતા અથવા કટને વર્ણન કરવામાં આવે ત્યારે વર્ણન ઇન્ટરનેશનલ ડાયમંડ

કાઉન્સિલ (આઇડીસી)ના પોલિશ્ડ હીરાના ગ્રેડિંગ માટે આંતરરાષ્ટ્રીય નિયમોને અનુરૂપ હોવું જોઈએ.

- "ખામીમૂક્ત" અથવા "સંપૂર્ણ" શબ્દનો ઉપયોગ આ પ્રમાણેના વર્ણનમાં થવો ન જોઈએઃ
  - કોઇ પણ હીરો 10ના પાવર પર ગોઠવાયેલા મેગ્નિફાયર હેઠળ હીરાના ગ્રેડિંગમાં કુશળતા ધરાવતી વ્યક્તિ દ્વારા તપાસ દરમિયાન ખામી, તિરાડ, સમાવિષ્ટ, કાર્બન સ્પોટ, ક્લાઉડ, આંતરિક લેઝરિંગ અથવા અન્ય ડાઘ અથવા કોઈ પણ પ્રકારની અપૂર્ણતા દર્શાવે.
  - કોઇ પણ એવી જ્વેલરી જે એવા હીરા ધરાવતો હોય જે "ખામીમૂક્ત" અથવા "સંપૂર્ણ"ની વ્યાખ્યાનું પાલન કરતું ન હોય.
- "બ્રિલિયન્ટ", "બ્રિલિયન્ટ કટ" અથવા "ફુલ કટ" શબ્દોનો ઉપયોગ એવા કોઇ પણ હીરાના વર્ણન, ઓળખ કે ઉલ્લેખ માટે થવો ન જોઈએ સિવાય કે તે ગોળ હીરો હોય જેમાં ગ્રીડલ ઉપરના ટેબલમાં ઓછામાં ઓછા 32 પાસા અને નીચે 24 પાસા હોય.

***f.* ઉત્પાદનના આરોગ્ય અને સલામતીની માહિતી**: સભ્યો દ્વારા છેવાડાના ગ્રાહકને વેચવામાં આવતાં હીરા, કૃત્રિમ, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓના સ્થિતિ અને સલામતી અંગેની કોઇ પણ સંલગ્ન માહિતી જાહેર કરવાની રહેશે.

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- પોતાના ધન અથવા ધાતુના કુદરતી સ્વરૂપમાં સોનું નિષ્ક્રિય હોય છે અને બિનજોખમી ગણવામાં આવે છે. જોકે તે વિવિધ સ્તરની શુદ્ધતામાં વપરાય છે અને 9 કેરેટ (સામાન્ય રીતે 37.5 ટકા Au w/w)થી 24 કેરેટ (સામાન્ય રીતે 99.9 ટકા Au w/w)ની શુદ્ધતામાં ઝવેરાત તરીકે વેચાય છે. ત્વચા પર સોનાના કારણે સંપર્ક આધારિત ખંજવાળ આવી શકે જ્યારે પચવામાં તે સામાન્ય રીતે બિન-ઝેરી છે.
- નિકલ ધરાવતા એલોયમાંથી રચાયેલ સોનાની જ્વેલરીથી નિકલની એલર્જી થતી હોવાનું નોંધાયેલું છે. નિકલની એલર્જીમાં સામાન્ય રીતે નિકલ જ્યારે ત્વચાના સંસર્ગમાં હોય ત્યારે શરૂઆતમાં લાલ રંગના ખંજવાળ આવે તેવા ચાઠા પડે છે. રોજબરોજના જીવનમાં વપરાતા ઘણા ધાતુના એલોયમાં નિકલ એ સામાન્ય હિસ્સો છે ત્યારે એલર્જી મોટા ભાગે નિકલ ધરાવતી મેટલ જ્વેલરીથી થાય છે. તેથી તેને ઘણી વખત જ્વેલરીથી થતી અળાઇ કહેવામાં આવે છે. નિકલ એલર્જીની સારવારમાં અસરગ્રસ્ત લોકોને નિકલ ધરાવતી કોઇ પણ ચીજથી સંપર્ક ટાળવા જણાવવામાં આવે છે.
- હીરા તેમના કુદરતી સ્ફટિક સ્વરૂપમાં સૌથી સખત કુદરતી પદાર્થ છે અને રાસાયણિક રીતે નિષ્ક્રિય હોય છે. સંભવિત આરોગ્યનો ખતરો ત્યારે જ પેદા થાય છે જ્યારે પથ્થરના જેમોલોજિકલ ગુણધર્મો અને મૂલ્ય વધારવા માટે તેના પર પ્રક્રિયા કરવામાં આવે.
- હીરાનું ઇરેડિયેશન એ રંગ વધારવા માટેની પ્રક્રિયા છે. ઇરેડિયેશનથી પથ્થરો થોડા કિરણોત્સર્ગી બની શકે છે અને તેમાં કિરણોત્સર્ગ ઘટી જાય તે માટે થોડો સમય તેને અલગ રાખી મૂકવા પડે છે. કિરણોત્સર્ગો નિયમનકારી ધોરણોથી ઓછા રહે તે માટે ઇરેડિયેશન ધરાવતા પથ્થરોનું વેચાણ સામાન્ય રીતે નિયમન હેઠળ કરવામાં આવે છે.

તપાસો:

- ✓ તમે હીરા, સોનું અને પ્લેટિનમ જૂથ ધાતુના ઉત્પાદનો માટે લાગુ થતા નિયમનકારી જરૂરિયાતો અને સ્પષ્ટતાના ધોરણો વિશે જાણો છો?
- ✓ શું તમે ઓડિટરને દર્શાવી શકો છો કે વેચાણ અને માર્કેટિંગ સામગ્રી કાયદા અને વ્યવહાર સંહિતાની જરૂરિયાતોનું પાલન કરે છે?
- ✓ શું તમે યોગ્ય ઉત્પાદન સ્પષ્ટતાને સમર્થન આપવા માટે યોગ્ય રેકોર્ડ રાખવાની અને તાલીમ ધરાવો છો?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો પર ઉત્પાદન સ્પષ્ટતા અંગે વધારાની માહિતી ઉપલબ્ધ છે:

- ઇન્ટરનેશનલ ડાયમંડ કાઉન્સિલ (આઇડીસી) - આઇડીસી રુલ બુક
  www.internationaldiamondcouncil.org/books/idc-rule-book/idc-rule-book
- ઇન ધ લૂપ- એડવર્ટાઇઝિંગ ડાયમન્ડ્સ, જેમસ્ટોન્સ એન્ડ પર્લ્સ (યુએસ)
  www.lawpublish.com/ftc-gem.html
- જ્વેલર્સ વિજિલન્સ કમિટી
  www.jvclegal.org
- વર્લ્ડ જ્વેલરી કન્ફેડરેશન (સીઆઇબીજેઓ) – ધ બ્લ્યૂ બુક્સ
  www.cibjo.org/index.php?option=com_content&view=article&id=270&Itemid=261
- ધ વર્લ્ડ જ્વેલરી કન્ફેડરેશન (સીઆઇબીજેઓ) – સ્પેશિયલ રિપોર્ટ: પ્રીસિયસ મેટલ્સ કમિશન રીવ્યૂઝ ચેન્જિંગ લેજિસ્લેશન ઇન યુરોપીયન યુનિયન (2013)
  congress2013.cibjo.org/CIBJO%20Special%20Report%20(Precious%20Metals%20Commission)%202013.pdf
- યુ.એસ. ગવર્નમેન્ટ – ફેડરલ ટ્રેડ કમિશન –ડિસીઝન ઓન પીટિશન રિગાર્ડિંગ યુઝ ઓફ ટર્મ 'કલ્ચર્ડ' ફોર જેમસ્ટોન્સ (2008)
  www.ftc.gov/opa/2008/07/jvc.shtm
- યુ.એસ. ગવર્નમેન્ટ- ફેડરલ ટ્રેડ કમિશન જ્વેલરી ગાઇડ્સ એન્ડ ઇન્ફર્મેશન (2011)
  www.ftc.gov/os/statutes/jewelryjump.shtm
- વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબલ્યુજીસી)
  www.gold.org/

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 27) કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના અને વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલ સિસ્ટમ ફોર વૉરન્ટીઝ

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**કિમ્બર્લી પ્રક્રિયા** એ સંઘર્ષયુક્ત હીરાનો પ્રવાહ અટકાવવા માટેની સરકારી, આંતરરાષ્ટ્રીય હીરા ઉદ્યોગ અને સામાજિક સંસ્થાઓની સંયુક્ત પહેલ છે.

સંબંધિત યુનાઇટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી)ના અત્યાર સુધી અમલમાં રહેલા ઠરાવો અથવા સમાન યુએનએસસી ઠરાવો કે જે ભવિષ્યમાં અપનાવી શકાય છે તેમાં ઉલ્લેખ કર્યા મુજબ, અને યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ) ઠરાવ 55/56 અને ભવિષ્યમાં અપનાવી શકાય તેવા અન્ય સમાન યુએનજીએ ઠરાવોમાં આપવામાં આવેલી માન્યતાની સમજ મુજબ **સંઘર્ષયુક્ત હીરા** એ બળવાખોર ચળવળો અથવા બળવાખોર સાથીઓ દ્વારા કાયદેસર રીતે સ્થાપિત સરકારનો નાશ કરવાના ઉદ્દેશથી કરાતા સંઘર્ષને ભંડોળ પૂરૂં પાડવા માટે વપરાતા કાચા હીરા છે.

**વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલ સિસ્ટમ ફોર વૉરન્ટીઝ** એ સ્વનિયમનનો કાર્યક્રમ છે જે કિમ્બર્લી પ્રક્રિયા દ્વારા હીરા પ્રમાણિત થાય ત્યાર બાદ હીરાને સમગ્ર પુરવઠા શૃંખલામાં ટ્રેક કરે છે. વૉરન્ટી સિસ્ટમ મુજબ હીરાની વસ્તુ જેટલી વખત હાથબદલો કરે તે તમામ વખતે તમામ ડાયમન્ડ સપ્લાયર અને ડાયમન્ડ જ્વેલરી ઉત્પાદકો વૉરન્ટી સ્ટેટમેન્ટ આગળ ધપાવે અને આગળના ખરીદદારને ખાતરી આપે કે હીરા કિમ્બર્લી પ્રક્રિયામાંથી પેદા થયેલા છે.

*સ્ત્રોત:*

- કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના
  www.kimberleyprocess.com
- *જ્વેલર્સ ઓફ અમેરિકા (યુએસ)*
  www.jewelers.org

સીઓપીની કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના અને વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલ સિસ્ટમ ફોર વૉરન્ટીઝ હીરાનું કામ કરતા તમામ સભ્યોને લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

1990ના દાયકાના અંતમાં સંઘર્ષયુક્ત હીરાના મુદ્દાએ જાહેર પ્રાધાન્ય મેળવવાનું શરૂ કર્યું હતું. માનવ અધિકારો માટે કામ કરતા બિન-સરકારી સંગઠનો (એનજીઓ)એ કાચા હીરાના ગેરકાયદે વેપાર તરફ લોકોનું ધ્યાન દોર્યું હતું. આ વેપાર અંગોલા અને સીએરા લિયોનમાં બળવાખોર ચળવળોને ભંડોળ પૂરૂં પાડતો હતો અને માનવ

અધિકાર અત્યાચારોમાં પરોક્ષ રીતે યોગદાન આપતો હતો. હીરા ઉદ્યોગને મિડીયા અને ગ્રાહકો વચ્ચે ચર્ચાના કેન્દ્ર સ્થાને લાવવામાં આવ્યો હતો.

તેના પ્રતિભાવમાં હીરા અને જ્વેલરી ઉદ્યોગે ઉકેલ મેળવવા માટે તેના નિયુક્ત પ્રતિનિધિ સંગઠન વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલ (ડબલ્યુડીસી) મારફતે યુનાઇટેડ નેશન્સ, મુખ્ય સરકારો અને એનજીઓની સાથે કામ કરવાનું શરૂ કર્યું હતું. આ બેઠકો કિમ્બર્લી પ્રક્રિયા તરીકે જાણીતી થઇ. પરિણામ સ્વરૂપ કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના (કેપીસીએસ) અમલમાં આવી જેનો ઉદ્દેશ સંઘર્ષયુક્ત હીરાને પુરવઠા શૃંખલામાં ઘૂસતા અટકાવવાનો છે. વિવિધ સરકારો દ્વારા આ સિસ્ટમનો અમલ કરાય છે અને બે દેશો વચ્ચે કાયદેસર કાચા હીરાની આયાત અને નિકાસને ટ્રેક કરે છે. તેને ટેકો આપવા માટે, ડબલ્યુડીસીએ સિસ્ટમ ઓફ વૉરન્ટીઝ (એસઓડબલ્યુ) ઉદ્યોગ સ્વનિયમનનો એક સ્વૈચ્છિક કાર્યક્રમ પણ ઘડ્યો હતો જે કટ અને પોલિશ્ડ પત્થરોના વેપારને પણ લાગુ પડે છે.

હીરા ઉદ્યોગે કિમ્બર્લી પ્રક્રિયા પ્રત્યે દૃઢ કટિબદ્ધતા દાખવી છે કારણકે સંઘર્ષયુક્ત હીરાના વેચાણમાં સામેલગીરી વ્યક્તિગત રીતે કંપનીઓની અને એકંદરે સમગ્ર ઉદ્યોગની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાનું જોખમ ધરાવે છે. કંપનીઓ જો કેપીસીએસ અથવા ડબલ્યુડીસી એસઓડબલ્યુનું પાલન કરવામાં નિષ્ફળ રહે તો તેનું ઔદ્યોગિક સંગઠનનું સભ્યપદ રદ્દ થઇ શકે છે અને વેપારમાં નુકસાન થઇ શકે છે.

તાજેતરના વર્ષોમાં કેપીસીએસ/એસઓડબલ્યુની 'સંઘર્ષયુક્ત હીરા'ની મૂળ વ્યાખ્યાને કારણે અસરકારકતાના અભાવ બદલ ટીકા થઇ રહી છે, જેનો ઉદ્દેશ બળવાખોર ચળવળોને કાચા હીરાના વેપાર મારફતે ભંડોળ ન મળે તે છે પરંતુ તેમાં સરકારી અથવા ખાનગી સુરક્ષા કંપનીઓ દ્વારા કરાતી હિંસા અને માનવ અધિકાર ભંગનો સમાવેશ કરાયો નથી. આ અર્થમાં, કેપીસીએસનું અનુપાલન આવશ્યક છે ત્યારે વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો તે હીરા પુરવઠા શૃંખલાને અસર કરતી અન્ય પ્રકારની સંઘર્ષગ્રસ્ત અથવા ભારે જોખમી પરિસ્થિતિઓ સાથે જોડાયેલા નથી તેની ખાતરી આપતી નથી. તેનાથી વાકેફ હોવું મહત્ત્વનું છે કે કેપીસીએસનું પાલન કરતા હીરાના ટ્રાન્ઝેક્શન હજુ પણ કદાચ ગેરકાયદે હોઇ શકે છે જો તેમાં સામેલ વ્યક્તિઓ, સંસ્થાઓ કે સંગઠનો પર રાષ્ટ્રીય કે આંતરાષ્ટ્રીય પ્રતિબંધ લાદવામાં આવ્યા હોય.

## C. મુખ્ય નિયમનો

*કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના*

કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના (કેપીસીએસ) 2003માં અમલી બની. કેપીસીએસ મુજબ સહભાગી રાષ્ટ્રો સંઘર્ષ હીરાને વાણિજ્યની કાયદેસર ચેનલોથી દૂર રાખે તે જરૂરી છે. કાચા હીરાની તમામ આયાત અને નિકાસ સરકારી કચેરી મારફતે થવી જોઇએ. આ કચેરી સ્ત્રોતની ખરાઈ કરે છે, ડાયમન્ડ કન્સાઇમેન્ટને ચેડા ન કરી શકાય તેવા કન્ટેનરોમાં પેક કરે છે અને સરકાર માન્ય કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણપત્ર આપે છે. પ્રત્યેક બનાવટ-વિરોધી પ્રમાણપત્રને વિશિષ્ટ નંબર હોવો જોઇએ અને તેમાં નિકાસનો સામાન અને નિકાસ કરનાર દેશનું વર્ણન કરતી માહિતી હોવી જોઇએ. કિમ્બર્લી પ્રક્રિયા પર સહી કરનાર સરકારોએ હીરાની હેરફેર પર આંતરિક નિયંત્રણ અમલી બનાવવું જરૂરી છે માત્ર કેપીસીએસનો ભાગ હોય તેવા દેશોને/માં જ હીરાની નિકાસ/આયાત કરી શકે છે. નોંધો કે, ઉદ્ગમસ્થાન દેશમાં કટ કે પોલિશ થતા કાચા હીરા કેપીસીએસ હેઠળ આવતા નથી કારણકે તેમની કાચા હીરા તરીકે નિકાસ થતી નથી.

*વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલ સિસ્ટમ ફોર વૉરન્ટીઝ (એસઓડબલ્યુ)*

કેપીસીએસ માટે ઔદ્યોગિક સમર્થન અને અંતિમ ગ્રાહકને વધારાની ખાતરી પૂરી પાડવા માટે, વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલ (ડબલ્યુડીસી)એ સિસ્ટમ ઓફ વૉરન્ટીઝ (એસઓડબલ્યુ) નામનો સ્વૈચ્છિક સ્વનિયમન કાર્યક્રમ ઘડ્યો છે. તે મુજબ પુરવઠા શૃંખલામાં કાચા, પોલિશ્ડ કે જ્વેલરીમાં જડેલા કોઇ પણ હીરાના તમામ કન્સાઇમેન્ટની સાથે તમામ ઇનવોઇસ પર લેખિત વોરન્ટી હોય. હીરા જેટલી વખત હાથબદલો કરે તે દરેક વખતે આ લાગુ પડે છે અને રિટેલ જ્વેલર્સ સુધી લંબાય છે (પરંતુ અંતિમ ગ્રાહકને લાગુ પડતું નથી) ડબલ્યુડીસી વૉરન્ટીનું સત્તાવાર નિવેદન નીચે મુજબ છેઃ

> *"અહીં ઇનવોઇસ કરાયેલા હીરા સંઘર્ષને ભંડોળ ન આપતા હોય તેવા અને યુનાઇટેડ નેશન્સના ઠરાવનું પાલન કરતા હોય તેવા કાયદેસર સ્રોત પાસેથી ખરીદવામાં આવ્યા છે. આથી વ્યક્તિગત જ્ઞાન અને/અથવા આ હીરાના સપ્લાયર દ્વારા આપવામાં આવેલી લેખિત ખાતરીને આધારે વેચાણકર્તા ખાતરી આપે છે કે આ હીરા સંઘર્ષ મુક્ત છે."*

નોંધો કે ડબલ્યુડીસી એસઓડબલ્યુ સ્ટેટમેન્ટ અંતિમ ગ્રાહકના ઇનવોઇસમાં સામેલ કરવામાં આવતું નથી. તમામ રિટેલરો માટે હીરા ખરીદવા માટે અને બિઝનેસને હીરા વેચવા માટેના તમામ ઇનવોઇસમાં સ્ટેટમેન્ટ હોવું જરૂરી છે.

મેળવેલા અને આપેલા વોરન્ટી ઇનવોઇઝિસનો રેકોર્ડ રાખવો જરૂરી છે, જે ઓડિટ કરી શકાય તેવા અને વાર્ષિક ધોરણે સુસંગત હોવા જોઇએ. જો સરકારી અધિકૃત એજન્સી દ્વારા માંગવામાં આવે તો આ રેકોર્ડ કાચા હીરા માટેની કિમ્બર્લી પ્રક્રિયાનું પાલન કરે છે તેવું સાબિત કરી શકે તેવા હોવા જોઇએ.

*સ્વ-નિયમનના ઔદ્યોગિક સિદ્ધાંતો*

તમામ હીરા અને જ્વેલરી ઉદ્યોગ સંગઠનો અને તેમના સભ્યોએ કેપી અને એસઓડબલ્યુ પાલન ઉપરાંત સ્વનિયમનના સિદ્ધાંતો અપનાવ્યા છે અને તેમણે નીચે મુજબ વર્તવુ ફરજિયાત છેઃ

- પોતાના ઇનવોઇસમાં વૉરન્ટી ડેક્લેરેશન સામેલ કરતી હોય માત્ર તેવી કંપની સાથે વેપાર કરવો;
- શકમંદ સ્રોત અથવા અજાણ્યા સપ્લાયરો પાસેથી અથવા કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજનાનો અમલ ન કરતા હોય તેવા દેશોમાંથી પેદા થયેલા હીરા ન ખરીદવા;
- એવા કોઇ પણ સ્રોત પાસેથી હીરા ન ખરીદવા જે કાનૂની બંધનકર્તા પ્રક્રિયા સિસ્ટમ બાદ માલુમ પડે કે તેણે સંઘર્ષયુક્ત હીરાના વેપાર પર પ્રતિબંધ મુકતા સરકારી નિયમોનો ભંગ કર્યો છે;
- એવા કોઇ પણ ક્ષેત્રમાંથી હીરા ન ખરીદવા જે સરકારી સત્તા દ્વારા એડવાઇઝરીને આધિન છે અને સૂચવે છે કે સંઘર્ષયુક્ત હીરા આવા ક્ષેત્રમાંથી આવી રહ્યાં છે અને વેચાણ માટે ઉપલબ્ધ છે, સિવાય કે આવા ક્ષેત્રોમાંથી કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજનાનું પાલન થતું હોય તેવી રીતે હીરાની નિકાસ થતી હોય;
- જાણી જોઇને સંઘર્ષયુક્ત હીરા ખરીદવા, વેચવા કે બીજાને ખરીદવા કે વેચવામાં મદદ કરવી નહીં;
- સુનિશ્ચિત કરો કે હીરાની ખરીદી કે વેચાણ કરતા કંપનીના તમામ કર્મચારીઓ વેપારમાં સંઘર્ષયુક્ત હીરા પર પ્રતિબંધ મુકતા વેપાર નિયમો અને સરકારી નિયમોથી વાકેફ હોય.

*રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો*

પ્રતિબંધોમાં વિવિધ પગલાઓનો સમાવેશ થઇ શકે છે, જેમાં લક્ષિત સરકાર અથવા બિન-સરકારી વ્યક્તિઓ, સંસ્થાઓ અથવા સંગઠનો સાથેના વેપાર અથવા અન્ય આર્થિક પ્રવૃત્તિ પર નિયંત્રણ કે પ્રતિબંધ મુકતા કાયદા અને નિયમોનો સમાવેશ થાય છે. યુએન સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવો મુજબ આ પગલાઓ ઘણી વખત બહુપક્ષીય

રીતે લાગુ પડે છે. પ્રતિબંધો બ્લોક કરાયેલી સંસ્થાઓ કે વ્યક્તિઓ સાથે કરાતા પ્રત્યક્ષ અને પરોક્ષ બંને પ્રકારના ટ્રાન્ઝેક્શન પર રોક લગાવી શકે છે. લાગુ પડતા પ્રતિબંધો અંગેની વર્તમાન માહિતી સંબંધિત સત્તાવાળાઓ દ્વારા જાળવવામાં આવતી યાદીઓ મારફતે મેળવી શકાય છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 27.1: સંઘર્ષયુક્ત હીરા:** સભ્યો જાણી જોઈને વિવાદાસ્પદ હીરાઓ ખરીદશે કે વેચશે નહીં અથવા અન્યોને આમ કરવામાં મદદ નહીં કરે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - એક વરિષ્ઠ મેનેજરને માથે આંતરિક કાર્યક્રમ, સ્ટાફ તાલીમ અને કોઇ પણ બાહ્ય રિપોર્ટિંગ સહિત કેપીસીએસ/એસઓડબલ્યુ અમલના વ્યવસ્થાપનની અને લાગુ પડતા કોઇ પણ પ્રતિબંધો અંગે છેલ્લામાં છેલ્લી માહિતી જાળવવાની જવાબદારી હોવી જોઇએ (જૂઓ કાનૂની અનુપાલન).
  - સંઘર્ષયુક્ત હીરાના વેચાણમાં સામેલગીરીની અસલામતી અને લક્ષિત વ્યક્તિઓ, સંસ્થાઓ અથવા સંગઠનો સાથે ટ્રાન્ઝેક્શન અલગ તારવવા માટે કારોબારના સંજોગોને અનુરૂપ જોખમ મૂલવણી કદાચ ઉપયોગી થઇ શકે છે.
  - શકમંદ સ્ત્રોત અથવા અજાણ્યા સપ્લાયરો પાસેથી આવતા હીરા અથવા કેપીસીએસનો અમલ ના કરતા હોય તેવા દેશમાંથી પેદા થયેલા હીરા અથવા લક્ષિત વ્યક્તિઓ સંસ્થાઓ કે સંસ્થાઓને સામેલ કરી શકે તેવા હીરાનું ટ્રાન્ઝેક્શન અટકાવવા માટે કાર્યવાહીઓ, ટેસ્ટિંગ અને તાલીમ સહિતની સિસ્ટમ્સ અમલી હોવી જોઇએ.
  - ટ્રાન્ઝેક્શન લક્ષિત વ્યક્તિઓ, સંસ્થાઓ અથવા સંગઠનોને પરોક્ષ રીતે સામેલ કરી શકે છે તેવી શંકા હોય તો ડ્યુ ડિલિજેન્સ હાથ ધરવું જોઇએ.

- **સીઓપી 27.2: કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના:** *સભ્યો, જ્યાં કાચા હીરાના આંતરરાષ્ટ્રીય વેપારની સાથે સંલગ્ન હોય, ત્યાં તેમણે કિમ્બર્લે પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના અને સંબંધિત રાષ્ટ્રીય કાયદાઓ મુજબ કાચા હીરાના આયાત અને નિકાસની ખરાઈની પ્રણાલી અને નિયંત્રણો લાગુ કરવાના રહેશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - નિકાસ કરાતા અથવા આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરતા કાચા હીરાના દરેક શિપમેન્ટની સાથે અનન્ય નંબર ધરાવતું અને સરકાર માન્ય કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણપત્ર હોવું જ જોઇએ.
  - જે કંપનીઓ કેપી પ્રમાણપત્ર હેઠળ પહેલેથી આયાત કરેલા કાચા હીરાની ફરીથી નિકાસ કરવા ઇચ્છે છે તેઓ ઓડિટ કરી શકાય તે રીતે નિદર્શિત કરવા સક્ષમ હોવા જોઇએ કે શિપમેન્ટમાં રહેલા હીરા આવશ્યક વૉરન્ટી હેઠળ આવરેલા છે.

- સભ્યો તેઓ જ્યાં પણ કામગીરી કરે છે તે તમામ અધિકાર ક્ષેત્રોમાં કિમ્બર્લી પ્રક્રિયાનો અમલ કરતા સુસંગત રાષ્ટ્રીય કાયદાઓથી વાકેફ હોવા જોઇએ અને તે કાયદાઓની માહિતી તેમને ઉપલબ્ધ હોવી જોઇએ.

- **સીઓપી 27.3: *સિસ્ટમ ઓફ વૉરન્ટી:*** *સભ્યો, જ્યાં હીરાની ખરીદી અને વેચાણમાં સામેલ હોય, પછી તે કાચા, પૉલિશ્ડ અથવા આભૂષણોમાં સુયોજિત કરવામાં આવ્યાં હોય, ત્યાં તેઓ વિશ્વ હીરા પરિષદ વૉરંટીની પ્રણાલીને અપનાવશે અને સુનિશ્ચિત કરશે કે બધા સંકળાયેલા ઇનવૉઇસ નીચેના હકારાત્મક નિવેદનો અથવા સમકક્ષ શબ્દો ધરાવે છે જે સમાન વૉરંટી પૂરી પાડે છે.*

  *“અહિં ઇનવોઇસ કરવામાં આવેલ હીરાની ખરીદી કાયદેસરના સ્ત્રોતમાંથી ખરીદવામાં આવ્યાં છે જે ઘર્ષણના ભંડોળમાં સામેલ નથી અને સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ સાથે અનુકૂલનમાં છે. વેચાણકર્તા આથી બાંયધરી આપે છે કે આ હીરા, વ્યક્તિગત જ્ઞાન અને/અથવા આ હીરાના આપૂર્તિકાર દ્વારા આપવામાં આવેલ લેખિત બાંયધરીના આધારે, વિવાદરહિત છે.”*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - પ્રત્યેક વ્યક્તિગત ઇનવોઇસની સાથે એસઓડબલ્યુ અથવા તેને સમકક્ષ સ્ટેટમેન્ટ હોવા જ જોઇએ.
  - જો હીરાના શિપમેન્ટની સાથે વૉરન્ટી સ્ટેટમેન્ટ ના હોય તો હીરાનું શિપમેન્ટ સ્વીકારવામાં ના આવે અને સપ્લાયર આગળ યોગ્ય વૉરન્ટી ના આપી શકે તેવા આગામી પગલાં સુનિશ્ચિત કરવા માટે કાર્યવાહીઓ અમલી હોવી જોઇએ

- **સીઓપી *27.4*: ઓડિટ્સ**: *સભ્યો તમામ કિમ્બર્લે પ્રક્રિયા પ્રમાણપત્રો અને વૉરંટીની પ્રણાલીના પ્રાપ્ત અને આપવામાં આવેલ ઇનવોઇસની નોંધ રાખશે, અને તેનું વાર્ષિક ધોરણે આરજેસી ઓડિટના ભાગરૂપે અથવા પ્રમાણીકરણના સમયગાળા દરમિયાન આરજેસી દ્વારા અધિકૃત કરવામાં આવેલ ઓડિટર દ્વારા, અથવા એક અલગ સ્વતંત્ર ઓડિટર દ્વારા, કારોબારના સંજોગોને જેમ અનુકૂળ હોય તે રીતે ઓડિટ કરાવશે અથવા સુમેળ સાધશે. જો અધિકૃત સરકારી સંસ્થા દ્વારા પૂછવામાં આવે તો, આ નોંધો કિમ્બર્લે પ્રક્રિયા સાથે સુસંગતતાને સાબિત કરવા સમર્થ હોવા જોઇએ.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - પાંચ વર્ષના મેળવેલા વૉરન્ટી ઇનવોઇસ અને આપેલા વૉરન્ટી ઇનવોઇસનો રેકોર્ડ હોવો જોઇએ.
  - દર વર્ષે, તમારા ઓડિટર તે ખરાઈ કરવા સક્ષમ હોવા જોઇએ કે તમે મેળવેલી વૉરન્ટી અને આપેલી વૉરન્ટીનો ચોક્કસ અને અનુરૂપ રેકોર્ડ જાળવેલા છે.
  - એસઓડબલ્યુને લગતું રેકોર્ડ-કીપિંગ સામાન્ય આંતરિક નિયંત્રણ કાર્યવાહીઓ સાથે સંકલિત હોવું જોઇએ.
  - ઓડિટર સભ્યોથી સ્વતંત્ર હોવા જોઇએ.
  - ઓડિટર સમીક્ષા કરવાનું અને તમારી કેપીસીએસ/એસઓડબલ્યુ કાર્યવાહીઓની ચકાસણી કરવાનું વિચારો.

- **સીઓપી 27.5: *હીરાને લગતા પ્રતિબંધો:*** *સભ્યો લક્ષિત વ્યક્તિઓ, એકમો અથવા સંગઠનો સાથે હીરાને સામેલ કરતાં લેવડ-દેવડના વ્યવહારોને પ્રતિબંધિત કરતાં હોય તેવાં લાગુ પડતા આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પ્રતિબંધો વિશેની સભાનતા જાળવતા અને તેની સાથે સુસંગતતા ધરાવતા હશે.*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- ઉપરોક્ત સીઓપી 27.1 હેઠળ ધ્યાનમાં રાખવાના મુદ્દા જૂઓ.

- ***સીઓપી27.6કર્મચારીને જાણ કરો:*** *સભ્યો જે હીરાની ખરીદ અથવા વેચાણ કરે છે તેવા તમામ કર્મચારીઓને હીરા, વિવાદાસ્પદ હીરાના વેપાર પર સરકારી પ્રતિબંધો, કિમ્બર્લે પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના અને વિશ્વ હીરા પરિષદ વૉરંટીની પ્રણાલી વિશે જણાવશે.*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- જવાબદાર મેનેજરે હીરાની ખરીદી અથવા વેચાણ કરતા તમામ કર્મચારીઓના રેકોર્ડ જાળવવા જોઇએ અને તેમણે તાલીમ મેળવેલી છે તે નોંધો.
- તાલીમ કર્મચારીઓની ભૂમિકા અને જવાબદારીઓને યોગ્ય હોવી જોઇએ અને કેપીસીએસ અને એસઓડબલ્યુનું અનુપાલન સુનિશ્ચિત કરવા માટે અનુસરનારી કાર્યવાહીઓ પર તાલીમનો સમાવેશ કરવો જોઇએ.
- તે જરૂરિયાતને ધ્યાનમાં લો કે આવા તમામ કર્મચારીઓ તે કહેતા દસ્તાવેજ પર હસ્તાક્ષર કરે કે તેઓ કિમ્બર્લી પ્રક્રિયાના અમલ માટે વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલનું આવશ્યક માર્ગદર્શન વાચ્યું અને સમજ્યું છે.

તપાસો:

✓ શું તમારે ત્યાં સંઘર્ષયુક્ત હીરાની ખરીદી અને બ્લોક કરાયેલી સંસ્થાઓ સાથે ટ્રાન્ઝેક્શન અટકાવવા માટે સિસ્ટમ અમલી છે?

✓ શું સંબંધિત કર્મચારીઓએ કેપીસીએસ/એસઓડબલ્યુ અંગે તાલીમ મેળવેલી છે?

✓ શું તમે લાગુ પડતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોથી વાકેફ છો?

✓ શું સ્વતંત્ર ઓડિટર વર્ષના અંતે ખરાઈ કરે છે કે તમે મેળવેલી અને આપેલી વૉરન્ટીઓના ચોક્કસ અને સુસંગત રેકોર્ડ્સ જાળવ્યા છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના અને વૉરન્ટીઝની સિસ્ટમ પર વધારાની માહિતી ધરાવે છે:

- ડી બિયર્સ – કોનફ્લિક્ટ ડાયમન્ડ્સ
  www.debeersgroup.com/sustainability/ethics/conflict-diamonds/
- ડાયમન્ડ ડેવલપમેન્ટ ઇનિશિયેટિવ (ડીડીઆઇ)
  www.ddiglobal.org
- યુરોપિયન કમિશન યુરોપિયન એક્સ્ટર્નલ એક્શન સર્વિસ- સેન્કશન્સ
  http://eeas.europa.eu/cfsp/sanctions/index_en.htm
- Global Witness – સંઘર્ષયુક્ત હીરા
  www.globalwitness.org/conflict-diamonds
- જ્વેલર્સ ઓફ અમેરિકા (યુએસ)
  www.jewelers.org
- કિમ્બર્લી પ્રક્રિયા પ્રમાણીકરણ યોજના:

www.kimberleyprocess.com

- પાર્ટનરશિપ આફ્રિકા કેનેડા – કોન્ફ્લિક્ટ ડાયમન્ડ

  www.pacweb.org/en/conflict-diamonds
- યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ધ ટ્રેઝરી- ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કન્ટ્રોલ

  www.treasury.gov/resource-center/sanctions/Programs/Pages/Programs.aspx
- યુએન સિક્યુરિટી કાઉન્સિલ સેન્ક્શન્સ લિસ્ટ્સ

  www.un.org/sc/committees/index.shtml
- વર્લ્ડ ડાયમન્ડ કાઉન્સિલ –ડાયમન્ડ ફેક્ટ્સ

  www.diamondfacts.org

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 28) શ્રેણીકરણ અને મૂલવણી

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**હીરાનું શ્રેણીકરણ** એ હીરાના કટ, રંગ, સ્પષ્ટતા અને કેરેટ વજનની દૃષ્ટિએ હીરાની લાક્ષણિકતાનું વર્ગીકરણ છે.

હીરાનું શ્રેણીકરણ એ રત્નોની લાક્ષણિકતાઓની વર્ગીકરણની પ્રક્રિયા છે જે સ્વતંત્ર પ્રયોગશાળાઓ અથવા ઇન-હાઉસ હાથ ધરી શકાય છે. હીરાનું ચોકસાઇથી વજન કરી શકાય છે અને ચોક્કસ કેરેટ મૂલ્ય, દા.ત. 1.17 કેરેટ, આપી શકાય છે  ત્યારે હીરાના કટ, રંગ અને સ્પષ્ટતાનું વર્ગીકરણ કરવામાં આવે છે અને એક શ્રેણીમાં નોંધવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ઇ રંગનો હીરો એફ રંગના હીરા કરતા સારો છે પરંતુ ડી રંગના હીરા કરતા ખરાબ છે, તેવી જ રીતે વીએસ1 સ્પષ્ટતા વીએસ2 સ્પષ્ટતા કરતા વધુ સારી છે પરંતુ વીવીએસ2 સ્પષ્ટતા કરતા ખરાબ છે. હીરાના શ્રેણીકરણના માપદંડો અને પદ્ધતિઓ અને શ્રેણીકરણ અહેવાલમાં રહેલી માહિતી અથવા પ્રમાણપત્રો પ્રયોગશાળાને આધારે અલગ હોઇ શકે છે.

**હીરાના શ્રેણીકરણનો અહેવાલ** એ હીરાની ભૌતિક લાક્ષણિકતાઓના શ્રેણીકરણનો અહેવાલ છે, તે સામાન્ય રીતે કટ, રંગ, સ્પષ્ટતા અને કેરેટ વજનની દૃષ્ટિએ હોય છે. જો નાણાકીય મૂલ્ય પર મંતવ્યને હીરાના શ્રેણીકરણ અહેવાલમાં સામેલ કરવામાં આવે તો તેને મૂલવણી અહેવાલ પણ કહેવાય છે.

**મૂલવણી** એ જ્વેલરી આઇટમની ઓળખ, સંયોજન અને ગુણવત્તાને આધારે નાણાકીય મૂલ્ય નક્કી કરવાની પ્રક્રિયા છે.
મૂલવણી (અથવા મૂલ્યાંકન) આકારણી અને શ્રેણીકરણ દ્વારા પેદા થતી માહિતી આપે છે અને જ્વેલરી આઇટમ સાથે જોડાયેલા નાણાકીય મૂલ્ય આંકે છે અને તેનું દસ્તાવેજીકરણ કરે છે. મૂલવણીકાર દ્વારા સંયોજન અને ગુણવત્તા ઓળખવા અને રત્ન અથવા જ્વેલરીનું મૂલ્ય મૂકવા માટે માર્ગદર્શનો, કિંમત યાદીઓ અને નિપૂણતાનો ઉપયોગ કરવામાં આવે છે. વીમો, પ્રોબેટ અથવા બજાર મૂલવણી માટે મૂલવણીઓ તૈયાર કરી શકાય છે. કેટલાક મૂલવણીકારો સ્વતંત્ર સેવાઓ ઓફર કરે છે જ્યારે અન્ય રિટેલ વાતાવરણમાં કામ કરી શકે છે અથવા માલિકીવાળું રિટેલ વાતાવરણ ધરાવી શકે છે. રિટેલ વેચાણમાં મૂલવણીઓનો ઉપયોગ ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ કાનૂની મુદ્દાઓ ઊભા કરી શકે છે, જે અધિકારક્ષેત્રવાર અલગ હોઇ શકે છે.

**મૂલવણી અહેવાલ** એ જ્વેલરી આઇટમની ઓળખ, સંયોજન અને ગુણવત્તાને આધારે નાણાકીય મૂલ્યનો દસ્તાવેજી મંતવ્ય છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

શ્રેણીકરણ અને મૂલવણી  જ્વેલરી ઉદ્યોગમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે અને ગ્રાહકને ખરીદીનો નિર્ણય કરવામાં અને તેમની મિલકતનું રક્ષણ કરવામાં અને વીમો મેળવવામાં સહાય કરી શકે છે. માટે શ્રેણીકરણ અને મૂલવણી અહેવાલોમાં આપવામાં આવેલી માહિતી પારદર્શક હોવી જોઇએ અને તેનો છેતરામણી રીતે ઉપયોગ ના થવો જોઇએ.

શ્રેણીકરણ અને મૂલવણી બંનેમાં નિષ્ણાત ચુકાદો અને મંતવ્ય હોય છે અને કેટલીક વખત સ્વતંત્ર ના હોય તેવા વ્યક્તિઓ દ્વારા તે આપવામાં આવે છે. જે વસ્તુનું શ્રેણીકરણ અને મૂલવણી કરવામાં આવે છે તેમાં જો શ્રેણીકાર અથવા મૂલવણીકારનું સ્થાપિત હિત હોય તો આ હિત જાહેર કરવામાં આવે તે આવશ્યક છે.

હીરાના શ્રેણીકરણનો અહેવાલ, અથવા શ્રેણીકરણ પ્રમાણપત્રમાં સામાન્ય રીતે વજન, રંગ, સ્પષ્ટતા અને જડ્યા વગરના રત્નના કટનો સમાવેશ થાય છે. હીરો કુદરતી તરીકે ઓળખાયેલો છે કે નહીં, તે ટ્રીટ કરેલો કે કૃત્રિમ છે, તેનો આકાર અને માપ, કટનું પ્રમાણ અને ફિનિશ ગ્રેડ, ફ્લોરોસન્સ, ઓળખ ચિહ્ન પર ટિપ્પણી અને ઇશ્યુનું સ્થળ અને તારીખ અંગેના નિવેદનોનો પણ અહેવાલમાં સમાવેશ થઇ શકે છે.

જ્વેલરી ઉદ્યોગમાં વીમાના ઉદ્દેશ માટે રિટેલરો દ્વાર અવારનવાર મૂલવણીઓ પૂરી પાડવામાં આવતી હોય છે. લાગુ પડતા કાયદા અને ઉદ્યોગ માર્ગદર્શિકાઓ આવી મૂલવણીઓ વચ્ચે મહત્ત્વના ભેદ કરી શકે છે જેનો વધુ ચોક્કસ રીતે "વીમા બદલી તફાવત ખર્ચ અંદાજ" અને ઇન્ટરનેશનલ વેલ્યૂએશન સ્ટાન્ડર્ડ્સ કાઉન્સિલ અને યુનિફોર્મ સ્ટાન્ડર્ડ ઓફ પ્રોફેશનલ એપરેઝલ પ્રેક્ટિસ જેવા વ્યવસાયિક માપદંડની માન્યતાને અનુરૂપ નિષ્ણાતો દ્વારા હાથ ધરવામાં આતા મૂલવણીઓ તરીકે ઉલ્લેખ થઇ શકે છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

*હીરાના શ્રેણીકરણને લાગુ પડતા:*

ઇન્ટરનેશનલ ડાયમન્ડ કાઉન્સિલે પોલિશ્ડ હીરાના શ્રેણીકરણ માટે આંતરરાષ્ટ્રીય નિયમો ઘડ્યા છે જે 2008માં સુધારવામાં આવ્યા હતા. આઇડીસી નિયમોને સીઆઇબીજેઓ દ્વારા માન્ય છે અને સ્પષ્ટ હીરા શબ્દાવલિ માટે સંદર્ભ મુદ્દો બન્યો છે.

આઇએસઓ/આઇઇસી 17025:2005 પરિક્ષણો અને/અથવા અંશાંકન હાથ ધરવાની ક્ષમતા માટે સામાન્ય જરૂરિયાતો નિર્ધારિત કરે છે. તેનો પ્રયોગશાળાઓમાં ગુણવત્તા, વહીવટ અને ટેક્નીકલ કામગીરી માટે તેમની વ્યવસ્થાપન સિસ્ટમ ઘડવા માટે ઉપયોગ થાય છે.

સીઆઇબીજેઓ જેમોલોજિકલ લેબોરેટરી બુક જેમોલોજિકલ પ્રયોગશાળાઓને ગુણવત્તા, વહીવટ અને તકનીકી કામગીરી માટે તેમની વ્યવસ્થાપન સિસ્ટમ ઘડવામાં માર્ગદર્શન પૂરું પાડે છે.

યોગ્ય નામકરણનો ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે સીઆઇબીજેઓ ડાયમન્ડ બુક એવા તમામ લોકોને સહાય કરવા માટે તૈયાર કરવામાં આવી છે જેઓ હીરા, ટ્રીટેડ હીરા, કૃત્રિમ હીરા અને કૃત્રિમ હીરાની ખરીદી કે વેચાણ સાથે સંકળાયેલા છે.

મૂલવણીને લાગુ પડતું:

ઇન્ટરનેશનલ વેલ્યુએશન સ્ટાન્ડર્ડ્સ કાઉન્સિલ (આઇવીએસસી) મૂલ્યાંકન હાથ ધરવા માટે ટેક્નીકલ અને નૈતિક માપદંડો ઘડે છે.

એપરેઝલ ફાઉન્ડેશન અમેરિકામાં યુનિફોર્મ સ્ટાન્ડર્ડ્સ ઓફ પ્રોફેશનલ એપરેઝલ પ્રેક્ટિસ (યુએસપીએપી) મારફતે મૂલ્યાંકન વ્યવસાયના સામાન્ય સ્વીકૃત માપદંડો પ્રકાશિત કરે છે.

*રાષ્ટ્રીય કાયદો*

મોટા ભાગના દેશો વેપાર અને ગ્રાહક માર્કેટિંગ માટે કાયદા ધરાવે છે જે જ્વેલરી પ્રોડક્ટ સહિતના માલસામાનની સામગ્રીના કોઇ પણ પાસાના ખોટી રીતે વર્ણનને ગેરકાયદે ઠેરવે છે. ઉદાહરણ તરીકે, યુનાઇટેડ સ્ટેટ્સની ફેડરલ ટ્રેડ કમિશન (એફટીસી) ગાઇડ ફોર જ્વેલરી, પ્રિસીયસ મેટલ્સ અને પ્યૂટર ઇન્ડસ્ટ્રીઝ સ્ટેટ્સ ઇન એસ 23.1 ડિસેપ્શન (સામાન્ય):

> *ઔદ્યોગિક પ્રોડક્ટના પ્રકાર, ગ્રેડ, ગુણવત્તા, જથ્થો, ધાત્વીય ઘટક, કદ, વજન, કટ, રંગ, લક્ષણ, માવજત, પદાર્થ સાસત્યતા, મૂળ, કિંમત, મૂલ્ય, બનાવટ, ઉત્પાદન, નિર્માણ, વિતરણની અથવા કોઇ પણ અન્ય સામગ્રી પાસાની ખોટી રજૂઆત અન્યાયી અથવા છેતરામણી છે.*

ઇયુ ડિરેક્ટિવ્સ ઓન મિસલીડિંગ એન્ડ કમ્પેરેટિવ એડવર્ટાઇઝિંગ ગેરમાર્ગે દોરતી જાહેરાતો, એટલે કે એવી કોઇ પણ જાહેરાત કે જે કોઇ પણ રીતે તેના શબ્દો કે રજૂઆતમાં નીચે મુજબ હોયઃ

- એવા વ્યક્તિઓને સંબોધાયેલી કે પહોંચતી જાહેરાત કે જે છેતરામણી અથવા સંભવતઃ છેતરામણી હોય.
- તેના છેતરામણા સ્વભાવને કારણે તે તેમની આર્થિક વર્તણૂકને અસર કરતી હોય
- હરીફને હાનિ કરે અથવા સંભવતઃ હાનિ કરે તેવા પ્રકારની હોય.

સભ્યો તેઓ જે અધિકારક્ષેત્રોમાં કામગીરી કરે છે તેના તમામ લાગુ પડતા કાયદાથી વાકેફ હોવું જરૂરી છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદું તરીકે જોવાવું જોઇએ.*

શ્રેણીકરણ અને મૂલવણી માટે લાગુ પડતા કાયદા સંબંધિત આંતરરાષ્ટ્રીય માપદંડો અને નિયમનકારી જરૂરિયાતોના સંભવિત ભંગને ઓળખવા માટે કાનૂની અનુપાલન પ્રત્યે તમારા અભિગમનો ઉપયોગ કરો.

- ***સીઓપી 28.1: સંશ્લેષણ અથવા ટ્રીટમેન્ટનો પત્તો લગાવવો:*** *જે સભ્યો સ્વતંત્ર હીરાનાં વર્ગીકરણ અહેવાલ તૈયાર કરતાં હોય તેઓ એ ઓળખ કરશે કે શું કૃત્રિમ અને/અથવા અન્ય સારવારોની તપાસ મૂલ્યાંકનનો ભાગ છે કે કેમ.*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- ○ શ્રેણીકરણ અહેવાલોમાં સામાન્ય રીતે હીરાની ઓળખ થવી જોઇએ જેમકે, કુદરતી હીરો, ટ્રીટેડ હિરો અથવા કૃત્રિમ હીરો. જોકે, ગ્રાહકો ખોટી રીતે ધારી શકે છે કે હીરાનું શ્રેણીકરણ કરતી પ્રયોગશાળા હીરો કૃત્રિમ કે ટ્રીટેડ છે કે નહીં તે નક્કી કરવા માટે હંમેશા ચકાસણી હાથ ધરે છે.
- ○ સ્વતંત્ર હીરાના શ્રેણીકરણનો અહેવાલ બનાવતા સભ્યોએ મૂલવણી કૃત્રિમ અને/અથવા ટ્રીટમેન્ટ હીરાની કસોટીને સામેલ કરે છે કે નહીં તેની સ્પષ્ટ સમજ સુનિશ્ચિત કરવા અને તમામ શ્રેણીકરણ અહેવાલોમાં યોગ્ય ડિસક્લોઝર પૂરા પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે યોગ્ય સિસ્ટમ્સ અમલી છે તે સુનિશ્ચિત કરવા માટે તેમના અહેવાલની વિગતોની સમીક્ષા કરવી જોઇએ.

- ***સીઓપી 28.2: માટેના હેતુનું મૂલવણી અહેવાલ :*** *જે સભ્યો છેવાડાના ગ્રાહકો માટે સ્વતંત્ર મૂલ્યાંકન અહેવાલો તૈયાર કરે છે તેઓએ એ વપરાશકર્તાનું નામ કે જેને આ અહેવાલ આપવામાં આવી રહ્યો છે અને મૂલ્યાંકન માટેના હેતુનું નિવેદન સામેલ કરવું પડશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - ○ જ્વેલરી ઉદ્યોગમાં મૂલવણીની જોગવાઇ જટીલ વિષય વિસ્તાર છે અને જ્વેલરી પ્રોડક્ટના મૂલ્ય અંગે મંતવ્ય આપવા સાથે સંકળાયેલી કોઇ પણ વ્યક્તિએ તે સુનિશ્ચિત કરવું જોઇએ કે તે તેની કાનૂની જવાબદારીઓથી વાકેફ છે.
  - ○ વ્યવહારસંહિતા જ્વેલરી પ્રોડક્ટ્સના મૂલવણીકર્તાઓ માટે વિગતવાર માપદંડ આપતી નથી. સ્વતંત્ર મૂલવણી અહેવાલો બનાવતા સભ્યોએ લાગુ પડતા કાયદા અને વ્યવસાયિક માપદંડોનું પાલન કરતા તેમ કરવું જોઇએ. સભ્યો કામ કરે છે તે મોટા ભાગના અધિકારક્ષેત્રો રાષ્ટ્રીય વ્યવસાયિક સંગઠનો ધરાવે છે જે વ્યવહારસંહિતા અને મૂલવણી અને મૂલ્યાંકન સેવાઓની જોગવાઈ માટે લઘુતમ માપદંડ પૂરા પાડે છે.
  - ○ ખાસ કરીને અમેરિકામાં કામ કરતા, જે મૂલવણીકારો અને રિટેલરો ઇન્શ્યોરન્સ રિપ્લેસમેન્ટ કોસ્ટ એસ્ટિમેટ આપે છે તેઓ જ્વેલર્સ વિજિલન્સ કમિટીના *એપરેઝલ ટાસ્ક ફોર્સ રેકમન્ડેડ મિનિમમ ગાઇડલાઇન્સ ફોર ઇન્શ્યોરન્સ રિપ્લેસમેન્ટ કોસ્ટ એસ્ટિમેટ ડોક્યુમેન્ટેશન ફોર જ્વેલર્સ*થી વાકેફ હોવા જોઇએ. ટાસ્ક ફોર્સ ભલામણ કરે છે કે, વેચાણકર્તાઓ 'મૂલવણી'ના બદલામાં ઇન્શ્યોરન્સ રિપ્લેસમેન્ટ કોસ્ટ એસ્ટિમેટ આપે અન્યથા દસ્તાવેજ યુએસપીએપી માપદંડ મુજબ એક મૂલવણી તરીકે ઓછામાં ઓછી લાયક ઠરશે.

- ***સીઓપી 28.3: કોઇ પણ સ્થાપિત હિતનું ડિસક્લોઝર:*** *જે સભ્યો છેવાડાના ગ્રાહકોને હીરા વર્ગીકરણ અહેવાલ અથવા મૂલ્યાંકન અહેવાલ રજૂ કરી રહ્યા છે જે વાજબીપણે સ્વતંત્ર એવો અર્થ ધરાવી શકે છે તેમાં વર્ગીકરણકર્તા અથવા મૂલ્યાંકનકાર દ્વારા ઝવેરાત ઉત્પાદનના વેચાણમાં સંલગ્ન હિત ધરાવતાં હોય તે જાહેર કરશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - ○ લાગુ પડતા શ્રેણીકરણ અહેવાલ અથવા મૂલવણી અહેવાલમાં યોગ્ય ડિસક્લોઝર આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે નીતિઓ અને કાર્યવાહીઓ અમલી હોવા જોઇએ.
  - ○ જો સભ્યના અહેવાલની માહિતી સભ્યને વાણિજ્યિક કે આર્થિક લાભની પ્રત્યક્ષ કે પરોક્ષ તક આપતી હોય તો સભ્યનો જ્વેલરી પ્રોડક્ટમાં સ્થાપિત હિત હશે.

- બ્રાન્ડેડ ડાયમન્ડના માર્કેટિયર દ્વારા 'ઉત્પાદકની સૂચિત વેચાણ કિંમત' અથવા સૂચિત રિટેલ કિંમત સામાન્ય રીતે છેતરામણી નહીં ગણવામાં આવે કારણ કે માહિતી એવા પક્ષ દ્વારા આપવામાં આવે છે જે પોતાની જાતને સ્વતંત્ર તરીકે રજૂ કરતી નથી.

- ***સીઓપી 28.4: વેચાણ સાધન તરીકે ઇનફ્લેટેડ (વધારીને બતાવેલા) મૂલવણી અહેવાલનો ઉપયોગ:*** *સભ્યો હીરા, કૃત્રિમ, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓના ઝવેરાત ઉત્પાદનોની વેચાણ કિંમતની આકર્ષકતા વિશે છેવાડાના ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાની વ્યૂહરચના તરીકે વધારીને બતાવેલા ભાવવાળા સ્વતંત્ર મૂલ્યાંકન અહેવાલોનો ઉપયોગ નહીં કરે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - હીરા, કૃત્રિમ પદાર્થો, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુઓની જ્વેલરી પ્રોડક્ટ વેચતા સભ્યોએ કોઇ પણ મૂલવણી દસ્તાવેજ પ્રસ્તુત કરવો નહી જે સભ્ય દ્વારા પોતાની જાતે 'સ્વતંત્ર' તરીકે તૈયાર કર્યો છે. જો આવા સભ્યએ દસ્તાવેજ તૈયાર કર્યો હોય તો દસ્તાવેજમાં તેનો ગ્રાહકને સરળતાથી દેખાઈ શકે તેવી રીતે ઉલ્લેખ થયેલો હોવો જોઇએ કે સભ્યએ આવો દસ્તાવેજ બનાવ્યો છે.
  - હીરા, કૃત્રિમ પદાર્થો, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુની જ્વેલરી પ્રોડક્ટના વેચાણમાં સ્વતંત્ર મૂલવણી અહેવાલોનો ઉપયોગ કરતા સભ્યોએ તે સુનિશ્ચિત કરવા સિસ્ટમ્સ અમલી બનાવેલી હોવી જોઇએ કે, તેઓ ગેરમાર્ગે દોરતી પ્રસ્તુતિ અને છેતરામણી માર્કેટ પ્રેક્ટિસને લગતા લાગુ પડતા કાયદાઓનું પાલન કરે છે.
  - હીરા, કૃત્રિમ પદાર્થો, સોનું અને/અથવા પ્લેટિનમ જૂથની ધાતુની જ્વેલરી પ્રોડક્ટના વેચાણના ભાગ તરીકે સ્વતંત્ર મૂલવણી અહેવાલોનો ઉપયોગ કરાતો હોય અને વેચાણ કિંમત સ્વતંત્ર મૂલવણી કરતા ઓછી હોય તો આ બે વચ્ચેનો તફાવત વેચાણ દસ્તાવેજમાં ગ્રાહકને સમજાય તેવી રીતે લેખિતમાં હોવું જોઇએ.
  - બ્રાન્ડેડ ડાયમન્ડના માર્કેટિયર દ્વારા 'ઉત્પાદકની સૂચિત વેચાણ કિંમત' અથવા સૂચિત રિટેલ કિંમત સામાન્ય રીતે છેતરામણી નહીં ગણવામાં આવે કારણ કે માહિતી એવા પક્ષ દ્વારા આપવામાં આવે છે જે પોતાની જાતને સ્વતંત્ર તરીકે રજૂ કરતી નથી.

**તપાસો:**

- ✓ જો તમે સ્વતંત્ર હીરા શ્રેણીકરણ અહેવાલો તૈયાર કરતા હો તો તેમાં તમે તે સ્પષ્ટતાનો સમાવેશ કરો છો કે સંશ્લેષણ અને/અથવા માવજતની કસોટીનો સમાવેશ કરે છે કે નહીં?
- ✓ જો તમે અંતિમ ગ્રાહક માટે સ્વતંત્ર હીરા શ્રેણીકરણ અહેવાલ તૈયાર કરતા હો તો તમે તમારા અહેવાલોમાં જેના માટે અહેવાલ તૈયાર કરો છો તે ગ્રાહક અને મુલવણીના ઉદ્દેશને ઓળખો છે?
- ✓ જો તમે અંતિમ ગ્રાહકમાટે હીરા શ્રેણીકરણ અહેવાલો અથવા મૂલવણી અહેવાલો તૈયાર કરતા હો જેને કદાચ સ્વતંત્ર ગણવામાં આવે પરંતુ તમે પ્રોડક્ટના વેચાણમાં સ્થાપિત હિત ધરાવતા હો તો તે જાહેર કરવા જોઇએ.
- ✓ શું તમે તે સુનિશ્ચિત કરવા કાર્યવાહી ધરાવો છો કે વધારીને બતાવેલા 'સ્વતંત્ર' મૂલ્યાંકનોનો જે ગ્રાહકને છેતરવા માટે ઉપયોગ થતો નથી?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો વધારાની માહિતી ધરાવે છે:

- યુરોપિયન કમિશન – મિસલીડિંગ એન્ડ કમ્પેરેટિવ એડવર્ટાઇઝિંગ
  http://ec.europa.eu/consumers/cons_int/safe_shop/mis_adv/index_en.htm
- ગવર્નમેન્ટ ઓફ કેનેડા- કમ્પિટિશન બ્યૂરો
  www.competitionbureau.gc.ca/eic/site/cb-bc.nsf/eng/home
- ઇન્ટરનેશનલ સોસાયટી ઓફ એપેરેઝર્સ (આઇએસએ)
  www.isa-appraisers.org/
- જ્વેલરી એપરેઝલ ગાઇડલાઇન્સ (2010)
  www.jewellersvigilance.ca/docs/Jewellery_Apprasial_Guidelines_2010.pdf
- જ્વેલર્સ ઓફ અમેરિકા (US)
  www.jewelers.org
- ધ એપરેઝલ ફાઉન્ડેશન
  www.appraisalfoundation.org/s_appraisal/index.asp
- યુ.એસ.ગવર્નમેન્ટ – ફેડરલ ટ્રેડ કમિશન- ગાઇડ ફોર ધ જ્વેલરી, પ્રિસીઝન મેટલ્સ એન્ડ પ્યૂવટર ઇન્ડસ્ટ્રીઝ
  www.ftc.gov/bcp/guides/jewel-gd.shtm

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 29) ખનનકર્તા ઉદ્યોગ પારદર્શકતા પહેલ

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**ખનનકર્તા ઉદ્યોગ અને પારદર્શકતા પહેલ (ઇઆઇટીઆઇ)**, સહી કરનારા દેશો અને કંપનીઓ દ્વારા અમલી બનાવાયેલા વૈશ્વિક માપદંડો નિશ્ચિત કરે છે. જેથી કંપનીઓ સ્રોત ખનન અધિકારો માટે ચૂકવણી  કરે છે તેને પ્રસિદ્ધ કરી શકે અને તેઓ ખનનકર્તા ક્ષેત્ર પાસેથી જે પ્રાપ્ત કરે છે તે સરકાર જાહેર કરે છે.

*સ્રોત:*

- *ખનનકર્તા ઉદ્યોગ પારદર્શકતા પહેલ*
  *eiti.org*

સીઓપીની **ખનનકર્તા ઉદ્યોગ અને પારદર્શકતા પહેલ** જોગવાઇ ખાણ ક્ષેત્રમાં રહેલા દરેક સભ્યોને લાગુ પડે છે.

**ખનનકર્તા ઉદ્યોગ અને પારદર્શકતા પહેલ** જોગવાઇઓને અહેવાલ જોગવાઇઓના અનુસાર લાગુ પાડવી જોઇએ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

સ્રોત-સમૃદ્ધ દેશો માટે, દેશના નાગરિકોના ફાયદા માટે દેશના કુદરતી સ્રોતની આવકોનું સંચાલન સાર્વભૌમ સરકારોનું કાર્યક્ષેત્ર છે. કર, રોયલ્ટી, સહી બોનસ અને અન્ય ચૂકવણીઓના સ્વરૂપમાં ખનન કંપનીઓની આવકે આર્થિક વૃદ્ધિને વેગ આપવામાં અને વિકસતા અને સંક્રાતિ કરી રહેલા દેશોમાં સામાજિક વિકાસમાં સહાય કરવી જોઇએ. જોકે, સારી રીતે સંચાલન કરવામાં ન આવે તો આ સ્રોત આવક નકારાત્મક આર્થિક અને સામાજિક અસરો પેદા કરી શકે છે. પારદર્શકતા સુધારેલી જવાબદારીમાં પરિણમે છે, જે સામે સુધારેલા પ્રશાસન અને ઓછા ભ્રષ્ટાચારમાં પરિણમે છે.

ખનનકર્તા ઉદ્યોગ પાદર્શકતા પહેલનો ઉદ્દેશ ખનન ક્ષેત્રમાં પારદર્શકતા અને જવાબદારીમા સુધારો કરીને પ્રશાસનને મજબૂત બનાવવાનો છે. તે એક એક કરતા વધુ હિસ્સેદાર પહેલ છે જેમાં અનેક સરકાર, કંપનીઓ, સભ્ય સામાજિક જૂથો, રોકાણકારો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો સમાવેશ થાય છે. તે સરકાર આધારિત હોવા છતાં ખાનગી અને ક્ષેત્ર અને સભ્ય સામાજિક સંસ્થાઓ બન્ને પહેલને કેવી રીતે અમલી બનાવવામાં આવે છે તેમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી શકે છે.

મૂળભૂત ખ્યાલ સીધો છેઃ યજમાન દેશો સરકારને જે ચૂકવણી કરે છે – તેમણે વ્યક્તિગત રીતે અથવા સ્વતંત્ર ત્રીજા પક્ષકાર દ્વારા સંયુક્ત રીતે ખાણ કંપનીઓએ તેમના સહયોગની જાહેરાત કરવી જોઇએ. એક વખત આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર ઓડીટ કરવામાં આવે કે આ આંકડાઓ ત્યાર બાદ યજમાન સરકારના પોતાની

મેળવેલી આવકોની અલગ જાહેરાત સામે તુલના કરવા માટે આ આંકડાઓ ઉપલબ્ધ છે. સ્વતંત્ર માન્યતાની દ્વિકોણીય પ્રક્રિયા માટેના અહેવાલના ખાતરી પૂરી પાડે છે અને આવક લિકેજની તકો ઘટાડે છે.

અમલીકરણ એ સરકારોની જવાબદારી છે, ત્યારે ખાણ કંપનીઓ ઔપચારીક રીતે જ ઇઆઇટીઆઇ અમલીકરણના સમર્થન માટે સાઇન અપ કરી શકે છે. કંપનીઓના કેન્દ્રનો ફાયદો રાજકીય અને પ્રતિષ્ઠાત્મક જોખમોનું શમન કરવામાં છે. ખનનકર્તા ઉદ્યોગમાં રોકાણો મૂડી સંવેદનશીલ હોય છે અને વળતર પેદા કરવા માટે લાંબા ગાળાની સ્થિરતા પર આધારિત છે. નિર્બળ પ્રશાસન (સંભાળ) દ્વારા પેદા થયેલી રાજકીય અસ્થિરતા આવા રોકાણો સામે જોખમકારક છે. ચૂકવણીની પારદર્શકતા ખાણ પ્રવૃત્તિઓની આસપાસ સંઘર્ષને રોકવામાં મદદરૂપ થાય છે અને ખાણ રોકાણ દેશને જે યોગદાન આપે છે તે દર્શાવે છે. વધુમાં તે સુધરેલી સામેલગીરીમાં અને સમુદાયોમાં ખાણની ભૂમિકા અંગે વધુ સારી સુમાહિતગાર ચર્ચાઓમાં સહાય કરે છે.

ખનિજ આવકની પારદર્શકતા પર પણ ગ્લોબલ રિપોર્ટીંગ ઈનિશ્યેટિવ (જીઆરઆઇ)માં પણ કેન્દ્રિત છે, જેમાં ખાણ ક્ષેત્રમાં સભ્યો માટેના અહેવાલ પર સીઓપીની જોગવાઇ હેઠળ સમાવિષ્ટ છે. જીઆરઆઇ માઇનીંગ એન્ડ મેટલ્સ સેકટર સપ્લીમેન્ટ હેઠળ સીધું આર્થિક મૂલ્ય પેદા કરવામાં આવે છે અને વિતરિત કરાય છે, સરકારને અને મૂડી પૂરી પાડનારાઓને ચૂકવણી કરાય છે, સરકારો પાસેથી નોંધપાત્ર નાણાંકીય સહાય, વિકાસનો સમાવેશ થાય છે અને ઇઆઇટીઆઇ અમલીકરણને જીઆરઆઇ અહેવાલ માળખા હેઠળ જાહેર કરવામાં આવે છે.

## C. મુખ્ય નિયમનો

*આંતરરાષ્ટ્રીય માપદંડો*

ઇઆઇટીઆઇની જાહેરાત જોહાનિસબર્ગ ખાતે સપ્ટેમ્બર 2002ના સાતત્યપૂર્ણ વિકાસ પરની વૈશ્વિક સંમિટ ખાતે કરવામાં આવી હતી. ઇઆઇટીઆઇ બોર્ડ અને આંતરરાષ્ટ્રીય સેક્રેટેરીયેટની સ્થાપના 2006માં કરવામાં આવી હતી અને ઇઆઇટીઆઇ માન્યતા  કાર્યવિધિ પર 2008માં સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી. તે 'ઇઆઇટીઆઇ ધોરણ'માં વિકસ્યું છે, જેની પર 2013માં સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી. ઇઆઇટીઆઇ અમલીકરણ એ અલગ અલગ સહી કરનારના (સિગ્નેચરી) દેશોની જવાબદારી છે.

ઇઆઇટીઆ એ એવી પ્રક્રિયા છે જેના દ્વારા સરકારી આવક ઉત્ખનન ઉદ્યોગ જેમ કે – કર, નફો અને રોયલ્ટી- દ્વારા પેદા કરવામાં આવે છે- જેને અલગ રીતે ચકાસેલા અહેવાલોમાં પ્રકાશિત કરવામાં આવે છે. આ અહેવાલો કંપનીઓ દ્વારા કરવામાં આવેલી ચૂકવણીઓ અને સરકાર દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલી આવક પરની માહિતી પર આધારિત હોય છે. દરેક ઇઆઇટીઆઇ કાર્યક્રમોએ આંતરરાષ્ટ્રીય સ્તરે સંમતિ આપવામાં આવી છે તેવા ઇઆઇટીઆઇ સિદ્ધાંતો અને શરતોને અનુસરવાનું રહે છે.

ઇઆઇટીઆઈએ સમર્થકબનવા માટે ઉત્ખનન કરતી કંપનીઓ પોતાનો ટેકો સાર્વજનિક રીતે જાહેર કરે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે અને તેઓ જ્યાં કામગીરી કરે છે તેવા દેશોમાં પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. ઇઆઇટીઆઇના સમર્થક હોવાથી તેમાં વધારાના અહેવાલ અથવા ડિસ્ક્લોઝર જરૂરિયાત એવી દરેક કંપનીઓને રહેતી નથી કે જે ઇઆઇટીઆઇનો અમલ કરતા દેશોમાં સંબંધિત ક્ષેત્રોમાં કામગીરી કરે છે. ઉત્ખનન કરતી કંપનીઓને પણ ઇઆઇટીઆઇ સમર્થિત કંપની બન્યાના એક વર્ષમાં આંતરરાષ્ટ્રીય સ્તરના સ્વ-આકારણી ફોર્મ

ભરવા માટે કહેવામાં આવે છે. ઇઆઇટીઆઇનો અમલ કરતા દેશોમાં રહેલી દરેક કંપનીઓને જ્યારે દેશ માન્યતા હેઠળથી પસાર થઇ રહ્યો હોય ત્યારે દેશ-સ્તર-સ્વ-આકારણી ફોર્મ ભરવા માટે કહેવામાં આવશે.

સંક્ષિપ્તમાં, કંપની કે જે ઇઆઇટીઆઇને ટેકો આપે છે તેણે:

- એવું નિવેદન કર્યું છે જે ઇઆઇટીઆઇના સિદ્ધાંતો અને શરતોને સમર્થન આપે છે અને તે નિવેદન પોતાની વેબસાઇટ પર ઉપલબ્ધ બનાવ્યું છે;
- ઇઆઇટીઆઇ અમલકર્તા દેશોમાં અમલીકરણમાં યોગદાન આપે છે;
- ઇઆઇટીઆઇના આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાપનમાં વાર્ષિક યોગદાન કરવા માટે કહેવામાં આવે છે.

નોંધી રાખો કે નાણાંકીય યોગદાન એ સ્વૈચ્છિક છે. ઇઆઇટીઆઇને ટેકો આપવા માટે સીઓપી જરૂરિયાતનો અર્થ એ નથી કે સભ્યોએ ઇઆઇટીઆઇમાં નાણાંકીય યોગદાન આપવું. નોંધી રાખો કે ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનીંગ એન્ડ મેટલ્સ (આઇસીઆઇએમ)ના સભ્યો આઇસીએમએમ દ્વારા ઇઆઇટીઆઇમાં સામેલ છે અને ટેકો આપે છે.

***સરકાર દ્વારા અમલીકરણ***

ઇઆઇટીઆઇ એ સ્વૈચ્છિક પહેલ છે, જેને સરકારો આવું કરવા માટે સહી કરે છે તેવા દેશો દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. આજ દિન સુધીમાં આશરે 39 દેશોએ એક કરતા વધુ હિસ્સેદાર જૂથો હેઠળ સ્થાપિત દેશ કાર્યયોજનાઓ મારફતે ઇઆઇટીઆઇનો અમલ કર્યો છે. ઇઆઇટીઆઇ અનુપાલન દરજ્જો પ્રાપ્ત કરવા માટે દેશે ઇઆઇટીઆઇ ઉમેદવાર દેશ બન્યાના 2 વર્ષમાં જ ઇઆઇટીઆઇ માન્યતાને પૂર્ણ કરવી આવશ્યક છે. એક વખત દેશ અનુપાલનકર્તા બની જાય છે, ત્યારે દેશે ઓછામાં ઓછા 5 વર્ષ સુધી માન્યતા હેઠળથી પસાર થવું આવશ્યક છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 29.1: ઇઆઇટીઆઇ:*** *ખનન ક્ષેત્રમાં રહેલાં સભ્યો સારસ્વરૂપના ઉદ્યોગોની પારદર્શી પહેલ (ઈઆઇટીઆઇ) પ્રત્યે પ્રતિબદ્ધ રહેશે અને તેના અમલીકરણને ટેકો આપશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - ઇઆઇટીઆઇના અમલ અને સમર્થન માટે વ્યૂહાત્મક જવાબદારી સાથે વરિષ્ઠ મેનેજરની નિમણૂંક કરવી જોઇએ:
    - ઇઆઇટીઆઇ અમલકર્તા દેશોમાં, સરકાર સમક્ષ ચૂકવણીઓ જાહેર કરવી જોઇએ અને ઇઆઇટીઆઇ માન્યતા પ્રક્રિયાને સહકાર આપવો જોઇએ.
    - ઇઆઇટીઆઇને આંતરરાષ્ટ્રીય સ્તરે અને એવા દેશોમાં કે જ્યાં કંપની કામગીરી કરતી હોય, કે જેમાં હાલમાં અમલ નહી કરતા દેશો સહિતને પ્રોત્સાહન આપવા માટે સહાય કરવી જોઇએ;

- ભાગ લેવો અથવા આંતરરાષ્ટ્રીય સ્તરે એક કરતા વધુ હિસ્સેદાર પ્રક્રિયાને ટેકો આપતા અથવા ઇઆઇટીઆઇનો અમલ કરતા દેશો.

- જવાબદાર વરિષ્ઠ મેનેજરે અગ્રણી સંપર્ક વ્યક્તિની નિમણૂંક કરવી જોઇએ અને દેશના સ્તરે અમલીકરણ પર દેખરેખ રાખવી જોઇએ.
- ઇઆઇટીઆઇને ટેકો આપતી કંપનીઓએ ઇઆઇટીઆઇના સિદ્ધાંતો અને શરતોને સમર્થન આપતું નિવેદન નીતિ અથવા તેની સમાન સ્વરૂપમાં આપવું જોઇએ અને તેને કંપનીની વેબસાઇટ પર ઉપલબ્ધ બનાવવું જોઇએ.
- લાગુ પડતા અહેવાલ ટેમ્પ્લેટ અને દેશ કાર્ય યોજનાઓ સાથે સુસંગતતામાં ભાગ રહેલી સરકારને કર, રોયલ્ટીઝ, સિગ્નેચર બોનસ અને અન્ય સ્વરૂપની કરેલ દરેક પ્રકારની વાસ્તવિક ચૂકવણીઓ અથવા સરકારને આપેલા લાભોની જાહેરત કરવી આવશ્યક છે. અહેવાલ ટેમ્પેલેટમાં સુપરત કરાયેલ ડેટા આંતરરાષ્ટ્રીય સ્તર અનુસાર પહેલેથી જ ઓડીટ કરવામાં આવ્યા છે તે કંપનીના નાણાંકીય નિવેદનો પર આધારિત હોવા જોઇએ. ઇઆઇટીઆઇ બિઝનેસ ગાઇડ ઇઆઇટીઆઇ અહેવાલની જરૂરિયાતો અંગેની સલાહ પૂરી પાડે છે.
- નોંધી રાખો કે ઇઆઇટીઆઇ ફક્ત ખાણકામમાં જ લાગુ પડતું નથી: જે તે કંપની કે જે સંશોધનમાં અથવા ઉત્પાદન પૂર્વેની કામગીરીમાં સક્રિય રીતે હાથ ધરતી હોય તેઓએ ઇઆઇટીઆ ઉમેદવાર અથવા અનુપાલન કરતા દેશોમાં સરકારને જે દરેક વાસ્તવિક ચૂકવણીઓ કરે છે તેની જાહેરાત કરવી ફરજિયાત છે.
- ઇઆઇટીઆઇ સિવાયના દેશોમાં સરકારને કરવામાં આવતી ચૂકવણીઓની સ્વૈચ્છિક જાહેરાતને પ્રોત્સાહન આપી શકાય છે, જ્યાં કરારની ગોપનીયતાની જોગવાઇઓ આ પ્રકારની જાહેરાતને મંજૂરી આપે છે. નોંધી રાખો કે વૈશ્વિક અહેવાલ પહેલ (અહેવાલ પરની સીઓપી4 જુઓ)માં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને સ્તાનિક સ્તરે કે જેમાં દેશ દ્વારા ભંગાણનો  પણ સમાવેશ થાય છે તેમાં સરકારને ચૂકવણીના અહેવાલની આવશ્યકતા રહે છે. ઇઆઇટીઆને કંપનીના યોગદાનની સંક્ષિપ્તતાને કંપનીના જાહેર અહેવાલ તેમજ તેમની બાહ્ય વેબસાઇટમાં સમાવિષ્ટ કરવી જોઇએ.
- વિદેશી બાબતો, રાજકીય જોખમ પૃથ્થકરણ, જાહેર અહેવાલ અને સરકારી આવકોમાં સામેલ કર્મચારીઓએ સમજવું જોઇએ અને ઇઆઇટીઆઇની કારોબારની પ્રતિબદ્ધતા પર ક્રિયા દર્શાવવી જોઇએ. કર્મચારીઓની જવાબદારીઓમાં માનવસર્જિત તાલીમ અને દેશના અમલીકરણમાં ઇઆઇટીઆઇની પ્રગતિઓનો નિયમિત સંદેશાવ્યવહાર પૂરો પાડો.

તપાસો:

- ✓ શું તમે ઇઆઇટીઆઇ સિદ્ધાંતો અને શરતોને સમર્થન આપતા જાહેર નિવેદનો કર્યા છે?
- ✓ ઇઆઇટીઆઇને સમર્થન આપવા માટે જવાબદારી સાથે શું તમે જવાબદાર વરિષ્ઠ મેનેજરની નિમણૂંક કરી છે અને તેના કારણે દેશના સ્તરે અગ્રણી કરાર વ્યક્તિને સોંપણી કરવામાં પરિણમ્યા છે?
- ✓ ભાગ લેતી સરકારોને કરવામાં આવેલી ચૂકવણીઓ લાગુ પડતા અહેવાલ ટેમ્પ્લેટ અને દેશની કાર્યયોજનાઓ અનુસાર જાહેર કરવામાં આવ્યા છે કે કેમ તેની ખાતરીરૂપે કોઇ વ્યવસ્થા અસ્તિત્વમાં છે કે કેમ?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો ઉત્ખનન ઉદ્યોગમાં પારદર્શકતા પર વધારાની માહિતી ધરાવે છે:

- ઉત્ખનન ઉદ્યોગ પારદર્શકતા પહેલ (ઇઆઇટીઆઇ)eiti.org/
- ઉત્ખનન ઉદ્યોગ પારદર્શકતા પહેલ (ઇઆઇટીઆઇ) હકીકત પત્રિકા – સમર્થિત કંપની કેવી રીતે બનવું
  eiti.org/files/page/How%20to%20Support%20-%20Extractive.pdf
- ઉત્ખનન ઉદ્યોગો પારદર્શકતા પહેલ (ઇઆઇટીઆઇ) બિઝનેસ ગાઇડ – કંપનીઓ અમલીકરણને કેવી રીતે ટેકો પૂરો પાડી શકે (2008)
  eiti.org/files/document/EITI%20Business%20Guide.pdf
- ઉત્ખનન ઉદ્યોગ પારદર્શકતા પહેલ (ઇઆઇટીઆઇ) – ખાણ ક્ષેત્રમાં ઇઆઇટીઆઇને અદ્યતન બનાવવું
  www.eiti.org/document/mining
- ખાણ અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ) – ઉત્ખનન ઉદ્યોગ પારદર્શકતા પહેલ
  www.icmm.com/page/84051/about-us/who-we-work-with/articles/extractive-industries-transparency-initiative
- ખાણ અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ) – ખનિજ આવકોની પારદર્શકતા પર સ્થિતિ નિવેદન (2009)
  www.icmm.com/our-work/sustainable-development-framework/position-statements
- આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઇએમએફ)- રાજકોષીય પારદર્શકતા પર સારા વ્યવહારની સંહિતા (2007)
  www.imf.org/external/np/pp/2007/eng/051507c.pdf
- તમે જે ચૂકવો છો તે પ્રકાશિત કરો
  www.publishwhatyoupay.org
- ટ્રાન્સપેરન્સી ઇન્ટરનેશનલ
  www.transparency.org/

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 30) સામુદાયિક સામેલગીરી

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**સમુદાય** શબ્દ સામાન્ય રીતે નજીકની અથવા આસપાસના વિસ્તારો કે જેને કંપનીની પ્રવૃત્તિઓથી કોઇ રીતે અસર થઇ હોય તેને લાગુ પડે છે; આ અસરો આર્થિક કે સામાજિક તેમજ પર્યાવરણીય પ્રકારની હોઇ શકે છે.

લોકો કે જેમને સમુદાય તરીકે ઓળખવામાં આવે છે તેમના જૂથોમાં વિવિધ મૂલ્યો અને હિતો હોય છે. સમુદાયો સમાન અથવા સ્થિર હોય છે.

**સામુદાયિક સામેલગીરી** એ દ્વિમાર્ગી વિભાજન અને નિર્ણય કરવાની પ્રક્રિયા છે જે સમુદાયની મુશ્કેલીઓ અને અગ્રિમતાઓ તેમજ ચિંતાઓ અને કારોબારની જરૂરિયાતોને આવરી લે છે. ફક્ત સાંભળવા ઉપરાંત અરસપરસની સમજૂતિ અને દરેક પક્ષકારો દ્વારા પ્રતિભાવ આપવાની ક્ષમતાની ખાતરી કરવાનો હેતુ છે, જેથી તેમને નિર્ણયો કે લાગતાવળગતાઓને અસર કરવાની સંભાવના ધરાવતા હોય તેનું સંચાલન કરવામાં સહાય કરી શકાય. સફળ સામેલગીરીમાં નિયમિત ચર્ચા, સંપર્ક અને ક્રિયાપ્રતિક્રિયા માટેની સતત માળખાની જરૂરિયાત હોય છે.

*સ્ત્રોત:*

- *ખાણ ઉદ્યોગ માટે અગ્રણી વ્યવહાર ટકાઉ વિકાસ કાર્યક્રમ (ઓસ્ટ્રેલીયા) – સામુદાયિક સામેલગીરી અને વિકાસ (2006)*
  www.minerals.org.au/file_upload/files/resources/enduring_value/CED.pdf
- *ખાણ અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ) – સામુદાયિક વિકાસ ટૂલકીટ (2012)*
  www.icmm.com/news-and-events/news/articles/icmm-presents-updated-community-development-toolkit

સીઓપીનો સામુદાયિક સામેલગીરી વિભાગ ખાણ ક્ષેત્રમાં રહેલ સભ્યોને લાગુ પડે છે. જ્યારે પ્રારંભિક અને સતત સામેલગીરી પરની જોગવાઇ 30.1 સંશોધનના પ્રારંભિક તબક્કાથી લાગુ પડે છે, આરજેસીમાં જોડાયા પહેલા લાગુ પાડવામાં આવી ન હતી તેમાં આ પ્રકારના વ્યવહારોમાં ભૂતકાળનું અનુપાલન સંભવિત નથી.

સામુદાયિક સામેલગીરી જોગવાઇઓને માનવ અધિકાર, સામુદાયિક વિકાસના સંદર્ભમાં અને સ્થાનિક લોકો અને પૂર્વ અને સુમાહિતગાર મફત સંમતિઓ અને કુશળ કારીગર અને નાના પાયાના માઇનીંગ એમ જ્યાં લાગુ પડતું હોય ત્યાં અમલ કરવો જોઇએ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

*સામુદાયિક સામેલગીરી*

ખાસ કરીને મોટા પાયાની ખાણોના કિસ્સામાં છેલ્લા થોડા દાયકાઓમાં આયોજન, ધિરાણ અને ખાણ કામગીરીઓના નિયમનમા લેવાતા સમયમાં નોધપાત્ર વધારો થયો છે. સમુદાયો હવે જોખમો, અસરો અને ખાણ વિકાસના ફાયદાઓ વિશે વાટાઘાટમાં ભાગ લેવા માટે સક્ષમ બની શકે તેવી શક્યતા છે. પરિણામે, સામુદાયિક સામેલગીરી અભિગમો 'કામ કરવા માટેના સામાજિક પરવાનો' ઊભો કરવામાં ઘટક બની ગયેલ છે.

સામુદાયિક સામેલગીરી પ્રવર્તમાન પરિસ્થિતિ માટે જે યોગ્ય હોય તેના આધારે અનેક પ્રકારના સ્વરૂપો ધારણ કરી શકે છે. વિસ્તાના એક ભાગરૂપે વિવિધ પ્રકારના અભિગમોની વિચારણા કરી શકાય છે, જેમાં પ્રત્યેક પગલું વધી રહેલી જાહેર અસર અને પ્રક્રિયામાં સત્તાનું પ્રતિબિંબ પાડે છે. સામુદાયિક સામેલગીરીમાં વ્યવહારુ અભિગમોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- માહિતી આપવીઃ હકીકત પત્રિકા, વેબસાઇટ માહિતી, અનેક દિવસો
- પરામર્શન: કેન્દ્રિત જૂથો, સર્વેક્ષણો, જાહેર બેઠકો
- સામેલગીરી: વર્કશોપ્સ, ઇરાદાયુક્ત પ્રચાર
- સહયોગ: સામુદાયિક સલાહ સમિતિઓ, સંમતિ નિર્ધારણ પ્રક્રિયાઓ
- સત્તા બક્ષવી: નાગરિક પંચ, સોંપેલા નિર્ણય લેવાની ક્રિયા

મહત્ત્વના હિસ્સેદારો કે જે વ્યાપક મુદ્દાઓ અથવા જૂથોનું પ્રતિનિધિત્વ કરે કરે છે જેમ કે નાગરિક સમાજ અથવા બિન સરકારી સંસ્થાઓ (એનજીઓ) કર્મચારીઓ, સંગઠનો અથવા કામદાર સંસ્થાઓ અને અન્ય રસ ધરાવતા પક્ષકારો કે જેમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે તેમને ઓળખી કાઢવા જોઇએ અથવા સામેલ કરવા જોઇએ. સભ્યોની 'સમગ્ર સમુદાયના અભિગમ' મારફતે સમતોલ સામેલગીરી થઇ શકે તે માટે સમાજ ઉપરાંતના પ્રતિનિધિઓ ઉપરાંતનાઓને અને અગ્રણીઓને પણ સામેલ કરવાનું પણ પ્રોત્સાહન આપવામાં આવે છે. અભિગમો સંઘર્ષ-સંવેદનશીલ હોવા જોઇએ અને પ્રક્રિયા અને પરિણામોની સંભાવનાઓનું સંચાલન કરી શકતા હોવા જોઇએ.

સંશોધન અને ખાણ કંપનીઓ, સ્થાનિક સમુદાયો અને અન્ય હિસ્સેદારો વચ્ચેના સંબંધો ખાણનું બાંધકામ શરૂ થતા ઘણા પહેલાથી શરૂ થાય છે અને કંપનીઓએ શક્ય હોય તો અગાઉના તબક્કાઓથી જ સામેલગીરીની શરૂઆત કરવી જોઇએ. સમુદાયોના મહત્ત્વાકાંક્ષીઓના હિત અને વિકાસ, ખાણના આયુષ્યના પછીના તબક્કાઓમાં સમગ્ર સંપર્ક પ્રક્રિયા દરમિયાન મહત્ત્વની વિચારણ તરીકે સતત રહેવા જોઇએ. સભ્યોએ નવા ખાણ પ્રોજેક્ટો અથવા પ્રવૃત્તિઓ માટે વ્યાપક સમાજના સમર્થનની આશા રાખવી જોઇએ.

પ્રોજેક્ટના સમર્થનમાં વ્યક્તિગતો અને/અથવા તેમના માન્ય પ્રતિનિધિઓ મારફતે અસરગ્રસ્ત સમુદાયો દ્વારા વ્યાપક સમિદાય ટેકો એ ભાવનું એકત્રીકરણ છે. પરિસ્થિતિના આધારે ટેકો જેમ કે કંપની અને સમુદાયની વચ્ચે ઔપચારીક કરાર અથવા પરિયોજનાની અસરો અને ફાયદાઓ વિશે આગળ ધપી રહેલી વાટાઘાટોમાં સમુદાયની ભાગીદારી દરમિયાન વ્યક્ત કરાઇ છે તેમ અનેક પ્રકારના સ્વરૂપો ધારણ કરી શકે છે. જો કેટલાક વ્યક્તિઓ અથવા જૂથો પરિયોજનાનો વિરોધ કરે તો પણ વ્યાપક સમુદાયનો ટેકો હોઇ શકે છે; ઉલ્ટુ, કંપની સાથે સામુદાયિક ભાગીદારી જરૂરી નથી કે તે સમર્થનની સમકક્ષ હોય. વિકાસની સંમતિની મંજૂરી આપવાનો અધિકાર સામાન્ય રીતે સાર્વભૌમ રાજ્ય પાસે રહેલો છે અને તે બાબત રાજ્ય અને તેના નાગરિકો વચ્ચેની છે. સ્થાનિક પ્રજા અને સંબંધિત સત્તાવાળાઓ સાથેના સંપર્કને પગલે કંપનીઓ દ્વારા કાનૂની રીતે સંમતિ આપવામાં આવી હોય છતાં પણ કેટલીકવાર વિકાસ અને સંધોશન સાથે આગળ નહી વધવાનો નિર્ણય કરવામાં આવે છે. જ્યાં પરિયોજનાની સ્થાનિક પ્રજાને અસર થાય છે, ત્યાં સીઓપી 31 સ્થાનિક પ્રજા અને પૂર્વ સુમાહિતગાર મફત સંમતિ જુઓ.

સફળ સામુદાયિક સામેલગીરીના ફાયદાઓમાં વિસ્તરિત સામુદાયિક સતર્કતા અને વિશ્વાસ, કરારોની વાટાઘાટમાં ઓછો સમય, સુધરેલી કોર્પોરેટ જોખમ માહિતી અને વધુ તરફેણકારી શરતો પર મૂડીનો સલામત ઉપયોગ કરવાની સંભાવનાનો સમાવેશ કરી શકે છે. જોકે સામુદાયિક સામેલગીરી અને વિકાસ પડકારજનક તેમજ વળદરદાયક હોઇ શકે છે અને સંઘર્ષમય સંજગો અને સંબંધોની સ્થિતિ સ્થાન લઇ શકે છે. સમુદાયો જટીલ અને સબળ છે અને કમનસીબે સફળતા માટે કોઇ સરળ ઉકેલો નથી. અસરકારક રીતે કામ કરવાનો અનેક માર્ગોમાંનો એક માર્ગ છે સારી વ્યવસ્થા અને પ્રક્રિયાઓ અસ્તિત્વમાં હોય, જેમાં નિયમિતપણે મૂલ્યાંકન અને શીખવાની ક્ષમતા અને જ્યારે સંજોગો બદલાય ત્યારે તેને અપનાવવાનો સમાવેશ થાય છે.

> **નાની ખાણ કંપનીઓ અને સંશોધન**
>
> સામુદાયિક સામેલગીરી કદાચ નાની કંપનીઓ ખાસ કરીને જે સંશોધન અને વિકાસમાં સંકળાયેલી છે તેમના માટે પડકારરૂપ હોઇ શકે છે. જોકે ખોટી/અથવા અયોગ્ય નિવેદનો, પ્રવૃત્તિઓ અથવા વચનો કે પરિયોજનાના પ્રારંભમાં કરવામાં આવે છે તે ગૂંચવણ અને અવાસ્તવિક આશાઓ અને શક્ય સંઘર્ષમાં પરિણમે છે. આ સંજોગો દરેક હિસ્સેદારો માટે બિનજરૂરી ખર્ચાઓ પેદા કરી શકે છે.
>
> ફાઇલ કરેલી પ્રવૃત્તિઓ શરૂ થાય તે પહેલા, સ્થાનિક સ્થિતિઓ વિશે સંબંધિત માહિતી એકત્ર કરવા માટે સંભાળ લેવી જરૂરી છે અને સ્થાનિક સમુદાયો અન્ય હિસ્સેદારો સાથે અસરકારક રીતે સામેલ કરવાની પરિયોજનાની ટીમ માહિતી, દિશા અને ક્ષમતા ધરાવે છે તેની ખાતરી રાખવી જોઇએ.
>
> પીડીએસી – e3 પ્લસ -જે જવાબદાર સંશોધન (2013) માટું માળખું છે તે સંશોધનકર્તા દ્વારા સામુદાયિક સામેલગીરી માટે જોખમ અને પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે માર્ગદર્શન અને વ્યૂરચનાઓ પૂરી પાડે છે.

**કામગીરી સ્તરની ફરિયાદો અને તકરાર પદ્ધતિઓ**

સફળ સામેલગીરીમાં નિયમિત ચર્ચાઓ, પરામર્શન અને સમાજના મહત્ત્વના હિસ્સા સાથે ક્રિયા પ્રતિક્રિયા માટે આગળ ધપી રહેલા માળખાઓની આવશ્યકતા છે. આ પ્રકારની સામેલગીરી અભિગમોએ ફરિયાદો દૂર કરવા માટે સહાય કરવી જોઇએ. કેટલાક કિસ્સાઓમાં જોકે ફરિયાદો વધી શકે છે. અસરકારક ફરિયાદો અને તકરાર પદ્ધતિઓ આમ કંપનીના સમુદાય અને હિસ્સેદાર સામેલગીરી અભિગમમાં આવશ્યક ટૂલ છે.

આરજેસી જરૂરિયાતોનું ધ્યાન એવી પદ્ધતિઓ પર છે કે કંપની મહત્ત્વના હિસ્સેદારો સાથે ઉમદા રીતે સહકારમાં સ્થાપી શકશે તેમ માની શકાય છે. તેમાં ન્યાયવિષયક (ન્યાયિક કે ન્યાયિક સિવાયની) પ્રક્રિયાનો સમાવેશ થતો

નથીસ જે દરેક પક્ષકારોથી ઓછામાં ઓછા એક પગલાં દૂર સ્થિત હોવા જોઇએ, જેમાં કંપીનીનો પણ સમાવેશ થાય છે. તેના બદલે, અહીં સ્થાનિક અને કામગીરીયુક્ત સ્તરે વાટાઘાટ આધારિત પ્રક્રિયાઓ પર ભાર મુકવામાં આવ્યો છે. તેનો અર્થ એ નથી કે દરેક ફરિયાદ અથવા તકરારની ન્યાયિક સિવાયની પદ્ધતિ દ્વારા પ્રક્રિયા કરી શકાય છે, પરંતુ ઘણા કરી શકે છે.

કંપનીની ફરિયાદો અને તકરાર પદ્ધતિઓ વિવાદો ઊભા કરવા, ઉકેલવા અને નિવારણ માટે સમાજના સાધનોની બહોળી સમજણની મર્યાદામાં સ્થિત હોવા જોઇએ. તેના ઉપલબ્ધ પરિમાણોમાં ન્યાયિક વ્યવસ્થા (અદાલતો દ્વારા), જાહેર વહીવટીય વ્યવસ્થા (સરકાર, અર્ધ સરકાર અથવા સ્વતંત્ર કાનૂની એજન્સીઓ) પરંપરાગત કે સ્થાનિક વિવાદ પ્રક્રિયાઓ અને ખાનગી ન્યાયિક સિવાયની પદ્ધતિઓનો સમાવેશ થઇ શકે છે. કામગીરીના ધોરણે ફરિયાદો અને તકરાર પદ્ધતિએ જ્યાં શક્ય હોય ત્યારે અન્ય પદ્ધતિઓમાં પ્રવેશને નિરર્થક બનાવ્યા સિવાય મુશ્કેલીઓના વહેલાસરના ઉકેલ માટે પ્રોત્સાહન આપવું જોઇએ. કંપનીઓએ પણ બાહ્ય સેવાઓ દ્વારા ચલાવવામાં આવતી ફરિયાદ પદ્ધતિઓમાં પ્રવેશ આપવાનું વિચારવું જોઇએ, જે ફરિયાદોને વણ-ઓળખાયેલી બનાવી શકે છે, જેથી કંપની સમક્ષ ગુપ્ત રીતે રજૂ કરી શકાય. કાયદેસરના હિસ્સેદારો કે જેઓ કેટલાક સંજોગોમાં શાંત રહી શકે છે તેમના દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓને પ્રોત્સાહન આપવાનો ઇરાદો છે.

માનવ અધિકારો ફરિયાદો અને તકરાર પદ્ધતિઓનું, વિવાદ સાથે કામ પાર પાડવાની પ્રક્રિયા અને ફરિયાદોની સંભવિત તક એમ બન્ને રીતે અગત્યનું પરિમાણ છે. અધિકાર સક્ષમ પદ્ધતિ એ એવી છે કે જે ફરિયાદો અને તકરારો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું સાધન પૂરું પાડે છે- ચાહે તે કાયમી માનવ અધિકાર મુદ્દાઓને સંબધિત હોય કે નહી-તે રે તે માનવ અધિકારોને સન્માન આપે છે અને ફરિયાદો અને તકરાર પદ્ધતિઓ હિસ્સેદારો સાથેના સંપર્ક વિકસાવવી જોઇએ અને ઉદ્યોગ, દેશ અને સંસ્કૃતિ કે જેના માટે તેની રચના કરવામાં આવી હોય તેને અનુકૂળ થાય તે રીતે બનેલી હોવી જોઇએ. કેટલીક તકરારો અને/અથવા પદ્ધતિઓની રચનામાં જાતિ અગત્યની વિચારણા હોઇ શકે છે. અસરગ્રસ્ત હિસ્સેદાર જૂથો સ્વતંત્ર માહિતી અને/અથવા કુશળતા, અથવા સવલતકર્તા/મધ્યસ્થીમાં કેટલીક તકરારોની વાટાઘાટ પ્રક્રિયામાં ટેકો આપવા માટે પ્રવેશની વિનંતી કરી શકે છે. આ સ્ત્રોતો માટે કંપનીનું ભંડોળ પારદર્શક હોવું જોઇએ.

અસરકારક, અધિકાર-સક્ષમ ફરિયાદો અને તકરાર પદ્ધતિઓ વ્યક્તિઓ અને કંપનીની પ્રવૃત્તિઓથી અસર પામેલાઓ માટે વહેલાસર, મુક્ત રીતે, સુમાહિતગાર ધોરણે, જરૂરી રક્ષણ સાથે અને સન્માનના વાતાવરણમાં ચિંતા ઉઠાવવા, માર્ગ પ્રદાન કરે છે. તે તકરારને વધારાને મર્યાદિત કરવા, વિવાદ ઉકેલ પૂરો પાડવા અને જાણકારી અને વિસ્તરિત સંબંધો પૂરા પાડીને ભવિષ્યના વિવાદોને રોકવામાં ફાળો આપવા માટેની તક ધરાવે છે. જ્યાં શક્ય હોય ત્યાં, ફરિયાદો અને તકરા પદ્ધતિ વિવાદ ઊભો થાય તે પહેલા અસ્તિત્વમાં હોવી જોઇએ, નહી તે બને તેની પ્રતિક્રિયા આપવા માટે. જ્યાં યોગ્ય હોય ત્યાં પદ્ધતિને અસરગ્રસ સમુદાયો સાથે વાટાઘાટ કરેલા કરારો સાથે સાંકળવી જોઇએ. ખાણ સ્થળો અને હિસ્સેદારો વચ્ચેના સંબંધો ખાણ કામગીરી બંધ કરીદે તે પછી પણ સતત રહેશે, તેથી ફરિયાદો અને તકરાર પદ્ધતિની સાતત્યતા બંધ કરવાના આયોજનનો એક ભાગ હોવી જોઇએ.

## C. મુખ્ય પહેલો અને માળખું

### સામુદાયિક સામેલગીરી

મોટા ભાગના કિસ્સાઓમાં સામુદીયાકિ સામેલગીરી એ સ્વૈચ્છિક કારોબારી પ્રવૃત્તિ છે. જોકે તે વધુને વધુ રીતે નવા અથવા વિસ્તરતી જતી ઔદ્યોગિક પરિયોજનાઓ માટે વિકાસની મંજૂરીઓના ભાગરૂપે સમુદાયો અથવા સરકારો અથવા નિયમનકારી જરૂરિયાત સાથેના કરારોના ઘટક તરીકે ઉભરી રહ્યું છે. કામગીરના દરેક ન્યાયક્ષેત્રમાં લાગુ પડતા કાયદાથી માહિતગાર રહેવું આવશ્યક છે.

2012માં ખાણ અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ)એ સુધારેલી સામુદાયિક વિકાસ ટૂલકીટ રજૂ કરી હતી. ટૂલકીટમાં 20 ટૂલ્સનો સમાવેશ થાય છે જેનો હેતુ સમુદાયો, કંપનીઓ અને સરકારોમાં રચનાત્મક સબંધોની સંભાળ રાખવાનો છે. તે ટકાઉ વિકાસ પર અસંખ્ય ટૂલ્સ અને દોરવણીઓનો સમાવેશ કરે છેજે 2005ની આવૃત્તિથી ઉભરી આવી છે અને વિશ્વ બેન્ક સાથે તેનું પ્રકાશન કરવામાં આવ્યું હતું.

પ્રોસ્પેક્ટર્સ એન્ડ ડેવલપમેન્ટ એસોસિયેશન ઓફ કેનેડા (પીડીએસી)એ e3-પ્લ પ્રસિદ્ધ કર્યો છે: *જવાબદાર સંશોધન માટેનું માળખું* જેથી સંશોધન કરતી કંપનીઓને સતત તેમના સામાજિક, પર્યાવરણીય અને આરોગ્ય અને સુરક્ષા કામગીરીમાં મદદ કરી શકાય અને તેમના દરેક સંશોધન કાર્યક્રમોમાં આ ત્રણ તબક્કાઓને વ્યાપક રીતે સંકલન કરી શકાય. આ માળખામાં સામુદાયિક વિકાસ પર માર્ગદર્શનનો અને તેની સાથેની ટૂલકીટનો જેનો લક્ષ્યાંક સામુદાયિક સ્તરે (ઇંગ્લીશ, ફ્રેંચ અને સ્પેનિશ) સંઘર્ષનું જોખમ ઓછું કરવાનો છે તેનો સમાવેશ થાય છે..

પર્યાવરણ અને સામાજિક અસર આકારણી પરના ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) કામગીરી ધોરણ 1 (2012)માં જાતિને સંલગ્ન લાબથી વલંચિત અને જોખમની સંભાવનાવાળા જૂથો અને વિકલાંગતા તેમજ કામદારોને મહત્ત્વના હિસ્સેદારો તરીકે ગણવાની સાથે સમુદાય અને હિસ્સેદાર સામેલગીરીનો પણ સમાવેશ કરે છે.આઇએફસી કામગીરી ધોરણ 7 – સ્થાનિક પ્રજા (2012)માં આ અસરગ્રસ્ત સમુદાયો માટે સુમાહિતગાર સંપર્ક અને ભાગીદારી અભિગમનો સમાવેશ કરે છે.

### ફરિયાદ અને તકરાર પદ્ધતિઓ

કારોબાર અને માનવ અધિકાર પરના 2012 યુએન માર્ગદર્શક સિદ્ધાંતો એવું માળખું રજૂ કરે છે કે જેમાં ત્રણ મહત્ત્વના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે: ત્રીજાપક્ષકાર દ્વારા માનવ દુરુપયોગ કરવામાં આવે છે તેવા માનવ અધિકારો વિરુદ્ધ રક્ષણ કરવાની રાજ્યની ફરજ, જેમાં કારોબારોનો સમાવેશ થાય છે; કોર્પોરેટ જવાબદારી માનવ અધિકારોનું સન્માન કરશે; અને ઉપાયોમાં વધુ અસરકારક પ્રવેશ. (વધુ માહિતી માટે, માનવ અધિકારો પરનું માર્ગદર્શન) માર્ગદર્શક સિદ્ધાંતોમાં અધિકાર-સક્ષમ પદ્ધતિઓ માટેની અસરકારકતા શરતોની યાદીનો સમાવેશ થાય છે:

A. કાયદેસરતા: જેના ઉપયોગ માટે ઇરાદો રાખવામાં આવ્યો હોય અને તકરાર પ્રક્રિયાઓની વાજબી વર્તણૂંક માટે હિસ્સેદાર જૂથોમાંથી ટ્રસ્ટને સક્ષમ બનાવે છે;
B. દાખલ થવાની ક્ષમતા: જેમના ઉપયોગ માટે ઇરાદો રાખવામાં આવ્યો હોય તેના માટે દરેક હિસ્સેદારને જાણીતા હોય અને દાખલ થવા માટે ચોક્કસ પ્રકારના અંતરાયોનો સામનો કરી શકે તેવા લોકો માટે પૂરતી સહાય;

C. આગાહી યોગ્યતા: પ્રત્યેક તબક્કા માટે નિર્દેશાત્મક સમય સાથે સ્પષ્ટ અને પરિચિત કાર્યપ્રણાલિ અને પ્રક્રિયાના પ્રકારો અને પલબ્ધ પરિણામો પર સ્પષ્ટતા અને દેખરેખ અમલીકરણના હેતુઓ;

D. સમતોલયોગ્યતા: પીડીત પક્ષકારો માહિતી, સલાહ અને મુક્ત, સુમાહિતગાર અને સન્માનનીય શરતો પર તકરાર પ્રક્રિયાઓમાં સામેલ કરવાની જરૂરી કુશળતામાં વાજબી પ્રવેશ મેળવી શકે તેની ખાતરી કરવાની ઇચ્છા રાખવી;

E. પારદર્શકતા: પક્ષકારોને તકરારોની પ્રગતિ અંગે સુમાહિતગાર રાખવી, અને તેની અસરકારકતામાં આત્મવિશ્વાસ ઊભો કરવા માટે પદ્ધતિની કામગીરી વિશે પૂરતી માહિતી પૂરી પાડવી અને કેન્દ્રિત જાહેર હિતને પહોંચી વળવા;

F. અધિકાર-સક્ષમતા: પરિણામો અને આંતરરાષ્ટ્રીય માન્યતાપ્રાપ્ત અધિકારો સાથે ઉપાયોની સંમતિ;

G. વાટાઘાટ અને સામેલગીરી: એવા હિસ્સેદારોનો સંપર્ક કરવો જેમના ઉપયોગ માટે તેમની રચના અને કામગીરીનો હેતુ વિચારવામાં આવ્યો છે અને તકરારો પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ઉકેલ લાવવા માટેના ઉદ્દેશ તરીકે વાટાઘાટ પર ધ્યાન કેન્દ્રિત કરતા;

H. સતત જાણકારી: પદ્ધતિમાં સુધારો કરવા અને ભવિષ્યની તકરારો અને નુકસાન રોકવા માટેના પાઠોને ઓળખી કાઢવા માટે સંબંધિત પગલાંઓ તરફ ખેંચતા.

બે વર્ષની અગ્રણી પરિયોજના પર યુનાઇટેડ્ નેશન્સ હ્યુમન રાઇટ્સ કાઉંસિલે 2011 અહેવાલ પ્રકાશિત કર્યો હતો, જેણે અધિકાર-સક્ષમતા તકરાર પદ્ધતિઓ કે જે મૂળભૂત રીતે હાર્વર્ડ યુનિવર્સિટી દ્વાર 2008 માર્ગદર્શક ટૂલમાં વિકસાવવામાં આવી હતી તેના માટે આ સિદ્ધાંતોની વ્યવહારુ પ્રયોજ્યતાને તપાસી હતી.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહારુ સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદું તરીકે જોવાવું જોઇએ.*

સામુદાયિક સામેલગીરી નો ઉપયોગ સીઓપીની સામુદાયિક વિકાસ, સ્થાનિક પ્રજા અને પૂર્વ સુમાહિતગાર મફત સંમતિ, અસર આકારણી અને ખાણ પુનઃવસન અને અંત પરની જોગવાઇઓને ટેકો પૂરો પાડવા માટે ઉપયોગ થઇ શકે છે અને જ્યાં પુનઃવસન અને કુશળ કારીગર અને નાના પાયાનું ખનન લાગુ પડે છે.

- ***સીઓપી 30.1: પ્રારંભિક અને આગળ ધપી રહેલ સામુદાયિક સામેલગીરી:*** *ખનન ક્ષેત્રમાં રહેલાં સભ્યો અસરગ્રસ્ત સમુદાયો અને અન્ય સંલગ્ન હિસ્સેદારો સાથે પ્રારંભિક અને ચાલુ રહેતી સામેલગીરીને સ્થાનબદ્ધ કરશે જેઓ:*
    - *a.* ઉચિત કૌશલ્ય અને સંસાધનોને લાગુ કરે;.
    - *b.* સમગ્ર પરિયોજનાના જીવનચક્રમાં, શોધ પ્રવૃત્તિઓથી શરૂ કરીને, ખનનની શરૂઆત થાય તે પહેલાંના નિર્માણ, ખાણની કામગીરી દરમિયાનથી, પૂર્ણતા અને પૂર્ણતા પૂર્વના સંચાલન સુધી લાગુ કરે;

*c.* પરિયોજનાના જોખમો, અસરો, અને વિકાસના તબક્કઓના સંદર્ભમાં અસરગ્રસ્ત સમુદાયો અને અન્ય સંલગ્ન હિસ્સેદારોને ઓળખી કાઢે;

*d.* પરિયોજનાથી સંલગ્ન માહિતીનાં વિસ્તરણ માટે અને સંકલિત, ન્યાયપૂર્ણ, સાંસ્કૃતિક રીતે યોગ્ય અને અધિકાર-સુસંગત રીતે પ્રતિભાવોની પ્રાપ્તિ માટે અસરકારક સંચારના પગલાં સ્થાપિત કરે;

*e.* સુમાહિતગાર પરામર્શ દ્વારા, પરિયોજનાનાં જીવનચક્રમાં પ્રમુખ ખનન નિર્ણયોમાં અસરગ્રસ્ત સમુદાયોનાં હિત અને વિકાસ મહત્વાકાંક્ષાઓને ધ્યાન પર લે, અને દરખાસ્તો માટે સમુદાયોના વિસ્તૃત ટેકાની અપેક્ષા રાખે.

**વિચારણા માટેના મુદ્દાઓ**:

- સામુદાયિક સામેલગીરી માટેની જવાબદારી વરિષ્ઠ વ્યવસ્થાપન કાર્યમાં પડવી જોઇએ. નીતિઓ, તાલીમ, યોજનાઓ અને પગલાંઓ વિકસાવવા માટે અનુભવી અને કુશળ સહાય પર ભાર મુકો.
- નીતિ અને કાર્યપ્રણાલિએ કારોબારના સામુદાયિક સામેલગીરીના અભિગમનો સમાવેશ કરવો જોઇએ. વિચારણા માટેના મુદ્દાઓ:
    - સામુદાયિક કાર્યક્રમો, અનુસરવામાં આવનારા મહત્ત્વના સિદ્ધાંતો અને કર્મચારીઓ અને અન્ય હિસ્સેદારોની આશાઓના ઉદ્દેશોની રૂપરેખા તૈયાર કરો. સામુદાયિક સામેલગીરીના અભિગમોની આશાઓ અને પરિણામોનું કેવી રીતે વ્યવસ્થાપન કરી શકાય તે વિચારો.
    - જ્યાં અસરગ્રસ્ત સમુદાયોમાં સ્થાનિક પ્રજાનો સમાવેશ થાય છે, સંસ્કૃતિ યોગ્ય સામેલગીરી અભિગમ કેવી અસ્તિત્વમાં લાવી શકાય તે વિચારો. નોંધી રાખો કે સમુદાયો અને સમગ્ર વિવિધ સામાજિક સંદર્ભોમાં અસરકરારક અભિગમો અલગ પડશે – એક સમુદાય સાથે શું લાગુ પડે છે તે અન્ય માટે યોગ્ય ન પણ હોઇ શકે. (સ્થાનિક પ્રજા અને પૂર્વ સુમાહિતગાર મફત સંમતિ માર્ગદર્શન પણ જુઓ).
    - સામેલગીરી અભિગમોની પ્રક્રિયા, ફરિયાદો અને તકરાર પદ્ધતિઓ, વિકાસ કેન્દ્રિત પરિયોજનાઓ અને સહયોગાત્મક કાર્યક્રમોમાં ભાગીદારી પર દેખરેખ રાખો અને મહિલાઓ સહિત મહત્ત્વના હિસ્સેદારો સાથેના સંદર્ભમાં અસરોનું મૂલ્યાંકન કરો.
    - મૂલ્યાંકન પરિણામો પર આધારિત સતત સુધરેલી યોજનાઓ, નીતિઓ અને કાર્યપ્રણાલિ.

- સારી સામુદાયિક સામેલગીરી અને વિકાસ યોગ્ય કુશળતા સાથેના અને કાર્યક્રમો ચલાવવાની સમજણ ધરાવતા લોકો પર આધારિત હોય અને સમુદાય વિકાસ કર્મચારીઓને પોતાની કામગીરી સારી રીતે બજાવવા માટે જરૂરી તાલીમ ટેકો આપવો.
    - કર્મચારીઓ અને બાહ્ય નિષ્ણાતો તેમની ભૂમિકા અસરકારક રીતે અદા કરી શકે તેની ખાતરીરૂપે સામુદાયિક સામેલગીરી કાર્યક્રમ માટે સ્રોત જરૂરિયાતોની આકારણી કરવી.
    - સાંસ્કૃતિક સતર્કતા અને જાતિ તાલીમ, સામેલગીરી પ્રક્રિયાઓ અને વ્યવહારોમાં તાલીમ અને પ્રાદેશિક વિકાસ અભિગમ માટેની જરૂરિયાતની વિચારણા હાથ ધરવી.
    - બાહ્ય કુશળતાને સ્થાનિક પ્રજા, પુનઃવસન અથવા કુશળ કારીગર ખનન સમુદાયો અથવા પરિયોજનાનો ચક્કસ તબક્કો ઉદા. અસર આકારણીનો સમાવેશ કરે તેવી પરિસ્થિતિઓ સાથે કામ પણ પાર પાડવાની જરૂર રહે છે.

  - કેટલીક પરિસ્થિતિઓમાં, સભ્યોને જે સંસ્થાઓ અસરગ્રસ્ત સમુદાયોને સંપર્ક ખરી રીતે સુમાહિતગાર રહે તે માટે તેમના અધિકારોને સમજવા માટે માર્ગદર્શન આપે તેમને સામેલ કરવાની અને તેમના સક્રિય સમર્થનની જરૂર પડી શકે છે.
- હિસ્સેદારોને તૈયાર કરવાની કવાયત હિસ્સેદારોને તૈયાર કરવા માટે, પ્રવર્તમાન સામેલગીરી આકારણી અને યોગ્ય હોય તેમ વિવાદ ઉકેલ વ્યૂહરચનાઓ અને સ્થાનિક વિકાસ અગ્રિમતાઓ અને જરૂરિયાતોની વિચારણા અને ભાગીદારી માટે ઉપયોગી છે.
  - હિસ્સેદારો અને તેમની અગ્રિમતાઓ અને જરૂરિયાતો સમય જતા વિકસતી હોવાથી પરિયોજનાના જીવનચક્ર દરિમયાન આની નિયમિતપણે સમીક્ષા થવી જોઇએ.
- સામુદાયિક સામેલગીરી અભિગમોનું આયોજન કરતી વખતે, વિચારો તે કેવી રીતે કરવું:
  - સમાવેશક: સમુદાયના પ્રતિનિધિઓ અને નેતાઓથી પરનાને સામેલ કરો, જેમાં મહિલા, લઘુમતિ, જોખમ થવાની શક્યતાવાળા અને અન્ય સીમાંત જૂથો દાખલ થઇ શકે તેની ખાતરી કરો;
  - સમતોલયોગ્ય: વિશાળ અસમતુલાની ધ્યાનમાં રાખતા અને તે સમુદાય સંઘર્ષ ઊભો થવાની શક્યતા પરત્વે સંવેદનશીલ હોવાથી તેનું શમન કરવાનો પ્રયત્ન કરવો;
  - સાંસ્કૃતિક રીતે યોગ્ય: સત્તાના માળખાઓ, ભાષા અને જાતિ જેવા મુદ્દાઓની વિચારણા કરવી;
  - અધિકાર સક્ષમ: અભિગમો કે જે માનવ અધિકારોનું સન્માન અને સમર્થન કરતા હોય.
- સામુદાયિક સમર્થન પરિસ્થિતિ, જેમ કે કંપની અને સમુદાય વચ્ચે ઔપચારીક કરાર થવા આગળ ધપી રહેલી વાટઘાટોમાં સમુદાય ભાગીદારી દરમિયાન વ્યક્ત કરાયેલ પરિયોજનાની અસરો અને ફાયદાઓને આધારે અનેક પ્રકારના સ્વરૂપો લઇ શકે છે. નોંધી રાખો કે જો કેટલાક વ્યક્તિઓ અથવા જૂથો પરિયોજનાનો વિરોધ કરે તો વ્યાપક સામુદાયિક ટેકો હોઇ શકે છે અને તેનાથી વિપરિત, કંપની સાથેની વાટાઘાટમાં સામુદાયિક ભાગીદારી આવશ્યક રીતે સમર્થનને સમતોલ નથી..
- વ્યાપક આધારવાળા સામુદાયિક સમર્થનની ઇચ્છા રાખતા નીચે દર્શાવેલ કેવી રીતે સમર્થનત્મક બની શકે છે તે વિચારો:
  - સંભવિત નકારાત્મક અસરો અ સકારાત્મક તકો સહિત સૂચિત પ્રવૃત્તિઓ પર બહોળી માહિતી;
  - વિશ્વસનીય સ્વતંત્ર સલાહમાં મેળવવી;
  - સામાજિક અને પર્યાવરણીય આકારણીઓ અને સમુદાયોને અસર કરી શકે તેવા પરિયોજનાના તત્ત્વોમાં સામુદાયિક ભાગીદારી;
  - વિશ્વાસપૂર્વક હાથ ધરાયેલા સંપર્કો સાથે સામાજિક મૂલ્યોનું સન્માન કરો;
  - હિતો અને પ્રવૃત્તિઓની અરસપરસ સુમાહિતગાર સમજણ;
  - સ્થાનિક આર્થિક તક અને વિકાસ માટે સક્રિય ટેકો.

- **સીઓપી *30.2:* અધિકાર-સક્ષમતા ફરિયાદો અને તકરાર પદ્ધતિઓમાં પ્રવેશ***: ખનન ક્ષેત્રમાં રહેલાં સભ્યો એ બાબતને સુનિશ્ચિત કરશે કે અસરગ્રસ્ત સમુદાયો કામગીરીઓના સ્તરે વિવાદો અંગે અવાજ ઉઠાવવા અને તેના સમાધાન માટે અને અસરગ્રસ્ત સમુદાયો માટે તેમની ઉપલબ્ધતા સંચારિત કરી શકે તે માટે*

*અધિકાર-સુસંગત ફરિયાદ કાર્યપદ્ધતિઓ ધરાવતાં હોય. કરવામાં આવેલી ફરિયાદો, તપાસની પ્રક્રિયાઓ અને પરિણામોની જાળવણી કરવામાં આવશે.*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- ફરિયાદો અને તકરાર પદ્ધતિ માટે વરિષ્ઠ મેનેજરને દેખરેખ અને જવાબદારી આપવી જોઇએ.
- અસરગ્રસ્ત સમુદાયો અને અન્ય હિસ્સેદારો સામે યોગ્ય લાગે તેમ પ્રશ્નો, ફરિયાદો અથવા તકરાર ઊભી કરવા માટે કંપની સંપર્કોના નામ/મો તૈયાર કરો.
- રચના કરતી વખતે, સુધારો કરતી વખતે અથવા ફરિયાદો અને તકરાર પદ્ધતિની આકારણી કરતી વખતે, યવહારમાં તેની અસરકારકતાની શરતો (ઉપરવિભાગ C જુઓ)ખાતરી કરવામાં તે કારોબાર અને માનવ અધિકારોની અસરકારકતા પરના યુએન માર્ગદર્શક સિદ્ધાંતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તે કેવી રીતે મદદ કરી શકે છે તે વિચારો.
- કંપનીની અથવલા સાઇટની ફરિયાદો અને તકરાર પદ્ધતિ પર સ્પષ્ટ દસ્તાવેજોની જાળવણી કરો અને તેને અસરગ્રસ્ત પ્રક્રિયાઓ અને હિસ્સેદારોને ઉપલબ્ધ બનાવો.
- ઉઠાવવામાં આવેલી ફરિયાદો, તપાસ પ્રક્રિયાઓ અને પરિણામોના રેકોર્ડની જાળવણી કરો.
- ફરિયાદ અને તકરારના પુનરાવર્તન, પ્રકાર અને કારણોનું નિયમિતધોરણે પૃથ્થકરણ કંપનીઓને તેમની નીતિઓ, કાર્યપ્રણાલિઓ અથવા વ્યવહારોમાં ભવિષ્યની મુશ્કેલીને દૂર કરવા માટે સુધારો લાવી શકાય તે ઓળખી કાઢવામાં સહાય કરી શકે છે.

**તપાસો**:

- ✓ *શું તમે જવાબદારી, યોગ્ય કુશળતાઓ અને સ્રોતો અને નીતિઓ અને કાર્યપ્રણાલિ માટેની સ્પષ્ટ રેખાઓ સહિત વહેલાસર અને આગળ ધપી રહેલી સામાજિક સામેલગીરી માટે બહોળી વ્યવસ્થા અસ્તિત્વમાં ધરાવો છો?*
- ✓ શું તમારા સામેલગીરી માટેના અભિગમો સમાવેશી, સમતોલ અને સાંસ્કૃતિક યોગ્ય છે?
- ✓ પરિયોજનાના જોખમો અને અસરોના સંબંધમાં સંબંધિત હિસ્સેદારોને આળખી કાઢ્યા છે?
- ✓ પરિયોજનાની સંબંધિત માહિતીના પ્રચાર અને પ્રતિભાવ પ્રાપ્ત કરવા માટે અસરકારક સંદેશાવ્યવહાર માપદંડો અસ્તિત્વમાં છે?
- ✓ શું તમે મોટા ખાણને લગતા નિર્ણયોમાં અસરગ્રસ્ત સમુદાયોના હિત અને વિકાસ મહત્ત્વાકાંક્ષાઓમાં સુમાહિતગાર સંપર્કનું વિચારો છો?
- ✓ અધિકાર-સક્ષમ ફરિયાદો અને તકરાર પદ્ધતિ દરેક કામગીરીઓ માટે અસ્તિત્વમાં છે અને તેનો યોગ્ય રીતે રેકોર્ડ રાખવામાં આવે છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો સામુદાયિક સામેલગીરી અને વિકાસ મુશ્કેલીઓ પરની વધારાની માહિતી ધરાવે છે:

- એંગ્લો અમેરિકન – સામુદાયિક સામેલગીરી
  www.angloamerican.com/development/social/community-engagement/engagement
- એંગ્લો અમેરિકન – સ્પીક અપ પ્રોગ્રામ– સ્વતંત્ર તકરાર પદ્ધતિ
  www.anglospeakup.com

- એસોસિયેશન ફોર મિનરલ બ્રિટીશ કોલંબીયા – મિનરલ એક્સ્પ્લોરેશન, માઇનીંગ એન્ડ એબોર્જીનલ કોમ્યુનિટી એંગેજમેન્ટ: માર્ગદર્શિકા (કેનેડા) (2005)
  commdev.org/content/document/detail/843/
- અમેરિકા માટે કેનેડીયન ફાઉન્ડેશન – ટકાઉ સમુદાયો: ખાણ અને સ્થાનિક સંભાળ (અમેરિકા) (2008)
  www.focal.ca/pdf/indigenous_FOCAL_sustainable%20communities%20mining%20indigenous%20governance_March%202008.pdf
- ખાણમાં સામજિક જવાબદારીનું કેન્દ્ર (સીએએસઆરએમ) - સામુદાયિક સામેલગીરી અને વિકાસ
  http://www.csrm.uq.edu.au/Research/CommunityEngagementandDevelopment.aspx
- હાર્વર્ડ કેનેડી સ્કુલ: અસરકારક કંપની-હિસ્સેદાર તકરાર પદ્ધતિઓ માટે સિદ્ધાંતોનું સંચાલન કરતા: શીખેલા પાઠોનો અહેવાલ (2011)
  www.hks.harvard.edu/m-rcbg/CSRI/publications/report_46_GM_pilots.pdf
- હાર્વર્ડ યુનિવર્સિટી – અધિકાર-સક્ષમ તકરાર પદ્ધતિઓ-માર્ગદર્શક ટૂલ (2008)
  www.hks.harvard.edu/m-rcbg/CSRI/publications/Workingpaper_41_Rights-Compatible%20Grievance%20Mechanisms,%20January%202008.pdf
- ખાણ અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ)- સમુદાય વિકાસ ટૂલકીટ (2012)
  www.icmm.com/news-and-events/news/articles/icmm-presents-updated-community-development-toolkit
- ખાણ અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ)- ખાણ અને માનવ અધિકાર પરની માર્ગદર્શન નોંધ (2009)
  www.icmm.com/page/14855/icmm-presents-new-guidance-note-on-mining-and-human-rights
- ખાણ અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ)- ધાતુઓ અને ખાણ ઉદ્યોગમાં માનવ અધિકાર: સ્થાનિક સ્તરની ચિંતાઓ અને તકરારોનું સંચાલન અને ઉકેલ (2009)
  www.icmm.com/document/691
- ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ પબ્લિક પાર્ટિસિપેશન (આઈએપી2)- ભાગીદારી ક્ષેત્ર (2007)
  www.iap2.org/associations/4748/files/spectrum.pdf
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) કામગીરી ધોરણ 5 – જમીન સંપાદન અને અસ્વૈચ્છિક પુનઃવસન (2012)

www1.ifc.org/wps/wcm/connect/3d82c70049a79073b82cfaa8c6a8312a/PS5_English_2012.pd%20f?MOD=AJPERES

- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) માર્ગદર્શન નોંધ 5 – જમીન સંપાદન અને અસ્વૈચ્છિક પુનઃવસન (2012)
  www1.ifc.org/wps/wcm/connect/4b976700498008d3a417f6336b93d75f/Updated_GN5-2012.pdf?MOD=AJPERES
- અનુપાલન સલાહકાર/ઓમ્બુડ્ઝમેનની ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) – વિકાસ પરિયોજનાઓ માટે રચના અને અમલીકરણ તકરાર પદ્ધતિન માર્ગદર્શિકા (2008)
  www.cao-ombudsman.org/howwework/advisor/documents/implemgrieveng.pdf
- આઇએસઓ 26000 – સામાજિક જવાબદારી પરનું માર્ગદર્શન (2010)
  www.26k-estimation.com/html/user_guides_iso_26000.html#user-guides
- જોહ્ન રગલ – કારોબાર અને માનવ અધિકારો પરના માર્ગદર્શક સિદ્ધાંતો: યુનાઇટેડ નેશન્સના "રક્ષણ,સન્માન અને ઉકેલ" માળખાનો અમલ કરતા (2011)
  www.business-humanrights.org/media/documents/ruggie/ruggie-guiding-principles-21-mar-2011.pdf
- ખાણ ઉદ્યોગ માટે અગ્રણી વ્યવહાર ટકાઉ કાર્યક્રમ (ઓસ્ટ્રેલીયા)-સામુદાયિક સામેલગીરી અને વિકાસ (2006)
  www.minerals.org.au/file_upload/files/resources/enduring_value/CED.pdf

- ખાણ ઉદ્યોગ માટે અગ્રણી વ્યવહાર ટકાઉ કાર્યક્રમ (ઓસ્ટ્રેલીયા) – સ્થાનિક સમુદાયો સાથે કામ કરતા (2007)
  www.ret.gov.au/resources/Documents/LPSDP/LPSDP-IndigenousCommunitiesHandbook.pdf
- કેનેડાનું ખાણ સંગઠન – વધુ પડતી પહોંચ અને વાટાઘાટ – વિભાજિત સમજણ ઊભી કરવા માટેની ક્ષેત્રીય માર્ગદર્શિકા (2003)
  www.mining.ca/www/media_lib/TSM_Documents/outreachguide.pdf
- ખાણ, ખનિજ અને ટકાઉ વિકાસ (એમએમએસડી) નવી ગરીબીને અવગણતાઃ ખાણ પ્રેરીત વિસ્થાપન અને પુનઃવસન (2002)
  www.iied.org/pubs/pdfs/G00549.pdf
- કેનેડાનું શોધખોળ કરનાર અને વિકાસકર્તાઓનું સંગઠન (પીડીએસી) – e3 પ્લસ – જવાબદાર સંશોધન માટેનું માળખું
  www.pdac.ca/e3plus
- રિયો ટિન્ટો રિયો ટિન્ટો – વ્હાય હ્યુમન રાઇટ્સ મેટર (2012)
  www.riotinto.com/documents/ReportsPublications/Rio_Tinto_human_rights_guide_-_English_version.pdf
- રિયો ટિન્ટો – વ્હાય જેન્ડર મેટર્સ (2009)
  www.riotinto.com/documents/ReportsPublications/Rio_Tinto_gender_guide.pdf
- માનવ અધિકારો માટે હાઇ કમિશનરની યુનાઇટેડ નેશન્સ માનવ અધિકાર ઓફિસ – વિકાસ આધારિત સ્થળાંતર (ખાલી કરાવવું) અને વિસ્થાપન પરના મૂળભૂત સિદ્ધાંતો અને માર્ગદર્શિકા – સરકારો માટે માર્ગદર્શન
  www2.ohchr.org/english/issues/housing/docs/guidelines_en.pdf
- વિશ્વ બેન્ક – સમુદાય પ્રેરીત વિકાસ (2011)
  web.worldbank.org/WBSITE/EXTERNAL/TOPICS/EXTSOCIALDEVELOPMENT/EXTCDD/0,,menuPK:430167~pagePK:149018~piPK:149093~theSitePK:430161,00.html
- વિશ્વ સ્ત્રોત સંસ્થા –વિભાજન: ઉત્ખનન અને માળખાગત પરિયોજનામાં સમુદાયોને સામેલ કરતા (2009)
  www.wri.org/publication/breaking-ground-engaging-communities

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 31) મૂળનિવાસી લોકો અને મુક્ત પૂર્વ માહિતગાર સહમતી

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**"મૂળનિવાસી લોકો"** અંગે કોઈ વૈશ્વિક રીતે સ્વીકૃત વ્યાખ્યા નથી. **"મૂળનિવાસી લોકો"** શબ્દ અહીં અલગ અલગ પ્રમાણમાં નીચે મુજબની વિવિધ લાક્ષણિકતા ધરાવતા વિશિષ્ટ સામાજિક અને સાંસ્કૃતિક જૂથોના સંદર્ભમાં સામાન્ય અર્થમાં વાપરવામાં આવે છેઃ

- વિશિષ્ટ મૂળનિવાસી સાંસ્કૃતિક જૂથના સભ્ય તરીકે સ્વ-ઓળખ અને અન્ય દ્વારા આ ઓળખની માન્યતા,
- પ્રોજેક્ટના વિસ્તારમાં ભૌગોલિક રીતે વિશિષ્ટ રહેવાસીઓ પ્રત્યે અથવા પૂર્વજોના પ્રદેશ સાથે સામુહિક જોડાણ અથવા આ વિસ્તાર કે પ્રદેશના કુદરતી સ્ત્રોતો પ્રત્યે જોડાણ,
- સાંસ્કૃતિક રીત-રિવાજો, આર્થિક, સામાજિક અથવા રાજકીય સંસ્થાઓ જે પ્રભુત્વ ધરાવતા સમાજ અથવા સંસ્કૃતિ કરતા અલગ હોય.
- એક વિશિષ્ટ ભાષા અથવા બોલી જે દેશની સત્તાવાર ભાષા અથવા તેઓ જ્યાં વસવાટ કરતા હોય ત્યાંની ભાષાઓ કરતા અલગ હોય.

તેવી જ રીતે મુક્ત, પૂર્વ અને માહિતગાર સહમતી (એફપીઆઇસી) અંગે પણ કોઇ વૈશ્વિક રીતે સ્વીકૃત વ્યાખ્યા નથી. આરજેસી વ્યવહારસંહિતા માટે એફપીઆઈસી પરસ્પર સંવાદની પ્રક્રિયા પર નિર્મિત અને વિસ્તરેલી છે અને સભ્યો તથા અસરગ્રસ્ત મૂળનિવાસી લોકો વચ્ચે સારા હેતુથી મંત્રણા મારફત તે પ્રસ્થાપિત થવી જોઈએ. એક પ્રક્રિયા તરીકે એફપીઆઇસીને આયોજનના ગાળા, કામગીરીના તબક્કામાં અને ખાણના પુનઃવસવાટ તથા બંધ કરવા દરમિયાન સન્માનપૂર્વક સંબંધની જરૂર પડે છે. એફપીઆઈસી અસરગ્રસ્ત મૂળનિવાસી લોકોની સ્પષ્ટ સહમતી મેળવવામાં વિચારવિમર્શથી આગળ જાય છે. જોકે, એફપીઆઇસીમાં સર્વાનુમતિની જરૂર પડતી નથી અને સમુદાયમાં વ્યક્તિઓ કે જૂથો સ્પષ્ટ રીતે અસહમત હોય ત્યારે પણ તે પ્રાપ્ત કરી શકાય છે.

મૂળનિવાસી લોકો અને ખાણો અંગે આઇસીએમએમ પોઝિશન સ્ટેટમેન્ટ નોંધ કરે છે કે એફપીઆઇસીમાં પ્રક્રિયા અને પરિણામ બંનેનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયા મારફત મૂળનિવાસી લોકોઃ (i) દબાણ, ધમકી કે ચેડા વગર મુક્ત રીતે નિર્ણય લેવા સક્ષમ હોય (ii) ચાવીરૂપ નિર્ણયો લેવાય અને અસર થાય તે અગાઉ પ્રોજેક્ટને લગતા નિર્ણયોમાં સામેલ થવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હોય, અને (iii) પ્રોજેક્ટ અને તેની સંભવિત અસર અને લાભ અંગે પૂર્ણ માહિતી ધરાવતા હોય. પરિણામ એ છે કે મૂળનિવાસી લોકો પ્રોજેક્ટને તેમની સહમતી આપી શકે અથવા રોકી શકે છે જે એવી પ્રક્રિયા મારફત હોવું જોઈએ જે તેમની પરંપરાગત નિર્ણય લેવાની પ્રક્રિયા સાથે સુસંગત હોય અને જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતાપ્રાપ્ત માનવ અધિકારોનું પાલન થાય તથા સારા ઉદ્દેશ સાથેની વાટાઘાટો પર આધારિત હોય.

*સ્રોતઃ*

- *ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 7 – ઇન્ડિજિનસ પિપલ્સ (2012)*
  http://www.ifc.org/performancestandards
- *આઇસીએમએમ પોઝિશન સ્ટેટમેન્ટ ઓન ઇન્ડિજિનસ પિપલ્સ એન્ડ માઇનિંગ (2013*
  http://www.icmm.com/publications/icmm-position-statement-on-indigenous-peoples-and-mining

સીઓપીની ***મૂળનિવાસી લોકો અને મુક્ત પૂર્વમાહિતગાર સહમતી*** કલમ ખાણ ક્ષેત્રના સભ્યોને લાગુ થાય છે.

ફ્રી પ્રાયર એન્ડ ઇન્ફોર્મ્ડ કન્સેન્ટ (એફપીઆઇસી) અંગેની જોગવાઇ 31.3 નવા ખાણ એકમો અથવા વર્તમાન એકમોના નોંધપાત્ર ફેરફારોને લાગુ થાય છે જે નીચે નિર્ધારિત કરવામાં આવેલા કોઇ પણ સંજોગો સાથે સંલગ્ન હોય.

- પરંપરાગત માલિકી અથવા રિવાજ આધારિત ઉપયોગ હેઠળ જમીન અને કુદરતી સંસાધનો પર અસર;
- પરંપરાગત માલિકી અથવા રિવાજ આધારિત ઉપયોગ હેઠળ જમીન અને કુદરતી સંસાધનો પરથી મૂળનિવાસી લોકોનું સ્થળાંતર;
- મહત્ત્વના સાંસ્કૃતિક વારસા પર નોંધપાત્ર અસર જે મૂળનિવાસી લોકોની ઓળખ અને/અથવા સાંસ્કૃતિક, પરંપરાગત, અથવા તેમના જીવનના આધ્યાત્મિક પાસા માટે આવશ્યક હોય; અથવા
- વાણિજ્યિક હેતુઓ માટે મૂળનિવાસી લોકોના જ્ઞાન, નવીનતા અથવા પ્રણાલિ સહિતના સાંસ્કૃતિક વારસાનો ઉપયોગ.

એફપીઆઇસીની જોગવાઇ 31.3 પ્રોજેક્ટ વિકાસના પ્રારંભિક તબક્કાથી જ ઉપરના સંજોગોમાં લાગુ થાય છે, ત્યારે પશ્ચાતવર્તી પુષ્ટિની અપેક્ષા રાખવામાં આવતી નથી. આ જરૂરિયાત ખાણના એકમો પર પેદા થાય છે જ્યારે આરજેસીમાં જોડાયાના સમયથી અથવા છેલ્લી ચકાસણીની આકારણીથી, બેમાંથી જે છેલ્લે થયું હોય ત્યારથી આ સંજોગો હાજર હોય. અસરગ્રસ્ત મૂળનિવાસી લોકોને લગતી બાકીની તમામ ખાણ કામગીરીમાં 31.2 હેઠળ સભ્યોએ વિસ્તૃત સમર્થન મેળવવાનું હોય છે અને અસર-લાભ કરાર મારફત પોતાનો સમર્થન વિધિવત રીતે નોંધાવવો પડે છે.

સમુદાય સાથે જોડાણ, પુનઃવસવાટ, અસર આકરણી અને ખાણ પુનઃવસવાટ અને બંધ કરવા માટે માર્ગદર્શન પ્રકરણ પણ જુઓ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

લોકોનું કયું જૂથ મૂળનિવાસી ગણવું તે પ્રસ્થાપિત કરવું હંમેશા સરળ નથી હોતું. મૂળનિવાસી લોકોને અલગ અલગ દેશોમાં જુદા જુદા નામે ઓળખવામાં આવી શકે છે જેમ કે “મૂળનિવાસી વંશીય લઘુમતિ”, “મૂળનિવાસી”, “પર્વતીય આદિવાસીઓ”, “લઘુમતી રાષ્ટ્રીયતા”, “પ્રથમ રાષ્ટ્રીયો” અથવા “આદિવાસી જૂથો”. ચોક્કસ જૂથને મૂળનિવાસી લોકો ગણવા કે નહીં તેના માટે માહિતીસભર નિર્ણયની જરૂર પડી શકે જેમાં ઉપરની કલમ Aમાં દર્શાવેલ લાક્ષણિકતાઓ ધ્યાનમાં લેવામાં આવી શકે.

ખાણ ઉદ્યોગના સંદર્ભમાં મૂળનિવાસી લોકોને સામાન્ય રીતે (પરંતુ સાર્વત્રિક રીતે નહીં) એવા સમુદાય ગણવામાં આવે છે જેમના લોકો દેશ કે પ્રદેશના અસલ નિવાસી લોકોના વારસામાં ઉતરી આવ્યા છે જેઓ વિશિષ્ટ સામાજિક અથવા સાંસ્કૃતિક ઓળખ ધરાવે છે જે વર્તમાન સામાજિક અને આર્થિક સંદર્ભમાં જોખમમાં અથવા બિનફાયદાકારક સ્થિતિમાં હોઈ શકે છે.

ઘણા મૂળનિવાસી લોકોની સંસ્કૃતિ અને ઓળખો અલગ ન કરી શકાય તેવી રીતે તેઓ જ્યાં વસવાટ કરતા હોય તે જમીન સાથે અને તેઓ જેના પર નિર્ભર હોય તે કુદરતી સંસાધનો સાથે સંકળાયેલ હોય છે. ઘણા કિસ્સામાં તેમની સંસ્કૃતિ, ઓળખો, પરંપરાગત જ્ઞાન અને મૌખિક ઇતિહાસ આ જમીન અને કુદરતી સ્રોતો સાથે સંલગ્ન હોય છે. જમીન, વન, પાણી, વન્ય જીવન અને અન્ય કુદરતી સ્રોત પર પ્રોજેક્ટની અસરથી તેમની સંસ્થાઓ, આજીવિકા, આર્થિક વિકાસ અને તેમની પોતાની ઓળખ અને સંસ્કૃતિ ટકાવી રાખવાની ક્ષમતા પર અસર પડી શકે છે. વિશ્વના ઘણા ભાગોમાં મૂળનિવાસી લોકો ભેદભાવ ભોગવતા આવ્યા છે અને તેમને વિશાળ સમાજમાં હાંસિયે ધકેલી દેવામાં આવ્યા છે. તેમાંના ઘણા લોકો હજુ ભેદભાવ, ઊંચા પ્રમાણમાં ગરીબી તેમજ  રાજકીય અને સામાજિક ગેરલાભના અન્ય સ્વરૂપોનો સામનો કરે છે.

ખાણના પ્રોજેક્ટમાં મૂળનિવાસી લોકોના હિત નીચેના પૈકી એક અથવા વધુ હોઈ શકે છેઃ

- જમીનની વિધિવત માલિકી અથવા જમીન અથવા સંસાધનોમાં માન્યતાપ્રાપ્ત કાનૂની હિતો;
- જમીન અથવા સંસાધનોની માલિકીના દાવા;
- જમીન અથવા સંસાધનોની સામાન્ય માલિકી, પરંતુ સામાન્ય માલિકીની વિધિવત કાનૂની માન્યતાનો અભાવ;
- ભોગવટો ધરાવનારા કે જમીનના વપરાશકર્તાઓ, સામાન્ય માલિક તરીકે અથવા એવા લોકો તરીકે જેમની પ્રચલિત જમીન અન્યત્ર છે;
- સામગ્રીની ચીજો અથવા સાંસ્કૃતિક રીતે નોંધપાત્ર સંસાધનો;
- જોડાણ, પરંપરા અથવા માન્યતાના કારણે વિશેષ મહત્ત્વ ધરાવતી જમીન;
- યજમાન સમુદાયના સભ્યો જેનું સામાજિક, આર્થિક અને ભૌતિક વાતાવરણ ખાણ અથવા સંલગ્ન પ્રવૃત્તિના કારણે અસરગ્રસ્ત થાય. (ઉદાહરણ તરીકે નદી આધારિત સમુદાયો સહિત).

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ મૂળનિવાસી લોકોના અધિકારો પર વધુને વધુ ધ્યાન અપાઇ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ચાવીરૂપ યુએન માનવ અધિકાર કરાર અને ઘોષણાઓ વિશ્વના મૂળનિવાસી લોકો માટે અધિકારોનું મુખ્ય માળખું રચે છે. આ ઉપરાંત, કેટલાક દેશોએ કાયદા ઘડ્યા છે અથવા મૂળનિવાસી લોકોના રક્ષણ માટે અન્ય આંતરરાષ્ટ્રીય અથવા પ્રાદેશિક કરારોમાં ફેરફારો કર્યા છે, જેમ કે આઇએલઓ નિયમ 169. આવા કાયદેસરના સાધનોથી રાજ્યોની જવાબદારી પ્રસ્થાપિત થાય છે ત્યારે એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે ખાનગી ક્ષેત્રની કંપનીઓ પોતાની કામગીરી એવી રીતે કરે જે આ અધિકારોનું રક્ષણ કરે અને આ સાધનો હેઠળ રાજ્યની જવાબદારીઓમાં હસ્તક્ષેપ ન કરે.

ભૂતકાળની કે અત્યારની તમામ સરકારોએ મૂળનિવાસી લોકોની વિશિષ્ટ ઓળખ, કાયદેસરના હિત અથવા સંબંધિત આંતરરાષ્ટ્રીય નિયમોમાં ઉલ્લેખ કર્યો છે તે અધિકારોને હંમેશા માન્યતા આપી છે એવું નથી. આ સંદર્ભમાં કંપનીઓ અને અસરગ્રસ્ત સમુદાયો વચ્ચેના કરારો મૂળનિવાસી લોકોના વિકાસની આકાંક્ષાઓ, વિકાસના લાભ માટેની વાટાઘાટો અને અસર ઘટાડવા માટે સંવાદના મહત્ત્વના સાધન તરીકે ઉપસી આવ્યા છે. વિધિવત રીતે વિકાસ પ્રોજેક્ટ માટેના દસ્તાવેજી સમર્થન લેખિત કરારનું સ્વરૂપ લઇ શકે અથવા અન્ય રેકોર્ડનું સ્વરૂપ લઇ શકે જે નિયુક્ત કરાયેલા નેતાઓ, પ્રવક્તાઓ અથવા સમુદાયના પ્રતિનિધિઓ દ્વારા માન્યતાપ્રાપ્ત હોય. માહિતીસભર વિચારવિમર્શ અને હિસ્સેદારીની પ્રક્રિયા, જે વિસ્તૃત અથવા સામુહિક નિર્ણય લેવાની પ્રક્રિયાને માન્ય રાખતી હોય તેણે મૂળનિવાસી લોકો સાથે સંબંધોના વિકાસ, કરાર નિર્માણ, પ્રોગ્રામ ડિલિવરી અને નિયમિત સમીક્ષા પર ભાર મૂકવો જોઇએ.

મૂળનિવાસી લોકો સાથે પ્રોજેક્ટ આધારિત નિર્ણય લેવામાં મુક્ત, પૂર્વ અને માહિતીસભર સહમતી (એફપીઆઇસી)માં પ્રક્રિયા અને પરિણામ બંને લાગુ પડે છે. એફપીઆઇસીને મૂળનિવાસી લોકો માટેના અધિકારોના સંયુક્ત રાષ્ટ્રના ઘોષણાપત્રમાં તથા આંતરરાષ્ટ્રીય કામદાર સંઘના મૂળનિવાસી અને આદિવાસી લોકોના કરાર 169માં સામેલ કરવામાં આવેલ છે. બંને સાધનો મૂળનિવાસી લોકો અને રાષ્ટ્ર-રાજ્યો વચ્ચેના સંબંધો સાથે સંકળાયેલ છે. 2012માં ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) ખાનગી ક્ષેત્રની કામગીરીના ધોરણોમાં એફપીઆઇસી લાવ્યું હતું. સુધારેલ આઇએફસી પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 7માં આઇએફસીના ગ્રાહકે ચોક્કસ સંજોગોમાં વિપરીત અસરને સામેલ કરતા ખનીજ સ્રોત વિકાસ પ્રોજેક્ટ સહિત મૂળનિવાસી સમુદાયોના એફપીઆઇસી મેળવવા પડે છે. આ સુધારાના પરિણામે એફપીઆઇસી 70થી વધુ દેશોની નીતિનો પણ હિસ્સો બનશે જેણે ઇક્વેટર પ્રિન્સિપલ્સ (ઇપી) પર હસ્તાક્ષર કર્યા છે. આઇએફસીનું પગલું એ બહુસ્તરીય વિકાસ એજન્સીઓ, એનજીઓ અને જવાબદાર રોકાણકારોમાં એ બાબતની વધતી સ્વીકૃતિનું પ્રતીક છે કે મૂળનિવાસી લોકોએ તેમની જમીન અને સંસાધનોને અસર કરતા નિર્ણયોમાં હિસ્સેદારી કરવાનો અધિકાર છે. એફપીઆઇસી કંપની અને મૂળનિવાસી લોકોનું યોગ્ય પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓ વચ્ચે સાંસ્કૃતિક રીતે યોગ્ય વાટાઘાટની પરસ્પર સ્વીકૃત અને નોંધાયેલી પ્રક્રિયા તથા વાટાઘાટોના પરિણામે પક્ષો વચ્ચે સધાયેલી સહમતીનો ઉલ્લેખ કરે છે. જ્યાં વિકલ્પો અજમાવાયા હોય અને પ્રતિકુળ અસર ટાળી શકાય તેમ હોય

**આઇસીએમએમ સારી પદ્ધતિની માર્ગદર્શિકા**

આ સાધન ખાણ કંપનીઓને મૂળનિવાસી સમુદાયોના વસવાટની નજીક વિકાસ પ્રોજેક્ટના સંદર્ભમાં તેની સાથે સંકળાયેલ સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને રાજકીય જટિલતાઓ અંગે જાગૃત રહેવા અને તેનું સન્માન કરવામાં સહાય કરે છે. બધા માટે એક સરખો નિયમ લાગુ થતો નથી પરંતુ આ માર્ગદર્શિકામાં એવી પદ્ધતિઓની જાણકારી છે જેને કંપનીઓ અને સમુદાયો પોતાની પરિસ્થિતિ પ્રમાણે અપનાવી શકે છે. આ માર્ગદર્શિકામાં હિસ્સેદારી, સહમતીની રચના, અસરનું વ્યવસ્થાપન અને લાભોની હિસ્સેદારી તથા ફરિયાદોના નિકાલ અંગે સારી અને ખરાબ પદ્ધતિઓના ઉદાહરણો છે, જેમાં એક બીજા પાસેથી શીખી શકાય તેવા પાઠો જણાવાયેલા છે.

*સ્રોતઃ આઇસીએમએમ ગુડ પ્રેક્ટિસ ગાઇડ ઇન્ડિજિનસ પીપલ્સ એન્ડ માઇનિંગ (2012)*

**આઇસીએમએમની સ્થિતિનું નિવેદન**

2013માં આઇસીએમએમએ મૂળનિવાસી લોકો અને ખાણો અંગે સ્થિત વિષયક એક નિવેદન આપ્યું જેમાં મૂળનિવાસી લોકો દ્વારા પરંપરાગત રીતે માલિકી ધરાવતી અને તેમના પરંપરાગત ઉપયોગ હેઠળની જમીન નજીક આવેલા તથા મૂળનિવાસી લોકોને વિપરીત અસર કરવાની સંભાવના ધરાવતા નવા પ્રોજેક્ટ માટે મૂળનિવાસી લોકોની સહમતી મેળવવા (અને વર્તમાન પ્રોજેક્ટમાં ફેરફાર કરવા) માટે કામ કરવાની પ્રતિબદ્ધતા સ્વીકારવામાં આવી હતી. સ્થિતિના નિવેદનમાં આઇસીએમએમ દ્વારા એફપીઆઇસીને સારી ભાવના આધારિત પ્રક્રિયા તરીકે જોવામાં આવે છે જેના દ્વારા મૂળનિવાસી લોકો પ્રોજેક્ટને તેમની મંજૂરી આપી શકે અથવા અટકાવી શકે છે. આ પ્રક્રિયા મૂળનિવાસી લોકોની પરંપરાગત નિર્ણય લેવાની પ્રક્રિયા સાથે સુસંગત હોવી જોઇએ અને તેમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતાપ્રાપ્ત માનવ અધિકારોનું સન્માન થવું જોઇએ.

*સ્રોતઃ આઇસીએમએમ પોઝિશન સ્ટેટમેન્ટ ઓન ઇન્ડિજિનસ પિપલ્સ એન્ડ માઇનિંગ*

ત્યાં આઇએફસી પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 7 હેઠળ ડેવલપર્સને સાંસ્કૃતિક રીતે યોગ્ય રીતે આ અસરને લઘુત્તમ કરવા, પ્રસ્થાપિત કરવા અને/અથવા વળતર આપવા જણાવવામાં આવે છે જે આ અસરની પ્રકૃત્તિને અનુરુપ હોય તથા મૂળનિવાસી લોકોના અસરગ્રસ્ત સમુદાયોની સમસ્યાના પ્રમાણમાં હોય.

ચોક્કસ વ્યાખ્યાઓ અલગ અલગ છે અને વિવિધ અધિકારક્ષેત્રોમાં બદલાતી રહે છે ત્યારે એફપીઆઇસીમાં સહમતિ માટે આવી ધારણા કરવામાં આવી છે:

- દબાણ કે છળકપટ વગર પ્રાપ્ત કરવામાં આવ્યું હોય;
- મૂળનિવાસી લોકોની જમીન, પ્રદેશ અને સ્ત્રોતને અસર કરતી પ્રવૃત્તિ શરૂ થતા પહેલા મેળવાઇ હોય;
- અર્થપૂર્ણ હિસ્સેદારી અને વિચારવિમર્શ દ્વારા મેળવાયેલ હોય અને પ્રસ્તાવિત પ્રોજેક્ટના સંબંધિત પાસાના સંપૂર્ણ ખુલાસા પર એવી રીતે આધારિત હોય જે સમજી શકાય તેવા અને પ્રાપ્ત કરી શકાય તેવા સ્વરૂપમાં હોય; અને
- મૂળનિવાસી લોકોના પોતાના મુક્ત રીતે પસંદ કરાયેલા પ્રતિનિધિઓ અને પરંપરાગત અથવા અન્ય સંસ્થાઓ દ્વારા તેમની ભાગીદારી શક્ય બનાવવી.

ખાનગી ક્ષેત્ર દ્વારા એફપીઆઇસીનું અનુપાલન રાજ્ય આધારિત અને પરંપરાગત નિર્ણય લેવાની પ્રક્રિયાના સંદર્ભમાં થવું જોઈએ. રાજ્ય આધારિત વિકાસ સહમતી પ્રક્રિયા સાથે એફપીઆઇસી પ્રક્રિયાનું પ્રત્યાયન સૌથી વધુ સ્પષ્ટ હોય છે જ્યારે કંપનીઓ માટે તે પદ્ધતિ અમલમાં મૂકવા માટે સ્થાનિક કાયદો અસ્તિત્વમાં હોય. આવા કાયદા અને પ્રક્રિયા પર નજર રાખવા માટે કાનૂની સત્તાવાળાઓ ફિલિપાઇન્સ જેવા દેશો અને ઓસ્ટ્રેલિયાના અમુક ભાગોમાં હાજર છે. જ્યાં આવા કાયદા ન હોય ત્યાં એફપીઆઇસી પ્રક્રિયાની શરતો પર કંપની અને અસરગ્રસ્ત મૂળનિવાસી લોકો વચ્ચે વાટાઘાટ થવી જોઈએ.

સફળ ખાણ પ્રોજેક્ટ માટે તેઓ જેમની સાથે કામ કરતા હોય તે સમુદાયના લોકોનો વિસ્તૃત સમથર્ન જરૂરી છે જેમાં મૂળનિવાસી લોકોનો સમાવેશ થાય છે. અસરગ્રસ્ત મૂળનિવાસી લોકોના ટેકા અને અસરકારક માહિતીસભર વિચારવિમર્શ અને હિસ્સેદારી વગર પ્રોજેક્ટ સામે સંભવિત સંઘર્ષના કારણે સામાજિક, નાણાકીય અને પ્રતિષ્ઠા સંબંધિત જોખમ પેદા થાય છે. વિસ્તૃત સમુદાય સાથે જોડાવા માટે ખાણ કંપની અને મૂળનિવાસી લોકો વચ્ચે સંવાદ થવો જોઈએ, પરંતુ સાથે સાથે ચોક્કસ ઇતિહાસ, ક્ષમતાઓ, પ્રાથમિકતાઓ અને મૂળનિવાસી લોકોના હિતો પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. એ વાત સ્વીકારવામાં આવે છે કે મૂળનિવાસી લોકો સાતત્યપૂર્ણ વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, ખનીજ વિકાસ પ્રોજેક્ટ મૂળભૂત સમુદાયોના આર્થિક વિકાસને આગળ ધપાવી શકે છે, અને બદલામાં આ સમુદાયો કુદરતી સ્ત્રોતના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

## C. મુખ્ય આંતરરાષ્ટ્રીય સાધનો

*આંતરરાષ્ટ્રીય*

22 વર્ષ સુધીના વિકાસ અને વાટાઘાટ બાદ સપ્ટેમ્બર 2007માં યુએનની સામાન્ય સભામાં મૂળનિવાસી લોકોના અધિકારો અંગે સંયુક્ત રાષ્ટ્રના ઘોષણાપત્ર (યુએનડીઆરઆઇપી)નો સ્વીકાર કરાયો હતો. આ ઘોષણાપત્રમાં મૂળનિવાસી લોકોના વ્યક્તિગત અને સામુદાયિક અધિકારો તથા સંસ્કૃતિ, ઓળખ, ભાષા, રોજગાર, આરોગ્ય, શિક્ષણ અને અન્ય મુદ્દે તેમના અધિકારો નક્કી કરાયા છે. ઘોષણાપત્રો સરકારો દ્વારા મંજૂરીને આધિન નથી અને

કાયદેસર રીતે બંધનકર્તા નથી. સામાન્ય સભામાં સ્વીકારાયેલ ઘોષણાપત્ર સંયુક્ત રાષ્ટ્રોનો સામુહિક મત દર્શાવે છે અને તમામ સભ્ય દેશોએ સારી ભાવના સાથે તેને ધ્યાનમાં લેવા જોઈએ.

મૂળનિવાસી અને આદિવાસી લોકો અંગે ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) કરાર 169ને 1989માં સ્વીકારવામાં આવ્યો હતો અને 2013 સુધીમાં 22 દેશોએ તેનો અમલ કર્યો છે. મૂળનિવાસી લોકોની પ્રાથમિકતા અંગે તેમની સાથે વાસ્તવિક અને અસરકારક વિચારવિમર્શ એ આઇએલઓ 169માં મૂળભૂત બાબત છે. જોકે આ કરાર તેમને અસર કરતા પ્રોજેક્ટ માટે વીટોનો અધિકાર આપતો નથી. આઇએલઓ કરાર, 169 સરકારો માટે છે અને જેમણે તે લાગુ કરેલ હોય તેમને જ બંધનકર્તા છે. ઘણા દેશો આ કરારને સમસ્યારૂપ ગણે છે કારણ કે તે તેમની બંધારણીય જોગવાઇઓ સાથે ઘર્ષણમાં ઉતરે છે જે મુજબ તમામ વંશીય જૂથોને કાયદા સામે એક સમાન ગણવામાં આવે છે. આફ્રિકાના દેશોમાં આ બાબત ખાસ લાગુ થાય છે જ્યાં દેશની વસતીમાં પુષ્કળ વંશીય વિવિધતા હોય છે. ખાનગી કંપનીઓને આ કરાર હેઠળ કોઈ સીધી જવાબદારી નથી, પરંતુ તેમની પ્રવૃત્તિ અને કામગીરી પર તેની સીધી અસર પડે છે. આ ઉપરાંત આ કરાર અથવા સમાન માળખાને લાગુ કરતા રાષ્ટ્રીય કાયદાથી કંપનીઓ માટે કાનૂની જવાબદારીઓ સર્જાઇ શકે છે.

યુએનડીઆરઆઇપી અને આઇએલઓ169 એ મૂળનિવાસી લોકોના અધિકારોની માન્યતા અને રક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વની સિદ્ધિઓ છે. તેની ઘણી જોગવાઇઓ પરસ્પર બળ વધારનારી છે. ઘોષણાપત્રની જોગવાઇઓ નિયમ હેઠળ આવરી લેવાયેલા તમામ ક્ષેત્રોને લાગુ થાય છે અને નિયમ હેઠળ ન આવરી લેવાયેલા ઘણા વધારાના વિષયોને સંબોધે છે.

2012માં અપડેટ કરાયેલ ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 7- ઇન્ડિજિનસ પિપલ્સ (2012) ખાનગી ક્ષેત્ર માટે વિગતવાર ધોરણ અને સંલગ્ન માર્ગદર્શન પૂરું પાડે છે. આ ધોરણોનો ઉદ્દેશ છેઃ

- એ બાબતની ખાતરી કરવી કે વિકાસ પ્રક્રિયામાં મૂળનિવાસી લોકોના માનવ અધિકાર, ગૌરવ, આકાંક્ષા, સાંસ્કૃતિક અને કુદરતી સ્રોત આધારિત આજીવિકાનું સન્માન કરવામાં આવે.
- મૂળનિવાસી લોકોના સમુદાયો પર પ્રોજેક્ટની વિપરીત અસરની અપેક્ષા રાખીને તેને ટાળવી અથવા જ્યાં તેને ટાળી ન શકાય ત્યાં આવી અસર લઘુત્તમ કરવી/અથવા તેનું વળતર આપવું.
- સાંસ્કૃતિક રીતે યોગ્ય હોય તેવી રીતે મૂળનિવાસી લોકો માટે સાતત્યપૂર્ણ વિકાસના લાભો અને તકોને પ્રાયોજિત કરવી.
- પ્રોજેક્ટના સમગ્ર જીવનચક્ર દરમિયાન પ્રોજેક્ટ દ્વારા અસરગ્રસ્ત મૂળનિવાસી લોકો સાથે માહિતગાર વિચારવિમર્શ અને હિસ્સેદારી દ્વારા સંબંધ સ્થાપવો અને જાળવવો.
- કામગીરીના ધોરણોમાં દર્શાવેલા સંજોગો પેદા થાય ત્યારે મૂળનિવાસી લોકોના અસરગ્રસ્ત સમુદાયો માટે મુક્ત, પૂર્વ અને માહિતગાર સહમતી (એફપીઆઇસી)નું પાલન કરો.
- મૂળનિવાસી લોકોની સંસ્કૃતિ, જ્ઞાન અને પરંપરાઓને આદર આપીને તેને જાળવો.

*રાષ્ટ્રીય*

રાષ્ટ્રીય કાયદો એ આઇએલઓ કરાર 169 જેવા આંતરરાષ્ટ્રીય સાધનો અથવા સમાન રાજ્ય આધારિત માળખાના અમલીકરણ માટેનું સાધન છે. મૂળનિવાસી લોકોનું કાનૂની માળખું દરેક દેશમાં અલગ અલગ હોય છે જેનો આધાર સંસ્થાન, સ્થળાંતર અને/અથવા સંઘર્ષ પર હોય છે અને સતત બદલાતું રહે છે. કેટલાક દેશો મૂળભૂતતા કે વંશીયતાને સાપેક્ષમાં અધિકારો આપવા માટે ભેદ રાખી શકાય તેવી કેટેગરીમાં સ્વીકારતા નથી. એ બાબત

આવશ્યક છે કે સભ્યો કામગીરીના તમામ અધિકારક્ષેત્રોમાં લાગુ પડતા કાયદા પ્રમાણે સમજણ ધરાવે અને તે મુજબ વર્તે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભબિંદુ તરીકે જોવાવું જોઇએ.*

સીઓપી 31 મૂળનિવાસી લોકો અને મુક્ત, પૂર્વમાહિતગાર સહમતીને માનવ અધિકાર, સમુદાય સાથે જોડાણ સાથે અને લાગુ પડે ત્યાં પુનઃવસવાટ અંગેની સીઓપી જોગવાઇઓ સાથે લાગુ કરવું જોઈએ. સમુદાય સાથે જોડાણમાં સમુદાયના વિકાસ, જોડાણ અને કામગીરીના સ્તરે ફરિયાદ નિકાલની પ્રક્રિયા સામેલ છે. જોડાણ જ્યાં શક્ય હોય ત્યાં મૂળનિવાસી સમુદાયો સાથે પરંપરાગત સત્તાવાળાઓ દ્વારા થવું જોઈએ અને પરંપરાગત નિર્ણય લેવાના માળખા અને પ્રક્રિયાના સંદર્ભમાં હોવું જોઇએ. અસરની આકારણી અને ખાણ પુનઃવસવાટ અને બંધ કરવા અંગે સીઓપી જોગવાઇઓ પણ પ્રાસંગિક છે. સામાજિક અસરની આકારણી, અથવા અન્ય સામાજિક પાયાનું વિશ્લેષણ અને પ્રોજેક્ટને બંધ કરવાના આયોજનથી મૂળનિવાસી લોકોને અસર થતી હોય તેમના હિતો અને દૃષ્ટિકોણનો પણ અભ્યાસ કરવો જોઈએ અને તે તેમની સાથે વિચારવિમર્શ પર આધારિત હોવો જોઈએ.

- **સીઓપી 31.1: *મૂળનિવાસી લોકોના અધિકારોનું સન્માન: ખનન ક્ષેત્રમાં રહેલાં સભ્યો પ્રાંતીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં સુસ્પષ્ટ કરવામાં આવેલ અને વ્યાખ્યાયિત સ્થાનિક લોકોના અધિકારો અને તેમના સામાજીક, સાંસ્કૃતિક, પર્યાવરણીય અને આર્થિક હિતો, જળાશયો અને જમીનો સાથે તેમના જોડાણો સહિતનું સન્માન કરશે.*.**

  *વિચારણા માટેના મુદ્દાઓ:*
  - ***વ્યવસ્થાપન જવાબદારી:*** મૂળનિવાસી લોકો સાથે સંબંધો સ્થાપવાની જવાબદારી વરિષ્ઠ વ્યવસ્થાપનને સોંપાવી જોઈએ, ઘણી વખત આ કામ સમુદાય સાથેના જોડાણ અને વિકાસ કાર્યક્રમ સાથે સંકળાયેલા લોકોને અપાવું જોઈએ. મૂળનિવાસી લોકો સાથે સંબંધ વિકસાવનાર અને જાળવનાર ટીમની રચના માટે પૂરતી કાળજી રાખવી જોઈએ. અસરગ્રસ્ત મૂળનિવાસી સમુદાયોને જાણ હોવી જોઈએ કે ખાણની પ્રવૃત્તિને લગતા તમામ મુદ્દા માટે કોનો સંપર્ક કરવો. અને સીઓપી 30.3ની જરૂરિયાત મુજબ અધિકાર આધારિત ફરિયાદ નિકાલની વ્યવસ્થાનો લાભ લઇ શકે તેમ હોવું જોઈએ.
  - ***વિશેષ કૌશલ્ય:*** નીતિઓ, તાલીમ, વ્યૂહ, આયોજન અને પગલાં તૈયાર કરવા માટે અનુભવી અને નિષ્ણાતોની સહાય મેળવો. એ બાબતની ખાતરી કરો કે તે યોગ્ય ભાષા, માનવશાસ્ત્રીય, સાંસ્કૃતિક અને સામાજિક કૌશલ્ય પર આધારિત હોય.
  - ***લેખિત નીતિ અને પ્રક્રિયાઓ:*** નીતિ અને પ્રક્રિયામાં અસરગ્રસ્ત મૂળનિવાસી લોકો માટે કારોબારી વલણ હોવું જોઇએ અને નીચેની બાબતોને લક્ષ્યમાં લેવી જોઇએ:
    - મૂળનિવાસી લોકોના અધિકારો, હિતો, આકાંક્ષાઓ, સંસ્કૃતિ અને કુદરતી સ્ત્રોત આધારિત આજીવિકાનું સન્માન;
    - પ્રોજેક્ટ અને તેની સંભવિત અસરો અંગે મૂળનિવાસી લોકોના હિતો અને દૃષ્ટિકોણને સ્પષ્ટ રીતે ઓળખીને તેમને સમજવા;

- પ્રોજેક્ટ ડિઝાઇન કરવા, હિસ્સેદારી આધારિત વલણ અપનાવીને મૂળનિવાસી લોકો પર વિપરીત અસર ટાળવી અને બાકી રહેતી અસરને શક્ય એટલી ઘટાડવી, સંચાલિત કરવી અથવા વળતર આપવું;
- પ્રોજેક્ટના ચક્ર દરમિયાન ખાણ પ્રવૃત્તિ માટે વિસ્તૃત સમર્થન મેળવવા માટે યોગ્ય, સમયસર અને સાંસ્કૃતિક રીતે યોગ્ય રીતે મૂળનિવાસી લોકો સાથે જોડાણ રચીને વિચારવિમર્શ કરવો;
- લાભ પૂરા પાડે અને ખાણ પ્રોજેક્ટની અસર ઘટાડે તેવી ભાગીદારી અને/કાર્યક્રમો અંગે વાટાઘાટ કરવી;
- લાગુ પડતા સંજોગોમાં મુક્ત પૂર્વ માહિતગાર સહમતી મેળવવી;
- મૂળનિવાસી લોકોની સાંસ્કૃતિક મિલકતો અથવા ધાર્મિક મહત્ત્વ ધરાવતા સ્થળોના રક્ષણની વ્યવસ્થા;
- ખાણના શ્રમબળ અથવા સંલગ્ન કારોબારમાં મૂળનિવાસી લોકોની હિસ્સેદારી રચવા હકારાત્મક કાર્યવાહી અને હિસ્સેદારી;
- શિક્ષણ, તાલીમ, આરોગ્ય અને કારોબાર સાહસના સમર્થન વગેરે દ્વારા સ્વ-સક્ષમ પ્રાદેશિક અને સમુદાયિક વિકાસ માટે મૂળનિવાસી લોકો સાથે લાંબા ગાળાની ભાગીદારી ઇચ્છવી;
- લિંગ આધારિત વિચારણા અને ઉપરના સાથે આંતરછેદ;
- યોગ્ય હોય ત્યાં અલગ મૂળનિવાસી લોકો અલગ અલગ જરૂરિયાતો અને વાસ્તવિકતા ધરાવતા હોય ત્યાં અલગ વલણનો વિચાર કરવો;
- યોગ્ય હોય ત્યાં સરકારોને અથવા એનજીઓ સહિતની અન્ય સંસ્થાઓને કોઈ સમસ્યાને દૂર કરવા કે ઉકેલવા અથવા ખાણની કામગીરી નજીક મૂળનિવાસી લોકોની સમસ્યા દૂર કરવામાં હિસ્સેદારી કરવા પ્રોત્સાહિત કરવી;
- મુખ્ય હિસ્સેદારો સાથે જોડાણના વલણ, કરાર અને અસરના મૂલ્યાંકનની કામગીરીની પ્રગતિ પર દેખરેખ રાખવી.

○ *તાલીમઃ* એ બાબતની ખાતરી કરવી કે મૂળનિવાસી લોકો સાથે સંકળાયેલ તમામ સ્ટાફને યોગ્ય તાલીમ આપવામાં આવે અને ચાવીરૂપ સિદ્ધાંતો, સ્થાનિક મુદ્દા અને યોગ્ય વર્તણૂક અંગે પૂરતું જ્ઞાન હોય. મૂળનિવાસી લોકોને રોજગારની તકો આપવા માટે તાલીમ અને શિક્ષણની તકો આપીને તેમને લાયક બનાવવા જરૂરી હોઇ શકે છે જેઓ સામાન્ય રીતે કદાચ રોજગારપાત્રતા ધરાવતા ન હોય. મૂળનિવાસી લોકો જ્યારે ખાણના કામદારો હોય ત્યારે તમામ સ્ટાફને સાંસ્કૃતિક જાગૃતિની તાલીમ આપવી આવશ્યક છે. કંપનીના કમર્ચારીઓ મૂળનિવાસી લોકોની સંસ્કૃતિ, મૂલ્યો અને આકાંક્ષાઓને સમજી શકે તે માટે સંસ્કૃતિની સમજણ વિકસાવવી, તથા મૂળનિવાસી લોકો કંપનીના સિદ્ધાંતો, હેતુઓ, કામગીરી અને પ્રક્રિયા સમજી શકે તેવી પદ્ધતિ વિકસાવવી.

- ***સીઓપી 31.2: વિસ્તૃત સમર્થન**: ખનન ક્ષેત્રમાં રહેલાં સભ્યો અસરગ્રસ્ત લોકોના વ્યાપક ટેકાને પ્રાપ્ત કરવા અને આ ટેકાને ઔપચારિક રીતે દસ્તાવેજીકરણ કરવા, ભાગીદારીઓ અને/અથવા લાભો ઉપલબ્ધ કરાવવા અને અસરોને ઘટાડવા સહિતના પ્રયાસો કરશે.*એ બાબતની નોંધ કરો કે આ જોગવાઇ તમામ એવા કિસ્સાને લાગુ થાય છે જ્યાં અસરગ્રસ્ત મૂળનિવાસી લોકો હોય, જ્યાં ચોક્કસ સંજોગોમાં એફપીઆઇસી જોગવાઇઓ

નોંધવામાં આવી છે. અસરગ્રસ્ત મૂળનિવાસી લોકો ધરાવતા ખાણ એકમો માટે આ જોગવાઇઓનો અમલ સંદર્ભ પ્રમાણે અલગ અલગ હશે.

**કામગીરીની સ્થિતિમાં નીચેનું સામાન્ય માર્ગદર્શન પ્રાસંગિક હોય અથવા ન પણ હોઈ શકે:**

- ***આકારણી:*** મૂળનિવાસી લોકો પર કારોબારની સંભવિત અસરની આકારણી થવી જોઈએ. કારોબારે લાયકાત ધરાવતા સમાજ વિજ્ઞાનીઓ અને અન્ય વ્યવસાયિકોની સેવાઓનો ઉપયોગ કરવો જોઈએ:
  - વંશીય અને પુરાતત્વીય સંશોધન;
  - મહિલાઓ સહિત મૂળનિવાસી લોકોના અસરગ્રસ્ત સમુદાયો સાથે હિસ્સેદારી આધારિત વલણ;
  - પરંપરાગત સંસ્થાઓની આકારણી;
  - ખાણની પ્રવૃત્તિ દ્વારા અસરગ્રસ્ત થઇ શકે તેવા ક્ષેત્રોમાં મૂળનિવાસી જમીનના ઉપયોગનું આકલન;
  - પ્રચલિત કાયદા અને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ યજમાન દેશની જવાબદારીઓ સહિત લાગુ પડતા રાષ્ટ્રીય અને પ્રાદેશિક કાયદા અને નિયમનોની તપાસ.
- ***જોડાણ:*** સીઓપી સમુદાય સાથે જોડાણ (તે પ્રકરણ માટે ધોરણોની માર્ગદર્શિકા જુઓ)ની જરૂરિયાત પ્રમાણે અસરગ્રસ્ત મૂળનિવાસી લોકો સાથે જોડાણની પ્રક્રિયા સ્થાપો. જોડાણની પ્રક્રિયા સમગ્રલક્ષી, સમાન, સાંસ્કૃતિક રીતે યોગ્ય અને અધિકારો સાથે સુસંગત રીતે હોવી જોઈએ. નવા પ્રોજેક્ટના કિસ્સામાં કંપનીઓએ સંભવિત અસરગ્રસ્ત મૂળનિવાસી લોકો અને સંબંધિત સરકારી સત્તાવાળાઓ સાથે યોગ્ય જોડાણ પ્રક્રિયા માટે સહમત થવું જોઈએ:
  - અસરગ્રસ્ત મૂળનિવાસી લોકોની જરૂરિયાતો મુજબ યોગ્ય રીતે કામ લેવા કંપનીની સંસ્થાકીય ક્ષમતા વિકસાવો;
  - મૂળનિવાસી લોકોની પ્રતિનિધિત્વ સંસ્થાઓ અને સંગઠનો (વડીલોની સભા કે ગ્રામસભા)ને તથા મૂળનિવાસી લોકોના અસરગ્રસ્ત સમુદાયના સભ્યોને સામેલ કરો;
  - મૂળનિવાસી લોકોને નિર્ણય લેવાની પ્રક્રિયા માટે પૂરતો સમય પૂરો પાડો;
  - એ બાબતની ખાતરી કરો કે જોડાણની પ્રક્રિયા મૂળનિવાસી લોકોની નિર્ણય લેવાની પ્રક્રિયા સાથે સુસંગત છે અને સંભવિત અસરની પ્રકૃત્તિ અને તેના પ્રમાણની સમકક્ષ છે
  - જોડાણની પ્રક્રિયા દરમિયાન પેદા થઇ શકતા વિવિધ મંતવ્યોને હાથ ધરવા માટે વ્યવસ્થા પૂરી પાડો; અને
  - આવશ્યક હોય ત્યાં સારી ભાવના સાથેની વાટાઘાટો માટે સમુદાયની ક્ષમતાના ગઠનને સમર્થન આપો.
- ***વિસ્તૃત સમર્થન:*** ઉપરની જોડાણ પ્રક્રિયાનો ઉપયોગ કરીને ખાણ કામગીરીથી અસરગ્રસ્ત મૂળનિવાસી લોકો માટે વિસ્તૃત સમર્થન રચો, ઉદાહરણ તરીકે લાભ પૂરા પાડતી અને પ્રોજેક્ટના જીવનચક્ર દરમિયાન અસર ઓછી કરતી હિસ્સેદારી અને/અથવા કાર્યક્રમ મારફત. તે અસરગ્રસ્ત મૂળનિવાસી લોકોના હિત અને વિકાસની આકાંક્ષાઓની સમજણ પર આધારિત તથા પરસ્પર ભરોસો વધારવા પર આધારિત હોવું જોઈએ.

- ***સીઓપી 31.3 – મુક્ત પૂર્વ અને માહિતગાર સહમતી (એફપીઆઈસી): નવી ખનન સુવિધાઓ માટે, અથવા પ્રવર્તમાન સુવિધાઓમાં નોંધપાત્ર ફેરફારો કરવા, કે જે નીચે ઓળખી કાઢવામાં આવેલ કોઇ પણ સંજોગો સાથે સંકળાયેલા હોય:***
  - પરંપરાગત માલિકીને આધીન અથવા રૂઢિગત ઉપયોગ હેઠળ જમીનો અને કુદરતી સંસાધનો પર અસરો;
  - ***સ્થાનિક લોકોનું પરંપરાગત માલિકીને આધીન અથવા રૂઢિગત ઉપયોગ હેઠળ જમીનો અને કુદરતી સંસાધનો પરથી સ્થાનાંતરણ;***
  - સ્થાનિક લોકોનાં જીવન માટેની ઓળખ અને/અથવા સાંસ્કૃતિક, ઔપચારિક, અથવા આધ્યાત્મિક પાસાઓ માટે આવશ્યક હોય તેવા જટિલ સાંસ્કૃતિક પાસાઓ પર નોંધપાત્ર અસરો; અથવા
  - ***જ્ઞાન, નવીકરણો અથવા વાણિજ્યિક હેતુઓ માટે સ્થાનિક લોકોની પદ્ધતિઓ સહિત, સાંસ્કૃતિક વારસાનો ઉપયોગ;***

  ***ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો, આંતરરાષ્ટ્રીય નાણાકીય નિગમ (આઇએફસી) કાર્યદેખાવ માનક 7માં વર્ણવ્યા મુજબ:***

  a. ***વિશ્વાસપૂર્વકની વાટાઘાટો પર આધારિત આંતરરાષ્ટ્રીય ઓળખ પ્રાપ્ત માનવ અધિકારોનું સન્માન કરીને તેમની પરંપરાગત નિર્ણય લેવાની પ્રક્રિયાઓની સાથે સાતત્ય ધરાવવાના પ્રયાસો સાથેની પ્રક્રિયા દ્વારા, આયોજન અને મંજૂરીના તબક્કાઓ દરમિયાન અસરગ્રસ્ત સ્થાનિક લોકોની મુક્ત, પૂર્વ અને સુમાહિતગાર સંમતિ પ્રાપ્ત કરવા કાર્ય કરશે; અને***

  b. ***સભ્ય અને અસરગ્રસ્ત સ્થાનિક લોકો, અને સંલગ્ન સરકારી સત્તામંડળોની વચ્ચે પરસ્પર સ્વીકૃત પ્રક્રિયાને અને વાટાઘાટોનાં પરિણામ તરીકે પક્ષકારો વચ્ચેના કરારોના પુરાવાના દસ્તાવેજ તૈયાર કરશે..***

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- કોમ્યુનિટી એન્ગેજમેન્ટ હેઠળ આવશ્યક સમુદાય જોડાણ પ્રક્રિયા પર એફપીઆઇસી વલણ જાણવા આ જોગવાઇ માટે અલગ માર્ગદર્શન પ્રકરણ જુઓ. પરંપરાગત નિર્ણય લેવાની પ્રક્રિયા સાથે સાતત્ય ધરાવતા હોય તેવા નિર્ણય લેવા સમુદાયોને સમર્થન આપવા માટેનો સિદ્ધાંત, આવી માહિતી પૂરી પાડવા માટે પૂરતો સમય આપવો, આ વલણના મહત્ત્વના મુદ્દા છે. તે એક એવી સહમતીનું માળખું રચવા આવશ્યક છે જે અસરગ્રસ્ત સમુદાયોમાં વિસ્તૃત એફપીઆઇસી પ્રક્રિયાનું પ્રતિનિધિત્વ કરે, જે સમુદાય વિશે વિસ્તૃત જ્ઞાન વગરના વ્યક્તિઓ પર નિર્ભર ન હોય.
- 31.3 હેઠળ મૂળનિવાસી લોકોના પુનઃવસવાટનો વિચાર કરવામાં આવે ત્યારે મુક્ત પૂર્વ માહિતગાર સહમતી આવશ્યક છે – આ જોગવાઇ માટે અલગ માર્ગદર્શક પ્રકરણ જુઓ.
- આઇએફસી પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 7 (મૂળનિવાસી લોકો) માટેની માર્ગદર્શિકા સીઓપી 31.3ના નીચેના વલણના ટેકામાં વધારે માહિતી પૂરી પાડી શકે છે. લાગુ પડતા કાયદામાં જ્યાં એફપીઆઇસી પ્રક્રિયા વ્યાખ્યાયિત કરવામાં આવી ન હોય ત્યાં સભ્ય અને મૂળનિવાસી લોકોના અસરગ્રસ્ત સમુદાયો સારી ભાવના સાથેની વાટાઘાટ મારફત એફપીઆઇસી પ્રક્રિયાની શરતો નક્કી કરે છે. નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.
  - ક્લાયન્ટ અને મૂળનિવાસી લોકોના અસરગ્રસ્ત સમુદાયો વચ્ચે પરસ્પર સ્વીકાર્ય પ્રક્રિયા, અને
  - વાટાઘાટના પરિણામે પક્ષો વચ્ચે કરારના પૂરાવા.
- એફપીઆઇસી પ્રક્રિયાના ભાગરૂપે સભ્યોએ આઇએફસી પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 7 મુજબઃ
  - અસરને ટાળવા અને લઘુત્તમ કરવા માટેના પ્રયાસોની નોંધ;

- સ્રોતના ઉપયોગને ઓળખવા, આકારણી કરવા અને નોંધવા તથા અસરગ્રસ્ત મૂળનિવાસી સમુદાયોને તેમના જમીન અધિકારો અંગે માહિતી મળે તેની ખાતરી કરવી;
- વળતર આપવું, શક્ય હોય ત્યાં રોકડ વળતરના બદલે જમીનનું વળતર; અને
- કુદરતી સ્રોતનો સંપર્ક જળવાઇ રહે તે ખાતરી કરવી તથા સ્રોતના ઉપયોગ સાથે સંલગ્ન લાભોની યોગ્ય અને સમાન હિસ્સેદારીની ખાતરી કરવી જે અસરગ્રસ્ત મૂળનિવાસી સમુદાયોની ઓળખ અને આજીવિકામાં કેન્દ્ર સ્થાને હોય.

○ નોંધઃ એફપીઆઇસીને સર્વાનુમતની આવશ્યકતા નથી અને સમુદાયમાં વ્યક્તિઓ કે જૂથો સ્પષ્ટ રીતે અસહમત હોય ત્યારે પણ તે પ્રાપ્ત કરી શકાય છે. આઇએફસીના મત પ્રમાણે પ્રક્રિયા વગર પરિણામ મેળવી શકાતું નથી અને કાયદેસરની પ્રક્રિયા પરથી એક સહમતી રચાય તે હકીકત ટાળી શકાય નહીં.

○ નોંધઃ કેટલીક વખત સરકારો મૂળનિવાસી લોકોના હિતના સંચાલનમાં એવી રીતે જવાબદાર હોય છે જેનાથી કંપનીની સામેલગીરી મર્યાદિત થઇ જાય છે. આવી સ્થિતિમાં આરજેસી સભ્યોએ આ જોગવાઇ સાથે સુમેળ ધરાવે તેવી રીતે પરિણામ મેળવવા જવાબદાર સત્તાવાળાઓ સાથે સહયોગ કરવો પડી શકે છે. જ્યારે તમામ પક્ષોના શ્રેષ્ઠ પ્રયાસો છતાં સહમતી મળતી ન હોય ત્યારે વિશાળ જનસમૂહ સાથે મૂળનિવાસી લોકોના અધિકારો અને હિતોનું સંતુલન સાધીને સરકાર નક્કી કરી શકે છે કે પ્રોજેક્ટે આગળ વધવું જોઈએ અને લાગુ પડતી શરતો જણાવી શકે છે.

*તપાસોઃ*

✓ લાગુ પડતા કાયદા હેઠળ અસરગ્રસ્ત મૂળનિવાસી લોકોના કાનૂની અધિકારો અને તેમના સામાજિક, સાંસ્કૃતિક, પર્યાવરણીય અને આર્થિક હિતોને તમે સમજો છો?

✓ તમે મૂળનિવાસી લોકોના અધિકારોને સન્માન આપો તેની ખાતરી કરવા માટે તમારી પાસે નીતિઓ અને પ્રક્રિયાઓ અમલમાં છે?

✓ તમે મૂળનિવાસી લોકો પર કારોબારની સંભવિત અસરની આકારણી કરી છે?

✓ તમારી પાસે કોઈ જોડાણની પ્રક્રિયા અમલમાં છે ખરી જે અસરગ્રસ્ત મૂળનિવાસી લોકો પાસેથી વિસ્તૃત સમર્થન મેળવે?

✓ તમારા સમર્થનની નોંધ લેવાઇ છે?

✓ મૂળનિવાસી લોકોના લાભ માટે અને અસર ઘટાડવા માટે કાર્યક્રમ અમલમાં છે?

✓ તમે જે સ્થિતિ હેઠળ એફપીઆઇસી માંગવું જોઈએ અને તેના માટે અનુસરવાની પ્રક્રિયા વિશે જાણો છો?

✓ એફપીઆઇસી પ્રક્રિયા અને વાટાઘાટ પૂર્ણ થઇ હોય તો વાટાઘાટના પરિણામ યોગ્ય રીતે નોંધાયા છે?

**પ્રશ્ન અને જવાબ – મૂળનિવાસી લોકો અને મુક્ત પૂર્વ માહિતગાર સહમતી**

***1. ખાણથી અસરગ્રસ્ત સમુદાયો મૂળનિવાસી લોકો ન હોય તો સીઓપી 31 લાગુ થાય છે?***

બધા સમુદાયોને નહીં. સીઓપીની જરૂરિયાતો માત્ર મૂળનિવાસી લોકોને લાગુ થાય છે. જોકે, ચોક્કસ જૂથ મૂળનિવાસી છે કે નહીં તે નક્કી કરવા માટે સક્ષમ વ્યવસાયિકો પાસેથી ઇનપુટ માંગવામાં આવી શકે છે. મૂળનિવાસી લોકો અંગે આઇસીએમએમ સ્થિતિ નિવેદન (2013) નોંધે છે કે કેટલાક દેશોમાં મૂળનિવાસી શબ્દ વિવાદાસ્પદ હોઈ શકે છે અને તેના માટે સ્થાનિક શબ્દો વાપરી શકાય છે. (જેમ કે આદિવાસી લોકો, પ્રથમ લોકો, મૂળવતની લોકો, અસલ લોકો). અન્ય સ્થિતિમાં રાષ્ટ્રો દ્વારા મૂળભૂતતાને કોઇ માન્યતા અપાઇ ન હોય તેવું બની શકે અથવા તે શબ્દ સાથે નકારાત્મક બાબતો જોડાયેલી હોઈ શકે જે લોકોને મૂળનિવાસીની ઓળખ સ્વીકારતા ટાળી શકે છે. આઇસીએમએમ પોઝિશન સ્ટેટમેન્ટને અનુરૂપ આરજેસી સભ્યોએ એફપીઆઇસીનો સિદ્ધાંત એવા જૂથોને લાગુ કરવો જોઈએ જે મૂળનિવાસી લોકોના સામાન્ય સ્વીકૃત લાક્ષણિકતાને પ્રદર્શિત કરે, જે આરજેસી માર્ગદર્શિકાની કલમ Aમાં દર્શાવેલ છે.

***2. શું એફપીઆઇસી જોગવાઇ એવી ખાણોને લાગુ થાય છે જેમને પહેલેથી વિકાસની મંજૂરી મળી હોય અથવા કેટલાક સમયથી ચાલુ હોય?***

એફપીઆઇસી જોગવાઇ નવી ખાણ સુવિધાઓને અને વર્તમાન સુવિધામાં નોંધપાત્ર ફેરફારોને લાગુ થાય છે, અને પશ્ચાતવર્તી અસરથી લાગુ થતી નથી. તમામ સભ્યોએ સીઓપી 30 અને 40 અનુસાર પ્રોજેક્ટના જીવનચક્ર દરમિયાન અસરગ્રસ્ત મૂળનિવાસી સમુદાયો સાથે સંબંધ ચાલુ રાખવો જોઈએ અને તેમના અધિકારોને સન્માન આપવું જોઈએ અને સીઓપી 31.1 તથા 31.2 અનુસાર વિસ્તૃત ટેકો મેળવવો જોઈએ. જ્યારે વર્તમાન સુવિધામાં નોંધપાત્ર ફેરફાર કરાય ત્યારે એફપીઆઇસી જોગવાઇ લાગુ થાય છે.

***3. શું અસર-લાભ કરાર જેવી સહમતી એફપીઆઇસીની યોગ્ય પ્રક્રિયા છે?***

હા, જ્યારે સારા ઇરાદાથી કરાર કરવામાં આવે અને તેમાં મૂળનિવાસી લોકોનું સુમાહિતગાર વિચારવિમર્શ અને હિસ્સેદારી હોય ત્યારે તે આઇએફસી પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 7 હેઠળ તેને યોગ્ય એફપીઆઇસી પ્રક્રિયા ગણી શકાય છે. ચાવીરૂપ સિદ્ધાંતો પર વધુ માહિતી માટે અને વિવિધ સામાજિક સંદર્ભ અને સંજોગોને ધ્યાનમાં લેવા માટે આઇએફસી ગાઇડન્સને આધાર બનાવવો જોઈએ.

**4. શું એફપીઆઇસી એ વિટોનો અધિકાર છે?**

મૂળનિવાસી લોકો અને તેમના સંગઠનોના પ્રતિનિધિઓ અને માનવ અધિકારની હિમાયત કરતા ઘણા એનજીઓ એફપીઆઇસી સિદ્ધાંતોને તેમને અસર કરી શકે તેવા નિર્ણયો સામે વિટોના અધિકાર તરીકે ગણે છે. ઘણી સરકારો અને કંપનીઓ આ મત સાથે સહમત નથી. ફોરેસ્ટ સ્ટુઅર્ડશિપ કાઉન્સિલ (એફએસસી) નોંધે છે કે સામાન્ય રીતે એફપીઆઇસી એ પ્રસ્તાવિત પ્રવૃત્તિ માટે "હા" અથવા "ના" કહેવાનો અધિકાર છે, પરંતુ તેમાં સામાન્ય "વિટો સત્તા" નથી.

એફએસસી માર્ગદર્શિકા મૂળનિવાસી લોકોના અધિકારો અંગે યુએન સ્પેશિયલ રેપોર્ટિયર (યુએન ડોક્યુમેન્ટ A/HRC/12/34, 2009 પેરા 46) ને ટાંકે છે જેમાં એફપીઆઇસી, જે યુએનડીઆરઆઇપીમાં સમજાવાયેલ છે, તે મુજબ 'મૂળનિવાસી લોકો સાથે વિચારવિમર્શના **ઉદ્દેશ** માટે સહમતી' તરીકે પ્રસ્થાપિત કરવામાં આવે છે. (ભાર મૂકાયો છે.). આ વિશે વધુ માહિતી અને વન્ય વિભાગમાં એફપીઆઇસીના અમલીકરણની સામાન્ય માહિતી માટે મુક્ત પૂર્વ માહિતગાર સહમતી (એફપીઆઇસી)ના અધિકારના અમલીકરણની એફએસસી માર્ગદર્શિકા જુઓ.

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો મૂળનિવાસી લોકો અને મુક્ત પૂર્વ માહિતગાર સહમતી અંગે વધારાની માહિતી ધરાવે છેઃ

- એસોસિયેશન ફોર મિનરલ એક્સપ્લોરેશન બ્રિટીશ કોલમ્બિયા- મિનરલ એક્સપ્લોરેશન, માઇનિંગ એન્ડ એબઓરિજિનલ કમ્યુનિટી એન્ગેજમેન્ટઃ એ ગાઇડબુક (કેનેડા) (2005)
  http://commdev.org/userfiles//files/843_file_6E830BA41323EB5F.pdf
- બિઝનેસ ફોર સોશિયલ રિસ્પોન્સિબિલિટી- એન્ગેજિંગ વીથ ફ્રી, પ્રાયર એન્ડ ઇન્ફોર્મ્ડ કન્સેન્ટ (2012)
  http://www.bsr.org/reports/BSR_Engaging_With_FPIC.pdf
- કેનેડિયન ફાઉન્ડેશન ફોર ધ અમેરિકાસ- સસ્ટેનેબલ કમ્યુનિટીઝઃ માઇનિંગ એન્ડ ઇન્ડિજિનિયસ ગવર્નન્સ (અમેરિકાસ) (2008)
  www.focal.ca/pdf/indigenous_FOCAL_sustainable%20communities%20mining%20indigenous%20governance_March%202008.pdf
- ફોલી હોગ- ઇમ્પ્લિમેન્ટિંગ એ કોર્પોરેટ ફ્રી, પ્રાયર એન્ડ ઇન્ફોર્મ્ડ કન્સેન્ટ પોલીસી (2010)
  http://www.foleyhoag.com/NewsCenter/Publications/eBooks/Implementing_Informed_Consent_Policy.aspx
- ફોરેસ્ટ સ્ટીવર્ડશિપ કાઉન્સિલ- એફએસસી ગાઇડલાઇન્સ ફોર ધ ઇમ્પ્લિમેન્ટેશન ઓફ ધ રાઇઠ ટુ ફ્રી પ્રાયર ઇન્ફોર્મ્ડ કન્સેન્ટ (એફપીઆઇસી), વર્ઝન 1 (2012)
  https://ic.fsc.org/newsroom.9.254.htm
- આઇએલઓ કન્વેન્શન 169, કન્સર્નિંગ ઇન્ડિજિનિયસ એન્ડ ટ્રાઇબલ પીપલ ઇન ઇનડિપેન્ડન્ટ કન્ટ્રીઝ (1989)
  www.ilo.org/ilolex/english/convdisp1.htm
- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ)- ગુડ પ્રેક્ટિસ ગાઇડ- ઇન્ડિજીનિયસ પીપલ એન્ડ માઇનિંગ (2012)
  http://www.icmm.com/library/indigenouspeoplesguide
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 7 – ઇન્ડિજીનિયસ પીપલ્સ (2012)
  http://www1.ifc.org/wps/wcm/connect/1ee7038049a79139b845faa8c6a8312a/PS7_English_2012.pdf?MOD=AJPERES
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) ગાઇડન્સ નોટ 7 – ઇન્ડિજીનિયસ પીપલ્સ (2012)
  http://www1.ifc.org/wps/wcm/connect/50eed180498009f9a89bfa336b93d75f/Updated_GN7-2012.pdf?MOD=AJPERES
- ઇન્ડિજિનિયસ પીપલ્સ લિન્ક્સ (પીઆઇપીલિન્ક્સ), એક્યુમેનિકલ કાઉન્સિલ ફોર કોર્પોરેટ રિસ્પોન્સિબિલિટી (ઇસીસીઆર) એન્ડ ધ મિડલસેક્સ યુનિવર્સિટી સ્કૂલ ઓફ લો- મેકિંગ ફ્રી પ્રાયર એન્ડ ઇન્ફોર્મ્ડ કન્સેન્ટ રિયાલિટીઃ ઇન્ડીજીનિયસ પીપલ એન્ડ ધ એક્સ્ટ્રેક્ટિવ સેક્ટર (2013)
- લીડિંગ પ્રેક્ટિસ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ફોર ધ માઇનિંગ ઇન્ડસ્ટ્રી (ઓસ્ટ્રેલિયા) વર્કિંગ વિથ ઇન્ડિજીનિયસ કમ્યુનિટીઝ (2007)
  www.ret.gov.au/resources/Documents/LPSDP/LPSDP-IndigenousCommunitiesHandbook.pdf
- ઓક્સફામ ઓસ્ટ્રેલિયા- ગાઇડ ટુ ફ્રી પ્રાયોર એન્ડ ઇન્ફોર્મ્ડ કન્સેન્ટ (2010)
  http://resources.oxfam.org.au/pages/view.php?ref=528
- સસ્ટેનેલેટિક્સ- લાઇસન્સ ટુ ઓપરેટ. ઇન્ડિજીનિયસ રિલેશન્સ એન્ડ ફ્રી પ્રાયર એન્ડ ઇન્ફોર્મ્ડ કન્સેન્ટ ઇન ધ માઇનિંગ ઇન્ડસ્ટ્રી (2011)
  http://www.sustainalytics.com/sites/default/files/indigenouspeople_fpic_final.pdf
- યુનાઇટેડ નેશન્સ ડેક્લેરેશન ઓન ધ રાઇટ્સ ઓફ ઇન્ડિજીનિયસ પીપલ્સ (2007)

www.un.org/esa/socdev/unpfii/documents/DRIPS_en.pdf

- યુનાઇટેડ નેશન્સ એક્સપર્ટ મિકેનિઝમ ઓન ધ રાઇટ્સ ઓફ ઇન્ડિજીનિયસ પીપલ્સ, એડવાઇસ નંબર 2: ઇન્ડિજીનિયસ પીપલ્સ એન્ડ રાઇટ ટુ પાર્ટિસિપેટ ઇન ડિસીઝન-મેકિંગ. (2011) http://www.ohchr.org/Documents/Issues/IPeoples/EMRIP/Advice2_Oct2011.pdf
- વર્લ્ડ રિસોર્સિસ ઇન્સ્ટિટ્યૂટ- બિઝનેસ વિધાઉટ કન્ફ્લિક્ટઃ ધ બિઝનેસ કેસ ફોર કમ્યુનિટી કન્સેન્ટ (2007) http://pdf.wri.org/development_without_conflict_fpic.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 32) અસર આકારણી

## A. વ્યાખ્યા અને પ્રયોજ્યતા

પ્રોજેક્ટ, કાર્યક્રમો અને નીતિઓ આર્થિક રીતે સક્ષમ, સામાજિક રીતે સમાન અને પર્યાવરણની દૃષ્ટિએ ટકાઉ છે તેની ખાતરી કરવા માટે અસર આકારણી કરવામાં આવે છે. અસર એ કાર્યવાહીના કારણે શું થશે અને તેના વગર શું નહીં થાય તેનો તફાવત છે.

**અસર આકારણી** એ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવે કે પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવે તે અગાઉ વિકાસની દરખાસ્તથી જૈવભૌતિક, સામાજિક અને અન્ય અસરને ઓળખવી, આગાહી કરવી, મૂલ્યાંકન કરવું અથવા તેને ઘટાડવાની પ્રક્રિયા છે.

*સ્રોતઃ*

- *ઇન્ટરનેશનલ એસોસિયેશન ફોર ઇમ્પેક્ટ એસેસમેન્ટ (આઇએઆઇએ)*

  *www.iaia.org*

સીઓપીની **અસર આકારણી** જોગવાઈ એ પ્રસ્તાવિત નવી ખાણ સુવિધા અને/અથવા વર્તમાન ખાણ સુવિધામાં એવા નોંધપાત્ર ફેરફારો કરવાથી ખાણ ક્ષેત્રમાં સભ્યોને લાગુ થતી જોગવાઇઓ છે જેનાથી સ્થાનિક સમુદાયો તથા આસપાસના પર્યાવરણને અસર કરવાની ક્ષમતા ધરાવે છે. આ સંજોગો હાજર હોય ત્યારે આરજેસીમાં જોડાયા પછીના સમયગાળાથી અથવા છેલ્લા સર્ટિફિકેશન ઓડિટથી કરવામાં આવેલા ફેરફાર, બેમાંથી જે વહેલું હોય ત્યારે ખાણની સુવિધામાં આ જરૂરિયાત લાગુ થાય છે. પશ્ચાતવર્તી પુષ્ટિની અપેક્ષા રાખવામાં આવતી નથી.

સીઓપીની અસર આકારણી જોગવાઇ **માનવ અધિકાર, સામુદાયિક સામેલગીરી, મૂળનિવાસી લોકો અને મુક્ત પૂર્વ માહિતગાર સહમતી, નાના પ્રમાણમાં ખાણ, પુનઃવસવાટ, જૈવવિવિધતા અને ખાણનું પુનઃવસવાટ અને બંધ** કરવાની જોગવાઇઓ સાથે વાંચીને લાગુ કરવાની રહેશે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

ખાણો વિકસાવવાના અને સંચાલનના કામમાં અસર આકારણી એક ટકાઉ વલણ અપનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અસર, લાભો અને વિવિધ દૃષ્ટિકોણથી તેને ઘટાડવાની બાબતો તથા શરૂઆતથી લઇને કામગીરીના અંત સુધીની બાબતો ધ્યાનમાં લેતા આ પ્રક્રિયા ખાણની ડિઝાઇન, બાંધકામ, સંચાલન અને બંધ કરવા સુધી ખાણના સમગ્ર આયુષ્યને ધ્યાનમાં લેવાના વલણને પ્રોત્સાહિત કરે છે.

અસર આકારણીનો હેતુ પ્રોજેક્ટની અસરોને ઓળખવી, વિશ્લેષણ કરવાનો અને મૂલ્યાંકન કરવાનો છે જેથી નકારાત્મક અસરો ઘટાડવા અને હકારાત્મક અસર વધારવા માટેના પગલાં લઇ શકાય. અસરના મૂલ્યાંકનની વિગતો પ્રવૃત્તિ અને તેની અસરના સમપ્રમાણમાં હોવી જોઈએ અને પરોક્ષ અસર તથા સંચયિત અસરોને ધ્યાનમાં

લેવી જોઈએ. ખાણો મર્યાદિત જીવન ધરાવે છે તેથી આકારણી પ્રક્રિયામાં ખાણ માટે તથા તેને બંધ કરવાની અસરોનું વિશ્લેષણ સામેલ હોવું જોઈએ. તેથી આકારણી માટેની સમયમર્યાદામાં ખાણના આયુષ્યકાળ સિવાયની બાબતોને ધ્યાનમાં લઇને સ્થાનિક જરૂરિયાતો તથા પ્રાથમિકતાઓને ગણતરીમાં લેવી જોઈએ.

ખાણનો પ્રોજેક્ટ નવો હોય તે જ તબક્કામાં પ્રોજેક્ટની પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને શક્ય એટલી વહેલી અસર આકારણી થવી જોઈએ. પ્રોજેક્ટની ડિઝાઇનમાં તે એક મુખ્ય ઇન-પુટ છે અને તે પૂરતા પ્રમાણમાં વહેલી કરવી જોઈએ જેથી એ બાબત નિશ્ચિત થાય કે વિકલ્પો વિચારાયા છે અને ડિઝાઇનના નિર્ણયમાં અસર ઘટાડવાના પગલાં લઇ શકાય. અસરનું મૂલ્યાંકન ઇચ્છતા કાયદામાં જૈવભૌતિક પર્યાવરણ પર અસર આકારણી હોઇ શકે અથવા એક વધારે સંકલિત વલણનો સમાવેશ થઇ શકે જેમાં સામાજિક અને આર્થિક અસરો પણ સામેલ હોય. શોધકાર્યના તબક્કામાં અસર આકારણી કાયદા હેઠળ થતી નથી, પરંતુ આમ છતાં તે બિઝનેસ માટે પ્રોજેક્ટના કદ અને પ્રકારને ધ્યાનમાં રાખીને અસરને ઓળખવા તથા તેના સંચાલન માટે એક મહત્ત્વની વ્યૂહરચના છે.

અસર આકારણી પ્રક્રિયાનો એક મહત્ત્વનો ઘટક અસરગ્રસ્ત સમુદાયો અને ચાવીરૂપ શેરધારકોની હિસ્સેદારી અને/અથવા જોડાણ છે. અસર આકારણીમાં તેમની સામેલગીરી શરૂઆતના તબક્કે મેળવવી જોઈએ અને સમુદાયો, સરકાર, ઉદ્યોગ અને અન્ય હિસ્સેદારોને આ પ્રક્રિયા દરમિયાન ચિંતાઓ સમજવા, મૂલ્યાંકન કરવા અને ચર્ચા કરવા માટે પૂરતો સમય આપવો જોઈએ. સંઘર્ષ પેદા થવાની શક્યતા ખાસ કરીને ખાણ વિકાસની મંજુરીના સંદર્ભમાં આ પ્રક્રિયા સંવેદનશીલ હોવી જરૂરી છે.

અસર આકારણી સામાન્ય રીતે પાયાના અભ્યાસ સાથે શરૂઆત થાય છે, જે શોધકાર્ય દરમિયાન શરૂ થઇ શકે છે. આ અભ્યાસ એવી રીતે ડિઝાઇન કરેલા હોવા જોઈએ જેથી જગ્યા આધારિત પર્યાવરણ અંગે તથા પ્રોજેક્ટ પૂર્વેના ટ્રેન્ડ પ્રસ્થાપિત કરવા પ્રોજેક્ટની સામાજિક અસરો અંગે આવશ્યક માહિતી એકત્ર કરી શકાય. દરખાસ્તની પ્રકૃતિ તથા સ્થળના આધારે પાયાના અભ્યાસ વર્ષમાં ઓછામાં ઓછા એક વખત કરવાની જરૂર હોય છે જેથી સ્થાનિક પર્યાવરણ અથવા સામાજિક સંદર્ભમાં બદલાવપાત્ર, ૠતુ આધારિત અને પરિવર્તનશીલ પ્રવૃત્તિને જાણી શકાય.

એન્વાયર્નમેન્ટલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ (ઇઆઇએ) એ એવી પ્રક્રિયા છે જે પ્રોજેક્ટથી મળતા લાભો તથા તેનાથી ઉદભવતી વિપરીત પર્યાવરણીય અસરોને ઓળખે છે. ઇઆઇએ એ પ્રોજેક્ટની પ્રકૃત્તિ, કદ અને અસરના પ્રમાણમાં હોવી જોઈએ. વિકાસની મંજૂરી મેળવવા ઇચ્છતા ખાણ પ્રોજેક્ટ માટે તે સામાન્ય રીતે પૂર્ણ અને વિધિવત અસર આકારણી અભ્યાસ હોય છે જેમાં વર્તમાન પર્યાવરણના વિગતવાર સરવે, સંભવિત અસરનું મોડેલિંગ અને વિકલ્પો, હિસ્સેદારો સાથે એક વિસ્તૃત વિચારવિમર્શને ને ધ્યાનમાં લેવામાં આવે. જૈવવિવિધતા, નકામા ખડકોનું વ્યવસ્થાપન અને ખાણના પુનઃવસવાટ તથા બંધ કરવા અંગે વલણ સામાન્ય રીતે આકારણીના દાયરાનો હિસ્સો હોય છે. (આ મુદ્દાઓ પર વધુ માહિતી માટે આરજેસી માર્ગદર્શન જુઓ.)

સોશિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ (એસઆઇએ)માં આયોજિત દરમિયાનગીરી (નીતિઓ, કાર્યક્રમો, યોજનાઓ, પ્રોજેક્ટ્સ) અને આ દરમિયાનગીરીના કારણે સર્જાતા કોઈ પણ સામાજિક ફેરફારના પૃથ્થકરણ, દેખરેખ અને ઇચ્છિત તથા અનિચ્છિત સામાજિક પરિણામોના વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે જે હકારાત્મક અથવા નકારાત્મક હોઇ શકે છે. એસઆઇએમાં માનવ અધિકારો, શ્રમ અને રોજગાર, લિંગ, આરોગ્ય અને સંઘર્ષ જેવી બાબતોનો સમાવેશ થવો જોઈએ. અન્ય પ્રાસંગિક પરિબળોમાં વિસ્તૃત રાજકીય સંદર્ભ, આર્થિક સંદર્ભ અને સ્થાનિક ખાદ્યાન્ન

સુરક્ષાનો સમાવેશ થાય છે અને સમુદાય માટેના કેટલાક જોખમો અને ફાયદાનો સમાવેશ થઇ શકે છે. આકારણીમાં અસરગ્રસ્ત પક્ષોના ઇનપુટનો સમાવેશ હોવો જોઈએ અને તેમાં જમીન અને પરંપરાગત અધિકારો, આજીવિકા (ખાસ કરીને આર્થિક અથવા ભૌતિક વિસ્થાપનનો ખતરો સહન કરતા હિસ્સેદારોના જૂથ માટે જેમ કે નાના ખાણકર્મીઓ અને ખેડૂતો માટે), રોજગાર/કોન્ટ્રાક્ટના મુદ્દા અને વસતીના વિશ્લેષણ સામેલ હોવું જોઇએ. ખાસ કરીને એસઆઇએ પ્રક્રિયામાં સમુદાય જમીન અને સ્રોતના મૂલ્યાંકન માટે પોતાના ઐતિહાસિક અને વર્તમાન અધિકારોને કઇ રીતે સમજે છે તે બાબત સમાવવી જોઈએ. એસઆઇએ વિકાસલક્ષી હોવું જોઈએ, સ્થાનિક અને પ્રાદેશિક વિકાસ અને સમુદાયિક આજીવિકામાં હકારાત્મક યોગદાન તથા સંઘર્ષ અને હિંસા જેવા ચાવીરૂપ જોખમોને ધ્યાનમાં લેવા જોઈએ. આ વલણ હિસ્સા આધારિત હોવું જોઇએ અને જોખમો ઘટાડાના પગલાં તથા સંભવિત લાભોના અમલીકરણની ડિઝાઇન હોવી જોઈએ.

હ્યુમન રાઇટ્સ ઇમ્પેક્ટ એસેસમેન્ટ (એચઆરઆઇએ) એ પ્રમાણમાં નવો વિચાર છે અને ઘણા લોકો દ્વારા તેને ઉભરતી શ્રેષ્ઠ પદ્ધતિ ગણાવાય છે. માનવ અધિકાર અસરને ઘણી વાર એસઆઇએના તત્વ તરીકે ગણવામાં આવે છે. જોકે, ઘણી પરિસ્થિતિમાં એસઆઇએ કોઇ મુદ્દાને સંપૂર્ણ રીતે અને ઉંડાણપૂર્વક તપાસે નહીં અને જોખમો તથા સંભવિત પરિણામોનો અંદાજ ન મેળવે તેવી શક્યતા રહે છે. તેથી એક અલગ એચઆરઆઇએ વધારે યોગ્ય રહેશે. એચઆરઆઇએમાં માનવ અધિકારો અંગે નીતિઓ, કાર્યક્રમો, પ્રોજેક્ટ અને દરમિયાનગીરીનો સમાવેશ થાય છે. અસરો વિવિધ પ્રકારની હોય છે. – પ્રવૃત્તિ કે દરમિયાનગીરીના કારણે માનવ અધિકારની સ્થિતિ સુધરે તો તેને હકારાત્મક કહેવાય. માનવ અધિકારની સ્થિતિ વણસે તો તેને નકારાત્મક કહેવાય. એચઆરઆઇએને બિઝનેસ અને માનવ અધિકારો અંગે યુએન માર્ગદર્શક સિદ્ધાંત હેઠળ પ્રેરિત માનવ અધિકાર ડ્યુ ડિલિજન્સ પ્રક્રિયા સાથે જોડી શકાય છે અને એવા સૂચકો છે કે તે માનવ અધિકારની ચિંતા અંગે પ્રોજેક્ટમાં નોંધપાત્ર પ્રમાણમાં જોખમ ઘટાડે છે.

## C. મહત્ત્વના માળખાઓ અને નિયમનો

*આંતરરાષ્ટ્રીય*

સામાજિક અને પર્યાવરણીય આકારણી અને વ્યવસ્થાપન પ્રણાલિ અંગે ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 1 (2012)માં પ્રોજેક્ટના જીવનકાળ દરમિયાન સામાજિક અને પર્યાવરણીય કામગીરીના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે. આઇએફસી ધોરણો સામાજિક અને પર્યાવરણીય આકારણીની એક પ્રક્રિયાની ભલામણ કરે છે જે સંભવિત સામાજિક અને પર્યાવરણીય જોખમો તથા પ્રોજેક્ટની અસરો અંગે સંકલિતપણે વિચારણા કરે છે.

*રાષ્ટ્રીય અને/અથવા રાજ્યનો કાયદોકાયદા*

મોટા ભાગના દેશોમાં રાષ્ટ્રીય, રાજ્ય અને/અથવા રાજ્ય સ્તરે પર્યાવરણીય અસર આકારણી અને સામાજિક અસર આકારણીને લગતા કાયદા લાગુ કરવામાં આવ્યા છે. તમામ કાર્યક્ષેત્રમાં સભ્યો લાગુ પડતા કાયદા અને નિયમનથી વાકેફ હોય તે જરૂરી છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભબિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 32.1: અસર આકારણી અને યોજનાઓ: ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો આયોજન અને નવી ખનન સુવિધાઓની મંજૂરી અથવા પ્રવર્તમાન સુવિધાઓમાં નોંધપાત્ર ફેરફારો દરમિયાન, પર્યાવરણીય અને સામાજિક અસર, અને સંકળાયેલી પર્યાવરણીય અને સામાજિક વ્યવસ્થાપન યોજનાઓની આકારણી પૂર્ણ કરશે.***

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - ખાણ સુવિધામાં વિસ્તરણ, ખરીદી અને અન્ય રોકાણ તથા નોંધપાત્ર શોધકાર્ય પ્રવૃત્તિ માટે ચકાસણી કરવા આ પ્રક્રિયા અમલમાં હોવી જોઈએ જેનાથી એ નક્કી થવું જોઈએ કે સંભવિત પર્યાવરણીય અને સામાજિક જોખમો અને અસરો છે કે નહીં જેના માટે અસર આકારણીની જરૂર પડે.
  - અસર આકારણીનું સ્વરૂપ અને સમય ઘણી વખત લાગુ પડતા કાયદા દ્વારા વ્યાખ્યાયિત થાય છે. અસર આકારણીની શરૂઆત શક્ય એટલા પ્રારંભિક તબક્કામાં થઇ જવી જોઈએ.
  - અસર આકારણી પૂર્ણ કરવા માટે જોઈતો સમય સામાન્ય રીતે દરખાસ્તની જટિલતાનું કામ છે, છતાં ઘણી વખત તે સ્થાનિક નિયમનકારી વ્યવસ્થામાં વ્યાખ્યાયિત કરવામાં આવે છે.
  - અસર આકારણી પર્યાવરણીય અને સામાજિક જોખમો અને અસર માટેની વ્યાપક પ્રણાલિના સંદર્ભમાં થવી જોઈએ. પ્રણાલિમાં સામેલ હોવું જોઈએ:
    - એક વિસ્તૃત નીતિ જેમાં પર્યાવરણીય અને સામાજિક ઉદ્દેશો અને પ્રોજેક્ટને માર્ગદર્શિત કરતા સિદ્ધાંતોને વ્યાખ્યાયિત કરવામાં આવ્યા હોય;
    - પર્યાવરણીય અને સામાજિક જોખમો અને અસરોને ઓળખવાની પ્રક્રિયા;
    - જોખમો અને અસરને ધ્યાનમાં લે તેવા વ્યવસ્થાપન કાર્યક્રમો;
    - વ્યવસ્થાપન પ્રણાલિના અમલીકરણ માટે નિર્ધારિત ભૂમિકા, જવાબદારીઓ અને સત્તાવાળાઓ;
    - હિસ્સેદાર સાથે જોડાણ, દેખરેખ અને સમીક્ષા માટે તથા ફરિયાદના નિકાલ માટે પ્રક્રિયા.
  - ઓળખવામાં આવેલા પર્યાવરણીય અને સામાજિક જોખમોને હાથ ધરવા માટે વ્યવસ્થિત એક્શન પ્લાન અને પ્રક્રિયા પ્રસ્થાપિત કરવી જોઈએ તથા લાગુ પડતા કાયદા, નિયમનો અને પરવાનાનું અનુપાલન થાય તેની ખાતરી કરવી જોઈએ.
  - મોટા ભાગના વિકસીત દેશોમાં અસર આકારણી માટે નિયમનો છે ત્યારે કેટલાક કિસ્સામાં આવી પ્રક્રિયાના અમલીકરણ અને દેખરેખ માટે અપૂરતા સ્રોત હોઈ શકે છે. આવી સ્થિતિમાં આરજેસીના સભ્યોએ યોગ્ય પ્રક્રિયા અસર આકારણી વલણના અમલીકરણને વળગી રહેવું જોઈએ.

- ***સીઓપી 32.2: પાયાની સ્થિતિ, વિકલ્પો અને પ્રવર્તમાન માપદંડો:*** *અસરોની આકારણી સર્વગ્રાહી, પ્રકૃતિને અને પરિયોજનાના માપને યોગ્ય રહેશે અને સામૂહિક રીતે નીચેની આકારણીઓને આવરી લેશે:*
- *આધારરેખાની પરિસ્થિતિઓ,*
- *અને જ્યાં લાગુ પડતા હોય ત્યાં, સંરચનાના વિકલ્પોને કે, જે નકારાત્મક અસરોને ઘટાડે, અને*

- *માનવ અધિકારો, શ્રમ અને રોજગાર, લિંગ, આરોગ્ય અને ઘર્ષણ સંબધિત અસરો સહિત, પર્યાવરણીય અને સામાજિક અસરો.*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

  - જોખમો અને અસરને ઓળખવાનો આધાર તાજેતરના પર્યાવરણીય અને સામાજિક પાયાના ડેટા પર હોવો જોઈએ જે પ્રોજેક્ટની પ્રકૃત્તિ, પ્રમાણ અને જોખમના પ્રમાણમાં હોય. શોધકાર્યના તબક્કે જે યોગ્ય લાગે તે મોટા કદના ખાણ પ્રોજેક્ટના તબક્કે અલગ હોઈ શકે છે.
  - અસર આકારણીમાં તમામ સંબંધિત પર્યાવરણીય અને સામાજિક જોખમો અને અસરોને ધ્યાનમાં લેવી જોઈએ જેમાં જોખમો તથા માનવ અધિકારો, શ્રમ અને રોજગાર, લિંગ, આરોગ્યના મુદ્દા અને સંઘર્ષ પર અસરનો સમાવેશ થવો જોઈએ. અન્ય સંબંધિત પરિબળોમાં આર્થિક પરિદૃશ્ય, વહીવટ અને ખાદ્યાન્ન સુરક્ષા સામેલ હોવા જોઈએ.
  - આકારણીમાં યોગ્ય હોય ત્યાં પ્રોજેક્ટની ડિઝાઇનના વૈકલ્પિક વલણના વિશ્લેષણનો સમાવેશ થવો જોઈએ. ઘટાડવાના આ અગ્રતાક્રમનું પાલન થવું જોઈએ જેમાં અસર ઘટાડવા કરતા તેને ટાળવાને વધુ પ્રાથમિકતા મળવી જોઈએ.
  - આકારણીમાં કોઇ પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, જેમ કે રસ્તા, વીજ મથકો, બંદર, કર્મચારી હાઉસિંગ વગેરેની અસરને ધ્યાનમાં લેવાની રહેશે જે ખાણ કામગીરીને ટેકો આપવા માટે રચવામાં આવ્યા હોય. સમુદાય અને પ્રાદેશિક વિકાસના સંભવિત આંતરજોડાણને વિચારણામાં લેવું જોઈએ.
  - માનવ અધિકાર અસર આકારણી (એચઆરઆઇએ) એ તેના માળખા તરીકે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાયદાનો ઉપયોગ કરવો જોઇએ અને મહિલા, બાળકો અને વૃદ્ધો તથા સમાજના હાંસિયામાં રહી ગયેલા વર્ગ પર અલગ અલગ અસરને ધ્યાનમાં લેવી જોઈએ. માનવ અધિકાર અસરને સામાજિક/પર્યાવરણીય અસર આકારણી તરીકે અથવા સ્વતંત્ર આકારણી તરીકે મૂલ્યાંકન કરવી જોઈએ.

- ***સીઓપી 32.3: સામેલગીરી: અસરોની આકારણીમાં અસરગ્રસ્ત સમુદાયો અને હિસ્સેદારો અને યોગ્ય વિષય નિષ્ણાત તજજ્ઞોનો સમાવેશ થતો હશે.***

**વિચારણા માટેના મુદ્દાઓ:**

  - હિસ્સેદારો સાથે જોડાણ (સામેલગીરી) એ એક ચાલુ પ્રક્રિયા છે જેમાં હિસ્સેદારોનું વિશ્લેષણ, બાહ્ય પ્રત્યાયન, વિચારવિમર્શ અને નોંધણી સામેલ હોય છે. (સમુદાય સાથે સામેલગીરી માટે આરજેસી માર્ગદર્શિકા જુઓ) ;
  - સામેલગીરી કાર્યક્રમની પ્રકૃતિ અને જટિલતામાં ઘણી વિવિધતા હોઈ શકે છે અને તે પ્રોજેક્ટના દરજ્જા, જોખમો અને સંભવિત વિપરીત અસરના પ્રમાણમાં હોવી જોઈએ. કાર્યક્રમમાં અસરગ્રસ્ત સમુદાયોની લાક્ષણિકતા અને રસનું પ્રતિબિંબ પડવું જોઈએ અને બિનલાભદાયક સ્થિતિમાં રહેલા અથવા નબળા વર્ગને અર્થપૂર્ણ હિસ્સેદારી પૂરી પાડવી જોઈએ.
  - યોગ્ય રીતે લાયકાત ધરાવતા અને અનુભવી નિષ્ણાતોએ અસર આકારણી કરવી જોઈએ. ઘણી વખત પાયાનો અભ્યાસ કરવા અને અસર આકારણીના પરિણામોની નોંધણી માટે વિશેષજ્ઞોની મદદ લેવાની જરૂર પડે છે. સમકક્ષ લોકો દ્વારા તૈયાર કરાયેલ હોય અથવા સ્વતંત્ર કંપની દ્વારા સમીક્ષા

કરવામાં આવી હોય તો અસર આકારણી (અથવા તે મુજબ માનવામાં આવતી) વધારે વિશ્વસનીય રહેશે.

- અસર આકારણીના તારણોને જાહેરમાં વિતરીત કરવા જોઈએ અને તે એવી રીતે હોવા જોઈએ જે સરળતાથી એક્સેસ કરી શકાય તથા સીધી રીતે અસરગ્રસ્ત વસતી માટે સમજણપાત્ર હોય.

*સ્રોતઃ આઇએફસી પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 1 (2012) – સોશિયલ એન્ડ એન્વાયર્નમેન્ટલ એસેસમેન્ટ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ.*

**તપાસોઃ**

✓ શું તમારી પાસે પર્યાવરણીય તેમજ સામાજિક જોખમો અને અસરના વ્યવસ્થાપન માટે એક એકંદર વ્યવસ્થા છે જે પર્યાવરણીય અને સામાજિક અસર આકારણીનો સમાવેશ કરે?

✓ શું તમારી અસર આકારણી દ્વારા ઓળખવામાં આવેલા જોખમો અને અસરોને હાથ ધરવા માટે સિસ્ટમમાં કાર્યયોજના સ્થાપવાનો તથા પ્રક્રિયાનો સમાવેશ થાય છે ખરો?

✓ શું અસર આકારણી તમામ નવા ખાણ પ્રોજેક્ટ માટે પ્રારંભિક તબક્કે શરૂ થવી જોઈએ અથવા તમારા નિયંત્રણ હેઠળ વર્તમાન કામગીરીમાં નોંધપાત્ર ફેરફારો કરવાની જરૂર પડે છે?

✓ શું તમે યોગ્ય હોય ત્યાં એક સંકલિત વલણ અપનાવો છો જે માનવ અધિકાર, લિંગ, આરોગ્ય અને સંઘર્ષના મુદ્દે સામાજિક અને પર્યાવરણીય અસર આકારણીનું સંયોજન કરે?

✓ શું તમે ઘટાડો કરવાના ક્રમનું પાલન કરો છો જેમાં અસર ઘટાડવા કરતા તેને ટાળવાની તરફેણ કરવામાં આવે છે?

✓ તમે તમારી અસર આકારણીમાં અસરગ્રસ્ત સમુદાયો અને હિસ્સેદારોને કઇ રીતે જોડો છો અને વિષયના જાણકારોને કઇ રીતે સાંકળો છો?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો પર અસર આકારણી અંગે વધારાની માહિતી છે:

- એન્ગ્લો અમેરિકા – સોસિયો ઇકોનોમિક એસેસમેન્ટ ટૂલબોક્સ (એસઇએટી) www.angloamerican.com/development/social/seat
- બીપી'સ હ્યુમન રાઇટ્સ એસેસમેન્ટ ટનગહ, ઇન્ડોનેશિયા (2002) www.bp.com/liveassets/bp_internet/globalbp/STAGING/global_assets/downloads/I/hria_summary_Tangguh_HRIA_1736.pdf
- બીએચપી બિલિટન- સોસિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ www.bhpbilliton.com/home/aboutus/regulatory/Documents/perSection11SocialImpactsAndManagement.pdf
- કોમદેવ- ધ ઓઇલ, ગેસ એન્ડ માઇનિંગ સસ્ટેનેબલ કમ્યુનિટી ડેવલપમેન્ટ ફંડ www.commdev.org/
- ડેનિયલ ફ્રેન્ક્સ – સોસિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓફ રિસોર્સ પ્રોજેક્ટસ (2012) www.csrm.uq.edu.au/Portals/0/Publications/Social-impact-assessment-of-resource-projects1.pdf
- એનવાયર્નમેન્ટલ લો એલાયન્સ વર્લ્ડવાઇડ – ગાઇડબૂક ફોર ઇવેલ્યુએટિંગ માઇનિંગ પ્રોજેક્ટ ઇઆઇએએસ (2010) www.elaw.org/files/mining-eia-guidebook/Full-Guidebook.pdf
- ગાઇડ ટુ હ્યુમન રાઇટ્સ ઇમ્પેક્ટ એસેસમેન્ટ એન્ડ મેનેજમેન્ટ (એચઆરઆઇએએમ) (2010) http://www1.ifc.org/wps/wcm/connect/Topics_Ext_Content/IFC_External_Corporate_Site/Guide+to+Human+Rights+Impact+Assessment+and+Management
- હ્યુમન રાઇટ્સ ઇમ્પેક્ટ રિસોર્સિસ સેન્ટર www.humanrightsimpact.org/

- ઇન્ટરનેશનલ એલર્ટ –કનફ્લિક્ટ સેન્સિટિવ બિઝનેસ પ્રેક્ટિસ – ગાઇડન્સ ફોર એક્સટ્રેક્ટિવ ઇન્ડસ્ટ્રીઝ (2005) www.international-alert.org/sites/default/files/publications/conflict_sensitive_business_practice_all.pdf
- ઇન્ટરનેશનલ એસોસિયેશન ફોર ઇમ્પેક્ટ એસેસમેન્ટ – ઇમ્પેક્ટ એસેસમેન્ટ (2012) www.iaia.org/publicdocuments/special-publications/fasttips/Fastips_1%20Impact%20Assessment.pdf
- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ)- કમ્યુનિટી ડેવલપમેન્ટ ટૂલકિટ (2012) www.icmm.com/news-and-events/news/articles/icmm-presents-updated-community-development-toolkit
- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ)- ગૂડ પ્રેક્ટિસ ગાઇડન્સ ફોર માઇનિંગ એન્ડ બાયોડાયવર્સિટી (2006) www.icmm.com/page/1182/good-practice-guidance-for-mining-and-biodiversity
- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – હ્યુમન રાઇટ્સ ઇન ધ માઇનિંગ એન્ડ ઇન્ડસ્ટ્રી. ઇન્ટિગ્રેટિંગ હ્યુમન રાઇટ્સ ડ્યૂ ડિલિજન્સ ઇનટુ કોર્પોરેટ રિસ્ક મેનેજમેન્ટ પ્રોસેસિસ (2012) www.icmm.com/page/75929/integrating-human-rights-due-diligence-into-corporate-risk-management-processes
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કાઉન્સિલ (આઇએફસી) પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 1 – એસેસમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઓફ એનવાયર્નમેન્ટલ એન્ડ સોશિયલ રિસ્ક્સ એન્ડ ઇમ્પેક્ટ્સ (2012) www1.ifc.org/wps/wcm/connect/3be1a68049a78dc8b7e4f7a8c6a8312a/PS1_English_2012.pdf?MOD=AJPERES
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કાઉન્સિલ (આઇએફસી) ગાઇડન્સ નોટ 1 – એસેસમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઓફ એનવાયર્નમેન્ટલ એન્ડ સોશિયલ રિસ્ક્સ એન્ડ ઇમ્પેક્ટ્સ (2012) www1.ifc.org/wps/wcm/connect/b29a4600498009cfa7fcf7336b93d75f/Updated_GN1-2012.pdf?MOD=AJPERES
- રિયો ટિન્ટો- વ્હાય હ્યુમન રાઇટ્સ મેટર (2013) www.riotinto.com/documents/ReportsPublications/Rio_Tinto_human_rights_guide_-_English_version.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 33) કુશળ કામદાર અને નાના પાયાનું ખનન

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**કુશળ કામદાર અને નાના પાયાનું ખનન** (એએસએમ) એ શોધકાર્ય, ખેંચી કાઢવાના કાર્ય, પ્રોસેસિંગ અને પરિવહનના સરળ સ્વરૂપની ઔપચારિક કે અનૌપચારિક કાર્યવાહી છે. એએસએમ એ સામાન્ય રીતે ઓછી મૂડી વપરાશ ધરાવે છે અને તેની ઉચ્ચ કામદારલક્ષી ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. એએસએમમાં વ્યક્તિગત ધોરણે તથા પરિવારિક જૂથમાં કામ કરતા પુરુષો અને મહિલાઓનો સમાવેશ થાય છે જે ભાગીદારીમાં અથવા સહકારીના સભ્ય તરીકે અથવા અન્ય પ્રકારના કાનૂની સંગઠનો કે સેંકડો અથવા હજારો ખાણકામદારો ધરાવતા સાહસોના સભ્ય તરીકે કામ કરે છે.

*સ્ત્રોતઃ*

- *ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સ ગાઇડન્સ ફોર રીસ્પોન્સિબલ સપ્લાય ચેઇન્સ ઓફ મિનરલ્સ ફ્રોમ કન્ફ્લિક્ટ-અફેક્ટેડ એન્ડ હાઇ-રિસ્ક એરિયા- સપ્લિમેન્ટ ઓન ગોલ્ડ, સેકન્ડ એડિશન (2012)* www.oecd.org/fr/daf/inv/mne/mining.htm

સીઓપીની કુશળ કામદાર અને નાના પાયાનું ખનન કલમ એવી ખાણ એકમોને લાગુ પડે છે જે સભ્યના નિયંત્રણ અથવા તેની કામગીરીની નજીક ન હોય તેવી રીતે એએસએમ ધરાવે છે. એએસએમ જ્યારે સભ્યના નિયંત્રણ હેઠળ થાય ત્યારે તે પ્રમાણીકરણના દાયરામાં આવે છે અને તે વ્યવહારસંહિતા સાથે સુમેળ સાથે તેવી શક્યતા છે. સભ્યો દ્વારા સોનું, હીરા અને પ્લેટિનમ જૂથની ધાતુઓ એએસએમ ઉત્પાદકો પાસેથી મેળવવામાં આવે ત્યારે કુશળ કામદાર અને નાના પાયાનું ખનન પાસેથી પ્રાપ્તિની જોગવાઇઓ પણ લાગુ થશે.

સીઓપીની કુશળ કામદાર અને નાના પાયાનું ખનન જોગવાઇઓ સામુદાયીક સામેલગીરી, મૂળનિવાસી લોકો, અસર આકારણી, સલામતી અને ખાણ બંધ કરવાનું આયોજન જોગવાઇ તથા કુશળ કામદાર અને નાના પાયાના ખનનમાંથી પ્રાપ્તિ, જે યોગ્ય હોય તેની સાથે વાંચીને અમલમાં લેવાની રહેશે.

નોંધ કરો કે આરજેસી ચેઇન ઓફ કસ્ટડી (સીઓસી) માપદંડો (2012)માં સીઓસી માપદંડ હેઠળ લાયક સામગ્રી માટેની સીઓપીની કુશળ કામદાર અને નાના પાયાનું ખનન કલમના અમલીકરણની જરૂર પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

કુશળ કામદાર અને નાના પાયાનું ખનન (એએસએમ) એ ખાણનું સૌથી જૂનું સ્વરૂપ છે. 1999માં ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન દ્વારા એવો અંદાજ કાઢવામાં આવ્યો હતો કે 70 દેશોમાં લગભગ બે કરોડ લોકો એએસએમમાં સક્રિય છે અને વધુ 10 કરોડ લોકો તેમની આજીવિકા માટે તે ક્ષેત્ર પર આધારિત છે અને તે સંખ્યા નિયમિત રીતે ટાંકવામાં આવે છે. વિવિધ દેશોમાં નાના કદના ખાણકર્મીઓ માટે વિવિધ શબ્દો વપરાય છે જેમ કે ગેલેમ્સી, ઓર્પેઇલર્સ, યુબેશી અથવા વબેશી, પેનર્સ, ડિગર્સ, ગેરિમ્પર્સ, પિર્કિનર્સ અને પોકેટ માઇનર્સ.

એએસએમ એ ઉત્પાદન પ્રણાલિ છે જે સ્થાનિક લોકોને રોકડ આવક કમાવામાં મદદ કરે છે ભલે તે ગમે તેટલી નાની હોય. તે ગરીબો અને કોરાણે રહી ગયેલા લોકોને આજીવિકા મેળવવામાં મદદ કરે છે જેમાં ઘણી વખત એકબીજાની આજીવિકા પ્રવૃત્તિની પૂર્તિ માટે કૃષિ, પ્રાણી સંવર્ધન અને શિકાર જેવી કામગીરી કરે છે અને પર્યાવરણીય કે આર્થિક કટોકટી વખતે સહાયાત્મક કામગીરી કરે છે. કોઈ પણ સ્થળે એએસએમની જનસંખ્યાના કદ પ્રમાણે પ્રવૃત્તિમાં ઘટાડો થશે જે બદલાતા સ્થાનિક અને રાષ્ટ્રીય પર્યાવરણીય સંજોગોનું પ્રતિબિંબ પાડે.

એએસએમ ઊંચું મૂલ્ય ધરાવતી, ઓછો જથ્થો (પરિવહનમાં સરળતા) અને સરળતાથી વેપાર થતી કોમોડિટી, જેમ કે હીરા, સોનું, રંગીન પથ્થરો અને ચાંદી વગેરે માટે વધારે વ્યાપક છે. એલાયન્સ ફોર રીસ્પોન્સિબલ માઇનિંગ (એઆરએમ) એ સામાજિક અને પર્યાવરણીય રીતે જવાબદાર ખાણકામ માટે માપદંડો નક્કી કરતું સંગઠન છે. એક અંદાજ પ્રમાણે વિશ્વમાં નવા સોનાના વાર્ષિક ઉત્પાદનના 12 ટકા અને 20 ટકા હીરાનું ઉત્પાદન એએસએમ દ્વારા થાય છે. કેટલાક વિકાસશીલ દેશોમાં એએસએમ ઉત્પાદન રાષ્ટ્રીય ખનીજ ઉત્પાદનના 80 ટકા સુધી હોઈ શકે છે.

આ જોગવાઇ હેઠળ આરજેસીનો ઉદ્દેશ એવા વલણને પ્રોત્સાહિત કરવાનો છે જે એએસએમ અને મોટા પ્રમાણમાં ખાણકાર્ય (એલએસએમ) કામગીરીના સહ-અસ્તિત્વને ટેકો આપે અને કાનૂની, વ્યવસ્થા અનુસાર, શક્ય નાના-કદના ખાણ કાર્યના વિકાસને યજમાન સમુદાયો અને સરકારો સાથે સહયોગથી પ્રાયોજિત કરે. કેટલાક સંજોગોમાં સરકાર અગ્રણી ભૂમિકા ભજવી શકે છે, અન્યમાં એનજીઓ અથવા વિકાસ એજન્સીઓ સહાયક હોઈ શકે છે અને કેટલાકમાં એલએસએમએ સુધારાને પ્રોત્સાહિત કરવામાં પ્રેરક ભૂમિકા ભજવવાની હોઈ શકે છે. આવા કિસ્સામાં સ્થાનિક સમુદાયો અને એએસએમ કાર્યકરો હિસ્સેદારી આધારિત વલણમાં કેન્દ્રસ્થાને હોય છે.

એએસએમ ક્ષેત્ર માટે ચાવીરૂપ મુદ્દામાં સામેલ હોઈ શકે છેઃ

- અનૌપચારિક અથવા ગેરકાયદે દરજ્જો;
- એએસએમ પ્રક્રિયા અથવા મોટા પ્રમાણમાં ખાણ કાર્યને સરકારે પ્રાથમિકતા આપી હોય ત્યાં આર્થિક વિસ્થાપન માટે જમીન હસ્તગત કરવામાં કાનૂની મુશ્કેલી;
- મૂડીની અછત જે ઉત્પાદનને પાયાની પ્રક્રિયા તરીકે મર્યાદિત કરી દે છે અને ઘણી વાર ઋણના બંધન અથવા ગરીબીની જાળમાં પરિણમે છે;
- અનિયંત્રિત, અયોગ્ય અને ઘણી વખત ગેરકાયદે ભાવ અને વિતરણ વ્યવસ્થા, જે કેટલાક કિસ્સામાં ગુનાઇત જૂથો સાથે જોડાણને પ્રેરિત કરે છે;
- પર્યાવરણીય રીતે નબળું અને સામાન્ય રીતે આરોગ્ય અને સુરક્ષાની નબળી કામગીરી;
- સોનાના પ્રોસેસિંગના કિસ્સામાં પારાનો અસુરક્ષિત ઉપયોગ;
- મહિલા અને સ્થળાંતર કરનારા શ્રમિકો સહિત ખાણકામમાં મજૂરોનું શોષણ તથા બાળ મજૂરોનો ઉપયોગ;
- યોગ્ય કાનૂની માળખાનો અભાવ, જ્યાં નિયમન અસ્તિત્વમાં હોય ત્યાં અમલીકરણનો અભાવ.

જોકે જ્યાં આ મુદ્દાને હાથ ધરી શકાય છે ત્યાં એએસએમ એવા લોકો માટે વધારે યોગ્ય આજીવિકા બની શકે છે જેઓ તેમાં સંકળાયેલા હોય. વધારે વિસ્તૃત રીતે કહીએ તો રાષ્ટ્રીય આર્થિક વિકાસમાં તે વધારે મોટું યોગદાન આપનાર બને છે અને પુરવઠા શૃંખલામાં નવી આર્થિક તકો તથા વૈકલ્પિક આજીવિકાને મજબૂત બનાવે છે.

એલએસએમ અને એએસએમ સંચાલકો વચ્ચેના સંબંધ જટિલ, નબળા હોઈ શકે છે અને પ્રતિકુળતા અને સંઘર્ષમાં પરિણમી શકે છે. બંને પક્ષો જ્યારે કેટલાક સ્રોત હોવાનો દાવો કરે જેમ કે સપાટીની નજીક સોનું અથવા હીરાનો

જથ્થો હોય અને એક કે બીજાને ગેરકાયદે ગણે ત્યારે સંઘર્ષ પેદા થાય છે. દરેક ઓપરેટર બીજા માટે જે જોખમ પેદા કરે છે તેનો આધાર અનેક પરિબળો પર રહેલો છે. તેમાં સામેલ છેઃ

- એવી ધારણા કે કોની પાસે જથ્થો કાઢવા માટેનો અધિકાર છે અને કોણ જમીન પર સૌથી પહેલા આવ્યું હતું;
- કુશળ ખાણકર્મીઓ જેતે વિસ્તારમાં બહારથી આવ્યા છે, સ્થાનિક છે કે પછી સમુદાય આધારિત છે;
- વિસ્તારમાં એએસએમ મૌસમી છે, કાયમી છે કે ખનીજ માટેના ધસારાનું પરિણામ છે;
- તે કામચલાઉ ધોરણે છે કે પછી સુયોજિત છે;
- આ અંગે સરકાર સક્રિય છે કે નિષ્ક્રિય અને તે હિતોમાં ન્યાયિક રીતે મધ્યસ્થી તરીકે કામ કરે છે કે નહીં, અને
- મોટી અને નાની ખાણો માટે યોગ્ય કાનૂની માળખું છે કે નહીં અને અસરકારક રીતે કામ કરે છે કે નહીં.

મોટા કદની કંપનીઓ કુશળ ખાણકર્મીઓ સાથે વધુને વધુ સંવાદ કરશે અને સ્ત્રોત અને જમીન માટેની સ્પર્ધાને એવા સંજોગો અને સંબંધોમાં પરિવર્તિત કરશે જે પરસ્પર રીતે લાભદાયક હોય. એકથી વધારે હિસ્સેદારો ધિરજપૂર્વક કામ કરવા પ્રતિબદ્ધ હોય અને સમાન ધ્યેય માટે રચનાત્મક રીતે કામ કરવા માંગતા હોય તો તે ઉકેલ શોધવાનું સરળ બને છે, પરંતુ હંમેશા એવું હોતું નથી. અંતમા, મોટી કંપનીઓ સ્થાનિક ખાણકર્મીઓ અને અસરગ્રસ્ત સમુદાયો સાથે કામ કરવામાં સફળ ન રહે તો તેનું પરિણામ મોટી કંપનીઓએ ભોગવવું પડે છે. અનુભવ પરથી જોવા મળ્યું છે કે એએસએમને સ્થાનિક અને પ્રાદેશિક સામાજિક અને આર્થિક વિકાસ માટે હકારાત્મક બળ માટે પરિવર્તિત કરવાનું કામ સરળ નથી જે એલએસએમ કામગીરી સાથે આરામથી સહઅસ્તિત્વ ધરાવી શકે.

ઘણા હિસ્સેદારો માને છે કે એએસએમ ક્ષેત્રને માન્યતા આપવી એ મહત્ત્વની જરૂરિયાત છે. એએસએમ માટે યોગ્ય અને અસરકારક કાનૂની માળખું વિકસાવવું એ પ્રથમ આવશ્યક કદમ છે. આ સરકારની ભૂમિકા છે ત્યારે મોટી ખાણ કંપનીઓ આ ક્ષેત્રમાં જ્યાં યોગ્ય લાગે ત્યાં સરકારી સુધારાને સહાય કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. એએસએમ ક્ષેત્રમાં પ્રક્રિયાને માન્યતા આપવાના અન્ય મહત્ત્વના પાસામાં શ્રમબળના સંગઠનના યોગ્ય સ્વરૂપનો સમાવેશ થઇ શકે પછી તે બિઝનેસ આધારિત હોય કે સહકારનું મોડલ હોય, ઉત્પાદનના વેચાણ માટે યોગ્ય બજાર પ્રવેશ અને શ્રમ માટે યોગ્ય વળતર હોય, સુધારેલ આરોગ્ય અને સુરક્ષા તથા પર્યાવરણીય પ્રક્રિયાનું સંકલન હોય. અને વિધિવત અર્થતંત્રમાં હિસ્સેદારી (ટેક્સના યોગ્ય સ્વરૂપ અને સ્તર સહિત) હોય.

એએસએમ સાથે જવાબદાર એલએસએમ જોડાણમાં સામાન્ય રીતે નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

- **ખાણ જીવન ચક્રના સંશોધનથી લઇને ખાણ બંધ કરવા સુધી દરેક તબક્કે એએસએમ હિસ્સેદારો સાથે પરામર્શઃ** એએસએમ સમુદાયને કંપનીની પ્રવૃત્તિઓ અને ઇરાદાઓથી વાકેફ રાખવા; એલએસએમ પ્રવૃત્તિઓ વર્તમાન કુશળ ખાણકર્મીઓને કેવી રીતે અસર કરશે તે અલગ તારવવું અને આ અસરોના વ્યવસ્થાપન માટે સંયુક્ત રીતે આયોજન કરવું, સામાજિક-આર્થિક પરિવર્તનોના માપન માટે આધારરેખા સ્થાપિત કરવી, તકરારો ટાળવા માટે વિશ્વાસ પ્રસ્થાપિત કરવો અને મુખ્ય હિસ્સેદારો વચ્ચે સંબંધો દૃઢ બનાવવા આવશ્યક છે. જવાબદાર કંપનીઓ પ્રક્રિયામાં સામેલ થવા માટે ચાવીરૂપ પક્ષોની ક્ષમતા ઊભી કરવાની જરૂરિયાત પણ સમજે છે.

- **આર્થિક સ્થળાંતરનું વ્યવસ્થાપન:** વૈકલ્પિક આજીવિકા કાર્યક્રમો ઘડવા અથવા કન્સેશન પર ઝોન રચવા, જ્યાં એસએસએમને પક્ષકારો વચ્ચે વાટાઘાટ થયેલી શરતોની સાથે ખનન કરવાની પરવાનગી હોય જેમકે, પ્રથમ ઘટનામાં કન્સેશનધારકને એએસએમ વેચવું કે નહીં અને કિંમત કેવી રીતે નક્કી થશે જેવી બાબતોનો તેમાં સમાવેશ થાય છે. વ્યવસાયિક આરોગ્ય અને સલામતી અને કારોબાર વ્યવસ્થાપન જેવા મહત્ત્વના મુદ્દાઓ પર ક્ષમતા નિર્માણ કરવાનો પણ તેમાં સમાવેશ થઇ શકે છે. જ્યાં લાગુ પડતું હોય ત્યાં કુશળ કામદારો અને નાના પાયાનું ખનન અને પુનર્વસન પર સીઓપી જોગવાઈ અને માર્ગદર્શન જૂઓ.
- **એએસએમ પ્રવૃત્તિઓનું વ્યવસાયિકરણ:** એલએસએમ[3] કરતા એએસએમ પ્રવૃત્તિઓમાં જાનહાનિના બનાવો 90 ગણા વધુ સામાન્ય હોય છે. વ્યક્તિગત રક્ષણાત્મક સાધનોની સુલભતા અને ઉપયોગ સુધારવા, ખડક નિષ્ફળતા થાય ત્યારે બચાવ પ્રયત્નોમાં સહાય કરવી અને પર્યાવરણીય અસરો ઘટાડવા અને ખનીજ રિકવરી અને આવક વધારવા માટે ખનન અને શુદ્ધિકરણ પદ્ધતિઓમાં ફેરફારોને પ્રોત્સાહન આપવા માટેના કાર્યક્રમો એ એએસએમ ખનનનો દેખાવ સુધારવા માટે એલએસએમ કંપનીઓ દ્વારા હાથ ધરાયેલી પહેલ પૈકીની કેટલીક પહેલ છે. ઉદાહરણ તરીકે, દક્ષિણ વેનેઝુએલા અને ઉત્તરી તાન્ઝાનિયા બંનેમાં ઔપચારિક, મધ્યમ કદની ખનન કંપનીઓને તેમની મિલકતો પર, નિર્ધારિત વિસ્તારો પર અગાઉથી અસ્તિત્વમાં રહેલા એએસએમની છૂટ આપવામાં આવી છે અને કંપનીઓએ તેમનો વ્યવહાર સુધારવા માટે ખાણકર્મીઓ સાથે કામ કર્યું છે. જવાબદારીની સમસ્યાઓ (કાયદેસરતા, પર્યાવરણ) હોવા છતાં આ બન્યું છે અને કંપનીઓ અને કુશળ ખાણકર્મીઓ વચ્ચે થયેલી પરિણામી સમજૂતીઓ અને સંબંધોએ કાનૂન પ્રક્રિયા અને સુધારેલા વ્યવહાર, આવક, આરોગ્ય અને સલામતી માટે તકનીકી સહાયની જોગવાઈના અમલ માટે એક મજબૂત માળખું રચ્યું છે.[4]
- **એએસએમ સંવેદીનશીલ ખાણ સલામતી અભિગમો:** ખાણની સલામતી માટે સંઘર્ષ ટાળી શકાય અને ઉપાય મેળવી શકાય તેવો અભિગમ અપનાવવો આવશ્યક છે, જે ખાણ માટે અસરકારક હોવા ઉપરાંત સમુદાય માટે સંવેદનશીલ પણ છે. ઉદાહરણ તરીકે, ચોરીઓ ઘટાડવા માટે સલામતી દળોને તૈનાત કરવામાં આવે છે પરંતુ વાસ્તવમાં કંપની ભ્રષ્ટાચાર મારફતે, બળ અથવા શસ્ત્રોના અયોગ્ય ઉપયોગ અથવા સંઘર્ષ ઊભો કરીને તેમાંથી ફાયદો ઉઠાવી શકે છે. સલામતીની સમસ્યા સીઓપીની સલામતી જોગવાઈને અનુરૂપ ઉકેલવી જોઇએ જે સલામતી અને માનવ અધિકારોના સ્વૈચ્છિક સિદ્ધાંતો આપે છે.
- **વિકાસ તકો શ્રેષ્ઠતમ બનાવવી:** એલએસએમ તેની કામગીરી અને વ્યૂહાત્મક આયોજન મારફતે એએસએમ અથવા સંબંધિત પ્રવૃત્તિઓમાં સંકળાયેલા સમુદાયોના વિકાસમાં યોગદાન આપી શકે છે અને લાંબા ગાળે સંભવિત જોખમોને કંપની અને એએસએમ સમુદાય બંને માટે તકમાં પરિવર્તિત કરી શકે છે. એલએસએમ સ્થાનિક આર્થિક વિકાસમાં કેવી રીતે મદદ કરી શકે છે તેના ઉદાહરણો નીચે મુજબ છે:
    - ખોરાક અને અન્ય સામગ્રી આયાત કરવાના સ્થાને સ્થાનિક લોકો પાસેથી ખરીદવી;
    - છાવણી નિર્માણ અને જાળવણી પ્રવૃત્તિઓમાં સ્થાનિક લોકોને રોજગારી આપવી;
    - સ્થાનિક માનવ મૂડી નિર્માણની સાથે વ્યવસાયિક તાલીમ અને એપ્રેન્ટિશશિપ પૂરી પાડવી જે અંતે કુશળ રોજગાર તકમાં તબદીલ થાય છે;

---

[3] *હિન્ટન, જે, (2007), કમ્યુનિટીઝ એન્ડ સ્મોલ સ્કેલ માઇનિંગ: એન ઇન્ટિગ્રેટેડ રીવ્યૂ ફોર ડેવલપમેન્ટ પ્લાનિંગ, સીએએસએમ, વોશિંગ્ટન ડીસી.*

[4] ડેવિડસન, જ (1998), "વેનેઝુએલા; બિલ્ડિંગ પાર્ટનરશિપ વિથ આર્ટિસનલ માઇનર્સ," માઇનિંગ એનવાયર્નમેન્ટલ મેનેજમેન્ટ, વી 6 એન 2.

- ○ સ્થાનિક સમુદાયો અને/અથવા મોટી ખાણોની જરૂરિયાતો પૂર્ણ કરી શકે તેવા સ્થાનિક ઉદ્યોગસાહસિકો અને કારોબારોના વિકાસને ટેકો આપવો.

અન્ય પણ કેટલાક રસ્તાઓ છે જેના મારફતે એલએસએમ પ્રોજેક્ટના સહભાગિતા અને સંયુક્ત મોડલ અને કાર્યક્રમ આયોજન અને અમલને આધારે સ્થાનિક સમુદાયના વિકાસમાં યોગદાન આપી શકે છે, તે સ્થાનિક ભૌતક આંતરમાળખું (રસ્તા, પીવાના પાણીની સુલભતા, સ્વચ્છતા વ્યવસ્થાતંત્ર, ગ્રામ વીજળીકરણ)કે સામાજિક આંતરમાળખા (શાળા, દવાખાનું)માં સુધારાના સ્વરૂપમાં હોઇ શકે છે. વિકાસ કાર્યક્રમો પર સ્થાનિક સમુદાયોની માલિકી સુનિશ્ચિત કરવા માટે તેમની જરૂરિયાતોની તેમની પોતાની આકારણીને આધારે સ્થાનિક સમુદાયો સાથે ભાગીદારીમાં આ વિકાસ કાર્યક્રમોની તારવણી, આયોજન અને અમલ એક સશક્તિકરણ પ્રક્રિયા છે જે તેમને ભવિષ્યમાં તેમના પોતાના પ્રોજેક્ટ તૈયાર કરવા અને નિર્દેશ કરવા વધુ સક્ષમ બનાવે છે.

- **ખાણ બંધ કરવાનું આયોજન**: કિંમતી ધાતુઓના ઘણા ભંડારોમાં જ્યારે ખાણ બંધ થાય છે ત્યારે નવા કારીગર ખાણકર્મીઓનું અંદરની તરફ સ્થળાંતર અથવા વર્તમાન એએસએમ પ્રવૃત્તિઓનું વિસ્તરણ થાય છે. ખાણ બંધ થયા બાદ એલએસએમ કંપનીમાં નોકરી કરતા ખાણકર્મીઓ એએસએમ ખાણકર્મીઓ બની શકે છે. ખાણકર્મીઓ ત્યજી દેવાયેલા વિસ્તારોમાં ખોદકામ શરૂ કરી શકે છે, એલએસએમ કામગીરી માટે આર્થિક રીતે લાભદાયી નહીં ગણાતા નીચલા ગ્રેડના વિસ્તારોમાં અથવા ભંડારમાં ખનીજવાળો કાંપ ધરાવતી નદીના પ્રવાહમાં કામ કરી શકે છે.

  ખાણ બંધ કરતા પહેલા એએસએમ સાથે કામ કરીને અને ખાણ બંધ કરવાના આયોજનમાં ખાણકર્મીઓને સામેલ કરીને એલએસએમ કંપની અને તેના ભવ્ય વારસા બંનેને અને સ્થાનિક સમુદાયો અને ખાણકર્મીઓ માટે આજીવિકાનો આધારને લાભ કરાવે તેવા પુનર્વસનના નવીનતમ અભિગમો ઓળખવું શક્ય બનાવી શકાય છે.

## C. મુખ્ય પહેલો અને નિયમનો

*આંતરરાષ્ટ્રીય*

સોનું અને હીરામાં જવાબદાર એએસએમ વ્યવહાર માટે એલાયન્સ ફોર રીસ્પોન્સિબલ માઇનિંગ (એઆરએમ) અને ડાયમન્ડ ડેવલપમેન્ટ ઇનિશિયેટિવ ઇન્ટરનેશનલ (ડીડીઆઇઆઇ) દ્વારા માપદંડો ઘડવામાં આવ્યા છે.

આઆરએમે ફેરટ્રેડ લેબલિંગ ઓર્ગેનાઇઝેશન (એફએલઓ) સાથે ભાગીદારી કરીને 2011માં એએસએમ સોના માટે ન્યાયી વેપાર પ્રમાણીકરણ વ્યવસ્થાતંત્ર શરૂ કરી હતી. એઆરએમ માને છે કે ન્યાયી વેપાર માર્કેટિંગ વ્યવહાર સુધારવા માટે મુખ્ય પ્રોત્સાહન તરીકે વર્તી શકે છે  અને સમુદાયો અને ખાણકર્મીઓને તેમનું જીવન સુધારવાની અને નિવસનતંત્રના પુનઃસ્થાપનને સુનિશ્ચિત કરવાની નવી તક પૂરી પાડી શકે છે. ફેરટ્રેડ-ફેરમાઇન્ડ સ્ટાન્ડર્ડનો પ્રારંભિક દાયરો લેટિન અમેરિકા હતો ત્યારે અમલ માટે તેનો અવકાશ વૈશ્વિક સ્તરે વિસ્તરી રહ્યો છે. 2013માં એઆરએમ-એફએલઓ ભાગીદારીની પૂર્ણાહુતિ અલગ ફેરટ્રેડ અને ફેરમાઇન્ડ સ્ટાન્ડર્ડ્સમાં પરિણમશે જે એએસએમ સંગઠનોને લગતા છે.

ડીડીઆઇઆઇએ કારીગરી હીરા ખનન સાથે સંકળાયેલા હિંસાચાર અને અલ્પવિકાસના વારસાને વિકાસની દૃષ્ટિએ દૃઢ એકમમાં તબદીલ કરવા માટે તક ઊભી કરવા પર ભાર મૂકેલો છે, જેમાં લોકો શાંતિથી તેમની આજીવિકા રળી શકે છે. ડીડીઆઇઆઇએ 2008માં સિએરા લિયોન આર્ટિસનલ ડાયમન્ડ માઇનિંગ ક્ષેત્ર માટે સ્ટાન્ડર્ડ્સ એન્ડ ગાઇડલાઇન્સ જારી કરી હતી જેમાં સરકારો, રોકાણકારો અને દાતાઓ/સામાજિક સંસ્થાઓ માટે વ્યક્તિગત કલમો આપવામાં આવી હતી અને બાદમાં તે ડેવલપમેન્ટ ડાયમન્ડ ડ્રાફ્ટ સ્ટાન્ડર્ડ એન્ડ સર્ટિફિકેશન પ્રોગ્રામમાં ફેરવાઈ હતી. ત્યારથી ડીડીઆઇઆઇએ અનેક સરકારો સાથે કામ શરૂ કર્યું છે જેમાં કોંગોના સફળ માઇનર રજિસ્ટ્રેશન પ્રોગ્રામ (ડીઆરસી)નો પણ સમાવેશ થાય છે.

કમ્યુનિટી એન્ડ સ્મોલ-સ્કેલ માઇનિંગ (સીએએસએમ) પ્રોગ્રામનું શરૂઆતમાં વર્લ્ડ બેન્ક અંતર્ગત કરવામાં આવતું હતું જે હવે ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એનવાયર્નમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ (આઇઆઇઇડી) દ્વારા એએસએમ નોલેજ પ્રોગ્રામના સર્જન મારફતે કરવામાં આવે છે.

***રાષ્ટ્રીય***

અનેક દેશોએ તેમના સ્થાનિક એએસએમ ક્ષેત્રો માટે કાનૂની અને/અથવા નિયમનકારી માળખા વિકસાવ્યા છે, જ્યારે અન્ય કંપનીઓ તે દિશામાં આગળ વધ્યા નથી. ખનન એકમ ધરાવતા સભ્યો માટે તેમની કામગીરીના તમામ અધિકારક્ષેત્રોના મોટા પાયે અને નાના પાયે બંને સંભવિત અને ખનન કામગીરીને અસર કરતા હોય તેવા લાગુ પડતા કાયદા અને નિયમનોથી વાકેફ હોવું આવશ્યક છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભબિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 33.1.એ: જોડાણ:*** *ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો, જ્યાં કુશળ કામદાર અને નાના પાયે ખનન(એએસએમ) સભ્યનાં નિયંત્રણ હેઠળ તેમના પોતાના કાર્યક્ષેત્રમાં ન હોય:a). સભ્યના સમુદાયની સામેલગીરીના અભિગમો (30)ના અને સામાજિક અને પર્યાવરણીય અસરોની આકારણીઓ (32)ના ભાગરૂપે એએસએમ સાથે પ્રત્યક્ષ રીતે સામેલ થશે;*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - એસએસએમ સાથે સંબંધની જવાબદારી સંબંધિત વ્યવસ્થાપકને માથે અને કેટલીક વખત સમુદાય સાથે જોડાણ અને વિકાસ કાર્યક્રમો માટે જવાબદાર વ્યક્તિને માથે હોવી જોઇએ. યોગ્ય નીતિઓ ઘડવા, તાલીમ, વ્યૂહાત્મક આયોજન અને પગલા માટે અનુભવી અને નિષ્ણાત સહાયની જરૂર પડી શકે છે. આ બાબતે સામાન્ય માહિતી માટે **સમુદાયીક સામેલગીરી** અને **અસર આકારણી** માર્ગદર્શન જૂઓ.

- ***સીઓપી 33.1.બી: વ્યવસાયિકરણ અને ઔપચારિકતા:*** *b). બહુવિધ-હિસ્સેદારોની પહેલ સહિતની પહેલોમાં સહભાગી બનશે, જે એએસએમના વ્યાવસાયિકરણ અને ઔપચારિકરણને, પરિસ્થિતિને અનુકૂળ આવે તે રીતે સક્ષમ બનાવશે.*

  ***વિચારણા માટેના મુદ્દાઓ:***

- યજમાન દેશના કાયદા દ્વારા જ્યાં કુશળ કામદારોના ખનનને કાયદેસર તરીકેની માન્યતા મળી નથી તેવા કિસ્સાઓમાં સભ્યોએ એએસએમ ઔપચારિકતા પ્રત્યે અભિગમ બાબતે સરકાર સાથે કામ કરવું જોઇએ. જોકે, કેટલીક પરિસ્થિતિઓમાં તે શક્ય નથી તે સ્વીકારાયેલું છે.
- એએસએસ ઉત્પાદકો સહિતના મુખ્ય હિસ્સેદારો સાથે પરામર્શ કરીને પહેલો ઘડવી જોઇએ અને તેનો હેતુ એએસએમના સંગઠન, ઔપચારિકતા, વ્યવસાયિકરણ અને કાયદેસરતામાં મદદ કરવાનો હોવો જોઇએ.
- એલએસએમ-એએસએમ પહેલ માટેની તકોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ
  - એએસએમ ક્ષેત્ર સાથે ઔપચારિક ભાગીદારી સ્થાપવી;
  - જે ઝોન માઇનિંગ લીઝ પર મોટા પાયે ખનન માટે અયોગ્ય ગણવામાં આવ્યા છે તે ઝોનને અંકિત કરો (નિયમનકારી સત્તાવાળાઓને સાથે રાખીને);
  - આ વિસ્તારોના કાનૂની ખનન ટાઇટલ કાનૂની અને સંગઠિત એએસએમને પાસ કરવા (નિયમનકારી સત્તાવાળાઓને સાથે રાખીને);
  - ટેકનીકલ અને અન્ય સુધારા માટે ધિરાણ (લોન) પૂરી પાડવી;
  - વિવિધ મુદ્દાઓ (ઉદાહરણ તરીકે, વ્યવસાયિક આરોગ્ય, નવપ્રાપ્તિ, ખનન અને પ્રોસેસિંગ પદ્ધતિઓ, મૂલ્ય વર્ધન પ્રક્રિયાઓ, સંગઠનીય અને નાણાકીય વ્યવસ્થાપન, વિસ્ફોટકો વ્યવસ્થાપન) પર ખાણકર્મીઓને સહાય અને તાલીમ આપવી;
  - ખનીજ ભંડારના નિર્ધારણમાં ખાણકર્મીઓને મદદ કરવી (ધિરાણની સુલભતાની સહાય સાથે);
  - સંકટ પ્રતિક્રિયા સેવાઓ પૂરી પાડવી;
  - ખાણકર્મીઓને પ્રોસેસિંગ સેવાઓ આપવી અથવા સુધારેલી ટેક્નોલોજી સાથે અસરકારક પ્રોસેસિંગ સુવિધાઓનો તેમની જાતે અમલ કરવા માટે તેમની ક્ષમતાનું નિર્માણ કરવું;
  - વધારાની સહાય મેળવવા માટે સરકારી વિભાગો, એનજીઓ, મજૂરસંઘો અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સાથે જોડાણ કરવું;
  - ન્યાયી વેપાર વ્યવસ્થાઓ સાથે માર્કેટિંગ અને વાણિજ્યિકરણ પર માર્ગદર્શન પૂરું પાડવું;
  - વૈકલ્પિક આજીવિકા, આર્થિક વિકાસ અને એએસએમ સમુદાયોમાં અન્ય સુધારાઓ માટે સક્રિય રીતે સહાય કરવી;
  - શક્ય તેટલો વધુ માલસામાન અને સેવાઓ સ્થાનિક રીતે સોર્સ કરીને વ્યાપક સમુદાયને સહાય કરવી;
  - સમુદાય સાથે જોડાણની શરત તરીકે બાળમજૂરી નાબુદ કરવી;
  - જાતિ જાગૃતિ અને સશક્તિકરણ કાર્યક્રમો મારફતે એએસએમ સમુદાયોમાં મહિલાઓની સ્થિતિ સુધારવી;
  - સંઘર્ષને સહાયના જોખમને દૂર કરતી હોય તેવી પહેલોને સહાય કરવી જેમકે, સપ્લિમેન્ટ ઓન ગોલ્ડના પરિશિષ્ટ 1થી લઇને ઓઇસીડી ડ્યૂડિલિજન્સ ગાઇડન્સમાં નિર્ધારિત કર્યા મુજબ ખનીજોની પાઇપલાઇન સુરક્ષિત કરવી.

*સ્રોતઃ કોમદેવ/ સીએએસએમ/ આઇસીએમએમ – વર્કિંગ ટૂગેધર: હાઉ લાર્જ-સ્કેલ માઇનિંગ કેન એન્ગેજ વિથ આર્ટિસનલ એન્ડ સ્મોલ-સ્કેલ માઇનર્સ (2008) અને ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સ ગાઇડન્સ ઓન ધ રીસ્પોન્સિબલસપ્લાય ચેઇન્સ ઓફ મિનરલ્સ ફ્રોમ કનફ્લિક્ટ-અફેક્ટેડ એન્ડ હાઇ-રિસ્ક એરિયાઝ, સેકન્ડ એડિશન (2012).*

**તપાસોઃ**

✓ તમારા કામગીરીના વિસ્તારમાં કોઇ એએસએમ થાય છે કે નહીં તેની તમને ખબર છે?

✓ જો એસએસએમ થતું હોય તો તમે એએસએમ ઉત્પાદક સાથે સીધા સંકળાયેલા છો અને તેઓ કોઇ સામાજિક અને પર્યાવરણીય આકારણીઓમાં સમાવિષ્ટ છે?

✓ એએસએમના વ્યવસાયિકરણ અને ઘડતરમાં યોગદાન આપતી પહેલમાં તમે ભાગ લીધેલો છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો પર કુશળ કામદાર અને નાના પાયાના ખનન પર વધારાની માહિતી ધરાવે છે:

- એલાયન્સ ફોર રીસ્પોન્સિબલ માઇનિંગ (એઆરએમ)
  http://www.communitymining.org/
- એલાયન્સ ફોર રીસ્પોન્સિબલ માઇનિંગ (એઆરએમ) – લિગલાઇઝેશન ગાઇડ ફોર આર્ટિસનલ એન્ડ સ્મોલ-સ્કેલ માઇનિંગ (એએસએમ) – ડ્રાફ્ટ ફોર ડિસ્કશન (2011)
  www.communitymining.org/attachments/059_ARM_Series5_Legalisation_guide_ASM.pdf
- એલાયન્સ ફોર રીસ્પોન્સિબલ માઇનિંગ (એઆરએમ) – રોક સોલિડ ચેન્જીસ ફોર રીસ્પોન્સિબલ માઇનિંગ (2011)
  www.communitymining.org/attachments/059_RSC_FINAL_web_low.pdf
- અંગ્લોગોલ્ડ અશાંતિ – એપ્રોચ ટુ આર્ટિસનલ એન્ડ સ્મોલ સ્કેલ માઇનિંગ (2006)
  www.anglogoldashanti.com/subwebs/InformationForInvestors/ReportToSociety06/artisanal-mining.htm
- આર્ટિસનલ એન્ડ સ્મોલ-સ્કેલ માઇનિંગ ઇન પ્રોટેક્ટેડ એરિયાઝ એન્ડ ક્રિટિકલ ઇકોસિસ્ટમ્સ પ્રોગ્રામ (એએસએમ-પીએસીઇ)
  www.asm-pace.org
- આર્ટિસનલ ગોલ્ડ કાઉન્સિલ (AGC)
  www.artisanalgold.org/home
- કોમદેવ-આર્ટિસનલ એન્ડ સ્મોલ સ્કેલ માઇનિંગ (એએસએમ) (2012)
  commdev.org/section/topics/artisanal_mining
- કોમદેવ/સીએએસએમ/આઇસીએમએમ – વર્કિંગ ટૂગેધર: હાઉ લાર્જ-સ્કેલ માઇનિંગ કેન એન્ગેજ વિથ આર્ટિસનલ એન્ડ સ્મોલ-સ્કેલ માઇનર્સ (2008)
  commdev.org/content/document/detail/2018/
- કમ્યુનિટીઝ એન્ડ સ્મોલ-સ્કેલ માઇનિંગ (સીએએસએમ) – હોસ્ટેડ બાય વર્લ્ડ બેન્ક ગ્રૂપ
  www.artisanalmining.org/index.cfm

- ડાયમન્ડ ડેવલપમેન્ટ ઇનિશિયેટિવ (ડીડીઆઇ) – આર્ટિસનલ એલ્યુવિયલ ડાયમન્ડ માઇનિંગ (2009)
  www.ddiglobal.org/pages/ddi_artisanaldiamond.php
- ડાયમન્ડ ડેવલપમેન્ટ ઇનિશિયેટિવ (ડીડીઆઇ) – મિકેનાઇઝેશન ઓફ આર્ટિસનલ એલ્યુવિયલ ડાયમન્ડ માઇનિંગઃ બેરિયર્સ એન્ડ સક્સેસ ફેક્ટર્સ (2010)
  www.ddiglobal.org/login/Upload/Mechanisation-Alluvial-Artisanal-Diamond-Mining.pdf
- એસ્ટેલી લેવિન લિમિટેડ – પબ્લિકેશન્સ
  www.estellelevin.com
- હ્યુમન રાઇટ્સ વોચ – એ પોઇઝનસ મિક્સ. ચાઇલ્ડ લેબર, મરક્યુરી એન્ડ આર્ટિસનલ ગોલ્ડ માઇનિંગ ઇન માલી (2011)
  www.hrw.org/sites/default/files/reports/mali1211_forinsertWebUpload_0.pdf
- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઇએલઓ) – ફેક્ટ્સ ઓન સ્મોલ સ્કેલ માઇનિંગ
  www.ilo.org/wcmsp5/groups/public/---dgreports/---dcomm/documents/publication/wcms_067582.pdf
- ઇન્ટરનેશનલ ઇન્સ્ટીટ્યૂટ ફોર એનવાયર્નમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ (આઇઆઇઇડી) – રિસ્પોન્ડિંગ ટુ ધ ચેલેન્જ ઓફ આર્ટિસનલ એન્ડ સ્મોલ-સ્કેલ માઇનિંગઃ હાઉ કેન નોલેજ નેટવર્ક હેલ્પ? (2013)
  pubs.iied.org/16532IIED.html?c=energy/mining
- ગ્લોબલ મર્ક્યુરી પ્રોજેક્ટ – ગ્લોબલ ઇમ્પેક્ટ્સ ઓફ મર્ક્યુરી સપ્લાય એન્ડ ડિમાન્ડ ઇન સ્મોલ-સ્કેલ માઇનિંગ (2007)
  www.globalmercuryproject.org/documents/non_country%20specific/2006%20GMP%20Report%20to%20UNEP%20GC24.pdf
- ઓઇસીડી ડ્યૂ ડિલિજન્સ ગાઇડન્સ ઓન ધ રીસ્પોન્સિબલ સપ્લાય ચેઇન્સ ઓફ મિનરલ્સ ફ્રોમ કનફ્લિક્ટ-અફેક્ટેડ એન્ડ હાઇ-રિસ્ક એરિયાઝ, સેકન્ડ એડિશન (2012)
  www.oecd.org/fr/daf/inv/mne/mining.htm
- યુનાઇટેડ નેશન્સ એનવાયર્નમેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) ગ્લોબલ મર્ક્યુરી પાર્ટનરશિપ – એ પ્રેક્ટિકલ ગાઇડઃ રિડ્યુસિંગ મર્ક્યુરી યુઝ ઇન આર્ટિસનલ એન્ડ સ્મોલ-સ્કેલ ગોલ્ડ માઇનિંગ (2012)
  www.unep.org/hazardoussubstances/Portals/9/Mercury/Documents/ASGM/Techdoc/UNEP%20Tech%20Doc%20APRIL%202012_120608b_web.pdf
- યુનાઇટેડ નેશન્સ એનવાયર્નમેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) ગ્લોબલ મર્ક્યુરી પાર્ટનરશિપ – એનાલિસિસ ઓફ ફોર્મલાઇઝેશન એપ્રોચિસ ઇન ધ આર્ટિસનલ એન્ડ સ્મોલ-સ્કેલ ગોલ્ડ માઇનિંગ ક્ષેત્ર બેઝ્ડ ઓન એક્સપીરિયન્સિસ ઇક્વાડોર, મોંગોલિયા, પેરુ, તાન્ઝાનિયયા એન્ડ યુગાન્ડા (2012)
  www.unep.org/hazardoussubstances/Portals/9/Mercury/Documents/ASGM/Formalization_ARM/Formalization%20Document%20Final%20June%202012.pdf
- ધ વર્લ્ડ બેન્ક-જેન્ડર ડાઇમેન્શન્સ ઓફ આર્ટિસનલ એન્ડ સ્મોલ-સ્કેલ માઇનિંગઃ એ રેપિડ એસેસમેન્ટ ટૂલકિટ (2012)
  commdev.org/userfiles/Gender_and_ASM_Toolkit.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 34) પુનર્વસન

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**પુનર્વસન**નો સંદર્ભ ભૌતિક વિસ્થાપન (રહેઠાણમાં પરિવર્તન કે તેને ગુમાવવું) અને આર્થિક વિસ્થાપન (સંપત્તિ કે સંપત્તિ મેળવવાના માધ્યમોનું નુકસાન, જે પ્રોજેક્ટ સંબંધિત જમીન સંપાદન અને/અથવા જમીનના મર્યાદિત ઉપયોગના પરિણામે આવકના સ્રોતો કે આજીવિકાના સાધનો ગુમાવવા તરફ દોરી જાય છે) એમ બંને સાથે છે.

ભૌતિક કે આર્થિક વિસ્થાપનના પરિણામે અસરગ્રસ્ત લોકો કે સમુદાયો પાસે જમીન સંપાદન કે જમીનના મર્યાદિત ઉપયોગનો ઇનકાર કરવાનો અધિકાર હોતો નથી ત્યારે ફરજિયાત પુનર્વસન થાય છે. આવું આ પ્રકારના કિસ્સાઓમાં બને છેઃ (i) જમીનને કાયદેસર જપ્ત કરવામાં આવે કે જમીનના ઉપયોગ પર કામચલાઉ કે કાયમી પ્રતિબંધ મૂકવામાં આવે અને (ii) જો ગ્રાહક અને વિક્રેતા વચ્ચેની વાટાઘાટ નિષ્ફળ નિવડે અને ગ્રાહક જમીન જપ્ત કરવાનો વિકલ્પ અજમાવે કે જમીનના ઉપયોગ પર કાયદેસર પ્રતિબંધો લાદે ત્યારે ફરજિયાત પુનર્વસન થાય છે.

*સ્રોત*

- *ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) ગાઇડન્સ નોટ 5: લેન્ડ એક્વિઝિશન એન્ડ ઇનવોલ્યુન્ટરી રિસેટલમેન્ટ (2012)* *www1.ifc.org/wps/wcm/connect/3d82c70049a79073b82cfaa8c6a8312a/PS5_English_2012.pdf?MOD=AJPERES*

સીઓપીની પુનર્વસન કલમ ખાણ ક્ષેત્રમાં સભ્યોને લાગુ પડે છે, જ્યાં પુનર્વસનનું આયોજન કરવામાં આવ્યું છે અથવા થઈ રહ્યું છે. આ જરૂરિયાત એવી ખાણ સુવિધાઓમાં ઊભી થાય છે, જ્યાં આ પ્રકારના સંજોગો આરજેસીમાં જોડાયા પછીના સમયગાળા દરમિયાન અથવા છેલ્લી ખરાઈ આકારણી પછી ફેરફારો - તેમાંથી સૌથી છેલ્લે જે થાય છે તે મારફતે ઊભા થાય છે. પશ્ચાતવર્તી નિયમોનું પાલન અપેક્ષિત નથી.

નોંધઃ સ્થાનિક લોકોના પુનર્વસન માટે સીઓપીની મૂળનિવાસી લોકો અને મુક્ત પૂર્વ માહિતગાર સહમતી કલમ હેઠળ ફ્રી, પ્રાયર એન્ડ ઇન્ફોર્મ્ડ કન્સેન્ટ (એફપીઆઇસી) પ્રક્રિયા શરૂ કરવાની જરૂર પડશે.

સમુદાયીક સામેલગીરી, મૂળસ્થાનિક લોકો અને મુક્ત પૂર્વ માહિતગાર સહમતી અને અસર આકારણી માટે માર્ગદર્શન પ્રકરણો પણ જુઓ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

જ્યાં વ્યાવસાયિક રીતે ફાયદાકારક કાચી અને અશુદ્ધ ધાતુ કે ખનીજો મળે ત્યાં ખાણ પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવે છે અને કેટલીક વખત તે સ્થાનિક સમુદાયના વિકાસ-સંબંધિત વિસ્થાપન તરફ દોરી જઈ શકે છે. જોકે અનુભવ દર્શાવે છે કે ફરજિયાત પુનર્વસન અસરગ્રસ્ત લોકો અને સમુદાયો માટે લાંબા ગાળાની હાડમારીમાં પરિણમી શકે છે. જ્યારે સુધી યોગ્ય રીતે વ્યવસ્થાપન કે સંચાલન કરવામાં ન આવે ત્યાં સુધી ફરજિયાત પુનર્વસન લાંબા ગાળાની ગરીબીમાં પરિણમી શકે છે, તેમજ અસરગ્રસ્ત લોકોને જે વિસ્તારમાં વિસ્થાપિત કરવામાં આવ્યા હોય ત્યાં પર્યાવરણને નુકસાન અને સામાજિક તણાવ ઊભો થઈ શકે છે. આ કારણોસર ફરજિયાત પુનર્વસન ટાળવું જોઈએ અથવા શક્ય તેટલું ઓછું કરવું જોઈએ. જ્યાં અપવાદરૂપ સંજોગોમાં તે ટાળી શકાય તેમ ન હોય, ત્યાં વિસ્થાપિત વ્યક્તિઓ અને યજમાન સમુદાયો પર નુકસાનકારક અસર ઓછી કરવા યોગ્ય પગલાંનું આયોજન અને અમલીકરણ સાવચેતીપૂર્વક કરવું જોઈએ.

વાટાઘાટ મારફતે થતી સમજૂતીઓ જમીન જપ્ત કરવાની પ્રક્રિયા ટાળવામાં અને લોકોને બળજબરીપૂર્વક ખસેડવા સરકારી સત્તામંડળનો ઉપયોગ ન કરવામાં મદદ કરે છે. સામાન્ય રીતે આ પ્રકારની સમજૂતીઓ અસરગ્રસ્ત વ્યક્તિઓ કે સમુદાયોને વાજબી અને યોગ્ય વળતર તેમજ અન્ય પ્રોત્સાહનો કે ફાયદા આપીને, અને સૂચના અને સોદાબાજીની શક્તિના અસંતુલનનું જોખમ ઘટાડીને થઈ શકે છે. જ્યાં શક્ય હોય ત્યાં આ પ્રકારની સમજૂતીઓ મારફતે સભ્યોને જમીન અધિકારો સંપાદિત કરવા અને/અથવા મેળવવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. જોકે વાટાઘાટમાં સામેલ જમીનદારો પાસેથી જમીન ભાડે લેતા ગણોતિયા જેવા નબળા લોકોના અધિકારોને પણ ધ્યાનમાં લેવા જોઈએ.
પુનર્વસન માટે વળતરના મુદ્દે કૃષિ પર આધારિત આજીવિકા સમુદાયો માટે જમીનના બદલામાં જમીનથી શરૂઆત થવી જોઈએ, નહીં કે રોકડ આધારિત વળતર ઓફર કરીને. પુનર્વસનમાં ખાતરી મળવી જોઈએ કે પુનર્સ્થાપિતોની આજીવિકા અને આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે તેમજ સ્થાનિક ખાદ્ય સુરક્ષા નબળી પડી નથી. પુનર્વસન માટેની વાટાઘાટોમાં મહિલાઓ સહિત તમામ અસરગ્રસ્ત વ્યક્તિઓ અને સમુદાયો જોડાવા જોઈએ અને વાટાઘાટો સંપૂર્ણ અસર આકારણી આધારિત હોવી જોઈએ.

પુનર્વસન સાથે સંબંધિત તમામ નિર્ણયો અને યોજનાઓમાં અસરગ્રસ્ત સમુદાયોના અભિપ્રાયો અને જરૂરિયાતોને ધ્યાનમાં લેવી જોઈએ, જેમાં છૂટછાટની અંદર કામ કરતા કુશળ ખાણિયા સામેલ છે. ધ્યાનમાં લેવા મુખ્ય મુદ્દાઓમાં નવી સાઇટ્સ પર વળતર, આજીવિકા, મકાન અને વસવાટની સ્થિતિ તેમજ સમુદાયની સામાજિક અને સાંસ્કૃતિક સાતત્યતા સામેલ છે. ઐતિહાસિક, ધાર્મિક કે સાંસ્કૃતિક દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ સાઇટ્સ કે ચીજવસ્તુઓના સંરક્ષણ કે સુરક્ષિત હેરફેર માટે સંમતિની વ્યૂહરચના વિકસાવવાની જરૂર પણ ઊભી થઈ શકે છે. ઉપરોક્ત મુદ્દાઓમાં જાતિ જટિલ પરિમાણ છે અને મહિલાઓના હિતો જળવાઈ રહેવા જોઈએ, અપેક્ષાઓ પૂર્ણ થવી જોઈએ અને ભાગીદારી હાંસલ થવી જોઈએ. પુનર્વસન અને ખાણકામના આયોજનના અંતે ખાણકામ પછી બાકી રહેતી જમીનને વ્યક્તિઓ અને/અથવા સમુદાયોને પરત કરવાની શક્યતાનો વિચાર કરવો જોઈએ.

## C. મુખ્ય આંતરરાષ્ટ્રીય સાધનો

અદ્યતન ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ 5 (જાન્યુઆરી, 2012) જમીન સંપાદન અને ફરજિયાત પુનર્વસન માટે આંતરરાષ્ટ્રીય માપદંડો પ્રદાન કરે છે, જે આરજેસી માપદંડોમાં સંદર્ભિત છે. આઇએફસી પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 5ના હેતુઓ નીચે મુજબ છે:

- વિસ્થાપન ટાળો અને પ્રોજેક્ટની ડિઝાઇનના વિકલ્પો ચકાસી ટાળી ન શકાય તો લઘુતમ વિસ્થાપન હાથ ધરો.
- બળજબરીપૂર્વક ખસેડવાનું ટાળો.
- નીચેના વિકલ્પો અજમાવી જમીન સંપાદન કે જમીનના ઉપયોગ પર અંકુશોની સામાજિક અને આર્થિક અસરો ટાળો, અથવા જ્યાં ટાળી ન શકાય ત્યાં તેને લઘુતમ કરો
  i. પ્રતિસ્થાપન ખર્ચે સંપત્તિના નુકસાન બદલ વળતર પૂરું પાડવું અને
  ii. પુનર્વસન કામગીરીઓનો અમલ માહિતીની યોગ્ય જાહેરાત, ચર્ચાવિચારણા સાથે તેમજ અસરગ્રસ્ત લોકોની સુમાહિતગાર ભાગીદારી સાથે થાય તેવી સુનિશ્ચિતતા કરવી
- વિસ્થાપિત વ્યક્તિઓની આજીવિકા અને જીવનના ધારાધોરણો સુધારો, અથવા પુનઃસ્થાપિત કરો.
- પુનઃસ્થાપિત સાઇટ્સ પર સુરક્ષા સાથે રહેઠાણની જોગવાઈ કરી ભૌતિક વિસ્થાપિત વ્યક્તિઓની મૂળભૂત સ્થિતિમાં સુધારો કરો.

આઇએફસી ગાઇડન્સ નોટ 5 (જાન્યુઆરી, 2012) પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 5ને સુસંગત છે અને માપદંડોની જરૂરિયાતો પર વધારાનું માર્ગદર્શન પ્રદાન કરે છે.

નોંધઃ આઇએફસી પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 5 સ્વૈચ્છિક રીતે થયેલા જમીનના સોદાઓના પરિણામે થતા પુનર્વસનને લાગુ પડતા નથી (એટલે કે જેમાં બજારના ભાવ સોદા થાય છે અને વિક્રતા પર વેચાણ કરવાનું દબાણ હોતું નથી અને વાટાઘાટ નિષ્ફળ નિવડે તો ગ્રાહક જપ્ત જપ્ત કરવાનો કે અન્ય ફરજિયાત પ્રક્રિયાઓ હાથ ધરવાનો વિકલ્પ અજમાવી શકે નહીં).

પૂરતાં રહેઠાણનો અધિકાર 2007ના યુનાઇટેડ નેશન્સ હાઈ કમિશન ઓન હ્યુમન રાઇટ્સ માર્ગદર્શનનો વિષય છે, જે *‘વિકાસ આધારિત નિષ્કાસન અને વિસ્થાપન પર સંયુક્ત રાષ્ટ્ર મૂળભૂત સિદ્ધાંતો અને માર્ગદર્શનો’* રાષ્ટ્રોને જણાવે છે. આ માર્ગદર્શિકા વિકાસ આધારિત નિષ્કાસન વર્તમાન આંતરરાષ્ટ્રીય માનવાધિકારોના માપદંડોનો ભંગ કરીને હાથ ધરવામાં નહીં આવે તેવી સુનિશ્ચિતતા કરવા અપનાવવામાં આવતી ઉપાયો અને પ્રક્રિયાઓ પર કેન્દ્રિત છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભબિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 34.1: પુનર્વસનઃ** ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો બિનસ્વૈચ્છિક પુનર્વસનને ટાળશે. જ્યાં પુનર્વસન ટાળી શકાય તેમ ન હોય, ત્યાં આંતરરાષ્ટ્રીય નાણાકીય નિગમ(આઇએફસી) કાર્યદેખાવ માનક 5ને સુસંગત હોય તે રીતે, પ્રતિકૂળ અસરોને ઘટાડવા માટેના સંભાળપૂર્વક આયોજન અને અમલીકરણ માટેના ન્યૂનતમ અને યોગ્ય પગલાં ભરશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - પ્રોજેક્ટની શક્ય વૈકલ્પિક ડિઝાઇનમાં પર્યાવરણીય, સામાજિક અને નાણાકીય ખર્ચ અને લાભ વચ્ચે સંતુલન સ્થાપિત કરતી વખતે ભૌતિક અને/અથવા આર્થિક વિસ્થાપન ટાળવું જોઈએ, અથવા ટાળી ન શકાય તો લઘુતમ કરવા વિચારણા કરવી જોઈએ

- પુનર્વસનની ડિઝાઇન, અમલીકરણ અને ત્યારબાદના પગલાં દરમિયાન આ કામગીરીનો અમલ માહિતી, દસ્તાવેજોની યોગ્ય જાહેરાત, ચર્ચાવિચારણા તેમજ અસરગ્રસ્ત લોકોની સુમાહિતગાર ભાગીદારી સાથે થવો જોઈએ.
- વળતરના ધારાધોરણો તમામ અસરગ્રસ્ત લોકોને પારદર્શક અને સાતત્યપૂર્ણ રીતે લાગુ પડવા જોઈએ તેમજ પુનર્વસનના સમય સુધીમાં અમલીકરણ માટે તૈયાર હોવા જોઈએ.
- વિસ્થાપિત સમુદાયો અને વ્યક્તિઓને પ્રોજેક્ટમાંથી વિકાસના ફાયદાની તકો આપવી જોઈએ.
- જ્યારે પુનર્વસન માટેના સ્થળો અને મકાનોનો વિચારો કરવામાં આવે ત્યારે પૂર્તતા માટે નીચેના માપદંડો ધ્યાનમાં લેવા જોઈએઃ સુલભતા, ગુંજાશ, વસવાટ માટેની યોગ્યતા, સુરક્ષા, સાંસ્કૃતિક પર્યાપ્તતા, સ્થળની અનુરૂપતા, અને સ્વાસ્થ્ય અને શિક્ષણ જેવી મૂળભૂત અને આવશ્યક સેવાઓની સુલભતા.
- વળતર અને સહાય માટે લાયકાત ધરાવતા લોકોની આધારભૂત માહિતી મેળવવા અને નક્કી કરવા વસતિગણતરી કરવી જોઈએ.
- નિશ્ચિત સમયમર્યાદામાં સમસ્યાઓનું સમાધાન કરવા શક્ય તેટલી વહેલી તકે ફરિયાદો કરવા અને તેનો નિકાલ કરવા ફરિયાદ નિવારણ તંત્ર સ્થાપિત કરવું જોઈએ, જેમાં નિષ્પક્ષ રીતે વિવાદો ઉકેલવા આશ્રય તંત્ર સામેલ છે.
- પ્રોજેક્ટના જોખમો અને અસરો સાથે સુસંગત નિરીક્ષણ અને મૂલ્યાંકન પ્રક્રિયાઓ સ્થાપિત કરવી જોઈએ. પુનર્વસન દરમિયાન સ્થાનિક સરકારી અધિકારીઓ અને તટસ્થ નિરીક્ષકો હાજર હોવા જોઈએ.
- વિસ્થાપનના પ્રકાર અને તેમના ઔપચારિક કાયદેસર અધિકારોના આધારે અસરગ્રસ્ત લોકોના લાગુ વર્ગીકરણ માટે અધિકારો આઇએફસી પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 5 સાથે સાતત્યપૂર્ણ હોવા જોઈએ.

સીઓપી જરૂરિયાતોના અમલીકરણ પર વધુ માહિતી મેળવવા આઇએફસી પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 5 અને તેની સહાયક માર્ગદર્શિકા જુઓ.

**તપાસોઃ**

✓ તમે ફરજિયાત પુનર્વસન ટાળવા તમામ યોગ્ય પગલાં લીધા છે?

✓ જો પુનર્વસન ટાળી ન શકાય, તો તમે નુકસાનકારક અસર લઘુતમ કરવા ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 5 સાથે સાતત્યપૂર્ણ પગલાં હાથ ધર્યા છે, જેમાં યોગ્ય જાહેરાત, વળતરના ધારાધોરણો, વસતિગણતરી, નિરીક્ષણ પ્રક્રિયાઓ વગેરે સામેલ છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો પર અસ્વૈચ્છિક પુનર્વસન અંગે વધારાની માહિતી ઉપલબ્ધ છે:

- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કાઉન્સિલ (આઇએફસી) પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 5 – લેન્ડ એક્વિઝિશન એન્ડ ઇનવોલ્યુન્ટરી રિસેટલમેન્ટ (2012)
  www1.ifc.org/wps/wcm/connect/3d82c70049a79073b82cfaa8c6a8312a/PS5_English_2012.pdf?MOD=AJPERES
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કાઉન્સિલ (આઇએફસી) ગાઇડન્સ નોટ 5 – લેન્ડ એક્વિઝિશન એન્ડ ઇનવોલ્યુન્ટરી રિસેટલમેન્ટ (2012)

www1.ifc.org/wps/wcm/connect/4b976700498008d3a417f6336b93d75f/Updated_GN5-2012.pdf?MOD=AJPERES

- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કાઉન્સિલ (આઇએફસી) – હેન્ડબુક ફોર પ્રિપેરિંગ એ રિસેટલમેન્ટ એક્શન પ્લાન (2002)
  www.ifc.org/wps/wcm/connect/topics_ext_content/ifc_external_corporate_site/ifc+sustainability/publications/publications_handbook_rap__wci__1319577659424United Nations Office of the High
- કમિશનર ઓફ હ્યુમન રાઇટ્સ (ઓએચસીએચઆર) – બેઝિક પ્રિન્સિપલ્સ એન્ડ ગાઇડલાઇન્સ ઓન ડેવલપમેન્ટ બેઝ્ડ એવિક્શન એન્ડ ડિસપ્લેસમેન્ટ
  www.ohchr.org/Documents/Issues/Housing/Guidelines_en.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 35) સંકટ પ્રતિક્રિયા

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**સંકટ** અસાધારણ સ્થિતિ છે, જે કર્મચારીઓ, કોન્ટ્રાક્ટર્સ, મુલાકાતીઓ, ગ્રાહકો, અથવા સ્થાનિક સમુદાયોના સ્વાસ્થ્ય કે સુરક્ષાનું જોખમ સર્જી શકે છે, અથવા તે પર્યાવરણ કે સંપત્તિઓને નુકસાનનું કારણ બની શકે છે.

**એપીઇએલએલ** – ખાણકામ કાર્યક્રમ માટે અવેરનેસ એન્ડ પ્રીપેરર્ડનેસ ફોર ઇમરજન્સીસ એટ લોકલ લેવલ - સંકટ સમયે પ્રતિક્રિયા આપવાની યોજના તૈયાર કરવા માટેનું માળખું છે, જે યુનાઇટેડ નેશન્સ એન્વાયર્ન્મેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) દ્વારા પ્રકાશિત નાની પુસ્તિકામાં રજૂ કરવામાં આવી છે.

સીઓપીની સંકટ પ્રતિક્રિયા જોગવાઈ ખાણ ક્ષેત્રના સભ્યોને લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

ખાણ સુવિધાઓ અને સ્થાનિક સમુદાયો માટે સંકટ સમયે પ્રતિસાદ મહત્ત્વપૂર્ણ મુદ્દો છે તેમજ તેના આયોજન માટે સહયોગી અભિગમની જરૂર છે. સંકટોના સંભવિત પ્રકારોને નીચેની બાબતો સાથે સંબંધિત હોઈ શકે છે:

- મોટા પ્રમાણમાં ચીજવસ્તુઓનું વ્યવસ્થાપન – જેમાં અશુદ્ધિઓ અને કચરાનો ઢગલો સામેલ છે;
- મેદાન નીચે બેસી જવું;
- રાસાયણિક ઉત્સર્જન;
- ઉત્પાદન, આડપેદાશો, કચરો કે પુરવઠાનું પરિવહન;
- પાઇપલાઇન્સ;
- હવામાન અને ધરતીકંપ સંબંધિત ઘટનાઓ જેવા કુદરતી આફતો;
- બંધ થયેલી ખાણની સાઇટ્સ જેવી બિનકાર્યરત સુવિધાઓ;
- લાંબા ગાળે પર્યાવરણ સંબંધિત કે સ્વાસ્થ્ય સંબંધિત અસરો;
- સામાજિક અશાંતિ અને અન્ય જોખમો.

## C. મુખ્ય પહેલો

ખાણ કાર્યક્રમ માટે ધ અવેરનેસ એન્ડ પ્રીપેરેડનેસ ફોર ઇમરજન્સીસ એટ ધ લોકલ લેવલ (એપીઇએલએલ) એ યુનાઇટેડ નેશન્સ એન્વાયર્ન્મેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી)ની પહેલ છે. તેનો મુખ્ય હેતુ ખાણ કામગીરી સાથે જોડાયેલા જોખમો પ્રત્યે સ્થાનિક સમુદાયોને વાકેફ કરવાની જરૂરિયાત પ્રત્યે જાગૃતિ લાવવાનો અને સંકટકારક સ્થિતિને પહોંચી વળવા તૈયારી કરવામાં સ્થાનિક સમુદાયોને અસરકારકતા સાથે કેવી રીતે સામેલ કરી શકાય તેના પર માર્ગદર્શન આપવાનો છે. ખાણ માટે એપીઇએલએલને ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ ધ એન્વાયર્ન્મેન્ટ (આઇસીએમઇ) સાથે જોડાણમાં વિકસાવવામાં આવી હતી અને સંકટકારક સ્થિતિમાં પ્રતિસાદ

આપવાની યોજનામાં જનતાની ભાગીદારી વધારવાના હેતુ સાથે 2001માં જાહેર કરાઈ હતી. ખાણકામ માટે એપીઇએલએલની હેન્ડબુક સંકટકારક સ્થિતિને પહોંચી વળવાની યોજનાને વિકસાવવા કેવો અભિગમ અપનાવવો તેના પર ખાણ મેનેજમેન્ટ અને અન્ય હિસ્સેદારોને માર્ગદર્શન પ્રદાન કરે છે.

આઇસીએમઇની અનુગામી ધ ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ)એ પણ ગૂડ પ્રેક્ટિસ ઓન ઇમરજન્સી પ્રીપેર્ડનેસ એન્ડ રિસ્પોન્સ (2005)નું પ્રકાશન કરવા યુએનઇપી સાથે જોડાણ કર્યું છે. આ પ્રકાશન યુએનઇપીના એપીઇએલએલ ફોર માઇનિંગ (2001)ના માર્ગદર્શક કે સંદર્ભગ્રંથ તરીકે કામ કરે છે તેમજ અનેક કેસ સ્ટડીઝ પૂરાં પાડે છે, જે એપીઇએલએલની એપ્લિકેશન રજૂ કરે છે.

જ્યારે એપીઇએલએલ પ્રક્રિયા કોઈ પણ પક્ષ શરૂ કરી શકે છે ત્યારે કંપનીઓ પહેલ કરશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. એપીઇએલએલના અમલીકરણનો મહત્ત્વપૂર્ણ ભાગ ઔપચારિક સંકલન જૂથની સ્થાપના છે. સંકલન જૂથ સંકટસમયે પ્રતિસાદ આપવા કે તેને અટકાવવામાં સંકળાયેલા અનેક પક્ષોને, જેમ કે ખાણ વ્યવસ્થાપન, સ્થાનિક સત્તામંડળ અને સંકટકાલિન પ્રતિસાદ સંસ્થાઓ, સામુદાયિક આગેવાનો અને કામદારોના પ્રતિનિધિઓને સંકલન અને આદાનપ્રદાન માટે વ્યવસ્થા પૂરી પાડે છે. તે સંકટ સમયે પ્રતિસાદ આપવાની યોજના અને સમુદાયો સાથે સંવાદ સ્થાપિત કરવા સંકલિત અભિગમ હાંસલ કરવાના ઉપાયો પ્રદાન કરે છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભબિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- **સીઓપી *35:* સંકટ પ્રતિક્રિયા*: ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો સંભવિત અસરગ્રસ્ત સમુદાયો, કામદારો અને તેમનાં પ્રતિનિધિઓ અને સંલગ્ન એજન્સીઓના સહયોગમાં, યુએનઈપી દ્વારા ખનન માટેની સ્થાનિક સ્તર પર કટોકટીઓ માટેની સભાનતા અને તૈયારી (એપીઈએલએલ) પર આપવામાં આવેલ માર્ગદર્શન અન્વયે આપાતકાલીન પ્રતિભાવ યોજનાઓ વિકસિત કરશે અને તેની જાળવણી કરશે.*
  વિચારણા માટેના મુદ્દાઓ:**
  - એપીઇએલએલ ફોર માઇનિંગ હેન્ડબુક (2001)માં એપીઇએલએલના નીચેના પગલાંની રૂપરેખા આપવામાં આવી છે:
    - સંકટ સમયે પ્રતિસાદ આપવા ભાગીદારોની ઓળખ કરવી અને તેમની ભૂમિકા, સંસાધાનો અને કામગીરી સ્થાપિત કરવી.
    - સમુદાયમાં સંકટગ્રસ્ત સ્થિતિઓમાં પરિણમી શકે તેવા જોખમો અને સંકટોનું મૂલ્યાંકન કરવું તેમજ જોખમ ઘટાડવા માટેના વિકલ્પો નક્કી કરવા.
    - સામુદાયિક યોજનાની પર્યાપ્તતા સહિત સંકલિત પ્રતિસાદની સરખામણીમાં ભાગીદારોના પોતાની વ્યક્તિગત સંકટ યોજનાની સમીક્ષા હાથ ધરવી.
    - વર્તમાન યોજનાઓમાં સામેલ ન હોય તેવી આવશ્યક પ્રતિસાદ કામગીરીની ઓળખ કરવી.
    - ઓળખાયેલા સહભાગીઓ પાસેથી ઉપલબ્ધ સંસાધનોની આ કામગીરીઓને મેળવવી.

- વર્તમાન યોજનાઓ સુધારવા જરૂરી ફેરફારો કરવા, તેમને સંકટ સામે સંપૂર્ણપણે પ્રતિસાદ આપવા અને સંચાર યોજનામાં સંકલિત કરવા તેમજ તમામ પક્ષોને લાભ થાય તેવી સમજૂતી કરવી.
- સ્થાનિક સરાકરો પાસેથી લેખન અને મંજૂરી મેળવવા સંકલિત યોજના સુપરત કરવી.
- સહભાગી જૂથોને સંકલિત યોજનાથી વાકેફ કરવા અને સંકટ સમયે પ્રતિસાદ આપનાર તમામ પક્ષોએ તાલીમ મેળવી હોય તેવી સુનિશ્ચિતતા કરવી.
- નિયમિત સમયાંતરે યોજના પરિક્ષણ, સમીક્ષા અને તેને અદ્યતન બનાવવાની પ્રક્રિયા સ્થાપિત કરવી.
- સાધારણ સમુદાયને સંકલિત યોજનાથી વાકેફ કરવો.

*સ્રોતઃ એપીઇએલએલ ફોર માઇનિંગ હેન્ડબુક (2001).*

**તપાસોઃ**

✓ તમે મુખ્ય હિસ્સેદારો સાથે સહકારમાં સંકટ સમયે પ્રતિસાદ આપવાની યોજના સ્થાપિત કરી છે?
✓ યોજના ખાણકામ માટે એપીઇએલએલ દ્વારા પ્રદાન કરવામાં આવેલી માર્ગદર્શિકાનું પાલન કરે છે?
✓ એપીઇએલએલ અમલીકરણ માટે ઔપચારિક સંકલન જૂથની સ્થાપના કરવામાં આવી છે?
✓ યોજનાનું પરિક્ષણ કરવા કાર્યપદ્ધતિ સ્થાપિત કરવામાં આવી છે?
✓ સાધારણ સમુદાયને યોજનાથી વાકેફ કરવામાં આવ્યો છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો આરોગ્ય અને સલામતી અંગે વધારાની માહિતી ધરાવે છે:

- એપીઇએલએલ ફોર માઇનિંગ હેન્ડબુક (અંગ્રેજી, રોમાનિયન, સ્પેનિશ અને સ્વિડીશમાં ઉપલબ્ધ) (2001)
  www.unep.fr/shared/publications/pdf/WEBx0055xPA-APELLminingEN.pdf
- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – ગૂડ પ્રેક્ટિસ ઇન ઇમરજન્સી પ્રિપેર્ડનેસ એન્ડ રિસ્પોન્સ (2005)
  www.icmm.com/page/1169/library/documents/good-practice-in-emergency-preparedness-and-response
- માઇનિંગ એસોસિયેશન ઓફ કેનેડા (એમએસી) – ક્રાઇસિસ મેનેજમેન્ટ ગાઇડ (2007)
  www.mining.ca/www/media_lib/TSM_Documents/TSM_Publications/2007/Crisis_Man_03_2007.pdf
- યુનાઇટેડ નેશનલ એનવાયર્નમેન્ટ પ્રોગ્રામ – રિસોર્સ એફિસિયન્સી
  http://www.unep.org/resourceefficiency/

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 36) જૈવવિવિધતા

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**જૈવવિવિધતા** એટલે જમીન, દરિયાઈ અને અન્ય જલીય નિવસનતંત્રો તેમજ સજીવો જે પરિસ્થિતિકિય સંકુલોના ભાગ છે તે સહિતના તમામ સ્રોતના સજીવોમાં વિવિધતા, તેમાં જાતિઓની અંદર, બે જાતિઓ વચ્ચે અને નિવસનતંત્રોની વિવિધતાનો સમાવેશ થાય છે. જૈવવિવિધતામાં મનુષ્ય જાતિથી લઈને સૂક્ષ્મ-જીવો અને તેઓ જે વસવાટમાં રહે છે તેનો સમાવેશ થાય છે. તેમાં વ્યક્તિગત જાતિઓની અંદર રહેલી જનીની સામગ્રીનો પણ સમાવેશ થાય છે.

**વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ** વર્લ્ડ હેરિટેજ કન્વેન્શન 1972 હેઠળ સ્થાપિત થયેલી સાઇટ્સ છે.

**સંરક્ષિત વિસ્તારો** એટલે ભૌગોલિક રીતે વ્યાખ્યાતિ ક્ષેત્રો, જે ચોક્કસ સંરક્ષણ હેતુઓ હાંસલ કરવા માટે કાયદેસર રીતે અધિકૃત અથવા નિયમનવાળા અને વ્યવસ્થાપનવાળા છે.

**મુખ્ય જૈવવિવિધતા વિસ્તારો (કેબીએ)** જૈવવિવિધતાના સંરક્ષણ માટે વૈશ્વિક મહત્ત્વ ધરાવતા રાષ્ટ્રીય સ્થળો છે, જેની પસંદગી સુનિયોજિત સંરક્ષણ આયોજનમાં વ્યાપક રીતે વપરાતા અસલામતી અને ખોટ ભરપાઈ ના કરી શકે તેવા માળખાના આધારે વૈશ્વિક પ્રમાણભૂત માપદંડો અને ટોચમર્યાદાઓનો ઉપયોગ કરીને કરવામાં આવી છે.

**શમન સ્તરીકરણ** એટલે જૈવવિવિધતાને નુકસાન ઘટાડવા વિવિધ પગલાંની શ્રેણીનો ક્રમ, જે પ્રાથમિકતાના ઉતરતા ક્રમમાં નીચે મુજબ છે:

- સંભવિત જૈવવિવિધતા અસર અટકાવવા માટે પ્રસ્તાવિત ખાણ કે વર્તમાન કામગીરીમાં સુધારો વધારો કરીને **અસરો ટાળવી**;
- વર્તમાન નિર્ણયો અથવા પ્રવૃત્તિઓના સ્થાને જૈવવિવિધતા પર પ્રસ્તાવિત કામગીરીની અનિચ્છનિય અસરોને મર્યાદિત કરવા કે ઘટાડવા ડિઝાઇન કરાયેલા વિકલ્પોનો ઉપયોગ કરીને અસરોને **લઘુતમ કરવી**;
- અસરગ્રસ્ત પર્યાવરણનું **પુનઃસ્થાપન** કરવું;
- અસર પામતા જૈવવિવિધતાના મૂલ્યોના થતું નુકસાન સરભર કરવાના પગલાંનો અમલ કરી જૈવવિવિધતાની અસર **સરભર** કરવી. વળતરયુક્ત પગલામાં કાર્યો કે સુસંગત સંરક્ષણ મૂલ્ય પ્રદાન કરતા કાર્યો કે સંસાધનો અને સંશોધન સહાય કે શૈક્ષણિક શિષ્યાવૃત્તિ જેવા અન્ય વળતરયુક્ત પગલાંઓ જેવા સીધા સરભરનું સંયોજન સામેલ હોઈ શકે છે.

**ઉત્કૃષ્ટ સાર્વત્રિક મૂલ્ય**ને સાંસ્કૃતિક અને/અથવા કુદરતી મહત્ત્વ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, જે રાષ્ટ્રીય જ નહીં, પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ અપવાદરૂપ છે અને તમામ મનુષ્યની વર્તમાન અને ભવિષ્યની પેઢીઓ માટે એકસમાન રીતે મહત્ત્વપૂર્ણ છે.

**મહત્ત્વપૂર્ણ વસવાટો** ઊંચી જૈવવિવિધતા ધરાવતા વિસ્તારો છે, જેમાં (i) ગંભીર જોખમકારક જાતિઓ અને/અથવા લુપ્તપ્રાય થતી પ્રજાતિ; (ii) સ્થાનિક અને/અથવા મર્યાદિત-રેન્જ ધરાવતી જાતિઓનું મહત્ત્વપૂર્ણ વસવાટ; (iii) યાયાવર જાતિઓ અને/અથવા સામૂહિક જાતિઓના એકત્રીકરણ માટે વૈશ્વિક સ્તરે મહત્ત્વપૂર્ણ વસવાટ; (iv) અતિ જોખમકારક અને/અથવા વિશિષ્ટ નિવસનતંત્રો; અને/અથવા (v) મુખ્ય ઉત્ક્રાંતિ પ્રક્રિયાઓ સાથે સંકળાયેલા ક્ષેત્રો.

*સ્રોતઃ*

- *કન્વેન્શન ઓન બાયોલોજિકલ ડાયવર્સિટી*
  www.cbd.int/
- *ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – ખાણકામ અને જૈવવિવિધતા માટે સારા અભ્યાસનું માર્ગદર્શન (2006)*
  www.icmm.com/page/1182/good-practice-guidance-for-mining-and-biodiversity
- *ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 6 – જૈવવિવિધતા સંરક્ષણ અને સક્રિય કુદરતી સંસાધનોના ટકાઉ વ્યવસ્થાપન (2012)*
  www1.ifc.org/wps/wcm/connect/bff0a28049a790d6b835faa8c6a8312a/PS6_English_2012.pdf?MOD=AJPERES
- *ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઇયુસીએન)*
  www.iucn.org/about/union/secretariat/offices/iucnmed/iucn_med_programme/species/key_biodiversity_areas/
- *વર્લ્ડ હેરિટેજ કમિટી – વર્લ્ડ હેરિટેજ કન્વેન્શન (2012)ના અમલીકરણ માટે કાર્યરત માર્ગદર્શિકા (2012)*
  http://whc.unesco.org/en/guidelines/

સીઓપીની **જૈવવિવિધતા** કલમ ખાણકામ સુવિધા ધરાવતા તમામ સભ્યોને લાગુ પડે છે. જોગવાઈ 36.1 અને 36.2 વર્લ્ડ હેરિટેજ કે સંરક્ષિત વિસ્તારનો દરજ્જો મળ્યો તે અગાઉ કાર્યરત ખાણકામ સુવિધાઓને પશ્ચાતવર્તી અસરથી લાગુ નહીં પડે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

ખનન તેના પ્રોજેક્ટના સંપૂર્ણ જીવનચક્ર દરમિયાન જૈવવિવિધતાને પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બંને રીતે અસર કરવાની ક્ષમતા ધરાવે છે. જ્યારે ખનન પર્યાવરણ કે સામાજિક દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં થાય ત્યારે મહત્ત્વપૂર્ણ અસરો માટેની સંભાવના વધારે હોય છે. ખનન અગાઉ અવિકસિત અને અન્વેષણ થયું નહોતું તેવા અંતરિયાળ વિસ્તારોમાં કરવાનું વલણ વધી રહ્યું છે, જેમાંથી કેટલાંક વિસ્તારો જૈવવિવિધતાની દ્રષ્ટિએ સમૃદ્ધ છે.

ખનીજ સંસાધનો વિકસાવવા નવા વિસ્તારો ખાણ ઉદ્યોગ માટે એવું પ્રદર્શિત કરવાની તક પ્રદાન કરે છે કે કામગીરીમાં સુધારો થયો છે, જેમાં 'ઉતાવળમાં કોઈ નિર્ણયો' લેવાયા નથી તેવી બાબત સામેલ છે.

જોકે તમામ ખનન અંતરિયાળ કે અતિ સંવેદનશીલ વિસ્તારોમાં થતું નથી. કેટલાંક ગ્રીનફિલ્ડ કે વિસ્તરણ પ્રોજેક્ટ્સ પ્રમાણમાં વધારે વસતિ ધરાવતા વિસ્તારો, ઔદ્યોગિક વસાહતો કે અનેક દાયકાઓથી મોટા પ્રમાણમાં ખેતી થાય છે તેવા વિસ્તારોમાં વિકસાવવામાં આવશે, જ્યાં જૈવવિવિધતા મર્યાદિત છે. આ સ્થિતિમાં સ્થાનિક જૈવવિવિધતાની પૂરતી સમજણ વિકસાવવા અને યોગ્ય ભાગીદારો સાથે જૈવવિવિધતા સુધારવા માટેની તકો શોધવા ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
ખનનથી જૈવવિવિધતા પર નકારાત્મક અસરોની સંભાવના હોવા છતાં ખનન માટે યોગ્ય તરીકે સૂચિત વિસ્તારોમાં આ પ્રકારની અસરો અટકાવવા કે તેને લઘુતમ કરવા કંપનીઓ મોટા પાયે કામ કરી શકે છે. જૈવવિવિધતાની આકારણી અને વ્યવસ્થાપનમાં સક્રિય થવું નવી કામગીરીઓ માટે જ મહત્ત્વપૂર્ણ નથી, પણ જે લોકો અનેક વર્ષોથી ખનનમાં પ્રવૃત્ત છે તેમના માટે પણ આ બાબત અગત્યની છે.

જૈવવિવિધતાના હકારાત્મક પરિણામો મેળવવાની અને નકારાત્મક અસરો ઘટાડવાની તકો દરેક કામગીરીમાં જુદી જુદી હોય છે. નુકસાન કે નકારાત્મક અસર ઘટાડવાનો સંબંધ સંભવિત નકારાત્મક અસરોથી જૈવવિવિધતા અને કોઈ પણ અસરગ્રસ્ત હિસ્સેદારોનું સંરક્ષણ કરવા યોગ્ય પગલાં ઓળખવાનો અને તેનો અમલ કરવા સાથે છે. આદર્શ રીતે જોઈએ તો, હેતુ નકારાત્મક અસરો અટકાવવાનો છે અથવા, જો આ શક્ય ન હોય, તો શમન સ્તરીકરણ(નુકશાન ઘટાડવાના ક્રમબદ્ધઃ પગલાં) પ્રમાણે તેની અસર સ્વીકાર્ય સ્તર સુધી મર્યાદિત કરવી.

*સંરક્ષિત વિસ્તારો*
સંરક્ષિત વિસ્તારો ખરું જોતા તમામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંરક્ષણ વ્યૂહરચનાઓના મૂળભૂત બ્લોક તરીકે જળવાઈ રહે છે, જેને જૈવવિવિધતા પર સંમેલન જેવા સરકારી અને આંતરરાષ્ટ્રીય માળખાઓનું સમર્થન મળેલું હોય છે. વિવિધ પ્રકારના નિર્દિષ્ટ સંરક્ષિત ક્ષેત્રના વિસ્તૃત અને પ્રતિનિધિ યાદીનો હેતુ નિવસનતંત્રો, રહેઠાણો અને જાતિઓનું નુકસાન અને હાનિથી સંરક્ષણ કરવાનો છે, ખાસ કરીને સમૃદ્ધ, દુર્લભ, સંવેદનશીલ અને માનવીય પ્રભાવથી પ્રમાણમાં મુક્ત હોય તેવી દ્રષ્ટિએ મુક્ત હોય તેવી નોંધપાત્ર જાતિઓ. વર્ષ 2008માં દુનિયાની ધરતીની સપાટીનો આશરે 10મો ભાગ એક યા બીજા સ્વરૂપે સંરક્ષિત હતો.

આરજેસી બાયોડાયવર્સિટી (જૈવવિવિધતા)ના માપદંડોમાં જરૂરી છે કે સભ્યો યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની અંદર, કે તેની લગોલગ નુકસાનકારક અસર કરે તેવું ઉત્ખન્ન નહીં કરે. તેમાં એવી જરૂરિયાત પણ છે કે સભ્યો આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, પ્રાદેશિક કે સ્થાનિક સ્તરે જૈવવિવિધતાના સંરક્ષણ માટે કાયદેસર નિર્દિષ્ટ અન્યોના ક્ષેત્રોનું સન્માન કરે. એટલે સંરક્ષિત વિસ્તારો અને ખનન માટેની અસરોની સ્પષ્ટ સમજણ આવશ્યક છે.

ખનન એવો ઉદ્યોગ છે, જેમાં ઓછી સંખ્યામાં કંપનીઓ કાર્યરત છે. જે જગ્યાએ આર્થિક રીતે પરવડી શકે તેવી ખનીજ જમા થઈ હોય ત્યાં ખનન થઈ શકે એટલે આ ઉદ્યોગની કામગીરી ક્યાં સ્થિત હશે તેના પર તેનું ઓછું કે બિલકુલ નિયંત્રણ નથી. કેટલાંક કિસ્સામાં નકારાત્મક અસરો ઘટાડવા માટેના તમામ ટેકનિકલ અને આર્થિક શક્યતાદર્શી પગલા ધ્યાનમાં લીધા પછી પણ. સંરક્ષણ માટે નિર્દિષ્ટ વિસ્તારો માટેના હેતુઓ સાથે ઉત્ખનન અને

ખાણ કામગીરી અસંગત હોઈ શકે છે. જોકે એવી સ્થિતિસંજોગો પણ છે, જ્યાં ખાણના વિકાસથી અમૂલ્ય નિવસનતંત્રોનું સંરક્ષણ અને જતન વધારી શકાય છે કે ખનનથી ફાયદો થઈ શકે છે.

**જૈવવિવિધતા ધરાવતા મુખ્ય વિસ્તારો**
વર્તમાન સંરક્ષિત વિસ્તારો અને જાતિઓ માટે, જૈવવિવિધતાનું મહત્ત્વ કમ સે કમ આંશિક રીતે ઓળખવામાં આવ્યું છે. જોકે જૈવવિવિધતા માટે આંતરરાષ્ટ્રીય રીતે મહત્ત્વપૂર્ણ કેટલાંક વિસ્તારો નિર્દિષ્ટ સંરક્ષિત વિસ્તારોની મર્યાદાની બહાર પડે છે.

મુખ્ય જૈવવિવિધતા વિસ્તારો (કેબીએ)નો આશય સમગ્ર વિશ્વમાં જૈવવિવિધતાનું સંરક્ષણ કરવા સૌથી મહત્ત્વપૂર્ણ સાઇટ્સ રજૂ કરવાનો છે. અસરકારક ઇકોલોજિકલ નેટવર્ક્સ જાળવવા વિસ્તાર તરીકે કેબીએ જમીનના સ્તરે સંરક્ષણ આયોજન માટે શરૂઆત છે. સરકારો, આંતરસરકારી સંગઠનો, બિનસરકારી સંગઠનો, ખાનગી ક્ષેત્ર અને અન્ય હિસ્સેદારો કેબીએનો ઉપયોગ સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય રીતે મહત્ત્વપૂર્ણ સાઇટ્સના રાષ્ટ્રીય નેટવર્ક્સને ઓળખવા માટેના સાધન તરીકે કરી શકે છે.
અનેક વર્તમાન સંરક્ષિત વિસ્તારો કેબીએને સીધા સમકક્ષ છે. કેટલાંક સંરક્ષિત વિસ્તારો (અથવા સંરક્ષિત વિસ્તારોના ભાગો) સ્થાનિક, કુદરતી કે સાંસ્કૃતિક રીતે મહત્ત્વપૂર્ણ હોય તેવા અન્ય કારણો મહત્ત્વપૂર્ણ હોઈ શકે તો પણ વૈશ્વિક જૈવવિવિધતાના મહત્ત્વ માટેના માપદંડને પૂર્ણ કરતા નથી. અન્ય કિસ્સાઓમાં સંરક્ષિત વિસ્તારોની સરહદો જાતિઓના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ પ્રમાણે તેની સંરક્ષણ જરૂરિયાતોના આધારે બનાવવામાં આવી નહોતી, આ કિસ્સામાં કેબીએ સંરક્ષિત વિસ્તારના બહારના ક્ષેત્રને સામેલ કરશે, અથવા વર્તમાન સંરક્ષિત વિસ્તારોની સંપૂર્ણ બહાર સ્થિત હશે.

ઇન્ટિગ્રેટેડ બાયોડાયવર્સિટી એસેસમેન્ટ ટૂલ (આઇબીએટી, નીચે જુઓ) મુજબ, કેબીએના માપદંડોને પૂર્ણ કરવા સાઇટની નીચેની બાબતો સામેલ હોવી જોઈએઃ

- એક કે વધારે વૈશ્વિક સ્તરે અસ્તિત્વ પર જોખમ ધરાવતી જાતિઓ;
- એક કે વધુ સ્થાનિક જાતિઓ જે આંતરરાષ્ટ્રીય સ્તરે જે તે સાઇટમાં કે તેની આસપાસના વિસ્તારમાં જ અસ્તિત્વ ધરાવતી હોય;
- જાતિઓનું નોંધપાત્ર એકત્રીકરણ (દાખલા તરીકે મહત્ત્વપૂર્ણ યાયાવર વિરામો, આશ્રયસ્થાનો, નર્સરી કે પ્રજનન ક્ષેત્રો) ; અને/અથવા
- વિશિષ્ટ પ્રકારના વસવાટ અને જાતિઓ જમા થાય તેવા વૈશ્વિક રીતે મહત્ત્વપૂર્ણ ઉદાહરણો.

અત્યારે કેબીએ નિર્દિષ્ટ કરવામાં આવ્યાં છે અને બર્ડલાઇફ ઇન્ટરનેશનલ પાર્ટનરશિપ, પ્લાન્ટલાઇફ ઇન્ટરનેશનલ અને ધ એલાયન્સ ફોર ઝીરો એક્સિટન્ક્શન સહિત અનેક હિસ્સેદારોના પ્રયાસો મારફતે સમગ્ર દુનિયાના 100થી વધારે દેશોમાં તેનું સંરક્ષણ થાય છે. આઇએફસીના સ્ટાન્ડર્ડ 6 માટેના માર્ગદર્શન મુજબ, કેબીએમાં રામસર સાઇટ્સ, ઇમ્પોર્ટન્ટ બર્ડ એરિયા (આઇબીએ), ઇમ્પોર્ટન્ટ પ્લાન્ટ એરિયા (આઇપીએ) અને એલાયન્સ ફોર ઝીરો એક્સ્ટિન્ક્શન સાઇટ્સ (એઝેડઇ) સામેલ છે.

જૈવવિવિધતાનું મહત્ત્વ સ્થાપિત કરવામાં સાઇટ સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય રીતે મહત્ત્વપૂર્ણ છે કે નહીં તે નક્કી કરવા વિવિધ માપદંડોની વિચારણા સામેલ છે. કોઈ સાર્વત્રિક માપદંડનું અસ્તિત્વ નથી, તેમ છતાં કેટલાંક સામાન્ય માપદંડો નીચે મુજબ છેઃ

- જાતિઓ/વસવાટની સમૃદ્ધિ
- જાતિઓની સ્થાનિકતા
- મહત્ત્વપૂર્ણ જાતિઓ
- દુર્લભતા
- વસવાટ કે સાઇટનું કદ
- વસતિનું કદ
- નાજુકતા
- નિવસનતંત્ર સેવાઓનું મૂલ્ય
- સ્થાનિક, સામાજિક સંદર્ભમાં જાતિઓનું મહત્ત્વ

આ માપદંડો લાગુ કરવા વ્યાવસાયિક નિર્ણયની બાબત છે અને તાલીમબદ્ધ ઇકોલોજિસ્ટ (પારિસ્થિતિક વિજ્ઞાની) સામેલગીરી જરૂરી છે. કેટલાંક વિકાસશીલ રાષ્ટ્રો કે ઊંડા સમુદ્ર જેવા નવા ક્ષેત્રોમાં મૂલ્યાંકન અતિ જટીલ હોઈ શકે છે, જ્યાં જૈવવિવિધતાનું તુલનાત્મક મૂલ્યાંકન કરવા ઓછી માહિતી ઉપલબ્ધ હોય છે. આ સંજોગોમાં કાર્યરત સાઇટ્સનું સાપક્ષે મૂલ્ય વધુ સારી રીતે સમજવા વ્યાપક ફિલ્ડવર્કની જરૂર પડી શકે છે.
ખાણ ઉદ્યોગમાં નુકસાન સરભર કરવાની પ્રવૃત્તિ વધી રહી છે અને કેટલાંક દેશોમાં (દાખલા તરીકે, અમેરિકા, બ્રાઝિલ, યુરોપ, સ્વિત્ઝર્લેન્ડ અને કેનેડા)માં કાયદેસર માળખામાં સામેલ છે. કેટલીક ખાણ કંપનીઓ નુકસાન સરભર કરવાની સ્વૈચ્છિક કામગીરીમાં જોડાઈ છે, જે સૂચવે છે કે તેમાં કાયદેસર પૂર્તતાથી વધારે વ્યાવસાયિક પ્રતિબદ્ધતા જોડાયેલી છે. જો મજબૂત કાયદેસર માળખું સ્થાપિત કરવામાં આવે, તો તેનાથી જૈવવિવિધતાના નુકસાનને સરભર કરવા યોગ્ય રીતે સંચાલિત આયોજનની શરૂઆત થશે. કોઈ પણ કિસ્સામાં નુકસાનને સરભર કરવાનાં પગલાની વિશ્વસનિયતા સુનિશ્ચિત કરવા અને વ્યવહારિક સંરક્ષણ ફાયદા પ્રદાન કરવા હિસ્સેદારોની જરૂરિયાત અને સંભાવનાઓની સમજણ મહત્ત્વપૂર્ણ છે.

*ભયગ્રસ્ત જાતિઓ*

લુપ્તપ્રાયને આરે હોય તેવી ભયગ્રસ્ત જાતિઓ એટલે નજીકના ભવિષ્યમાં લુપ્તપ્રાય થવાનું જોખમ ધરાવતી કોઈ પણ જાતિ છે (જેમાં વૃક્ષ, પ્રાણી કે ફૂગ વગેરે સામેલ છે). અસ્તિત્વ પર જોખમ ધરાવતી જાતિઓને ઊંચા સંરક્ષણની જરૂર છે, કારણ કે તેમના અસ્તિત્વનો અંત આવે તે અગાઉ તેમનું સંરક્ષણ કરવા મર્યાદિત સમય હોય છે. ઇન્ટરનેશનલ યુનિયન ફોર ધ કન્ઝર્વેશન ઓફ નેચર (આઇયુસીએન) લુપ્તપ્રાય થવાના આરે આવેલી જાતિઓ પર સર્વોચ્ચ સંસ્થા છે અને તેમને નબળી, લુપ્તપ્રાય થવાનું જોખમ ધરાવતી અને અતિ જોખમ ધરાવતી જાતિઓની શ્રેણીના ગ્રૂપ બનાવે છે.

અત્યંત ઓછી સંખ્યામાં વિશ્વના વૃક્ષ અને પ્રાણી જાતિઓની આકારણી થઈ છે. વિસ્તૃતપણે આકારણી પામેલી જાતિઓના જૂથોમાં ઉભયજીવી, પક્ષીઓ, સસ્તન, કરચલાં, પરવાળાં, કોનિફેર્સ અને સિકેડ સામેલ છે. ખનનની નવી કામગીરી, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારો માટે પર્યાવરણીય અસરની આકારણી પ્રક્રિયાઓએ નવી કે લુપ્તપ્રાય થવાનું જોખમ ધરાવતી પ્રાજતિઓની ઓળખ અને આકારણીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું શરૂ કર્યું છે.

*સમુદ્રના ઉંડાણમાં જૈવવિવિધતા*

સમુદ્રના ઉંડાણમાં ખનન પ્રમાણમાં નવું કાર્યક્ષેત્ર છે, જે દરિયાકિનારથી થોડા અંતર આવેલા દરિયાના તળિયાના વાતાવરણમાં ખનીજ નિષ્કર્ષણ પ્રક્રિયાઓ વિકસાવવાની સંભાવના ધરાવે છે. જ્યારે વ્યાવસાયિક શક્યતા હજુ સ્થાપિત થઈ નથી , ત્યારે દરિયાના તળિયે સોના સહિત કાચી ધાતુઓની સંભાવના ચકાસવા કેટલીક ઉત્ખન્ન કંપનીઓ સ્થાપિત થઈ છે. ઊંડા સમુદ્રની નિવસનતંત્રો અગાઉ અપરિચિત હોય તેવી જૈવવિવિધતાની દ્રષ્ટિએ સમૃદ્ધ હોઈ શકે છે એટલે વિકાસ મંજૂરીઓ અને કામગીરીનું સંચાલન કરવા વર્તમાન નિયમનકારી માળખાને વધુ વિકસાવાની જરૂર પડી શકે છે.

## C. મુખ્ય નિયમો, પહેલો અને નિયમનો

*રાષ્ટ્રીય કાયદો*

પર્યાવરણ સંબંધિત સંરક્ષણ માટે લગભગ તમામ અધિકારક્ષેત્રો કાયદાકીય અને નિયમનકારી માળખું ધરાવે છે. કન્વેન્શન ઓન બાયોલોજિકલ ડાઇવર્સિટી (જૈવવિવિધતા સંમેલન) હસ્તાક્ષરકર્તા દેશોમાંથી ઘણાં દેશોએ તેમના દેશની અમૂલ્ય જૈવવિવિધતાનું સંરક્ષણ કરવા ચોક્કસ રાષ્ટ્રીય કાયદાઓ બનાવ્યાં છે. સભ્યો લાગુ કરી શકાય તેવા કાયદાથી વાકેફ હોવા જોઈએ અને કામગીરીના તમામ ક્ષેત્રોમાં જૈવવિવિધતા માટે કાયદાકીય અને નિયમનકારી માળખાની સમજણ હોવી જરૂરી છે.

*આંતરરાષ્ટ્રીય નિયમો*

વર્ષ 1992માં રિયો ડી જાનેરોમાં અર્થ સમિટમાં યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન ઓન બાયોલોજિકલ ડાઇવર્સિટી (સીબીડી) પર 157 સરકારોએ હસ્તાક્ષર કર્યા હતા. ત્યારબાદ 193 દેશોએ તેને મંજૂરી આપી છે. સીબીડીના વિવિધ હેતુઓ તમામ રાષ્ટ્રોને નીચેની બાબતોનું પ્રોત્સાહન આપવા અને સક્ષમ બનાવવાનો છેઃ

- જૈવવિવિધતાનું સંરક્ષણ;
- જૈવવિવિધતાના વિવિધ ભાગોનો ટકાઉ ઉપયોગ; અને
- યોગ્ય અને સમાન રીતે જૈવવિવિધતાના વ્યાવસાયિક અને અન્ય ઉપયોગમાંથી થતા ફાયદાની વહેંચણી.

સીબીડી સરકારો માટે એક સાધન છે અને રાષ્ટ્રીય સ્તરે કાયદા મારફતે તેનો અમલ થાય છે.

વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની સ્થાપના 1972ના વર્લ્ડ હેરિટેજ કન્વેન્શન હેઠળ થઈ હતી, જેનું સંચાલન યુનેસ્કો કરે છે. સાંસ્કૃતિક અને/અથવા કુદરતી હેરિટેજ સાથે સંબંધિત વર્લ્ડ હેરિટેજના દરજ્જાનો સંબંધ ઉત્કૃષ્ટ સાર્વત્રિક મૂલ્ય ધરાવતી હોવાનું ગણાય છે. વર્ષ 2013માં 157 દેશોમાં 960થી વધારે વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ હતી. આ સાઇટ્સ જંગલ, પર્વત, જળાશય, રણ, સ્મારક, ઇમારત, સંકુલ કે શહેર હોઈ શકે છે. દરેક વર્લ્ડ હેરિટેજ સાઇટ જ્યાં સ્થિતિ હોય ત્યાંની સરકારની સંપત્તિ છે, પણ દરેક સાઇટના સંરક્ષણને આંતરરાષ્ટ્રીય સમુદાયના હિતમાં ગણવામાં આવે છે. આ સ્થિતિમાં વર્લ્ડ હેરિટેજનો દરજ્જો મળ્યો હોય તે અગાઉ ખનન અસ્તિત્વમાં હોય તેવી સાઇટ્સમાં કામગીરી માટે ગ્રાન્ડફાધરિંગ કાયદો (નવી જરૂરિયાતોમાંથી પૂર્વની સ્થિતિને મુક્તિ આપતો કાયદો) લાગુ પડી શકે છે.

રામસર નિયમ તરીકે જાણીતા ધ કન્વેન્શન ઓન વેટલેન્ડ્સ ઓફ ઇન્ટરનેશનલ ઇમ્પોર્ટન્સ આંતરસરકારી સમજૂતી છે, જે ભીની જમીન અને તેમના સંસાધનોના સંરક્ષણ અને યોગ્ય ઉપયોગ માટે રાષ્ટ્રીય કામગીરી અને

આંતરરાષ્ટ્રીય સહકાર માટે માળખું પ્રદાન કરે છે. આ સમજૂતી ડિસેમ્બર, 1975માં અમલમાં આવી હતી. રામસર યાદીની સાઇટમાં વધારો આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રદાન કરે છે અને સાઇટની ઇકોલોજિકલ લાક્ષણિકતાની જાળવણી સુનિશ્ચિત કરવા જરૂરી તમામ પગલાં લેવા સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

દરિયાઈ કાયદા પર સંયુક્ત રાષ્ટ્રનું સંમેલનમાં થયેલી સમજૂતી નવેમ્બર, 1994માં અમલમાં આવી હતી. તેનો હેતુ દરિયાઈ સ્રોતોના તમામ પાસાં અને સમુદ્રના ઉપયોગનું નિયમન કરવાનો છે. આ સંમેલન દુનિયાના મહાસાગરો અને સમુદ્રોમાં કાયદો અને વ્યવસ્થાનું વ્યાપક શાસન તેમજ મહાસાગરો અને તેમના સંસાધનોના તમામ ઉપયોગના સંચાલનના નિયમો સ્થાપિત કરે છે. તેમાં એવી ધારણા કરવામાં આવી છે કે દરિયાઈ વિસતારની તમામ સમસ્યાઓ એકબીજા સાથે જોડાયેલી છે અને તેને સંપૂર્ણપણે સંબોધન કરવાની જરૂર છે.

*આંતરરાષ્ટ્રીય પહેલો*

ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 6 – જૈવવિવિધતા સંરક્ષણ અને સક્રિય કુદરતી સંસાધનોના ટકાઉ વ્યવસ્થાપન (2012) જૈવવિવિધતાને અસર કરી શકે તેવા પ્રોજેક્ટ્સ માટે વિસ્તૃત માપદંડો અને સહાયક માર્ગદર્શન પ્રદાન કરે છે. આ માપદંડનો વિવિધ હેતુ નીચે મુજબ છે.

- જૈવવિવિધતાનું સંરક્ષણ અને જતન
- નિવસનતંત્ર સેવાઓને જાળવવી અને ફાયદા મેળવવા
- સંકલિત સંરક્ષણની જરૂરિયાતો અને વિકાસની પ્રાથમિકતાઓની કામગીરીને સ્વીકારી સક્રિય કુદરતી સંસાધાનોના ટકાઉ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવું.

સંભવિત અસરગ્રસ્ત નિવાસીઓ (સંશોધિત, કુદરતી કે ગંભીર), અને કાયદેસર સંરક્ષિત અને આંતરરાષ્ટ્રીય માન્યતાપ્રાપ્ત ક્ષેત્રોની પ્રકૃતિ મુજબ પ્રમાણભૂત જરૂરી લાયકાતો.

ધ ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ)એ ખનન અને સંરક્ષિત વિસ્તારોની સ્થિતિનો ચિતાર પ્રકાશિત કર્યો છે. તેમાં આઇસીએમએમના સભ્યોની પાંચ પ્રતિબદ્ધતાઓની રૂપરેખા આપવામાં આવી છે, જેમાં પ્રથમ બે આરજેસીના જૈવવિવિધતાના માપદંડોને અનુરૂપ છે, જેમાં વર્લ્ડ હેરિટેજ સાઇટ્સમાં ખનન કે ઉત્ખન્ન નહીં કરવાની પ્રતિબદ્ધતા સામેલ છે. બાકીની પ્રતિબદ્ધતાઓ મુખ્ય હિતધારકો કે હિસ્સેદારો સાથે ખનન અને સંરક્ષિત વિસ્તારો પર ચાલુ કામગીરી સાથે સંબંધિત છે. સંરક્ષિત વિસ્તારના વર્ગીકરણની આઇયુસીએનની વ્યવસ્થાને મજબૂત કરવા અને એપ્લિકેશન સંબંધિત મુદ્દાઓ સંબોધવા આઇસીએમએમ અત્યારે ઇન્ટરનેશનલ યુનિયન ફોર ધ કન્ઝર્વેશન ઓફ નેચર (આઇયુસીએન) સાથે ચર્ચા કરી રહ્યું છે.

આઇસીએમએમએ પણ ખનન માટેની સારી કામગીરી અને જૈવવિવિધતાના સંરક્ષણ પર માર્ગદર્શન પ્રકાશિત કર્યું છે. આ માર્ગદર્શનમાં ખનનના અન્વેષણથી લઈને કામગીરીના અંત સુધીના સમયગાળા દરમિયાન જૈવવિવિધતાના વ્યવસ્થાપનને સુધારવા જરૂરી પગલાનો સમાવેશ થાય છેઃ

- જૈવવિવિધતા અને તેમની પ્રવૃત્તિઓ વચ્ચેના માધ્યમોને સમજવા;
- જૈવવિવિધતા પર નકારાત્મક અસરો ધરાવતી તેમની પ્રવૃત્તિઓની સંભવિત આકારણી;
- જૈવવિવિધતા પર સંભવિત અસરોનું શમન;
- જૈવવિવિધતા સંરક્ષણના પ્રદાનની સંભાવના ચકાસવી.

*શ્રેણીકરણ*

વર્ષ 1994માં આઇયુસીએનએ સંરક્ષિત વિસ્તારોના આયોજન, સ્થાપના અને વ્યવસ્થાપન માટે મહત્ત્વપૂર્ણ વૈશ્વિક માપદંડ તરીકે પ્રોટેક્ટેડ એરિયા કેટેગરીઝ (સંરક્ષિત વિસ્તાર શ્રેણીઓ) વ્યવસ્થા પ્રકાશિત કરી હતી. આઇયુસીએનની શ્રેણીઓ નીચે મુજબ છેઃ

- શ્રેણી Ia: પ્રકૃતિનું કડક સંરક્ષણ
- શ્રેણી Ib: વન વિસ્તારો
- શ્રેણી II: રાષ્ટ્રીય પાર્ક
- શ્રેણી III: રાષ્ટ્રીય સ્મારક કે લક્ષણ
- શ્રેણી IV: વસવાટ/જાતિ વ્યવસ્થાન વિસ્તાર
- શ્રેણી V: સંરક્ષિત જમીન વિસ્તાર/દરિયાઈ વિસ્તાર
- શ્રેણી VI: કુદરતી સંસાધાનોના ટકાઉ ઉપયોગ સાથે સંરક્ષિત વિસ્તાર

આઇયુસીએનની અસ્તિત્વનું જોખમમાં હોય તેવી જાતિઓની યાદી આઇયુસીએન રેડ લિસ્ટ શ્રેણીઝ એન્ડ ક્રાઇટેરિયા (આઇયુસીએનની અસ્તિત્વ જોખમમાં હોય તેવી જાતિઓનું વર્ગીકરણ અને માપદંડ)નો ઉપયોગ કરીને વૈશ્વિક સ્તરે મૂલ્યાંકન થયેલા વૃક્ષો અને પ્રાણીઓ પર માહિતીનું વર્ગીકરણ, તેમના સંરક્ષણ માટેની સ્થિતિ અને માહિતીની વહેંચણી પ્રદાન કરે છે. આ વ્યવસ્થા લુપ્તપ્રાય થવાના સંબંધિત જોખમને નક્કી કરવા બનાવવામાં આવી છે, અને આઇયુસીએન રેડ લિસ્ટનો મુખ્ય હેતુ વૈશ્વિક સ્તરે લુપ્તપ્રાય (એટલે કે લુપ્તપ્રાય થવાનું અતિ જોખમ, જોખમ અને સફળતાપૂર્વક નાશ થઈ શકે કે હુમલો થઈ શકે તેવી જાતિ તરીકે સૂચિબદ્ધ જાતિઓ) થવાના ઊંચા જોખમનો સામનો કરતી વનસ્પતિઓ અને પ્રાણીઓની યાદી આપવાનો અને તેના પ્રત્યે ધ્યાન દોરવાનો છે.

સંરક્ષણ સંગઠનો અનેક માહિતી જાળવવીમાં આવી છે, જે આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય મહત્ત્વના, જૈવવિવિધતા ધરાવતા ચાવીરૂપ વિસ્તારોના સંરક્ષિત વિસ્તારો તેમજ લુપ્તપ્રાય થવાનું જોખમ ધરાવતી જાતિઓ પર વિગત પ્રદાન કરે છે. તેમાં સામેલ છેઃ

- યુએનઇપી-ડબલ્યુસીએમસી સંરક્ષિત વિસ્તારોની વૈશ્વિક માહિતી
- અલાયન્સ ફોર ઝીરો એક્સ્ટિન્કશન સાઇટ્સ
- મહત્ત્વપૂર્ણ પક્ષી વિસ્તારો – બર્ડલાઇફ ઇન્ટરનેશનલ
- મહત્ત્વપૂર્ણ વનસ્પતિ વિસ્તારો – પ્લાન્ટલાઇફ ઇન્ટરનેશનલ
- ફૌના એન્ડ ફ્લોરા ઇન્ટરનેશનલ
- કન્ઝર્વેશન ઇન્ટરનેશનલ
- નેચર 2000 સાઇટ્સ
- અતિ સંરક્ષિત મૂલ્ય ક્ષેત્રો

અનેક દેશોમાં રાષ્ટ્રીય અને પ્રાદેશિક કાયદા પણ સ્થાનિક, પ્રાદેશિક કે રાષ્ટ્રીય સ્તરે લુપ્તપ્રાય થવાનું જોખમ ધરાવતી જાતિઓ અને આવાસીઓની યાદી પણ જાળવે છે.

*ઉપકરણો અને અન્ય પહેલો*

કંપનીઓને જૈવવિવિધતાના વિવિધ પાસાંનું વ્યવસ્થાપન કરવામાં અને તેને સમજવામાં સહાય કરવા અનેક પહેલ હાથ ધરવામાં આવી છે તેમજ અનેક સાધનો વિકસાવવામાં આવ્યાં છે.

ધ બિઝનેસ એન્ડ બાયોડાયવર્સિટી ઓફસેટ્સ પ્રોગ્રામ (બીબીઓપી) કંપનીઓ, સરકારો અને સંરક્ષણ નિષ્ણાતો વચ્ચે જૈવવિવિધતાને થતું નુકસાન સરભર કરવાના વિકલ્પો શોધવા માટેની ભાગીદારી છે. તેના વિવિધ ઉદ્દેશ નીચે મુજબ છેઃ

- જૈવવિવિધતાને થતું નુકસાન સરભર કરવાના પ્રાયોગિક પ્રોજેક્ટ્સના પોર્ટફોલિયોમાં સંરક્ષણ અને આજીવિકના પરિણામો પ્રદર્શિત કરવા;
- જૈવવિવિધતાને થતાં નુકસાનને સરભર કરવા શ્રેષ્ઠ કામગીરી વિકસાવવી, તેનું પરિક્ષણ કરવું અને તેનો પ્રચાર કરવો; અને
- જૈવવિવિધતાને થતાં નુકસાનને સરભર કરવા પર નીતિગત અને કોર્પોરેટ વિકાસમાં પ્રદાન કરવું, જેથી તેઓ સંરક્ષણ અને વ્યાપારી હેતુઓ પૂર્ણ કરે.

મહત્ત્વપૂર્ણ વ્યાપારી નિર્ણયોને સમર્થન આપવા, જૈવવિવિધતા ધરાવતા ચાવીરૂપ વિસ્તારો અને કાયદેસર સંરક્ષિત વિસ્તારો સહિત આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતાપ્રાપ્ત જૈવવિવિધતાની માહિતી માટે કેન્દ્રિય માહિતીનો ઉપયોગ કરવા અપ-ટૂ-ડેટ અને જૈવવિવિધતાની સચોટ માહિતી મેળવવા ધ ઇન્ટિગ્રેટેડ બાયોડાયવર્સિટી એસેસમેન્ટ ટૂલ (આઇબીએટી) ડિઝાઇન કરવામાં આવ્યું છે. આઇબીએટી એ બર્ડલાઇફ ઇન્ટરનેશનલ, કન્ઝર્વેશન ઇન્ટરનેશનલ અને યુનાઇટેડ નેશન્સ ઇન્વારયન્મેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી), વર્લ્ડ કન્ઝર્વેશન મોનિટરિંગ સેન્ટર (ડબલ્યુસીએમસી) વચ્ચેની ભાગીદારીનું પરિણામ છે.
ખનન, ઓઇલ અને ગેસ અને બેન્ક ક્ષેત્રોને સાંકળતી ધ ક્રોસ-સેક્ટર બાયોડાયવર્સિટી ઇનિશિયેટિવ (સીએસબીઆઈ) ફેબ્રુઆરી, 2013માં શરૂ કરવામાં આવી હતી. તેનો હેતુ વ્યવાહરિક જૈવવિવિધતાના જોખમનું વ્યવસ્થાન કરે તેવા સાધનોના અસરકારક ઉપયોગ માટે વ્યાવહારિક માર્ગો શોધવા અને વિકસાવવા તેમજ સારી કામગીરીનો પ્રસાર કરવાનો છે, જેનો સંદર્ભ જૈવવિવિધતા સંરક્ષણ પર ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 6માં છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભબિંદુ તરીકે જોવાવું જોઇએ.*

**સીઓપી 36 જૈવવિવિધતા**ના અમલને સહાય કરતી પ્રણાલીમાં નીચેની  બાબતો સમાવિષ્ટ હોવી જોઈએઃ

- ***વ્યવસ્થાપન જવાબદારીઃ*** ખનન સુવિધા ખાતે અસરની આકારણી, આયોજન અને કામગીરીમાં જૈવવિવિધતા વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા લાયક વ્યક્તિ(વ્યક્તિઓ)ની ઓળખ સામેલ હોવી જોઈએ.
- ***લેખિત નીતિ, યોજના અને કાર્યવાહીઓઃ*** કોર્પોરેટ/સાઇટ સ્થિરતા (કે સમકક્ષ) નીતિ અને દસ્તાવેજીકરણમાં જૈવવિવિધતા વ્યવસ્થાપનની સુનિશ્ચિતતા કરો. જૈવવિવિધતા સંરક્ષણ માટે હેતુઓ અને

લક્ષ્યાંકો કેવી રીતે હાંસલ કરી શકાશે તેના પર વિસ્તૃત વિગત પ્રદાન કરવા સાઇટ સ્તરે જૈવવિવિધતા કાર્યયોજનાનો અમલ કરવા વિચાર કરો.

- ***રેકોર્ડની જાળવણી અને રિપોર્ટિંગ:*** વ્યવસ્થાપન યોજનાઓ, પુનઃસ્થાપના સુનાવણી, સંશોધન પ્રોજેક્ટ્સ અને ખાણ સિવાયના પરિબળોને પ્રભાવિત કરી શકે તેવા સાઇટની આસપાસના વિસ્તારમાં જૈવવિવિધતામાં સામાન્ય ફેરફારોનું મૂલ્યાંકન કરવા જૈવવિવિધતામાં પરિવર્તનો પર નિરીક્ષણ જરૂરી છે.
- ***તાલીમ અને સંચાર:*** કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટર્સ વચ્ચે જૈવવિવિધતાની નીતિઓ, યોજનાઓ અને કાર્યવાહીઓની જાણકારી અને પૂરતી સક્ષમતા સુનિશ્ચિતતા કરવા યોગ્ય તાલીમ આપવી.

**સીઓપી 36 જૈવવિવિધતાનો** અમલ રિપોર્ટિંગ, કચરો અને ઉત્સર્જન, અસર આકારણી, ટેઇલિંગ અને વેસ્ટ રોક અને ખાણ પુનઃસ્થાપન અને બંધ કરવી પર સીઓઇપીની જોગવાઈઓને અનુરૂપ થવો જોઈએ.

- ***સીઓપી 36.1: વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ: ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો વિશ્વ સાંસ્કૃતિક વારસાના સ્થળો પર શોધ અથવા ખનન નહીં કરે અને એ સુનિશ્ચિત કરશે કે તેમની પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ રીતે વિશ્વ સાંસ્કૃતિક વારસાના સ્થળોને અડીને નકારાત્મક અસરો ઉભી ન કરે.***

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - યુનેસ્કોની વેબસાઇટમાં વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની યાદીમાં સામેલ સ્થળોની સંલગ્ન કોઈ કામગીરી કે આયોજિત પ્રવૃત્તિઓ ચાલુ છે કે નહીં તેની પુષ્ટિ કરવી. સંલગ્ન એટલે ખનનનું સરહદો, ખાણ પરિવહન માર્ગો, અથવા અપસ્ટ્રીમ જળમાર્ગો દ્વારા ભૌગોલિક રીતે જોડાણ.
  - સીઓપી 32માં નિર્ધારણ મુજબ, અસર આકારણી હાથ ધરાય તેવી ખાતરી કરો અને કામગીરીની નુકસાનકારક અસર વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ પર સીધી નહીં થાય તેવી સુનિશ્ચિતતા કરવા નિયંત્રણ સ્થાપિત કરવામાં આવે છે.
  - સભ્યોનું નીતિગત દસ્તાવેજીકરણ વર્લ્ડ હેરિટેજ સાઇટ્સમાં ઉત્ખન્ન અને વિકાસ પ્રતિબંધિત હોય તેની સુનિશ્ચિતતા કરવી.

- ***સીઓપી 36.2: સંરક્ષિત વિસ્તારો:*** *ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો કાયદેસર નિયુક્ત કરવામાં આવેલ રક્ષિત વિસ્તારોનું એ ખાતરી કરીને સન્માન કરશે કે:*

  ***a) સભ્યો કાયદેસર નિયુક્ત કરવામાં આવેલ રક્ષિત વિસ્તારોને ઓળખવાની પ્રક્રિયા ધરાવે છે.***

  ***b) સભ્યો આ વિસ્તારો માટે જવાબદાર કોઇ પણ નિયમો, કરારો કે વચનોનું પાલન કરે છે.***

  ***c) શોધ, વિકાસ, કામગીરી અને સમાપ્તિની પ્રવૃત્તિઓ સાથે આગળ વધવાના નિર્ણયોને કાયદેસર નિયુક્ત કરવામાં આવેલ રક્ષિત વિસ્તારોની હાજરીમાં, અને તેના પરની અસરો સાથે લેવામાં આવે.***

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - જેમ બને તેમ વહેલી તકે સંરક્ષિત વિસ્તારોની ઘટના કે ખામીને ઓળખવાની મેપિંગ કવાયત હાથ ધરો. આ કવાયત સક્ષમ અધિકારી દ્વારા હાથ ધરાવી જોઈએ.
  - સાઇટ કે તેની આસપાસનો વિસ્તાર સરકારે કે અન્ય હિસ્સેદારો દ્વારા જૈવવિવિધતાના સંરક્ષણની આવશ્યકતા તરીકે નિર્દિષ્ટ છે, પણ યોગ્ય રીતે સંરક્ષિત છે કે નહીં તેનો વિચાર કરો.
  - કોઈ પણ પ્રસ્તુત કાયદેસર સંરક્ષિત વિસ્તારોને લાગુ કાયદાકીય અને અન્ય જરૂરિયાતોનું રજિસ્ટર બનાવો. તેમાં આ જરૂરિયાતોની પૂર્તતા માટે જવાબદાર અધિકારીઓના નામ હોવા

જોઈએ. કાયદાકીય મર્યાદાઓના સંબંધમાં કોઈ શંકા હોય તો પર્યાવરણ સંરક્ષણ કાયદા લાગુ કરવા જોઈએ.

- મેનેજમેન્ટ આ જરૂરિયાતો વાકેફ છે તેની ખાતરી કરો અને તેમને ધ્યાનમાં લઈને ઉત્ખન્ન, વિકાસ, કામગીરી અને ક્લોઝર કામગીરી સાથે આગળ વધવા કોઈ પણ નિર્ણયો લો.

- *સીઓપી 36.3:મુખ્ય જૈવવિવિધતા વિસ્તારો: ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો તેમની કામગીરીઓ દ્વારા અસરગ્રસ્ત મુખ્ય જૈવવિવિધતા ધરાવતાં વિસ્તારોની ઓળખ સ્થાપિત કરશે અને :*

***a) જૈવવિવિધતા અને પારિસ્થિતિક સેવાઓ પર અસરોને ટાળવા, પુનર્વસન અથવા સરભર કરવા ઘટાડાની પ્રક્રિયાના ક્રમનો ઉપયોગ કરશે;***

***b) માપણી યોગ્ય જૈવવિવિધતા લાભોને વિતરિત કરવા કે જે ઓછામાં ઓછાં પ્રતિકૂળ અસરોનાં સ્તર સાથે અનુકૂળ હોય અને આદર્શ રીતે ચોખ્ખી હકારાત્મક અસરો ઉપલબ્ધ કરાવતી હોય, કાર્ય યોજનાઓનો અમલ કરશે;***

***c) જટિલ વસાહતોના વિસ્તારોમાં, સુનિશ્ચિત કરશે કે જેના માટે વસાહતને નિયુક્તિ આપવામાં આવી છે તેના માટેના માપદંડો પર કે તે માપદંડોને આધાર આપતી પારિસ્થિકતંત્રની પ્રક્રિયાઓ પર કોઈ પ્રતિકૂળ અસરો ન થાય.***

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- ઇન્ટિગ્રેટેડ બાયોડાયવર્સિટી એસેસમેન્ટ ટૂલ (આઇબીએટી)નો ઉપયોગ પ્રસ્તુત મુખ્ય જૈવવિવિધતા વિસ્તારોના સ્થળની ઓળખ કરવાની પ્રથમ પગલા તરીકે થઈ શકેછે.
- અસર આકારણી પ્રસ્તુત કેબીએ અને કોઈ પણ મહત્ત્વપૂર્ણ રહેણાકની અસરો તેમજ જોખમોની ઓળખ અને આકારણી કરવા વધુ વિસ્તૃત સંશોધન પ્રદાન કરવા જોઈએ. આ માટે મર્યાદિત જૈવવિવિધતા માહિતી સાથે વિસ્તારોમાં વ્યાપક ફિલ્ડવર્કની જરૂર પડી શકે છે.
- કેબીએના જોખમો અને અસરોનો વિચાર કરો ત્યારે શમન સ્તરીકરણને લાગુ નીતિઓ, યોજનાઓ, પ્રક્રિયાઓની સુનિશ્ચિતતા કરો.
- નુકસાનકારક અસરો સરભર કરવા કાર્યયોજનાઓનું દસ્તાવેજીકરણ જૈવવિવિધતાના ફાયદા રહેણાકના વિસ્તરણ અને જૈવવિવિધતાનું સંરક્ષણ અને જતન કરવા ઓન-સાઇટ કાર્યક્રમો મારફતે, અથવા, છેલ્લા ઉપાય તરીકે જૈવવિવિધતાની નુકસાનકારક અસર શક્ય તેટલી ઘટાડીને પહોંચાડવા જોઈએ. આ ફાયદા કમ-સે-કમ અસરના સ્તરને અનુરૂપ ડિઝાઇન કરેલા હોવા જોઈએ. કેટલીક કંપનીઓએ વ્યૂહરચનાઓ વિકસાવી છે, જેનો હેતુ આપણી કામગીરીની નકારાત્મક અસરો લઘુતમ કરીને અને તેઓ જે વિસ્તારોમાં કામ કરે છે તેના સંરક્ષણમાં યોગ્ય પ્રદાન કરીને જૈવવિવિધતા પર ચોખ્ખી હકારાત્મક અસર કરવાનો છે. જૈવવિવિધતના ફાયદા આ રીતે પણ પ્રદર્શિત કરી શકાય છેઃ
  - ખનન દ્વારા અસર અનુભવતી જાતિઓ માટેના વર્તમાન રહેણાકોની સ્થિતિમાં સુધારો કરવો કે નવા રહેણાકો ઊભા કરવા
  - જાતિઓ અને તેમના રહેણાકોના જોખમમાં ઘટાડો કરવો
  - જૈવસંરક્ષણના હેતુઓ માટે જાતિઓના ભવિષ્યને સુરક્ષિત કરી તેના કે તેના રહેણાકોના નુકસાને ટાળવું

- મહત્ત્વપૂર્ણ રહેણાકના ક્ષેત્રોના જોખમની સંપૂર્ણ આકારણી કરવા અને તેમને સંરક્ષિત કરવા પગલાં લેવા વિશેષ કાળજી રાખવી જોઈએ. જૈવવિવિધતાના જે મૂલ્યો માટે મહત્ત્વપૂર્ણ રહેણાકની નિર્દિષ્ટ કરવામાં આવ્યા હતા તેના પર કોઈ નુકસાનકારક અસરો નહીં થાય તેની ખાતરી નીતિઓ, કાર્યક્રમો અને કામગીરીમાંથી મળવી જોઈએ. જ્યાં આ જોગવાઈની જરૂરિયાત સ્વરૂપે કી બાયોડાયવર્સિટી એરિયાની ઓળખ અગાઉ ખનન ચાલતું હતું ત્યાં મહત્ત્વપૂર્ણ રહેણાકના જૈવવિવિધતાના મૂલ્યોને ખાસ પૂર્ણ કરવા જૈવવિવિધતા કાર્યયોજના વિકસાવવી જોઈએ.

- ***સીઓપી 36.4: લુપ્ત થવાનું જોખમ ધરાવતી જાતિઓ: ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો એ સુનિશ્ચિત કરવા માટે નિયંત્રણોનો અમલ કરશે કે તેમની કામગીરીઓ આયુસીએન દ્વારા લુપ્તતાના આરે થવાની તૈયારી માટેની બનાવવામાં આવેલ યાદીની પ્રજાતિઓના નોંધપાત્ર ઘટાડા તરફ ન લઈ જાય, અથવા તેમના અસ્તિત્વને આધારભૂત જટિલ વસાહતો પર પ્રતિકૂળ અસર ઉભી ન કરે.***

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - લુપ્તપ્રાય થવાનું જોખમ ધરાવતી જાતિઓ વિશે માહિતી પ્રદાન કરવા આઇયુસીએન જેવા સંરક્ષણ જૂથો દ્વારા જાળવવામાં આવતી માહિતીનો ઉપયોગ કરી શકાય છે.
  - લુપ્તપ્રાય થવાના આરે હોય તેવી જાતિઓની હાજરી અને આ જાતિઓ માટે કોઈ પણ ગંભીર રહેણાકની ઓળખ અસર આકારણી મારફતે થવી જોઈએ.
  - નીતિઓ, યોજનાઓ અને પ્રક્રિયાઓ ખાતરી આપવી જોઈએ કે કામગીરીથી જાતિઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નહીં થાય અથવા આ જાતિઓના અસ્તિત્વ માટે મહત્ત્વપૂર્ણ રહેણાક પર નુકસાનકારક અસર નહીં થાય.

- ***સીઓપી 36.5: રાષ્ટ્રીય સરકાર અધિકારક્ષેત્રોની બહાર દરિયાની નીચે ખનન પ્રવૃત્તિઓ:*** *ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો, જ્યારે દરિયાના ઉંડા વિસ્તારોમાં શોધ અથવા ખનન પ્રવૃત્તિઓ હાથ ધરી રહ્યાં હોય ત્યારે, તેઓ એ સુનિશ્ચિત કરશે કે તેમાં તેમની પ્રવૃત્તિઓ સંભવિત અસરોના પૂરતું વૈજ્ઞાનિક જ્ઞાન હોય, અને તે પ્રતિકૂળ અસરોને ઘટાડવા માટે નિયંત્રણોનો અમલ કરી શકાય.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - આ દરિયાઈ નિવસનતંત્રોમાં જૈવવિવિધતાના મૂલ્યોની ઓળખ અને દસ્તાવેજીકરણ અસર આકારણી મારફતે થવું જોઈએ. આ ઓળખ સક્ષમ અધિકારી દ્વારા થવી જોઈએ.
  - દરિયાઈ નિવસનતંત્રને કોઈ પણ અસરની તીવ્રતાની આકારણી થવી જોઈએ અને ઊંડા સમુદ્રમાં ખનનમાં આગળ વધવાનો નિર્ણય લેતા અગાઉ મેનેજમેન્ટને પરિણામોની જાણકારી આપવી જોઈએ. મેનેજમેન્ટના નિર્ણયોનું દસ્તાવેજીકરણ થવું જોઈએ.
  - જૈવવિવિધતાની બાકી અસરોને ઘટાડવા ડિઝાઇન અને અમલીકરણ નિયંત્રણોની પસંદગી શમન સ્તરીકરણને સુસંગત હોવી જોઈએ.
  - ઊંડા સમુદ્રની નિવસનતંત્રો પર સંભવિત અસરના જૈવવિવિધતા મૂલ્યોમાં વૈજ્ઞાનિક અનિશ્ચિતતાના સંજોગો સંકળાયેલા હોય અને ગંભીર અને સુધારી ન શકાય તેવું નુકસાન થવાનું જોખમ હોય ત્યાં સાવચેતીનો સિદ્ધાંત લાગુ થવો જોઈએ.

**તપાસો:**

- ✓ તમારે ત્યાં વર્લ્ડ હેરિટેજ સાઇટ્સમાં ઉત્ખનન કે વિકાસ પર પ્રતિબંધ મૂકતી નીતિ અમલમાં છે?
- ✓ યુનેસ્કોની વેબસાઇટ પર મૂકેલી વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની યાદીમાં સામેલ કોઈ સાઇટની નજીક કામગીરી ચાલુ છે કે કામગીરીનું આયોજન થયું છે કે નહીં તેની તમે પુષ્ટિ કરો છો? જો હા, વર્લ્ડ હેરિટેજ સાઇટ પર સીધી નુકસાનકારક અસર ન થાય તેવી સુનિશ્ચિતતા કરવા કયા પગલાં લેવામાં આવ્યા છે?
- ✓ તમે નજીકના કાયદેસર નિર્દિષ્ટ સંરક્ષિત ક્ષેત્રોની ઓળખ ધરાવો છો?
- ✓ કોઈ પ્રસ્તુત કાયદેસર સંરક્ષિત ક્ષેત્રોને લાગુ તમામ કાયદેસર અને અન્ય જરૂરિયાતોથી તમે વાકેફ છો?
- ✓ ખાણની નવી કામગીરી માટે નિર્ણય લેવાની પ્રક્રિયાઓમાં તમે કાયદેસર નિર્દિષ્ટ સંરક્ષિત ક્ષેત્રો અને તેના પર અસરને ધ્યાનમાં લીધી છે?
- ✓ તમારી કામગીરી દ્વારા અસર પામતા મુખ્ય જીવવિવિધતા વિસ્તારોની તમે ઓળખ કરી છે ?
- ✓ તમારી નીતિઓ અને પ્રક્રિયાઓ જૈવવિવિધતા અને ઇકોસિસ્ટમ સેવાઓ પર નુકસાનકારક અસર સરભર કરવા મિટિગેશન હાઇઆર્કી લાગુ કરે છે?
- ✓ નુકસાનકારક અસરના સ્તર સાથે કમ-સે-કમ સુસંગત હોય તેવા જૈવવિવિધતાના ફાયદા પ્રદાન કરવા યોજનાઓ બનાવવામાં આવી છે?
- ✓ તમે મહત્ત્વપૂર્ણ નિવાસ કે રહેણાકની ઓળખ ધરાવો છો, અને જે માપદંડોને ધ્યાનમાં રાખીને રહેણાક નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું તેના પર કોઈ નુકસાનકારક અસરો ન થાય તેવી ખાતરી તમારી નીતિઓ અને કામગીરી આપે છે?
- ✓ તમારી અસર આકારણીઓ કોઈ લુપ્તપ્રાય થવાના આરે હોય તેવી કોઈ પ્રજાતિઓની ઓળખ ધરાવે છે અને જો આપે તો તમારી કામગીરી આ પ્રજાતિઓના નોંધપાત્ર ઘટાડા તરફ નહીં દોરી જાય તેવી સુનિશ્ચિતતા કરવા નિયંત્રણો સ્થાપિત કરવામાં આવ્યાં છે?
- ✓ રાષ્ટ્રીય સરકારના અધિકારક્ષેત્રોની બહારના ઊંડા દરિયાના વિસ્તારોમાં કોઈ પણ ખાણકામ હાથ ધરવા માટે, તમારી અસર આકારણીઓ જૈવવિવિધતાના મૂલ્યોની ઓળખ ધરાવે છે અને કોઈ પણ નુકસાનકારક અસરો ઘટાડવા નિયંત્રણો મૂકે છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો પર જૈવવિવિધતાને લગતી વધારાની માહિતી ઉપલબ્ધ છે:

આર્ટિસનલ એન્ડ સ્મોલ-સ્કેલ માઇનિંગ ઇન પ્રોટેક્ટેડ એરિયાઝ એન્ડ ક્રિટીકલ ઇકોસિસ્ટમ્સ પ્રોગ્રામ (એએસએમ-પીએસીઈ):

www.asm-pace.org

- બિઝનેસ એન્ડ બાયોડાયવર્સિટી ઓફસેટ પ્રોગ્રામ

  bbop.forest-trends.org/
- કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયન એનવાયર્નમેન્ટલ ઓફસેટ પોલીસી (2012)

  www.environment.gov.au/epbc/publications/pubs/offsets-policy.pdf
- કન્વેન્શન ફોર બાયોલોજિકલ ડાયવર્સિટી

  www.cbd.int/
- કન્વેન્શન ઓન વેટલેન્ડ્સ ઓફ ઇન્ટરનેશનલ ઇમ્પોર્ટન્સ- રામસર કન્વેન્શન

  www.ramsar.org
- ગ્લોબલ બાયોડાયવર્સિટી ઇન્ફર્મેશન ફેસિલિટી (જીબીઆઇએફ)

www.gbif.org/

- હાઇ કન્ઝર્વેશન વેલ્યૂ (એચસીવી) રિસોર્સ નેટવર્ક

  www.hcvnetwork.org

- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – પોઝિશન સ્ટેટમેન્ટ: માઇનિંગ એન્ડ પ્રોટેક્ટેડ એરિયાઝ (2003)

  www.icmm.com/document/43

- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – બાયોડાયવર્સિટી ઓફસેટ: એ બ્રીફિંગ પેપર ફોર ધ માઇનિંગ ઇન્ડસ્ટ્રી (2005)

  www.icmm.com/document/25

- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – ગૂડ પ્રેક્ટિસ ગાઇડન્સ ફોર માઇનિંગ એન્ડ બાયોડાયવર્સિટી (2006)

  www.icmm.com/page/1182/good-practice-guidance-for-mining-and-biodiversity

- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – પ્લાનિંગ ફોર ઇન્ટિગ્રેટેડ માઇન ક્લોઝરઃ ટૂલકિટ (2008)

  www.icmm.com/page/9566/icmm-publishes-closure-toolkit

- ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઇનિંગ એન્ડ મેટલ્સ (આઇસીએમએમ) – માઇનિંગ એન્ડ બાયોડાયવર્સિટીઃ એ કલેક્શન ઓફ કેસ સ્ટડીઝ (2010)

  www.icmm.com/biodiversity-case-studies

- આઇસીએમએમ એન્ડ આઇયુસીએન – ઇનડિપેન્ડન્ટ રિપોર્ટ ઓન બાયોડાયવર્સિટી ઓફસેટ (2012)

  www.icmm.com/news/icmm-and-iucn-release-report-on-biodiversity-offsets

- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 6 – બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન સસ્ટેનેબલ મેનેજમેન્ટ ઓફ લિવિંગ નેચરલ રિસોર્સિસ (2012)

  www1.ifc.org/wps/wcm/connect/bff0a28049a790d6b835faa8c6a8312a/PS6_English_2012.pdf?MOD=AJPERES

- ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇએફસી) ગાઇડન્સ નોટ 6 – બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન એન્ડ સસ્ટેનેબલ મેનેજમેન્ટ ઓફ લિવિંગ નેચરલ રિસોર્સિસ (2012)

  www1.ifc.org/wps/wcm/connect/a359a380498007e9a1b7f3336b93d75f/Updated_GN6-2012.pdf?MOD=AJPERES

- ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઇયુસીએન) – આઇડેન્ટિફિકેશન એન્ડ ગેપ એનાલિસિસ ઓફ કી બાયોડાયવર્સિટી એરિયાઝ (2007)

  data.iucn.org/dbtw-wpd/edocs/PAG-015.pdf

- ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઇયુસીએન) – ગાઇડલાઇન્સ ફોર એપ્લાયિંગ પ્રોટેક્ટેડ એરિયા કેટેગરીઝ (2008)

  data.iucn.org/dbtw-wpd/edocs/PAPS-016.pdf

- આઇયુસીએન રેડ લિસ્ટ ઓફ થ્રેટન્ડ સ્પાઇસિસ (2012)

  www.iucnredlist.org/

- આઈયુસીએન – રિયો ટિન્ટો રિલેશનશિપ

www.iucn.org/about/work/programmes/business/bbp_work/by_engagement/rio_tinto/

- આઇયુસીએન – આઇસીએમએમ ડાયલોગ

  www.icmm.com/page/84049/about-us/who-we-work-with/articles/iucn-icmm-dialogue

- માઇનિંગ એસોસિયેશન ઓફ કેનેડા (એમએસી) – માઇનિંગ એન્ડ બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન (2007)

  www.mining.ca/www/media_lib/TSM_Documents/Biodiversity_Framework_EF_0729207.pdf

- પ્રોસ્પેક્ટર્સ એન્ડ ડેવલપર્સ એસોસિયેશન ઓફ કેનેડા (પીડીએસી) - e3 પ્લસ – એ ફ્રેમવર્ક ફોર રીસ્પોન્સિબલ એક્સપ્લોરેશન

  www.pdac.ca/e3plus/toolkits

- સોસાયટી ફોર ઇકોલોજિકલ રિસ્ટોરેશન ઇન્ટરનેશનલ (એસઇઆર)

  www.ser.org

- ઇન્ટિગ્રેટેડ બાયોડાયવર્સિટી એસેસમેન્ટ ટૂલ (આઇબીએટી) – ફોર બિઝનેસ

  www.ibatforbusiness.org/login

- યુનાઇટેડ નેશન્સ એનવાયર્નમેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) વર્લ્ડ કન્ઝર્વેશન મોનિટરિંગ સેન્ટર (ડબલ્યુસીએમસી)

  www.unep-wcmc.org/

- યુનેસ્કો/વર્લ્ડ હેરિટેજ કન્વેન્શન – વર્લ્ડ હેરિટેજ લિસ્ટ (2012)

  whc.unesco.org/en/list

- યુનાઇટેડ નેશન્સ એનવાયર્નમેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) વર્લ્ડ કન્ઝર્વેશન મોનિટરિંગ સેન્ટર (ડબલ્યુસીએમસી) – વર્લ્ડ ડેટાબેઝ ઓન પ્રોટેક્ટેડ એરિયાઝ

  www.wdpa.org/

- યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લૉ ઓફ ધ સી

  www.un.org/depts/los/convention_agreements/convention_overview_convention.htm

- યુનિવર્સિટી ઓફ ક્વિન્સલેન્ડ (ઓસ્ટ્રેલિયા)– સેન્ટર ફોર માઇન્ડ લેન્ડ રિહેબિલિટેશન

  www.cmlr.uq.edu.au

- વર્લ્ડ હેરિટેજ કમિટી – ઓપરેશનલ ગાઇડલાઇન્સ ફોર ઇમ્પ્લિમેન્ટેશન ઓફ ધ વર્લ્ડ હેરિટેજ કન્વેન્શન (2012)

  http://whc.unesco.org/en/guidelines/

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 37) છેલ્લે રહેલા અવશેષો (ટેઇલિંગ્સ) અને નકામા/ભંગાર ખડક

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

ખાણનો ભંગાર એટલે કે ઓરનું ઉત્ખનન, ધાતુશોધન અને પ્રક્રિયા કરતા
જે પેદા થાય છે તે ભંગાર.. ભંગાર ખડક અને વધુ પડતો બોજ એવી ચીજવસ્તુઓ છે કે જેને ઓરમાં પ્રવેશ મેળવવા માટે દૂર કરવામાં આવે છે. **ટેઇલિંગ્સ**માં મેદાનના ખડક અને ઓરની પ્રક્રિયા દરમિયાનમાં પેદા થતા ગંદા પાણીનો સમાવેશ કરે છે.

*સ્ત્રોત:*

- *ટેઇલિંગ્સ શું છે?*
  www.tailings.info/tailings.htm

સીઓપીનો **ટેઇલિંગ્સ અને નકામા ખડક** વિભાગ દરેક ટેઇલિંગ્સ અને ખાણ ક્ષેત્રમાં સભ્યો દ્વારા પેદા કરવામાં આવેલા નકામા ખડકને લાગુ પડે છે. ટેઇલિંગ્સ અને નકામા ખડક જોગવાઇઓ જોખમકારક પદાર્થો અને અસર આકારણી પરની સીઓપીની જોગવાઇઓના સંદર્ભમાં લાગુ પાડવી જોઇએ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

ટેઇલિંગ્સ અને નકામા ખડક એકમો અનેક ખાણ પ્રવૃત્તિઓનો આંતરિક ભાગ છે અને પર્યાવરણીય દેખાવમાં સુધારાઓ હાંસલ કરવા માટે ખાણ ઉદ્યોગના અનેક પડકારોમાંનો એક છે. હીરો, સોનુ અને પ્લેટીનમ જૂથની ધાતુની ખાણ કામગીરીઓમાં વિવિધ પર્યાવરણમાં વિવિધ પ્રકારની ખાણની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે, જેમાં આ મહાકાય જથ્થાના ખાણ ભંગાર તરફના ચોક્કસ અભિગમની જરૂર છે.

ખાણમાંથી જ્યારે એક જથ્થામાં ઓરની પ્રક્રિયા કરવામાં આવે છે અથવા સ્ક્રીનીંગ, પિલાણ અથવા ચૂરો અને કેન્દ્રિત કરવા જેવી ભૌતિક કામગીરીઓ દ્વારા અથવા રસાયણો, ગરમી અને ગાળણને સમાવતી પદ્ધતિઓ દ્વારા ટેઇલિંગ્સનું સર્જન થાય છે. ટેઇલિંગ્સ વ્યવસ્થાપનની મૂળભૂત જરૂરિયાત ટેઇલિંગ્સના સુરક્ષિત, સ્થિર અને કરકસરયુક્ત સંગ્રહ પૂરો પાડવાની છે, જેથી માનવીઓના આરોગ્ય અને પર્યાવરણનું રક્ષણ કરી શકાય.

નકામા ખડક પણ ખાણનો અવશેષ છે જેમાં ખાસ કરીને વધુ પડતા બોજ અને ઓરના બંધારણમાં દાખલ થવા માટે દૂર કરાયેલ સામગ્રીનો સમાવેશ થાય છે. નકામા ખડકમાં ઓરના અત્યંત નીચા સ્તરનો પણ સમાવેશ થઇ શકે છે, પરંતુ એવા સ્તરે નફાકારક રીતે પ્રક્રિયા હાથ ધરી શકાતી નથી. નકામા ખડક વ્યવસ્થાપનમાં મૂળભૂત રીતે તેને દૂર કરવાનું અને સંગ્રહનો સમાવેશ થાય છે, જે શક્યતઃ હંગામી સમય માટે અથવા લાંબા ગાળા માટે હોઇ શકે છે.

કેટલાક ખાણના ટેઇલિંગસ અને નકામા ખડક જોખમો વ્યક્ત આપતા નથી અને તેથી તેમાં ખાસ સારવાર, નિયંત્રણોનો પુનઃઉપયોગ અથવા જિયોકેમિકલ દેખરેખની જરૂર નથી. આ પ્રકારના ભંગારનો લેન્ડફોર્મ પુનઃબાંધકામ, માર્ગ અને ડેમના બાંધકામ માટે ઉપયોગ થઇ શકે છે અને તે કદાચ વનસ્પતિ સૃષ્ટિના આવરણ માટેના ખડકના સ્તર અને ખાણ બંધ થવાના કિસ્સામાં સમાન પ્રકારના પુનઃવસન પગલાંઓ માટે અનુકૂળ છે. આમ છતાં કેટલાક પ્રકારના ખાણ ટેઇલિંગ્સ અને નકામા ખડક સમાવેશીતા અથવા નુકસાનકારક પદાર્થોના પેદા થવામાં પરિણમી શકે છે અને તેમાં દેખરેખ, સારવાર અને સુરક્ષિત નિકાલની જરૂર હોય છે.

ટેઇલિંગ્સ અને નકામા ખડકના વ્યવસ્થાપનમાંથી મુખ્ય ત્રણ પ્રકારની અસરો પરિણમી શકે છે:

- પર્યાવરણીય અને સામજિક અસરોને સ્થળ પસંદગી નોંધપાત્ર રીતે બદલી શકે છે. પ્રારંભિક પગલાંની રચના દૂર કરી ન શકાય તેવી અસરો ધરાવે છે અને આમ કામગીરીયુક્ત અસરો, પુનઃવસન ખર્ચાઓ અને બંધ થયા પછીની જવાબદારી પર અત્યંત ઊંડી અસર સાથે સ્થળ પસંદગી ડિઝાઇન પરિબળ છે.
- ટેઇલિંગ્સ અને ભંગાર ખડકમાં ડ્રેઇન પરના શરાબ, એસિડ પેદા કરતા સંયોજનો અને/અથવા મોબાઇલ ધાતુ પ્રદૂષિતતાઓનો સમાવેશ કરી શકે છે અને તે ભૂજળમાં નીતરી શકે છે અથવા સપાટી પરના ઝરણાઓમાં જૈવિક અસરો સાથે દેખાઇ શકે છે.
- જિયોટેકનિકલ નિષ્ફળતા, કે જે ભાગ્યે જ થાય છે તે ખતરનાક અસરો ધરાવી શકે છે. સારી ડિઝાઇન અને બાંધકામની સાથે વ્યવસ્થાપન  દેખરેખની પદ્ધતિઓ થતા અકસ્માતોની સંભવ્યતાને લઘુત્તમ કરશે.

ટેઇલિંગ્સ અને નકામા ખડકનું તેમના ભૌતિક અને રાસાયણિક સ્વભાવ, સ્થળની સ્થાનિક ભૂગોળ, આબોહવાની સ્થિતિ, રાષ્ટ્રીય નિયમન અને સામાજિક આર્થિક સંદર્ભ કે જેમાં ખાણની કામગીરીઓ અને પ્રોસેસીંગ પ્લાન્ટસ સ્થિત છે તેના આધારે અનેક રીતે વ્યવસ્થાપન કરી શકાય છે.

ખાણ ઉદ્યોગ દ્વારા ઉપયોગમાં લેવાતી ટેઇલિંગ્સ સંગ્રહ અને નિકાલની પદ્ધતિઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- **ધરતી પરનો સંગ્રહ** એ ઉપયોગમાં લેવાતી સર્વસમાન્ય પદ્ધતિ છે. તેના મુખ્ય પ્રકારો છે:
    - કાયદેસર જાપ્તામાં સંગ્રહ: ટેઇલિંગ્સનો સ્લરી તરીકે કાયદેસરના જાપ્તાવાળા માળખામાં નિકાલ કરવામાં આવે છે અને એક તળાવમાંથી બીજામાં, ઉપરની અને જમીનની અંદરની ગટરો દ્વારા વધારાનું પાણી દૂર કરવામાં આવે છે. કાયદેસરના જાપ્તાવાળા સંગ્રહોમાં સુદ્રઢ પૃથ્વી પરના ડેમ, કુદરતી સ્થાનિક ભૂગોળ ડિપ્રેશન અથવા ખાઇ અથવા ખાણ ખાડાઓનો સમાવેશ થઇ શકે છે.
    - સૂકો ઢગલો: ટેઇલિંગ્સને વેક્યુમ અથવા પ્રેશર ફિલ્ટર દ્વારા પાણીમુક્ત કરવામાં આવે છે જેથી તેને ઘન અને સ્થિર માળખામાં ઢગલામાં રાખી શકાય.
    - ત્યજી દીધેલી ખાણોમાં સંગ્રહ: આ અભિગમમાં કેટલીકવાર કુલ ભંગાર અને સિમેન્ટના ઉમેરણથી ટેઇલિંગ્સને જાડા કરવાનો સમાવેશ થાય છે,  જેથી જમીનની અંદર આવેલા શૂન્યવકાશ અથવા ખાલી ખાડાઓને પુનઃભરવા માટે પેસ્ટ જેવી પેદાશનું સર્જન કરી શકાય.
    - ટેઇલિંગ્સ ડેમનું સર્જન: સમાન પેસ્ટ જેવી પેદાશનો જમીનની અંદર રહેલી ખાણો અથવા ખુલ્લા ખાડાઓને પુનઃ ભરવામાં માટે ઉપયોગ થાય છે, તેનો નવા બાંધકામ અથવા ટેઇલિંગ્સ ડેમના આયુષ્યમાં વધારો કરવા માટે પણ ઉપયોગ થઇ શકે છે.

- <u>કાયમી ખડકલાના પેડ્ઝ અને ખડકલા ગાળણ સ્પોઇલ્સ:</u> પિંડ ઓરનો રચાયેલ જથ્થો ગાળણના હેતુ માટે ઓરમાંથી સોલ્વન્ટ પસાર કરીને તૈયાર કરવામાં આવે છે. ત્યાર બાદ જથ્થાને એક રેખામાં સોલ્યુશન એકત્રીકરણમાં અને સમાવેશીતા પેડમાં મુકવામાં આવે છે.

- **પેટા-જલીય સંગ્રહ:** એવા દેશો જેમ કે કેનેડા અને નોર્વેમાં તળીયે બેઠેલો ઘન પદાર્થ વરાળથી વધી જાય છે, ત્યારે પાણી જાળવી રાકતા ડેમ અને અન્ય માર્ગે વાળવાના માળખાઓનું પ્રવર્તમાન જળાશયોની આસપાસ સર્જન કરી શકાય છે, જેથી ટેઇલિંગ્સને પાણીની સપાટી નીચે મુકી શકાય. આ પદ્ધતિનો સલ્ફીડિક ટેઇલિંગ્સ અને સંબંધિત એસિડ ગટરનો ઓક્સીડેશનને રોકવા માટે ઉપયોગ કરી શકાય છે.
- **સબમરીન ટેઇલિંગ્સ નિકાલ**નો કેટલીકવાર અત્યંત સ્થળ આધારિત પરિસ્થિતિઓમાં ઉપયોગ કરવામાં આવે છે, ઉદાહરણ તરીકે જ્યાં જમીન આધારિત નિકાલ ઊંચી જૈવ વૈવિધ્યતા, આર્થિક અથવા સાંસ્કૃતિક મુલ્ય સાથેની જમીનને આવરી લેતો હોય, ઊંચા એસિડ ખડક ગટર જોખમ અને/અથવા જ્યાં વિષમ સ્થાનિક ભૂગોળ હોય, વધુ પ્રમાણમાં વરસદ હોય અને ભૂકંપનું ઊંચુ પ્રમાણ હોય તેવી સામગ્રીઓ પરંપરાગત ટેઇલિંગ્સ ડેમ નિષ્ફળતાને નોધપાત્ર જોખમ બનાવશે. **ઊંડા સબમરીન ટેઇલિંગ્સ નિકાલમાં** ખાસ કરીને ચોક્કસ પ્રકારના સ્ત્રાવ પ્રમાણ, ગેસ કે વાયુ દૂર કરવાનું અને દરિયાઇપાણી સાથે સંયોજન કરતા (વિપુલતા ઘટાડવા માટે)ને હાંસલ કરવા માટે સારવાર કરતા ટેઇલિંગ્સનો સમાવેશ કરે છે અને ત્યાર બાદ સપાટી થર્મોક્લાઇન અને યુફોટીક ઝોનની હેઠળ, દરિયાઇ સપાટી પર સ્ત્રાવ કરતા પહેલા મિશ્રીત પાઇપ મારફતે ટેઇલિંગ્સનું પંપીગ કરતા 'ડેન્સિટી કરંટ'ની રચના કરે છે જે મહાસાગરની ઊંડાઇઓ હેઠળ ડૂબી જાય છે. આમ છતાં, **છીછરા ટેઇલિંગ્સ નિકાલને** રાસાયણિક પ્રતિભાવદર્શક ટેઇલિંગ્સ માટે સારો વ્યવહાર હોવાનું ગણાતો નથી, જે માનવીના આરોગ્ય અથવા છીછરા સામુદ્રીક પર્યાવરણ સામે જોખમ ઊભુ કરી શકે છે.
- **સમુદ્રી સપાટી પરના ટેઇલિંગ્સના નિકાલ**નો ઉપયોગ જહાજ અવા પ્લેટફોર્મમાંથી સામુદ્રીક ખનન માટે થાય છે અને તેમાં નિષ્ક્રિય ટેઇલિંગ્સના સ્ત્રાવ, દરિયાઇ પાણીથી મિશ્રીત અને સીધા ઓવરબોર્ડ પર છૂટી પાડેલ સમૂદ્રતલ સામગ્રીનો સમાવેશ કરે છે.
- **નદીના ટેઇલિંગ્સનો નિકાલ**: આમાં સક્રિય નદીઓ ટેઇલિંગ્સ બહાર કાઢે તેના ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે. આ વ્યવહાર સર્વસમાન્ય નથી અને તેને સારો વ્યવહાર માનવામાં આવતો નથી. તેનો હાલમાં ન્યુ જિનીવા અને ઇન્ડોનેશિય કે જ્યાં ઊંચા પ્રમાણમાં વરસાદ આવે છે, પર્વતીય પ્રદેશો છે અને ભૂકંપીય પ્રવૃત્તિએ અન્ય સ્ટોરેજ અને નિકાલ વિકલ્પોની શક્યતાને જાકારો આપ્યો છે તેમાં ફક્ત ત્રણ સાઇટો પર જ ઉપયોગ કરવામાં આવે છે.

ખાણ પ્રવૃત્તિ જે સમાજને ફાયદો અપાવી શકે અને અસરોનું ખર્ચ તે પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ હોય તેની વચ્ચેના સંમતિપૂર્વકના વિનીમયને સંબંધિત ચર્ચામાં ટેઇલિંગ્સ નિકાલ મોખરે છે. ટેઇલિંગ્સ વ્યવસ્થાપન પરના નિર્ણયો સુધી સર્વસામાન્ય રીતે સંમતિ પૂર્વે હાથ ધરવામાં આવે છે પર્યાવરણીય અને સામાજિક અસર આકારણી વિકાસ મારફતે પહોંચી શકાય છે. ઇએસઆઇએ સામાન્ય રીતે પદ્ધતિઓ અને મહત્ત્વના મુદ્દાઓ, નિયમનકારી માળખુ, સંપર્કક્રિયા પ્રક્રિયા, સામાજિક અને પર્યાવરણીય પાયારેખા, વિકલ્પોની વિચારણા, આગાહી અને નોધપાત્ર સામાજિક અને પર્યાવરણીય અસરોના મુલ્યાંકન, શમન અથવા સરભરના પગલાંઓ તેમજ પર્યાવરણીય અને સામાજિક વ્યવસ્થાપન અને દેખરેખ યોજનાઓ સમાવેશ કરે છે.

નકામા ખડકનું વ્યવસ્થાપન ઘણી વખત તેને રચાયેલા ઢગલા અથવા ટેકરીના સ્થળે નાખવાથી થાય છે. તેની ભૌતિક લાક્ષણિકતાઓને આધારે નકામા ખડકનો માર્ગ આધારિત એકત્રીકરણ, ફૂટીંગ્સ અથવા પુનઃજમીનમાં રૂપાંતરણ માટે ઉપયોગ થઇ શકે છે.

ટેઇલિંગ્સ અને નકામા ખડકના સંગ્રહ તરફનો લાંબા ગાળાનો અભિગમ આવશ્યક છે અને તેમાં નીચેની બાબતોને ધ્યાનમાં લેવી જોઇએ:

- નિયમનો સાથે અનુકરણ.
- ખર્ચ-લાભ પૃથ્થકરણ કે જે પર્યાવરણીય દેખાવનું કારણ બનતું હોય.
- સાઇટના સ્થળની સારી સમજણ.
- ટેઇલિંગ્સ અને નકામા ખડક સંગ્રહ એકમોના નિષ્ફળ અથવા નબળા દેખાવના ઊંડા નકારાત્મક સામાજિક, પર્યાવરણીય અને આર્થિક પરિણામો.
- છોડો અને પ્રાણીઓમાં ધાતુઓના જૈવિક-ઉમેરા સહિતની સંચિત અને લાંબા ગાળાની અસરો, જમીન અને ભૂજળની ભ્રષ્ટતા અને માનવ આરોગ્ય અસરો.
- જાણ કરાઇ હોય તેવા ટેઇલિંગ્સ અને નકામા ખડક નિષ્ફળતાના બનાવો તીવ્ર વાતાવરણ ઘટનાઓ, ભૂકંપીય પ્રવૃત્તિ, અને/અથવા સલામત કામગીરીઓને નિયંત્રિત કરતા લક્ષણોની સમજણનો સામાન્ય અભાવ.
- જ્યાં ટેઇલિંગ્સ અને નકામા ખડક સંગ્રહ એકમોની રચના અને વ્યવસ્થાપનમાં વૈજ્ઞાનિક અનિશ્ચિતતા અને ગંભીર અને અપરિવર્તનીય નુકસાનની ધમકી હોય ત્યાં અગમચેતીનો સિદ્ધાંત લાગુ પાડવો જોઇએ.
- વહેલાસર અને આગળ ધપી રહેલી સંપર્કક્રિયા, માહિતી વહેંચણી અને હિસ્સેદારો સાથે વાટાઘાટ આવશ્યક છે.

## C. મુખ્ય નિયમનો અને પહેલ

### *આંતરરાષ્ટ્રીય*

વિશાળ ડેમ પરનું આંતરરાષ્ટ્રીય પંચ (આઇસીઓએલડી) એ આંતરરાષ્ટ્રીય બિન સરકારી સંસ્થા છે જે ડેમ એન્જિનીયરીંગની જાણકારી અને અનુભવના વિનીમય  માટેનું મંચ પૂરું પાડે છે. આઇસીઓએલડી ડેમને સુરક્ષિત રીતે, કરકસરતાપૂર્ણ અને પર્યાવરણ પર નુકસાનકારક અસર વિના બાંધવામાં આવે તેની ખાતરી કરીને વ્યવસાયનું નેત્તૃત્વ કરે છે. ટેઇલિંગ્સ ડેમ સહિત વિશાળ ડેમ ડિઝાઇનરો, માલિકો અને ઓપરેટરોને વિસ્તરિત માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

માઇનીંગ અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ), યુએનઇપી અને યુએનસીટીએડીની ભાગીદારીમાં 'ખાણમાં સારો વ્યવહાર' સ્ત્રોતની વેબસાઇટનું યજમાનપદ કરે છે.

### *રાષ્ટ્રીય*

પ્રત્યેક અધિકારક્ષેત્ર ટેઇલિંગ્સ સંગ્રહ અને સંગ્રહ એકમો, પરવાના આપવા, દેખરેખ, અહેવાલ અને અંતની સંભાળ રાખે છે તેવી અન્ય નકામી ખાણોના વ્યવસ્થાપન અંગે પોતાના કાયદા/અથવા નિયમનકારી માળખું ધરાવે છે. સભ્યોએ લાગુ પડતા કાયદાનું અનુપાલન કરવું આવશ્યક છે.

કેનાડાના માઇનીંગ એસોસિયેશન (એમએસી) “ટકાઉ ખાણકાર્ય તરફ” પહેલમાં ટેઇલિંગ્સ વ્યવસ્થાપન માટે દેખાવ પરિબળોનો સમાવેશ થાય છે. એમએસી “ટેઇલિંસ એકમોના વ્યવસ્થાપનનું માર્ગદર્શન” સાતે વ્યવસ્થાપન વ્યવહારના અનુપાલનનું મુલ્યાંકન કરવા માટે સ્વ આકારણી અને ચકાસણી શિષ્ટાચાર વિકસાવવામાં આવ્યો છે. કેનેડીયન સંદર્ભ માટે જ્યારે વિકસાવવામાં આવ્યો હતો ત્યારે આ સંશાધનો અસરકારક ટેઇલિંગ્સ વ્યવસ્થાપન માટે ખાણોને મદદ કરી શકે છે.

કેનેડામાં માઇન એન્વાયર્નમેન્ટ ન્યૂટ્રલ ડ્રેનેજ (એમઇએનડી) કાર્યક્રમ એસિડ ખડક ગટરને રોકવા અને અંકુશ કરવા માટે વિકસાવવા અને નવી ટેકનોલોજીઓ લાગુ પાડવા માટે અમલી બનાવવામાં આવ્યો હતો. એસિડ ખડક ગટર અને ધાતુ નીતરણ પર ધ્યાન આપવા માટે કેનેડાએ સંશોધન કાર્યક્રમની આગેવાની લીધી હતી, જેનો આદેશ ઉદ્યોગની સમિતિ, સરકાર અને એનજીઓના પ્રતિનિધિ દ્વારા આપવામાં આવ્યો હતો.

એમઇએનડી એ એસિડ ખડક ગટર સંશોધન માટેનું વૈશ્વિક જોડાણ છે, જેમાં એસિડ અવરોધન માટેના આંતરરાષ્ટ્રીય નેટવર્ક (આઇએનએપી), યુએસ એસિડ ગટર ટેકનોલોજી પહેલ, દક્ષિણ આફ્રિકન જળ સંશોધન પંચ અને યુરોપમાં એસિડ ગટર ઉપાયાત્મક માટેની ભાગીદારીનો પણ સમાવેશ થાય છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

ખાણ સવલતો ધરાવતા સભ્યોએ ટેઇલિંગ્સ અને નકામા ખડક વ્યવસ્થાપન માટે યોજના અથવા વ્યવસ્થા અસ્તિત્વમાં હોય. માર્ગદર્શક સિદ્ધાંત કામગીરીયુક્ત, સુરક્ષા અને પર્યાવરણીય દેખાવમાં સામયિક ધોરણે સમીક્ષા અને મુલ્યાંકનના સમર્થન સાથે સતત સુધારાલક્ષી હોવા જોઇએ અને હિસ્સેદારો સાથે ટેઇલિંગ્સ અને નકામા ખડક વ્યવસ્થાપન પર વહેલાસર અને આગળ ધપતી સંપર્કપ્રક્રિયા, માહિતી વહેંચણી અને વાટાઘાટ પણ થવી જોઇએ.

નીચેના માટે દસ્તાવેજી પ્રક્રિયાઓ સ્થાપિત કરવી જોઇએ:

- ટેઇલિંગ્સ અને નકામા ખડક માટેની સામગ્રીનું સંચાલન, સમાવેશીતા અને અંકુશની પ્રક્રિયાઓ;
- ટેઇલિંગ્સ અને નકામા ખડક સંગ્રહ એકમોના સ્થળ, ડિઝાઇન, કામગીરી, જાળવણી અને અંત, જેથી માળખાઓ સ્થિર હોય, જળની ગુણવત્તાનું રક્ષણ થાય અને તેમાં રહેલી સામગ્રીની વ્યવસ્થા અને નિયમનકારી જરૂરિયાતો સાથે અનુપાલન કરવામાં આવે;
- ઓળખ, આકારણી દેખરેખ, વ્યવસ્થાપન અને/અથવા દૂષિત સાઇટ્સના ઉકેલ.

વધુમાં, એવા રેકોર્ડને જાળવવાની જરૂર છે જે નીચેની બાબતોને ઓળખી કાઢે:

- કર્મચારીઓની ભૂમિકા અને જવાબદારીઓ;
- સુસ્પષ્ટ જવાબદારીઓ સાથે પ્રત્યેક સ્થિતિ માટે લઘુત્તમ જાણકારી અને સક્ષમ જરૂરિયાતો;
- ટેઇલિંગ્સ અન નકામા ખડકની લાક્ષણિકતાઓ અને ગુણધર્મો;

- ટેઇલિંગ્સ અને નકામા ખડક સંગ્રહ સવલતોના નિરીક્ષણના રેકોર્ડઝ અને સંકલિતતા અને સ્થિરતા અંગે જિયોટેકનિકલ આકારણી.
- ટેઇલિંગ્સ અને ખાણ નકામા સંગ્રહના મહત્ત્વના ઘટકો અને સ્થળ;
- ફેરફારોની વ્યવસ્થા કરવા માટેની કાર્યપ્રણાલિઓ અને પ્રક્રિયાઓ;
- ટેઇલિંગ્સ અને ખાણ ભંગાર સંગ્રહના દેખાવના પૃથ્થકરણ અને દસ્તાવેજીકરણની જરૂરિયાતો;
- અહેવાલની જરૂરિયાતો (કાનૂની અને હિસ્સેદાર).

કોન્ટ્રાક્ટરો અને પુરવઠાકારો સહિત ટેઇલિંગ્સ સવલતો અને નકામા ખડક એકમો ખાતે કામ કરતા દરેક કર્મચારીઓને યોગ્ય તાલીમ પૂરી પાડવી આવશ્યક છે. દરેક સંબંધિત કર્મચારીઓને ટેઇલિંગ્સ અને ખાણ ભંગાર વ્યવસ્થાપન યોજનાની, તેમની સંબંધિત ભૂમિકાઓ અને જવાબદારીઓ-ખાસ કરીને સંગ્રહના દેખાવના દ્રશ્યાત્મક સંકેતોની ભૂમિકાની સમજણ હોવી જોઇએ. ટેઇલિંગ્સ અને નકામા ખડક એકમો સાથે સંકળાયેલા કોઇપણ નોંધપાત્ર આર્થિક, જાહેર આરોગ્ય અને સુરક્ષા, સામાજિક અને પર્યાવરણીય જોખમોની ઓળખ, આકારણી અને વ્યવસ્થાપનમાં અસરગ્રસ્ત સમુદાયો અને હિસ્સેદારો સાથે સંપર્ક. ટેઇલિંગ્સ અને નકામા ખડક એકમોના વ્યવસ્થાપન માટેની એકમોની સમાવતી સંભવતઃ આકસ્મિક પરિસ્થિતિઓ માટે આકસ્મિક સંશાધનો અને એજન્સીઓ સુધી સંપર્કપ્રક્રિયા લંબાવવી જોઇએ (આકસ્મિક પ્રતિભાવ માટેનુ માર્ગદર્શન પણ જુઓ).

- ***સીઓપી 37.1:ટેઇલિંગ્સ અને નકામા ખડકની આવશ્યક લાક્ષણિકતાઓનું વર્ણન:** ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો ખાણ અશુદ્ધિઓ અને ખરાબ પથ્થરોની ભૌતિક અને ભૂરસાયણ લાક્ષણિકતાઓની તપાસ હાથ ધરશે.*
  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - ટેઇલિંગ્સ અને નકામા ખડકની ડિઝાઇન કરતી વખતે તેને તોડવાની મજબૂતાઇ પણ ઘણી વખત નિર્ધારણ માટેનું અત્યંત અગત્યનું લક્ષણ છે. તેમાં સ્થિરતા અને મજબૂતી પરીક્ષણ હાથ ધરવાનો પણ સમાવેશ થાય છે. અન્ય અગત્યના સ્થિરતા સંબંધિત લાક્ષણિકતાઓમાં ઓછામાં ઓછા નીચેનાનો સમાવેશ કરવાનું વિચારવું જોઇએ:
    - કણનું કદ અને વિતરણ.
    - ભેજનું તત્વ.
    - ગીચતા, મજબૂતીકરણ અને છિદ્રાળુતા.
    - નરમાશ કે ચીકાશ અને દરેક ભાગમાં પ્રસરવાની ક્ષમતા.
  - આ લાક્ષણિકતાઓને લગતા રેકોર્ડઝને ખાણ એકમ ખાતે ટેઇલિંગ્સ અને નકામા ખડકની દરેક સાઇટ માટે તૈયાર રાખવા જોઇએ અને તે સક્ષમ કર્મચારી દ્વારા હાથ ધરાવા જોઇએ. તેમાં ખાણ એકમની બહારની કુશળતાના ઉપયોગનો સમાવેશ કરી શકે છે.

- ***સીઓપી 37.2: ટેઇલિંગ્સ અને નકામા ખડક એકમો:** ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો નીચેની બાબતો માટે તમામ અશુદ્ધિઓ અને ખરાબ ખડક સુવિધાઓ અને આધારભૂત માળખાઓની સંરચના, નિર્માણ, જાળવણી, સંચાલન, સમાપ્તિ કરશે:*
  *a. માળખાકીય સ્થિરતા સુનિશ્ચિત કરવા, અને, જ્યાં લાગુ પડતા હોય, સ્ત્રાવ નિયંત્રિત કરવા;*
  *b. ખાણની કામગીરી અને સમાપ્તિ-પશ્ચાત દરમિયાન એસિડીકરણ, ધાતુઓનું ધોવાણ, દૂષણોની સમાપ્તિ અથવા દૂષણો સહિત ભૂમિગત જળનાં દૂષણની પ્રતિકૂળ અસરોથી આસપાસનાં પર્યાવરણ અને સ્થાનિક સમુદાયોને સંરક્ષિત કરવા.*

*c. જો અસરો ઓળખવામાં આવે તો યોગ્ય શમન અથવા ઉપચારનો અમલ કરવા.*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- ડેમ અને સંગ્રહ એકમોની ડિઝાઇનમાં સંભવિત મહત્તમ પૂર અથવા 'હજારો વર્ષોમાં એક વખત'ની ઘટનાઓ જેવા આંકડાઓને આધારે શક્ય તીવ્ર પૂરની ઘટનાઓને ધ્યાનમાં લેવાની જરૂર છે. પૂરની ઘટનાઓને લગતી માહિતી માટે ઉદાહરણ તરીકે ફિનલેન્ડ "ડેમ સુરક્ષા વ્યવહાર સંહિતા" જુઓ.
- ટેઇલિંગ્સ અને નકામા ખડક સંગ્રહ અને વ્યવસ્થાપન માટે એકમોની માળખાગત સ્થિરતા અને ટેકો આપતા આપતા માળખાઓની ખાતરી માટે સામયિક નિરીક્ષણો અને આકારણીઓ હાથ ધરવી જોઇએ. નિરીક્ષણો અને આકારણીઓમાં ઓછામાં ઓછા નીચેની બાબતો વિચારવી જોઇએ:
  - સમાવિષ્ટ તત્વોના ધોવાણ, તિરાડો અને નુકસાન સહિત અસ્થિર પૂરાવા માટે દૈનિક અથવા સાપ્તાહિક નિરીક્ષણો.
  - સ્થાનિક ભૂસ્તરશાસ્ત્ર, હવામાનની પરિસ્થિતિઓ તેમજ પ્રવર્તમાન અને આયોજિત પ્રવૃત્તિઓ માટેની જિયોટેકનિકલ આકારણીઓ.
  - પ્રવાહી ઝામી જવું અને દૂષિતતા માટે શક્યતાઓ શોધી શકે તેવા હાઇડ્રોલીકલી સ્થિત અપસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ ટેઇલિંગ્સ અને નકામા ખડક એકમોની ભૂજળ દેખરેખ.

- એન્જિનીયરીંગ ડિઝાઇન અને/અથવા વ્યવસ્થાપન અંકુશને ઓળખી કાઢવામાં, અગ્રિમતા અને સુધારો કરવામાં મદદ મળી રહે તે જોખમ આકારણી પૂર્ણ કરવી જોઇએ અને સામયિક ધોરણે તેમાં સુધારો કરવો જોઇએ. આકારણીએ સંભવતઃ સાઇટ-આધારિત અસર ઉત્પત્તિ અને જોખમો કે જે ટેઇલિંગ્સ અથવા નકામ ખડક સંગ્રહ એકમ અથવા અન્ય ટેઇલિંગ વ્યવસ્થાપન ટેકનોલોજીઝના સ્થળ, બાંધકામ, કામગીરી અને અંતને ઓળખી કાઢવા જોઇએ. આકારણીના પરિણામોનો વૈકલ્પિક પૃથ્થકરણ માટેની તક તરીકે અને એકમ/મોની ડિઝાઇન મારફતે શમનની જરૂર પડે તેવી કોઇ પણ અસરને ઓળકી કાઢવા માટે ઉપયોગ કરવો જોઇએ.
- જોખમ આકારણીમાં ઓછામાં ઓછી રીતે નીચેની બાબતો વિચારો:
  - ભૂજળ અને અસરગ્રસ્ત સમુદાયો સહિત સંવેદનશીલ પર્યાવરણના ટેઇલિંગ્સ અને /નકામા ખડક એકમોનું સ્થળ અને સમીપતા.
  - ખાણના આયુષ્ય સુધી ટેઇલિંગ્સ અને/અથવા નકામા ખડક માટે ટેઇલિંગસના જથ્થાનું વ્યવસ્થાપન, જાળવી રાખવા જોઇએ અને સંગ્રહ કરી રાખવા જોઇએ અને ક્ષમતા જાળવી રાખવી જોઇએ.
  - ભૂકંપ અથવા તીવ્ર વરસાદની ઘટનાઓ જેવી કુદરતી ઘટનાઓ દરમિયાન સંગ્રહ એકમો પર અસર.
  - નીતરણ, તિરાડો અને પ્રશમન માટે ટેઇલિંગ્સ દિવાલ નિરીક્ષણ જેવા માટે સમાવેશીતા સંકલન વ્યવસ્થાપન અંકુશોની અસરકારકતા.
  - ધૂળ ચડી જવી, તળીયાનો કચરો ધોવાઇ જવો અને ઉપરની જમીનનું નુકસાન સહિત ધોવાણની અસરોને ન્યૂનતમ કરવા માટે નકામ ખડક જથ્થા વધારાની અસરકારકતાની પદ્ધતિઓ.

- સ્રાવના કિસ્સામાં ભંગારની ચલિતતાની શક્યતા પર સ્વતંત્ર નિષ્ણાતો દ્વારા પૃથ્થકરણ.
- કર્મચારી, સમુદાય અને ટેઇલિંગ્સ અથવા નકામા ખડક એકમની નિષ્ફળતામાંથી પરિણમતા આસપાસના પર્યાવરણની સુખાકારીમાં ન્યૂનતમ અસરોને શમન અંકુશમાં રાખે છે. તેને આકસ્મિક પ્રતિભાવ અનુરૂપ હાથ ધરવામાં આવવું જોઇએ.

○ અંકુશની નિષ્ફળતાના કિસ્સામાં જ્યારે શમન અથવા સારવારની જરૂર હોય છે ત્યાં અસરો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે યોગ્ય પગલાંઓ અમલી બનાવવા જોઇએ. તેમાં દૂષિત ભૂજળની સારવાર અથવા અલગ પાડવાના માપદંડો અથવા એસિડ ઉત્પન્ન કરતી સામગ્રીને છુટ્ટી કરવાનો સમાવેશ થઇ શકે છે.

- ***સીઓપી 37.3: નદીને લગતો નિકાલ:*** *ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો અશુદ્ધિઓ અથવા ખરાબ ખડકો નદી દ્વારા નિકાલનો ઉપયોગ નહીં કરે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  ○ શંકા દૂર કરવા માટે પરંપરાગત નકામા ખડક ડંપ્સ અથવા ટેઇલિંગસ ડેમમાં નકામા ખડક અને ટેઇલિંગ્સ સામગ્રીના નિકાલ માટે લાગુ પડતું નથી, જેને નદી વ્યવસ્થામાં આવેલા વિસ્તારમાં બાંધી શકાય છે, જ્યાં આ પ્રકારના માળખાઓની ડિઝાઇન કરવામાં આવે છે જેથી નદી વ્યવસ્થામાં દૂષિતતાને રોકે છે તે રીતે નકામી સામગ્રીને જાળવી શકાય અને બાંધી શકાય.

- ***સીઓપી 37.4: સમુદ્રી નિકાલ:*** *ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો જમીન-આધારિત ખનન સુવિધાઓમાંથી અશુદ્ધિઓ અથવા ખરાબ ખડકોના નિકાલ માટે દરિયાઈ અથવા તળાવનો ઉપયોગ નહીં કરે, સિવાય કે:*

  *a.* ***વૈજ્ઞાનિક રીતે માન્ય વિગતોના ઉપયોગ દ્વારા, વિકલ્પોના એક સંપૂર્ણ પર્યાવરણીય અને સામાજિક વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યો હોય જે એ દર્શાવે કે અશુદ્ધિઓ અને ખરાબ પથ્થરોના દરિયાઈ અથવા તળાવ દ્વારા કરવામાં આવતાં નિકાલ જમીન-આધારિત અશુદ્ધિઓની સુવિધાઓ કરતાં ઓછાં પર્યાવરણીય અને સામાજિક અસર અને જોખમો ધરાવતી હોય, અને***

  *b.* ***વૈજ્ઞાનિક રીતે એ દર્શાવી શકાય કે દરિયાકાંઠા અથવા દરિયાઈ પ્રજાતિઓ અને વસાહતો પર નોંધપાત્ર પ્રતિકૂળ અસર નથી કરતી, અને***

  *c.* ***ત્યાં, સંચિત અસરો સહિત, અને શમનની યોજના માટે બનાવવામાં આવેલી જોગવાઈઓ માટે લાંબા-ગાળાના અસર સંચાલન હોય.***

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  ○ ટેઇલિંગ્સ અને નકામા ખડક નિકાલ માટેની સામાન્ય જરૂરિયાતો 37.2 હેઠળ હજુ પણ લાગુ પડે છે.

  ○ ટેઇલિંગ્સ અને નકામા ખડકના સમુદ્રી નિકાલ માટેનો નિર્ણય કદાચ જમીન પરની જગ્યાના અભાવે હોઇ શકે છે અને જ્યાં સમુદ્રી પર્યાવરણ પરની અસરોને ટેઇલિંગ્સના જમીન પરના નિકાલ કરતા ઓછી નુકસાનકારક હોવા તરીકે દર્શાવી શકાય છે. તેને સંપૂર્ણ જોખમ આકારણી મારફતે પ્રદર્શિત કરી શકાય છે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

    ○ ટેઇલિંગ્સ અને નકામા ખડકની લાક્ષણિકતાઓ સમુદ્રી નિકાલની શરતે છે.

    ○ સમુદ્રી સંશાધનોની ઓળખમાં સમુદ્રી જીવન અને વસ્તી, માછીમારી સંશાધનો, છીછરા અને ઊંડા પાણીમાં રહેલા પરવાળાઓ, સ્પોન્જ અને વેન્ટ સમુદાયો, સમુદ્રી શૈયા અને

દરિયાઇ લાક્ષણિકતાઓ કે જેની પર અસર થઇ શકે છે તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- સક્ષમ કર્મચારી દ્વારા હાથ ધરવામાં આવેલા પૃથ્થકરણ કે મૌસમી અસરો, સામાજિક આર્થિક પરિબળો અને સામુદ્રીક નિકાલ સાથે સંલગ્ન સંચિત અસરો માટે જવાબદાર છે.
- જમીન આધારિત નિકાલની સામે સામુદ્રીક નિકાલના જોખમો અને અસરોની માપદંડ આકારણી સામે તુલના કરતા.
- સામુદ્રીક નિકાલ સાથે સંલગ્ન ટૂંકા અને લાંબા ગાળાની કોઇપણ અસરોને રોકવા અને શમન કરવા માટે અંકુશો સ્થાપિત કરો.

- આ પ્રકારના ટેઇલિંગ્સ નિકાલ માટે પરિસ્થિતિ અયોગ્ય હોવાનું આકારણીને જણાય અથવા આ પ્રકારનું પૃથ્થકરણ હાથ ધરવા માટે સંબધિત ડેટાનો અભાવ હોય ત્યારે અગમચેતીનો સિદ્ધાંત લાગુ પાડવો જોઇએ.

તપાસો:

✓ ટેઇલિંગ્સ અને નકામા ખડક વ્યવસ્થાપન માટે શું તમારી પાસે વ્યાપક યોજના કે પદ્ધતિ અસ્તિત્વમાં છે; તે દરેક સંબધિત કર્મચારી દ્વારા સમજવામાં આવી છે, અને તે તમારી આગળ ધપી રહેલી સંપર્કક્રિયા અને હિસ્સેદારો સાથે માહિતી વહેંચણીનો ભાગ છે?

✓ શું તમારી પાસે ટેઇલિંગ્સ અને નકામ ખડકની ભૌતિક અને જિયોકેમિકલ લાક્ષણિકતાઓનો તમારા ખાણ એકમોમાં સંપૂર્ણ રેકોર્ડ છે?

✓ દરેક ટેઇલિંગ્સ અને નકામા ખડક એકમો અને ટેકાત્મક આંતરમાળખું, માળખાની દ્રષ્ટિએ સ્થિર થે તેવું દર્શાવવા માટે ઓડીટરને પૂરાવો પૂરો પાડી શકો છો અને આસપાસના પર્યાવરણ અને સ્થાનિક સમુદાયોને રક્ષણ આપી શકો છો? શું તમે જોખમ આકારણી હાથ ધરી છે?

✓ જો તમારા જમીન આધારિત ખાણ કમો સમુદ્રી અને તળાવના ટેઇલિંગ્સ અને નકામા ખડક નિકાલનો પયોગ કરે તો, શું તમે એ દર્શાવી શકો છો કે તે થોડી નકારાત્મક અસરો અને જોખમોમાં પરિણમશે, દરિયાઇ અને સમુદ્રી સંશાધનો કે દરિયાઇ પ્રાણીસૃષ્ટિ પર નોંધપાત્ર વિપરીત અસરોમાં પરિણમશે નહી?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો ટેઇલિંગ્સ અને ખાણ ભંગાર વ્યવસ્થાપન વિશે વધારાની માહિતી ધરાવે છે:

- એસિડ ગટર ટેકનોલોજી પહેલ (એડીટીઆઇ) ધાતુ માઇનીંગ પહેલ
  ese.mines.edu/adti/
- ડેમ સલામતી વ્યવહાર સંહિતા, ફિન્નીશ મિનીસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ફોરેસ્ટ્રી (1988)
  www.vyh.fi/eng/orginfo/publica/electro/damsafet/damsafe.htm
- વૈશ્વિક એસિડ ખડક ગટર (જીએઆરડી) માર્ગદર્શિકા (2012)
  www.gardguide.com/index.php/Main_Page
- મોટા ડેમ માટે આંતરરાષ્ટ્રીય પંચ
  www.icold-cigb.net/
- ખાણ અને ધાતુઓ પર આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ) – માઇનીંગ અને બાયોડાવર્સિટી માટે સારું વ્યવહાર માર્ગદર્શન (2006)
  www.icmm.com/page/1182/good-practice-guidance-for-mining-and-biodiversity
- આંતરરાષ્ટ્રીય નાણાં નિગમ (આઇએફસી) પર્યાવરણ આરોગ્ય અને સુરક્ષા માર્ગદર્શિકા – માઇનીંગ (2007)
  www.ifc.org/ifcext/sustainability.nsf/AttachmentsByTitle/gui_EHSGuidelines2007_Mining/$FILE/Final+-+Mining.pdf
- એસિડ અવરોધન માટે આંતરરાષ્ટ્રીય નેટવર્ક (આઇએનએપી)

www.inap.com.au/

- ખાણ ઉદ્યોગ માટે અગ્રણી વ્યવહાર ટકાઉ વિકાસ કાર્યક્રમ(ઓસ્ટ્રેલિયા)-ટેઇલિંગ્સ વ્યવસ્થાપન (2007)
  www.ret.gov.au/resources/Documents/LPSDP/LPSDP-TailingsHandbook.pdf
- ખાણમાં ટેઇલિંગ્સ અને નકામા ખડકનું વ્યવસ્થાપન (2009)
  www.eippcb.jrc.es/reference/mmr.html
- માઇનીંગ એસોસિયેશન ઓફ કેનેડા (એમએસી)-ટેઇલિંગ્સ એકમોના વ્યવસ્થાપનની માર્ગદર્શિકા (1998)
  www.mining.ca/www/media_lib/TSM_Documents/TSM_Publications/tailingsguide.pdf
- માઇનીંગ એસોસિયેશન ઓફ કેનેડા (એમએસી)-ટેઇલિંગ્સ અને જળ વ્યવસ્થાપન એકમો માટ કામગીરી, નિભાવ અને દેખરેખનો વિકાસ કરતા
  www.mining.ca/www/media_lib/MAC_Documents/omsguideeng.pdf
- માઇનીંગ એસોસિયેશન ઓફ કેનેડા (એમએસી) – ટેઇલિંગ્સ આકારણી શિષ્ટાચાર (2007)
  www.mining.ca/www/media_lib/TSM_Documents/2007_Protocols/TAILINGS_PROTOCOL_2007.pdf
- મિનરલ્સ કાઉન્સિલ ઓફ ઓસ્ટ્રેલિયા-સ્થિર મુલ્ય માર્ગદર્શન દસ્તાવેજ (2005)
  www.minerals.org.au/file_upload/files/resources/enduring_value/EV_GuidanceForImplementation_July2005.pdf
- માઇન એન્વાયર્નમેન્ટ ન્યૂટ્રલ ડ્રેનેજ (એમઇએનડી) કાર્યક્રમ-કેનેડા
  www.mend-nedem.org/Default-e.aspx
- પર્યાવરણ રક્ષણનો નેવાડા વિભાગ-કાનૂન અને નિયમનો
  ndep.nv.gov/ADMIN/NRS.HTM
- યુરોપમાં એસિડ ડ્રેનેજ રેમેડિયેશન માટેની ભાગીદારી (પીએડીઆરઇ)
  www.padre.imwa.info
- દક્ષિણ આફ્રિકા જળ સંશોધન પંચ (દક્ષિણ આફ્રિકાનું ડબ્લ્યુઆરસી)
  www.wrc.org.za

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 38) સાઇનાઇડ

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

વ્યવહાર સંહિતાના હેતુ અને આંતરરાષ્ટ્રીય **સાઇનાઇડ** વ્યવસ્થાપન સંહિતા માટે શબ્દ **“સાઇનાઇડ”**નો અર્થ થાય છે સાઇનાઇડ આયોન, હાઇડ્રોજન સાઇનાઇડ તેમજ મીઠુ અને નક્કર અને દ્રાવણોમાં ધાતુઓની વૈવિધ્યતા સાથે સાઇનાઇડ જટીલતા થાય છે.

સીઓપીનો સાઇનાઇડ વિભાગ સાઇનાઇડનો ઉપયોગ કરીને સોનાની પ્રાપ્તિ માટે કરે છે તેવા ખાણ ક્ષેત્રમાં રહેલા સભ્યોને લાગુ પડે છે.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

આંતરરાષ્ટ્રીય સાઇનાઇડ વ્યવસ્થાપન ઇન્સ્ટિટ્યુટ (આઇસીએમઆઇ)ની ત્પાદક, વાહનવ્યવહાર અને સોનાના ખનનમાં સાઇનાઇડના ઉપયોગ (“સાઇનાઇડ સંહિતા”) સ્વૈચ્છિક ઉદ્યોગ કાર્યક્રમ છે, જેની રચના વૈશ્વિક સોનાના ખનન ઉદ્યોગ અને સાઇનાઇડ કે જે સાઇનાઇડ વ્યવસ્થાપન વ્યવહારોમાં સુધારો લાવવા માટે સોનાના ખનનમાં વપરાય છે તેના ઉત્પાદકો અને વાહનવ્યવહારકારોને મદદ કરવા માટે રચના કરવામાં આવી છે. સાઈનાઈડ સંહિતામા સાઇનાઇડની નુકસાનકારકતાની કામદારો અને સમુદાયને શક્યતા, પર્યાવરણમાં સાઇનાઇડને મુક્ત કરવામાં મર્યાદિત કરવા માટે અને સંભાવના અથવા મુક્ત કરવાની ઘટનામાં પ્રતિભાવ ક્રિયાઓને વિસ્તારવાનો ઇરાદો સેવવામાં આવ્યો છે.

સાઇનાઇડ અસરકારક રીતે અને કાર્યક્ષમ રીતે ઓરમાંથી સોનાનું ઉત્ખનન કરે છે. સોનાના ઉત્ખનનન માટે જ્યારે અસંખ્ય અન્ય રસાયણો ઉપલબ્ધ છે, ત્યારે તેઓ સોના સાથે ઓછી સ્થિર જટીલતાનું સર્જન કરે છે અને તેથી સોનાના વિસર્જન માટે વધુ આક્રમક પરિસ્થિતિની અને ઓક્સીડન્ટસની જરૂર છે. વૈકલ્પિક રસાયણો સામાન્ય રીતે વપરાશ માટે વધુ ખર્ચાળ છે અને તે આરોગ્ય સામેના જોખમન પણ રોકે છે અને સાઇનાઇડ દ્વારા રજૂ કરાયેલ પર્યાવરણ સમાન અથવા તેનાથી મોટું હોઇ શકે છે.

કામગીરીની પ્રવર્તમાન નિયમનકારી જરૂરિયાતોમાં પૂરક હોવાનો સાઇનાઇડ સંહિતા ઇરાદો ધરાવે છે અને જેને સોનાની ખાણ ખાતે સૌથી નજીકની ચિંતા હોવા તરીકે ઓળખી કાઢવામાં આવી છે તેના વ્યવસ્થાપન સંબંધિત તે મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાં સાઇનાઇડના ઉત્પાદન; ખામથી ઉત્પાદક સુધીનું વહન; તેના સ્થળ પરના સંગ્રહ અને સોનાની પ્રાપ્તિમાં ઉપયોગ; કામદારના આરોગ્ય સુરક્ષા; આકસ્મિક પ્રતિભાવ અ તાલીમ; સમુદાયા સાથેની વાટાઘાટ; જાહેર અહેવાલ; અને હિસ્સેદારની સંડોવણીનો સમાવેશ કરે છે.

આંતરરાષ્ટ્રીય સાઇનાઇડ વ્યવહાર સંહિતાની સિગ્નેચરીઝ (સહી કરનારાઓ)એ સાઇનાઇડના ઉપયોગમાં સાઇનાઇડની સંહિતાના સિદ્ધાંતો અને પ્રમાણો અનુસરવાના રહે છે. પ્રત્યેક સિદ્ધાંત હેઠળ દર્શાવવામાં આવેલા

વ્યવહારના પ્રમાણો એ કામગીરી લક્ષ્યાંકો અને ઉદ્દેશો સ્થાપિત કરે છે કે જેથી સાઇનાઇડ સંહિતાનું અનુપાલન થાય તે રીતે પ્રમાણીકૃત્ત કરી શકાય તે રીતે કામગીરીએ સિદ્ધિ હાંસલ કરવી આવશ્યક છે.

## C. મુખ્ય નિયમનો

માનવ આરોગ્ય અને પર્યાવરણના રક્ષણ પરના ભાર સાથે સાઇનાઇડના જવાબદાર વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા માટે સોનાના ખનન માટેનો સાઇનાઇડ સંહિતા સ્વૈચ્છિક કાર્યક્રમ છે. સાઇનાઇડ સંહિતા સોનાની પ્રાપ્તિ માટે ઉત્પાદિત કરાય છે, વહન કરવામાં આવે છે અને ઉપયોગમાં લેવાય છે તેના સુરક્ષિત વ્યવસ્થાપન પર જ અને ફરતા રહેતા ટેઇલિંગ્સ અને નીતરણ દ્રાવણો પર જ વિશિષ્ટ રીતે ભાર મુકે છે. તેમાં માનવ આરોગ્ય અને પર્યાવરણનું રક્ષણ કરવા માટે ખનન કામગીરીઓ સાઇનાઇડ પ્રક્રિયા ઉકેલો અને નકામા પ્રવાહોનું વ્યવસ્થાપન કરે તેની ખાતરી રચવામાં આવેલા અસંખ્ય પ્રમાણોનો સમાવેશ કરે છે. સાઇનાઇડ સંહિતા સાથેનું અનુપાલન લાગુ પડતા કાયદા હેઠળ જરૂરિયાતોને બદલતું નથી કે ફેરફાર કરતી નથી.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

*સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.*

- ***સીઓપી 38: સાઇનાઇડ:*** *ખનન ક્ષેત્રમાં કાર્યરત સોનાની પુન:પ્રાપ્તિ માટે સાયનાઇડનો ઉપયોગ કરતાં સભ્યો સુનિશ્ચિત કરશે કે લાગુ પડતા સ્થળો આંતરરાષ્ટ્રીય સાયનાઇડ વ્યવસ્થાપન કોડ માટે પ્રમાણિત હોય.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**
  - સાઇનાઇડ સંહિતા વિશેની વ્યાપક માહિતી આઇસીએમઆઇની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. સાઇનાઇડની શરતોને પરિપૂર્ણ કરતા અને તેના ચકાસણી શિષ્ટાચારનો ઉપયોગ કરીને સ્વતંત્ર ત્રીજા પક્ષકાર દ્વારા કામગીરીઓનું ઓડીટ કરવામાં આવે છે.
  - સોનાને શોધવા માટે સાઇનાઇડનો ઉપયોગ કરતી કંપનીઓ સિગ્નેચરીઝ બનીને અને ત્રણ વર્ષમાં જ સંહિતા સાથેના અનુપાલનમાં પોતાની માન્ય સોનાની ખનન કામગીરીઓમાં લાવવાની બાંયધરી આપીને સાઇનાઇડ સંહિતાને અપનાવવા માટે સંમત થાય છે. સિગ્નેચરી કંપનીનું નામ અને કામગીરીઓને આઇસીએમઆઇની વેબસાઇટ પર ઓળખી કાઢવામાં આવે છે.
    - *નોંધ:* સાઇનાઇડ સંહિતા સાથે અનુપાલનમાં ખનન કામગીરીઓને લાવવા માટે સિગ્નેચરી બનવા માટે આઇસીએમઆઇ 3 વર્ષનો સમય પૂરો પાડે છે ત્યારે આરજેસી વ્યવહાર સંહિતામાં, ખનન કામગીરીઓને વ્યવહાર સંહિતામાં સભ્યના અનુપાલનના ભાગરૂપે લાવવાની જરૂરિયાત છે, જેનું આરજેસીમાં જોડાયાના બે વર્ષમાં જ ઓડીટ કરવું આવશ્યક છે.
  - સાઇનાઇડ સંહિતા પ્રમાણીકરણ પ્રમાણિત કામગીરીના સ્તર સુધી લાગુ પડે છે, નહી કે સિગ્નેચરી કંપની. સભ્યોએ તેમના સંબંધિત એકમો અને કામગીરીઓ તેમની આરજેસી સભ્યપદ, કે જેમાં સાઇનાઇડ સંહિતા લાગુ પડે છે, તેનું પ્રમાણિત કરાયું છે અથવા આરજેસી વ્યવહાર સંહિતાની ખાતરી

કરવા માટે આરજેસી પ્રમાણીકરણ ઓડીટ પૂર્વે પ્રમાણિત થઇ ગયું હતું તેની ખાતરી કરવી આવશ્યક છે.

- *નોંધ*: સિગ્નેચરીની કામગીરીઓ કે જે નોંધપાત્ર સ્થિતિમાં પરંતુ સાઇનાઇડ સંહિતાના સંપૂર્ણ અનુપાલન કરતી ન હોય તે "શરતી પ્રમાણિત" છે, સંપૂર્ણ પ્રમાણીકરણ પ્રાપ્ત કરવા માટે સુધારાત્મક પગલાં યોજના વિકસાવવી જોઇએ અને લાગુ પાડવી જોઇએ. આરજેસી ચકાસણી આકારણા હેતુ માટે, સાઇનાઇડ સંહિતા હેઠળ શરતી પ્રમાણીકરણની પરિસ્થિતિ સામાન્ય રીતે વ્યવહાર સંહિતા હેઠળ નજીવા અનુપાલનમાં પરિણમશે.

તપાસો:

✓ શું તમારી કોઇપણ કામગીરીઓ સોનાને શોધી કાઢવા માટે સાઇનાઇડનો ઉપયોગ કરે છે?

✓ જો તેમ હોય તો, શું તમે આંતરરાષ્ટ્રીય સાઇનાઇડ વ્યવસ્થાપન સંહિતામાં સિગ્નેચરી છો અને સંબંધિત કામગીરીઓ સંહિતાને પ્રમાણિ કરે છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો સાઇનાઇડ પર વધારાની માહિતી ધરાવે છે:

- રોગ નિયંત્રણ અને અવરોધન, સાઇનાઇડ આકસ્મિક તૈયારીઓ અને પ્રતિભાવ માટેના કેન્દ્રો
  emergency.cdc.gov/agent/cyanide/index.asp
- સાઇનાઇડ ખાણ: સોનાના ઉત્ખનન અને તેની પર્યાવરણ પરની અસરમાં સાઇનાઇડનો ઉપયોગ
  technology.infomine.com/cyanidemine/
- સોનાના ખનન ઉદ્યોગ માટે આંતરરાષ્ટ્રીય સાઇનાઇડ વ્યવહાર સંહિતા (સાઇનાઇડ સંહિતા)
  www.cyanidecode.org/
- ખાણ ઉદ્યોગ માટે અગ્રણી વ્યવહાર ટકાઉ વિકાસ કાર્યક્રમ (ઓસ્ટ્રેલિયા)-સાઇનાઇડ વ્યવસ્થાપન (2008)
  www.ret.gov.au/resources/documents/lpsdp/lpsdp-cyanidehandbook.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 39) પારો

## A. વ્યાખ્યાઓ અને પ્રયોજ્યતા

**પારો** એ કુદરતી તત્ત્વ છે, જે તેના શુદ્ધ સ્વરૂપમાં છે અને ચળકાટ મારતી સિલ્વર-સફેદ ધાતુ છે જે ખંડના તાપમાનમાં પ્રવાહી છે. પારો અને પારો સમાવતા સંયોજનો ઊંચા પ્રમાણમાં ઝેરી છે અને તે માનવ આરોગ્ય, વન્ય જીન અને પર્યાવરણ પર નોંધપાત્ર વિપરીત અસરો ધરાવે છે. પારોને પર્યાવરણમાં કુદરતી સ્ત્રોતમાંથી ચલિત કરી શકાય છે અને ઔદ્યોગિક દહનક્રિયા અને કુશળ કામદાર ખનનમાં માનવ પ્રવૃત્તિઓ પરિણમે છે.

*સ્ત્રોત:*

- *યુનાઇટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ કાર્યક્રમ (યુએનઇપી) – પારા મુદ્દો (2008)*
  *www.chem.unep.ch/mercury/awareness_raising_package/B_01-20_BD.pdf*

  પારાપારા પર સીઓપીની જોગવાઇ ખનન ક્ષેત્રમાં રહેલા સભ્યોને લાગુ પડે છે, જ્યાં પારાપારાનો ઉપયોગ પ્રોસેસીંગ અથવા વેચાણયોગ્ય પેદાશો, પેટાપેદાશો અથવા ભંગારમાં રાખવામાં આવે છે. અન્ય સભ્યો પારાપારાના મુદ્દા પર જોખમકારક પદાર્થ હેઠળ ધ્યાન આપશે. કુશળ કામદાર અને નાના પાયાના ખનનમાંથી પ્રાપ્તિ માટેનું માર્ગદર્શન પણ જુઓ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

છેલ્લા 50 વર્ષોમાં, પારાના ઝેર અંગે સારી રીતે દસ્તાવેજમાં આપવામાં આવ્યું છે અને ઘણા દેશોએ તેના વપરાશ અને મુક્ત કરવામાં ઘટાડો કરવા માટે અને પારાના જોખમથી પોતાના નાગરિકોને રક્ષણ આપવાના પગલાં લીધા છે. પારાનો ઉપયોગ અસંખ્ય પેદાશોમાં થાય છે, જે આખરે મુક્ત કરવાનો સ્ત્રોત બની જાય છે. એક વખત મુક્ત કર્યા બાદ, પારો  પર્યાવરણમાં ટકી શકે છે, જે તે વાયુ, જળ, કચરા, જમીન અને વનસ્પતિઓમાં વિવિધ સ્વરૂપોમાં ફર્યા કરે છે. વાતાવારણને લગતા પારાનું વાતાવરણમાં લાંબા અંતર સુધી વહન કરી શકાય છે, તે ખાદ્ય શ્રૃંખલા સુધી જતો હોવાથી તેમાં સૂક્ષ્મ તત્ત્વોનો સમાવેશ થાય છે અને બે ગણો વધારો થઇ શકે છે.માનવ શરીરમાં, પારા મધ્ય નાડી વ્યવસ્થા, થાઇરિડ, કિડની, ફેફસા, પ્રતિકારક વ્યવસ્થા, આંખો, દાંતના પેઢા અને ત્વચાને નુકસાનનું કારણ બની શકે છે. પારા દ્વારા મગજના મજ્જાતંતુને લગતા થતા નુકસાનને પાછું વાળી શકાતું નથી.

પારાનો ઉપયોગ મહાકાય ખનનમાં પ્રોસેસીંગમાં થતો નથી, પરંતુ કેટલીક સોનાની ખાણોમાં પારાનુ પેટાપેદાશ તરીકે ઉત્પાદન કરવામાં આવે છે, જ્યાં તે ઓરના બંધારણમાં કુદરતી રીત જ સર્જાય છે, જે સામાન્ય રીતે પારા સલ્ફાઇડના સ્થિર સંયોજનના સ્વરૂપમાં હોય છે.કુશળ કામદાર અને નાના પાયાના ખનન (એએસએમ)ક્ષેત્રમાં, શુદ્ધ પારાનો સામાન્ય રીતે સોનું શોધી કાઢવા કેટલીકવાર કાયદેસર રીતે ઉપયોગ થાય છે. ગરીબીના સામાજિક અંતરાયો અને વિકલ્પો વિશે માહિતીમાં દાખલ થવાનો અભાવ જોતા, કુશળ કામદારની દ્રષ્ટિએ પારા મિશ્રમ પ્રક્રિયાને તેમના દ્વારા ઉપલબ્ધ શ્રેષ્ઠ ટેકનોલોજી તરીકે જોવામાં આવે છે. એએસએમ માટે મોટા ભાગના કિસ્સામાં,

પારા મુક્ત પ્રયુક્તિઓ (ઉદા ગ્રેવીમેટ્રીક) વિનાને બદલે સંયોજનયુક્ત સોનાની ઊંચી પ્રાપ્તિ પેદા કરે છે અથવા તેમની પાસે આ એક જ સોનાની પ્રાપ્તિ માટે ઉપલબ્ધ ટેકનોલોજી છે.

તાજેતરના વર્ષોમાં સોનાના ભાવમાં આવેલી તેજીએ નાના પાયાના ખનનમાં નોંધપાત્ર વૃદ્ધિને વેગ આપ્યો છે અને પરિણામે આ ક્ષેત્રમાં પારાનો ઉપયોગ થાય છે. યુએનઇપીના 2013 વૈશ્વિક પારા આકારણીના અંદાજ અનુસાર કુશળ કારીગીર અને નાના પાયાના સોનાના ખનનનું ક્ષેત્ર પારાની માગ કરતું સૌથી મોટું છે અને પારા સ્ત્રાવનો સૌથી મોટો સ્ત્રોત છે અને વિશ્વમાં છોડે છે. કામદારો અને તેમના પરિવારો કે જે નાના પાયાના સોનાના ખનન સાથ સંકળાયેલ છે તેઓ ઓગળતી વખતે શ્વાસ મારફતે ગળવા સહિતના વિવિધ માર્ગે પારા પ્રદૂષણ સામે જોખમ ધરાવે છે.  પારાને આ નાના પાયાની કામગીરીઓમાથી નદી વ્યવસ્થામાં છોડી શકાય છે જ્યા તે માછલીઓ, ખાદ્ય શ્રૃંખલા અને ડાઉનસ્ટ્રીમ લોકોને દૂષિત કરી શકે છે.

પારા પરનો મિનામાતા સંમેલન એ વૈશ્વિક સ્તરે બંધનકર્તા સાધન છે જે અસંખ્ય વર્ષોથી વાટાઘાટ કરી રહેલ છે અને 2013માં ફળ સુધી પહોંચ્યું છે. જવાબદાર ખનન માટેના જોડાણ (એઆરએમ) માને છે કે રાષ્ટ્રીય પગલાં યોજના (સંમેલનની પુરવણી ઇ) કુશળ કામદાર અને નાના પાયાના ખનન (એએસજીએમ)ના ઔપચારીકરણ માટેની મહાન તક છે, અને ખાણિયાઓ, સરકાર, નાગરિક સમાજ અને ખનન ઉદ્યોગ સાથે સહયોગ સાધીને સાધનનું અમલીકરણ કરવાની પ્રતિબદ્ધતા ધરાવે છે, જેથી રાષ્ટ્રીય પારા ઘટાડા કાર્યક્રમોની હજ્જારો ખનન સમુદાયો કે જે પ્રવૃત્તિ પર આધારિત છે તેની પર ધારેલી અસર થશે તેની ખાતરી કરી શકાય. એઆરએમ ભાર મુકે છે કે પુરવણી ઇમાં સરકાર યોગ્ય પદ્ધતિ મારફતે ઓપચારીકરણ પ્રક્રિયામાં રોકાણ કરે અને ખાણિયાઓને સીધો ટેકો આપે જે તાલીમ, શાખ અને ચોખ્ખી ટેકનોલોજીમાં તેઓ દાખલ થઇ શકશે તેની બાંયધરી આપશે. પારાના પુરવઠામાં આયોજિત ઝડપી અને ભારે ઘટાડો થયો હોવાના કારણે આ પગલાંઓ આવશ્યક છે. વિકલ્પો છોડ્યા વિના સાધન ખાણિયાને ગુન્હેગાર બનાવી શકે છે અને તેમને ગેરકાયદે બજારમાંથી પારો ખરીદવા માટે ફરજ પાડે છે અને તેમને પારા અને સોનાના વેપારના અમુક ભાગ પર હિસ્સો ધરાવતા ગુન્હેગાર નેટવર્કના હાથોમાં મુકી દે છે.

## C. મુખ્ય આંતરરાષ્ટ્રીય સાધનો

*આંતરરાષ્ટ્રીય*

જાન્યુઆરી 2013માં, પારા પરના મિનામાતા સંમેલનની મુસદ્દા માહિતી પર સરકારોએ સંમતિ વ્યક્ત કરી હતી, જેમાં ઓક્ટોબર 2013થી મંજૂરીઓ માટે અને પાંચ વર્ષમાં અમલીકરણનો પ્રારંભ કરવા માટે ખુલ્લી છે. ઓક્ટોબર 2013માં મિનામાતા સંમેલનની માહિતીની ઔપચારીક મંજૂરી બાદ, તેને અમલમાં લાવવા માટે 50 દેશો દ્વારા મંજૂર કરવાની જરૂર હતી. સંમેલન પર્યાવરણમાં છોડવામાં ઘટાડો કરવાના હેતુથી પારાના મંજૂરીપાત્ર ઉપયોગો પર ભાર મુકે છે. ખનન અને ધાતુ ક્ષેત્ર માટેના મિનામાતા સંમેલનના તબક્કાઓમાં સામાન્ય રીતે નીચેનાનો સમાવેશ થાય છે:

- પારામાં પુરવઠા પર અને વેપાર પરના અંકુશો, નોંધનીય છે કે પારાને બિન-લોહ ધાતુ ઉત્પાદનમાં પેટાપેદાશ તરીકે શોધી કાઢવામાં આવ્યું હોય છે;
- વીજ પ્લાન્ટસ અને બિન-લોહ ધાતુઓ એકમો કે તાંબુ, સોનું સીસુ અને જસતનું ઉત્પાદન કરે છે તેમાંથી નીકળતા સ્ત્રાવને ઘટાડવા માટે લેવામાં આવનારા પગલાંઓ;

- કુશળ કામદાર અને નાના પાયાના સોનાના ખનનમાંથી નીકળતા સ્ત્રાવને ઘટાડવા માટે લેવામાં આવનારા પગલાં;
- પર્યાવરણની દ્રષ્ટિએ પારાને સમાવતા ભંગારનું સુરક્ષિત વ્યવસ્થાપન.

સંમેલનમાં પક્ષકાર દેશોને વ્યૂહરચનાઓ ઘડવાની અને ઘટાડેલા લક્ષ્યાંક સાથે રાષ્ટ્રીય પગલાં યોજના અને સ્ત્રાવના ઘટાડા અને છૂટો કરવાને પ્રોત્સાહન આપવા માટે વ્યૂહરચનાઓ ઘડવાની તેમજ કુશળ કામદાર અને નાના પાયાના ખનનમાં પારા સામેના જોખમ દર્શાવવાની જરૂરિયાત રહેશે. વધુમાં નીચેનાનો નાશ કરવા માટે પગલાં જરૂરી રહેશે:

- સંપૂર્ણ ઓર સંયોજન;
- સંયોજનનું દહન અથવા પ્રક્રિયાયુક્ત સંયોજનનું ખુલ્લામાં દહન;
- રહેણાંક વિસ્તારોમાં સંયોજનનું દહન; અને
- કચરા, ઓર અથવા ટેઇલિંગસમાં સાઇનાઇડનું નીતરણ જેમાં પ્રથમ પારાને દૂર કર્યા વિના પારાને ઉમેરવામાં આવ્યું છે.

મિનામાતા સંમેલન એવા પક્ષકાર દેશોને બોલાવે છે જે પગલાં યોજના વિકસાવવા માટે સંમેલનમાં પક્ષકારોનો સમાવેશ થતો હોય તેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- કુશળ કામદાર અને નાના પાયના સોનાના ખનનના ઔપચારીકરણ અથવા નિયમન સુલભ બનાવવાના પ્રયત્નો;
- જથ્થો અને એએસએમ સોનાના ખનનમાં પારાના ઉપયોગોનો અંદાજ મેળવવા માટે પાયાગત આકારણીઓ હાથ ધરવી;
- પારા મુક્ત વિકલ્પો માટેનો ટેકો અને સ્ત્રાવમાં ઘટાડા માટેની વ્યૂહરચના અને મર્ક્યુરી સામે જોમખ માટેની વ્યૂહરચનાઓ; અને
- જાહેર આરોગ્ય વ્યૂહરચનાઓનો વિકાસ અને અસરગ્રસ્ત સમુદાયો માટે જાહેર સતર્કતા ઝુંબેશો, કે જેમાં, આ રાષ્ટ્રીય પગલાં યોજનાઓના વિકાસમાં હિસ્સેદારોને સમાવવા માટેની વ્યૂહરચનાઓનો સમાવેશ થાય છે.

**કુશળ કામદાર સોનાના ખનન માટેના માપદંડો**

જવાબદાર ખનન માટેના જોડાણ (એઆરએમ) પોતાના વાજબી ખનન પ્રમાણ હેઠળ ઉપલબ્ધ શ્રેષ્ઠ ટેકનોલોજી તરીકે પારા મુક્ત કુશળ કામદાર ખનનને સક્રિય રીતે પ્રોત્સાહન આપે છે. આજ સમયે, એઆરએમ એ બાબતને સમર્થન આપે છે કે પારા પ્રવર્તમાન એએસએમ પ્રક્રિયા અને ઘટાડા માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને તેના વપરાશથી દૂર રહેવા સાથે ક્ષમતા નિર્ધારણ અને ખનનકર્તાઓ માટે ટેકનિકલ ટેકો હોવો પણ આવશ્યક છે.આ અભિગમને વાજબી ખનન પ્રમાણ વિરુદ્ધ પ્રમાણીકરણ માટે એઆરએમના ઉત્પાદક સમર્થન પહેલ મારફતેના કારણે અમલી બનાવવામાં આવ્યો છે.

જવાબદાર કુશળ કામદાર ખનન માટે એઆરએમના સમર્થનનો સંયોજન પૂર્વે કેન્દ્રિત પ્રક્રિયાઓ (ગ્રેવિમેટ્રિક, પ્રારંભક્રિયા અને હેન્ડ સોર્ટીંગ વગેરે)ની જરૂરિયાત રહે છે અને સંયોજન વિઘટન આવશ્યકતા દરમિયાન તપાવવાના યંત્રો અથવા અન્ય પારા શોધ ડિવાઇસન ઉપયોગ કરે છે. બન્ને જરૂરિયાતોએ એ ખાતરી રાખવી

જોઇએ કે પારા સ્રાવમાં ધરખમ ઘટાડો થાય અને કુશળ ખનનકર્તાઓ અને તેમના પરિવારોને તેમની પાયાની જરૂરિયાતો સંતોષવા માટે માનવ અધિકારને જોખમમાં નાખ્યા વિના અમલી બનાવી શકાય.

યુએનઇપી ગવર્નિંગ સમિતિના આશ્રય હેઠળ, યુએનઇપી ગ્લોબલ પારા ભાગીદારીની સ્થાપના પારાને છુટો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે લાંબા ગાળાના આંતરરષ્ટ્રીય પગલાં વધારવા માટે સ્થાપના કરવામાં આવી હતી. ભાગીદારીનો એકંદર લક્ષ્યાંક માનવીના આરોગ્યને અને વૈશ્વિક પર્યાવરણને પારાના છુટા થવા સામે રક્ષવાનો અને તેના વિઘટકોને ન્યૂનતમ કરવાનો છે, જ્યાં શક્ય હોય ત્યાં અંતે વૈશ્વિક, એન્થ્રોપોજેનિક (માનવીઓના મૂળ અને વિકાસના અભ્યાસને લગતા) પારા કે જેને હવામાં, જળ અને જમીનમાં છોડવામાં આવતા પારાનો નાશ કરી શકાય.

***રાષ્ટ્રીય કાયદો***

ઘણા અધિકારક્ષેત્રો પહેલેથી જ પારા નિયંત્રણો અને વ્યવસ્થાપન માટે કાનૂની અને નિયમનકારી વ્યવસ્થાપન ધરાવે છે. મિનામાતા સંમેલન આગામી ત્રણથી પાંચ વર્ષમાં અમલમાં આવે તેવી આશા સેવાય છે અને સંમલેનના પક્ષકારો પરિણામ સ્વરૂપે નવા કાયદાઓ અને/અથવા નિયમકારી માળખાઓનો ઉમેરો કરી શકે છે. સભ્યો કામગીરીના દરેક વિસ્તારોમાં લાગુ પડતા કાયદા સાથે પરિચિત થાય તે આવશ્યક છે.

સોનાના ખનન અથવા રિફાઇનીંગ દ્વારા સભ્યો પારાને પેટા પેદાશ તરીકે ઉત્પન્ન કરે છે ત્યારે, આ બાબતની લાગુ પડતા કાયદા અને નિયમનોને અનુરૂપ વ્યવસ્થા કરવી જોઇએ. ઉદીહરણ તરીકે યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્ટેટ ઓફ નેવાડાએ 2006માં નિયમનો જારી કરવામાં આવ્યા હતા જેમાં, રાજ્યમાં ઔદ્યોગિક સોનાની ખાણોમાંથી થતા પારા વાયુ સ્રાવનું નિયંત્રણ કરવા માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ અંકુશ ટેકનોલોજીની આવશ્યકતા સેવવામાં આવી હતી. આ કાર્યક્રમ પારા સમાવતા ઓરની પ્રક્રિયા કરે છે અને જે વાતાવરણમાં પારાને છુટો કરવાની શક્યતા ધરાવે છે તેમાં ઉપયોગ કરતી થર્મલ સારવાર પ્રક્રિયા પર લાગુ પડે છે. યુનાઇટેડ સ્ટેટસ પર્યાવરણીય રક્ષણ એજન્સી (ઇપીએ)એ, યુએસ ક્લિન એર એક્ટ હેઠળ બે ગણો વધારો કરતા પ્રદૂષણ તરીકે પારાને સંબંધિત સોનું ઓર પ્રોસેસીંગ અ ઉત્પાદન એકમો માટે જોખમી હવાઇ પ્રદૂષણોના રાષ્ટ્રીય સ્રાવ પ્રમાણો માટે પારાને અંતિમ નિયમો પણ જારી કર્યા છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરૂં પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદું તરીકે જોવાવું જોઇએ.

- **સીઓપી *39.1: પેદાશો, પેટા પેદાશો અને સ્રાવમાં પારો:*** *ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો જ્યાં પારો વેચાણપાત્ર ઉત્પાદનો, પેટા-પેદાશો અથવા ઉત્સર્જનોનો સમાવેશ થાય છે ત્યાં જવાબદાર વ્યવસ્થાપન પદ્ધતિઓ અપનાવશે જે ઓછામાં ઓછી નિયંત્રણ માટેના લાગુ પડતા કાયદાનું પાલન કરતાં હોય અને જ્યાં શક્યતા હોય, તકનીકી અને પર્યાવરણીય બાબતોને ધ્યાનમાં લઈને શ્રેષ્ઠ ઉપલબ્ધ તકનીકો અથવા શ્રેષ્ઠ પર્યાવરણીય પદ્ધતિઓના ઉપયોગ દ્વારા પારાના ઉત્સર્જનને ઘટાડશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

- કામગીરીઓમાંથી પારાના સ્ત્રોતો અને પારા વિઘટકોને ઓળખો અને પરિમાણ નક્કી કરો, અને જોખમ આધારિત અભિગમ દ્વારા નિર્ધારિત ઉપલબ્ધ શ્રેષ્ઠ ખર્ચ અસરકારક ટેકનોલોજીનો ઉપયોગ કરીને યોગ્ય અંકુશો અમલમાં મુકો.
- જોખમ આધારિત અભિગમનો વ્યવસથાપન વિકલ્પોની આકારણી અને અગ્રિમતા માટે ઉપયોગ થઇ શકે છે. તેમાં નીચેનાનો સાવેશ થઇ શકે છે:
  - પારાના સ્ત્રોતો અને સ્ત્રાવમાં **ઘટાડો અથવા નાશ** કરો.
  - જ્યાં ઉપલબ્ધ હોય ત્યાં ઓછા જોખમી વિકલ્પ સાથે **પૂરક પારા** અને પારા વિઘટક.
  - પારા અને પ્રદૂષણ નાથવાની ટેકનોલોજીઓ સહિત હેરફેર અને નિકાલ સાથે સંકળાયેલ કોઇપણ અસરોનું **શમન** કરો. વાયુ સ્ત્રાવ, ટેઇલિંગ્સ અને નકામા જળ નિકાલ જેવા નકામા પ્રવાહોને પર્યાવરણમાં પારા સ્ત્રાવને ન્યૂનતમ કરી શકાય તે માટે યોગ્ય પ્રદૂષણ નાથવાની ટેકનોલોજીઓ અપનાવવી જોઇએ. તેના ઉદાહરણમાં પારા વરાળ પ્રાપ્તિ પદ્ધતિઓનો સમાવેશ થાય છે કે જે વાતાવરણમાં રહેલા પારા સ્તરો સામેના જોખમમાં નોંધપાત્ર રીતે ઘટાડો કરી શકે.
- પારાને અંકુશ કરતા સંબધિત કાયદાઓ અને નિયમનથી સાવધાન રહો. રાષ્ટ્રીય સરકાર મિનામાતા સંમેલનના અમલીકરણ સાથે આગામી વર્ષોમાં આ વિકસતા રહેશે, તેથી લાગુ પડતા ફેરફારો અને કાનૂની અનુપાલન પર દેખરેખ રાખવા સાથે સતત તૈયાર રહવું અગત્યનું રહેશે.

- ***સીઓપી 39.2: એએસએમ અને સંલગ્ન પ્રક્રિયામાં પારા:** ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો કે જેઓ કુશળ કામદાર અને નાના પાયે ખનન અને પ્રક્રિયાત્મક પ્રવૃત્તિઓમાં પારાનો ઉપયોગ કરતાં હોય તેઓ પારા અને પારાનાં સંયોજનને અને આ પ્રકારના ખનન અને પ્રક્રિયાઓમાંથી, પર્યાવરણમાં ઉત્સર્જિત પારાના નિયંત્રણ, શમન અને જ્યાં શક્ય હોય ત્યાં તેને ખતમ કરવાના પગલાં લેશે. સભ્યો સમગ્ર કાચી ધાતુના એકીકરણ, એકીકરણ અથવા પ્રક્રિયા કરેલા એકીકરણને ખૂલ્લામાં બાળશે નહીં અને એકીકરણને રહેણાંક વિસ્તારોમાં બાળશે નહીં; અને પથ્થરો, કાચી ધાતુ અથવા અશુદ્ધિઓ કે જેમાં પારાને ઉમેરવામાં આવ્યાં હોય તેમાં પ્રથમ પારાને દૂર કર્યા વગર સાયનાઇડ ગાળણને બાળશે નહીં.*

**વિચારણા માટેના મુદ્દાઓ:**

- કુશળ કારીગર અને નાના પાયાના સોનાના ખનન (એએસએમ)નું અવિધિસરનું ક્ષેત્ર સંબધિત રીતે મૂળભૂત પારાના મહાકાય વૈશ્વિક ઉપભોક્તા છે અને તે કદાચ દર વર્ષે પર્યાવરણમાં છોડવામાં આવતા નોંધપાત્ર પારાનો સ્ત્રોત છે. આ જોગવાઇ આરજેસીની સભ્યોને લાગુ પડે છે જે પોતાના જાતે ખનન અને પ્રોસેસીંગ પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરે છે.
- જ્યારે પારાના વિકલ્પો પસંદ કરવામાં આવે છે, ત્યારે તે એસએસએમ માટે ચોક્કસ સંદર્ભ અથવા ટેકનિકલી અથવા આર્થિક રીતે પોષણક્ષમમાં ઉપયોગ માટે કદાચ હંમેશા માટે ઉપલબ્ધ ન પણ બની શકે. તેમ છતાં પણ, આરજેસી સીઓપી નીચેની પ્રવૃત્તિઓના નાશ માટે મિનામાતા સંમેલન જરૂરી છે તેને ટેકો આપે છે:
  - સંપૂર્ણ ઓર સંયોજન;
  - સંયોજન અથવા પ્રક્રિયા કરેલ સંયોજનનું ખુલ્લામાં દહન;
  - રહેણાંક વિસ્તારોમાં સંયોજનનું દહન; અને

- કચર, ઓર અથવા ટેઇલિંગ્સ કે જેમાં પહેલા પારાને દૂર કર્યા વિના પારાને ઉમરવામાં આવ્યો છે તેમાં સાઇનાઇડ નીતરણ.

- પારાનો ઉપયોગ એએસએમ પ્રવૃત્તિઓમાં થાય છે ત્યારે 18 વર્ષથી નીચે અને સગર્ભા મહિલા એમ કોઇપણ સામે જોખમ રોકવા માટે અંકુશો અસ્તિત્વમાં હોવા જોઇએ.
- એએસએમ સાહસોના સામાજિક-આર્થિક અને રાજકીય જટીલતાની મર્યાદામાં, ઉત્પાદકતામાં સુધારો કરતી અને પારા પર ખાસ કરીને સંબંધોની (જુઓ કુશળ કારીગર અને નાના પાયાના ખનનમાંથી પ્રાપ્તિ પરના માર્ગદર્શન) પ્રાપ્તિમાં નિર્ભરતામાં ઘટાડો કરે છે તેને ટેકો પૂરો પાડવા માટે આરજેસી સભ્યો માટે તક છે.
- જ્યાં પારાનો આરજેસીના સભ્યોની માલિકી કે અકુશ હેઠળ કામગીરી ખાતે પ્રોસેસીંગમાં સતત વપરાશ થતો રહેછે, ત્યારે પારા સ્ત્રાવને ન્યૂનતમ કરતા અંકુશો અસ્તિત્વમાં લાવવા જોઇએ.યુએનઇપી વ્યવહારુ માર્ગદર્શન જુઓ: કુશળ કારીગર અને નાના પાયના સોનાના ખનનમાં પારાનો ઉપયોગ (2012) જુઓ- ઇંગ્લીંશ અને ફ્રેંચમાં ઉપલબ્ધ- વધુ માર્ગદર્શન માટે.

> તપાસો:
> - ✓ શું તમારી કામગીરીઓ પારા પેદાશો, પેટાપેદાશો અથવા સ્ત્રાવ ઉત્પન્ન કરે છે?
> - ✓ જો તેમ હોય તો, અંકુશ માટે શું તમે વ્યવસ્થાપન વ્યવહાર અસ્તિત્વમાં ધરાવો છો અને શક્ય હોય ત્યાં પારા સ્ત્રાવમાં ઘટાડો કરી શકો છો?
> - ✓ શું તમે પારાના ઉપયોગ અને અંકુશને લગતા લાગુ પડતા કાયદા સાથેના અનુપાલનથી જાણકાર છો?
> - ✓ જો તમે એએસએમ ઉત્પાદક હોય અને પારા સંયોજનનો ઉપયોગ કરતા હોય તો, શું તમે વિકલ્પોની માગ કરી છે અને સીઓપી 39.2માં નિર્દિષ્ટ પ્રવૃત્તિઓનો નાશ કરવાના પગલાં લીધા છે?

## E. વધારાની માહિતી

નીચે વેબસાઇટો પારા સંબંધિત વધારાની માહિતી ધરાવે છે:

- જવાબદાર ખનન માટે જોડાણ (ARM) – પારા પર સ્થિતિ પત્ર (2010)
  communitymining.org/attachments/086_ARM%20Mercury%20Position%20English%20Sep2010.pdf
- વૈશ્વિક પારા પરિયોજના – નાના પાયાના ખનનમાં પારા પુરવઠા અને માગની વૈશ્વિક અસરો (2007)
  www.globalmercuryproject.org/documents/non_country%20specific/2006%20GMP%20Report%20to%20UNEP%20GC24.pdf
- ખનન અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ) - પારા જોખમ વ્યવસ્થાપન પર સ્થિતિ નિવેદન (2009)
  www.icmm.com/document/556
- પારા પરનો મિનામાત સંમેલનનો મુસદ્દો
  www.unep.org/hazardoussubstances/Portals/9/Mercury/Documents/INC5/5_7_e_annex_advance.pdf
- પારા નિરીક્ષણ – કુશળ કારીગર નાના પાયાનું સોનાના ખનનમાં સુધારો દર્શાવતા
  www.mercurywatch.org
- યુનાઇટેડ નેશન્સ પર્યાવરણ કાર્યક્રમ (યુએનઇપી)-માર્ગદર્શન પ્રતીક: Réduire l'utilisation du mercure dans le secteur de l'orpaillage et de l'exploitation minière artisanale (2012)
  docs.google.com/a/artisanalgold.org/viewer?a=v&pid=sites&srcid=YXJ0aXNhbmFsZ29sZC5vcmd8YWdjMXxneDozZDYzM2RiYWNhZjg4NWQw

- યુનાઇટેડ નેશન્સ પર્યાવરણીય કાર્યક્રમ (યુએનઇપી) વૈશ્વિક પારા ભાગીદારી-સર્વસામાન્ય નિરીક્ષણ
  www.unep.org/hazardoussubstances/Mercury/GlobalMercuryPartnership/tabid/1253/Default.aspx
- યુનાઇટેડ નેશન્સ પર્યાવરણીય કાર્યક્રમ (યુએનઇપી) વૈશ્વિક પારા ભાગીદારી- માર્ગદર્શન, તાલીમ સામગ્રી અને ટૂલકીટ્સ
  www.unep.org/hazardoussubstances/Mercury/MercuryPublications/GuidanceTrainingMaterialToolkits/tabid/3609/Default.aspx
- યુનાઇટેડ નેશન્સ પર્યાવરણીય કાર્યક્રમ (યુએનઇપી) વૈશ્વિક પારા ભાગીદારી- વ્યવહારુ માર્ગદર્શિકાઃ કુશળ કારીગર અને નાના પાયાના સોનાના ખનન (2012)માં પારાનો વપરાશ ઘટાડતા
  www.unep.org/hazardoussubstances/Portals/9/Mercury/Documents/ASGM/Techdoc/UNEP%20Tech%20Doc%20APRIL%202012_120608b_web.pdf
- યુનાઇટેડ નેશન્સ પર્યાવરણીય કાર્યક્રમ (યુએનઇપી) વૈશ્વિક પારા ભાગીદારી – એક્વાડોર, મોંગોલીયા, પેરૂ, તાન્ઝાનિયા અને યુગાન્ડા (2012)માં અનુભવને આધારે કુશળ કારીગર અને નાના પાયાના સોનાના ખનન ક્ષેત્રમાં વિધિસરના અભિગમો
  www.unep.org/hazardoussubstances/Portals/9/Mercury/Documents/ASGM/Formalization_ARM/Formalization%20Document%20Final%20June%202012.pdf
- યુનાઇટેડ સ્ટેટ્સ પર્યાવરણીય સુરક્ષા એજન્સી (ઇપીએ) – સોનું ઓર પ્રોસેસીંગ અને ઉત્પાદન એકમો માટે જોખમી વાયુ પ્રદૂષણો માટે પારાને લગતો અંતિમ નિયમ
  www.epa.gov/ttn/atw/area/gold_mines_fs_121610.pdf

# પ્રમાણભૂત માર્ગદર્શન

# (સીઓપી 40) ખાણ પુનઃવસન અને અંત/બંધ

## A. વ્યાખ્યા અને પ્રયોજ્યતા

ખાણનો અંત એ એવી પ્રક્રિયા છે જેને ખાણનો કામગીરી તબક્કો પૂર્ણ થઇ રહ્યો હોય અથવા પૂર્ણ થઇ ગયો હોય અને આખરી બંધ થઇ રહ્યું હોય અને ખાણ પુનઃવસન ચાલી રહ્યું હોય ત્યારે હાથ ધરવામાં આવે છે.

**ખાણ પુનઃવસન** ઇરાદાયુક્ત ખનન પછીના વપરાશમાં ખનન પછીની જમીન અસલ સ્થતિમાં લાવવી તે છે.

**ખાણ પૂર્ણતા** એ ખાણના અંતનો લક્ષ્યાંક છે. સંપૂર્ણ ખાણ એવી સ્થિતિમાં પહોંચી ગઇ છે જ્યાં ખનન ભાડાપટ્ટા માલિકીનો ત્યાગ કરી શકાય છે અને જવાબદારી ત્યાર પછીના વપરાશકાર દ્વારા સ્વીકારવામાં આવે છે.

*સ્ત્રોત:*

- *ખનન ઉદ્યોગ માટે અગ્રણી વ્યવહાર ટકાઉ વિકાસ (ઓસ્ટ્રેલિયા) – ખાણનો અંત અને પૂર્ણતા* (2006) www.ret.gov.au/resources/Documents/LPSDP/LPSDP-MineClosureCompletionHandbook.pdf

સીઓપીનો ખાણ પુનઃવસન અને અંત વિભાગ ખનન એકમોને લાગુ પડે છે.

સીઓપીની ખાણ પુનઃવસન અને અંત જોગવાઇઓ સામુદાયિક સામેલગીરી, ટેઇલિંગ્સ અને નકામા ખડક, જૈવવિવિધતા અને અસર આકારણી જોગવાઇ સાથે વંચાવી જોઇએ અને અમલ કરવો જોઇએ.

## B. મુદ્દાની પૂર્વભૂમિકા

ખાણ સાઇટ્સના અંત માટે, તેના પ્રારંભ જેટલી જ સંભાળપૂર્વક આયોજન કરવાની જરૂર છે. સાઇટ બંધ થઇ ગયા પછી જે થાય છે તે અંતે તેની વિસ્તારના સામાજિક, આર્થિક અને સંસથાકિય વિકાસ પર અને તેમાં યોગદાનમાં લાંબા ગાળાની અસર પડે છે તે સ્પષ્ટ કરે છે. અંત પરત્વેનો સંકલિત અભિગમ પર્યાવરણીય, આર્થિક અને સામાજિક વિચારણાઓને પ્રારંભિક તબક્કેથી ધ્યાનમાં લે છે અને ખાણ સાઇટના સમગ્ર આયુષ્ય દરમિયાન સતત રહે છે. આ અભિગમનું મૂળ એ કારોબારના મહત્ત્વના ભાગ તરીકે અંતને વિચારવાની જરૂરિયાત છે.

ખાણના અંતની સામાજિક અને આર્થિક અસરો સામાન્ય રીતે નોંધપાત્ર છે અને વહેલાસર તૈયારીના મહત્ત્વ પર ભાર મુકે છે. ખાણોને અપરિપક્વ રીતે પણ બંધ કરવામાં આવે છે, ઉદાહરણ તરીકે ચીજવસ્તુના ઓછા ભાવ, નિયમકારી ફેરફારો, ટેકનિકલ પડકારો અથવા સામાજિક સંઘર્ષ મારફતે-ફક્ત અનામતમાં ઘટાડા માટે જ નહી. કામદારો, અસરગ્રસ્ત સમુદાયો કે જેમાં સ્થાનિક પ્રજા અને કુશળ કામદાર ખાણિયા અને નિયંત્રકો, ટેકમિકલ પડકારો અથવા સામાજિક સંઘર્ષનો પણ સમાવેશ થાય છે-ફક્ત અનામતોમાં ઘટાડો જ નહી. કામદારો, અસરગ્રસ્ત સમુદાયો કે જેમાં સ્થાનિક પ્રજા અને કુશળ ખાણિયાઓ અને નિયંત્રકોનો સમાવેશ થાય છે તેઓ ખાણના અંત વિશેની વાટાઘાટમાં મહત્ત્વના હિસ્સેદારો છે અને તેમને આયોજન પ્રક્રિયામાં વહેલા સામેલ કરવા જોઇએ.

ખાણની સાઇટ્સે સામુદાયિક ભાગીદારીને ખાણની અંતની યોજનાના વિકાસ અને અમલીકરણમાં મજબૂત ભાર મુકવો જોઇએ.

ખાણની સાઇટ્સે, ખનન પછીના વપરાશ, હિસ્સેદારના ઉદ્દેશો અને નિયમનકારી જરૂરિયાતો જેવી બાબતોને વિચારણમાં લઇને ખાણના અંત માટે પૂરતી નાણાંકીય ખાતરી પૂરી પાડવી જોઇએ. બંધ કરવાનું ખર્ચ ઘણી વખત ખાણ વધુ આવક પેદા કરી શકે તેમ નહી હોવાથી નોંધપાત્ર થાય છે. પરિણામે, અન્ય આવક પ્રવાહ અથવા અન્ય મિલકતની સલમતી મારફતે ઉપલબ્ધ બનાવીને કંપનીએ સક્રિય કામગીરી પૂર્વે કે દરમિયાન અંત માટેની અંત માટેની નાણાકીય જોગવાઇઓ બાજુ પર રાખવી આવશ્યક છે. નાણાંકીય ખાતરીની પસંદગીનો આધાર નિયમનકારી જરૂરિયાતો પર છે. અંત આયોજન પ્રક્રિયાએ અંત આયોજન અને રચના, વધુ વિગતો માટે યોગ્ય હોય તેવા ખર્ચ અંદાજો તૈયાર કરવા જોઇએ, કેમ કે સાઇટનો અંત આવે છે અને વધુ સુદ્રઢ વિગતો ઉપલબ્ધ બને છે.

વ્યાપક અર્થમાં, સંમતિ દર્શાવાયેલ ખાણના બાદના ઉપયોગો માટે જે ખનનકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું તે જમીનને પરત આપવા માટે લેવામાં આવેલા પગલાંનો પુનઃવસન ઉલ્લેખ કરે છે. કેટલાક અધિકારક્ષેત્રોમાં, ખનનકાર્ય પૂર્વેના ઉપયોગ માટે અસલ સ્થિતિમાં લાવવાની જરૂરિયાત હોય છે, જ્યારે અન્યોમાં જમીનના છેલ્લા વપરાશ, નિયંત્રક સત્તાવાળાઓ અથવા હિસ્સેદારોના વિશાળ સેટ સાથે વાટાઘાટની પ્રક્રિયા માટે ખુલ્લા હોય છે. ખનનકાર્ય ક્ષણિક જમીન વપરાશને રજૂ કરતા હોવાથી, જૈવવિવિધતા મુલ્યો ધરાવતા વિસ્તારોમાં મુલ્યોને વિચારણામાં લે છે તેવા ભવિષ્યના વપરાશમાં જમીન વપરાશને અસલ સ્થિતિમાં લાવવાની મહત્ત્વાકાંક્ષા હોવી જોઇએ (જૈવવિવિધતા પરનું આરજેસી માર્ગદર્શન જુઓ).

જૈવવિવિધતા માટે હાંસલ કરી શકાય તેવા ઉદ્દેશો અને લક્ષ્યાંકો, પુનઃવસન કાર્યક્રમના પાયા પર કામગીરીને માળખું આપવા માટે પુનઃસ્થાપન આવશ્યક છે. આને ખનનકાર્યના હિસ્સેદારોને સમાવતી ક્રિયાશીલ અને પ્રતિક્રિયાત્મક પ્રક્રિયા દ્વારા વિકસાવવું જોઇએ. નીચેના તબક્કાઓને ધ્યાનમાં લેવા જોઇએ:

- સંબધિત નિયમનકારી જરૂરિયાતો અને અન્ય માર્ગદર્શિકાઓ;
- મહત્ત્વના હિસ્સેદારો સાથે અસરકારક મસલત;
- સ્પર્ધાત્મક હિતોને સમજવાના અને સુસંગત કરવાના રહેશે;
- જૈવવિવિધતા પર દરેક ઉપલબ્ધ માહિતી;
- ટેકનિકલ મર્યાદાઓ;
- ખનનકાર્ય પૂર્વેના જમીન ઉપયોગો અને જૈવવિવિધતાના અધઃપતનની માત્રા;
- ચાહે શમન અથવા વિસ્તરણનો ઇરાદો સેવવામાં આવ્યો હોય;
- ખનનકાર્ય પછીનો જમીનનો ગાળો અને જમીન વપરાશ;
- સંપૂર્ણ ભાડાપટ્ટાના બાયોવર્સિટી વ્યવસ્થાપનમાં સંકલન;
- ગૌણ અસરોને ન્યૂનતમ કરતા;
- જૈવવિવિધતા સુધારા માટે અન્ય તકો.

બંધ કરવાનું આયોજન જટીલ હો શકે છે કેમ કે સામાન્ય રીતે તે સમય સીમા સાથે સંબધ ધરાવે છે જે દાયકાઓ સુધી લંબાય છે. આયોજકોએ ખાણના આયુષ્ય દરમિયાન અને બંધ થયા બાદ પેઢીઓને ફેરફાર કરવો આવશ્યક હોય તેવા સામાજિક, આર્થિક અને આર્થિક પરિબળો જટીલ હોઇ શકે છે. સંકલિત, પુનરાવર્તીત અને શિસ્તબદ્ધ

અભિગમ વિવધ બદલાતા પરિબળોને ધ્યાનમાં લેવા માટે આવશ્યક છે. સારી રીતે પૂર્ણ કર્યું હોય, અસરકારક અંત આયોજન નીચેના સકારાત્મક પરિણામો તરફ દોરી જાય છે:

- અસરગ્રસ્ત અને રસ ધરાવતા પક્ષકારો સાથેની સામેલગીરી વધુ સાતત્યપૂર્ણ અને પારદર્શક હશે;
- સમુદાયો સફળ અંત પર ભાર મુકતા હોય તેવા આયોજન અને અમલીકરણ પગલાંઓમાં ભાગ લેશે;
- બંધ કરવાના નિર્ણયોને હિસ્સેદારોનો વધુ સારે ટેકો હશે;
- બંધ કરવાના આયોજનની વ્યવસ્થા કરવાનું સરળ બની જશે;
- બંધ કરવાના ખર્ચ અંદાજની સચોટતામાં સુધારો થશે;
- નિમયનકારી બિન-અનુપાલનનું જોખમ ન્યૂનતમ હશે;
- સંભવિત સમસ્યાઓને સમયસર ઓળખી કઢાશે;
- સંભવિત જવાબદારીઓમાં પ્રગતિકારક રીતે ઘટાડો થશે; અને
- છેલ્લા ફાયદાઓ માટેની તકો ઓળખાઇ જશે અને પૂરતી રીતે આયોજન થશે.

## C. મહત્ત્વના માળખાઓ અને નિયમનો

*આંતરરાષ્ટ્રીય*

ખનન અ ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ)એ સમગ્ર ક્ષેત્રમાં વધુ શિસ્તબદ્ધ અભિગમ અને સારા વ્યવહારોની એકરૂપતામાં વધારો કરવાના પ્રોત્સાહનના હેતુથી સંકલિત અંત પર ખાણ અંત ટૂલકીટ વિકસાવી છે. ટૂલકીટ સમગ્ર ખાણ આયુષ્ય ચક્રને આવરી લે છે. બંધ કરવા આધારિત મુદ્દાઓ સાથે પ્રવર્તમાન ટૂલ્સ (ઉદા. તરીકે આઇસીએમએમ સામુદાયિક વિકાસ ટૂલકીટ)ને પણ સાથે લાવે છે.

*રાષ્ટ્રીય અને/અથવા સરકારી કાયદો*

ઘણા અધિકારક્ષેત્રો બંધ કરવાની ચોક્કસ જરૂરિયાતોનું અને સંલગ્ન નાણાંકીય ખાતરીનું નિયમન કરે છે. સભ્યો કામગીરીના દરેક અધિકારક્ષેત્રોમાં લાગુ પડતા કાયદા અને નિયમનથી અવગત હોય તે આવશ્યક છે.

## D. સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ

***સૂચિત કરવામાં આવેલ અમલીકરણ અભિગમ વ્યવહાર સંહિતાની ફરજિયાત જરૂરિયાતો માટે સામાન્ય માર્ગદર્શન પૂરું પાડે છે. માર્ગદર્શન આદર્શમૂલક નથી અને તેને માહિતી અને સમર્થન માટેના પ્રારંભિક બિંદુ તરીકે જોવાવું જોઇએ.***

- **સીઓપી *40.1:* બંધ કરવાની યોજના*:* *ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો દરેક ખાણ સુવિધાના સંબંધમાં ખાણ પુનર્વસન અને સમાપ્તિ યોજનાની સમીક્ષા કરશે. નવી સુવિધાઓને શરૂઆતથી જ સમાપ્તિ યોજનાની જરૂર રહે છે અને પ્રવર્તમાન નવી સુવિધાઓએ શક્ય તેટલાં વહેલાં એક સર્વગ્રાહી યોજના સ્થાનબદ્ધ કરવાની જરૂર રહે છે.***

  **વિચારણા માટેના મુદ્દાઓ**:
  - બંધ કરવાનું આયોજન ખનન પરિયોજનાના વહેલામાં વહેલા શક્ય તબક્કાએ સ્થાન લેવું જોઇએ, જે જોખમો અને અજ્ઞાતતાને ઓળખી કાઢવામાં સહાય કરે છે અને સમય જતા ઘટે છે.
  - યોજનાએ બંધ કરવાના લક્ષ્યાંકો અને ઉદ્દેશોનો સમાવેશ કરવો જોઇએ અને ખાણના સમગ્ર કામગીરી આયુષ્ય દરમિયાન ઉપયોગ થતો હોવો જોઇએ અને સુધારો થવો જોઇએ.

- યોગ્ય રીતે લાયક વ્યક્તિઓને ખાણના આયુષ્યચક્ર દરમિયાન પુનઃવસન અને બંધ કરવાની યોજના માટેને જવાબદારી સોંપવી જોઇએ.
- ભવિષ્યમાં પુનઃ ખુલે તેવી શક્યતા હોય તેવી કામગીરીના હંગામી ધોરણેના અંત માટે પુનઃવસન અને બંધ કરવાની યોજનાએ જાળવણી અને દેખરેખ કાર્યક્રમો વિચારવા જોઇએ.
- આંતરમાળખા, પ્રશમન અથવા એસિડ પેદા કરતી સામગ્રીમાંથી રહી ગયેલી અસરોનું પણ આયોજનમાં વિચારવું જોઇએ.
- આયોજન કોર્પોરેટ/સાઇટ ટકાઉ (અથવા તેને સમકક્ષ)દસ્તાવેજીકરણમાં સંદર્ભિત હોવો જોઇએ.

- ***સીઓપી 40.2: સામેલગીરી:** ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો દરેક ખાણ સુવિધાઓના સંદર્ભમાં સ્થાનિક લોકો, સમુદાયો, એએસએમ, કર્મચારીઓ અને નિયંત્રકો સહિત સ્થાનિક હિસ્સેદારો સાથે ખાણની સમાપ્તિ અને પુનર્વસન યોજના માટે સામેલ થવું જોઇએ.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - બંધ કરવાના આયોજન પર હિસ્સેદારની સામેલગીરી એ ખાણ સમુદાય સામેલગીરી કાર્યક્રમ (જુઓ સામુદાયિક સામેલગીરી પર આરજેસી માર્ગદર્શન)નો આંતરિક ઘટક હોવો જોઇએ.
  - બંધ કરવાની યોજનાઓ વિરુદ્ધ પ્રગતિને અસરગ્રસ્ત સમુદાયો, કામદારો અને નિયંત્રકો સહિત મહત્ત્વના હિસ્સેદારોના સંદર્ભમાં નિયમિત સમીક્ષા કરવી જોઇએ.
  - સામેલગીરી ખાણના સમગ્ર આયુષ્ય દરમિયાન થવી જોઇએ અને ખાણના વિકાસ અને સંબધિત હિસ્સેદારોને સમાવતા ફેરફારો સાથે તૈયાર હોવી જોઇએ.

- ***સીઓપી 40.3: નાણાંકીય જોગવાઇઓ:** ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો દરેક ખાણ સુવિધા માટે ખાણ પુનર્વસન અને સમાપ્તિ યોજનાનાં અમલીકરણ માટેના ખર્ચના અંદાજ કાઢશે અને સમાપ્તિની જરૂરિયાતોને પહોંચી વળવા માટેના પર્યાપ્ત સંસાધનોની ઉપલબ્ધતાની ખાતરી માટેની નાણાકીય જોગવાઈઓને સ્થાનબદ્ધ કરશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

  - શક્ય હોય એટલા વહેલો ખર્ચ અંદાજ આગળ ધપાવવો જોઇએ અને નિયમિતપણે સુધારો કરવો જોઇએ. જો લાગુ પડતા કાયદા દ્વારા નિશ્ચિત કરવામાં આવ્યું ન હોય તો, બંધ કરવાનું ખર્ચ સ્થાનિક સ્થિતિઓ અને ખર્ચ માળખાઓને ધ્યાનમાં લઇને ખરેખર ખર્ચના વાજબી અંદાજોને આધારે હોવું જોઇએ.
  - નાણાંકીય જોગવાઇ લાગુ પડતા કાયદાને સુસંગત ન્યૂનતમ હોવી જોઇએ. આ પ્રકારની કાયદાઓની ગેરહાજરીમાં, જોગવાઇઓ બોન્ડ, શાખપત્ર અથવા અન્ય નાણાંકીય સાધનોના સ્વરૂપમાં અથવા સ્વ-વીમો અથવા સ્વ-બાંયધરીના સ્વરૂપમાં હોઇ શકે છે. ખાસ કરીને બંધ થયા પછી ત્રીજા પક્ષકાર દ્વારા સંચાલિત નાણાંકીય પદ્ધતિઓ યોગ્ય હોઇ શકે છે.

- ***સીઓપી 40.4: સારા વ્યવહાર પુનઃવસન:** ખનન ક્ષેત્રમાં કાર્યરત સભ્યો ખાણ સમાપ્તિની આયોજન પ્રક્રિયામાં સાતત્યપૂર્ણ મૂળ પારિસ્થિતિતંત્ર, અથવા અન્ય ખાણ-પશ્ચાતના વિકસિત ઉપયોગોને મુખ્ય હિસ્સેદારોની સાથે સામેલગીરી દ્વારા સ્થાપિત કરવા માટે, ખાણ સુવિધાઓ દ્વારા ખલેલ અથવા કબજો ધરાવતાં પર્યાવરણના પુનર્વસન માટે તકનીકોનો ઉપયોગ કરશે.*

  **વિચારણા માટેના મુદ્દાઓ:**

- પુનઃવસન અને અંત જ્યાં શક્ય હોય ત્યાં પ્રગતિકારક રીતે અમલી બનાવવા જોઇએ, કેમ કે ખાણ એકમમાં વ્યક્તિગત સાઇટ્સ બિનકાર્યરત થાય છે અથવા ખાલી થઇ જાય છે અથવા કામગીરીલાયક રહેતી નથી.
- પુનઃવસન અને અંત આયોજને આંતરમાળખા, પ્રશમન, એસિડ દ્વારા ઉત્પન્ન સામગ્રી વગેરેની જોખમ અને બાકી રહેલી અસરોને પણ ધ્યાનમાં લેવી જોઇએ.
- આ પ્રકારની સાઇટ્સના કામગીરી પરિણમો પર દેખરેખ રાખવી જોઇએ અને ખાણ પુનઃવસન અને બંધ કરવાના આયોજનની નિયમિત સમીક્ષામાં આવરી લેવા જોઇએ.

તપાસો:

- ✓ શું પ્રત્યેક ખાણ એકમ માટે પુનઃવસન અને હાલમાં બંધ કરવાની યોજના તૈયાર છે?
- ✓ શું તમારા હિસ્સેદારની પ્રવૃત્તિઓમાં ખાણ બંધ કરવાના આયોજન વિશેનો સમાવેશ થાય છે?
- ✓ શું પુનઃવસન અને બંધ કરવાના ખર્ચ અંદાજો તૈયાર છે, અને પૂરતી નાણાંકીય જોગવાઇઓ અસ્તિત્વમાં મુકાઇ છે?
- ✓ સારા વ્યવહારની તરકીબોને પુનઃવસન માટે અનુસરવામાં આવે છે?
- ✓ શું પુનઃવસન ટકાઉ મૂળ જીવવ્યવસ્થા સ્થાપિત કરે છે અથવા ખાણ પછીના વપરાશને મહત્ત્વના હિસ્સેદારોની સામેલગીરી દ્વારા વિકસાવવામા આવ્યો છે?

## E. વધારાની માહિતી

નીચેની વેબસાઇટો ખાણના બંધ કરવાના આયોજનને સંબંધિત વધારાની માહિતી ધરાવે છે:

- એડેન પરિયોજના – ખનન બાદનું જોડાણ – પ્રકાશનો
  www.postmining.org/index.php?page=19
- ખનન અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ) – માર્ગદર્શન પત્ર: ખાણ અંત અને નવપ્રાપ્તિ માટે નાણાંકીય ખાતરી (2006)
  www.icmm.com/page/1232/library/documents/guidance-paper-financial-assurance-for-mine-closure-and-reclamation
- ખનન અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ) – સંકલિત ખાણ અંત માટેનું આયોજન:ટૂલકીટ (2008)
  www.icmm.com/page/9566/icmm-publishes-closure-toolkit
- ખનન અને ધાતુઓ પરની આંતરરાષ્ટ્રીય સમિતિ (આઇસીએમએમ) – સર્વેક્ષણ પરનો અહેવાલ: ખાણ અંત અને નવપ્રાપ્તિ માટે નાણાંકીય ખાતરી (2005)
  www.icmm.com/page/1158/library/documents/financial-assurance-for-mine-closure-and-reclamation
- ખનન ઉદ્યોગ માટે અગ્રણી વ્યવહાર ટકાઉ વિકાસ કાર્યક્રમ (ઓસ્ટ્રેલિયા) – ખાણ અંત અને પૂર્ણતા (2006)
  www.ret.gov.au/resources/Documents/LPSDP/LPSDP-MineClosureCompletionHandbook.pdf
- માઇનીંગ એસોસિયેશન ઓફ કેનેડા (એમએસી) – ખનન, ટેઇલિંગ્સ વ્યવસ્થાપન શિષ્ટાચાર વિકાસ તરફ
  www.mining.ca/site/index.php/en/towards-sustainable-mining/performance-measures-a-protocols.html